Gujarati Maulana Rumi Masnavi Book No 5

મસ્નવી મૌલાના રૂમી

ભાગ ૫–૬

અનુવાદક–પ્રકાશક

અલ્લવાઈઝ નૂરમહમદ રહેમતુલ્લા

પ્રાપ્તિસ્થાન

અલ્લવાઈઝ નૂરમહમદ રહેમતુલ્લા

પોસ્ટ બોક્સ નં. ૯૮૫૨૯

મોમ્બાસા

(આફ્રિકા)

આવૃત્તિ ૧ લી : પ્રત ૧૦૦૦

તા. ૧-૧-૭૮

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

કીંમત શિલીંગ ૫૦

: મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ,
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

કલામે આકા હ. ઈમામ સુલતાન મુહમ્મદશાહ. (અ. સ.)

કિતાબ મૌલાના રૂમ અને કિતાબ શાહ શમ્સ તબ્રીઝની તમે પઢશો તો ખબર પડશે કે કયો રસ્તો સારો છે. જંગબાર તા. ૧૩-૯-૧૮૯૯.

હું તમોને દિવાને શાહ શમ્સ તબ્રીઝ તથા મસ્નવી મૌલાના રૂમની કિતાબો મોકલીશ. તમે તે પઢજો. ત્યારે તમોને ખબર પડશે કે બીજા મુલ્કોમાં કેમ ચાલે છે. શાહ શમ્સ, પીર સદરદ્દીન તથા મૌલાના રૂમ ફિલસૂફી ઘણી જ પઢ્યા હતા. પીર શમ્સ, પીર સદરદ્દીન, મૌલાના રૂમ એ એક જ એવા થઈ શકયા એમ નહિ સમજતા, તમે પણ મહેનત કરી પઢો તો એવા થઈ શકશો. જંગબાર તા. ૧૪-૯-૧૮૯૯

કુરાને શરીફની માયના એવી રીતે કાઢવી જોઇએ કે જેવી રીતે મસ્નવી કિતાબની માયના કાઢવામાં આવે છે.

કુરાન, જ્ઞાન તથા મસ્નવી સરવેની સરખી માયના ઉતારવી જોઇએ.

જેવી રીતના પીર સદરદ્દીનના બોધ છે, તેવી જ રીતના મસ્નવીના અર્થ છે. પણ તે ફારસીમાં છે માટે માયના શીખવી જોઈએ.

એવી હિંમત હું કોઇમાં જોતો નથી કે એવી ઇચ્છા હોય કે હું મસ્નવી વગેરે શીખીને વાએઝ કરનાર થાઉં. અમદાવાદ તા. ૧૩-૧૦-૧૯૦૩

અરબી અને ફારસી ભાષાઓમાં તવારીખોની કિતાબો છે. તેમના તરજુમા ગુજરાતીમાં કરીને ઈસમાઈલી લાયબ્રેરીઓમાં રાખવા જોઇએ. પુના, તા. ૨૮-૬-૧૯૦૮

અર્પણપત્રિકા

મુખી શાહબુદ્દીનભાઈ વઝીર અલીભાઇ લાખા,
કીસુમુ

મારા આફ્રીકાના ૧૯૩૬ના આગમન વખતથી તમારી સાથે અવારનવાર મુલાકાતો થતી અને પિતાથી સાથેની લાગણી અંગે સ્નેહની ગાંઠ બંધાણી. મારી મિશનરી તરીકેની ફરજ વખતે ૧૯૬૫માં તમારા મહેમાન બનતાં તમારી ભલી લાગણીઓ અને હાજર ઈમામના ઘર પ્રત્યેની તમારી લાગણી અને કીસુમુ જમાતના તે વખતના ચાલુ મુખી સાહેબ અને જુદી જુદી સંસ્થાઓમાં તમારી ચાલુ સેવા તથા મારા પ્રકાશનોમાં તમારી સહાયતાને યાદ કરી મસ્નવીનો ૫-૬ ભાગ દિલની ભલી લાગણી સહિત આપને અર્પણ કરું છું.

દુઆગીર
અલવાઈઝ નૂરમહમદ રહેમતુલ્લા

મસ્નવી મૌલાના રૂમી

ભાગ ૫ મો

શરૂ કરું છું અલ્લાહના નામથી જે મોટો મહેરબાન અને ઘણી રહેમ કરવાવાળો છે.

૧ (રૂહાની) બાદશાહ, હુસ્સામુદ્દીન, કે જે તારાઓનો પ્રકાશ છે, પાંચમી કિતાબ શરૂ કરવાની માગણી કરે છે.

૨ એ ઝીયાઉલ-હક, અમીર હુસ્સામુદ્દીન, (કે જે) પવિત્રતાના ધણીનો ધણી (છે).

૩ જો લોકોને (સત્ય) અને સ્થળથી પડદામાં રાખવામાં ન આવ્યા હોત અને જો તેઓનાં ગળાં (હિસીયત) સાંકડાં અને દુર્બળ ન હોત તો,

૪ મેં તારાં વખાણ કરવામાં ખરૂં સત્વ બતાવી ન્યાય કર્યો હોત અને મારા ખુદાને માટે (પણ) આ સિવાયની ભાષામાં વર્ણન કરત.

૫ પૂંછડી હલાવતા પંખી માટે ગીધનો ખોરાક હોઈ ન શકે (તેટલા માટે) પાણી અને તેલ ઉપર અવલંબવું જોઈએ.

૬ (હવસના) કેદીઓ આગળ તારાં વખાણ કરવાં એ ખોટું છે. હું તારાં વખાણ રૂહાની સભામાં (કહીશ).

૭ તને દુનિયાની દ્રષ્ટિએ સંબોધવો એ છળકપટ છે. પ્રેમની ગુપ્તતા માફક હું તે છુપું રાખીશ.

૮ (ઉત્તમ ગુણો) દર્શાવતાં વખાણ કરવા અને (અજ્ઞાનતાનો) પડદો ચીરવો (યોગ્ય છે). સૂર્ય સમીક્ષક અને વર્ણન કરવાથી પર છે.

૯ સૂર્યને વખાણનાર (ખરેખર તો) પોતાનાં જ વખાણ ઉચ્ચારે છે, કારણ કે તમારી આંખો તેજસ્વી છે, સુજેલી નથી.

૧૦ દુનિયાના સૂર્યનો દોષ કાઢવો એ પોતાનો જ (દોષ) કાઢવા સમાન છે, કારણ કે (તે લાગુ પડે છે) "મારી આંખો આંધળી, તેજહીન અને હલકી છે."

૧૧ દુનિયામાં જે કોઈ **'નશીબદાર સૂર્ય'** (ઇમામેમુબી) નો અદેખો બને છે, શું તને તેના ઉપર દયા આવે છે ?

૧૨ શું તે કદી તેને (સૂર્યને માણસોની) આંખથી પડદો નાખશે ? અને ગંદી ચીજોને તાજગી આપતાં અટકાવશે ?

૧૩ અથવા તો તેઓ તેના અસીમ પ્રકાશને ઝાંખો કરશે ? અથવા તેની સત્તા સામે ઝઝુમવા ઉઠશે ?

૧૪ દુનિયામાં જો તેનો કોઈ અદેખો હોય તો તે કોણ છે ? બરેબર તે અદેખાઇ કાયમનું મૃત્યુ છે.

૧૫ તારો મોલો બુદ્ધિશાળીઓના વિચાર કરતાં ઘણો આગળ નીકળી ગયો છે. તારાં વખાણ કરવામાં બુદ્ધિશાળી (પણ) તદ્દન મુર્ખ બન્યો છે.

૧૬ જો કે આ બુદ્ધિશાળી તેની જાહેરાત કરવામાં ખૂબ જ નબળો છે, તો પણ દરેકે (તે દિશામાં) નબળી રીતે (પણ) હીલચાલ કરવી જોઈએ.

૧૭ જાણ કે જ્યારે આખી વસ્તુ મેળવી શકાતી નથી (છતાં) પણ ત્યારે આખીને છોડી દેવી જોઇએ નહિ.

૧૮ જો તું વાદળામાંથી પડેલ ધોધમાર વરસાદનું (બધું) પાણી પી શકે નહિ (છતાં) પાણી પીવાનું તું કેમ છોડી શકીશ ?

૧૯ જો કે તું ગુઢાર્થની છુટથી વાત કરી શકીશ નહિ છતાં તેના બીજા છોતરાંથી પણ ખબરદાર થા.

૨૦ (મારા) બોલેલા શબ્દો (માત્ર) તારા સંબંધમાં એક છોતરા (સમાન) છે. પણ તેઓ બીજી સમજણ માટે સારા ગર્ભ (સમાન) છે.

૨૧ આકાશ સ્વર્ગના સબંધમાં નીચું છે, છતાં પૃથ્વીની સરખામણીમાં તે ઘણું ઉંચું છે.

૨૨ હું તારી વર્ણનાત્મક વાતો કહોરા એટલા માટે કે તેઓ (મારા સાંભળવાવાળા) (તારા તરફનો) રસ્તો લ્યે અથવા (તક) ગુમાવવાની દીલગીરી ભોગવે.

૨૩ **તું ખુદાનું 'નૂર' છો અને આત્માઓને ખુદા તરફ શક્તિશાળી રીતે દોરનાર (છો). તેણે પેદા કરેલા માનવો નિરર્થક ધારણા અને (ખોટી) માન્યતાના અંધારામાં છે.**

૨૪ **આ આંધળાઓના દુભાએલા દિલને સલામતી નવાજીશ થવા માટે આ ભવ્ય 'નૂર' તરફ પૂજ્યભાવ હોવો જરૂરી છે.**

૨૫ તીવ્ર અવાજ સાંભળનાર (દિલના) કાનવાળો આ 'નૂર' મેળવે છે કે જે ઉંદરની માફક અંધારાના પ્રેમમાં નથી.

૨૬ (ચામાચીડીયાની માફક) નબળી આંખવાળા કે જે રાતના જ ફરે છે તેઓ ઈમાનના સાંજની આજુબાજુ કેમ ફેરા ફરશે ?

૨૭ અધરી વાદીલી દલીલો (તેઓને કેદી કરે છે) કે જે માનવ સ્વભાવે (સાચા) મઝહબથી તેઓને અંધારામાં રાખ્યા છે.

૨૮ જ્યાં સુધી કે તે (આવો) તુતક પરથી વાળશે નહિ અને (પોતાની) હુશીયારીનું પોત નહિ પ્રકાશે ત્યાં સુધી પોતાની આંખો સૂરજ તરફ ઉઘાડી નહિ શકે?

૨૯ તે તાડના ઝાડની માફક પોતાની શાખાઓ (આકાશ તરફ ઊંચે) નહિ ઉંચકે (કારણ કે) તેણે ઉંદરોની માફક જમીનમાં દર ખોદ્યાં છે.

૩૦ આ માણસ જાતને દિલના દબાણની ચાર ખાસિયતો (મળેલી) છે. આ ચારેય વિવેક-બુદ્ધિનો ફાંસીનો માંચડો છે.

"ચાર પંખીઓ લ્યો અને તેમને તારી તરફ ફેરવો"નું વિવરણ.

૩૧ ઓ તું કે જેની વિવેકબુદ્ધિ સૂર્ય જેવી (તેજ) છે, તું જમાનાનો ખલીલ છે. રસ્તામાં ત્રાસ આપતાં આ ચારે પંખીઓની કુરબાની કર.

૩૨ કારણ કે કાગડાની માફક આ દરેક જણ બુદ્ધિશાળીઓની આંખમાંથી વિવેકશક્તિ ઝડપી લ્યે છે.

૩૩ આ ચાર શારીરિક ગુણો 'ખલીલ'ના પંખીઓ માફક મળતા આવે છે. તેઓની કુરબાની આત્માને (ઊંચે ચડવા માટે) રસ્તો તૈયાર કરે છે.

૩૪ ઓ 'ખલીલ', ભલા અને બુરાના સફળતાપુર્વક છુટકારા માટે (એક સરખી રીતે) તેઓનાં માથાં કાપી નાખ કે જેથી (માણસોના) પગ બંધાતા અટકે.

૩૫ સઘળું તું જ છો. અને તેઓ તારા ભાગ છે, (જેલને) ખોલ કારણ કે તેઓના પગો એ તારાં જ પગો છે.

૩૬ તારાથી (આખી) દુનિયા રૂહમાં ભરપુર જગ્યા બની છે. એક ઘોડેસ્વાર સો લશ્કરોનો મદદગાર બને છે.

૩૭ તેવી જ રીતે જેમ આ કાયા (આ) ચાર મનોવૃત્તિનું રહેઠાણ છે, તેમ ચાર ખોટા આશ્રય લેનારાંનાં નામ તેઓને આપ્યાં છે,

૩૮ જો તું ઇચ્છે કે લોકો અનંત કાળની અમર જીંદગી મેળવે, તો આ ઢોંગી અને હલકાં ચાર પંખીઓના માથાં કાપી નાખ.

૩૯ (અને પછી) તેઓને બીજી રીતે સજીવન કર, જેથી ત્યારબાદ તેઓથી કાંઈ નુકસાન થશે નહિ.

૪૦ આ ચાર મામુલી પંખીઓ, જેઓ રસ્તામાં ત્રાસ આપે છે, તેઓએ લોકોના દિલમાં પોતાનાં ઘર બનાવ્યું છે.

૪૧ ઓ ખુદાના વાઇસરોય, જ્યારે કે તું આ જમાનામાં દરેક હકીકતીઓના દિલનો સત્તાધીશ છો.

૪૨ ત્યારે આ ચાર જીવતાં પંખીઓનાં માથાં કાપી નાખ અને હંમેશ માટે જીવતાં રહે તેવાં જનાવરો બતાવ કે જેથી તેઓને હંમેશ માટે સહન કરવું પડે નહિ.

૪૩ તે બતક અને મોર અને કાગડો અને કુકડો છે. આ (માણસ જાતના) આત્માઓમાં આ ચાર હલકી મનોવૃત્તિ માટે બોધવાર્તા જેવા છે.

૪૪ **બતક કંજુસાઈ છે. અને કુકડો એ વિષયવાસના છે. પ્રતિષ્ઠા એ મોર જેવી છે અને કાગડો (દુન્યવી) મનોકામના છે.**

૪૫ તેની (કાગડાની) ઇચ્છાનું મુળ આ છે કે તે અમરત્વ અથવા લાંબી જીંદગી માટે આશાઓ અને ઇચ્છાઓ કરે છે.

૪૬ બતક કંજુસાઈ છે કારણ કે તેની ચાંચ હમેશાં જમીનમાં હોય છે. ભીની અને સુકી જમીનમાં દટાએલાની શોધમાં હોય છે.

૪૭ (તેણીનુ) પેલું ગળું એક પળ માટે પણ આળસ કરતું નથી. "તમે આઓ"ના (દૈવી) હુકમને સાચવવા અમસ્તું અમસ્તું પુકારે છે.

૪૮ તે જાણે કે ઘરમાં આડો બોદતા લુંટારા માફક છે. અને બહુ જલદીથી પોતાની પેટી ભરે છે.

૪૯ ભલા બુરાના (ભેદભાવને ન ગણકારતાં) પેટીમાં મોતીઓ અને પંખીઓ માટેના અનાજના દાણા છલોછલ ભરે છે,

૫૦ કોથળામાં દરેક જાતના પદાર્થો છલોછલ ભરે છે, કારણ કે તેને બીક લાગે છે કે રખેને બીજો કોઈ દુશ્મન આવી જાય ?

૫૧ વખત દબાણ કરે છે, તક નજીક છે, તે ભયભીત થએલું હોય છે. તે જરા પણ ઢીલ વગર જેમ બને તેમ જલ્દી તે તેને પોતાના કબજામાં લ્યે છે.

૫૨ તેને પોતામાં પોતાની સ્વતંત્રતાનો વિશ્વાસ હોતો નથી (કે જેથી તે માને છે કે (પોતાની વિરુદ્ધ) કોઈ દુશ્મન આગળ આવશે નહિ,

૫૩ **પણ સાચો ઇમાનદાર "પ્રત્યક્ષ ખુદા"માં વિશ્વાસના પ્રતાપે (પોતાને મળેલી દુનિયાની દોલતને) અનુકૂળ રીતે અને પાકો વિચાર કરીને મેળવશે.**

૫૪ તેને તક ગુમાવવાની કે દુશ્મનની બીક હોતી નથી. કારણ કે તે દુશ્મન ઉપર 'બાદશાહી' અધિકારને સ્વીકારતો હોય છે,

૫૫ તેને બીજા સાથી નોકરોની આગળ આવી, તેણે મેળવેલ લાભને ગુમાવવાની બીક નથી હોતી.

૫૬ (કારણ કે) તે બાદશાહી ઇન્સાફ કે જે પોતાના અનુયાયીઓને અંકુશમાં રાખવાની સમજણ ધરાવે છે (માને છે) તેથી કોઈપણ બીજા કોઈ પર શિરજોરી કરે નહિ.

૫૭ તે સ્વાભાવિક રીતે ઉતાવળ કરતો નથી અને શાંત રહે છે. તેને પોતાનો ભાગ ગુમાવવાની બીક હોતી નથી.

૫૮ તેને ઘણી હીંમત અને ધીરજ લાંબી રાહત છે અને તે શ્રદ્ધાળુ અને સ્વાર્થહીન અને દિલનો પવિત્ર છે.

૫૯ **કારણ કે આ ધૈર્યતા કૃપાળુ (ખુદાની) રહેમત છે. જ્યારે કે ચેલી ઉતાવળ સેતાનના ધક્કામાંથી છે.**

૬૦ કારણકે સેતાન તેને (કંજુસ માણસને) ગરીબાઈમાંની બીક બતાવે છે. અને બોજનો પશુ હથીઆરના ઘાથી ધીરજને મારી નાખે છે.

૬૧ કુરાને મજીદમાંથી સાંભળ કે "સેતાન તને સખત ગરીબાઈના ભયથી ધ્રુજાવે છે."

૬૨ તેથી ઉતાવળમાં તું ગંદી ચીજો ખાય, અને ગંદી વસ્તુઓ લ્યે. (આમ થતાં) તું ઉદારતાની ખામી, ધૈર્યતાહીન ભલાં કાર્યો કરવાની લાયકાત વગરનો (રહે.)

૬૩ (તેથી) જરૂરીયાત અંગે નાસ્તિક પોતાનો ખોરાક સાત કટોરામાં લ્યે છે, તેનો ધર્મ અને આત્મા પાતળો અને હલકટ, તેનું પેટ પહોળું (હોય છે.)

હ. મુસ્તફા (ર. સ. અ.) ઉપર ઉતરેલ શરીયતના કાયદા આનુષંગીક "નાસ્તિક સાત કટોરામાં પોતાનો ખોરાક લ્યે છે, જ્યારે ઈમાનદાર પોતાનો ખોરાક એક કટોરામાં લ્યે છે."

૬૪ નાસ્તિકો હ. પયગમ્બરના મહેમાનો બન્યા. તેઓ સાંજના મસ્જીદે આવ્યા.

૬૫ કહે, "ઓ બાદશાહ, અમે તમારી મહેમાનનવાઝી શોધતા તમારા મુલાકાતીઓ તરીકે આવ્યા છીએ. ઓ તું કે જે દુનિયાના (બધાં) રહેવાસીઓનો સત્કાર કરનાર છો.

૬૬ અમે સાધનહીન છીએ. અને ઘણે દુરથી આવ્યા છીએ. અમારૂં કહેવું ધ્યાનમાં લ્યો, તમારી દયા અને પ્રકાશ અમારા પર પાથરો.

૬૭ તેમણે (તેમના અસહાઓને) કહ્યું "ઓ મારા દોસ્તો, (આ મહેમાનોને તમારા વચ્ચે) વહેંચી લ્યો, કારણકે તમે મારી ખાસિયત અને મારામાં એક થયા છો!"

૬૮ દરેક લશ્કરીઓનાં શરીરો રાજીથી ભરાએલાં હોય છે, જેથી તેઓ (પોતાના) બાદશાહ માટે શત્રુઓ વિરૂદ્ધ તલવાર ઉપાડે છે.

૬૯ તમે તલવાર ઉપાડો છો તેનું કારણ બાદશાહી ગુસ્સો છે. નહિતર તમારા ભાઈઓ વિરૂદ્ધ તમોને શાનો ગુસ્સો હોય?

૭૦ તમે તમારા નિર્દોષ ભાઈને દસ મણ વજનની ગદાથી લગાવો છો તેનું કારણ રાજાના ગુસ્સાનું પ્રતિબિંબ છે.

૭૧ રાજા એક જીવ છે. અને લશ્કર તેનાથી ભરાએલું છે. રૂહ પાણી માફક છે અને તેઓનાં શરીરો નદીનાં તટો છે.

૭૨ જો રાજાના આત્માનું પાણી મીઠું હશે, તો બધી નદીના તટો મીઠા પાણીથી ભરપુર હશે.

૭૩ કારણકે માત્ર બાદશાહી કાયદો તેની રૈયત પાસે (તેની પોતાની) માફક કાર્ય કરાવે છે. તેવીજ રીતે 'અબાસ'ની સાર્વભૌમતા જાહેર કરવામાં આવી છે.

૭૪ દરેક અસહાબે મહેમાન પસંદ કર્યો, તેમની (નાસ્તિકોની) વચ્ચે એક બડતલ અને (જડાઈમાં) ગણત્રીથી પર એક જણ હતો.

૭૫ તેને એક પ્રચંડ કાયા હતી. તેને પોતા સાથે કોઇએ લીધો નહિ તે પ્યાલામાં નીચે પડી રહેલા કમરાની માફક મસ્જીદમાં રહ્યો.

૭૬ જ્યારે તે બધાની પાછળ રહી ગયો, ત્યારે હ. મુસ્તફા (ર.સ.અ.) તેને પોતે લઇ ગયા. (નબીના) ઘણુમાં દુધ આપતી સાત બકરીઓ હતી.

૭૭ કારણકે જમણના વખતે જમવાનું તૈયાર કરવામાં આ બકરીઓને ઘરમાં રાખવામાં આવતી ન હતી.

૭૮ ઘુઝ તુર્કનો પેલો દીકરો કંગાળ રાક્ષસ રોટલા અને (બીજો) ખોરાક અને સાતેવ બકરીઓનું દુધ આરોગી ગયો.

૭૯ ઘરનાં તમામ (આથી) ગુસ્સે થયાં, કારણકે બકરીઓનું દુધ મેળવવાની તેમની પણ ઇચ્છા હતી.

૮૦ તેણે પોતાનું બકરાંતીયું પેટ પીપ જેવું બનાવ્યું, તે પોતે એકલો અઢાર માણસોનો ખોરાક આરોગી ગયો.

૮૧ તે સુવાને વખતે ગયો અને પોતાના ઓરડામાં બેઠો પછી નોકરડીએ ગુસ્સામાં દરવાજો બંધ કર્યો.

૮૨ તેણીએ દરવાજાની સાંકળ બહારથી (બંધ કરી) કારણકે તેણી તેનાથી ગુસ્સામાં અને ખીજાએલી હતી.

૮૩ અર્ધરાત્રીએ કે પરોઢીએ જ્યારે પેલા નાસ્તિકને કુદરતી હાજતે જવાની ઉતાવળ થઈ.

૮૪ ત્યારે તે પોતાના બીછાનામાંથી ઉઠી દરવાજા તરફ ઉતાવળે ગયો, (પણ) દરવાજે હાથ મૂકતાં તેણે જાણ્યું કે તે બંધ છે.

૮૫ લુચ્ચા માણસે તેને ઉઘાડવા ઘણી યુક્તિઓ લડાવી, પણ ખોલી શકયો નહિ.

૮૬ તાકીદી વધી. અને ઓરડો સાંકડો હતો. તે હતાશામાં અને ઉપાય વગરનો અને મુંગો પડી રહ્યો.

૮૭ તે પડખું ફર્યો અને ઉંધમાં પડયો. તેની ગાઢ નિદ્રામાં તેને સ્વપ્નું આવ્યું કે તે ઉજ્જડ જગ્યાએ હતો.

૮૮ જ્યારે કે તેના મગજમાં ઉજ્જડ જગ્યા હતી, તેની (આંતરિક) દૃષ્ટિ સુવાસમાંજ આગળ વધી.

૮૯ જ્યારે તેણે જંગલ ખાલી જોયું, અને તે એકાંત ગોતતો હતો, એકાંત જોઈને ત્યાં જ હાજત છોડી મુકી.

૯૦ જ્યારે આંખો ખોલી તો જોયું કે બિછાનું ગંદકીથી ભરાઇ ગયું છે, ત્યારે આ બનાવથી તે પાગલ જેવો બની ગયો.

૯૧ અને દિલમાં સેંકડો અવાજ જાગૃત થયા. અરે, આ કયા ગુનાહની સજા છે કે જે છુપાવી શકાય તેવી નથી.

૯૨ કહે મારૂં સુવું જાગવાથી વધુ ખરાબ સાબિત થયું, ઇરાદાપૂર્વક વધુ આવાથી સ્વપ્નામાં આમ થયું.

૯૩ તે ઝૂમ પાડતો હતો. "મારા પર શ્રાપ હોજો, અફસોસ" તે કબરમાંના ઉડાણમાં બેઇમાનની માફક (પોતા પર) શ્રાપ હોજોની આહો પુકારતો હતો.

૯૪ આ રાત્રીનો છેડો કયારે આવે તેની રાહ જોતો, તેના (કાન પર) દરવાજો ખોલવાનો અવાજ પડે તેની (રાહ જોતો) હતો.

૯૫ ધનુષ્યમાંથી બાણ છુટવાની માફક ભાગવાના કારણે, આવી હાલતમાં રખેને તેને કોઇ જોઇ જાય (તેની બીક હતી).

૯૬ વાર્તા લાંબી છે, હું તેને ટૂંકી કરીશ, દરવાજો ખુલ્યો, તે દુઃખ અને તકલીફમાંથી મુક્ત કરાયો.

હ. મુસ્તફા (ર. સ. અ.) એ તેમના મહેમાનનો દરવાજો ખોલ્યો અને પોતાને છુપાવ્યા એટલા માટે કે (મહેમાન) માણસ કોણે દરવાજો ઓલ્યો તે જુએ નહિ, અને શરમમાં દબાઈ જાય નહિ પણ હિંમતથી આગળ ચાલ્યો જાય.

૯૭ પહો ફાટતાં હ. મુસ્તફા (ર. સ. અ.) આવ્યા અને દરવાજો ખોલ્યો, પહો ફાટતાં (તેને નાસવાનો) રસ્તો આપ્યો કે જેણે (મુક્તિનો) રસ્તો ગુમાવ્યો હતો.

૯૮ હ. મુસ્તફા (ર. સ. અ.) એ દરવાજો ખોલ્યો અને (પોતે) સંતાએલા રહ્યા. એટલા માટે કે દુઃખી માણસ શરમાએલો ન બને.

૯૯ પણ આગળ આવે અને હિંમતપૂર્વક ચાલ્યો જાય, અને દરવાજો ખોલનારની પીઠ કે ચહેરો જુએ નહિ.

૧૦૦ તેઓ કાંતો કોઇ વસ્તુની પાછળ સંતાયા કે ખુદાના વહેરણ (દયાથી ભરપુર ઉપશમે) તેને (નાસ્તિકને) સંતાડયો.

૧૦૧ 'અલ્લાહનો રંગ' કયારેક (ચીજને) ઢાંકેલો બનાવે છે અને જોનાર ઉપર ગુઢાર્થનો પડદો ખેંચે છે.

૧૦૨ કે જેથી તે પોતાની બાજુએ દુશ્મનને જોતો ન હતો ખુદાની શક્તિ તેના કરતાં વધુ છે, તેનાથી પણ ઘણી વધુ.

૧૦૩ હ. મુસ્તફા (ર. સ. અ.) રાત્રી દરમ્યાન જે બન્યું તે જોતા હતા, પણ માલિકનો હુકમ તેમને અંકુશમાં રાખતો હતો.

૧૦૪ ભૂલ કરવામાં આવી તે પહેલાં (નાસવાનો) રસ્તો ખોલવામાં ન આવ્યો કે તે (નાસ્તિક) શરમ અંગે (દુઃખની) ખીણમાં ન પછડાય.

૧૦૫ (નહિતર નબી સાહેબે તેને વખતસર બહાર જવા દીધો હોત) પણ તે (દૈવી) કહાપણુ અને સ્વર્ગીય હુકમ હતો કે તે ખુદ આ (નામોશી–આ શાપીત કાર્ય) જુએ.

૧૦૬ કેટલાંય એવા દુશ્મનીનાં કાર્યો બને છે કે જે (હકીકતમાં) દોસ્તીભર્યા હોય છે. કેટલાંક વિનાશના કાર્યો કે જે (હકીકતમાં) ચઢતરનાં (કાર્યો) હોય છે.

૧૦૭ એક મુર્ખ માણસ ઇરાદાપૂર્વક પયગંબરનાં ગંદા કપડાં નબી સાહેબ પાસે લઈ આવ્યો.

૧૦૮ કહે, "જુઓ ! તમારા મહેમાને આવી વસ્તુ કરી છે," તેઓ હસ્યા, (કે જે મોકલાવાયો હતો) "બધી પેદા થએલી હરિતઓ માટેની દયા."

૧૦૯ અને કહ્યું, "બાલદી અહીં લાવો કે જેથી મારા પોતાના હાથથી ધોઇ ચોકખા કરું."

૧૧૦ દરેક જણ કુદી પડ્યો, ખુદાની ખાતર (આમ ન કરો). અમારા આત્માઓ અને અમારી કાયાઓ આપના ઉપર કુરબાન થાય !

૧૧૧ અમો આ ગંદકી ધોશું, તેને (અમારા) ઉપર જ છોડો, આ જાતનું કાર્ય હાથનું કામ છે, દિલનું કામ નથી.

૧૧૨ એ 'લા અમ્રક' ખુદાએ તમારામાં "જીવન" (શબ્દ) ઉચ્ચાર્યો છે, પછી તેણે આપને (પોતાનો) પ્રતિનિધિ બનાવ્યો અને 'તખ્ત' પર બેસાડ્યો.

૧૧૩ અમો આપની ખીદમત કરવા જીવીએ છીએ અને જ્યારે તમો (પોતે) કાર્ય કરવા તત્પર થયા છો, તો પછી અમો શા કામના ?

૧૧૪ તેમણે કહ્યું, "હું તે જાણું છું, પણ આ એક અસામાન્ય કાર્ય–પ્રસંગ છે, મારા ખુદથી તેના ધોવામાં એક ખૂબ જ ઊંડું કારણ છે."

૧૧૫ તેઓએ રાહ જોઇ, કહીને, આ પયગમ્બર સાહેબના શબ્દો છે, આ ગુઢાર્થી શું છે તે દ્રષ્યમાન થાય ત્યાં સુધી (રાહ જુઓ).

૧૧૬ (તે દરમ્યાન) તેઓ કાળજીપૂર્વક મહેનત કરી, ખુદાના હુકમથી અનોખી રીતે, આડંબરથી નહિ, પેલાં ગંદા કપડાં ધોતા હતા.

૧૧૭ કારણ કે તેમનું દિલ તેમને કહેતું હતું, "તમો જ તેઓને જુઓ, કારણ કે અહીં વિધવિધ પ્રકારનું કહાપણ છે."

મહેમાનનું હ. મુસ્તુફા (ર. સ. અ.) ના ઘરે પાછા આવવાનું કારણ, તે સમયે કે જ્યારે હ. મુસ્તફા (ર.સ.અ.) પોતાના ખુદના હાથથી બીછાનાની ગંદી ચાદર ધોતા હતા (તે જોઇ) તેણે શરમને એક બાજુ મુકી અને પોતાનાં કપડાં ફાડ્યાં, અને પોતા માટે અને પોતાની હાલત માટે પશ્ચાતાપ કર્યો.

૧૧૮ પેલા કંગાળ નાસ્તિક પાસે એક તાવીજ હતું (કે જે તેણે) સલામતીની ખાતર (રાખ્યું (હતું) તેણે જોયું કે તે ચુમાવાયું હતું અને તે મુંઝાયો.

૧૧૯ તેણે કહ્યું, "ઓરડો કે જેમાં હું રાત્રી દરમ્યાન સુતો ત્યાં મેં બેબાકળાપણાથી માદળીયું મુકી દીધું લાગે છે,"

૧૨૦ જો કે તે શરમાયો હતો છતાં કંજુસાઈએ તેની શરમ હણી લીધી. કંજુસાઈ અજગર છે તે કોઇ નાની વસ્તુ નથી.

૧૨૧ તે માદળીયાની શોધમાં હ. મુસ્તફા (ર.સ.અ) ના ઘરે ઉતાવળે દોડયો અને તેવાને જોયા.

૧૨૨ પેલો 'ખુદાનો હાથ' પોતાના" પોતાના ખુદથી ગંદકી ધોતો હતો. "તેમનાથી દુષ્ટ આંખ દુર રહો."

૧૨૩ તેના મગજમાંથી તાવીજ અદ્રશ્ય થયું અને તેનામાં એક પ્રચંડ આનંદાતિરેક ઉઠયો, તેણે તેનો ઝબ્બો ફાડયો.

૧૨૪ તે પોતાનો ચહેરો અને માથું પોતાના બન્ને હાથે કુટતો, દીવાલ અને દરવાજા ઉપર પોતાનું માથું પછાડતો હતો.

૧૨૫ એવી સખત રીતે કે તેના માથા અને નાકમાંથી લોહી નીતરવા લાગ્યું, અને બાદશાહ હ. મુસ્તફા (ર.સ.અ) ને તેના ઉપર દયા ઉપજી,

૧૨૬ તેણે તીણી ચીસો પાડી, લોકો તેની આજુબાજુ ભેગા થયા. નાસ્તિક બુમ પાડતો હતો ઓ લોકો ખબરદાર થાઓ,

૧૨૭ તેણે પોતાનું માથું ભટકાવ્યું, કહીને-"ઓ સમજણ વગરના માથા," તેણે પોતાની છાતી કુટી, કહીને "ઓ પ્રકાશ વગરના પેટ !"

૧૨૮ પોતાને સિજદામાં નાખતો બુમ પાડી ઉઠયો, ઓ (તું કે જે) આખી પૃથ્વી છો, આ અનિચ્છનીય ભાગ (પોતે) તારા કારણે શરમાય છે.

૧૨૯ ઓ તું કે જે સંપૂર્ણ છો, તેના હુકમને તાબે છો, હું કે જે (નાનો) એક ભાગ છું અન્યાયી અને દુષ્ટ અને સીધે રસ્તે દોરવાએલો નથી.

૧૩૦ (ઓ) તું કે જે સંપૂર્ણ છો, નમ્ર છો, અને ખુદાની બીકે ધ્રુજે છો, હું એક કટકો છું (છતાં) હું દુશ્મનાઈ અને (ખુદાની) વિરુદ્ધાઈમાં રચ્યોપચ્યો રહું છું.

૧૩૧ દરેક પળે તે પોતાનો ચહેરો આસમાન તરફ ફેરવતો હતો, કહેતો હતો, "ઓ દુનિયાના ક્રિલ્લા (તારા તરફ જોવા માટે) મને ચહેરોજ નથી."

૧૩૨ જ્યારે તે ધ્રુજતો હતો અને હદ વગરનો કાંપતો હતો ત્યારે હ. મુસ્તફા (અ.સ,અ) તેને પોતાના હાથો વડે બાથમાં લીધો.

૧૩૩ તેને શાંત કર્યો, ખૂબ હેત કર્યું અને તેની (આંતરિક) આંખ ઉઘાડી અને તેને (રૂહાની) જ્ઞાન આપ્યું.

૧૩૪ જ્યાં સુધી કે વાદળાં રૂએ નહિ (વરસાદ વરસે નહિ) બગીચો કેમ હરી ઉઠશે? જ્યાં સુધી કે બાળક રૂદન કરે નહિ ત્યાં સુધી દુધ વહેતું કેમ શરૂ થશે?

૧૩૫ એક દિવસનું બચ્ચું રસ્તો જાણે છે, ખુબ પાડીશ કે જેથી દયાળુ પરિચારીકા આવશે.

૧૩૬ બધી પરિચારીકાની પરિચારિકા (તમારા) આક્રંદ સિવાય દુધ નહિ આપે, તે શું તમે જાણતા નથી?

૧૩૭ તેણે (ખુદાએ) કહ્યું છે, "તેમને ઘણું રૂદન કરવા દો" કાન દઈને સાંભળ, કે પેદા કરનારની બક્ષિશ, દુધ બહાર રેડશે.

૧૩૮ વાદળનું રડવું (વરસવું) અને સુર્યનું બળવું આ દુનિયાનો પાયો છે. આ બન્ને ભાગોને (એક સાથે) વણો.

૧૩૯ જો સુર્યની ગરમી અને વાદળાનાં આંસુ (વરસાદ) ન હોય તો પછી કાચા (મુળ તત્વો) અને આકસ્મિક આફત મોટી અને જાડી કેમ બને?

૧૪૦ આ ધખધખવું અને આંસુ સરવાં મુળમાં (વરસાદ) ન હોય ત્યાં સુધી આ ચાર ઋતુઓ કેમ સમૃદ્ધ થાય?

૧૪૧ જ્યારે કે સુર્યની બાળતી (ગરમી) અને દુનિયામાં વાદળાઓનું વરસવું જગતને તાજું અને મોજીલું રાખે છે.

૧૪૨ તારી સમજશક્તિના સુર્યને બળતો રાખ. તારી આંખ વાંદળાની માફક આંસુ ભરેલી ચકચકતી રાખ.

૧૪૩ તમને નાના બચ્ચાંની માફક આંસુ સારતી આંખની જરૂરત હોવી જોઇએ, (ઐહિકતા) ના રોટલો ખા નહિ. કારણ કે તે રોટલો તારૂં પાણી (રૂહાનીયત સુંદરતા) ઉપાડી જશે.

૧૪૪ જ્યારે કાચા પાંદડામાં (સારી ખીલેલી) છે ત્યારે તેના કારણે રાત્રી અને દિવસ બાળી (કે જે) આત્મા છે પોતાનાં પાંદડા વેરે છે, અને તે વસંતમાં છે.

૧૪૫ કાયાની (બીસ્તી હાલત) આત્મા માટે (નગર પાનપણું) છે, ઉતાવળો બનજે, તમારે આ (કાયા)ને ઘટતી અને તેને (આત્માને) વધતો બનાવવો જોઇએ.

૧૪૬ "ખુદામાં ધીરો" આ કાયાની (બીસ્તી હાલત) ધીરાણ તરીકે આપો, બદલામાં તમારા દિલમાં બગીચો બીલે.

૧૪૭ ધીરાણ આપો, આ કાયાના ખોરાકને ઘટાડો કે જેથી 'ચહેરો' કે જેને આંખે જોયો નથી તે ચહેરો દ્રષ્ટિમાં આવે.

૧૪૮ જ્યારે કાયા પોતે વિષ્ટાથી બાલી ઘઇ, ત્યારે (ખુદા) તેને કસ્તુરી અને દિવ્ય મોતીઓથી ભરી દેશે.

૧૪૯ તે (આવો એક માણસ) ગંદકી આપે છે અને (બદલામાં) પવિત્રતા મેળવે છે. તેની કાયા ખુશી અનુભવે છે "તે તમને પવિત્ર કરશે."

૧૫૦ સેતાન તમને ખીવરાવે છે, કહે છે, સાંભળ અને ફરીવાર સાંભળ, તમે આ માટે દિલગીર બનશો અને (તે) તમને ઉદાસ બનાવશે.

૧૫૧ જો તમે આના વૃથા તરંગોની અસરમાં તમારી કાયા ગુમાવશો તો તમે ઘણા દિલગીર અને વ્યાકુળ બનશો.

૧૫૨ આ ખાઓ, તે ગરમ છે અને તમારી તન્દુરસ્તી માટે સારૂં છે અને તમારી ભલાઇ અને સાજા થવા માટે તે પીઓ.

૧૫૩ જ્યારે કે તમારી કાયા (જાણે કે) સવારી કરતું જનવર છે, જે સૌથી ઉત્તમ રીતે ઘાસથી હળેલું છે.

૧૫૪ ખબરદાર રહેજે, તારી ટેવ બદલતો નહિ, નહિતર તે ભુલમાં પરિણમશે, અને મગજમાં અને દિલમાં એક સો બિમારીઓ પેદા કરશે.

૧૫૫ દુષ્ટ સેતાન આવી યુક્તિઓ અજમાવે છે અને લોકો ઉપર એક સો મંત્રો ઉચ્ચારે છે.

૧૫૬ દવાદારૂની (હુશિયારીમાં) તે પોતાને 'ગેલન' બનાવે છે, કે તે તમારા (અસ્વસ્થ) આત્માને છેતરે છે.

૧૫૭ તે કહે છે, "આ કોઇપણ દુઃખ અને દિલગીરી વિરૂદ્ધ ઉપયોગી છે." તેણે તે જ વસ્તુ હ. આદમ (અ. સ.) ને ઘઉંના દાણા માટે કરી હતી.

૧૫૮ તે (ઢોંગી) ઉચ્ચારણો ઉચ્ચારે છે, આહ, આહ, અને અફસોસ જ્યારે કે તે તમારા હોઠોને ઘોડા દાક્તરના શંખલાની માફક વળ ચડાવે છે.

૧૫૯ (ઘોડા દાક્તર) જ્યારે નાળ ચડાવે છે ત્યારે જેવો ઘોડાના હોઠોને વળ ચડાવે છે તેવો જ તે (સેતાન) એક હલકા પત્થરને નીલમના જેવો દેખાવ કરવાનું કારણ બનાવે છે.

૧૬૦ તે તમારા કાનોનો કબજો લ્યે છે, (જો કે તેઓ) ઘોડાના કાનો (હતા) તેમને કંજુસાઈ અને (માલ મિલ્કત) ની પ્રાપ્તિ તરફ ખેંચે છે.

૧૬૧ તે તમારા પગ ઉપર વ્યગ્રતાનો જોડો ફટકારે છે જેના સંતાપે તે રસ્તામાં (આગળ વધવા) અશક્ત બનાવે છે.

૧૬૨ તેનો જોડો એ (આ દુનિયા અને હવે પછીની) પેલી દુનિયાના કામો વચ્ચેની આનાકાની છે. "હું આ કરૂં કે પેલું?" સંભાળ રાખજે!

૧૬૩ જે હ. પયગમ્બર સાહેબે પસંદ કર્યું તે કરજે, એ ગાંડા માણસ, એક (મુર્ખ) છોકરાએ કર્યું તે કદી કરતો નહિ.

૧૬૪ "બદ્દિશ્ત ઘેરાઇ ગઈ છે." તે શાંથી ઘેરાઈ ગઈ છે? આ ખુદીના આમાલથી કે જેના અંગે (ભવિષ્યની જીંદગી માટે) વાવેલાં બી વધતાં જાય છે.

૧૬૫ તે (સેતાન) લુચ્ચાઇ અને ઢોંગનાં એક સો મંત્રો ધરાવે છે કે જે (હરકોઈને) ફસાવશે, પછી ભલે તે (એક જબરજસ્ત અજગર) જેવો મજબુત અને ઝનુની હોય.

૧૬૬ તે (શેતાન) તેને બાંધશે ભલે પછી તે વહેતા પાણી (જેવો ઝડપી અને પ્રપંચી) બને, તે તેની ઠેકડી ઉડાવનાર બનશે, પછી ભલે તે તે વખતનો સૌથી વધુ વિદ્વાન હોય!

૧૬૭ તેથી તમારી સમજણને દોસ્તની સમજણ સાથે ભેળવો, (આયાત) પઢો, "તેઓની ઘટનાઓ એકબીજા સાથે સલાહ મસલત કરે છે અને તેને અમલમાં મુકે છે."

હ. મુસ્તફા (ર.સ.અ.) અરબ મહેમાન સાથે આયાળુપણે વર્ત્યા અને તેના સંતાપોને ઠંડા કર્યા, કે જે પોતાની શરમમાં અને પશ્ચાતાપમાં અને નિરાશાની અગ્નિમાં હુસકાં ભાઇ પશ્ચાતાપ કરતો હતો તેને શાંત કર્યો.

૧૬૮ આ મુદ્દાનો છેડો જ નથી, પેલો અરબ (રૂહાની) રાજાના માયાળુપણાથી દંગ જ થઇ ગયો.

૧૬૯ તે મહદ્અંશે દિવાનો બનતો હતો. તેની સમજણ (તેનામાંથી) ઉડી ગઇ, પણ હ. મુસ્તફા (ર. સ. અ.) ના હાથે (શક્તિએ) સમજણને પાછી ખેંચી.

૧૭૦ તેઓએ (નબી સાહેબે) કહ્યું, "નજીક આવ," એક (માણસ) ગાઢ નિદ્રામાંથી જાગૃત થતો હોય તેવી હાલતમાં તે આવ્યો.

૧૭૧ તેઓએ કહ્યું, નજીક આવ, (તારી બુદ્ધિમત્તા) ગુમાવ નહિ. સાંભળ, બુદ્ધીમાં આવ, તારા માટે અહીં ઘણી મોટી વસ્તુઓ કરવાની છે.

૧૭૨ તેઓએ તેના ચહેરા ઉપર પાણી છાંટ્યું અને તેણે (નાસ્તિકે) બોલવું શરૂ કર્યું. કહે, ઓ ખુદાના સાક્ષી, કલમો બોલો.

૧૭૩ કે જેથી હું (તેની સત્યતાનો) સાક્ષી બનું, અને (બેઇમાનીપણામાંથી) હટી જાઉં. હું આ (જુઠા) અસ્તિત્વથી થાકયો છું અને (વાસ્તવિકતાના) મેદાનમાં આગળ જઇશ.

૧૭૪ તે કે જે આ ન્યાય મંદિરમાં હુકમનામાની જાહેરાત કરે છે, આપણે આપણા દાવાનો મુદ્દો તેની હજુરમાં રજુ કરીએ છીએ. "શું હું (તમારો માલિક) નથી?" અને "હા"

૧૭૫ કારણ કે આપણે કહ્યું, "હા" (અને જ્યારે કે આપણે) આપણા કર્તવ્યોની કસોટી ઉપર (છીએ), અને શબ્દો "અમે (સંમત થયા છીએ)" (જરૂરી) સાક્ષી પુરાવા છે.

૧૭૬ આપણે ઇન્સાફની કોર્ટમાં ચુપ કેમ રહી શકશું? શું આપણે તે હુકમની સાબિતીમાં અહીં આવ્યા નથી?

૧૭૭ ઓ સાક્ષી, ન્યાયાધિશના ન્યાયમંદિરમાં કેટલો લાંબો વખત અટકાયતમાં રહીશ? વખતસર તારી સાબિતી રજુ કર.

૧૭૮ તમને અહીં સાબિતી આપવા અને જરા પણ બેફરમાની ન બતાવવા હુકમથી બોલાવવામાં આવેલ છે.

૧૭૯ (પણ) તારા દુરાગ્રહમાં તું નીચા બેસી ગયો છે, અને આ બંદીવાસમાં તારા હાથ અને મોં (બન્ને) બંધ કર્યા છે.

૧૮૦ ઓ સાક્ષી, તું જ્યાં સુધી તે સાબિતી નહિ આપે ત્યાં સુધી તું આ કચેરીમાંથી કેવી રીતે છુટો થઇશ?

૧૮૧ તે (માત્ર) એક પળની જ બાબત છે, (તારી ફરજ) બજાવ, અને ચાલ્યો જા, તારા પોતા માટે ટુંકી બાબત લાંબી ન કર!

૧૮૨ જેવી તારી મરજી, એકસો વર્ષ દરમ્યાન કે એક પળમાં (તું કરે) આ અનામત સોંપી દે અને તારા ખુદને તેનાથી છુટો કર.

નિયમીત બંદગી અને રોઝા અને (આવી) બધી જાહેરી ચીજો આંતરિક પ્રકાશની સાક્ષીઓ છે તે સમજાવવા વિષે.

૧૮૩ આ (નિયમીત) બંદગી અને રોઝા અને હજ અને જિહાદ (આંતરિક) ઈમાનનાં પ્રમાણ છે.

૧૮૪ **જકાત અને ભેટો આપવી અને ઈર્ષાને તજી દેવી એ એક માણસના ગુપ્ત વિચારોના સાક્ષી છે.**

૧૮૫ **ઓરાક અને મહેમાનગીરીની તાસકો તે જાહેરાતના માટે છે કે "અમો એ (મહાન) મહેમાનો, અમો તમારાથી સાચા મુમેળવાળા બન્યા છીએ."**

૧૮૬ **ઇનામો અને 'મહેમાનો'ઓ અને ખુદાને અર્પણ કરવું, સાક્ષી પુરે છે કે "અમો તારાથી ખુશ છીએ."**

૧૮૭ જે કોઈપણ પૈસા આપવામાં અથવા કાકકુદ્દી કરવામાં પોતાને કિંમતી કરે છે તેની (બાયના) શું છે? (તેનું કહેવું છે કે) "મારી અંદર એક ઝવાહીર છે."

૧૮૮ મારી પાસે ઝવાહીર છે એટલે કે 'પરહેજી અથવા ઉદારતા' આ સખાવત અને રોઝાઓ (આ બન્ને ગુણોને) લગતા સાક્ષીઓ છે.

૧૮૯ રોઝાઓ સર્વથા કહે છે, તે કે જે (સર્વમાં) હલાલ, કાયદાસરનું હતું તેનાથી પરહેજી કરી છે (તો પછી) જાણ કે તેને હરામ (ગેરકાયદેસર સાથે) સંબંધ નથી.

૧૯૦ અને તેણે આપેલી ઝકાત (સર્વથા) કહે છે, તે પોતાના ખુદની માલમિલકત આપે છે તો પણ તે ધર્માંધોની ચોરી કેમ કરશે?

૧૯૧ જો તે પોતાના (સ્વાર્થીપણામાં) બિસ્સાકાતરૂની જેમ વર્તશે તો પછી બન્ને સાક્ષીઓ દૈવી ઇન્સાફની કોર્ટમાં કાયદાસરના નહિ કહેવાય.

૧૯૨ જો તેણે દયા કે ઉદારતા અંગે દાણા વેર્યા ન હોય તો તે પંખી પકડનાર (માત્ર) પારધી છે.

૧૯૩ તે પોતાના અજ્ઞાત શિકારને (પકડવા)ના કારણ માટે રોઝા રાખવામાં અને રોઝામાં સુવાનો ઢોંગ કરતો બિલાડો છે.

૧૯૪ આ અન્યાયી કૃત્યોથી તે એકસો જાતના (લોકોને) શંકાશીલ બનાવે છે, તે ઉદાર અને પરહેજોને હલકી આબરૂવાળા બનાવે છે.

૧૯૫ પણ તે સમજતો નથી કે તે કુટિલતાપુર્વક વર્તે છે, અંતમાં ખુદાની દયા આ બધા ઢોંગમાંથી શુદ્ધ કરશે.

૧૯૬ તેની (ખુદાની) દયા (તેના કોપ ઉપર) સરસાઈ ભોગવે છે અને તેના (ઢાંગીપણા) ઉપર જે રોશની તે ધરાવતો નથી તેવી પૂર્ણિમાના ચાંદ જેવી ઈનાયત કરે છે.

૧૯૭ ખુદા તેનાં આવાં દુષણો પાક કરે છે (દૈવી) રહેમત તેની મુખાઈની (ગંદકી) ધુએ છે.

૧૯૮ એટલા માટે કે તેની મહાન માફી સ્પષ્ટ બને (માફીની) ટોપી તેનું (બડાઈપણું) ઢાંકશે.

૧૯૯ પાણી સ્વર્ગમાંથી વરસ્યું, કે જે તેઓની ગંદકીને (ધોઇ) સાફ કરે.

પાણી બધી અપવિત્રતાઓ કેમ સાફ કરે છે, અને પછી મહાન ખુદાથી અપવિત્રતા ધોવાઈ છે, અરેઅર, મહાન ખુદા અત્યંત પવિત્ર છે.

૨૦૦ જ્યારે પાણીએ, લડાઈ પુરી કરી (પોતાનો ફાયદો પહોંચાડયો,) અને ગંદુ બનાવાયું હતું અને એવું બન્યું હતું કે ઈન્દ્રીઓ તેને નાપસંદ કરે.

૨૦૧ ખુદા તેને પાછું ભલાઇના સમુદ્રમાં લાવ્યો, કે પાણીનું અસલ તેને ઉદારતાથી ધોઇને (પવિત્ર) કરે.

૨૦૨ તે (પાણી) બીજે વરસે ગર્વપુર્વક પ્રસરતું પાછું આવ્યું. "અરે, તું ક્યાં હતું? પવિત્રતાના સમુદ્રમાં?"

૨૦૩ હું અહીંથી ગંદુ ગયું, હું પાછું (ચોકખું) થઇને આવું છું. મેં માનનો અર્થ મેળવ્યો છે, હું પૃથ્વી પર (ફરીવાર) આવેલ છું.

૨૦૪ સાંભળ, ઓ ગંદા બનેલા, મારામાં આવ, કારણકે મારી પ્રકૃતિએ ખુદાની પ્રકૃતિનાં ગુણલક્ષણો મેળવ્યાં છે.

૨૦૫ હું તારી બધી ભુલો બક્ષી આપીશ, હું સેતાન ઉપર ફિરસ્તા જેથી પવિત્રતા ઈનાયત કરીશ.

૨૦૬ જ્યારે હું હારમાં ચાલતો બન્યો ત્યારે હું ત્યાં પાછો ફરીશ, હું પવિત્રતાનાં મુળના મુળ તરફ જઈશ.

૨૦૭ જ્યારે હું મારા માથાનો ગંદો કોટ ફેંકીશ ત્યારે તે મને ફરી એકવાર સાફ થએલો ઝભ્ભો આપશે.

૨૦૮ આવું કામ તેનું (ખુદાનું) છે, અને મારૂં કામ પણ તેવું જ છે, "પેદા કરાએલી બધી હસ્તિઓનો માલિક" દુનિયાને ખુબસુરત બનાવનાર છે.

૨૦૯ આ આપણી અપવિત્રતાઓ ન હોત તો પાણીને આવી કિર્તી કેમ મળી હોત.

૨૧૦ તે અમુક પાસેથી (દૈવી ધ્યાની) સોનાની થેલીઓ ચોરે છે (પછી) તે દરેક દિશામાં દોડે છે, ખુબ પાડે છે, "એક દેવાળીઓ ક્યાં છે?"

૨૧૧ કાં તો તે (બગલનો) ઘાસના એક પાન ઉપર કે જે ખીલેલો છે (રૂહાની દર્શનને) લાયક બનેલ છે તેના ઉપર વહેવડાવે છે, અથવા તે એકનો ચહેરો કે જે ગંદો છે તેને ધુએ છે.

૨૧૨ અથવા, તે વહાણના મથાળે (તુતક ઉપર) કે જે હાથ પગ વગરનું (સાહસ વગરનું) દરિયામાં ઉછળે છે તેના ઉપર મજુર માફક લઈ જાય છે.

૨૧૩ તેમાં લાખો ઉપાયો છુપાએલા છે, કારણકે દરેક ઉપાય તેની પ્રકૃતિમાંથી ઉતરી આવે છે.

૨૧૪ દરેક મોતીનો આત્મા, દરેક દાણાનું દિલ, ઉપાયોની એક દુકાનની માફક (સાબ્દ થવા) માટે નદીમાં જાય છે.

૨૧૫ તેમાંથી જમીનના અનાથોને આજીવીકા મળે છે, તેમાંથી તેમને હીલચાલની શક્તિ મળે છે જે સખત રીતે બંધાએલા છે, સુકાએલા છે.

૨૧૬ જ્યારે (ફુહાની રહેમતનો) તેનો જથ્થો ખર્ચાઈ ગયો છે ત્યારે તે ગંદો બને છે. તે જેમ આપણે છીએ તેમ જમીન ઉપર અધમ બને છે.

સર્વશક્તિમાન ખુદાને વિનંતી કરતાં પાણી ગંદાને કેમ પવિત્ર કરે છે તે વિષે.

૨૧૭ (પછી) તે તેના અંતરમાંથી પશ્ચાતાપની ધુમો ઉઠાવે છે, કહે છે, "ઓ ખુદા, તેં જે મુડી (મને) આપી તે મેં (બીજાને) આપેલ છે અને હું એક ભિખારી બાકી રહેલ છું."

૨૧૮ મેં બધી મુડી પવિત્ર અને અપવિત્ર ઉપર (એક સરખી) રેડી છે, ઓ બાદશાહ કે જે મુડી આપે છે, "શું ત્યાં કાંઈ વધુ છે?"

૨૧૯ તે (ખુદા) વાદળાંને કહે છે, "તેને (પાણીને) આહલાદજનક જગ્યાએ હંકારી જાવ, અને ઓ સુર્ય, તું પણ તેને ઉપર ખેંચી લે."

૨૨૦ તે તેને જુદા જુદા રસ્તાએ જતું બનાવે છે કે જેથી તે હદ વગરના દરીયામાં તેને (પાછું) લાવે.

૨૨૧ **અરેઅર આ પાણીના કહેવાનો ભાવાર્થ ઔલીયાઓનો આત્મા છે કે જે તમારા કાળા ડાઘાઓને ધોઈ નાખે છે.**

૨૨૨ જ્યારે તે દુનિયાના લોકોનાં કાવતરાં (ધોવાથી) કાળા ડાઘવાળું બનેલ છે, ત્યારે તે તેના તરફ પાછું ફરે છે કે જે બક્ષિશને સમૃદ્ધ કરે છે.

૨૨૩ તે તેમની પાસે પેલી પારથી (કિર્તીના) પહેરણનું સગડ કરતું બધી બાજુએ પવિત્રતાઓને સંબંધિત શીખામણ આપતું (ખુદાથી) પાછું લાવે છે.

૨૨૪ (દુનિયાના) લોકો સાથે સંમિશ્રણ થતાં તે બિમાર પડે છે અને પેલી મુસાફરી (કરવાની) ઇચ્છા કરે છે, કહે છે. "ઓ બિલાલ, સજ્જ કર,

૨૨૫ ઓ કર્ણપ્રિય સુંદર અવાજવાળા, બિલાલ, મિનારામાં ઉપર જા" રવાના થવાનું નગારૂં વગાડ.

૨૨૬ જ્યારે કાયા (નિયમિત બંદગીમાં) ઉભી છે, આત્મા તેની મુસાફરી ઉપર ગએલ છે. જ્યારે કે તેના પાછા ફરવાની પળે તે કહે છે, 'સલામ'

૨૨૭ (તેના પૃથ્વી ઉપર પાછા ફરતાં) માટીથી વન્તુ કરવામાંથી તે બધું છુટું કરે છે, અને યોગ્ય દિશા શોધવાની તલાસમાંથી જિજ્ઞાસાના શોધનારાને (સ્વતંત્ર) કરે છે.

૨૨૮ આ કહાણી વિવરણમાં એક મધ્યસ્થી માફક છે, હકીકતની ઓળખાણ માટે એક મધ્યસ્થીની જરૂર હોય છે.

૨૨૯ એક મધ્યસ્થી વગર, હરકોઈ અગ્નિમાં કેમ પડશે ? સિવાય સલામન્દર જેવા કારણ કે તે બેડાણ સાંધવાથી તે સ્વતંત્ર છે.

૨૩૦ તમારે મધ્યસ્થીની માફક ગરમ સ્નાનની જરૂરત છે કે જેથી તમો તમારૂં બંધારણ (અગ્નિની) ગરમીથી તાજું બનાવો.

૨૩૧ જ્યારે કે તમો અગ્નિમાં, હ. (ઇબ્રાહીમ) ખલિલુલ્લાહની માફક જઈ શકતા નથી ત્યારે ગરમ સ્નાન તમારો સંદેશક અને પાણી તમારું માર્ગદર્શક બન્યું છે.

૨૩૨ તૃપ્તિ ખુદામાંથી છે, પણ એક ગંદો, રોટલાના ધ્યાન વગર તૃપ્તિ કેમ મેળવશે ?

૨૩૩ સુંદરતા ખુદામાંથી છે, પણ ભૌતિકવાદી સુંદરતાની અસર બગીચાના પડદા (મધ્યસ્થી) વગર અનુભવી શકે નહિ.

૨૩૪ જ્યારે કાયાની મધ્યસ્થી હટાવાય છે. (પછી) તે કે જે (કાયાથી મુક્ત બનાવાયો) હ. મુસા (અ.સ.)ની માફક 'ચંદ્રમા'નું 'નુર' (તેના પોતાના) દિલમાં કોઈ પણ પડદા વગર મેળવે છે.

૨૩૫ પાણીથી ધરાવેલા આ સદ્‌ગુણો સાક્ષી પુરે છે તેની માફક જ છે, તેની આંતરિકતા ખુદાની રહેમતથી છલોછલ ભરાએલ છે.

જાહેરી આમાલો અને શબ્દો, છુપાએલ અંતઃકરણ અને આંતરિક પ્રકાશની સાબિતી હોવા વિષે.

૨૩૬ આમાલ અને બોલી ગુપ્ત મનના સાક્ષીઓ છે. આ બન્નેમાંથી આંતરિક હાલતનું અનુમાન કરી શકાય છે.

૨૩૭ જ્યારે તમારો વિચાર અંદર ઉંડો ઉતરતો નથી, ત્યારે તેના વગર પણ દર્દીના પેશાબની તપાસ કર.

૨૩૮ આમાલ અને ઉચ્ચારણ બીમારના પેશાબ જેવા છે કે જે કાયાના વૈદ્ય માટે ચોકખી સાબિતી છે.

૨૩૯ પણ રૂહાનીયત હકીકત તેના (દર્દીના) આત્મામાં દાખલ થાય છે અને રૂહાનીયત રસ્તે તેના (આંતરિક) ઈમાનમાં ઉંડા ઉતરે છે.

૨૪૦ તેને ઉત્તમ કાર્યો અને શબ્દોની જરૂરત નથી. તેઓથી (રૂહાની હકીકતોથી) બેખબર રહેજે, તેઓ (આત્મસોના) દિલોના જાસુસો છે.

૨૪૧ આમાલો અને શબ્દોની આ સાબિતી (માત્ર) તેની પાસેથી આવે કે જે એક નદીની માફક દરિયા સાથે મળી ગએલો નથી.

પ્રકાશિત પુરૂષની અંદરથી નૂર પોતેજ તેના 'નૂર'ની સાક્ષી પુરે છે. કોઈપણ આમાલ કે શબ્દથી તેનો જાહેરાત કર્યા વગર તે સમજાવવા વિષે.

૨૪૨ પણ (શુદ્ધાર્થ જ્ઞાનના) મુસાફરનો (આંતરિક) પ્રકાશ કે જે ખુદીથી પર પસાર થઈ ગયો છે, જંગલો અને મેદાનો તેવા પ્રકાશથી ભરાઇ ગયાં હોય છે.

૨૪૩ ખુદા તરફ તેના એક સાક્ષી બનવાની હકીકત, સાક્ષીઓની અને કર્તવ્યથી અધિક કાર્યના આમાલો અને ભક્તિભાવમાં ખૂદને અર્પણ અને જીંદગી અર્પવાથી સ્વતંત્ર છે.

૨૪૪ જ્યારે કે પેલા (રૂહાનીયત) સત્વનું 'નુર' પ્રકાશિત બન્યું છે ત્યારે તેણે આ ઢોંગથી સ્વતંત્રતા મેળવી છે.

૨૪૫ તેથી તેના આમાલ અને વાણીની તેની પાસેથી સાબિતીની માગણી ન કર. કારણ કે તેના થકી બન્ને દુનિયાઓ એક ગુલાબની માફક ખીલી ઉઠી છે.

૨૪૬ આ સાબિતી શું છે? તે કે જે ગુપ્ત છે તે જાહેર બનાવાય, ભલે પછી તે શબ્દથી કે કાર્યથી કે બીજા કંઈક થકી હોય.

૨૪૭ કારણ કે તેનો હેતુ રૂહાનીયત સત્વની આંતરિક પ્રકૃતિને જાહેર બનાવવાનો છે, (પેલા સત્વનાં) ગુણધર્મ કાયમી છે, જો કે આ આફતો (આમાલો અને વાણીઓ માફક) ઝપાટાબંધ પસાર થઇ જાય છે.

૨૪૮ ચકાસણીના પત્થર ઉપર સોનાની નિશાની રહેતી નથી. (પણ) સોનું (પોતે) ભલી પ્રખ્યાતીનું બેશક રહે છે જ,

૨૪૯ તેવી જ રીતે, આ (બધી) નિયમીત બંદગી અને જીહાદ અને રોજાઓ રહેતા નથી પણ આત્મા (હંમેશ માટે) ભલી યાદીમાં રહે છે.

૨૫૦ આત્મા આ જાતના (સાબિતીઓ જેવાં) ચોક્કસ આમાલો અને પાણી ઉત્પન્ન કરે છે. તેણે તેના સત્વને (દૈવી) હુકમના ચકાસણીના પથ્થર ઉપર ઘસ્યું.

૨૫૧ ભલે પછી આમ કહેવાય, "મારૂં ઈમાન સંપૂર્ણ છે. અહીં તેના સાક્ષી છે," (હા.) પણ સાક્ષીઓ સબંધમાં જ શંકા છે.

૨૫૨ જાણ કે સાક્ષીઓની પ્રમાણિકતા પુરવાર કરવી જોઈએ, પુરવાર કરવાનું સાધન એક (મોટી) ઈમાનદારી છે. તું તેનાથી સ્વતંત્ર છે.

૨૫૩ શબ્દની સાક્ષી બાબતમાં, તે તારો શબ્દ (કે જે સાબિતી છે) તે કબુલ રાખે છે. અમાલની સાક્ષી બાબતમાં તે તારી 'બઈયત' કબુલ રાખે છે.

૨૫૪ શાબ્દીક સાક્ષી કબુલ રખાતો નથી, જો તે ખોટું બોલે છે, અને આમાલનો સાક્ષી (પણ) કબુલ રખાતો નથી જો તે સીધો દોડતો નથી.

૨૫૫ શબ્દો (વાણી) અને આમાલો કે જે તારી ખુદની વિરૂદ્ધનાં હોવાં ન જોઇએ એટલા માટે કે તું તાત્કાલીક સ્વીકારાએલો બને.

૨૫૬ તમારા પ્રયાશો જુદા જુદા છે, તમો વિસંગતીમમાં છો, તમો દિવસના સીવો છો અને (જે સીવ્યું તે) રાત્રીના ફાડી નાખો છો.

૨૫૭ તો પછી, પેલી સાબિતી કે જે પોતે જ વિરૂદ્ધ પડે છે તે કોણ સાંભળશે સિવાય કે અરેઅર તે (ન્યાયાધીશ) માયાળુપણે એક (મોટી) ધૈર્યતા બતાવે.

૨૫૮ આમાલ અને વાણી ગુપ્ત મન અને આંતરિક વિચારના સ્પષ્ટીકરણ માટે છે. બન્ને પડદા માંહેની ગુપ્તતા જાહેર કરે છે.

૨૫૯ જ્યારે તારો સાક્ષી પ્રમાણિક સાબિત થયો છે ત્યારે તે સ્વીકારવામાં આવેલ છે નહિતર તેને કસ્ટડીમાં એક કેદી માફક રાખવામાં આવેલ હોત.

૨૬૦ **એ ઉદ્ધત, જ્યાં સુધીનું (પવિત્ર ઔલિયાથી) સ્પર્ધા કરીશ ત્યાં સુધી તેઓ (તારી સાથે) સ્પર્ધા કરશે. "તેમને માટે રાહમાં આડા પડો, પછી અરેઅર, તેઓ (તારાથી) રાહમાં આડા પડયા છે.'**

હ. મુસ્તફા (ર. સ. અ.)એ પોતાના મહેમાનને સાબિતી આપી.

૨૬૧ આ વિવરણનો અંત નથી. હ. મુસ્તફા (ર. સ. અ.)એ તેને 'ઈમાન'ની દરખાસ્ત કરી, અને યુવાને સ્વીકારી.

૨૬૨ પેલી સાબિતી કે જે કાયમની આશીર્વાદીત બની છે અને કાયમ માટે સખત બંધાએલી બેડીઓને છુટી કરી છે.

૨૬૩ તે એક સાચો ઈમાનદાર બન્યો, હ. મુસ્તફા (ર. સ. અ.)એ તેને કહ્યું "આજ રાત્રે પણ મારો મહેમાન બનજે."

૨૬૪ તેણે કહ્યું, "ખુદાના કસમ, હું અનંત કાળ માટે તારો મહેમાન છું. હું ગમે ત્યાં હોઉં કે ગમે ત્યાં જાઉં.

૨૬૫ હું તારાથી જીવતો બનાવાયો છું અને તારાથી જ મુક્ત કરાયો છું અને હું તારા દરવાજાનો ચોકીદાર, આ દુનિયા અને પેલી દુનિયામાં તારા મેજ ઉપર (જમનાર) છું."

૨૬૬ આ પસંદ કરાએલા મેજ સિવાય જે કોઈ બીજું પસંદ કરશે, અંતે તેનું પેટ (દુઃખના) હાડકાંથી ચીરાએલું બનશે.

૨૬૭ તારાજ મેજ સિવાય બીજા મેજ ઉપર જે કોઇ પણ જશે જાણો કે સેતાન તેના પ્યાલામાં ભાગ પડાવે છે.

૨૬૮ જે કોઈ પણ તારા પડોશમાંથી છુટો પડે છે, કાંઈ પણ શંકા વગર સેતાન તેનો પડોશી બનશે.

૨૬૯ અને જો તારા વગર તે એક દુરની મુસાફરીએ જશે, દુષ્ટ સેતાન તેનો સાથી મુસાફર અને મેજનો સાથી હશે.

૨૭૦ **એને જો તે એક ઉમદા ઘોડા ઉપર સવાર થશે (અને જો) તે ચંદ્રમા (ઇમાનના ગુણો) ના અદેખો છે તો સેતાન તેની પાછળ બેસે છે.**

૨૭૧ અને જો તેની ઘરવાળી તેનાથી બચ્ચાવાળી બનશે તો સેતાન તેના પેદા કરવામાં તેનો ભાગીદાર છે.

૨૭૨ ઓ તું કે જે સુર્ય ઉગતાની લાલાશમાં (ઈમાનમાં) છો, ખુદાએ કુરાનમાં કહ્યું છે, "તેઓની દોલત અને બચ્ચાંમાં તેમને ભાગ આપો."

૨૭૩ હ. પયગમ્બર સાહેબ અદ્રષ્યમાંથી (પ્રેરણા મેળવતા) હ. મૌલા મુર્તુઝાઅલી (સ.અ.) સાથે ભવ્ય રીતે આ (બાબતનું) ખુલ્લી રીતે વિવરણ કરેલ છે.

૨૭૪ ઓ અલ્લાહુના પયગમ્બર, તમોએ તમારા પયગમ્બરી કાર્યની સંપૂર્ણપણે વાદળાં વગરના સુર્યની માફક (સત્યતા) જાહેર કરેલ છે.

૨૭૫ તમાએ (મારા તરફ) આ જે કરેલ છે તે બસો માતાઓએ કદી પણ કરેલ નથી. હ. ઈસા (અ.સ.) એ કદીપણ આઝર ઉપર આના જેવી કુંકો મારી નથી.

૨૭૬ અરે, તારા થકી મારો આત્મા મૃત્યુમાંથી મુક્ત બનેલ છે, જે આઝર (હ. ઈસા અ.સ.) ની પેલી કુંકથી બચાવાયેા હોત તો પણ તે ફરીવાર મરણ પામત.

૨૭૭ પેલો અરબ તે રાત્રીના હ. પયગમ્બર સાહેબનો મહેમાન બન્યો. તેણે એક બકરીનું માત્ર અર્ધું જ દુધ પીધું અને (પછી) પોતાના હોઠો બંધ કર્યા.

૨૭૮ તેઓએ (હ. પયગમ્બર સાહેબે) દુધ પીવા અને કંઈક ખાવાની તાણ કરી, તેણે કહ્યું. "ખુદાના કસમ, ખરા દિલથી કહું છું કે હું ધરાઈ ગયેા છું.

૨૭૯ આ ઢોંગ અથવા મિથ્યા આડંબર અને બનાવટ નથી. ગઈ રાત્રી કરતાં વધુ પેટ ભરેલ છે."

૨૮૦ (હ. પયગમ્બર સાહેબનાં) ઘરનાં બધાં માણસો નવાઈમાં ગરક થયાં કે આ બતી આ તેલના એક ટીપાથી ભરાઈ ગયેલ છે!

૨૮૧ અને તે કે જે (માત્ર) ખોરાકનો (એક) ટુકડો જ હતો જે આવા એક હાથીના પેટને (ભરવાનું) નિમીત્ત બનેલ છે.

૨૮૨ સ્ત્રીઓ અને પુરૂષોમાં ગણગણાટ ઊઠ્યો "પેલો માણસ કે જેની કાયા એક હાથીની છે તે એક માણી જેટલું થોડું ખાય છે."

૨૮૩ અશ્રદ્ધાની તુંડમીજાજી અને લાલસા છતાઈ ગએલ હતી, અજગર એક કીડીના ખોરાકથી સંતોષાયેા હતો.

૨૮૪ અશ્રદ્ધાની ભિખારી જેવી કંજુસાઈ તેનાથી છુટી પડી ગઈ હતી. ઈમાનના મીઠા ખોરાકે તેને સ્થૂળ અને મજબુત બનાવ્યો.

૨૮૫ તે કે જે ઝનુની ભુખથી કંપતો હતો તેણે હ. મરીયમની માફક બહિશ્તનાં ફળો નિહાળ્યાં.

૨૮૬ બહિશ્તના પેલા ફળે તેની કાયાને સંતોષી. તેના દોજખ જેવા પેટે વિસામો મેળવ્યો.

૨૮૭ 'ઈમાન'નું સત્ય એ શક્તિશાળી આશીર્વાદ છે, અને ખૂબજ ઉત્તમ સ્વાદિષ્ટ ખોરાક છે. ઓ તું કે જે ઈમાનથી નહિ પણ ધંધાથી સંતોષાયો છે.

"નુર" કે જે આત્માનો ખોરાક છે, ઔલીયાની કાયાનો ખોરાક બને છે. તેથી તે (તેની કાયા)પણ આત્મા સાથે આત્મીય બને છે. (હદીસ)
"મારા સેતાને મારા હાથે ઈસ્લામ સ્વીકાર્યો છે."

૨૮૮ જોકે તે ('નૂર') આત્માનો ખોરાક અને (રૂહાનીયત) દ્રષ્ટિ છે. એ પુત્ર, કાયા પણ તેનો ભોગ લ્યે છે.

૨૮૯ જો સેતાનીક કાયા આવાનો શોખ ધરાવતી બની નથી તો હ. પયગમ્બર સાહેબે એમ કહ્યું ન હોત, "સેતાને ઈસ્લામ સ્વીકાર્યો."

૨૯૦ સેતાન ત્યાંસુધી મુસ્લિમ કેમ બને કે જ્યાં સુધી તેણે મધુર ખોરાક આપ્યો નથી કે જેનાથી મરેલાને હૈયાત બનાવાય ?

૨૯૧ સેતાન લાલસાપૂર્વક દુનિયાથી પ્રેમમાં, આંધળો અને બહેરો છે. (પણ આ) પ્રેમ, કાંઇ પણ શક વગર ખાંડ પ્રેમથી કપાએલો બની રહે.

૨૯૨ દિવ્ય દ્રષ્ટિના ભોંયરામાંથી જ્યારે તે 'મદિરા'નો સ્વાદ લ્યે છે, આસ્તે આસ્તે તેનો પ્રેમ પેલી બાજુએ બદલાતો જશે.

૨૯૩ ઓ તું કે જેનું પેટ કંજુસ છે, (દુનિયામાંથી) આમ હટી જા, એક માત્ર રીત ખોરાક બદલવાની છે.

૨૯૪ ઓ તું કે જેનું દિલ બિમાર છે, દવાદારૂ તરફ ફર, સમસ્તપણે વૈદકીય સારવાર કરાવી તે મનોવૃત્તિને બદલી નાખ.

૨૯૫ ઓ તું કે જે ખોરાકને ગીરવી રખાયો છે, જો તું તારા ખુદની સોબત છોડવાનું સહન કરીશ તો તું ખુદીથી નાશી જઇશ.

૨૯૬ અરેઅર, તૃષ્ણામાં પુષ્કળ ખોરાક છે, તેની પાછળ મહેનતપુર્વક શોધ કર અને આ અચકાનાર, (તેના શોધવાની) આશાને વળગી રહે.

૨૯૭ "નૂર" ઉપર નિર્વાહ કર, આંખ જેવો બન. ઓ માણસ જાતમાંનો સર્વોત્તમ, ફિરસ્તાઓની હદનો બન.

૨૯૮ ફિરસ્તાઓની માફક તારો ખોરાક ખુદાવંદતઆલાની કિંતીને બનાવ. કે ફિરસ્તાઓની માફક તું સંતાપમાંથી મુક્ત બને.

૨૯૯ જો હ. ઈસ્રાફીલ (અ.સ.) હાડપિંજર ઉપર જરા પણ ધ્યાન ન આપે તો પછી શક્તિમાં ગીધ તરફ વધુ નબળો કેમ હોય ?

૩૦૦ કેવું એક સુંદર ભેજ દુનિયામાં છવાએલ છે પણ દુષ્ટની આંખોમાંથી તે તદ્દન ગુપ્ત છે.

૩૦૧ ભલે દુનિયા એક આહ્લાદજનક બગીચો બને, છતાં ઉંદર અને સરપનો હિસ્સો માટીમાં હશે જ.

ભૌતિકવાદીઓ રૂહાની ખોરાકની કેવી રીતે અવજ્ઞા કરે છે અને દુષ્ટ ખોરાક માટે ઝંખનામાં કેવા ઝૂરે છે તે વિષે.

૩૦૨ તેનો (દુષ્ટ સજીવ પ્રાણીનો) ખોરાક માટી છે, ભલે પછી શિયાળો હોય કે વસંત, જો તું નિર્માણનો માલિક છો, તો તું સરપની માફક માટી કેમ ખાય છે?

૩૦૩ લાકડાનો કીડો લાકડા વચ્ચે કહે છે, "આથી સારી મિઠાઈ બીજી કોના માટે હોય?"

૩૦૪ નરકનો કીડો (બધી) ગંદકી વચ્ચે જાણે છે કે ગંદકી સિવાય દુનિયામાં બીજો કોઈ સ્વાદિષ્ટ ખોરાક નથી.

આજીજી.

૩૦૫ ખુદા કે જેનો કોઇ ભાગીદાર નથી. ઓ માલિક! અમારા તરફ સદ્‌ભાવ બતાવ, જ્યારે કે તે (અમારા) કાન ઉપર આ વિવરણ એક કાનની વાળી માફક ઉતારેલ છે.

૩૦૬ ત્યારે અમારા કાનનો કબજો લઈ અને સભાગૃહ તરફ અમોને ખેંચો કે જ્યાં બાણી-પીણીના જલસાના શોખીનો તારી 'મદિરા' પીએ છે.

૩૦૭ કારણ કે જેમ તેં તેના અંતરની એક સુગંધ અમોને પહોંચતી કરી છે, તેમ ઓ ઇન્સાફના માલિક, તે મદિરાની મસકનું મોઢું બંધ ન કરતો.

૩૦૮ તેઓ ભલે સ્ત્રી હોય અથવા પુરૂષ, તેઓ (તારા બધા સજીવ પ્રાણીઓ) તારામાંથી પીએ છે, ઓ તું કે જેની મદદની યાચના કરવામાં આવે છે, આપવામાં અમર્યાદિત છો.

૩૦૯ ઓ તું કે જેનાથી વગર બોલાએલી પ્રાર્થનાનો જવાબ મળે છે, કે જે દરેક પળે દિલ ઉપર એક સો બક્ષિસોની નવાજીશ કરે છે.

૩૧૦ તેં થોડા લખવાના શબ્દો ચિતર્યા છે, બડકો તેમના પ્રેમ બાતર બીજા જેવા (નરમ) બન્યા છે.

૩૧૧ તેં ભમરનો 'નુન' લખ્યો છે, આંખનો 'સાદ' અને કાનનો 'જીમ' તેં એક સો અંતઃકરણો અને સમજણો મનની મુંઝવણ જેવાં લખ્યાં છે.

૩૧૨ પેલા તારા અક્ષરોથી બુદ્ધિમાન (માનસિક મુંઝવણોના) તરકટી ફીંડલાં વણે છે, ઓ પ્રવિણ લખનાર, લખ્યે રાખ.

૩૧૩ તું દરેક પળે આ ભાવનાં સુંદર ચિત્રોનાં રૂપોને દરેક વિચારને બંધબેસતાં, અસ્તિત્વના (પાના) ઉપર આકાર આપે છે.

૩૧૪ તું કલ્પનાની તખ્તી ઉપર અદ્‌ભૂત અક્ષરો લખે છે, આંખ અને ચહેરાની રૂપરેખા અને ગાલ અને લાખું.

૩૧૫ હું 'લામકાં' માટેની ઇચ્છામાં ચકચુર બન્યો છું. અસ્તિત્વની (દુનિયા) માટે નહિ, કારણ કે લાલકો (ની દુનિયાનો) પ્રિતમ વધુ વિશ્વાસુ છે.

૩૧૬ તેણે (ખુદાએ) બુદ્ધિમાનને પેલાં ચિત્રેલાં માનસિક ગુણોનો વાંચનાર બનાવ્યો કે જેથી તે તેની માનસિક મુંઝવણોનો અંત આણે.

'લોહકલમ' અને તેમાંથી દરેક વ્યક્તિગત મનથી રોજંદા નશીબ ભાગ અને હિસ્સાની સુઝ (અને) હ. જીબ્રીઇલ (અ.સ.) ની મહાન લોહકલમ-માંથી રોજંદી સમજણની સરખામણી.

૩૧૭ ક્રિસ્તાની માફક, બુદ્ધિમાન દરરોજ સવારે 'લોહકલમ' માંથી રોજનો બોધપાઠ મેળવે છે.

૩૧૮ આંગળીઓના (ઉપયોગ) વગર શૂન્ય ઉપર લખાએલ શિલાલેખ નિહાળ, અને તેઓના કાળાપણા તરફ ગાંડા માણસોની નવાઇ (પણ નિહાળ).

૩૧૯ દરેક જણ કોઇકિ આભાસથી ઉન્મત્ત થએલા હોય છે અને (દટાએલા) એક ખજાના માટે ખૂણાઓમાં બોદવામાં ગાંડાતુર ઇચ્છાવાળા હોય છે.

૩૨૦ એક માણસ એક કલ્પના અંગે દબદબા માટેની ઇચ્છાથી ભરેલો છે, અને પર્વતોમાં કિંમતી ધાતુની ખાણો તરફ પોતાનો ચહેરો ફેરવે છે.

૩૨૧ અને કલ્પના અંગે દોરવાયાથી એક બીજો સખત ગદ્ધા વૈતરાથી પોતાનો ચહેરો મોતીઓની બાતર સમુદ્ર તરફ ગોઠવે છે.

૩૨૨ અને એક બીજો દેવળમાં ધાર્મિક ક્રિયાઓ બજાવવા (જાય છે) જ્યારે બીજો (અનાજ માટેની) તેની લાલસામાં વાવણીમાં લાગે છે.

૩૨૩ પેલો એક કલ્પનાથી તેનો રસ્તો રોકનાર બને છે કે જે (ઇજા વગરનો) નાશી છુટયો છે અને કલ્પનાથી (આ બીજો) મુક્તિ અપાવનાર બને છે કે જે (સખત) ઘવાયો છે.

૩૨૪ એક સેતાનોની અભ્યર્થનામાં પોતાનો આત્મા ગુમાવે છે, જ્યારે બીજો ગ્રહોના ઉપર પોતાનો પગ મુકે છે.

૩૨૫ તે (નિરીક્ષક) આમાલની આ પદ્ધતિઓ બહારની દુનિયામાં જુએ છે, જ્યારે કે તેઓ જુદી જુદી કલ્પનાઓમાંથી (જાગે છે) ત્યારે જુદા થઈ જાય છે.

૩૨૬ આ માણસ (કાંઇક કામમાં મશગુલ) પેલાના (બીજા કાર્યોથી) નવાઇ પામેલ છે, અને કહે છે, "તે શું કરવાના ઇરાદામાં છે ?" દરેક કામ કરનાર બીજાનો અસ્વીકાર કરે છે.

૩૨૭ સિવાય કે પેલી કલ્પનાઓ વિસંવાદી હતી, કાર્યોની પદ્ધતિઓ બહારની રીતે જુદી જુદી કેમ બને ?

૩૨૮ જ્યારે કે આત્માનો કિલ્લો (સત્ય હસ્તિ) ગુપ્ત છે, ત્યારે દરેક જણ (જુદી જુદી) જગ્યાએ પોતાનો ચહેરો ફેરવે છે.

જ્યારે નિયમીત બંદગી બધાને, જુદી જુદી હિકમતો અને (માણસ જાતની) પ્રેરણાઓમાં અંધારુ હોય છે ત્યારે કિલ્લા (મક્કાની દિશા) ને શોધવાની કોશીષમાં અસંમત હોય અને સમુદ્રના તળીએ મોતીઓ માટે ડુબકી મારનારાઓના શોધવાના તફાવતની સરખામણી ચિયે.

૩૨૯ તેઓ (કાબાની દિશા) શોધવાની કોશીષ કરતા લોકોના) ટોળાં જેવા છે, અને (દરેક) અમુક દિશાએ ફરે છે કે જેની તેઓ 'કિબ્લા' તરીકેની કલ્પના કરે છે.

૩૩૦ પહેરો ફાટતાં જ્યારે કાળા દેખાય છે ત્યારે તે દેખાવ આપે છે કે કોણે (સાચો) રસ્તો ગુમાવ્યો છે.

૩૩૧ અથવા (દરિયાના) પાણીના ઉંડાણમાં નીચે ડુબકી મારનારાઓની માફક, (જેમાંનો) દરેક જણ ઉતાવળમાં કાંઇક ઉપર ઉપાડી લાવે છે.

૩૩૨ તેઓ કિંમતી ઝવાહીરો અને મોતીઓ (મેળવવાની) આશામાં પોતાની કોથળીઓ આ અને પેલાથી ભરે છે.

૩૩૩ જ્યારે તેઓ ઉંડા સમુદ્રના તળીએથી ઉપર આવે છે ત્યારે મોટાં મોતીઓ મેળવનાર શોધી કઢાય છે.

૩૩૪ અને (બીજા) કે જેઓએ નાના મોતી મેળવ્યાં. અને બીજા કે જેઓએ (માત્ર) કાંકરા અને કિંમત વગરની છીપો જ મેળવી.

૩૩૫ આજ પ્રમાણે સાહીરા (ઇન્સાફની જગ્યા)માં તેમના (કલ્પનાના અનુયાયીઓ) પર શરમજનક ખૂબ જ વધુ પડતી મુશ્કેલીઓ આવી પડશે.

૩૩૬ તેવી જ રીતે (ડુબકી મારનારાની માફક) દુનિયામાં દરેક વર્ગના લોકો બતીની આજુબાજુ પતંગીયાની માફક પાંખો ફડફડાવે છે.

૩૩૭ તેઓ પોતાને એક અગ્નિથી બાંધે અને પોતાની મીણબતીની આજુબાજુ ગોળ ફરે છે.

૩૩૮ **હ. મુસા (અ. સ.)ની આશીર્વાદિત અગ્નિ (નૂર) મેળવવાની આશામાં, કે જેના નૂર અંગે ઝાઝુ વધુ લીલું બનાવાયું.**

૩૩૯ (તેમનામાંના) દરેક સમુહે પેલા અગ્નિ ('નુર')ની મહાનતા વિષે સાંભળ્યું છે, અને બધા અનુમાન કરે છે કે કોઇ પણ ચીનગારી પેલા (તેજ અગ્નિની) છે.

૩૪૦ **જ્યારે અનંત કાળનું 'નૂર' પ્રભાતમાં પ્રકાશે છે, ત્યારે દરેક (મીણબતી તે કેવી જાતની મીણબતી હતી તે ખુલ્લુ કરે છે.**

૩૪૧ જે કોઇની પાંખો પેલા વિજયની બત્તીથી બળી ગઇ, પેલી ભલી મીણબતી એની પાંખો તેના ઉપર નવાજીશ કરે છે.

૩૪૨ (પણ) હલકી મીણબતીની નીચે ઘણાએક પતંગીયાં કે જેઓની આંખો સીલ કરેલ હતી, બળેલી પાંખોથી બળેલાં પડી ગએલાં સુતાં છે.

૩૪૩ દિલગીરી અને મહાદુઃખમાં કલ્પાંત કરતો વૃથા ઇચ્છા કે જે આંખને સીલ કરે છે.

૩૪૪ તેની મીણબતી (તેને) કહે છે. "જ્યારે કે હું બળી રહી છું, ત્યારે તને બળવા-માંથી અને જુલમમાંથી કેમ મુક્ત કરું?"

૩૪૫ તેની મીણબતી રૂએ છે, કહે છે, "મારૂં માથું ખવાઈ ગયું છે. બીજું ઝળકતું કેમ બનાવું?

"ખુદાના દાસો માટેના અફસોસ"નું વિવરણ.

૩૪૬ તે (પતંગીયું) કહે છે, "હું (બહારના) તારા રૂપથી છેતરાયું હતું. અને તારી (આંતરિક) હાલત મેં ઘણી મોડી નીરખી."

૩૪૭ બત્તી બુઝાઈ ગઈ છે, મંદિરા ચાલી ગઈ છે અને દિલના કબજેદારે પોતાની ફાંગાપણાની નામોશીમાંથી પોતાને ખેંચી લીધેલ છે.

૩૪૮ તારો નફો એક નુકશાની અને દંડ બન્યો છે, તું તારા આંધળાપણાની ખુદા સમક્ષ ખૂબ જ કડવાશથી ફરીયાદ કરે છે.

૩૪૯ વિશ્વાસુ ભાઈઓના આત્માઓ કેવા ઉત્તમ, તાબેદાર, ઇમાનવાળા અને હુકમને આધિન હોય છે!

૩૫૦ (બીજા) દરેકે પોતાનો ચહેરો કોઈ બીજી દિશામાં ફેરવેલ છે, પણ પેલા પવિત્રોએ પેલી દિશા કે જે ઉંચે ચડે છે તેના તરફ ફેરવેલ છે.

૩૫૧ (બીજું) દરેક પારેવું અમુક રસ્તા ઉપર દોડે છે, પણ આ પારેવું એક (એવા) પ્રદેશમાં ઉડે છે જ્યાં પ્રદેશ જ નથી.

૩૫૩ આપણે હવાના પંખીઓ અથવા પાળેલાં (મરઘાં) નથી. આપણું ધાન્ય ધાન્યવગરનું ધાન્ય છે.

૩૫૩ આપણો રોજનો ખોરાક વિપુલ છે, કારણ કે આપનું કોટને સાંધવું, (કાર્યના અસ્તિત્વના) ઘણા કટકા કરતું બન્યું છે.

૩૫૪ અમુક સુફીએ પોતાનો જુઓ દુઃખમાં ફાડી નાખ્યો. તેના ફાટી જવા બાદ તેણે શાંતિ (ફરજ) અનુભવી.

૩૫૫ તેણે પેલા (ફાટેલા) કપડાને ફરજી નામ ઇનાયત કર્યું. પેલો માણસ કે જે (ખુદાનો) વિશ્વાસુ (હતો) તેની પાસેથી આ ઇલ્કાબ જાણીતો બન્યો.

૩૫૬ આ ઇલ્કાબ પ્રખ્યાત થયો. પણ (માત્ર) (સુફી) રૂહાની રાહબરે તેનું પવિત્ર (સત્ય) જોયું. (સામાન્ય) લોકોની પ્રકૃતિમાં (માત્ર) અક્ષર (કે જે) કીડે છે તે કહ્યું.

૩૫૭ તેજ પ્રમાણે, દરેક નામથી તેણે (રૂહાની રાહબરે) પવિત્ર (સત્ય) રાખ્યું છે અને નામ ફક્ત કીટની માફક પાછળ રાખેલ છે.

૩૫૮ જે કોઈ પણ માટીનો ખાનાર છે, કીટ ઉપાડી લ્યે છે (પણ) સુફી પવિત્ર સત્ય તરફ અંધીરાઈથી ગયા.

૩૫૯ તેણે (પોતાને) કહ્યું "અનિવાર્યપણે કીટને એક પવિત્ર (સત્ય) છે. આ સુચનના કારણે દિલ પવિત્રતા તરફ આગળ વધે છે."

૩૬૯ કીટો મુશ્કિલીઓ છે અને તેઓનું પવિત્ર (સત્ય) તેઓનો આરામ છે. પવિત્ર (સત્ય) એ પાકેલી બબુર માફક છે અને કીટો બતાવે કે અપકવ હાલતની બબુર જેવી છે.

૩૬૧ આરામ મુશ્કિલીની સાથી છે. આવ, નિરાશ ન થા. આ મૃત્યુમાંથી તને જીવનનો રસ્તો મળશે.

૩૬૨ (ઓ) તું (રૂહાનીયત) શાંતિની ઇચ્છા ધરાવે છે, તો તારો જુંઓ ફાડી નાખ. ઓ પુત્ર કે જેથી તું તુર્તજ પવિત્રતામાં તારૂં માથું ઉંચું કરો.

૩૬૩ (સાચો) સુફી તે છે કે જે પવિત્રતાનો શોધકૂ બન્યો છે, (તે) કાંઈ ઉનનું કપડું પહેરવામાં અને તેને સાંધવામાં અને સૃષ્ટિકર્મ વિરૂદ્ધનું કાર્ય કરવામાં મશગુલ નથી.

૩૬૪ આ હલકી બદમાસીઓથી સુફીઝમ બીગડા દેતો અને સૃષ્ટિકર્મ વિરૂદ્ધ કાર્ય આચરતો બન્યો છે, અને બીજું વધારે કહેતો નથી.

૩૬૫ સુશોભીત (વસ્ત્રો) પહેરવાં, પેલી પવિત્રતા (મેળવવાની) કલ્પનામાં, નામની સારી પ્રખ્યાતી ઠીક છે પણ.

૩૬૬ (માત્ર) જો, તેની કલ્પનાથી, તમો તેનો (જરૂરી) સિદ્ધાંત ગોળવો તો ત્યાં સુધી જ નહિ કે પેલાઓની માફક કે જેઓ (દુન્યવી) આશાઓને વધારવા ભક્તિ કરે છે.

૩૬૭ તમારી કલ્પના એ (દૈવી) ઇર્ષાનો ઢંઢેરો છે (કે જે) દૈવી દયાના પડદામય મહેલની આજુબાજુ (રસ્તો અટકાવે છે.)

૩૬૮ તે દરેક શોધકને અટકાવે છે, કહે છે, (દાખલ થવાનો) રસ્તો નથી, દરેક કલ્પના તેના (શોધકના) મોઢામોઢ આવે છે અને કહે છે "ઉભા રહો."

૩૬૯ સિવાય, બરેબર, પેલો તીક્ષ્ણ સાંભળનાર અને ખૂબજ બુદ્ધિમાન પુરૂષ કે જે તેના (ખુદાના) મિજ્જાનમાં (ફતેહ તરફ) મદદ અંગેનો ઉત્સાહ ધરાવે છે.

૩૭૦ તે કલ્પનાઓ (કે જે રસ્તો રૂંધે છે) તેમાંથી ખમચાતો નથી અથવા તે અટકાવાતો નથી. તે બાદશાહનું તીર (ટોકન) બતાવે છે, પછી (તેના માટે દાખલ) થવાનો રસ્તો કરાય છે.

૩૭૧ (ઓ ખુદા) આ મુંઝાએલા દિલ ઉપર દીર્ઘદ્રષ્ટિ ઇનાયત કર, અને આ બેવડા વળેલા કમાન ઉપર (નિર્ણયનું) તીર ઇનાયત કર.

૩૭૨ પેલા (તારા) ગુપ્ત મોટા પ્યાલામાંથી તે ઉમદાઓ (ઔલિયાઓ)નો એક પ્યાલો, એક ઘુંટ ધુળવાળી જમીન ઉપર રેડયો છે.

૩૭૩ પેલા ઘુંટમાંથી નાળાઓ અને (ઉમદાઓના) ગાલો ઉપર તેનાથી એક નિશાની છે, જ્યારે કે બાદશાહો માટી (કે જેનાથી ઔલિયાઓની કાયાઓ બનાવાય છે તે) ચાટે છે.

૩૭૪ તે (દૈવી) ખુબસુરતીનો સુંદર માટીમાં (ભેળસેળ થએલો) ઘુંટ છે, કે જેને તું રાત્રી અને દિવસ એકસો દિલોથી ચુંબન કરે છે.

૩૭૫ તે પછીની ઘુંટ, જ્યારે માટીથી ભેળસેળ થઈ ત્યારે તને ગાંડો બનાવે છે, વિચાર કર કે તેનું પવિત્ર સત્ય તેને કેમ અસર કરે છે!

૩૭૬ દરેક જણ એક માટી કે જેણે ખુબસુરતીનો એક ઘુંટ મેળવેલ છે તેની હજુરમાં આવેશમાં ઉર્ણ બને છે.

૩૭૭ એક ઘુંટ ચંદ્રમા ઉપર અને સુર્ય ઉપર અને નક્ષત્ર ઉપર (રેડાએલી) છે, એક ઘુંટ તખ્ત ઉપર અને સ્ટુલ અને શનિ ઉપર રેડાએલ છે.

૩૭૮ અરે, હું અજાયબ થાઉં છું કે તમો તેને એક ઘુંટ અમૃત કહેશો એટલે કે તેના સબંધ થકી આટલી બધી દિવ્યતાઓ જાગે છે?

૩૭૯ ઓ ઉત્તમ દિલવાળા, ઘણીજ આતુરતાપુર્વક તેના સબંધમાં આવ, પવિત્ર બનેલાઓ સિવાય તેને કોઈ અડકશે નહિ.

૩૮૦ એક ઘુંટ સોના ઉપર અને ઝવાહરિરો અને મોતીઓ ઉપર (રેડાઇ છે) એક ઘુંટ શરાબ અને સ્વાદિષ્ટ ખોરાક અને ફળો ઉપર (રેડાઈ) છે.

૩૮૧ એક ઘુંટ મનોહર ખુબસુરત ચહેરા ઉપર (રેડાઇ છે) (તો પછી ગણત્રી કર કે) પેલી પવિત્ર 'મદિરા' કેવી દિવ્ય હશે!

૩૮૨ જેમ આ (માટીમય) ઘુંટ ઉપર તારી જીભ તું ઘસે છે તેમ જ્યારે તું આ મારી વગર તેમને જુએ છે (સ્વાદ માણે છે) ત્યારે તું (તેનાથી કેવો મોહિત) બનીશ?

૩૮૩ જ્યારે મૃત્યુના સમયે પેલી પવિત્ર ઘુંટ મૃત્યુ પામતાં કાયાના ઢેફાંમાંથી જુદી કરાય છે.

૩૮૪ ત્યારે તું જલ્દીથી જે બાકી રહે છે તેને ફાટે છે, જ્યારે કે તે પેલી (જુદાઇ)થી એવી કુરૂપ વસ્તુ બનાવાઇ હતી.

૩૮૫ જ્યારે કે આત્મા આ હાડપિંજર સિવાય પોતાની ખુબસુરતી બનાવે છે ત્યારે હું પેલા 'મિલન'ની ભવ્યતા નિર્દિષ્ટ કરી શકતો નથી.

૩૮૬ જ્યારે ચંદ્રમા આ વાદળાં વગર પોતાનો પ્રકાશ બતાવે છે ત્યારે તે કિર્તી અને બાદશાહીનું વર્ણન કરવું અશકય છે.

૩૮૭ મધ અને સાકરથી ભરેલ રસોડું કેવું આહલાદજનક હશે કે જેમાં આ (દુન્યવી બાદશાહો તો માત્ર થાળાઓ ચાટનાર છે.

૩૮૮ ફકીરની ખેતરમાં પેલી ગંજી કેવી ખુશકારક છે કે જેની બીજી બધી ગંજી (માત્ર) છુટીછવાઈ ભેગી કરેલી ગંજી છે.

૩૮૯ દુઃખ વગરના જીવનનો સમુદ્ર કેવો આહલાદજનક છે કે જેના સાતેય સમુદ્રો (માત્ર) એક ઝાકળનું ટીપું છે.

૩૯૦ જ્યારે 'અલસ્ત'નો સાકી આ બારયુકત હલકી જમીન ઉપર એક ઘૂંટ રેડે છે.

૩૯૧ ત્યારે જમીને ઉશ્કેરાટ અનુભવ્યો અને આપણે પેલા ઉશ્કેરાટનું (પરિણામ) છીએ. (ઓ ખુદા) એક બીજી ઘૂંટ (રેડ) કારણકે અમો નિષ્ક્રીય છીએ.

૩૯૨ જો મને પરવાનગી મળી હોત તો મેં ગુહ્યાર્થ જ્ઞાનનાં ગાયનો ગાયાં હોત, અને જોકે તે કહેવાનાં ન હતાં, અરે, હું ચુપ હતો.

૩૯૩ આ વળેલી બતકના કારણે છે કે જે લાલસા છે, બલીલ (ઇબ્રાહિમ અલિલ્લુલાહ) પાસેથી તે બતકને મારી નાખથી જ જોઈએ, તે શીખ.

૩૯૪ આના સિવાય બતકમાં ઘણું ભલું અને બુરું છે (પણ) હું બીઉ છું કે વિવરણના (વધુ ઉપયોગી) મુદ્દાઓ હું ચુકી જઇશ.

મોર અને તેની પ્રકૃતિ અને હ. ઇબ્રાહિમ (અ.સ.) નું તેને મારી નાખવાના કારણનું વર્ણન કરવું.

૩૯૫ હવે આપણે બે રસવાળા (બેવડા ચહેરાવાળા) મોર તરફ આવ્યા, કે જે પ્રખ્યાતી અને નામનાની ખાતર પોતાને પ્રદર્શિત કરે છે.

૩૯૬ તેની ઇચ્છા લોકોને પકડવાની છે અને તે ભલું અને બુરું અને પેલા (બેંચાણનું) પરિણામ અને ઉપયોગથી અજ્ઞાન છે.

૩૯૭ તે પોતાના શિકારને અજ્ઞાનતામાંથી એક સકંજની માફક પકડે છે. સકંજને તેના કાર્યના ઈરાદાને લગતું કયું જ્ઞાન હોય ?

૩૯૮ સકંજને (તેના શિકાર પાડવામાં કયો લાભ છે કે શું નુકસાન છે ? તેના વૃથા પકડવા અંગે હું અજાયબ થાઉં છું.

૩૯૯ ઓ ભાઇ બસો હેતની નિશાનીઓથી તારા દોસ્તોને તેં ઉપર ઉંચકયા છે, અને (પછી તેમને) છોડી દીધા છે.

૪૦૦ તારા જન્મના વખતથી જ તારૂં આવું જ કામ છે પ્રેમના સકંજથી લોકોને પકડવા.

૪૦૧ (લોકોની) પાછળ પડવામાં અને (દોસ્તોની) મૈદની અને કિંમત વગરની કિર્તી અને ખુદી અંગે તું શું એક દોરી અથવા વણાટ મેળવીશ ? અનુભવ કર અને જો.

૪૦૨ (તારી) ઘણી ખરી (જીંદગી) ચાલી ગઈ છે અને દિવસ થોડા છે. (છતાં) તું હજી પણ લોકોની પાછળ પડવામાં મશગુલ છો.

૪૦૩ હલકટ ટોળાની માફક એકને પકડવામાં અને બીજાને સકંજામાંથી છોડવામાં મધ્યો રહે છે.

૪૦૪ પછી ફરીવાર આ એકને છુટો કરીને બીજાને શોધ, અહીં એક બચ્ચાની ધ્યાન વગરની રમત છે.

૪૦૫ રાત્રી આવે છે, અને સકંજમાં કાંઈ પણ પકડાતું નથી, સકંજે એક માથાનો દુઃખાવો અને તારીજ બેડી સિવાય બીજું કંઇજ નથી.

૪૦૬ તેથી (વાસ્તવિક રીતે) તું આ સકંજમાં તારા ખુદને જ પકડતો હતો, કારણ કે તું જ કેદી બન્યો છો અને તારી ઉમેદમાં નિરાશ બન્યો છો.

૪૦૭ સકંજનો કોઈ માલિક દુનિયામાં આવો બોથડ છે કે, આપણા માફક તે પોતાને જ પકડવાની કોશીષ કરે ?

૪૦૮ અધમની પાછળ પડવું તે કુકરના શિકાર કરવા માફક છે, પરિશ્રમથી લાગતો થાક ખૂબ જ છે અને તેનો એક કોળીઓ ખાવો પણ હરામ છે.

૪૦૯ પાછળ પડવામાં જે કિંમતી છે તે માત્ર પ્રેમ છે, પણ તે હરકોઇના સકંજમાં કેવી રીતે સમાશે ?

૪૧૦ (છતાં) નસીબજોગે તું આવે છે અને તેનો શિકાર બનાવાયો તો તારે સકંજો ખોલી નાખવો જોઇએ અને તેના સકંજામાં જવું જોઇએ.

૪૧૧ પ્રેમ મારા કાનમાં ખૂબજ ધીમેથી કહે છે. "શિકાર બનવું તે શિકારી બનવા કરતાં વધુ સારું છે."

૪૧૨ તારા ખુદને 'મારો' મુર્ખ બનાવ અને એક છેતરાએલો બન, ઉંચા સુર્યના દરજ્જાને મુકી દે, એક પતંગીયું બન.

૪૧૩ મારા દરજ્જાનો એક રહેનાર બન અને ઘર વગરનો બની જા. એક બતી બનવાનો ઢોંગ ન કર, એક પતંગીયું બની જા.

૪૧૪ કે જેથી તું જીવનની સુવાસ જુએ (માણે) અને દાસત્વમાં છુપાએલી બાદશાહીનું કાળજીપુર્વક મનન કરે,

૪૧૫ તમો આ દુનિયામાં જોડાઓ ઉપર નીચે (બરી પ્રકૃતિ દેખાયા વગરની) જુઓ છો, બાદશાહોનો ઇંદકાળ (તેઓ કે જેઓ બરેબરા) હાજીદાર છે તેઓ ઉપર નવાજીશ થાય છે.

૪૧૬ હરકોઇ કે જે ફાંસીના માંચડે ચડવાને લાયક છે, તેના ગળામાં ફાંસીની દોરી લટકતી, તેની આજુબાજુ એક ટોળું (ભેગું થાય છે) ધુમ પાડે છે, "એક તાજ પહેરનારને જુઓ!"

૪૧૭ (તેઓ) નાસ્તિકોની કબરો જેવાં છે, બહારનો રીતે બહિશ્તના પોષાકોને (મળતાં) જ્યારે (તેમનામાં) સર્વશક્તિમાન અને કિર્તીવંત ખુદાનો કોપ છે.

૪૧૮ તે (સંસારી માણસ) કબરોની માફક પ્લાસ્ટરવાળો બનાવાયો છે, બહમનો એક પડદો તેના ઉપર (છવાયેલો) લાવવામાં આવ્યો છે.

૪૧૯ તારી કંગાળ પ્રકૃતિ સદગુણોથી મીલાની બજારની જેમ બરાં પાંદડાં કે ફળ સિવાયની છે તે પ્લાસ્ટર કરેલ છે.

દરેક જણ ખુદાની દયા જાણે છે અને દરેક જણ ખુદાનો કોપ જાણે છે અને દરેક જણ ખુદાના કોપમાંથી ભાગે છે અને ખુદાની દયાને વળગી રહે છે પણ કિર્તીવંત મહાન ખુદાએ દયામાં કોપ અને કોપમાં દયાઓ સંતાડેલ હોય છે. આ ખુદાઇ રહસ્ય અને બનાવટી દેખાવ અને તકદીર છે. અંતે કે દીર્ઘદ્રષ્ટિમાન કે જે ખુદાના 'નુર'થી જુએ છે તેને તેઓ કે જેઓ (માત્ર ચામડી અને દ્રષ્યમાન જુએ છે તેનાથી જુદાં પાડવામાં આવે કારણ કે (તેણે જીંદગી અને મૃત્યુ પેદા કર્યા) કે તે તમારી કસોટી કરે કે તમારામાંનો કોણ તેના કામમાં બરેબરો સાચો છે તે સમજાવવા વિષે.

૪૨૦ એક દરવેશે બીજાને કહ્યું : "ખુદાની હજુરમાં તમારી પ્રત્યક્ષ દ્રષ્ટિએ શું જોયું તે (મને) કહો."

૪૨૧ તેણે જવાબ દીધો "મારી પ્રત્યક્ષ દ્રષ્ટિ અવર્ણનીય હતી, પણ દલીલના કારણે હું તેની એક બોધક વાત ખુલ્લી રીતે જાહેર કરીશ.

૪૨૨ મેં તેને તેની ડાબી બાજુએ અગ્નિ જોઇ અને જમણી તરફ કવસરની માફક એક ઝરો

૪૨૩ તેની ડાબી બાજુએ દુનિયાને હજમ કરતી ખૂબજ અગ્નિ, તેના ડાબા હાથે એક સુંદર નદી.

૪૨૪ એક સમુહે પોતાના હાથો અગ્નિ તરફ આગળ કર્યા (જ્યારે) બીજો સમુહ આનંદ કરતો અને પેલા 'કવસર' માટેની તમન્નાથી મદહોશ બનેલ હતો.

૪૨૫ પણ દરેક જણ મહા સંતાપ કે મુક્તિ માટે આશીર્વાદીત નશીબનો બનેલો, એક ઉલટસુલટ રમત હતી.

૪૨૬ જે કોઈપણ અગ્નિમાં અને ભડકામાં જતો, પાણીની વચ્ચેથી બહાર નીકળતો હતો.

૪૨૭ જે કોઇ મધ્ય ભાગમાંથી પાણી તરફ જતો તે એકવાર અગ્નિમાં માલમ પડતો.

૪૨૮ જે કોઇપણ જમણી તરફ અને નિર્મળ પાણી તરફ જતો તે ડાબી તરફ અગ્નિમાંથી પોતાનું માથું ઊંચકતો.

૪૨૯ અને જે કોઇ ડાબી તરફની અગ્નિ તરફ જતા તેઓ જમણી તરફ બહાર નીકળતા.

૪૩૦ એવા થોડાકજ હતા કે જેઓ આ બાબતના ગુહાર્થને સમજતા, અનિવાર્યપણે ભાગ્યેજ કોઇ અગ્નિમાં જતું.

૪૩૧ તેના સિવાય કે જેના ઉપર સૌભાગ્ય ઉતારવામાં આવ્યું હતું, કોઇ તેમાં ગયું નહિ કે જેથી તેણે પાણીને છોડી દીધું અને અગ્નિમાં પનાહ લીધી.

૪૩૨ તેઓની બંદગી કરવાની વસ્તુ જે બરોબર હાજર હતી. તેથી લોકો ખુશી બન્યા, અનિવાર્યપણે લોકો આ રમતથી ઠગાયા હતા.

૪૩૩ ટોળેટોળાં અને દરેક દરજ્જે (તેઓ) અગ્નિથી સુરક્ષિત, પાણી તરફ લાલસા અને ઉતાવળમાં ભાગતા હતા.

૪૩૪ તેઓ પોતાનાં માથાં અગ્નિમાંથી ન છુટકે બહાર કાઢતા હતા. ચેતવણી ધ્યાનમાં લેજે, ઓ ધ્યાન વગરના આદમી, ચેતવણી ધ્યાનમાં લેજે.

૪૩૫ અગ્નિ બૂમ પાડતી હતી, "ઓ બેગાના મુર્ખાઓ, હું અગ્નિ નથી હું એક હાનિકારક ઝરો છું.

૪૩૬ ઓ અંધા, તારી આંખો ઉપર એક મંત્ર ફુંકવામાં આવેલ છે. મારામાં આવ અને ભડકાઓમાંથી કદી ભાગ નહિ.

૪૩૭ ઓ (તું કે જે હ. ઇબ્રાહીમ ખલિલ) જેવો છો, અગ્નિ ભડકાઓ અને ધુમાડામાંથી તે નીમરૂદની બદબુ અને ઠગબાજી છે.

૪૩૮ જે ખુદાના દોસ્તની માફક તું ડાહ્યો છે. તો અગ્નિ તારૂં પાણી છે અને તું પતંગીયું છો."

૪૩૯ પતંગીયાનો આત્મા (ખુદાઇ પ્રેમી) રોજ બુમ પાડતો હોય છે, "અરે, અફસોસ, મને એક લાખ પાંખો હોત તો."

૪૪૦ તેઓ દયા વગર અગ્નિથી, આંખોના આંધળાપણાથી અને અપવિત્ર દિલોથી ખતમ થએલી બને!

૪૪૧ અજ્ઞાન માણસ મૂર્ખતાપણામાંથી મારી તરફ દયા બતાવે છે. હું દીર્ઘદ્રષ્ટિથી તેના તરફ દયા બતાવું છું.

૪૪૨ ખાસ કરીને, આ (પ્રેમનો) અગ્નિ કે જે બધાં પાણી (આનંદોનો) આત્મા છે. (પણ) અજ્ઞાન પતંગીયાની વર્તણૂક અમારાથી ઉલટી છે.

૪૪૩ તે પ્રકાશ જુએ છે અને અગ્નિમાં જાય છે, (આત્મજ્ઞાનીનું) દિલ અગ્નિ જુએ છે અને 'નૂર'માં જાય છે.

૪૪૪ આવી એક (છેતરપીંડીવાળી) રમત કિર્તીવંત ખુદામાંથી આવી છે, એટલા માટે કે ખલીલ (દોસ્ત)ના કુટુંબી કોણ છે તે તમો જુઓ.

૪૪૫ અગ્નિને પાણીની પ્રતિકૃતિ આપવામાં આવી છે, અને અગ્નિમાં એક ઝરો ખોલવામાં આવેલ છે.

૪૪૬ એક જાદુગર સભાગૃહમાં પોતાની કળાથી ચોખાની થાળીને જીવજંતુથી ભરેલ થાળી બતાવે છે.

૪૪૭ (અથવા) જાદુઈ શકિતના જોરની ફુંક થકી વિંછીઓથી ભરેલ ઓરડો પેદા કરે છે, જો સત્ય કહેતાં ત્યાં એક પણ વિંછી હોતો નથી.

૪૪૮ જ્યારે જાદુ આવી એક સો ઇંદ્રજાળો પેદા કરે છે તો પછી જાદુના પેદા કરનારની (કેટલી મોટી) કપટજાળ હોવી જોઇએ?

૪૪૯ અનિવાર્યપણે, ખુદાના જાદુ અંગે પેઢીઓ પછી પેઢીઓ, ચત્તીપાટ સુતેલ ઓરતની માફક નીચે પડી છે (નાશ પામી છે.)

૪૫૦ તેઓના જાદુગરો, ગુલામો અને નોકરો હતા અને પુંછડી હલાવતા પંખીની માફક (દૈવી કપટજાળના સકંજામાં પડયા છે.

૪૫૧ સાંભળ, કુરાન વંચ અને પર્વતો જેવા (મોટાઓના) ફેંકાઈ ગયાનાં કાવતરાંનો કાયદાસરનો જાદુ નિહાળ.

૪૫૨ હું ફિરઔન (જેવો) નથી કે હું નાઇલ તરફ આવું, હું (હ. ઈબ્રાહીમ) ખલિલુલ્લાહની માફક અગ્નિ તરફ જાઉં છું.

૪૫૩ તે અગ્નિ નથી (વાસ્તવમાં) તે વહેતું પાણી છે, (જ્યારે) બીજા (દૈવી) કપટજાળ અંગે, તેનું પાણી (ખરી) પ્રકૃતિમાં અગ્નિ છે.

૪૫૪ દયાળુ હ. પયગમ્બર સાહેબે ખૂબજ ઉત્તમ રીતે કહ્યું છે: "સમજણનું એક પતંગીયું તારા માટે રોજાઓ અને નિયમીત બંદગી કરતાં વધુ ઉત્તમ છે."

૪૫૫ કારણકે તારી સમજણ સત્ય છે, (જ્યાં) આ બન્ને (ચીજો) આકસ્મીક છે (છતાં) તેને ફરજીયાત સંપૂર્ણ પૂરણ બનાવાયું છે.

૪૫૬ એટલા માટે કે આરસી (સમજણને) પ્રકાશિત અવધી હોય, કારણ કે પવિત્રતા ભક્તિભાવમાંથી છાતીમાં (દિલમાં) આવે છે.

૪૫૭ પણ જો આરસી શરૂઆતથી હલકી છે તો આપનાર ઘણા લાંબા વખત બાદ જ તેને પાછી (સ્વચ્છ) બનાવશે.

૪૫૮ જ્યારે કે સુંદર આરસીની (બાબતમાં) જે વાવેતરની સારી જમીનની માફક છે ત્યારે તેને માટે એક થોડીકજ સાફસુફી જરૂરી છે.

અસલ પેદા કરાએલી તેમની પ્રકૃતિમાં સમજશક્તિઓની વિભિન્નતા એક સવિશેષ સિદ્ધાંત 'સુતાઝીલીટસ'ના પેલા (સિદ્ધાંતોથી) વિરૂદ્ધ, કે જે જાહેર કરે છે કે બાસ (વ્યક્તિગત) સમજશક્તિઓ અસલમાં સરખી છે અને કે આ ચડિયાતાપણું અને વિભિન્નતા એ શીખવાનું અને તાલીમ અને અનુભવનું પરિણામ છે, તે વિષે.

૪૫૯ સારી રીતે જાણ કે સમજશક્તિઓ આવી રીતે પરિમાણમાં જમીનથી આસમાન સુધી જુદી પડે છે.

૪૬૦ એક સમજશક્તિ સૂર્યના ગોળા માફક છે, એક સમજશક્તિ શુક્રના ગ્રહ અને ખરતા તારાથી ઉતરતી છે.

૪૬૧ એક સમજશક્તિ એક ટમુમગુ બતી માફક છે, એક સમજશક્તિ અગ્નિના ગ્રહ જેવી છે.

૪૬૨ **કારણ કે જ્યારે તેમાંથી વાદળને હટાવાય છે ત્યારે તે બુદ્ધિવાનો પેદા કરે છે જે "ખુદાનું નૂર" જુએ છે.**

૪૬૩ **બાસ સમજશક્તિએ (સર્વમય) સમજશક્તિને એક બરાબ નામ આપેલ છે. દુન્યવી ઈચ્છાએ (દુન્યવી) ઈન્સાનને (હવે પછીની દુનિયાથી) વંચિત રાખેલ છે.**

૪૬૪ પેલી (સર્વમય) સમજશક્તિએ (ખુદાના) એક શિકાર બનવા અંગે (દૈવી) શિકારની ખુબસુરતી નિહાળી, જ્યારે આ (બાસ સમજશક્તિ)એ (દુન્યવી માલ મિલ્કતનો) એક શિકારી બનતાં (મહા દુઃખના) એક શિકાર બનવાનું દુઃખ સહન કર્યું.

૪૬૫ આગલાએ ખિદમત કરવા અંગે માલિકીની પદવી મેળવી, જ્યારે પાછલો માલિકી અંગે કીર્તિના રસ્તા ઉપરથી ફરી ગયો.

૪૬૬ પાછલો, એક ફિરઔન બનવા અંગે (દુઃખના) પાણીથી કેદમાં બંધાયો હતો, જ્યારે ઈઝરાઈલીઓ, બંધન અંગે એક સો સુદરાણ (જેવા) શક્તિશાળી બન્યા.

૪૬૭ તે એક ઉલટસુલટ રમત છે અને એક ત્રિશંકુ જેવી ભયંકર, ઈતરપીંડીથી (ભાગવાની) કોશીષ ન કરતો, દૈવી પસંદગી અને સદકિસ્મતની તે (બધી) બાબત છે.

૪૬૮ વૃથા કલ્પના અને છેતરપીંડીમાં, કાવત્રાં વણતો નહિ કારણ કે એક આત્મનિર્ભર કપટીને રસ્તો આપશે નહિ (નમતું આપશે નહિ).

૪૬૯ એક કે જે (ખુદાની) ખિદમત સારી રીતે કરે છે તેની (દોરવણી મુજબ) ચાલવાના રસ્તામાં યુક્તિ યોજ કે જેથી તમો એક ધાર્મિક કોમમાં એક પયગમ્બર જેવો દરજ્જો મેળવો.

૪૭૦ યુક્તિ યોજ કે તમારી પોતાની યુક્તિ-પ્રયુક્તિમાંથી યુક્તિ મેળવો. યુક્તિ યોજ કે તમો કાયાથી અનાસક્ત બનો.

૪૭૧ યુક્તિ યોજ કે તમો (ખુદાના) નીચામાં નીચા ગુલામ બનો, જો તમો (ખુદીમાં) નીચા (ની હાલતમાં) દાખલ થશો તો તમો અમીરી (દરજ્જાવાળા) બનશો.

૪૭૨ ઓ ઘરડા વરૂ, લોંકડીપણું કદીપણ ન આચરતો અને અમીરી (મેળવવા) ના ઈરાદાથી ખીદમત ન બજાવતો.

૪૭૩ પણ એક પતંગીયાની માફક અગ્નિમાં દોડતો જા, પેલી (ખિદમત) ની કોથળી ન સીવતો, સાચી દાનતથી રમત રમ.

૪૭૪ સત્તા છોડી દે અને આધીનતાની ગીરીયાઝારી અમલમાં મુક. ઓ દરવેશ, (દૈવી) દયા આધીનતાથી કરેલી પ્રાર્થના તરફ આવે છે.

૪૭૫ ખૂબ જ હતાશ પામેલાની આધીનતાપૂર્વકની પ્રાર્થના અને આતુરતા જ ખરી (વસ્તુ) છે. દયાજનક (પણ) જુઠાણાની ઠંડી પ્રાર્થના ઉદ્ધતને યોગ્ય છે.

૪૭૬ હ. યુસુફ (અ. સ.) ના ભાઈઓનું રોવું એક યુક્તિ હતી, કારણ કે તેઓનાં દિલો અદેખાઈ અને અશક્તિથી ભરેલાં હતાં.

રેતાળ પ્રદેશના અરબની વાર્તા કે જેનો કુતરો ભુખે મરતો હતો જ્યારે તેની કોથળી રોટલાથી ભરેલી હતી. તે કુતરા ઉપર આક્રંદ કરતો અને કવિતા ગાતો અને ડુસકાં ભરતો અને પોતાનું માથું અને ચહેરો કુટતો અને છતાં પોતાની થેલીમાંથી એક કોળીઓ પણ કુતરાને આપવાની નારાજી બતાવતો હતો.

૪૭૭ કુતરો મરતો હતો અને અરબ ડુસકાં ખાતો હતો, આંસુ વહાવતો અને બુમ પાડતો હતો "અરે, અફસોસ."

૪૭૮ એક ભિખારી પસાર થયો અને પૂછ્યું. "આ ડુસકાં ખાવાનું કારણ શું છે? તારૂં રૂદન અને બળાપો કોના કારણે છે?"

૪૭૯ તેણે જવાબ આપ્યો, "મારા કબજામાં એક ઉત્તમ ગુણવાળો કુતરો હતો, જુઓ તે રસ્તા ઉપર મરી રહ્યો છે.

૪૮૦ તે મારા માટે દિવસે શિકાર કરતો અને રાત્રીના ચોકી કરતો. (તે) તીક્ષ્ણ નજરવાળો અને શિકાર પકડવામાં, અને ચોરોને ભગાડવામાં (હુશીયાર) હતો."

૪૮૧ તેણે (ભિખારીએ) પૂછયું "તેને શાની પીડા છે? શું તે ઘવાયેા છે?" અરબે જવાબ આપ્યેા, "કુતરાની ભૂખે તેને આવેા રૂદનમય બનાવ્યેા છે."

૪૮૨ તેણે કહ્યું "આ દુઃખ અને તકલીફ સહન કરવામાં થેાડી ધીરજ ધરેા, જેઓ ધીરજવાન છે તેઓ ઉપર બદલામાં ખુદાની દયા ઉતરે છે."

૪૮૩ ત્યારબાદ તેણે તેને કહ્યું, "એા અમીર, તમારા હાથમાં આ બરેલી કોથળીમાં શું છે?"

૪૮૪ તેણે જવાબ આપ્યેા, "મારેા રોટલેા અને આહાર અને ખેારાક કે જે ગઈ રાત્રીમાં બાકી રહ્યો (કે જે) હું મારી કાયાને બચરાવવા મારી સાથે લઈ જાઉં છું."

૪૮૫ તેણે પૂછયું, શા માટે તમેા (થેાડેા) રોટલેા અને ખેારાક કુતરાને આપતા નથી? તેણે જવાબ આપ્યેા, "મને આટલી હદ સુધી પ્રેમ અને ઉદારતા નથી."

૪૮૬ (એક મુસાફરથી) રસ્તા ઉપર પૈસા વગર રોટલેા મેળવી શકાતેા નથી. પણ આંખેામાંનાં પાણીની કાંઇ કિંમત દેવી પડતી નથી.

૪૮૭ તેણે (ભિખારીએ) કહ્યું, "એા હવાથી ભરેલ પાણીની મસક, તારા માથા ઉપર ધૂળ પડેા! કારણ કે તારા અભિપ્રાયમાં રોટલાનેા એક ટુકડેા આંસુઓ કરતાં વધુ કિમતી છે.

૪૮૮ આંસુઓ (અસલ રીતે) લેાહી છે. અરે દિલગીરીનાં પાણીમાં ફેરવાયું છે, નકામા લેાહીની કિંમત માટી જેટલી પણ નથી."

૪૮૯ તેણે (અરબે) પેાતાને સંપૂર્ણપણે ઇબલીસની માફક અલગ બનાવ્યેા. તેનાં આંસુઓ અધમતા સિવાય બીજું કંઇ ન હતું.

૪૯૦ હું તેનેા (આજ્ઞાંકિત) ગુલામ છું કે જે પેલા કિર્તીવંત અને મહાન બાદશાહ સિવાય પેાતાના ખુદને વેચશે નહિ.

૪૯૧ (કે જેથી) જ્યારે તે રૂએ છે, આસમાન રેવું શરૂ કરે છે, અને જ્યારે તે (પ્રાર્થનામાં) રૂદન કરે છે, અવકાશી ગેાળેા આક્રંદ શરૂ કરે છે, કહે છે, 'એા માલિક.'

૪૯૨ હું પેલી ઉચ્ચાભિલાષી ઇચ્છાનેા ગુલામ છું, કે જે 'અમૃત' સિવાય બીજા કેાઇને નમતું નથી.

૪૯૩ ભાંગેલા હાથથી પ્રાર્થના કરવા ઉભેા થા, ખુદાની રહેમત ભાંગેલાઓ તરફ ઉડે છે.

૪૯૪ એા ભાઇ, જો તારે આ સાંકડા ભેાંયરા (દુનિયા)માંથી મુક્તિની જરૂર હેાય તેા કાંઇ પણ ઢીલ વગર જા (અને પેાતાને) અગ્નિ ઉપર (ફેંક).

૪૯૫ ખુદાની યુક્તિ-પ્રયુક્તિ નજરમાં રાખ અને તારી પેાતાની યુક્તિઓ તજી દે, અરે, તેની યેાજનાઓથી યેાજના કરનારાઓની બધી યેાજના શરમમાં મુકાણી છે.

૪૯૬ જ્યારે તારી યેાજના માલિકની યેાજનામાં નહિવત બની છે ત્યારે તું એક ખૂણ જ ભવ્ય સંતાવાની જગ્યાનેા ઓછામાં ઓછેા બન્તનેા અનંત કાળની જીંદગી ઉંચાં દરજ્જે સવાર થવામાં અને ચડવામાં (સમાએલી છે.)

પોતાના ખુદને અધિકૃત બહાલી આપનાર આંખવાળા માણસના જેવી કોઇપણ ભયંકર આંખ નથી, સિવાય કે તેની આંખ "ખુદાના નૂર"થી પરિવર્તન પામેલી હોય, કે જેથી તે મારાથી સાંભળે છે અને મારા થકી જુએ છે. "અને તેનું પોતાપણું સ્વાર્થરહિત બન્યું હોઈ તે સમજાવવા વિષે.

૪૯૮ તારાં મોર જેવાં પીંછાને નિહાળ નહિ. પણ તારા પગોને નિહાળ. એટલા માટે કે હલકટ આંખનો ઉપદ્રવ તારો રસ્તો રૂંધે નહિ.

૪૯૯ કારણ કે એક પર્વત પણ દુષ્ટની આંખથી તેના પાયામાંથી સરકી જાય છે, કુરાનમાં વાંચ અને નિશાની (જો), "તેઓ તને લથડાતો બનાવે છે."

૫૦૦ તેઓનું તેના તરફ દ્રષ્ટિપાત કરવામાં, હ. મોહમદ (ૐ. સ. અ.) (કે જેઓ) એક પહાડ જેવા (હતા) ગારો કે વરસાદ વગર રસ્તાની વચમાં લપસ્યા.

૫૦૧ તેઓ અજાયબીમાં ગરકાવ બન્યા, કહે, આ લપસણી શા થકી છે? હું ધારતો નથી કે આ બનાવ (કાંઈપણ અર્થ વગરનો) છે.

૫૦૨ જ્યાં સુધી કે (કુરાનની) આયાત આવી અને તેમને સજાગ કર્યા કે (અશ્રુવવાયુઓની) હલકટ આંખ અને દુશ્મનાઈના પ્રભાવમાં આમ બન્યું છે.

૫૦૩ (ખુદાએ) પયગમ્બરને કહ્યું, "જો તારા સિવાય બીજો કોઇ હોત તો તુર્તજ ગુલામીમાં (ગર્ક થાત).

૫૦૪ પણ (મારામાંથી) એક સલામતી આવી, તેઓના પહેરણો ફાડતી, અને તારું લપસવું (માત્ર) એક નિશાની બનવું."

૫૦૫ એક ચેતવણી ધ્યાનમાં રાખ, પહાડ તરફ (ફકાની રાડગર) ઉપર નજર રાખ, અને ઓ તું કે જે એક વરાળથી પણ ઓછો છે, તારા પાનને વિનાશમાં ન નાખ.

અને બરોબર પેલાઓ કે જેઓ ઈમાન લાવતા નથી તેઓ તેઓની મેલી આંખોથી તને લપસતો બનાવે છે, તેનું વિવરણ.

૫૦૬ ઓ ખુદાના સંદેશક, કેટલાક લોકો (અશ્રદ્ધાળુઓના સભાગૃહમાં) (ઉપર ઉડતા) ગીધો ઉપર પોતાની હલકી આંખો પટપટાવે છે.

૫૦૭ તેઓની દ્રષ્ટિથી જંગલના સિંહનું માથું કપાઈ છુટું પડે છે કે જેથી સિંહ (પણ) રૂદન કરે છે.

૫૦૮ તે (આવો એક) મૃત્યુ જેવી એક આંખ ઉંટ ઉપર ફેંકે છે અને પછી તેની પાછળ ગુલામને મોકલે છે.

૫૦૯ કહે, જ્યારે આ ઉંટની બેડી ચરબી અદ્રશ્ય કરી જાય, તે (ગુલામ) તે ઉંટને રસ્તા ઉપર મારવા પડતો મુકે છે.

૫૧૦ શારીરિક અશક્તીની બિમારીથી (તે) ઉંટને (બુએ છે) કે જે ઝડપમાં એક ઘોડાની ઝડપમાં એક ઘોડાથી સ્પર્ધા ઉતરતો હતો.

૫૧૧ કારણ કે કાંઈપણ શંકા વગર, અદેખાઈ અને દુષ્ટ આંખની (અસરથી) અવકાશી ગોળો તેનો રસ્તો અને ફરવું બદલાવશે.

૫૧૨ પાણી સંતાએલ છે અને પાણીનું પૈડું દ્રષ્યમાન છે, છતાં (પૈડાના) ફરવાને જેતાં પાછું કાર્યનું મુળ છે.

૫૧૩ હલકટ આંખની દયા એ ભલી આંખ છે, તે હલકટ આંખને પોતાની લાતની અંદર નડિવત બનાવે છે.

૫૧૪ (દૈવી) દયાને (દૈવી) કોપ ઉપર અગ્ર હક્ક છે તે (ભલી આંખ) (દૈવી) દયામાંથી ઉતરી (જ્યારે) દુષ્ટ આંખ એ (દૈવી) કોપ અને બદદુ આની પેદાશ છે.

૫૧૫ તેની (ખુદાની) દયા તેના વેર ઉપર સરસાઇ ભોગવે છે, એટલે જ દરેક નબી પોતાના પ્રતિસ્પર્ધી ઉપર ફાવ્યા છે.

૫૧૬ કારણકે તે (નબી) (દૈવી) દયાનું પરિણામ છે અને તેનો (પ્રતિસ્પર્ધીનો) વિરોધી છે. પેલો નાપસંદગીવાળો (દૈવી) કોપનું પરિણામ હતો.

૫૧૭ બતકની લાલસા એકવડી છે. (પણ) આ (મોરની લાલસા) પચાસ ગણી છે. વાસનાની લાલસા એ સરપ છે. જ્યારે આ પ્રજ્ઞાતિની (લાલસા) અજગર છે.

૫૧૮ બતકની લાલસા ગળાના ખોરાકમાંથી અને નસોતરમાંથી જાગે છે. (પણ) આના કરતાં વીસ ગણી લાલસા સત્તાની (અભિલાષા)માં સમાએલ હોય છે.

૫૧૯ તે કે (જે) બરોબર સત્તામાં હોય છે તે (દૈવતપણા)નો ઢોંગ કરે છે, (ખુદાથી) સહ-ભાગીદારીની અભિલાષાવાળો ભલે બને બરો ?

૫૨૦ હ. આદમ (અ.સ.)નું પાપ પેટ અને સંભોગમાંથી ઉદ્‌ભાવ્યું. અને પેલા ઇબ્લીસનું અહંકાર અને સત્તામાંથી (ઉદ્‌ભવ્યું).

૫૨૧ અનિવાર્યપણે, તેઓ (હ. આદમ અ. સ.) એ તુર્તજ માફી માગી, જ્યારે શ્રાપિત (ઇબ્લીસે) પ્રશ્નતાપને લક્ષ્યસ્પદ ગણ્યો.

૫૨૨ ગળા અને અભિલાષાની લાલસા સત્ય રીતે ચરિત્રભ્રષ્ટની (નિશાની) છે. પણ તે મોટાઈની (માફક દુરાગ્રહી) નથી. તે વગોવણી છે.

૫૨૩ જો હું પ્રભુત્વની (આખી વાતનું) મુળ અને શાખાની વાત લખું તો એક બીજી કિતાબની જરૂરીયાત બને.

૫૨૪ અરબો એક ચંચળ ઘોડાને 'શયતાન' કહી બોલાવતા (તેઓ) ભારવાહક જનાવર કે જે ચરણમાં શાંતિપુર્વક રહેતો તેને નામ આપતા નહિ.

૫૨૫ ગ્રન્થોના ઇતિહાસમાં 'શયતાનીયત' ઉંચું માથું રાખનાર માટે (વપરાતો) આ ગુણ બદદુઆને લાયક છે.

૫૨૬ એક મેજની આજુબાજુ (બેસનાર) મહેમાનો માટે જગ્યા છે. (પણ) પ્રભુત્વના શોધનારા બે માટે આખી દુનિયામાં જગ્યા નથી.

૫૨૭ એક ઇચ્છતો નથી કે બીજો દુનિયાના પટ ઉપર રહે કે જેથી એક શાહનશાહી (શહેનશાહી) મેળવવા પોતાના બાપનું ખુન કરતો હોય છે.

૫૨૮ તમોએ (કહેવત) સાંભળી હશે કે 'બાદશાહી વાંઝણી છે.' શહેનશાહી શોધનારે બીકના કારણે (સંબંધો) કાપી નાખેલ હોય છે.

૫૨૯ કારણ કે તે વાંઝીયો છે અને તેને પુત્ર નથી. અગ્નિની માફક તેને કોઇ સાથે સગપણ નથી.

૫૩૦ જે પણ કાંઇ તે શોધે છે તેનો નાશ કરે છે અને ટુકડાઓમાં ફાડી નાખે છે. જ્યારે તેને કાંઈ મળતું નથી ત્યારે તે પોતાના ખુદને હડપ કરે છે.

૫૩૧ કારણકે તેના દાંતમાં કાંઇ બચતું નથી. તેના સખત સેતાનીક દિલમાં દયા શોધતો નહિ.

૫૩૨ તું નહિવત બન્યા પછી અદેખાઇથી ડરતો નહિ. ખુદા સિવાય બીજા પાસેથી શિખામણ લેતો નહિ.

૫૩૩ દૈવત્વ કીર્તિના માલિકનો માનનો ઝભ્ભો છે, જે બીજો કોઇ તેને પહેરે છે તેને માટે તે એક ઉપાધી બને છે.

૫૩૪ તેનો (ખુદાનો) શહેનશાહી મુગટ છે, આપણો ખિદમતનો પટો છે, તેના યોગ્ય બંધનથી જે પર બનય છે તેને ધિક્કારે છે!

૫૩૫ તારાં મોરનાં પીંછાઓ તને એક (દર્દમય) લાલચ છે. કારણકે સઘળી પવિત્રતા અને (ખુદાથી) સંબંધીત ભાગીદારી હોવી જરૂરી છે.

સંતની કહાણી કે જેણે એક મોરને પોતાની ચાંચથી પોતાના સુંદર પીંછાં તોડતો અને તેમને (જમીન ઉપર) ફેંકતો અને પોતાને તાલકો અને કદરૂપ બતાવતો જોયો. આશ્ચર્ય પામતાં તેણે પૂછયું "તને દિલગીરીની લાગણી થતી નથી? "મોરે કહ્યું "મને થાય છે, પણ (પીંછાં) મારી જીંદગીના શત્રુ છે."

૫૩૬ અને મોર ખુલ્લા મેદાનમાં પોતાનાંજ પીછાં ખેંચી કાઢતો હતો, જ્યારે એક સંત ફરવા માટે નીકળ્યો હતો.

૫૩૭ તેણે કહ્યું "ઓ મોર, તું નિષ્ઠુરપણે મુળમાંથી આવા સુંદર પીંછાઓ કેમ ખેંચી રહ્યો છે?

૫૩૮ અરેબર તારું દિલ કેમ કબુલ કરે છે કે તું આ ભપકાદાર પોષાકો ફાડી નાખે છે અને કાઢવમાં તેમને પડવા દે છે.

૫૩૯ પેલાઓ કે જેઓ કુરાને મજીદની હિફાઝત કરતાં યાદીની જગ્યાએ તારું દરેક પીંછું મુકે છે, તેની કિંમત બનવા અને કબુલાતના કારણે, પવિત્ર મુકના બંધ કરવાની વચ્ચે (તારું પીંછું રાખે છે.)

૫૪૦ તન્દુરસ્તીમય હવા મેળવવાના કારણ અંગે તારા પીંછાં પંખા તરીકે વપરાય છે.

૫૪૧ કેવું અનુપકારીપણું અને બેપરવાઇપણું? તેઓનો રંગ પુરનાર કોણ છે તે શું તું જાણતો નથી?

૫૪૨ અથવા જો તું તે જાણે છે અને તું અછાજતું બતાવી રહેલ છો અને ઇરાદાપુર્વક (આવું) એક (સરસ) ભરતકામ ફાડી રહ્યો છે?"

૫૪૩ અરે, કેટલાંય એવાં અછાજતાં કાર્ય છે જે એક પાપ બને છે અને નોકરોને બાદશાહ (ખુદાની) પસંદગીમાંથી નીચે પડવાનું કારણ બને છે.

૫૪૪ અછાજતું કાર્ય બતાવવું એ સાકર કરતાં વધુ સારું છે, પણ તેને દાંતમાં ચાવતો નહિ કારણકે તેને એક સો બતરાઓ છે.

૫૪૫ સહિસલામતીની જગ્યા નમ્રતાનો રસ્તો છે. ન છાજતું મુકી દે અને પોતાને તે રસ્તાનો સંતોષી બતાવ.

૫૪૬ અરે ઘણાએક અસંતોષીપણાએ પોતાની પાંખો અને પીંછાં વિસ્તાર્યાં છે (પણ) અંતે તે પેલા (અજ્ઞાન) પુરૂષ માટે એક બદદુઆ બનેલ છે.

૫૪૭ જો અણછાજતી મિઠાશ એક પળ માટે તને ગૌરવશીલ બનાવે (છતાં) તેની આંતરિક બીક અને ભયંકરતા તને ખાઇ જાય છે.

૫૪૮ જ્યારે આ (નીચાપણું) ભલે પછી તને પાતળો બનાવે, તારૂં દિલ પૂર્ણીમાના ચંદ્રમા જેવું પ્રકાશિત બનાવશે.

૫૪૯ એટલે કે તે (ખુદા) મૃત્યુમાંથી જીવતો કરે છે, (આ દુનિયામાં) જે મૃતઃપાય બનેલો છે, સાચો રસ્તો પકડી રાખે છે.

૫૫૦ (અને) જ્યારે કે તે જીવંતમાંથી મૃત્યુ પમાડે છે. જીવતું (દુષ્ટ મન) મૃત્યુની એક હાલત તરફ દોરી લઇ જાય છે.

૫૫૧ મરેલો બન કે જેથી માલિક કે જે જીવંતને આગળ લાવે છે, આ એક મરેલામાંથી (રૂહાની રીતે) જીવંત બનાવી આગળ લાવે.

૫૫૨ (જો) તું ડીસેમ્બર (શિયાળો) બને, (તો) તું વસંતને બહાર આવવાનો અનુભવ કરીશ; (જો) તું રાત્રી બનીશ (તો) દિવસ આવવાની તૈયારી બનીશ.

૫૫૩ તારાં પીંછાં તોડ નહિ, કારણ કે તે ફરી પાછાં આવી શકે તેવાં નથી. ઓ ખુબસુરત, તારા ચહેરાને દિલગીરીમાં ચીર નહિ.

૫૫૪ આવો એક ચહેરો જે પ્રભાતના સુરજને મળતો આવે છે, તેના જેવા સુંદરને ચીરી નાખવો તે એક પાપ છે.

૫૫૫ આવો એક ખુબસુરત ચહેરો કે જેનાથી છુટા પડતાં ચંદ્રમાનો ચહેરો રૂદન કરે છે, તેના ઉપર ઉઝરડા (પાડવા) તે એક અશ્રદ્ધાનું (કાર્ય છે).

૫૫૬ અથવા તું તારા પોતાના ચહેરાની ખુબસુરતી જોતો નથી ! તે નિંદનીય અવગુણ તજી દે.

પ્રશાંત આત્માની પેલી પવિત્રતા અને નિખાલસતાને વિચારોથી અલેલ પહોંચે છે જેમકે (જ્યારે) એક અરીસાની સપાટી ઉપર કાંઈ પણ લખો યા ચીતરો (ત્યારે) ભલે તમો (ત્યારબાદ) સંપૂર્ણપણે ભૂંસી નાખો (છતાં પણ) એક નિશાની અને ડાઘ (આરસી ઉપર) રહેશે જ.

૫૫૭ (ખુદાઈ મહેબતવાળી) કાયામાં પ્રશાંત આત્માનો ચહેરો વિચારના નખોથી કરેલા ઝખમો સહન કરે છે.

૫૫૮ જાણ કે દુષ્ટ વિચાર એ ઝેરમય નખ છે, ઉંડા પ્રતિબિંબની (બાબતમાં) તે આત્માનો ચહેરો ચીરે છે.

૫૫૯ એટલા માટે કે તે (વિચાર કરનારા) મુશ્કિલીની ગાંઠ ઢીલી કરે. તેણે સોનાના ત્રીકમને ગોબરી ચીજમાં મુકેલ છે.

૫૬૦ એ પ્રવીણ (વિચારક), ધારો કે ગાંઠ ઢીલી કરાઈ છે, તે એક બાલી કોથળી ઉપર સખત ગાંઠ જેવી છે.

૫૬૧ ગાંઠો છોડવાના (કામમાં) તું બુઢો બન્યો છો, ધારી લ્યો કે થોડી વધુ ગાંઠો (તારાથી) છુટી, (તો પણ પછી શું ?)

૫૬૨ ગાંઠ કે જે આપણા ગળા ઉપર સખત ભીડેલ છે, તારે જાણવું જોઈએ કે તું તેમાંથી છટકી શકશે નહિ.

૫૬૩ જો તું એક મર્દ માણસ છો તો આ કૂટ સવાલનો ઉકેલ કર, તારૂં જીવન આના ઉપર વિતાવ. જો તમારામાં તેને આદમનો (આત્મા) મળેલો હોય.

૫૬૪ ધારી લ્યો કે તમો (બધા) સત્વો અને અકસ્માતોની વ્યાખ્યા જાણો છો, (તે તમને શું લાભ કરશે)? તારા ખુદનું (સાચું) નિરૂપણ જાણ, કારણ કે આનાથી છટકી શકાય તેમ નથી.

૫૬૫ જ્યારે તું તારૂં નિરૂપણ જાણશો ત્યારે તું આ નિરૂપણથી ભાગી છુટીશ કે જેથી તું તેને મેળવે કે જેનું નિરૂપણ જ નથી. ઓ નકામી ચીંતોના તપાસનાર.

૫૬૬ (તારૂં) જીવન સત્ય વિધાન કરવા અને અર્થોના વિષયના (તર્કશુદ્ધ વિચારણામાં) નકામી વીતી ગઈ છે. તારૂં જીવન (કુદરતીયત) દૃષ્ટિથી વંચિત, અકલ્પ્યથી જે મેળવી શકાય તેના (અભ્યાસમાં) વ્યર્થ વીત્યું છે.

૫૬૭ દરેક સાબીતી (કે જે) (એક કુદરતીયત) પરિણામ અને અમર વગરનું છે તો ફોગટ છે. તારા પોતાના અંતિમ પરિણામની ખાતરી કર.

૫૬૮ તું બનાવનારને તેના નિમિત્ત સિવાય બારખી શક્તીશ નહિ. તું અનુમાનના વાક્યથી સંતોષાએલો છો.

૫૬૯ ફિલસુફ (તર્કશુદ્ધ) ની સાબિતીઓથી (સમાએલી) સંબંધો જોડે છે. બીજા હાથ ઉપર પસંદ કરાએલો (આત્મજ્ઞાની) (આ બાબતમાં) તેનો વિરોધી છે.

૫૭૦ પાછલો સાબિતીઓથી અને (તેના અને ખુદા વચ્ચેના) પડદાથી ભાગે છે. તેણે પોતાનું માથું પોતાના અંતર્ગત ભાગમાં સાબિતીની વસ્તુનો કાળજીપૂર્વક વિચાર કરવાના બાતર છુપાવેલ છે.

૫૭૧ જો તેને (ફિલસુફને) અગ્નિની એક સાબિતી ધુમાડો છે, તો આપણને (આત્મજ્ઞાનીને) ધુમાડા વગર અગ્નિમાં હોવું મીઠું લાગે છે.

૫૭૨ બાસ કરીને આ અગ્નિ કે જે (ખુદાથી) (આપણી) નજદીકી અને વફાદારી છે તે આપણને ધુમાડા કરતાં વધુ નજીક છે.

૫૭૩ તેથી આત્મા (વારતવિકતાથી) ફરીને (જનાવરી) આત્માની કલ્પનાઓની બાતર ધુમાડા તરફ જવું એ એક કાળી અધમતા છે.

હ. પયગમ્બર (ર.સ.અ.)ની હદીસ ઉપર વિવરણ : "ઈસ્લામમાં મઠવાસીપણું નથી."

૫૭૪ તારાં પીંછા તોડ નહિ, પણ તારા દિલને તેવી (ઇચ્છામાંથી) રોક, કારણ કે દુશ્મનનું (હોવું) એ આ પવિત્ર 'જીહાદ' જગાડવાની જરૂરી શરત છે.

૫૭૫ જ્યારે ત્યાં કોઈ દુશ્મન નથી ત્યારે 'જીહાદ' અકલ્પનીય છે. (જો) તારામાં વાસના નથી તો (દૈવી હુકમની) તાબેદારી છે જ નહિ.

૫૭૬ જ્યારે તમને કાંઈ ઇચ્છા જ નથી ત્યારે આત્મસંયમ હોઈ શકે જ નહિ. જ્યારે કોઈ પ્રતિસ્પર્ધી નથી ત્યારે તારી શક્તિ માટે શેની જરૂર હોય?

૫૭૭ ધ્યાન દે, તારા ખુદની બસી ન કર, સંસારત્યાગી ન બન, કારણકે નૈતિક વિશુદ્ધિ વિષયવાસનાના અસ્તિત્વ ઉપર આધારીત (ગીરો) છે.

૫૭૮ વિષયવાસનાના અસ્તિત્વ વગર વિષયવાસનાની મના કરવી એ અશક્ય છે, મરેલાની વિરુદ્ધ બહાદુરી બતાવી શકાતી નથી.

૫૭૯ તેણે (ખુદાએ) કહ્યું છે, "અર્ચો" તેથી કાંઈક પેદા કરો, એટલે કે બુની આવક વગર અર્ચા બની શકે નહિ.

૫૮૦ અલબત્ત તેણે 'અર્ચો' (શબ્દ) અબાધિતપણે વાપર્યો છે, (છતાં) (તેનો અર્થ) આમ વાંચ : 'પેદા કર અને પછી અર્ચ કર.'

૫૮૧ તેવી જ રીતે, બાદશાહ (ખુદાએ) જેને હુકમ કર્યો છે, "તમારા ખુદને અટકાવો" કાંઈક ઇચ્છા બનવી જ જોઈએ કે જેમાંથી તારે તારો ચહેરો ફેરવવો જોઈએ.

૫૮૨ એટલે કે (હુકમ) "તમો ખાઓ" એ અભિલાષાના ફાંસલા (આવેશના) ખાતર છે, ત્યારબાદ (આવે છે) "વધારે પડતા આગળ ન વધો" તે સમભાવ છે.

૫૮૩ જ્યારે તેનામાં (કોઈમાં) સત્ય વિધાન કરવાનું નથી ત્યારે વિષયનું અસ્તિત્વ અશક્ય છે.

૫૮૪ જ્યારે તને આત્મસંયમનું દુઃખ નથી ત્યારે ત્યાં સ્વયંસિદ્ધ સત્ય નથી, તેથી પસાર થવા નીચે આવ નહિ.

૫૮૫ સ્વયંસિદ્ધ સત્ય એ કેટલું વખાણને પાત્ર છે અને તે વળતર કેવું આનંદજનક છે. એક આનંદજનક જે દિલને મુગ્ધ કરે છે અને આત્માનું જીવન વધારે છે.

પ્રેમીના ભક્તિભાવના કાર્ય માટે ખુદા પોતે જ તેના ઉપર ઇનાયત થયેલ બદલો છે, તે સમજાવવા વિષે.

૫૮૬ (તેના) પ્રેમીઓ માટે તે એકલોજ (તેઓની બધી) ખુશી અને ગમ છે, તે (એકલો જ) તેઓની મહેનતનો બદલો અને તેની બીદમતનું સાટું છે.

૫૮૭ જો પ્રીતમ સિવાય (તેમને માટે નિરખવાની કોઈ ચીજ) હોય તો તે પ્રેમ નથી, તે એક નકામો આવેગ છે.

૫૮૮ પ્રેમ એક એવી ચીનગારી છે કે જે જ્યારે તે ભડકે છે ત્યારે પ્રિતમ સિવાય બીનું બધું બાળી નાખે છે.

૫૮૯ તે (પ્રેમી) 'નહિવત'ની તલવાર ઘરે લઈ જાય છે, એટલા માટે કે ખુદા સિવાય બીજા બધાને કાપી નાખે, 'શુન્ય' પછી શું બાકી રહે તેની ગણત્રી કર.

૫૯૦ ખુદા સિવાય કાંઇ બાકી રહેતું નથી, બાકીનું બધુ ચાલ્યું ગયું હોય છે. ઓ શક્તિશાળી પ્રેમ, (તને) અભિનંદન હો! ઓ અનેક દ્વૈવવાદના વિનાશક.

૫૯૧ ખરેખર, તે પહેલો છે અને છેલ્લો, આંખ કે જે બેવડું જુએ છે તે સિવાયમાંથી અનેક દ્વૈવવાદ જાગતા નિરખ નહિ.

૫૯૨ અને, અદ્‌ભુત! તેના પ્રતિબિંબ સિવાયની કોઈ ખુબસુરતી છે ખરી? (ઇન્સાનની) કાયાને આત્મા સિવાય ગતિ નથી.

૫૯૩ કાયા કે જેને તેના આત્માની ખામી છે તે સુંદર કદી પણ બને જ નહિ, (પછી ભલે) તમો મધથી તેને ખરડો.

૫૯૪ **તે આ જાણે છે કે જે એક દિવસ (ફલાની રીતે) સજીવ હતો અને આ આત્માના આત્મા પાસેથી એક પ્યાલો મેળવ્યો.**

૫૯૫ જ્યારે તેને કે જેની આંખે પેલા (ખુબસુરત) ગાલો નિહાળ્યા નથી, આ જનાવરી આત્મા 'આત્મા' હોવાનું નિહાળે છે.

૫૯૬ જેવી રીતે કે તેણે ઉમર (ઇબ્ન) અબ્દુલ અઝીઝને કદી જોયો નથી, તેને હજામ સારો દેખાય છે.

નહિવત ની તલવાર ઘરે - ખુદા સિવાય બધાને કાપી નાખે
શૂન્ય પછી શું બાકી રહે"

૫૯૭ જેવી રીતે કે તેણે હ. મુસા (અ.સ.)ના અજગરની મક્કમતા કદી જોઈ નથી તે યંત્રોના જાદુમાં એક જીવનની કલ્પના કરે છે.

૫૯૮ એક પંખી કે જેણે કદી સ્વચ્છ પાણી પીધું નથી તે પોતાની પાંખો અને પીંછાં ખારા પાણીમાં રાખે છે.

૫૯૯ કોઈ વિરુદ્ધાર્થ તેના વિરોધ સિવાય જાણીતી બનતી નથી (માત્ર) જ્યારે તે (હરકોઇ) ફટકાઓ સહન કરે છે ત્યારે માયાળુપણા (ની કીંમત) જાણે છે.

૬૦૦ અનિવાર્ય રીતે આ ચાલુ જીવન આગળ આવ્યું છે, એટલા માટે કે તમો 'અલસ્ત' ના જ્ઞાનની કદર કરો.

૬૦૧ જ્યારે તમોને આ જગ્યામાંથી મુક્ત બનાવાયા, અને પેલી જગ્યાએ જશો ત્યારે તમો અનંત કાળની સાકરની દુકાનમાં (ખુદાનો) આભાર માનશો.

૬૦૨ તમો કહેશો, ત્યાં (નીચી દુનિયામાં) હું ધુળ ઉડાડતો હતો, હું આ પવિત્ર દુનિયામાંથી ભાગતો હતો.

૬૦૩ અફસોસ કે જો હું અત્યાર પહેલાંના વખતમાં મર્યો હોત તો મારા અસ્તિત્વનો વખત આ કીચડમાં ઓછો બન્યો હોત!

હ. પયગમ્બર સાહેબની હદીસ ઉપર વિવરણ : "જો તે એક મોમિન માણસ હશે તો કોઇપણ પોતાની ઇચ્છા વગર મરશે નહિ, કારણ કે તે (અરેખર) મરી ગયો તે પહેલાં જ તે મરી ગયો હતો, એટલા માટે કે સૌભાગ્ય તેણે વહેલું મેળવ્યું હોત, અને તે એક દુષ્ટ માણસ હોત તો તેના દુષ્ટ કર્મો ઓછાં બન્યાં હોત.

૬૦૪ આ કારણે સમજુ પયગમ્બર સાહેબે કહ્યું છે કે "હરકોઈ જે મરે છે અને કાયાના (ઘોડા) ઉપરથી ઉતરે છે.

૬૦૫ મૃત્યુ અને વિદાયના કારણે દિલગીરી અનુભવતો નથી, પણ (માત્ર) (ભલા કાર્યોથી) નિષ્ફળ ગયો અને સારી તકો ગુમાવી તેના કારણે અફસોસ કરે છે.

૬૦૬ વાસ્તવમાં હરકોઈ જે મરણ પામે છે, ઈચ્છે છે કે તેના પહોંચવાની જગ્યાએ થોડી વિદાયગીરી વધુ વહેલી છે.

૬૦૭ એટલા માટે કે જો તે દુષ્ટ હોત, તેનાં દુષ્ટ કૃત્યો ઓછાં થયાં હોત, અને એટલા માટે કે જો તે ભાવિક હોત, તેને ઘરે વહેલો આવ્યો હોત.

૬૦૮ દુષ્ટ માણસ કહે છે, "હું ગેરમાર્ગ હતો, દરેક પળે હું (પાપના) પડદાને ઉમેરતો હતો.

૬૦૯ જો (દુનિયામાંથી) મારું પ્રસાર થવું વધુ વહેલું બન્યું હોત, તો આ મારો અંતરપટ અને પડદો ઓછો બન્યો હોત."

૬૧૦ કંજુસાઈમાં સંતોષના ચહેરાને ચીર નહિ અને ગર્વમાં માનવતાની મુખમુદ્રા ચીર નહિ.

૬૧૧ તેવી જ રીતે અદેખાઇમાં ભવ્યતાનો ચહેરો ચીર નહિ અને સેતાનપણામાં બંદગીનો ખુબસુરત ચહેરો (બગાડતો નહિ).

૬૧૨ પેલાં પીંછાઓ કે જે બહિશ્તનું એક ઘરેણું છે તે તોડ નહિ. પેલાં પીંછાઓ તોડ નહિ કે જે રસ્તો ખુંદવા (શક્તિમાન બનાવે છે).

૬૧૩ જ્યારે તેણે (મોરે) આ શીખામણ સાંભળી, તેણે તેના (સંતના) તરફ જોયું અને ત્યારબાદ આક્રંદ અને રોવું શરૂ કર્યું.

૬૧૪ (દિલગીરી ભરેલ) મોરનું લાંબુ રૂદન અને આક્રંદ દરેક જણ જે ત્યાં હતો તેઓને રૂદનમાં નાખવાનું નિમિત્ત બન્યું,

૬૧૫ અને તે કે જે (મોરની) સમજણ, તેના પીંછા ઉખેડવાથી પુછતો હતો (તે પણ) એક જવાબ વગર (પુછવાના માટે) પસ્તાતો હતો અને રોયો.

૬૧૬ કહે, શા માટે મેં પેલો અસંગત (સવાલ) પૂછ્યો? તે શોકમાં ગરકાવ હતો. મેં તેને બેગાનો બનાવ્યો.

૬૧૭ તેની (મોરની) બીની આંખોમાંથી (આંસુનું) પાણી, જમીન ઉપર વહેતું હતું, દરેક ટીપામાં એક સો જવાબો સમાએલા હતા.

૬૧૮ સાચું રૂદન (સઘળા) આત્માને અસર કરે છે કે જેથી તે આકાશ અને સ્વર્ગને (પણ) રડતા બનાવે છે.

૬૧૯ વિવેકબુદ્ધિઓ અને દિલો (આત્માઓ) કાંઇપણ શંકા વગર અવકાશી છે (જો કે) તેઓ અવકાશી પ્રકાશથી વંચિત થએલા જુએ છે.

હારૂત અને મારૂતની માફક વિચારશક્તિ અને આત્મા બાબીલોનના ખાડામાંની માટી માફક કેદમાં પડેલા છે, તે સમજાવવા વિષે.

૬૨૦ હારૂત અને મારૂતની માફક પેલા બે પવિત્રો (સમજશક્તિ અને આત્મા) આ એક ભયંકર ખાડામાં અહીં (આ દુનિયામાં) કેદ કરવામાં આવેલા છે.

૬૨૧ તેઓ નીચી અને વાસનામય દુનિયામાં છે, તેઓ પાપના પ્રતાપે આ ખાડામાં કેદી બન્યા છે.

૬૨૨ ભલા અને બુરા એક સરખા જાદુ શીખે છે અને જાદુથી ઉલટી શક્તિ આ બન્ને પાસેથી ફરજીયાત (શીખે છે).

૬૨૩ પણ શરૂઆતમાં તેઓ તેને શીખામણ આપે છે, ખબરદાર, અમારામાં જ શીખતો નહિ અને જાદુને ઉપાડતો નહિ.

૬૨૪ એ ફલાણા ફલાણા, અમો આ જાદુ કસોટી અને પ્રાથમિક ચકાસણીના ઈરાદા માટે શીખવીએ છીએ.

૬૨૫ (પસંદગી કરવામાં તું સ્વતંત્ર છો) કારણ કે પ્રાથમિક ચકાસણી સ્વતંત્રપણે કાર્ય

કરવામાં સંડોવાએલ છે અને (કાર્ય કરવાની) શક્તિ વગર તું કાંઈપણ (અસરકારક) સ્વતંત્રપણે કરી શકીશ નહિ.

૬૨૬ ઇચ્છાઓ જાણે કે સુતેલા કુતરા જેવી છે, ભલું અને બુરું તેમાં સંતાએલ છે.

૬૨૭ જ્યારે જ્યાં (કાર્ય કરવાની) શક્તિ નથી ત્યારે, ત્યાં, આ (ઇચ્છાની) દુકડી ઉઘે છે અને બળતણની માફક શાંત છે.

૬૨૮ જ્યાં (સુધી) એક હાડપિંજર દ્રષ્ટિમાં આવે છે ત્યાં સુધી, કંજુસાઈના ઢાલનો અવાજ (ઓચીંતા જાગતા) કુતરાઓ ઉપર અથડાય છે.

૬૨૯ જ્યારે એક ગધેડા હાડપિંજર બને છે ત્યારે તેનાથી એક સો સુતેલા કુતરાઓ જાગૃત થાય છે.

૬૩૦ લોભિષ્ટ ઇચ્છાઓ કે જે અદ્રષ્યમાં સંતાવા ગઈ હતી, બહાર ધસે છે અને પહેરણના મધ્યમાંથી માથું બહાર કાઢે છે.

૬૩૧ દરેક કુતરાનો વાળેવાળ એક દાંત (જેવો) બને છે, જો કે તેઓ પોતાની પુંછડીઓ પોતાને મળેલી ચીજોના કારણે પટપટાવે છે.

૬૩૨ તેનું (કુતરાનું) નીચલું અર્ધું લુચ્ચાઈ છે (જ્યારે) ઉપલું (અર્ધું) એક કંગાળ અગ્નિ કે જે ઈંધણ મેળવે છે તેની માફક ગુસ્સો છે.

૬૩૩ બિનઅવકાશી (જ્ઞાનમાંથી) તેને ભડકા ઉપર ભડકા પહોંચે છે, તેના ભડકાનો ધુમાડો આકાશ ઉપર જાય છે.

૬૩૪ આ આપણી કાયામાં આવા એક સો કુતરાઓ સુતા છે, જ્યારે તેઓને (નજરમાં) કોઈ શિકાર હોતો નથી ત્યારે તેઓ સંતાએલા છે.

૬૩૫ અથવા તેઓ આંખોએ પાટા બાંધેલા બાજોને મળતા આવે છે (છતાં) પડદામાં શિકાર માટે-ની લાલસામાં ઘૂરતા હોય છે.

૬૩૬ જ્યાં સુધી કે તે (બાજવાળો) કાનટોપી હટાવે અને તે (બાજ) શિકાર જુએ ત્યાં સુધી તે પર્વતોમાં ચકરાવો લ્યે છે.

૬૩૭ માંદા માણસની અભિલાષા સ્થિર છે, તેના વિચારો તન્દુરસ્તી તરફ ફરતા હોય છે.

૬૩૮ જ્યારે તે પાંગળા અને સફરજન અને તરણુંઓ જુએ છે, તેની લહેજત અને પોતાને થનાર (નુકસાનની) બીક અથડામણમાં આવે છે.

૬૩૯ જો તે આત્મસંયમી બને તો (ખોરાકનો) દેખાવ તેને લાભદાયી બને. ક્ષુધાનું પેલું ઉત્તેજવું તેની નજરે તેના શારીરિક બંધારણ માટે સારું છે.

૬૪૦ પણ જો તેને આત્મસંયમ નથી તો પછી તે વધારે સારું હતું કે તેણે (ખોરાક) જોયો ન હોત, ને વધુ સારું છે કે તે જેની પાસે ઢાલ ન હોય તેની પાસેથી તીર દુર રહેલું હોય.

પોતાને પૂછપરછ કરનારને મોરનો જવાબ દેવો.

૬૪૧ જ્યારે તેણે (મોરે) રોવું પુરૂં કર્યું ત્યારે તેણે કહ્યું, "ચાલ્યા જાઓ, તમો બહારના રૂપરંગના બંધનમાં છો.

૬૪૨ શું તમો જાણતા નથી કે આ પીંછાઓના કારણે દરેક બાજુએથી એક સો દુઃખો આવી પડે છે?"

૬૪૩ અરે ઘણાએક દયાહિણ પારધીઓ હમેશાં આ પીંછાઓના કારણ માટે છટકાં મુકે છે.

૬૪૪ મારાં પીછાંઓના કારણ માટે જ્યારે હું હવામાં હોઉં છું ત્યારે કેટલાએક તીરંદાજો મારા તરફ તીર ફેંકે છે.

૬૪૫ જ્યારે કે ભેર અથવા દૈવી અને ભાવીમાંથી આ દુઃખો અને આ તકલીફમાંથી બચાવવા મને ખુદનો કાબુ નથી.

૬૪૬ ત્યારે તે વધુ સારૂં છે કે કદરૂપ અને સંતાએલો બનું, કે જેથી હું આ પહાડો અને મેદાનોમાં સહીસલામત બનું.

૬૪૭ ઓ મહેરબાન સાહેબ, આ (પીંછાઓ) મારાં ગર્વના હથીઆરો છે. ગર્વ મગરૂરો ઉપર એક સો દુઃખો લાવે છે.

મોરની માફક સિદ્ધિઓ અને બુદ્ધિની લાયકાતો અને દુન્યવી દોલત (રૂહાનીયત) જીવન તરફ દુશ્મન છે, તે સમજાવવા વિષે.

૬૪૮ પછી, સિદ્ધિઓ (રૂહાની રીતે) અજ્ઞાન માટે વિનાશક છે કારણ કે પ્રલોભન અંગે પાછળ પડવામાં તે ફાંસલો જોતો નથી.

૬૪૯ સ્વતંત્ર કાર્ય કરવાની સત્તા તેના (એકલા) માટે જ સારી છે કે જે (ખુદાઇ હુકમના તાબે થવામાં) "(ખુદાથી) તમો બીઓ"માં પોતે પોતાનો અધિપતિ બનાવે છે.

૬૫૦ જ્યારે ત્યાં (ખુદનું) અને ભક્તિભાવનું સંરક્ષણ ન હોય, ત્યારે ખબરદાર રહેજે, (પાપ આચરવામાં મદદ કરતાં) સાધનોથી તને દૂર રાખજે, સ્વતંત્ર કાર્ય કરવું છોડી દેજે.

૬૫૧ પેલાં પીછાં મારું પ્રદર્શન (ગર્વ) સ્વતંત્ર કાર્ય કરવાની શક્તિની વસ્તુ છે. હું પીંછા ઉખેડી નાખીશ, કારણ કે તેઓ મારી જીંદગીને ભયમાં મુકે છે.

૬૫૨ આત્મસંયમી માણસ પોતાની સિદ્ધિઓને 'શુન્ય' સમજે છે, એટલા માટે કે કદાચિત તેની સિદ્ધિઓ તેને દુઃખમાં અને બકડીયામાં ફંગાવે.

૬૫૩ કે જેથી તેની સિદ્ધિઓ તેને કાંઇ નુકસાન ન કરે, ભલે તે તેની સિદ્ધિઓ ન પણ ફંગાવે (કારણ કે) જો (લાલસાનું) એક તીર તેની વિરૂદ્ધ આવે તો તે ત્યાં એક (આત્મસંયમની) ઢાલ હાજર કરશે.

૬૫૪ પણ મને મારા ખુબસુરત પીંછાં એક દુશ્મન જેવાં છે, જ્યારે કે હું તેને કળા કરવામાં બાકાત રાખી શકતો નથી.

૬૫૫ જો આત્મસંયમ અને સંરક્ષણ મારા માર્ગદર્શક હોત તો મારી (રૂહાનીયત) સ્વતંત્ર કાર્ય કરવાની શક્તિથી આગળ વધ્યો હોત,

૬૫૬ (પણ) પ્રલોભનની સ્થિતિમાં હું એક બચ્ચું કે એક નશાબાજ માણસ માફક તલવાર મારા હાથને લાયક નથી.

૬૫૭ જો મને સમજણ અને (મને બચવાનું) અંતઃકરણ હોત તો મારા હાથમાંથી તલવાર વિજય (મેળવવાનું સાધન) બની હોત.

૬૫૮ સુર્ય માફક પ્રકાશ આપતી સમજણ તલવાર ધારણ કરવા માટે જરૂરી છે, કે જે સાચી દિશાનું નિશાન ચુકે નહિ.

૬૫૯ જ્યારે કે હું પ્રકાશિત સમજણ અને (દીનમાં) ઇમાન ધરાવતો નથી તો પછી શા માટે હું મારાં હથીઆરો કુવામાં ન ફેંકું.

૬૬૦ હું મારી તલવાર અને ઢાલ કુવામાં ફેંકું છું. કારણ કે (નહિતર) તે મારા પ્રતિસ્પર્ધીના હથીઆરો બનશે.

૬૬૧ જ્યારે કે હું શક્તિ અને મદદ અને ટેકો ધરાવતો નથી ત્યારે તે (પ્રતિસ્પર્ધી) મારી તલવાર ખુંચવી લેશે અને તેનાથી મને જ ફટકારશે.

૬૬૨ આ દુષ્ટ મન અને હલકી પ્રકૃતિવાળો તેમ છતાં પોતાનો ચહેરો ઢાંકતો નથી, હું મારો ચહેરો ચીરીશ.

૬૬૩ કે જેથી આ મારી ખુબસુરતી અને સંપૂર્ણતા બગડેલી બને, જ્યારે કે મારો ચહેરો (ખુબસુરતી) વધુ વાર રહે ત્યારે હું દુઃખમાં આવી પડું નહિ.

૬૬૪ જ્યારે હું (મારો ચહેરો) આ ઈરાદાથી ચીરીશ, ત્યારે તે કાંઇ પાપ નથી કારણ કે આ ચહેરો ઝખમોથી છવાઈ ગએલો બનવો જોઈએ.

૬૬૫ જો મારા દિલને વિનયી સદગુણ હોત તો મારો ખુબસુરત ચહેરો સુંદરતા સિવાય બીજું કાંઈ ઉત્પન્ન કરત નહિ.

૬૬૬ જ્યારે કે મેં (મારામાં) શક્તિ અને ડહાપણ અને સચ્ચાઇ જોયાં નહિ, ત્યારે મેં પ્રતિસ્પર્ધી જોયો અને તુર્તજ મારાં હથીઆરો ભાંગી નાખ્યાં.

૬૬૭ રબ્બે મારી તલવાર તેને ઉપયોગી બને, રબ્બે મારૂં ખંજર મારા ખુદને નુકશાન-કર્તા બને.

૬૬૮ જ્યાં સુધી મારા અવયવો હાલેચાલે છે ત્યાં સુધી હું ભાગતો ફરીશ, છતાં (પણ). એકનું પોતાના ખુદની પાસેથી નાશી જવું, શકય કેમ બને?

૬૬૯ તે કે જે બીજાથી ભાગે છે જ્યારે તેને (પીછો પકડનારથી) જુદો બનાવ્યો છે ત્યારે તે આરામ મેળવે છે.

૬૭૦ હું કે જે (મારો પોતાનો) પ્રતિસ્પર્ધી છું. હું જ (મારા પોતાથી) ભાગી છુટવામાં છું. કાયમને માટે ઉગવું અને અસ્ત થવું મારૂં કામકાજ છે.

૬૭૬ તે કે જેનો પ્રતિસ્પર્ધી તેનો પોતાનો પડછાયો છે, તે હિન્દ કે ખુતાન કયાંયે સહિસલામત નથી.

એક નિઃસ્વાર્થીનું વર્ણન કે જે પોતાના ગુણ-અવગુણોથી સલામત બન્યો છે કારણકે તેઓ ખુદાની અનંતતામાં નહિવત બન્યા છે. તારાઓની માફક કે જે દિવસના વખતે સુર્યમાં નહિવત (અદ્રષ્ય) બન્યા છે અને તે કે જે નહિવત બનેલ છે તેને અનર્થની બીક નથી અને તે ભયમુક્ત છે, તે વિષે.

૬૭૨ જ્યારે, (ફનાનીયત) ગરીબાઈ થકી, 'ફના' (એવી એક) શ્રેષ્ઠતા આપે છે કે તે હ. મુહમ્મદ (હ. અ.સ.)ની માફક પડછાયા વગરનો બને છે.

૬૭૩ 'ફના'એ (હ. પયગમ્બર સાહેબને) શ્રેષ્ઠતા આપી, (જેમણે કહ્યું) "ગરીબાઈ મારો ગર્વ છે" તેઓ એક મીણબત્તીની જ્યોતની માફક પડછાયા વગરના બન્યા.

૬૭૪ (જ્યારે) મીણબત્તી ઉપરથી નીચે સુધી તદ્દન જ્યોત બની છે ત્યારે તેની આજુબાજુ પડછાયાને જન્મ જ નથી.

૬૭૫ મીણ (મીણબત્તી) પોતામાંથી ભાગી ગયું અને પડછાયામાંથી પ્રકાશમાં ગયું તેના બાતર કે જેણે મીણબત્તી ઘસી નાખી.

૬૭૬ તેણે કહ્યું "ફનાના કારણ માટે મેં તને ઘસી નાખ્યો", તેણે જવાબ આપ્યો, "મેં તેજ પ્રમાણે 'ફના' માં પનાહ લીધી."

૬૭૭ આ જરૂરી અનંતકાળનું 'ખુદાઈ નૂર' છે, નહિ કે અણધારી નાશ પામતી મીણબત્તીનો પ્રકાશ.

૬૭૮ જ્યારે મીણબત્તી સંપૂર્ણપણે અગ્નિમાં (દૈવી જ્યોતમાં) નહિવત બની છે, ત્યારે તમો મીણબત્તીની કાંઈપણ નિશાની અથવા (તેના પ્રકાશના) કિરણો જોશો નહિ.

૬૭૯ ખુલ્લી રીતે અંધકારને ધકેલતી બહારની જ્યોત એક મીણની મીણબત્તીથી ચાલુ રખાઈ છે.

૬૮૦ (પણ) મીણબત્તી (કે જે) કાયા છે તે મીણની મીણબત્તીથી ઉલટી છે, જ્યારે કે મશુરીમાં (કાયા) ક્ષીણ થાય છે, ત્યારે આત્માનો પ્રકાશ વધે છે.

૬૮૧ આ અનંત જ્યોત છે અને પેલી (કાયાની મીણબત્તી) નાશવંત છે.

આત્માની મીણબત્તી એક દૈવી જ્યોત છે.

૬૮૨ જ્યારે આ આગિયાની ચમક (ઝગમગાટ) પ્રકાશ હતો, તે નાશવંત પડછાયો બને, તેનાથી ઘણે દુર હતો.

૬૮૩ વાદળાંનો પડછાયો જમીન ઉપર પડે છે. પડછાયો કદીપણ ચંદ્રમાનો સોબતી નથી.

૬૮૪ ઓ સદ્‌બુદ્ધી, બેબુદી વગર વાદળાપણું છે, બેબુદીની (હાલતમાં) તું ચંદ્રમા જેવો એક બોજો બનીશ.

૬૮૫ ફરીવાર, જ્યારે એક વાદળ આવે છે, નજીક આવે છે, ત્યારે પ્રકાશ ઝાંખો બની જાય છે, ચંદ્રમાનો (માત્ર) ત્યાં એક આભાસ જ રહે છે.

૬૮૬ વાદળાના પડદાથી તેના પ્રકાશને નબળો બનાવાય છે, પેલો ઉમદા પૂર્ણિમાનો ચાંદ બીજના ચાંદ કરતાં વધુ નાનો બને છે.

૬૮૭ વાદળા અને ધુળથી ચંદ્રમાને એક આભાસ જેવો દેખાતો બનાવાય છે. વાદળ (કે જે) કાયા છે જેણે આપણને કલ્પનાઓ ઘડતા બનાવ્યા છે.

૬૮૮ (દૈવી) ચંદ્રમાની મમતા નિહાળ, કારણ કે આ પણ તેની મમતા છે કે તેણે કહ્યું છેઃ "વાદળાંઓ અમારા તરફ દુશ્મનો છે."

૬૮૯ ચંદ્રમા વાદળાંઓ અને ધુળથી સ્વતંત્ર છે, ચંદ્રમાને (ઝડપની) આકાશમાં ખૂબજ ઉંચે ભ્રમણ છે.

૬૯૦ વાદળાં અમારા મરણાધીન દુશ્મન અને પ્રતિસ્પર્ધી છે કારણ કે તે અમારી આંખોમાંથી ચંદ્રમાને સંતાડે છે.

૬૯૧ આ પડદો એક હુરાંને (એક ગણીકા જેવી) દેખાડે છે, તે પૂર્ણિમાના ચાંદને બીજના ચાંદ કરતાં ઓછો બનાવે છે.

૬૯૨ ચંદ્રમાએ અમોને કિર્તીના ખોળામાં બેસાડ્યા છે, તેણે અમારા દુશ્મનને પોતાના દુશ્મન તરીકે બોલાવ્યા છે.

૬૯૩ વાદળાની ભવ્યતા અને ખુબસુરતી ચંદ્રમામાંથી આવે છે (પણ) જે કોઈ વાદળાંને ચંદ્રમા કહે છે તે વધુ આડો ગયો છે.

૬૯૪ જ્યારે કે ચંદ્રમાનો પ્રકાશ વાદળાં ઉપર રેડાયો હતો, (તેનો વાદળાંનો) કાળો ચહેરો ચંદ્રમાથી બદલાયો હતો.

૬૯૫ જો કે તે ચંદ્રમા જેવા જ રંગનું છે અને તે ચંદ્રમાની સત્તાથી જોડાએલું છે (છતાં) વાદળામાં ચંદ્રમાનો પ્રકાશ માત્ર ઉછીનો લીધેલ છે.

૬૯૬ કયામતમાં સૂર્ય અને ચંદ્રમાને (તેમની કામગીરીમાંથી) મુક્ત કરાયા છે, આંખ (તેઓના) પ્રકાશના મુળમાં નિમગ્ન છે.

૬૯૭ એટલા માટે કે તે (કામચલાઉ) ધિરાણમાંથી (કાયાની) માલિકી અને આ નાશવંત વણઝારને કાયમી રહેઠાણમાંથી પીછાણે.

૬૯૮ પરિચારીકાને ત્રણ અથવા ચાર દિવસ માટે ઉછીની લીધી છે, ઓ માતા, તું અમોને તારા ખોળામાં લે.

૬૯૯ મારી સિદ્ધીઓ વાદળ (માફક) છે, અને એક પડદો અશિષ્ટ છે (માત્ર) ખુદાની સુંદરતાના પ્રતિબિંબ થકી જ તે સુંદર બનાવાયા છે.

૭૦૦ હું મારાં પીંછાઓ અને તેની ખુબસુરતી (ખુદાના) રસ્તામાં ચુંટી લઈશ, કે જેથી હું ચંદ્રમામાંથી ચંદ્રમાની ખુબસુરતી નિરખું.

૭૦૧ મને પરિચારિકા જોઇતી નથી (મારી) માતા વધુ સારી છે, હું હ. મુસા (અ.સ.)ની માફક છું. (મારી) માતા (પોતેજ) મારી પરિચારિકા છે.

૭૦૨ હું એક મધ્યસ્થી મારફત ચંદ્રમાની ખુબસુરતીનો ઉપભોગ કરવા માગતો નથી કારણ કે આ જોડાણ લોકો માટે સત્યાનાશ છે.

૭૦૩ સિવાય કે (મધ્યસ્થી) એક વાદળ હોય, (તે) (ખુદાઈ) રસ્તામાં નડિવત બને છે એટલા માટે કે તે ચંદ્રમાના ચહેરા તરફ એક પડદો બને નહિ.

૭૦૪ 'હા'ની સ્થિતિસ્થાનમાં તે (આવું એક વાદળ) તેનો (ચંદ્રમાનું) રૂપ, પયગમ્બરો અને 'સંતો'ની કાયાઓ માફક દેખાડે છે.

૭૦૫ આવું એક વાદળ પડદો બાંધતું નથી, હકીકતમાં તે પડદો ચીરતું અને હિતકારી છે.

૭૦૬ જો કે (આકાશમાં) ઉંચે વાદળ હોતું નથી, છતાં પ્રકાશિત સવારે વરસાદનાં ટીપાં પડે છે, તે તેની માફક છે.

૭૦૭ પેલી પાણીની મસક પયગમ્બર સાહેબનો એક ચમત્કાર હતો, વાદળાનો સમૂળગો ઉચ્છેદ (કે જે તેને ફરીથી પરિપૂર્ણ કરે છે) વાદળના રંગ જેવું જ બને છે.

૭૦૮ (ત્યાં) વાદળ હતું જ, પણ તેનામાંથી વાદળાંની પ્રકૃતિ ચાલી ગઈ હતી, (ખુદાના) પ્રેમીની કાયા પરિત્યાગના સાધનોથી આના જેવી બને છે.

૭૦૯ તે કાયા છે, પણ ભૌતિકતા તેમાંથી અદ્રષ્ય થએલ છે, તેનો દેખાવ બદલાયો છે, રંગ અને સુગંધ તેમાંથી ચાલી ગએલ છે.

૭૧૦ (મારાં) પીંછાઓ બીજાઓના કારણ માટે છે, જ્યારે (મારૂં) માથું મારા પોતાના કારણ માટે જ છે, (માથું કે જે) સાંભળવા અને જોવાનું રહેઠાણ છે; કાયાનો ટેકો (સ્થંભ) છે.

૭૧૧ જાણો કે બીજાઓને પકડવાના કારણ માટે આત્માની કુરબાની એ સંપૂર્ણપણે નાસ્તિકતા અને ભલાઇની આશા તજી દેવા (માફક) છે.

૭૧૨ ખબરદાર થા! પોપટોની આગળ સાકર જેવો બન નહિ, એક ઝેર બન, નુકશાનીમાંથી સલામત બન.

૭૧૩ અથવા (નહિતર) પોતાને ઉદ્દેશીને 'શાણાશી' મેળવવાની આતર, તું જો દુનિયાનો ઉપહાસ નહિ કરે તો તું તેનો શિકાર બનીશ.

૭૧૪ તેવીજ હ. ખિઝર (અ.સ.) એ આના કારણ માટે જ હોડીમાં આકોરૂં પાડયું (એટલે કે) હોડીને તેનાથી મુક્ત બનાવાય કે જેને જોરજુલમથી પકડી લીધી હોત.

૭૧૫ "ગરીબાઈ મારો ગર્વ છે" (તું ગુહાર્થ) ઉચ્ચતમ છે, તે તે ઈરાદા આતર છે કે લોભિષ્ટોમાંથી તેનામાં હું પનાહ લઉં કે જે આત્મા નિર્ભય છે.

૭૧૬ બન્દનાઓ વિનાશ પામેલી જગ્યાઓમાં અનામત રખાય છે કે જેથી ખેતીવાડીની જગ્યામાં રહેનારા પેલા લોભીષ્ટોથી છટકી જવાય.

૭૧૭ (જો) તું તારી સિદ્ધીઓ તોડી ફોડી શકે નહિ તો જાઓ એકાંતી (જીવનનો) સ્વીકાર કરો તમો આ એક કે પેલા એકથી સંપૂર્ણપણે સ્વાહા બનો નહિ.

૭૧૮ કારણકે તું (ખોરાકનો) કોળીઓ છો અને ખોરાકનો ખાનાર બનો છો તું ફાડી ખાનાર છો અને ફાડી ખાધું છે, ઓ (વહાલા) આત્મા, (આનો) અર્થ સમજજે!

ખુદા સિવાય બાકીનું બધું ફાડી ખવાય છે અને ફાડી ખવાયું છે, પંખીની માફક કે જેણે એક તીડનો પીછો પકડયો હતો અને તેને પકડવામાં લાગી ગયું હતું અને પોતાના ખુદની પીઠ પાછળના ભુખ્યા શકરાનું કે જે તેને પકડવાની તૈયારીમાં હતું તેનાથી ભુલકણું હતું. હવે, ઓ શિકાર કરતા અને હડપ કરતા આદમી, તારા ખુદના શિકારી અને હડપ કરનાર વિરૂદ્ધ સલામત બનતો જોકે (દૈહિક) આંખની નજરથી તું તેને જોતો નથી (છતાં) જ્યાં સુધી આંતરિક દિલની આંખ ખુલે નહિ ત્યાં સુધી આ આંખથી જોવાની ગંભીરપણે ગણત્રી કર.

૭૧૯ એક નાનું પંખી એક કીડીનો શિકાર કરતું હતું. એક બિલાડીને તેની તક મળી અને તેને પકડયું.

૭૨૦ તે (પંખી) એક ખાનાર હતું અને એક ચીજ ખવાણી, અને તેના શિકાર કરવામાં બીજા એક શિકારીથી તે અજ્ઞાન હતું.

૭૨૧ જોકે એક ચોર માલ મિલ્કતની ચીજોનો શિકાર કરવામાં (લાગેલો છે) છતાં પોલીસનો અમલદાર (ચોરના) દુશ્મનોથી તેનો પીછો કરવા પાછળ જ છે.

૭૨૨ તેનું મન માલમતા અને તાળું અને દરવાજાથી લાગેલું છે. તે અમલદારથી અને બુમ (કે જે) પહેલા ફાટતાં ઉઠશે તેનાથી બેખબર છે.

૭૨૩ તે (નફા માટેની) લાલસામાં એવો તલ્લીન બન્યો છે કે તે તેના શોધનારાઓ અને પીછો કરનારાઓ પ્રત્યે કાંઈ ધ્યાન આપતો નથી.

૭૨૪ જો કે એક છોડ ચોકખું પાણી પીએ છે (છતાં) ત્યારબાદ એક જનાવરનું પેટ તેનાથી ભરાશે.

૭૨૫ તે ઘાસ ખાય છે અને ખવાય છે, તે જ પ્રમાણે ખુદા સિવાય તમામ ચીજો જે હસ્તિ ધરાવે છે તે ખતમ થનાર છે.

૭૨૬ જ્યારે કે (આયાત) છે, "અને તે તમને ખવરાવે છે અને ખાતો નથી" ખુદા માંસ અને ચામડીની (માફક) ખાતો અને ખવાતો નથી.

૭૨૭ તે કે જે ખાય છે અને ખવાયો, અને એક ખાનાર કે જે એક (ગુપ્ત) સંતાવાની જગ્યામાં રહે છે તેનાથી સલામત બનશે ખરો?

૭૨૮ પેલાઓ કે જેઓ (ખવાતાં બનવા યોગ્ય છે) તેની સલામતી તેની ઘટમાળમાં વિલાપ લાવે છે, તેના કિલ્લા તરફ જા કે જે ખવાતો નથી.

Page 50 Missing

૭૪૫ અંતે પેલા ભોજનોત્સવને સંપૂર્ણ બનાવાય કારણ કે એક માણસે તેનાથી ઐકયતા સાધી છે કે જેને પોતાનો દોસ્ત બનાવ્યો છે.

૭૪૬ તે આ દુનિયામાં અને પેલા બીજી દુનિયામાં (પણ) તેની સાથે છે. ઉત્તમ પ્રકૃતિના હ. મુહમ્મદ (ર. સ. અ.) ની હદીસનો આ જ અર્થ છે.

૭૪૭ (જેમણે) કહ્યું "એક માણસ તેની સાથે છે કે જેને તે ચાહે છે, દિલ ઈચ્છીત વસ્તુમાંથી જુદું પડતું નથી."

૭૪૮ તેવી કોઈ જગ્યાએ બેસતો નહિ કે જ્યાં ફાંસલો અને છટકું હોય, એ તું કે જે બીજાને નબળા નિહાળે છે, વત, પેલાઓ જેઓ બીજાને નબળા નિહાળે છે તેનું શું થયું તે નિહાળ.

૭૪૯ એ તું કે જે નબળાઓને નબળા અને તારી દયા ઉપર આધારીત નિહાળે છે, જાણ કે એ યુવાન, તારા હાથ ઉપર એક હાથ છે.

૭૫૦ તું (પોતે જ) નબળો છે અને તું (બીજાઓને) નબળા જેવો ધારે છે, અરે નવાઈ છે ? એકવાર તું પોતે જ શિકાર છે અને (શિકારની) તલાસમાં શિકારી (છે).

૭૫૧ (કુરાનની આયાતમાં પેલા વર્ણવાએલામાંનો એક) બનતો નહિ. "તેઓની આગળ અને પાછળ (અમો) એક અડચણ (ગોઠવશું)" કે જેથી તમો દુશ્મનને જોઈ શકો નહિ ભલે પછી દુશ્મન દેખાતો હોય.

૭૫૨ શિકારનો લોભ એકને શિકાર બનવાની સ્મૃતિવિહોણો બનાવે છે, તે (શિકારી) દિલો જીતવાની કોશીષ કરે છે (જો કે) તેણે પોતાનું દિલ ગુમાવ્યું છે.

૭૫૩ તારા શોધવામાં એક પંખીથી તું હલકો બન નહિ, એક ચકલી પણ આગળ અને પાછળ શું છે તે જુએ છે.

૭૫૪ જ્યારે તે દાણા પાસે આવી પહોંચે છે ત્યારે તે પળે તે પોતાનું માથું એને ચહેરો કેટલીય વખત આગળ અને પાછળ ફેરવે છે.

૭૫૫ (જાણે એમ કહેતું હોય), "અરે, મને નવાઈ લાગે છે કે મારી આગળ કે પાછળ એક પારધી છે કે નહિ, કે જેથી તેની બીક અંગે આ ખોરાક આવો માંડી વાળું."

૭૫૬ શું તું તારી પાછળ હતો (શું શું બન્યું) તેની વાર્તા જુએ છે ? તારી સમક્ષ તારા કેટલાય દોસ્તો અને પાડોશીના મૃત્યુને નિરખ.

૭૫૭ કાંઈ પણ હથીઆર વાપર્યા વગર ખુદાએ તેઓનો નાશ કર્યો. તે દરેક સંજોગો તારી નજીક જ છે.

૭૫૮ ખુદા (તેઓના ઉપર) વાચાળોડાં ફટકારે છે. અને ગદા અથવા હાથ (ફટકારતો) નથી જાણ કે ખુદા તે જ છે કે જે હાથ વગર ઈન્સાફ ઉતારે છે.

૭૫૯ તે જે કહેતો હતો, "જો ખુદાની હસ્તિ છે તો તે કયાં છે ?" દુઃખની રિબાવણી વખતે કબુલ કરતો હતો કે તે ખુદા જ છે.

૭૬૦ તે કે જે કહેતો હતો આ એક દુર લઈ જતું અને નવાઇ પમાડતી વસ્તુ છે. આંસુ સારતો અને આક્રંદ કરતો (કહેતો હતો), "ઓ તું કે જે નજીક છે."

૭૬૧ જ્યારે કે તેણે છટકામાંથી ભાગી છુટવું જરૂરી જોયું. (તે વિચિત્ર છે કે) તારા માટેનું છટકું તારાં પીંછાંઓ ઉપર સખત રીતે ચોંટયું છે.

૭૬૨ આ બદકિસ્મતના છટકાની પીન હું ઉખેડી નાખીશ, એક ઉમેદની ખાતર હું આવી તકલીફ સહન કરીશ નહિ.

૭૬૩ મેં તને તારી સમજણ પ્રમાણેનો બંધબેસતો જવાબ આપ્યો છે, તેનો અર્થ (સમજ) અને તારો ચહેરો શોધવામાંથી હટાવી લે નહિ.

૭૬૪ આ દોરી કે જે કંજુસાઇ અને અદેખાઈ છે તે તોડી નાખ, (આયત) યાદ કર "તેઓની ગરદન ઉપર ખજુરીના પાનની એક દોરી."

હ. (ઈબ્રાહિમ) અલિલુલ્લાહે (અ. સ.) શા માટે કાગડો માર્યો (અને) મુરીદમાં અત્યંત હાનિકારક અને અમુક ઠપકા લાયક દુર્ગુણોને દબાવી દેવા (આવશ્યક) હોવાની સમજણ.

૭૬૫ આ વિવરણનો છેડો અને અંત નથી. ઓ ખુદાના દોસ્ત, તમોએ કાગડાને શા માટે માર્યો?

૭૬૬ "(દેવી) હુકમના કારણે" (દૈવી) હુકમમાં ડહાપણ શું હતું?" આના ગુઢાર્થનો એક થોડો ભાગ (હવે) બતાવાય છે.

૭૬૭ કાળા કાગડાની ઘોંઘાટમય ધૂમ અને કા કા કરવું, આ દુનિયામાં લાંબા જીવન માટે ચાલુ માગ્યા કરે છે.

૭૬૮ તે (કાગડાએ) ઇબલીસની માફક કયામત સુધી કાયાની લાંબી જીંદગી માટે પવિત્ર અને અનેક ખુદા પાસે વિનંતી કરી.

૭૬૯ તેણે (ઇબ્લીસે) કહ્યું "કયામતના દિવસ સુધી મને વિચારનો વખત આપો" તેણે આમ કહેવું જોઇતું હતું. ઓ અમારા માલિક, અમો પશ્ચાતાપ કરીએ."

૭૭૦ પશ્ચાતાપ વગરનું જીવન એ આત્માનો માનસિક ત્રાસ છે, ખુદાથી ગેરહાજર બનવું એ તાત્કાલીક મૃત્યુ છે.

૭૭૧ જીવન અને મૃત્યુ, આ બન્ને ખુદાની (હાજરીમાં) મીઠાં છે. ખુદા સિવાય જીવનનું જળ અગ્નિ છે.

૭૭૨ વધારામાં તે (દૈવી) શ્રાપની અસર છે કે આવી એક (મહલ) હજુરમાં તે (લાંબા) જીવનની આજીજી કરતો હતો.

૭૭૩ ખુદા સિવાય બીજું ખુદા પાસે કરગરવું એ (માત્ર) કૃત્રિમ નકેરા છે અને (વાસ્તવમાં) તે સદંતર નુકશાની છે.

૭૭૪ આસ કરીને જીવનને (ખુદામાંથી) ખેંચી બાવાપીવામાં રૂઆડવાની ઇચ્છાએ સિંહની હાજરીમાં શિયાળના જેવી વર્તણુક છે

૭૭૫ (કહીને), "મને લાંબુ આયુષ્ય આપો કે જેથી હું વધુ પીછેહઠ કરું, મને વધુ વખત ઈનાયત કરો કે હું વધુ આમીવાળો બનું."

૭૭૬ (પરીણામ છે) કે તે (આવો એક) દૈવી શ્રાપ માટેની નિશાની બને. હલકટ તે છે કે એક શ્રાપ પામેલો બનવાનું શોધે.

૭૭૭ (ખુદાથી) નજદીકી માટે ભલી જીંદગી આત્માને આહાર પહોંચાડે છે કાગડાની જીંદગી વિષ્ઠા ખાવાની ખાતર જ છે.

૭૭૮ (કાગડો કહે છે), "મને લાંબી જીંદગી આપો કે જેથી હું કાયમ માટે વિષ્ઠા ખાધા કરું, આ મને હમેશાં આપજો કારણ કે હું બહુ ખરાબ પ્રકૃતિનો છું.

૭૭૯ જો તે ઢોંગી મુખવાળો વિષ્ઠા ખાનાર ન હોત તો તે કહેત, "કાગડાની પ્રકૃતિમાંથી મારી મુક્તિ કરો."

૭૭૯ જો તે ઢોંગી મુખવાળો વિષ્ઠા ખાતર ન હોત તો તે કહેત, "**કાગડાની પ્રકૃતિમાંથી મારી મુક્તિ કરો.**"

પ્રાર્થના

૭૮૦ ઓ તું કે જેણે માટીના ઢેફાને સોનામાં અને એક બીજા ઢેફાને માણસ જાતના પિતામાં રૂપાંતર કર્યું છે.

૭૮૧ તારૂં કાર્ય સત્વો અને દાનોને રૂપાંતર કરવાનું છે, મારૂં કામ પાપ અને વિસ્મરણ અને ભુલ છે.

૭૮૨ ભુલ અને વિસ્મરણને જ્ઞાનમાં રૂપાંતર કર, હું ખુબજ ક્રોધી છું. મને ધીરજ અને ક્ષમાવાન બનાવ.

૭૮૩ ઓ તું કે જે ખારયુક્ત જમીન રોટલો બનતી બનાવે છે, અને ઓ તું કે જે સુકા રોટલાને જીવન બનતું બનાવે છે.

૭૮૪ ઓ તું કે અત્યંત ક્ષુબ્ધ આત્માને એક રૂહાની રાહબર બનાવે છે. અને ઓ તું કે જે રસ્તા વગર ભટકનારને એક પયગમ્બર બનાવે છે.

૭૮૫ તું એક જમીનના ટુકડાને બહિશ્ત બનાવે છે, તું ઘઉંમાંથી જમીનમાં વધારો નીપજાવે છે.

૭૮૬ જો કોઈપણ જીવનના જળને આ દુનિયાની મોજમજાઓમાં સુસંગત બનાવે છે, મૃત્યુ બીજાઓ કરતાં તેની પાસે વધુ વહેલું આવે છે.

૭૮૭ દિલની આંખ (આંતરિક આંખ) કે જે (રૂહાનીયત) આકાશનો કાળજીપુર્વક વિચાર કરે છે, ભાન થાય છે કે અહીં (સમજદારીની દુનિયામાં) એક ચાલુ રસાયણ છે.

૭૮૮ શીંગરાં ટીપેલ પોષાકનું સપ્રમાણ સંયોજિત રહેવું (કે જે) કાયા છે. (સાથે) સાંધા બર્યા વગર સત્વના બદલાવા અંગે અને સાધના અર્થ અપનાવવા અંગે,

૭૮૯ દિવસમાંથી કે જ્યારે તમો અસ્તિત્વમાં આવો છો, ત્યાર પહેલાં તમો હવા અથવા અગ્નિ અથવા માટી હતા.

૭૯૦ જો તમો તે જ હાલતમાં રહ્યા હોત તો આ ચાલુ (ઉંચાઇએ) તમારાથી કેમ પહોંચાયું હોત ?

૭૯૧ પ્રકૃતિ બદલનાર તમને અસ્તિત્વની પહેલી (હાલતમાં) છોડી દેતો નથી તે (આગલા એકની) જગ્યાએ એક વધુ ઉત્તમ અસ્તિત્વની (હાલત) સ્થાપે છે.

૭૯૨ અને તેવી જ રીતે કે જ્યાં સુધી (તેણે તને) એક લાખ અસ્તિત્વની હાલતો એક પછી એક આવી, પેલી કરતાં બીજી (હમેશાં) વધુ ઉત્તમ.

૭૯૩ બધો ફેરફાર પ્રકૃતિ બદલનારમાંથી આવતો ગણત્રી કર. મધ્યસ્થીઓની ઉપેક્ષા કર, કારણ કે મધ્યસ્થીઓને (ધ્યાનમાં લેતાં) તું તેઓની અસલથી દુર બનીશ.

૭૯૪ જ્યાં જ્યાં મધ્યસ્થીઓ વધે છે, (અસલથી) જોડાણ હટાવાય છે, તુલનાત્મક અંશમાં જેમ મધ્યસ્થીઓ થોડા તેમ મિલન મેળવતી ખુશી વધુ મોટી હોય છે.

૭૯૫ મધ્યસ્થીઓને જાણવામાં તારો (ખુદામાંનો) અત્યાનંદ ઘટે છે, તારો પરમ આનંદ (ઇલાહી) હજુરમાં તને દાખલ કરે છે.

૭૯૬ તેં (આ ક્રમાનુસાર) જીંદગીઓ (ક્રમાનુસાર) મૃત્યુમાંથી મેળવી છે, શા માટે તું તારો ચહેરો તેનામાં મૃત્યુ પામતાં ફેરવે છે ?

૭૯૭ પેલાં મૃત્યુઓ થકી તેં કઇ નુકસાની ભોગવી ? કે ઓ ઘૂસ, તું (આ માટીમય) જીવનને આટલો સખત કેમ વળગી રહ્યો છે ?

૭૯૮ જ્યારે કે તારૂં બીજું જીવન પહેલાં કરતાં વધુ ઉત્તમ છે, તેથી દુનિયા તરફ મૃત્યુને શોધ અને પ્રકૃતિ બદલનારની બંદગી કર.

૭૯૯ ઓ દુરાગ્રહી આદમી, અત્યાર સુધી તારા અસ્તિત્વની શરૂઆતમાં દરેક પળે એક લાખ કયામતો અનુભવી છે.

૮૦૦ નિર્જીવપણામાંથી (તું) બેધ્યાનપણે વનસ્પતિ ઉગવા તરફ (ફર્યો), અને વનસ્પતિમાંથી (જનાવરી) જીવન અને આફત તરફ (ફર્યો),

૮૦૧ ફરીવાર, સમજણ અને ભલી પરખશક્તિ, ફરીવાર, છ દિશાઓ અને આ પાંચ (ઇન્દ્રિઓ) ની બહાર શું ચાલે છે (તે તરફ ફર્યો).

૮૦૨ આ પગલાંઓ સમુદ્રના કિનારા જેટલા દુર (આગળ) પધાર્યા છે ! પછી પગલાંઓ સમુદ્રમાં સમાઈ ગયા.

૮૦૩ કારણ કે (દૈવી) સાવચેતીમાંથી (મુસાફરના બાગે ફાળવેલી) આરામની સુકી જમીન ઉપરની જગ્યાઓ ગામડાંઓ અને રહેઠાણો અને ધર્મશાળાઓની માફક છે.

૮૦૪ (જ્યારે) તેનાથી ઉલટું સમુદ્રની આરામની જગ્યા, ભરતીના વખતે તળીયું કે છાપરૂં (તેના રહેઠાણ અને આટકાયત) દરમ્યાન હોતા નથી.

૮૦૫ આ સમુદ્રી તબક્કાઓને દ્રશ્યમાન પીઠ હોતી નથી. આ આરામની જગ્યાઓને નામ કે નિશાની હોતી.

૮૦૬ પેલી પારની દરેક બે આરામની જગ્યાઓ વચ્ચે વનસ્પતિ હાલતમાંથી આવશ્યક આત્મા સુધીનું છેટું એક સો ગણું છે.

૮૦૭ તેં ચાલુ જીવનને અગાઉના મૃત્યુમાં સંપુર્ણ બનતી જોઈ છે, તો પછી તું કાયાના આ જીવનને આટલો બધો કેમ વળગી રહ્યો છે ?

૮૦૮ આવ, ઓ કાગડા, આ (જનાવરી) આત્માને છોડી દે ! એક બાજ બન, દૈવી પ્રકૃતિ રૂપાંતરની હાજરીમાં કુરબાન બની જા.

૮૦૯ નવું લે અને જુનું સોંપી દે. કારણ કે તારૂં દરેક વરસ છેલ્લાં ત્રણ વરસો કરતાં વધુ ઉત્તમ છે.

૮૧૦ જો તમો અજુરીના ઝાડની માફક (પોતાથી) ઉદાર બનશો નહિ તો (પછી) જુનાં ચીંથરાંઓ ઉપર જુનાં ચીંથરાં ગોઠવો અને એક ઢગલો કરો.

૮૧૧ અને દરેક આંધળા માણસ પાસે પેલા સાંધેલાં અને બગડેલાં જુનાં ચીંથરાં રજુ કરો.

૮૧૨ તે કે જેણે નવીન જોએલ છે તે તારો ઘરાક નથી, તે ખુદાનો શિકાર છે, તે તારો બંદીવાન નથી.

૮૧૩ (પણ) જ્યાં જ્યાં એક આંધળાં પંખીઓનું ટોળું છે, ત્યાં ત્યાં ઓ વહેતા ભાંભરા પાણી, તેઓ તારી આજુબાજુ એકઠા થશે.

૮૧૪ કે (તેઓનો) અંધાપો (તારા) ભાંભરા પાણીથી વધવા પામે, કારણ કે ભાંભરૂં પાણી અંધાપો વધારે છે.

૮૧૫ તેવીજ રીતે સંસારી દિલના આંધળા છે, તેઓ માટીનું ભાંભરૂં પાણી પીનારા છે.

૮૧૬ ભાંભરૂં પાણી દેવુ ચાલુ રાખ અને દુનિયામાં આંધળાઓની ખુશેચ્છા અરીદ કરતો ના, જ્યારે કે તારી પાસે તારામાં જીવનનું જળ છે જ નહિ.

૮૧૭ આવી એક (અધમ) હાલતમાં (જેવી વર્ણવવામાં આવી) તું જીવવાનો ઢોંગ કરી બાદગાર બનીશ, એક સીદીના જેવા ચહેરાની કાળાશમાં તું આનંદ કરે છે.

૮૧૮ (પોતાના) કાળાપણામાં સીદી (પોતાથી) ખુશ છે, કારણ કે તે જન્મ અને પ્રકૃતિથી હંમેશાં એક સીદી હતો.

૮૧૯ (પણ) તે કે જે એક દિવસ (માટે પણ) પ્રેમાળ અને ખુબસુરત છે, જો તે કાળો બને જ તો (બદકિસ્મત) ફેરવવા તલાશ કરશે.

૮૨૦ પંખી જે ઉડી શકે, જ્યારે તે જમીન ઉપર (નિરાધાર) રહે છે, ત્યારે તે મડાદુઃખ અને દિલગીરી અને આક્રંદમાં છે.

૮૨૧ (પણ) પાળેલી બતક જમીન ઉપર પ્રસન્ન ચિત્તે ચાલે છે, તે દાણા ચુંટવા આનંદીત બનેલી હિંમતથી ફોરે છે.

૮૨૨ પ્રકૃતિના કારણે તે (હંમેશાં) ઉડવાની શક્તિ વગરની હતી જ્યારે બીજું (પંખી) કુદરતી એક ઉડનાર અને ખુલ્લી પાંખોવાળું હતું.

પયગમ્બર સાહેબે કહ્યું છે કે "ત્રણ (દરજ્જાના માણસો) તરફ દયા બતાવો. લોકોમાંનો એક શક્તિશાળી માણસ કે જે નિંદનીય બન્યો છે, લોકોમાંનો એક પૈસાદાર માણસ કે જે દરિદ્ર બન્યો છે અને એક વિદ્વાન માણસ કે જેને એક અજ્ઞાન સાથી બનાવે."

૮૨૩ હ. પયગમ્બર સાહેબે કહ્યું, "તેના આત્મા ઉપર દયા લાવો કે જે પૈસાદાર હતો અને પછી ગરીબ બન્યો.

૮૨૪ અને તેના ઉપર કે જે શક્તિશાળી હતો અને તિરસ્કરણીય બન્યો અથવા એક (કે જે) સદ્‌ગુણી અને વિદ્વાન અજ્ઞાન લોકોની વચ્ચે રહેતો હોય.

૮૨૫ હ. પયગમ્બર સાહેબે કહ્યું : "આ ત્રણ દરજ્જાના (માણસો) ઉપર દયા બતાવો, (પછી ભલે) તમો ટેકરા અને પહાડ (જેવા સખત) હો."

૮૨૬ (અર્થાત) એક આગેવાન બન્યા બાદ જેને નીચા બનાવાયો, અને પૈસાદાર માણસ, પણ, કે જે ધનહીન બન્યો.

૮૨૭ અને ત્રીજો, વિદ્વાન માણસ કે જે આ દુનિયામાં (મુર્ખાઓ વચ્ચે) રહેવાથી દુઃખદાયી બન્યો.

૮૨૮ ઉંચી હાલતમાંથી નીચી હાલતે પડવું એ કાયામાંથી એક ભાગને ન્યુદ્રો પાડવા પ્રમાણે છે.

૮૨૯ અવયવ કે જે કાયામાંથી કાપી લેવામાં આવે છે મરેલો બને છે, (જ્યારે) તરતનો કાપેલો, હલે છે ખરો પણ લાંબો વખત નહિ.

૮૩૦ (તેવી જ રીતે) તેણે કે જેણે 'અલ્લસ્ત'નો પ્યાલો ગઇ સાલ પીધો, આ વરસે તે દુઃખ અને માથાનો દુખાવો સહન કરે છે.

૮૩૧ જ્યારે તે કે જે એક કુતરાની માફક, પ્રકૃતિથી દુનિયાને વળગેલ છે, તે (રૂહાનીયત) રાજ્યસત્તા માટેની ઈચ્છા કેમ ધરાવશે?

૮૩૨ (માત્ર) તે કે જેણે પાપ કર્યા છે તે પશ્ચાત્તાપ શોધે છે, (માત્ર) તે કે જેણે જેણે 'સત્યપંથ' ગુમાવ્યો છે–'અફસોસ'ની બુમ પાડે છે. નાના હરણને ગધેડાના તબેલામાં બંદીવાન બનાવ્યું તે કહાણી, ગધેડાનો અજાણ્યા ઉપર હુમલો કરવો, કયારેક દુશ્મનાવટથી અને કયારેક ઠેકડીથી અને સુકું ઘાસ જ કે જે તેનો યોગ્ય ખોરાક નથી તેના ખાવા અંગે દુઃખી થવું અને દુનિયાદારીઓ અને જેઓ લાલસા અને વાસનાના પુજારી છે. વચ્ચે ખુદાના પસંદ કરાએલા દાસોનું વર્ણન, કારણ કે ઈસ્લામ જ્યારે પહેલાં દેખાણો ત્યારે અસાધારણ હતો, અને ફરીવાર અસાધારણ બનશે. અસાધારણો જ આશીર્વાદ પામેલા છે." ખુદાનો સંદેશવાહક સત્ય બોલ્યો.

Page 57 Missing

Page 58 Missing

૮૬૩ તેણે જવાબ આપ્યો, "(ચાલવાની શક્તિ માટે) મને જો પગ હોત, અથવા આવવાનું કોઇ સાધન, તો હું મારી મેળે મારે રસ્તે મારા પહોંચવાની જગ્યાએ ગયો જ હોત.

૮૬૪ હું આ મારા દુશ્મનોના રહેઠાણમાં કેમ રહ્યો હોત? હું મારા દોસ્તોના શહેર તરફ ધકેલાયો હોત."

૮૬૫ તેઓએ તેને જનાઝામાં મૂક્યો અને આપણા અબુબકને તેમાં ઉંચક્યો.

૮૬૬ ઉઠાવનારાઓ તેને ખ્વારિઝમશાહ પાસે લઈ જતા હતા કે તે (બાદશાહ) પ્રતિક (કે જેની તેણે ઇચ્છા કરી હતી) તે નિહાળે.

૮૬૭ સમ્જવાર આ દુનિયા છે અને આ જગ્યામાં ખુદાઈ ઇન્સાન નિરૂપયોગી અને નકામો છે.

૮૬૮ ખ્વારિઝમશાહ એ સર્વશક્તિમાન અલ્લાહ છે, તે આ દુષ્ટ સમુહ પાસેથી પવિત્ર દિલ માગે છે.

૮૬૯ **તેમણે (હ. પયગમ્બર સાહેબે) કહ્યું છે, "તે (ખુદા) તમારૂં (જાહેરી) રૂપ ધ્યાનમાં લેતો નથી, તેથી તમારી તરકીબ શોધવામાં તમો "દિલના માલિક" (રૂહાની રાહબર) ને શોધો.**

૮૭૦ (ખુદા કહે છે,) હું તને "દિલના માલિક" મારફત નિહાળું છું. નહિ કે (બંદગીમાં) સિજદાથી અને (સખાવતમાં) સોનું આપી દેવાની જાહેર નિશાનીઓથી.

૮૭૧ જ્યારે કે તેં તારા દિલને 'દિલ' બનેલું નિહાળ્યું છે, તેં તેઓ કે જેઓ 'દિલ' ધરાવે છે તેની શોધ કરવી છોડી દીધેલ છે.

૮૭૨ દિલ કે જેમાં જો આ સાત આસમાનો જેવાં સાતસો આસમાનો દાખલ થાય, તો તેઓ (પોતાના દેખાવ કર્યાથી) અદ્રષ્ય અને ગુપ્ત બનશે.

૮૭૩ આવા દિલના ટુકડાઓને આ 'દિલ' કહીને બોલાવ નહિ, સમ્જવારમાં એક અબુબક્ર શોધ નહિ.

૮૭૪ 'દિલનો માલિક' એક છ ચહેરાવાળી આરસી બને છે કે જેમાંથી ખુદા (બધી) છએ દિશા ઉપર નજર નાખે છે.

૮૭૫ હરકોઈ કે જેને પોતાના રહેણાકની જગ્યા છ દિશાઓની (દુનિયામાં) છે, ખુદા તેના ઉપર જોતો નથી સિવાય તેના (દિલના માલિકના) ધ્યાન થકી,

૮૭૬ જો તે (ખુદા) કોઇ એકનો અસ્વીકાર કરે છે, તો તે તેના કારણ માટે કરે છે અને જો કોઇને તે સ્વીકારે છે તો તે તેના જેવોજ અધિકારી છે.

૮૭૭ ખુદા 'તેના' (દિલના માલિક) સિવાય કોઇના ઉપર રહેમત ઉતારતો નથી, (ખુદા સાથે) મિલન ધરાવનારની (ઉન્નત સ્થિતિ)નું (માત્ર) એકાદ દ્રષ્ટાંત જ આપેલ છે.

૮૭૮ તે (ખુદા) પોતાનું ઇનામ તેના હાથની હથેળીમાં મુકે છે, અને તેની મુઠીમાંથી તેને પેલાઓ કે જેઓ તેની દયાના પાત્ર છે તેને વહેંચણી કરે છે.

૮૭૯ તેની હથેળીમાં સર્વમય સમુદ્રનું એકીકરણ અપાત્ર અને બિનશરતી અને સંપૂર્ણ છે.

૮૮૦ એકીકરણે કે જે શબ્દોમાં સમાવવા લાયક નથી, તેનું બોલવું નકામું હતું, તેથી છેલ્લા સલામ.

૮૮૧ ઓ પૈસાપાત્ર આદમી, (જો) તું એક-સો સોનાના થેલા લાવીશ તો ખુદા કહેશે, ઓ તું કે જે (બંદગીમાં) બેવડ વળ્યો છો, 'દિલ' લાવ.

૮૮૨ જો દિલ તારાથી ખુશ છે તો હું ખુશી છું. અને જો તે તારાથી પ્રતિકુળ છે તો હું (પણ) પ્રતિકુળ છું.

૮૮૩ હું તને નિરખતો નથી, હું પેલા દિલને નિરખું છું. ઓ આત્મા, મારા દરવાજે તેને ભેટ તરીકે લાવ.

૮૮૪ તે તારાથી જેવા સંબંધમાં છે, હું પણ તેમજ છું. બહિશ્ત માતાઓના પગ નીચે છે (માતા તરફ બતાવેલ સદ્‌ભાવ ઉપર અવલંબીત છે.)

૮૮૫ તમો કહેશો, અને, હું તારામાં એક દિલ લઈ આવ્યો છું. તે (ખુદા) તને કહેશે, સંસાર આ દિલોથી ભરપુર છે.

૮૮૬ તે ("દિલ") (બધા) સજીવ જીવોનું **અસલ મા અને બાપ (રૂહાની રાહબર) છે અને પસંદ કરાએલો છે કે જે ચામડીમાંથી દિલને જાણે છે.**

૮૮૭ દિલ કે જે દુનિયાનો 'સ્થંભ' બન્યો છે તેને લાવ, તે આદમના આત્માના આત્માનો આત્મા છે.

૮૮૮ (બધા) દિલોનો બાદશાહ 'નૂર' અને ભલાઈથી ભરપુર દિલ માટે આતુરતાપુર્વક રાહ જુએ છે.

૮૮૯ તું ઘણા દિવસો સુધી સમ્જવારમાં ભટક્યો હોઈશ (પણ) ખૂબ જ કાળજીપુર્વક તપાસી પેલા દિલ જેવું શોધી શક્યો હોઈશ નહિ.

૮૯૦ પછી તું એક જનાઝા ઉપર ઢોંગી દિલને પેલી પાર લઈ જવા મુકીશ, કે જેનો આત્મા સડી ગએલો છે.

૮૯૧ અને કહે છે, ઓ બાદશાહ હું તારી પાસે એક દિલ લાવીશ, સમ્જવારની અંદર આના કરતાં વધુ સારૂં દિલ નથી.

૮૯૨ તે (ખુદા) તને જવાબ આપશે, કહે, ઓ અવિચારી આદમી, શું આ કબ્રસ્તાન છે કે તું એક મરેલા દિલને અહીં લાવે છે?

૮૯૩ જાઓ, 'દિલ' લાઓ કે જે બાદશાહી છે, કે જેનામાંથી ભૌતિક અસ્તિત્વના સમ્જવારની સલામતી ઉતરી આવેલ છે."

૮૯૪ તમો કદાચ કહેશો કે તે 'દિલ' આ દુનિયામાંથી ગુમ છે, કારણ કે અંધારૂં અને અજવાળું એકબીજાના વિરોધી છે."

૮૯૫ 'અલસ્ત'ના દિવસથી જ વાસનામય પ્રકૃતિના સમ્જવાર તરફ પેલા 'દિલ'ની એક વારસાનુસાર દુશ્મની છે.

૮૯૬ કારણ કે તે એક બાજ છે, જ્યારે આ દુનિયા કાગડાનું શહેર છે, એકની દ્રષ્ટિ કે જે પ્રતિકુળ છે તે તેના ઉપર દુઃખો ફટકારે છે કે જે પોતાનો મળતીયો નથી.

૮૯૭ અને જો તે (સંસારી) નમ્રતાથી વર્તે તો તે ઢોંગીપણે વર્તે છે, તે (દિલના માલિક)થી પોતા માટે સદ્‌ભાવ પ્રાપ્ત કરવાની એક તક શોધે છે.

૮૯૮ તે સાચી લાગણીના કારણે સંમત થાય તેમ નથી, પણ એટલા માટે કે ચેતવણી આપનાર તેની ખરી સલાહ સુચના ટુંકાવે.

૮૯૯ કારણ કે આ દુષ્ટ મુડદાલ માંસ ગોતતા કાગડાને વિધવિધ પ્રકારની એક લાખ લુચ્ચાઈઓ છે.

૯૦૦ **જો તેઓ (રૂહાની રાહબર) તેનો ઢોંગ કબુલ કરે, તો તે બચાવાયો છે, તેનો ઢોંગ તેની સચ્ચાઈ સાથે એકરૂપ બને છે કે જે સુચનાથી લાભ કરે છે.**

૯૦૧ કારણ કે "પૂજનીય દિલનો માલિક" (રૂહાની રાહબર) આપણી બજરોમાં નુકશાન પામેલા માલનો એક ખરીદ કરનાર છે, (પાપ સ્વીકારી પુન્ય આપે છે.)

૯૦૨ **"દિલના માલિક"ને શોધ, જો તું આત્મા વગરનો નહોતો. 'દિલ'નો એક મળતીયો બન, જો તું (રૂહાનીયત) સુલતાન (ઈમામેઝમાન) નો પ્રતિસ્પર્ધી નહોતો.**

૯૦૩ (પણ) પેલો એક કે જેની દગલબાજી તને ખુશ કરે છે, તે માત્ર તારો જ સંત છે, (તે) ખુદાનો પસંદ થએલો નથી.

૯૦૪ હરકોઈ જે તારા સદ્‌ગુણ અને પ્રકૃતિ અનુસારનું જીવન જીવે છે તારી વાસનામય પ્રકૃતિને એક સંત અને નગી બનેલો જુએ છે.

૯૦૫ જાઓ, વિષયવાસના પરિત્યાગ કરો એટલા માટે કે (રૂહાનીયત) સુવાસ તારી બને અને કે કસ્તુરીની મધુર સુવાસ ગોતતી ઈન્દ્રિય તમારી બને.

૯૦૬ તારૂં મગજ (સુંઘવાની ઈન્દ્રિય) વાસનામય અનહદ ભોગવિલાસથી દૂષિત બનેલી છે, ઘ્રાણેન્દ્રિયને લગતી ઈન્દ્રિયને કસ્તુરી અને અંબર વેચવા લાયક નથી.

૯૦૭ આ વિવરણની હદ જ નથી, અને (દરમ્યાન) આપણું હરણ તબેલામાં ગભરાટમાં આમથી તેમ દોડી રહ્યું છે.

ગધેડાના તબેલામાં હરણની બાકી રહેલી કહાણી.

૯૦૮ ઘણા દિવસો સુધી તેજવંતુ અને બહાદુર હરણ ગધેડાના તબેલામાં તકલીફમાં હતું.

૯૦૯ મૃત્યુના મડાદુઃખમાં (સુકી જમીન ઉપર) રાખતાં તરફડતી એક મચ્છીની માફક (અથવા) એક જ પેટીમાં વિષ્ઠા અને કસ્તુરી (સાથે રાખવાથી) સંતાપ પામે તેની માફક.

૯૧૦ એક ગધેડો તેના પડોસીને કહેશે, "હા હા! આ જંગલી જનાવરોના પિતાને બાદશાહો અને શાહજાદાઓની પ્રકૃતિ છે, "હુશ!"

૯૧૧ અને બીજો મશ્કરી કરશે, કહેશે, "ચાલુ આમ તેમ દોડવાથી તેણે એક મોતી મેળવ્યું છે, તે સસ્તી કીંમતે કેમ વેચશે?"

૯૧૨ અને બીજો ગધેડો કહેશે, "તેના આ ચિપાસિયાપણા સાથે બાદશાહી તખ્ત ઉપર આરામથી બેસવા દયો!"

૯૧૩ અમુક ગધેડો હજમાત આગે બિમાર પડયો, અને બાવા અશકત હતો, કે જેથી તેણે હરણને (જમવાનું) નિયમાનુસાર આમંત્રણ આપ્યું.

૯૧૪ તેણે (હરણે) તેનું માથું હલાવ્યું, (જાણે એમ કહેતું હોય), "નહિ, ઓ ફલાણા, ચાલ્યો જા, મને ભૂખ નથી. મને ઠીક નથી."

૯૧૫ તેણે (ગધેડાએ) જવાબ આપ્યો "હું જાણું છું કે તમો તિરસ્કાર બતાવો છો, અથવા તમારી પ્રખ્યાતિના કારણે અધર ઊંચકાઓ છો."

૯૧૬ તેણે (હરણે) પોતાને કહ્યું, "તે તારો બોરાક છે કે જેનાથી તારા અવયવો સશકત અને નવીન બને છે.

૯૧૭ હું (ખુબસુરત) ચરાણ સાથે સુપરિચિત છું. હું ચોકખા પાણી અને ચરાણોમાં આરામ કરનાર છું.

૯૧૮ જો કે દૈવી ભાવીએ મને મહાદુઃખમાં નાખ્યું છે (છતાં) તે ઉત્તમ સદ્‌ગુણો અને પ્રકૃતિ (મારામાંથી) કેમ વિદાય લ્યે?

૯૧૯ જો કે હું એક ભિખારી બન્યો છું (છતાં) મને એક ભિખારીનો ચહેરો કેમ હોય? અને જો કે મારો (શારિરીક) પોશાક જુનો બને (છતાં) (રૂહાની રીતે) હું જુવાન છું.

૯૨૦ મેં એક હજાર તુચ્છકારો અને ધૃણાઓથી મીઠી સુગંધોવાળાં ઝાડ અને સફેદ રંગના પુષ્પો અને સ્વાદિષ્ટ તુલસી બાબી છે.

૯૨૧ તેણે (ગધેડાએ) કહ્યું "હા, બડાઈ અને બડાઈ અને બડાઈ હાંકયા કર, એક અજાણ્યા દેશમાં કેટલીય શેખી ઉચ્ચારી શકે."

૯૨૨ તેણે (હરણે) જવાબ આપ્યો, "ખરેખર, મારી ડુંટી મારી સાક્ષી પુરે છે. અંબર અને ચંદન ઉપર તે એક મોટી પસંદગી ઇનાયત કરે છે."

૯૨૩ તે સમજવા માટે સાંભળશે કોણ? (માત્ર) તે જ કે જેને સુંઘવાની (રૂહાનીયત) ઇન્દ્રિય છે. વિષ્ટા સાથે હળેલા ગધેડા માટે તે બહિષ્કૃત છે.

૯૨૪ ગધેડો ગધેડાનો પિશાબ રસ્તા ઉપર સુંઘે છે, હું આ દરજ્જાના જીવોને કસ્તુરીનો આગ્રહ કેમ કરું?

૯૨૫ જ્યારે કે હ, પયગમ્બર સાહેબ (કે જેઓ હમેશાં) (દૈવી હુકમ તરફ), પ્રત્યુતર હતા, બોધદાયક કહાણી કહી, "ઇસ્લામ આ દુનિયામાં અપિરિચિત છે."

૯૨૬ કારણ કે તેના (સાચા મુસ્લિમોનાં) સગાંવહાલાં પણ તેમની પાસેથી ભાગતાં હતાં, જો કે તેમના સત્યથી ફરિશ્તાઓ સુમેળમાં હતા.

૬૨૭ લોકો તેમનું (બહારનું) રૂપ પોતાનાથી મળતીયું જોતા હતા, પણ તેઓ તેમનામાં પેલી (રૂહાનીયત) સુગંધ સમજતા ન હતા.

૬૨૮ (તેઓ) એક ગાયના આકારમાં એક સિંહ હતા, દુરથી તેમને નિહાળો, પણ તલસ્પર્શી સમીક્ષા ન કરતા.

૬૨૯ અને જો તમો સમીક્ષા કરો તો ગાયને છોડી દેજો, (કે જે) કાયા છે કારણ કે પેલા સિંહની પ્રકૃતિવાળો ગાયને ટુકડાઓમાં ફાડી નાખશે.

૬૩૦ તે તમારા મસ્તકમાંથી ગમાર જેવી પ્રકૃતિ કાઢી નાખશે. તે જનાવરી (આત્મા)માંથી જનાવરપણાનું મુળ ઉખેડી નાખશે.

૬૩૧ (જો) તમો એક ગાય છો, તો તમો જ્યારે તેની નજીક થશો ત્યારે સિંહ બનો છો, (પણ) જો તમો ગાય હોવા માટે ખુશી છો, તો સિંહ થવાનું શોધતા નહિ.

"અરેઅર મેં સાત જાડી ગાયો જોઈ કે જેને સાત દુબળી ગાયો હડપ કરી ગઇ, તું વિવરણ "ખુદાએ પેલી દુબળી ગાયોને ભૂખ્યા સિંહોના ગુણોથી પેદા કરી હતી, અંતે કે તેઓ સાત જાડી (ગાયોને) આતુરતાથી હડપ કરે, જો કે (માત્ર) પેલી ગાયોના રૂપો આભાસો તરીકે જ સ્વપ્નાની આરસીમાં દેખાડવામાં આવ્યાં હતાં, તું તેને વાસ્તવિક સમજ.

૬૩૨ જ્યારે તેની આંતરિક આંખના દરવાજા ખોલવામાં આવ્યા ત્યારે મિસરના બાદશાહે સ્વપ્નામાં જોયું.

૬૩૩ સાત જાડી ગાયો, ખૂબ જ વધુ પડતી સંભાળ લીધેલીને, સાત પાતળી ગાયો હડપ કરી ખાઇ ગઈ.

૬૩૪ પેલી પાતળીઓની અંદર સિંહો હતા, નહિતર તેઓ (જાડી) ગાયોને હડપ કરીને ખાઇ જાત નહિ.

૬૩૫ (પવિત્ર) કાર્યોનો પુરૂષ, દેખાવમાં માનવ છે, તેનામાં એક માણસ ખાતો સિંહ છુપાએલો છે.

૬૩૬ તે (સિંહ) અંતઃકરણપુર્વક સંપૂર્ણપણે તેની વાસનામય ખુદીથી છોડાવે છે, જો તે (સિંહ) તેના ઉપર દુઃખ ઉતારે તો તેનું કીટ પવિત્ર બને છે.

૬૩૭ પેલા એક દુઃખથી તે બધા કીટોમાંથી મુક્ત કરે છે, તે પોતાના પગલાં ગ્રહ ઉપર ઓડે છે.

૬૩૮ અપશુકનીયાળ કાગડાની માફક તું કયાં સુધી ગાય વિષે બોલીશ ? (મને બોધકથા તરફ પાછો ફરવા દે અને પુછવા દે), "ઓ ખલીલ, શા માટે તેં કુકડાને મારી નાખ્યો ?"

૬૩૯ તેઓએ જવાબ આપ્યો, "(દૈવી) હુકમનાં (કારણે), (દૈવી) હુકમના ડહાપણ વિષે (મને) કહો કે જેથી હું તેના વાળે વાળના ડહાપણની મહત્તા વધારૂં !"

હ. ઈબ્રાહીમ (અ. સ.)થી કુકડાને મારી નાખવા અને મુરીદના દિલમાં અમુક ઠપકાપાત્ર અને વિઘાતક ગુણોના દમન અને દબાવી દેવાની અગત્યતા વિષે સમજાવવું.

૬૪૦ તે (કુકડો) કામાંધ છે અને કામનાનું અમર્યાદ સેવન કરે છે અને પેલા સ્વાદહીન શરાબથી બેહોશ બન્યો છે.

૬૪૧ એ હુકમ પહોંચાડનાર, જો વંશવૃદ્ધિના કારણ માટે તે (વાસના) જરૂરી બની ન હોત તો હ. આમદ (અ. સ.) એ પોતાની શરમના કારણે પોતાને નપુંસક બનાવ્યાં હોત.

૬૪૨ શ્રાપિત ઇબ્લીસે ઇન્સાફ નિર્માણ કરનાર (ખુદાને) કહ્યું, "મને આ શિકાર માટે એક શક્તિશાળી જાળની જરૂરત છે."

૬૪૩ તેણે (ખુદાએ) તેને સોનું અને રૂપું, અને ઘોડાઓનાં ટોળાં બતાવ્યાં, કહે, "આ સાધનોથી તું માણસ જાતને કુમાર્ગે દોરી શકીશ."

૬૪૪ તે (ઇબ્લીસ) ખુબ પાડી ઉઠ્યો, 'ધન્ય ! "પણ તેની ઉધ્ધત વાતચીત વધુ કડવી બનાવી, તે કરચલીવાળો અને એક લીંબુ જેવો ખાટો બન્યો.

૬૪૫ પછી ખુદાએ પેલા એક પડેલાને પોતાની અપુર્વ ખાણોમાંથી સોનું અને જવાહીરો આગળ ધર્યાં.

૬૪૬ કહે, "ઓ શ્રાપિત, આ બીજી જાળ લે" તેણે જવાબ આપ્યો, "ઓ સૌથી મહાન મદદગાર આનાથી વધુ મને આપો."

૬૪૭ (પછી) તેણે તેલવાળી અને મીઠી (મિઠાઇઓ), કીમતી શરબતો અને ઘણા રેશમી પોષાકો આપ્યા.

૬૪૮ તેણે (ઇબ્લીસે) કહ્યું "ઓ માલિક, મને આના કરતાં વધુ મદદની જરૂર છે "એક ખજુરીના રેસાથી" તેમને બાંધવા માટે.

૬૪૯ એટલા માટે કે તારા ઉન્મત્ત (ભાવિકો) કે જેઓ ઋતુની અને હિંમતી છે, તેઓ મર્દાનગીથી પેલાં બંધનો તોડી નાખે.

૬૫૦ અને આ જાળના સાધનથી અને (આ) વાસનાના દોરડાઓથી, તારા (પવિત્ર) માણસ માણસ નામર્દાઇથી છુટા પડી જાય.

૬૫૧ ઓ તખ્તના શહેનશાહ, મને એક બીજી જાળ જોઈએ છીએ, વિશ્વાસઘાતમાં નવ-સર્જનની જાળ જોઈએ છીએ કે માણસને નીચો પછાડે.

૬૫૨ તેણે (ખુદાએ) શરાબ અને સારંગી તેની સમક્ષ લાવી અને મુકી, પછી તેણે મોં મલકાવ્યું અને મર્યાદિત ખુશી થયો.

૬૫૩ તેણે (ઇબ્લીસે) મહાદુઃખના શાશ્વત પૂર્વ નિર્ધારને એક સંદેશો મોકલ્યો, કહે, "લાલસાના સમુદ્રના તળીયામાંથી ધુળ ઉડાડો."

૬૫૪ શું હ. મુસા (અ.સ.) તારા આકરામાંનો એક ન હતો? તેણે સમુદ્ર ઉપર એક ધુળના પડદાઓ બાંધ્યા.

૬૫૫ દરેક બાજુ ઉપર પાણી ઓસરી ગયું, સમુદ્રના તળીયામાંથી એક ધુળનું (વાદળ) ઉપર આવ્યું.

૬૫૬ જ્યારે તેણે (ખુદાએ) તેને ઈબ્લીસને સ્ત્રીઓની ખુબસુરતી બતાવી કે જે માણસોના આત્મસંયમ અને સમજણ ઉપર સરસાઇ ભોગવતી હતી.

૬૫૭ પછી તેણે પોતાની આંગળીઓ (ખુશીમાં) કરડી અને નાચવું શરૂ કર્યું. ખુબ પોકી કહે, (આ) મને જેમ જલ્દી બને તેમ આપો, મેં મારી ઈચ્છાઓ તૃપ્ત કરી છે!"

૬૫૮ જ્યારે તેણે પેલી ઝંખતી આંખો જોઈ કે જે બુદ્ધિ અને સમજણને અશાંત બનાવે છે.

૬૫૯ અને પેલા દિલને કેદ કરતાં ગાલોની સુંદરતા કે જેના ઉપર (માણસનું) આ દિલ (અગ્નિ) ઉપર શોકાર્તના બી માફક બળે છે.

૬૬૦ ચહેરો અને લાખું અને પાંપણ અને અકીક જેવા હોઠ, તે જાણે એવું હતું કે એક રહસ્યમય પડદામાંથી દેખાડે.

૬૬૧ તેણે (ઇબ્લીસે) જોયું કે પ્રણયનો પ્રપંચ અને પ્રકાશ પાથરતી હાલવા ચાલવાની ઢબછબ, એક પાતળા પડદામાંથી દૈવી કિર્તીની જાહેરાત જેવી બને છે.

"અમોએ માણસને (શારીરિક અને માનસિક) તુલનાત્મક અંશે સૌથી ઉત્તમ પેદા કર્યો, પછી અમોએ તેને નીચામાં નીચા દરજ્જાએ ઉતાર્યો.
"અને તેમજ" અને હરકોઈને પણ અમો લાંબુ જીવન અર્પીએ છીએ,
અમો ધારણામાં દુરાચારમાં તેને (પાછો) પછાડીએ છીએ.

૬૬૨ ખુબસુરતીનો આદમ એવો મુર્તિમંત બન્યો કે જેને ફિરસ્તાઓએ સિજદો કર્યો. ત્યારબાદ (તેમને) નીચે ઉતારવામાં આવ્યા, (બહિશ્તમાંથી) હ. આદમ (અ.સ.) ને નીચે (પૃથ્વી ઉપર) મૂકવામાં આવ્યા.

૬૬૩ તેઓ બુમ પાડી ઉઠ્યા, "અફસોસ, અસ્તિત્વની બાદ નહિવતપણું!" તે (ખુદા) કહે છે, તારો "તારો ગુનાહ આ છે, કે તું વધુ પડતું લાંબુ જીવ્યો છે."

૬૬૪ હ. જીબ્રીલ (અ.સ.) તેમના વાળ પકડી તેમને દોરી જાય છે, કહે છે, "આ બહિશ્તમાંથી અને ભલાઓના સમુહમાંથી ચાલ્યા જાઓ,"

૬૬૫ તેવણ કહે છે, "ઉચ્ચ સ્થિતિ અપાય પછી આ વગોવણીનો અર્થ શું છે?" તેઓ (હ. જીબ્રીલ) (અ.સ.) જવાબ આપે છે. (ઉચ્ચ સ્થાન ખુદાનું) ઈનામ હતું. અને આ (વગોવણી) તમારા ઉપર તેમનો ઈન્સાફ છે.

૬૬૬ (તેઓ બુમ પાડી કહે છે), ઓ જીબ્રીલ, તેં તારા બરા અંતઃકરણથી મને સિજદો નહોતો કર્યો? તું શા માટે મને બહિશ્તમાંથી હાંકી કાઢે છે?

૯૬૭ મારા પોષાકો તકલીફનાં વખતે મારામાંથી પાનખરની ઋતુમાં ખજુરીમાંથી પાન ખરી જાય તેમ, મારા પોશાકો ઉડી જાય છે.

૯૬૮ ચહેરો કે જેનું તેજસ્વીપણું ચંદ્રમાં જેવું હતું, વૃદ્ધ ઉંમરે લીંબુયાની ગરોળી જેવો બને છે.

૯૬૯ અને સુંદર મસ્તક અને માથાનો મુગટ કે જે એક વાર દીપ્તિમાન હતા તે મોટી ઉંમરે તાલકા અને કદરૂપા બન્યા.

૯૭૦ અને ઉંચી મગરૂર આકૃતિ, ભાલાની અણીની માફક લાઈનોમાં આગળ વીંધતો હતો તે વૃદ્ધ ઉંમરમાં એક પણછની માફક બેવડો વળે છે.

૯૭૧ રાતા પુષ્પનો રંગ કેસરીયો રંગ બને છે, તેનું સિંહ સરખું જોર સ્ત્રીના પિત્તાશય જેવું બને છે.

૯૭૨ તે કે જે એક માણસને મલ્લકુસ્તીના દાવમાં પોતાના હાથમાં જકડતો હતો (હવે) તેના વિદાય થવાની વખતે (તેને ટેકો દેતાં) તેઓ તેના હાથો પકડે છે.

૯૭૩ ખરેખર આ નિશાનીઓ અશક્ત અને તકલીફની તેમનામાંનો દરેક પોતાનો એક સંદેશવાહક છે.

નીચામાં સૌથી નીચા સિવાય તેઓ કે જેઓ ઈમાન લાવ્યા છે અને સારાં આમાલો કર્યા છે, કારણ કે તેઓને એક બદલો માનશે કે જે કપાઇ જનાર નથી"નું વિવરણ.

૯૭૪ પણ જો તેનો હકીમ "ખુદાનું નૂર" બને તો નુકસાની અથવા કચડી નાખતા ફટકા નથી કે જે) ઘરડી ઉંમર અને તાવથી સહન કરવા પડે છે.

૯૭૫ તેની નબળાઈ પીધેલાની નબળાઇ જેવી છે, કારણ કે તેની નબળાઇમાં તે એક રૂસ્તમનો અદેખો છે.

૯૭૬ જો તે મરણ પામે તો તેનાં હાડકાંઓ (રૂહાનીયત) સોડમમાં ડુબેલાં છે, તેનાં દરેક રજકણો વહાલની ઇચ્છાના પ્રકાશનાં કિરણોમાં તરતાં રહે છે.

૯૭૭ **અને તે કે જેની પાસે પેલું "નૂર" નથી તે ફળ વગરની ફળવાડી છે કે જેને વસંતે ઉંધીચતી કરી છે.**

૯૭૮ ગુલાબો રહ્યાં નથી, (માત્ર) કાળા કાંટા રહ્યા છે, તે ફિકાં અને સુકા ઘાસના ભારાની માફક સત્વ વગરનો બને છે.

૯૭૯ ઓ ખુદા, મને નવાઇ લાગે છે કે પેલી ફળવાડીએ શું ગુન્હો કર્યો હતો કે આ (ખુબસુરત) પોષાકો તેની પાસેથી ઝુંટવી લેવામાં આવ્યા ?

૯૮૦ તેણે પોતાના તરફ જ ધ્યાન આપ્યું, અને અહંભાવ એક પ્રાણઘાતક ઝેર છે, ખબરદાર ઓ તું કે જેને ચકાસણીમાં મુકવાયો છે ?

૯૮૧ પ્રેમનો પ્રીતિપાત્ર માણસ કે જેના માટે જગત રોયું, જગત (હવે) પોતાની મેળે તેને પાછું ઢાંકે છે, તેનો ગુન્હો શું છે ?

૯૮૨ "ગુન્હેા એ છે કે તેણે એક ઉછીનેા શણગાર સજ્યેા હતેા અને ઢોંગ કર્યો કે આ પેાષાકેા તેના પેાતાના હતા ?

૯૮૩ અમેા તેને પાછા લઈએ છીએ એટલા માટે કે તે ખાત્રીપુર્વક જાણે કે ગંજી અમારી હતી અને રૂપાળાએા (માત્ર) છૂટીછવાઈ વસ્તુએા લેગી કરનાર છે.

૯૮૪ કે તે જાણે કે પેલા પેાષાકેા એક ધીરાણુ હતા. તે જીવાત્માના સૂર્યમાંથી એક કિરણુ હતા.

૯૮૫ પેલી (બધી) ખુબસુરતી અને શક્તિ અને સદ્‌ગુણુ અને જ્ઞાને અહીં સર્વોત્તમના સૂર્યમાંથી મુસાફરી કરી છે.

૯૮૬ તે પેલા સૂર્યનેા પ્રકાશ આ (શારિરીક) દિવાલેામાંથી, તારાઓની માફક ફરીવાર પાછેા ફરે છે.

૯૮૭ (જ્યારે) સૂર્યનું કિરણુ ઘરે પાછું ફર્યું છે ત્યારે દરેક દિવાલ અંધારી અને કાળી બાકી રહી ગઈ છે.

૯૮૮ તે કે જે તને સુંદર ચહેરાથી નવાઈ પમાડે છે તે ત્રણ રંગી કાચમાંથી (પ્રતિબિંબીત) સૂર્યનું 'નૂર' છે.

૯૮૯ જુદા જુદા રંગના કાચેા આના જેવા પેલા નુરના કારણે રંગીન દેખાય છે.

૯૯૦ જ્યારે ઘણા રંગના કાચેા રહ્યા નથી ત્યાર પછી રંગ વગરનું 'નૂર' તને અજાયબ બનાવે છે.

૯૯૧ કાચ વગર પેલા 'નૂર' ને જોવાની તારી આદત પાડ, એટલા માટે કે જ્યારે કાચ તુટી જાય ત્યારે (તારામાં) અંધાપેા ન આવે.

૯૯૨ તું (બીજાઓ પાસેથી) મેળવેલ જ્ઞાનથી સંતેાષાયેા છેા, તે તારી આંખ બીજાની બત્તીથી પ્રજ્વલીત કરી છે.

૯૯૩ તે પેાતાની બત્તી લઈ લ્યે છે કે તમેા જાણેા કે તમેા ઉછીનું લેનાર છેા, નહિ કે દેનાર.

૯૯૪ જે તમેાને મળ્યું તેનેા આભાર બુદ્ધા તરફ જો તમેાએ પ્રદર્શિત કર્યો અને (તેમ કરવામાં) સખત કેાશીષ કરી તેા (તેની નુકશાની અંગે) દિલગીર બનતેા નહિ, કારણ કે તે (બદલામાં) આવાં એક સેા ઇનામેા આપશે.

૯૯૫ પણ જો તેં આભાર માન્યેા નથી તેા અત્યારે લેાહીનાં (આંસુઓથી) રડ કારણ કે પેલી રૂહાનીયત ઉત્તમતાએ (અનુપકારી) થી વિદાયગીરી લીધી છે.

૯૯૬ તે (બુદ્ધા) અશ્રદ્ધાળુ લેાકેાનાં કાર્યો નાશ પામતાં બનાવે છે તે ઈમાનદાર લેાકેાની હાલત આબાદ બનાવતેા હેાય છે.

૯૯૭ અનુપકારી માણુસમાંથી તેની ઉત્તમતા અને જ્ઞાન અદ્રશ્ય થાય છે કે જેથી તે ફરીવાર કદી તેમની એકાદ નિશાની પણ જોતેા નથી.

૯૯૮ સબંધ કે સબંધહિનની તેની લાગણીઓ અને ઉપકાર એવી રીતે અદ્રષ્ય થાય છે કે જેને તે યાદ કરી શકતો નથી.

૯૯૯ કારણ કે આ નિમકહરામ, (શબ્દો) "તે તેઓના કૃત્યોનો વિનાશ કરાવે છે." (અર્થ દર્શાવે છે) દરેક જણમાંથી (દરેક) ઇચ્છીત વસ્તુનું તેની પાસેથી નાશી જવું કે જેણે (આ દુનિયામાં) પોતાની ઇચ્છાપૂર્ણ કરી છે.

૧૦૦૦ સિવાય કે કૃતજ્ઞ અને ઈમાનદાર કે જેઓની પુંઠે સદ્ભાગ્યમત છે.

૧૦૦૧ વહી ગએલું નશીબ (તેના ધરાવનાર ઉપર) શકિત ઇનાયત કરશે? તે ભવિષ્યનું સદ્ભાગ્યમત છે કે જે એક ખાસ સદ્ગુણ ઇનાયત કરે છે.

૧૦૦૨ (દૈવી હુકમની તાબેદારીમાં) "ઉછીનું આપો" આ (દુન્યવી) મિલ્કતમાં (ખુદા તરફ) એક ધીરાણ બનાવ, કે જેથી તું તારી નજર સમક્ષ એક સો પ્રારબ્ધો જુએ.

૧૦૦૩ તારા પોતાના ખાતર આ (ખાવું અને) પીવું થોડું ઓછું કરી નાખ, કે જેથી તું તારી સમક્ષ "કૌસર" ની કથરોટો મેળવીશ.

૧૦૦૪ તે કે જે ઇમાનદારીની જમીન ઉપર એક ઘુંટડો રેડશે તો શિકાર, પ્રારબ્ધ, તેની પાસેથી નાશી જવા શકિતમાન થશે?

૧૦૦૫ તે (ખુદા) તેઓનાં દિલોને ખુશ કરે છે, કારણ કે "તે તેઓની હાલતને વધુ આબાદ કરે છે" તેઓના વિનાશ બાદ તે તેઓની (દુન્યવી) મોજમજાહને ફરીને સ્થાપન કરે છે.

૧૦૦૬ (તે કહે છે), "ઓ મૃત્યુ, ઓ તુર્ક કે જેણે ચાલુ દુનિયાને લુંટી છે, આ આભારિતોમાંથી તેં જે પણ કાંઈ લઈ લીધું છે તે તેમને પાછું આપ."

૧૦૦૭ (તેઓ કહે છે,) અમો સુફી છીએ અને અમારાં શારિરીક ઝભ્ભાઓ ફગાવી દીધા છે, તેનો જુગાર રમી લીધા બાદ અમો તેને પાછા લેશું નહિ.

૧૦૦૮ અમોએ (ખુદામોંથી) બદલો જોયો છે અને (પછી) એક (દુન્યવી) બદલાને પાછો કેમ લઈએ? જરૂરીયાત અને ઇચ્છા અને વસ્તુ અમારી પાસેથી રવાના થઈ ગઈ છે."

૧૦૦૯ તે (મૃત્યુ) તેને પાછું આપે છે, (પણ) તેઓ તેને સ્વીકારશે નહિ કારણકે તેઓ ફનાયીયત જીવનના સામાનથી હળેલા બન્યા છે.

૧૦૧૦ અમો ખારા અને વિનાશક પાણીમાંથી બહાર નીકળ્યા છીએ અમોએ (બહિશ્તની) પવિત્ર મદિરા અને 'કૌસર'નો ઝરો મેળવ્યો છે.

૧૦૧૧ ઓ જગત, તે કે જે તેં બીજાને બતાવ્યું છે, અવિશ્વાસપણું અને કપટ અને વ્યથાકારક મગરૂરી,

૧૦૧૨ અમો વળતી વસુલાતમાં (તે બધી) તારા માથા ઉપર રેડીએ છીએ. કારણકે અમો (તારી વિરૂદ્ધ) લડાઈમાં પડવાવાળા શહીદો છીએ.

૧૦૧૩ (આ) યોગ્ય છે કે તને ખબર પડે કે પવિત્ર ખુદાને આવેશમય અને લડાયક ચાકરો છે.

૧૦૧૪ (કે જેઓ) દુન્યવી પાખંડની દૈમુછને તોડી લ્યે છે અને (વી) મદદના બાંધફામ ઉપર પોતાનો તંબુ ખોડે છે.

૧૦૧૫ આ શહિદો નવેસરથી લડવૈયા બન્યા છે. આ બધી વાતોએ એક ફરીવાર વિજય મેળવ્યો છે.

૧૦૧૬ તેઓએ શુન્યમાંથી ફરીવાર પોતાનાં માથાં ઉંચે ઉચક્યાં છે, કહે, જો તું જન્મથી આંધળો ન હો તો અમોને નિહાળ.

૧૦૧૭ કે તમો જાણો કે શુન્યમાં ઘણા સુર્યો છે, અને કે જે અહીં સુરજ છે તે પેલી પાર માત્ર એક નાનો ગ્રહ છે.

૧૦૧૮ ઓ મારા ભાઈ, શુન્યમાં અસ્તિત્વ કેમ હોય ? વિરોધી વિરોધીમાં કેમ છુપાએલ હોય ?

૧૦૧૯ "તે મરેલામાંથી જીવતાને બહાર લાવે છે" જાણ કે તેની બંદગી કરનારાઓને પેલીપારની દુનિયામાંથી બદલો મળનાર છે.

૧૦૨૦ વાવનાર કે જેનો કોઠાર ખાલી છે, તે શુન્યની આશામાં આનંદી અને સુખી નથી.

૧૦૨૧ એટલે કે (આશામાં કે) પેલો (પાક) શુન્યના સ્થળમાંથી ઉગશે ? (આ) સમજ જો તું (રૂહાનીયત) વાસ્તવિકતાથી સજાગ હો ?

૧૦૨૨ પળેપળ તમો શુન્યમાંથી સમજણ અને (રૂહાનીયત) જ્ઞાન અને શાંતી અને ભલાઈ મેળવવાની ધારણા રાખો છો.

૧૦૨૩ આ શુઠાર્થ ખુલ્લું કરવાની રજા નથી, નહિતર હું અખાત્રને બગદાદમાં ફેરવી નાખત.

૧૦૨૪ પછી, શુન્યતા ખુદાનું કારખાનું છે કે જેમાંથી તે ચાલુ રીતે બક્ષિશો પેદા કરે છે.

૧૦૨૫ ખુદા નવસર્જક છે, અને એક નવસર્જક તે છે જે મુળ (મુળભૂત સિદ્ધાંતો) વગર એક ડાળી (નિષ્પન્ન વસ્તુ) પેદા કરે છે.

ખરેખરી અસ્તિત્વની) દુનિયા કે જે શુન્ય દેખાય છે અને દુનિયા (ખરેખરી) શુન્ય છે કે જેનું અસ્તિત્વ દેખાય છે, તેની રૂપક કથા.

૧૦૨૬ તેણે (ખુદાએ) શુન્યને અસ્તિત્વ અને ખુબસુરત દેખાતું બનાવ્યું છે. તેણે અસ્તિત્વને શુન્યના રૂપમાં દેખાતું બનાવ્યું છે.

૧૦૨૭ તેણે સમુદ્રને સંતાડયો છે અને ફીણને દ્રષ્યમાન બનાવેલ છે, તેણે પવનને સંતાડેલા છે અને તને ધુળ દેખાડી છે.

૧૦૨૮ ધુળ હવામાં એક મિનારા જેટલી ઉંચાઇએ ચકરાવો લ્યે છે, ધુળ પોતાની મેળે ઉંચે કેમ ચડી શકે ?

૧૦૨૯ ઓ નજરના નમાલા, તું ધુળને ઉપર જુએ છે, પવનને જોતો નથી સિવાય કે અનુમાનથી આપેલા જ્ઞાન થકી.

૧૦૩૦ તું ફીણને દરેક દિશામાં હાલતાં જુએ છે. સમુદ્ર સિવાય ફીણને ફરવાની શક્તિ હોતી નથી.

૧૦૩૧ તું ઇન્દ્રિયની સમજણથી ફીણ અને અનુમાનથી સમુદ્ર જુએ છે. વિચાર ગુપ્ત છે, વાણી પ્રગટ.

૧૦૩૨ આપણે નકારાત્મકને હકારાત્મક બનેલું જોઈએ છીએ. આપણને એક આંખ હતી કે જેણે (માત્ર) શુન્ય જોયું.

૧૦૩૩ આંખ કે જે ઘસઘસાટ ઉંઘની હાલતમાં અસ્તિત્વમાં આવી તે શુન્ય અને આભાસ સિવાય બીજું શું જોઈ શકવાને શક્તિમાન બને.

૧૦૩૪ અનિવાર્યપણે આપણે ભુલથી બેગાના બન્યા છીએ, જ્યારે કે વાસ્તવિકતા સંતાએલી હતી અને આભાસ દ્રષ્યમાન હતો.

૧૦૩૫ તેણે (ખુદાએ શા માટે) આ નિસ્તીને સંપૂર્ણ દ્રષ્યમાન બનાવી અને શા માટે તેણે પેલા વાસ્તવિકને દ્રષ્ટિમાંથી ગુપ્ત રાખી?

૧૦૩૬ વખાણ (તારાજ) છે, જાદુના આ ખલનાયક કે જેણે જેઓ સત્યથી વેગળા ગયા તેમણે કીટને ચોકખી (મદિરા) જોતી બનાવી.

૧૦૩૭ જાદુગરો વેપારીની હાજરીમાં ચંદ્રમાના પ્રકાશને જલ્દીથી માપે છે અને નફા તરીકે સોનું મેળવે છે.

૧૦૩૮ (જ્યારે) આ જાતની કપટમય છેતરપીંડીઓથી તેઓ નાણું લઈ જાય છે, ત્યારે ખરીદનારના હાથમાંથી નાણું ચાલ્યું ગયું છે (પણ) રેશમ નજરે પડતું નથી).

૧૦૩૯ આ દુનિયા એક જાદુગર છે અને આપણે વેપારીઓ છીએ કે જે તેની પાસેથી ચંદ્રમાના કિરણો ખરીદીએ છીએ.

૧૦૪૦ જાદુગરની માફક તે ઉતાવળથી પાંચસોવાર લીલન ચંદ્રમાના કિરણોના પ્રકાશમાં ગજથી ઉતાવળથી માપી કાઢે છે.

૧૦૪૧ (છતાં) ઓ ગુલામ, જ્યારે તે પૈસા (કે જે) તારૂં જીવન છે તે લ્યે છે, ત્યારે પૈસા ચાલ્યા ગયા છે. રેશમ નથી અને તારી કોથળી ખાલી છે.

૧૦૪૨ તારો (આયાત) પડવી જોઈએ, કહે, "હું (તારી) પનાહ લઉં છું" ભુમ પાડી કહે, "ઓ (તું કે જે) એક છો, આવા જાદુઓમાંથી મને બચાવ, અને તેઓની ગાંઠોમાંથી (મને છોડાવ)."

૧૮૪૩ આ જાદુગરો ગાંઠો ઉપર યંત્રો કુંકે છે, મદદ કર, ઓ તું કે જેની મદદ (દુનિયાની) જીત અને પ્રતિસ્પર્ધી વિરૂદ્ધ યાચવામાં આવે છે.

૧૦૪૪ ઓ માનવંતા માનવ, આમાલોની જીભ થકી પણ મદદની વિનંતી કર, કારણ કે શબ્દોની જીભ નબળી છે.

૧૦૪૫ તારી સાથે દુનિયામાં ત્રણ સાથી મુસાફરો છે, એક વિશ્વાસુ અને આ બીજાઓ વિશ્વાસઘાતી છે.

૧૦૪૬ (પાછળનો એક) દોસ્ત છે, અને બીજો સરસામાન અને જંગમ મિલકત છે અને ત્રીજા (સાથી મુસાફર) વિશ્વાસુ છે, અને તે એક કાર્યમાં સર્વોત્તમ છે.

૧૦૪૭ તારી દોલત તારા મહેલોમાંથી તારી સાથે બહાર કોઇ આવશે નહિ. ફક્ત (તારો) દોસ્ત આવશે, પણ તે તારી કબર જેટલા સુધી જ (માત્ર) આવશે.

૧૦૪૮ જ્યારે મૃત્યુનો દિવસ તને મળવા આવશે ત્યારે તારો દોસ્ત પોતાના મનમાં તારા માટેની લાગણી, અનુસારની ભાષામાં કહેશે.

૧૦૪૯ "(હું) અહીં દુર સુધી આવ્યો છું, આનાથી વધુ દુર તારો સંગાથ નહિ કરું, થોડીવાર માટે તારી કબર પાસે હું ઉભો રહીશ."

૧૦૫૦ (માત્ર) તારા આમાલો જ વિશ્વાસુ છે, તારો આશરો તેમને બનાવ, કારણ કે તેઓ કબરની ઊંડાઈઓ સુધી તારી સાથે આવશે.

હ. મુહમ્મદ (ર. સ. અ.)ની હદીસ ઉપર વિવરણ. (તમને) એક સુપરિચિત મિત્ર કે જે જીવતો હોય તેની, તમારી સાથે દટાએલો હોય તેની જરૂરત પડશે કે જેની સાથે તમો દટાએલા છો. જ્યારે તમો મરેલા હો, ત્યારે જો તે ઉદાર હશે તો તે તમારી સાથે ઉદારતાથી વર્તશે. અને જો તે નીચ હશે તો તે તને તજી દેશે, પેલો પરિચિત મિત્ર તારા આમાલ છે. બની શકે તેટલા આમાલને સાચા બનાવ." ખુદાનો સંદેશક સાચું બોલ્યો.

૧૦૫૧ તેથી હ. પયગમ્બર સાહેબે કહ્યું, "આ રસ્તા ઉપર ચકરાવાના ઇરાદા માટે આમાલો કરતાં વધુ વિશ્વાસુ દોસ્ત બીજો કોઈ નથી."

૧૦૫૨ જો તેઓ ભલા હશે તેઓ તમારા દોસ્તો હંમેશ માટે બનશે અને જો તેઓ દુષ્ટ હશે તો તેઓ તારી કબરમાં એક સરપ જેવા બનશે.

૧૦૫૩ તો પછી, ઓ બાપ, એક 'રાહનુમા' વગર આ 'સત્યપંથ'માં આ કામ અને લાભ કેમ મેળવીશ ?

૧૦૫૪ આ દુનિયામાં હલકામાં હલકો વ્યવસાય ચાલી રહ્યો છે, શું તે કદી 'રાહનુમા'ની દોરવણી વગર કરવામાં આવે છે ?

૧૦૫૫ તેની શરૂઆત જ્ઞાન છે. પછી આમાલ (તેને અનુસરે) કે તે થોડા વખત બાદ અથવા મૃત્યુ બાદ તેનાં ફળ ઉત્પન્ન થાય.

૧૦૫૬ ઓ સમજશક્તિના ધરાવનાર, ચાલાકીઓ (મેળવવામાં) એક ઉદારાત્મા અને સાચા પારંગત (રૂહાની રાહબર) પાસેથી મદદ માગ.

૧૦૫૭ મારા ભાઈ, મોતીની છીપમાંથી મોતી શોધ અને પારંગત પાસેથી કારીગરી જ્ઞાન શોધ.

૧૦૫૮ જો તમો વિશ્વાસુ (રૂહાનીયત) સલાહકાર જુઓ (તેમની સાથે) સારી રીતે વર્તો, તેમના શિક્ષણ માટે આતુર રહેજો, ઉદ્ધતાઈ બતાવતા નહીં.

૧૦૫૯ જો માણસ ચામડાં કેળવવાના (કામકાજમાં લાગેલો) થીગડાવાળું કપડું પહેરે, તો પણ (તેના વેપારની) કળામાંથી નિપૂણતા ઓછી કરશે નહિ.

૧૦૬૦ જ્યારે હવા કુંકતી વખતે લુહાર જો ફાટેલો કોટ પહેરે ત્યારે લોકોની આંખમાં તેની આબરૂ ઓછી થતી નથી.

૧૦૬૧ તેથી તારી કાયા ઉપરથી અહંકારનું કપડું ઉતારી નાખ, શિક્ષણ લેવામાં માનવતાનો પોષાક પહેરી લે.

૧૦૬૨ જો તમારે (અનુમાનને લગતું) જ્ઞાન શીખવું છે તો તે (મેળવવાનો) રસ્તો મૌખિક છે, જો તમારે એક હુન્નર શીખવો છે તો તે (મેળવવાનો) રસ્તો તેને કાર્યમાં મુકવાનો છે.

૧૦૬૩ જો તમારે (રૂહાનીયત) ગરીબીની ઇચ્છા છે, તો (રૂહાનીયત રાહબરની) મૈત્રી ઉપર અવલંબીત છે, તારી જીભ કે તારા હાથની મદદથી નહિ.

૧૦૬૪ આત્મા તેના પરમઆત્મા (રૂહાની માબાપ)માંથી જ્ઞાન મેળવે છે, જીભ કે કિતાબના રસ્તાથી નહિ.

૧૦૬૫ જો પેલી (રૂહાનીયત ગરીબાઇનાં) ગુઢાર્થો રાહબરીના દિલમાં છે, તો ગુઢાર્થનું જ્ઞાન હજી સુધી રાહબરીએ મેળવેલ નથી.

૧૦૬૬ તેના દિલના વિસ્તાર (રોશની) સુધી રાહ જોવા દો, "નૂર" થી ભરેલો બનાવશે પછી ખુદાએ કહ્યું, "શું અમે વિસ્તાર કર્યો ન હતો ?"

૧૦૬૭ કારણ કે અમોએ તને તારા દિલમાં વિસ્તાર (રોશની) આપેલ છે. અમોએ તારા તારા દિલમાં વિસ્તાર મુકયો છે.

૧૦૬૮ તું હજી સુધી તે બહારથી શોધે છે, તું દુધનું એક સ્થાન છો, તું બીજા પાસેથી દુધ કેમ મેળવે છે ?

૧૦૬૯ તારામાં દુધનો રોશનીમય ઝરો છે, તો પછી શા માટે તું બાલદીમાંથી દુધ શોધે છે ?

૧૦૭૦ ઓ સરોવર, તને સમુદ્ર સુધીની એક નહેર બાબોચીયામાં પાણી મેળવવા માટે શરમાતો બ.

૧૦૭૧ કારણ કે "શું અમે વિસ્તાર્યું" ન હતું. "ફરીવાર, તને વિસ્તાર હતો નહિ ? વિસ્તારનો એક શોધક અને એક ભિક્ષુકનો શોધનાર તું કેમ બન્યો છે ?

૧૦૭૨ તમારામાંના દિલના વિસ્તાર વિષે કાળજીપુર્વક વિચાર કરો, રખેને ત્યાં ઠપકો મળે, "શું તમે જોતા નથી. "શું તમે જોતા નથી ?"

અને તે તમારી સાથે છે"નું વિવરણ

૧૦૭૩ તારા મોંથાના મુગટ ઉપર રોટલાઓ ભરેલો એક થેલો છે, અને તું દરવાજે દરવાજે રોટલાના એક ટુકડા માટે ભીખ માગે છે ?

૧૦૭૪ તારા પોતાના માથા તરફ ધ્યાન દે, અસ્થિર મગજ છોડી દે, જાઓ, તારા દિલના દરવાજાને ખખડાવ, શા માટે તું દરેક દરવાજો ખખડાવે છે?

૧૦૭૫ જ્યારે તમો ઘુંટણ સુધી નદીના પાણીમાં છો, તમો પોતે તમારાથી બેધ્યાન છો અને આ એક અને પેલા એકમાંથી પાણી શોધો છો,

૧૦૭૬ આગળ અને પાછળ પણ પાણી, એક અખૂડ પાણીનો જથ્થો (પણ) અને તમારી આંખો સમક્ષ એક "અડચણ છે" અને "તેઓની પાછળ એક અડચણ છે"

૧૦૭૭ ઘોડો (સવારના) સાથળની નીચે છે, અને ઘોડેસ્વાર ઘોડો શોધે છે. (જ્યારે પુછ્યું) આ શું છે? તે કહે છે, એક ઘોડો, પણ ઘોડો કયાં છે?

૧૦૭૮ અરે, તારી નીચે શું આ ઘોડો નથી, જોવામાં સ્પષ્ટ નથી? "હા" તે કહે છે, "પણ કોણે કદી એક ઘોડો, જોયો?"

૧૦૭૯ તે (આના જેવો) પાણીની તરસે દીવાનો છે, તે (પાણી) તેના ચહેરાની સામે જ છે, તે પાણીમાં છે અને વહેતા પાણીથી બેખબર.

૧૦૮૦ સમુદ્રમાં મોતીની માફક, તે કહે છે, "સમુદ્ર કયાં છે?" અને પેલો છીપ જેવો આભાસ તેની દિવાલ (અડચણ)

૧૦૮૧ તેનું કહેવું "કયાં?" તેના માટે એક પડદો બને છે, સુર્યના કિરણો ઉપર તેના માટે તે એક વાદળું બને છે.

૧૦૮૨ તેની (વાસનામય) બરાબ આંખ તેની (આંતરિક) આંખ) ઉપર એક પાટો છે, અડચણ હટાવવાની (સજાગતા જ) તેની એક અડચણ બને છે.

૧૦૮૩ પોતાના (ખુદનું) સજાગપણું તેના (આંતરિક) કાનનો ડાટો બન્યો છે તારું (સઘળું) ધ્યાન (માત્ર) ખુદા તરફ દોરેલું રાખ, એ તું કે જે તેનામાં બેગાનો છે.

હ. મુહમ્મદ (ર.સ.અ.) ની હદિસ ઉપર વિવરણ. "જે કોઈ પણ પોતાની ચિન્તાઓ એક ચિન્તા બનાવશે, ખુદા તેને બધી ચિન્તાઓથી મુક્ત બનાવશે અને હરકોઈ તેની ચિન્તાઓથી વિચલિત થયો છે, ખુદા કઈ ખીણમાં તેનો નાશ કરે છે તેની ચિન્તા કરશે નહિ,

૧૦૮૪ તેં તારું ધ્યાન (બધી) દિશાઓમાં વહેંચી નાખેલ છે, પેલી મોહજળો એક લીલા છોડ જેટલી પણ કીંમતી નથી.

૧૦૮૫ સાંભળ, પેલી સુકેલ ડાળી કાપી નાખ, તેને નસીબ પર છોડી દે, આ લીલી ડાળીને પાણી પા, તેને તાજી કર.

૧૦૮૫ દરેક કાંટાળાં મુળ તારા ધ્યાનનું પાણી (પોતા તરફ) ખેંચે છે, તારા ધ્યાનનું પાણી ફળને કેમ પહોંચશે?

૧૦૮૭ આ (ચાલુ) વખતે બન્ને લીલી છે, (પણ) છોડો જો (અને) જો કે આ એક શુન્યમાં પરિણમશે (જ્યારે) પેલી એકમાંથી ફળ ઉગશે.

ઘોડો કયાં?
સમજ કયાં?

૧૦૮૮ ફૂળવાડીમાંનું પાણી આ એકને કાયદાસર છે, પેલી એકને તે (ગેર-કાયદે) છે, અને તું ફેરફાર જોઇશ અને (તેથી) છેલ્લી સલામ.

૧૦૮૯ ન્યાય શું છે? વૃક્ષોને પાણી આપવું. અન્યાય શું છે? કાંટાઓને પાણી પાવું,

૧૦૯૦ તેની યોગ્ય જગ્યાએ ઇનાયત કરવામાં ઇન્સાફ (સમાએલ છે) નહિ કે દરેક મુળ કે જે પાણી ચુસશે,

૧૦૯૧ ગેરઇન્સાફ શું છે? તેને અયોગ્ય જગ્યાએ ઇનાયત કરવું કે જે માત્ર તકલીફનું મુળ બની શકે.

૧૦૯૨ ખુદાની બક્ષિસ આત્મા અને સમજણ ઉપર ઇનાયત કર, નહિ કે બિમારી અને મુશ્કેલીઓથી ભરેલ વાસનામય પ્રકૃતિ ઉપર.

૧૦૯૩ (દુન્યવી) ચિંતાઓનો ભાર તારી કાયા ઉપર લાદી દે, તારી વ્યાધિઓ દિલ અને આત્મા ઉપર લાદતો નહિ.

૧૦૯૪ ગાંસડો ઇસા (આત્મા) ના માથા ઉપર મુકેલ છે (જ્યારે) ગધેડો (કાયા) ચરાણમાં ગેલથી કુદાકુદ કરે છે.

૧૦૯૫ કાનમાં આંજણ મુકવું તે યોગ્ય નથી, દિલનું (આત્મા) નું કામ કાયા પાસેથી માગવું તે યોગ્ય નથી.

૧૦૯૬ જો તમો એક દિલના ભાવિક છો તો જાઓ, (દુનિયાની) ઉપેક્ષા કરો, (તેઓની) અવજ્ઞા સહન કરો નહિ, અને જો તમો કાયાના (ભાવિક) છો, સાકર ખાતા નહિ, પણ ઝેરને ચાખ્યા કરો.

૧૦૯૭ ઝેર કાયાને લાભકારી અને સાકર નુકશાનકારક છે. વધુ બહેતર છે કે કાયાને પુરવઠાથી વંચિત બનાવાય.

૧૦૯૮ કાયા દોજખનું બળતણ છે, તું જરૂર તેને નબળી બનાવ, અને જો તે એક નવા બળતણનો વિકાસ કરે તો જા, તેનો નાશ કર.

૧૦૯૯ નહિતર, ઓ (તું કે જે) બળતણનું લાકડું છો, તું બન્ને દુનિયામાં "બળતણના લાકડાનો એક ઉઠાવનાર બનીશ."

૧૧૦૦ 'સિદ્રા' ની ડાળીને બળતણથી (જુદી સમજવાનું) જાણી લે, જો કે ઓ યુવાન, બન્ને લીલી છે.

૧૧૦૧ પેલી ડાળીનું અસલ સાતમું આસમાન છે, આ ડાળીનું અસલ અગ્નિ અને ધુમાડામાંથી છે.

૧૧૦૨ તેઓ ઇન્દ્રિયની પરખમાં દેખાવે સરખા છે કારણ કે આંખ અને ઇન્દ્રિયની પરખની ટેવ ખોટી રીતનું જુએ છે.

૧૧૦૩ (પણ) તે ભેદભાવ દિલના (આત્માની) આંખથી દેખી શકાય છે, પોતાને ક્રિયાશીલ બનાવ, પેલો એક કે જેના સાધનો ઓછાં છે તેની પ્રવૃત્તિ સાથે દિલ (આત્મા)

૧૧૦૪ અને જો તને પગ (સાધન) નથી (છતાં) ખુદને ખબરદાર કર કે તું દરેક વધઘટ નિહાળે.

કુરાને મજીદની નીચલી આયાત ઉપર, "જો તું રસ્તા ઉપર ચાલીશ, રસ્તો તને છતો બનશે, અને જો તું નિસ્તી બનીશ (અરેબરી) હસ્તિ તારા ઉપર નવાજીશ થશે."

૧૧૦૫ જો કે ઝુલેખાંએ દરેક દિશાના દરવાજાઓ બંધ કર્યા, છતાં હ. યુસુફ (અ. સ.) પોતાને તત્પર કરતાં (સલામતીમાં) પાછા ફર્યા.

૧૧૦૬ તાળું દીધેલું અને ઓરડો ખુલ્લો અને (બહારનો) રસ્તો દેખાણો, જ્યારે હ. યુસુફ (અ. સ.) એ ખુદામાં વિશ્વાસ મુકયો ત્યારે તેઓ નાશી ગયા.

૧૧૦૭ જો કે દુનિયાને દ્રષ્યમાન (અસ્તિત્વના સાધનો) નથી, (છતાં) દરેકે હ. યુસુફ (અ. સ.) ની માફક (આમતેમ) દોડવું જોઇએ.

૧૧૦૮ એટલા માટે કે તાળું ખુલે અને રસ્તાનો દરવાજો સ્પષ્ટ બને અને શુન્યતાનો પ્રદેશ તારી રહેવાની જગ્યા બને.

૧૧૦૯ ઓ દુખિયારા, તું દુનિયામાં આવે છે, શું તું આવવાનો રસ્તો જાણે છે? નહિ.

૧૧૧૦ તું અમુક ચોક્કસ જગ્યાએથી અને રહેઠાણેથી આવ્યો, તું તારો આવવાનો રસ્તો જાણે છે? નહિ.

૧૧૧૧ જો તું જાણતો નહોતો (છતાં) પણ રસ્તો નથી એમ કહેતાં ખબરદાર રહેજે. આ રસ્તા વગરના રસ્તાથી આપણે બધા છુટા પડશું.

૧૧૧૨ તમો સ્વપ્નામાં ડાબી અને જમણી બાજુ ખુશીથી ભટકો છો, શું તમને કોઈ જ્ઞાન છે કે પેલી જગ્યાએ પહોંચાડતો પેલો રસ્તો તે જ છે?

૧૧૧૩ પેલી (વાસનામય) આંખ બંધ કરો અને પોતાને હવાલે કરી દે, તમો પોતે પોતાનો અસલ રસ્તો શોધી શકશો.

૧૧૧૪ તમો (તમારી) (વિષયાસકત) આંખ કેમ બંધ કરશો જ્યારે આ દિશામાં એક સો મોહમયી આંખો તમારી આંખ ઉપરના એક પાટા માફક છે કારણ કે (તેમની સાથે) તમારો મોહ છે.

૧૧૧૫ એક ખરીદદાર (પ્રશંસક) હોવાના પ્રેમમાં, તું તારી ચારેય આંખોથી પ્રખ્યાતી અને આગેવાની મેળવવાની આશામાં જોતો હોય છે.

૧૧૧૬ અને જો તમો ઉંઘમાં પડો છો તો તમો તમારા સ્વપ્નામાં એક ખરીદનાર (પ્રશંસક) જુઓ છો, દુષ્ટ પ્રકૃતિનું ઘુવડ જંગલ સિવાય બીજું શું જોશે?

૧૧૧૭ દરેક પળે તું એક પ્રશંસક (તારી સમક્ષ) વખાણ કરતો ઇચ્છે છે, વેચવાની કઈ વસ્તુ તારી પાસે છે? કાંઇ જ નહિ, કાંઈ જ નહિ.

રહુબરના જો તે દેશ - રહબરના રસ્તા વગરના રસ્તાથી જુદા પડશું.

૧૧૧૮ જો તારા દિલને (કાંઇપણ) રૂહાનીયત રોટલો અથવા નાસ્તો હોત, તો તે (સંસારી) ખરીદનારા માટેની ઇચ્છાથી મુક્ત બન્યું હોત.

પુરૂષ કે જેણે પયગમ્બર હોવાનો દાવો કર્યો તેની કહાણી. તેઓએ તેને કહ્યું, "તેં શું બાધું છે કે તમો બેગાના બન્યા છો અને નકામી વાત કરો છો?" "તેણે જવાબ આપ્યો," જો મને કાંઈપણ આવાનું મળ્યું હોત તો હું બેગાનો બન્યો ન હોત અને વૃથા વાતચીત કરી ન હોત, કારણ કે જ્યારે જ્યારે તેઓએ લોકો કે જેઓ સાંભળવાને લાયક ન હતા તેમને સારા શબ્દો કહી બોલાવ્યા ત્યારે તેઓએ નકામી વાતો કરી, જો કે તેઓ (નબીઓ) (દૈવી) હુકમથી આવી વાતો કરતા હતા.

૧૧૧૯ અમુક માણસ કહેતો હતો, "હું એક પયગમ્બર છું. હું બધા પયગમ્બરોથી ચડીયાતો છું."

૧૧૨૦ તેઓએ તેની ગરદન બાંધી અને બાદશાહ આગળ લઈ ગયા, કહે, "આ માણસ કહે છે કે તે ખુદાએ મોકલાવેલો પયગમ્બર છે."

૧૧૨૧ લોકો તેની આજુબાજુ કીડીઓ અને તીડની માફક ભેગા થયા હતા, ઘુમ પાડતા હતા, "આ કેવો પ્રપંચ અને ઉદ્ધતાઈ અને ફાંસો છે?

૧૧૨૨ જો તે કે જે શુન્યના પ્રદેશમાંથી આવે છે તે એક પયગમ્બર છે તો અમો બધા નબીઓ અને (રૂહાનીયત કિર્તીમાં) મહાન છીએ.

૧૧૨૩ અમો (પણ) પેલી જગ્યામાંથી અજાણ્યાઓ માફક અહીં આવ્યા છીએ. એ સુરિક્ષિત, શા માટે તમને (નબીપણાથી) વિભુશીત કરેલ છે?"

૧૧૨૪ (તેણે જવાબ આપ્યો)," તમો એક સુતેલા બચ્ચાની માફક આવ્યા નથી? તમો રસ્તા અને અંતિમ મુકામના અજાણ્યા છો.

૧૧૨૫ તમારા જુદા જુદા તબક્કાઓ સુતેલી અને બેહોશીની હાલતમાં પસાર થાય છે, રસ્તા અને તેના ઉપર નીચેના રસ્તાથી બેભાન,

૧૧૨૬ (પણ) અમો (પયગમ્બરો) જાગૃતીમાં બહાર પડ્યા અને પાંચ (ઇન્દ્રિઓ) અને છની (આ દુનિયાની) છ દિશાઓની પેલી પારથી સજાગ છીએ.

૧૧૨૭ ઉદ્ગમસ્થાન અને પાયામાંથી (બધા) તબક્કાઓ જોઈ લીધાથી, અનુભવ મેળવેલા અને (ઉમદા) રાહનુમાની માફક રસ્તો જાણતા,"

૧૧૨૮ તેઓએ બાદશાહને કહ્યું "રિબામણી ઉપર તેને કષ્ટ આપો કે આ જાતનો માણસ (ફરીવાર) કદીપણ આવા શબ્દો ઉચ્ચારે નહિ."

૧૧૨૯ બાદશાહે જોયું કે તે ઘણો પાતળો અને અસ્થિર હતો કે જેથી આવો દુર્બળ માણસ એકાદ ફટકાથી મરણ પણ પામે.

૧૧૩૦ (તેણે પોતાના મનમાં વિચાર્યું) "તેને મારવો કે રંજાડવો કેમ શક્ય છે? જ્યારે કે તેની કાયા એક કાચ જેમ નિર્બળ છે?

૧૧૩૧ પણ હું તેની સાથે માયાળુપણે બોલીશ, "અને કહે" શા માટે તમો આ ઉંચા દરજ્જાની બડાઈ મારો છો?"

૧૧૩૨ કારણ કે અહીં સતામણી કાંઈ ઉપયોગની નથી, માયાળુપણું જ છે કે જેથી એક સરપ દરમાંથી પોતાનું માથું ઉંચું કરે છે.

૧૧૩૩ તેણે પોતાની આજુબાજુમાંથી લોકોને દુર કર્યા, બાદશાહ એક દયાળુ માણસ હતો, તેનો રસ્તો દયામય હતો.

૧૧૩૪ પછી તેણે તેને બેસવાની વિનંતી કરી અને તેના રહેઠાણની જગ્યાને લગતી હકીકત પુછી, કહે, "તમારો આજીવીકા અને રહેઠાણના સાધનો કયાં છે?"

૧૧૩૫ તેનો જવાબ આપ્યો, "ઓ બાદશાહ, હું શાંતીના ધામનો રહેવાસી છું. હું રસ્તામાંથી આ ઠપકાપાત્ર રહેઠાણે આવ્યો છું.

૧૧૩૬ મને ઘર કે સાથીદારો કંઇ જ નથી. એક મચ્છીએ જમીન ઉપર કયારે ઘર બનાવ્યું છે?"

૧૧૩૭ ફરીવાર બાદશાહે જવાબ આપ્યો, મશ્કરીના રૂપમાં કહે, "તમોએ કયો ખોરાક બાધો છે અને સવારના ભોજનમાં તમોએ શો ખોરાક લીધો હતો?

૧૧૩૮ તમોને ભુખ લાગી છે? પ્હો ફાટતાં તમોએ કયો ખોરાક બાધો છે કે તમો મદહોશ અને બડાઇખોર અને શોર મચાવો છો?"

૧૧૩૯ તેણે જવાબ આપ્યો "જો મારી પાસે પછી ભલેને સુકો કે ભીનો રોટલો હોત તો પછી હું પયગમ્બરીનો દાવો કેમ કરત?

૧૧૪૦ આ લોકોની વચ્ચે પયગમ્બર હોવાનો દાવો કરવો તે એક પર્વતમાંથી એક દિલ શોધવા બરાબર છે."

૧૧૪૧ કદી કોઇએ પણ પહોડો અને ખડકોમાંથી બુદ્ધિ અને દિલ શોધ્યાં નથી. (તેમનામાંથી) કદી કોઇએ સમજણ અને મુશ્કિલ મુદ્દાના વિવરણની સુઝ શોધી નથી.

૧૧૪૨ તમો જે પણ કાંઈ કહેશો પર્વત તેવોજ જવાબ આપશે. તે એક ઉપહાસ કરનારાની માફક ઠેકડી ઉડાડશે.

૧૧૪૩ આ જનતા અને (દૈવી) સંદેશા વચ્ચે કયો સબંધ હસ્તિ ધરાવે છે, એક નિર્જીવ વસ્તુમાંથી (કહાની) જીવનની કોણ આશા રાખી શકે?

૧૧૪૪ જો તમો સ્ત્રી પાસે સોનાને લગતો સંદેશો લાવો તો તેઓ પોતાના સોના સહિત પોતાનું માથું તમને નમાવશે.

૧૧૪૫ (એક સંદેશો), "એક પ્રિયતમા ફલાણી ફલાણી જગ્યાએ તને (આવવાનું) આમંત્રણ આપે છે. તેણી તારી સાથે પ્રેમમાં છે, તેણી તને ઓળખે છે."

૧૧૪૬ પણ જો તમો તેની પાસે મધ જેવો ખુદા પાસેથી સંદેશો લાવશો, "ખુદા તરફ આવો, એ તું કે જેને (તેની સાથે) સારી સમજુતી છે."

૧૧૪૭ મૃત્યુલોકમાંથી (અનંત) આબ્જીવીકા તરફ જાઓ, જ્યારે કે અમર જીવન શકય છે, નાશ પામતો બન નહિ."

૧૧૪૮ તો તેઓ તારૂં લોહી વહેવડાવવું શોધશે, અને તારૂં માથું ઉતારી લેશે, ક્રોધના ભાવાવેશમાં અને (રૂહાની) ઉન્મત્તતા માટે નહિ. (ઉતારે)

અધમને સમજણ સાથે દુશ્મની શા માટે છે અને ખુદાના ઔલીયાઓથી વિમુખતામાં રહે છે (કે જે ઔલીયાઓ) તેમને ખુદા તરફ અને અમર જીવનના જળ તરફ બોલાવે છે.

૧૧૪૯ નહિ, પણ સંસાર અને સંસારી માલ-મિલકત તરફ તેમના વળગી રહેવાના કારણે, (નબીઓએ આપેલા) આ ખુલાસાઓ સાંભળવા તેમને કડવા લાગે છે.

૧૧૫૦ (ધારો કે) એક ચીંથરૂં ગધેડાના ભાઠા ઉપર સખત ચોંટી ગયું છે, જ્યારે કટકે કટકે તમો તેને ઉખેડવાનું ઇચ્છો છો.

૧૧૫૧ ત્યારે ગધેડો, (તેને થતા દુઃખના) કારણે તે ચોક્કસ લાત મારશે, સુખી માણસ (તે છે) કે જે તેને દુઃખના (અડકવામાંથી) વંચિત રહે.

૧૧૫૨ ખાસ કરીને (જ્યારે કે ત્યાં) પચાસ ભાઠાં છે, દરેકની બાબતમાં તેના મથાળે એક ભીનું થીંગડું ચોંટી ગયું છે.

૧૧૫૩ મકાન અને માલમિલકત થીગડા જેવી છે અને આ (તારી) કંજુસાઇ થીગડું છે, જેમ વધુ કંજુસાઇ તેમ વધુ મોટું ભાડું.

૧૧૫૪ ઘુવડનું ઘર અને માલમિલકત નિર્જન પ્રદેશ જ છે, તે (ઘુવડ) બગદાદ અને તબઝનું વર્ણન સાંભળશે નહિ.

૧૧૫૫ બાદશાહી નગરીનું સંપૂર્ણ વર્ણન અને ફળવાડીઓ અને નદીઓ, પછી એક સો દુશ્મનો તેના તરફ ટોણાં મારશે.

૧૧૫૬ જો એક બાદશાહી બાજ રસ્તા પરથી આવે અને આ ઘુવડોને બાદશાહના એક સો અહેવાલો આપે.

૧૧૫૭ કહે, બાજ શું લાવ્યો છે? એક જુની વાર્તા, તે ખોટા ગર્વના અને શેખીના શબ્દો પઢયો છે.

૧૧૫૮ (તે) તેઓ છે કે જેઓ વૃદ્ધ અને અનંતકાળના સડેલા છે, નહિતર (તેઓ જાણત કે) (નબીઓની પ્રેરણાની) ફુંકો ઘરડાને યુવાન બનાવે છે.

૧૧૫૯ તે જુના મરેલા (આત્માઓને) જીવન આપે છે, તે સમજણનો તાજ અને ઇમાનનો પ્રકાશ આપે છે.

૧૧૬૦ ઉજાળતા આત્માને દિલ ઇનાયત કરનારા પાસેથી તારૂં દિલ ચોરી લેતો નહિ.

૧૧૬૧ તાજ અર્પતા જેઓ માન પામેલા છે તેની પાસેથી તારૂં મસ્તક ચોરી લેતો નહિ કારણ કે તે તારા દિલના પગમાંથી એક સો ગાંઠો છુટી કરશે.

૧૧૬૨ હું કોને કહું ? દુનિયામાં (રૂહાની રીતે) જીવંત કોઇ છે ખરો ? એવો કોઇ કયાં છે કે જે જીવનના જળ તરફ હોય ?

૧૧૬૩ તું એકાદ માનહાનીના પ્રતાપે પ્રેમમાંથી ભાગે છે (તો પછી) પ્રેમના શબ્દ સિવાય બીજું શું જાણે છે ?

૧૧૬૪ પ્રેમને એક સો તુચ્છકાર અને ગર્વો છે, એક સો બદનામીઓના સાધનથી પ્રેમ હાથમાં આવે છે,

૧૧૬૫ જ્યારે કે પ્રેમ વફાદાર છે, તે જે વફાદાર છે તેની ખરીદી (ઇચ્છા) કરે છે તે બેવફા મિત્ર તરફ નજર પણ કરતો નથી.

૧૧૬૬ **માણસ એક ઝાડને બળતો આવે છે અને મુળ એ (ખુદા સાથેની) 'બૈયત' છે. સઘળી શક્તિ સાથે મુળે આનંદી બનવું જોઇએ.**

૧૧૬૭ એ ઢોંગી (અચોક્કસ) 'કરાર'એ સડેલું મુળ છે અને તે ફળ અને દયા કાપી નાખે છે.

૧૧૬૮ અલબત ડાળીઓ અને ખજુરીનાં પાંદડાંઓ લીલાં છે, લીલાશ ફાયદો કરતી નથી (જ્યારે કે) મુળની ખામીથી સંબંધીત છે.

૧૧૬૯ અને જો તે (ડાળીને) લીલાં પાન નથી તો જ્યારે તેને એક (મજબુત) મૂળ છે તો આખરે એક સો પાંદડાઓ પોતાના માથા ઉંચકશે.

૧૧૭૦ તેના (ભણેલા માણસના) જ્ઞાનથી છેતરાએલો બનતો નહિ. (તે) બૈયત (ચાલુ રાખે છે કે નહિ) તે શોધતો રહેજે, જ્ઞાન જાણે કે ઉપલું છોતરૂં છે અને તેનો 'કરાર' તેનો ગર્ભ છે.

સમજવવું કે જ્યારે દુષ્ટકાર દુષ્ટ કામોમાં મગ્ન બને છે અને સત્યતા આચરનારના (રૂહાની) સદ્ભાગ્યની અસર જુએ છે ત્યારે તે અદેખાઇ અંગે એક સેતાન બને છે. સેતાન આફ્રક ભલાઇનો ઢોંગી બને છે કારણ કે તે કે જેનો ગંજ બળી ગયો છે, તે ઇચ્છે છે કે (બીજા) બધાના ગંજ બળી ગએલા હોવા જોઇએ. તું તેના વિશે શું ધારે છે તે મને કહે, જ્યારે તે નિયમિત બંદગી ગુજારે છે ત્યારે ખુદાના આજ્ઞાંકિતને તે મના કરે છે.

૧૧૭૧ જ્યારે તમો જુઓ છો કે વિશ્વાસુઓએ લાભ લીધો છે ત્યારે તેનાથી તમો એક સેતાન જેવા અદેખા બનો છો.

૧૧૭૨ જ્યારે જ્યારે એક માણસની પ્રકૃતિ અને બાંધો નબળો છે ત્યારે તે ઇચ્છતો નથી કે બીજો કોઇ શરીરમાં સશક્ત બને.

બળ - ઢોંગ છે.
કરાર (બૈયત) - ગર્ભ છે

૧૧૭૩ જો તમને ઇબ્લીસની અદેખાઇ પસંદ ન હોય તો, ઢાંગના દરવાજેથી દુર ચાલ્યા જાઓ (અને) વફાદારીના પ્રવેશ દ્વાર તરફ આગળ વધો.

૧૧૭૪ જ્યારે તમને વફાદારી નથી, ત્યારે ઓછામાં ઓછું. નિર્લજ વાતો કરતા નહિ, કારણ કે વધુ ભાગે શબ્દો "આપણે" અને "હું" પોતાને આગળ ધરનાર છે.

૧૧૭૫ જ્યારે કે તેઓ અંતઃકરણમાં રહે ત્યાં સુધી આ શબ્દો (રૂહાનીયત) માવો ધરાવતી આવક છે, ચુપકીદીમાં રૂહાનીયત માવો એક સો ગણો વધે.

૧૧૭૬ જ્યારે તે (શબ્દ) જીભ ઉપર આવે છે ત્યારે માવો વધે છે, તેને વાપરવાથી દુર રહેજે એટલા માટે કે ભલો માવો તારી સાથે જ રહે.

૧૧૭૭ જે માણસ થોડું બોલે છે તેને સ્થિર વિચારો હોય છે. જ્યારે ફોતરું, એટલે કે વાણી વધુ પડતી બને છે ત્યારે માવો ચાલ્યો જાય છે.

૧૧૭૮ જ્યારે ફોતરૂં જાડું છે ત્યારે ગર્ભ પાતળો છે, જ્યારે ફોતરૂં પાતળું બને છે ત્યારે તે ગર્ભ સંપૂર્ણ અને સ્વાદિષ્ટ બને છે.

૧૧૭૯ આ ત્રણ ફળો તરફ જુઓ કે જેઓ અપરિપકવતાથી પસાર બન્યા છે, અખરોટ અને બદામ અને પિસ્તા.

૧૧૮૦ હરકોઈ જે (ખુદાની) બેફરમાની કરે છે તે એક સેતાન બને છે, કારણ કે તે ઇમાનદારના સદભાગ્યનો અદેખો બને છે.

૧૧૮૧ જ્યારે ખુદા સાથેની તમારી બૈયત "(ચાલુ રાખવામાં) તમો વફાદારીપૂર્વક વર્ત્યા છો ત્યારે ખુદા તમારી સાથેનો તેનો કરાર દયાપૂર્વક ચાલુ રાખશે.

૧૧૮૨ તમોએ ખુદા ઉપર વિશ્વાસ રાખવા તરફ તમારી આંખો બંધ કરી છે. તમોએ (શબ્દો) તરફ લક્ષ આપ્યું નથી. "મને યાદ કરો, હું તમને યાદ કરીશ."

૧૧૮૩ કાન દઈ શબ્દો સાંભળ. "મારો કરાર પાળો. એટલા માટે કે (શબ્દો) દોસ્ત પાસેથી આવો." "હું તમારો કરાર ચાલુ રાખીશ."

૧૧૮૪ ઓ દિલગીરી ભરેલા, "અમારો કરાર અને ધીરધાર શું છે?" (તે) જમીનમાં એક સુકું બી વાવવા જેવું (છે).

૧૧૮૫ પેલા વાવવામાંથી જમીનને વિકાસવૃદ્ધિ કે માન કાંઇપણ મળશે નહિ અથવા જમીનના માલિકને દોલત મળશે નહિ.

૧૧૮૬ (તે કંઇ જ નથી) સિવાય કે એક નિશાની, જાણે એમ કહેતી હોય, "મને આ જાતની પેદાશની જરૂર છે, તેનું અસલ શુન્યમાંથી પેદા કર્યું છે.

૧૧૮૭ મેં ખાધું છે અને (કુવે) બીને એક પ્રતિક તરીકે લાવું છું. (પહેલાંની માફક) આવું દાન મોકલવા તને આજ્ઞા કરું છું.

૧૧૮૮ ઓ નશીબદાર, સુકી (મોઢાની) પ્રાર્થના હવે છોડી દે, કારણ કે ઝાડ (અગાઉથી ધારી લીધેલ) બીયાંના વેરવાની માગણી કરે છે.

૧૧૮૯ (પણ) જો તમારી પાસે બીયાં નથી તો પેલી દુઆના પ્રતાપે ખુદા તમારા ઉપર એક બજુરી ઈનાયત કરશે, કહેશે, "તેણે કેવી સખત મહેનત કરી છે?"

૧૧૯૦ હ. મરીયમની માફક, તેણીને (દુઃખદાયક) પીડા હતી, પણ બી ન હતું. એક યુક્તિ-બાજે (તેણીની ખાતર) તેણીની સમક્ષ એક લીલી ખજુરી બનાવી.

૧૧૯૧ કારણ કે પેલી ઉમદા બાનુ (ખુદાને) વફાદાર હતી. ખુદાએ પોતાના ભાગે ઇચ્છા વગર એકસો ઉમેદો તેણીમાં મુકી હતી.

૧૧૯૨ સમુહ કે જે વફાદાર બનેલ છે તેઓને બીજી બધી જાતના લોકો ઉપર સર્વોપરીપણું આપવામાં આવેલ છે.

૧૧૯૩ સમુદ્રો અને પહાડો તેમના તાબેદાર બનાવવામાં આવેલ છે. ચારેય તત્વો પણ તે વર્ગના ગુલામો છે.

૧૧૯૪ આ (ચમત્કારીક શક્તિ) માત્ર (તેઓ ઉપર નવાજીશ થએલ) સદ્‌ભાવની નિશાની છે. અંતે કે નાસ્તિકો તેને ચોકખી રીતે જુએ.

૧૧૯૫ પેલી તેઓની ગુપ્ત દયાઓ કે જેઓ ઇન્દ્રિઓના નિહાળવામાં અથવા વર્ણનમાં આવતી નથી.

૧૧૯૬ પેલીઓ જ (બરી) હકીકત છે, પેલીઓ કાયમના માટે રહેનાર છે; તેઓ કાપી નાખવામાં આવતી નથી કે પાછી લઈ લેવામાં આવતી નથી.

પ્રાર્થના

૧૧૯૭ ઓ (રૂહાનીયત) સુસ્થીરતા અને આહાર અને દ્રઢતાના દેનારા તારા પેદા કરેલા સજીવ જીવોને આ અસ્થિરતામાંથી મુક્ત કર.

૧૧૯૮ આત્મામાં દાખલ કર, કારણ કે તે કામકાજમાં કે જ્યાં તે દ્રઢ હોવો જોઇએ ત્યાં સીધો ઉભો રહેવામાં વાંકો વળેલો છે.

૧૧૯૯ તેમની ઉપર ધીરજ અને ભલાઈ ભરેલ છાબડાંઓ ઈનાયત કર. ચિત્રો બનાવનારા-ઓના જુઠમાંથી તેમને મુક્ત કર.

૧૨૦૦ ઓ કિર્તીવંત, તેમને અદેખાઈમાંથી મુક્ત કર, રબને અદેખાઈ અંગે તેઓ શાપિત સેતાનો બને.

૧૨૦૧ કાયાની ખુશીઓ દોલતના ઉડતા સુખ માટે અધમ અદેખાઈથી કેવી બળે છે!

૧૨૦૨ બાદશાહો તરફ નજર કર, તેઓ લશ્કરોને લડવા કેવી રીતે દોરે છે અને અદેખાઈના કારણે પોતાનાં જ સગાંવહાલાંઓનો સંહાર કરે છે.

૧૨૦૩ મલિન પ્રિયતમાના પ્રેમીઓએ એકબીજાનાં લોહી અને જીંદગી ગોતી છે.

૧૨૦૪ 'વીસ' અને 'રામીન' અને 'ખુશરો' અને શીરીન વાંચ. (તમો જોશો કે) અદેખાઈના કારણે પેલા મુર્ખાઓએ કેવું કર્યું છે!

૧૨૦૫ (તમે જોશો કે) પ્રેમી નાશ પામ્યો અને પ્રિયતમા પણ, તેઓ નાશ પામ્યા અને તેઓની લાલસા પણ નાશ પામી.

૧૨૦૬ ખુદા જ પવિત્ર છે કે જે શુન્યને પોતા સાથે અથડામણમાં આણે છે અને શુન્યને શુન્ય સાથે પ્રેમમાં પડતો બનાવે છે.

૧૨૦૭ દિલમાં મુખ બનાવ કે જે (સાચું) દિલ નથી, સજીવને નિર્જીવ તરફ ફરજીયાત તાબેદારીમાં આણ.

૧૨૦૮ આ સ્ત્રીઓ (બીજા સજીવ પ્રાણીઓ કરતાં) વધુ માયાળુ છે (તેઓની વચ્ચે પણ) બે શોકો એકબીજીને અદેખાઇ અંગે હડપ કરે છે.

૧૨૦૯ કે જેથી (તમો ઇન્સાફ કરો કે) માણસો કે જેઓ બરેબર સજીત દિલના છે તેઓની અદેખાઈ કેટલી હદ સુધીની છે.

૧૨૧૦ જો કાયદાએ (તેમના ઉપર) એક દયામય મંત્રનો ઉપયોગ ન કર્યો હોત તો દરેક જણે પોતાના પ્રતિસ્પર્ધીની કાયાના ટુકડાઓ કરી નાખ્યા હોત.

૧૨૧૧ કાયદો દુષ્ટતાને હટાવવા માટે એક ચોજના ઘડે છે. તે ઘાતકીને (કાયદાસરની) સાંકળીના શીશામાં મુકે છે.

૧૨૧૨ સાક્ષીઓ અને સોગંદ અને (સોગંદમાંથી) મુજતાં, છેવટ આખરે ગુનેહગાર ઘાતકી શીશામાં (જેલમાં) બંધ છે.

૧૨૧૩ (કાયદો) ત્રાજવા માફક છે જેનાથી બે પ્રતિસ્પર્ધીઓ ચોક્કસપણે મને કમને સંતોષાવામાં એક બને છે.

૧૨૧૪ ખાત્રીપુર્વક બોલ્યુ કે કાયદો માપ અને ત્રાજવા માફક છે કે જેનાથી દાવાખોરોને ઝગડા અને દુશ્મનાઈમાંથી બચાવવામાં આવે છે.

૧૨૧૫ જો છાગડાંની જોડી ન હોય તો દાવેદાર વાદવિવાદમાંથી છટકી બોલ જ્યારે કે તે દગા અને છેતરપીંડીનો વહેમ લાવે છે.

૧૨૧૬ તો પછી (જો) આ બધી અદેખાઇઓ અને દાવા અને અન્યાય આ ખોટી બેઇમાન હાડપિંજરની બાબતમાં (હોય).

૧૨૧૭ તો પછી એવું કેમ ન બને કે જ્યારે જીન્નાતો અને ઇન્સાનો (આના પછી) પેલું સદ્‌ભાગ્ય અને સુખ માટેની બાબતમાં અદેખા બને.

૧૨૧૮ બરેબર પેલા સેતાનો જુના જમાનાના અદેખા છે, એક પળ માટે પણ કદી રસ્તો રૂંધવામાંથી બાકાત રહેતા નથી.

૧૨૧૯ અને આદમના પુત્રો કે જેઓએ નાફરમાનીનાં બીયાં વાવ્યાં છે તેઓ પણ અદેખાઇ-પણા અંગે સેતાનો બન્યા છે.

૧૨૨૦ કુરાન વાંચો. દૈવી સર્વાંગી પરિવર્તનથી કેવી રીતે માણસ બંતના સેતાનો સેતાન સાથે એકરસ બન્યા છે.

૧૨૨૧ જ્યારે સેતાન (કોઈ એકને) આકર્ષવામાં નિષ્ફળ બંય છે ત્યારે તે આ માનવી (સેતાનો) પાસેથી મદદ શોધે છે.

૧૨૨૨ કહીને, તમો મારા દોસ્તો છો, મારા તરફ, એક મિત્રતાનું કાર્ય બજાવો. તમો મારી બાજુ છો, ભાગીદારીનું એકાદ કાર્ય બજાવી લાવો.

૧૨૨૩ જો તેઓ કોઇનો દુનિયામાં રસ્તો રૂંધે તો બન્ને જાતના સેતાનો આનંદ કિલ્લોલ કરતા આવે છે.

૧૨૨૪ અને જો કોઈએ પોતાનો આત્મા બચાવ્યો અને દીનમાં પ્રખ્યાત બન્યો છે તો પેલા બન્ને અદેખા સમુહો આકંદ ચાલુ કરે છે.

૧૨૨૫ બન્ને પોતાના દાંતો અદેખાઈમાં હરકોઈ ઉપર કચકચાવે છે કે જેના ઉપર (રૂહાનીયત) હકીમે ડહાપણ ઇનાયત કર્યું છે.

માણસ કે જેણે પયગમ્બર હોવાનો દાવો કર્યો. બાદશાહે તેને પુછયું, કહે, "પુરૂષ કે જે (ખુદાનો) સાચો સંદેશક છે અને (આવી રીતે) સ્થાપિત બને છે, હરકોઈને તેણે શું આપવું જોઈએ, અથવા તેની સાથે સુસંગત થવાથી અને તેની સેવા કરવાથી લોક શું ઇનામ મેળવશે? સિવાય પોતાની જીભથી તે જે કંઇક સલાહ ઉચ્ચારશે?"

૧૨૨૬ બાદશાહે તેને સવાલ કર્યો, કહે, "બધા પછી, પ્રેરણા શું છે? તે કે જે પયગમ્બર છે તેણે શું મેળવ્યું છે?"

૧૨૨૭ તેણે જવાબ આપ્યો, "એવું શું છે કે જે તેણે મેળવ્યું નથી? અથવા એવી કઈ દોલત છે કે જે તેણે મેળવી નથી?

૧૨૨૮ (દલીલ કરવાની ખાતર) હું ધારીશ કે આ પયગમ્બરી પ્રેરણા (દૈવી વહીનો) બંદનો નથી, છતાં તે મધમાખીના દિલમાંની પ્રેરણાથી ઉતરતી નથી.

૧૨૨૯ જ્યારે કે (શબ્દો) "ખુદાએ મધમાખીને પ્રેરણા આપી" (કુરાનમાં) આવેલ છે. (મધમાખીની) પ્રેરણાની રહેવાની જગ્યા મીઠાઈથી ભરવામાં આવી છે.

૧૨૩૦ સર્વશક્તિમાન અને કિર્તીવંત ખુદાની પ્રેરણામય પ્રકાશ થકી તેણે દુનિયાને મીણ અને મધથી ભરી દીધી.

૧૨૩૧ "અમોએ (આદમના પુત્રોને) માનવંતા બનાવ્યા છે," કે જે ઇન્સાન માટે છે અને કાયમ માટે ઉંચે જઇ રહેલ છે, તેની પ્રેરણા પેલી એક મધમાખીથી ઉતરતી કેમ હોય?

૧૨૩૨ શું તમે (શબ્દો) વાંચ્યા નથી? "અમોએ તને કૌસર આપી છે"? તો પછી શા માટે તમો સુકા છો અને શા માટે તમો તરસ્યા રહ્યા છો?

૧૨૩૩ અથવા કદાચ તમો ફિરઔન (જેવા) છો, અને તમારા માટે, ઓ માંદા માણસ, કૌસર નાઈલ નદીની માફક લોહીમાં ફેરવાણી છે અને અપવિત્ર (ગંદી છે) ?

૧૨૩૪ પશ્ચાતાપ કર, ખુદાના દરેક દુશ્મનનો ત્યાગ કર કે જેને પોતાના પ્યાલામાં "કૌસર"-નું પાણી નથી.

૧૨૩૫ **હરકોઈ જેને તમો "કૌસર"થી આનંદિત બનેલો જુઓ છો, તેને હ. મહમ્મદ (ર.સ.અ.) ની પ્રકૃતિ છે, તેમની સંગત કરો.**

૧૨૩૬ કે મદાર રાખતાં તમો (તેઓમાંનો એક) બનશો કે જે ખુદાની ખાતર પ્રેમ કરે છે. કારણ કે તેની પાસે હ. મોહમ્મદ (ર. સ. અ.)ના ઝાડના સફરજન છે.

૧૨૩૭ હરકોઈ કે જેનો તમો "કૌસર"થી ભિનાશ વગરના હોઠો ન જુઓ, તો હમેશાં તેને મૃત્યુ અને તાવ જેવા દુશ્મન નિહાળજો.

૧૨૩૮ ભલે પછી તે તમારો પિતા અથવા તમારી માતા હોય, કારણ કે સત્ય કહેતાં તે તમારા લોહીનો પીનાર છે.

૧૨૩૯ ખુદાના દોસ્ત (હ. ઈબ્રાહીમ અ. સ.) પાસેથી આ રસ્તાનું વર્તન શીખો કે જેણે પોતાના પિતાને જ છોડી દીધા હતા.

૧૨૪૦ કે ખુદાની હજુરમાં તમો (પેલાઓમાંના) એક બનો, જેઓ ખુદાની ખાતર ધિક્કારે છે. રબને (દૈવી) પ્રેમની અદેખાઈ તમારા તરફ પગલાં ભરે.

૧૨૪૧ જ્યાં સુધી કે તમો ઉચ્ચારો "લા ઈલાહા ઈલ્લલાહુ" ત્યાં સુધી આ રસ્તાની ચોકખી કેડી શોધી શકશો નહિ,

પ્રેમીની કહાણી કે જે પોતાની પ્રિયતમા પાસે પોતાની સેવાનાં કાર્યો અને વફાદારી અને લાંબી રાત્રીઓ (જે દરમ્યાન) તેઓના પાસાઓ તેમની પથારીઓમાં ઘસાતાં હતાં અને ભુખ તરસના લાંબા દિવસો ગણાવતો હતો અને તે કહેતો હતો "મેં તારા સિવાય બીજા કશાની ગણત્રી કરી નથી. જો (હજી) કોઈ ખીદમત કરવી બાકી હોય તો મને જણાવ કારણ કે તું જે પણ હુકમ કરીશ તે હું બજાવી લાવીશ. પછી ભલે તે હ. ઈબ્રાહીમ ખલિલુલાહની માફક અગ્નિમાં દાખલ થવાનો હોય એથવા હ. યુનુસ (અ.સ.) ની માફક સમુદ્રની મહાકાય મચ્છીના મોઢામાં પડવાનું હોય અથવા ફીરઔસ (અ.સ.)ની માફક સીસેર વખત કતલ થવાનું હોય અથવા હ. યુસુફની (અ.સ.) માફક રોતાં રોતાં આંધળા બનવાનું હોય અને વફાદારી અને પયગમ્બરોની કુરબાની માફક જેની ગણત્રી કરી ન શકાય" અને પ્રિયતમાનો જવાબ દેવો.

૧૨૪૨ અમુક પ્રેમી પોતાની પ્રિયતમાની હાજરીમાં તેની સેવાઓ અને કાર્યોની ગણતરી કરતો હતો.

૧૨૪૩ કહે, તારી ખાતર મેં ફલાણું ફલાણું કર્યું. આ લડાઈમાં મેં તીરો અને ભાલાઓના (ઝખમો) સહન કર્યા.

૧૨૪૪ દોલત, શક્તિ અને કિર્તી ચાલી ગએલ છે. તારા માટેના મારા પ્રેમના કારણે મારા ઉપર કેટલાંએ બદકિસ્મતો પડેલ છે.

૧૨૪૫ એક પણ સવારે મને ઉંઘતો કે હસતો જોયો નથી. એકાદી સાંજે મને પૈસા અગર સાધન સાથે જોએલ નથી.

૧૨૪૬ જે કઠણાઈઓ અને સખ્તાઈઓ તેણે અનુભવી હતી તે વાળેવાળ ખુલાસાવાર તેણીને ગણી બતાવતો હતો.

૧૨૪૭ ઠપકાના કારણ માટે નહિ. તે પોતાના પ્રેમની સત્યતાની એક સો સાબિતીઓ ખુલ્લી કરતો હતો.

૧૨૪૮ સમજદાર માણસો માટે એકાદ સુચન પણ પૂરતું છે (પણ) તેનાથી પ્રેમીઓની (ઝંખના) કેવી રીતે હટાવાય ?

૧૨૪૯ તે (પ્રેમી) પોતાની કહાણી થાકયા વગર વારંવાર કહે છે, સ્વચ્છ પાણીમાંથી (વંચિત રહેવા કહેવું) એક મચ્છીને માત્ર સુચનથી કેમ સંતોષ થાય ?

૧૨૫૦ તે (પ્રેમી) પેલી ઘણા વખતથી ફરિયાદ દિલગીરીપૂર્વક કરતો એક સો શબ્દો બોલતો હતો, કહે, "હું એક શબ્દ પણ બોલ્યો નથી."

૧૨૫૧ તેનામાં અગ્નિ હતો, તે શું હતું તે, તે જાણતો ન હતો પણ તેની ગરમીના કારણે એક મીણબત્તીની માફક તે રોતો હતો.

૧૨૫૨ પ્રિયતમાએ કહ્યું; "તેં આ બધું કર્યું છે. છતાં તારો કાન વધુ બોલ અને સારી રીતે સમજ.

૧૨૫૩ કારણ કે પ્રેમ અને વફાદારીના મુળનું મુળ છે તે તેં કર્યું નથી. આ જે કહ્યું તે (માત્ર) શાબ્દાઓ જ કરેલ છે.

૧૨૫૪ પ્રેમીએ તેણીને કહ્યું "મને કહે તે મુળ શું છે ?" તેણીએ કહ્યું "તેનું મુળ મરવું અને નહિવત બનવું છે."

૧૨૫૪ તેં (બીજું) બધું કર્યું છે (પણ) તું મરણ પામ્યો નથી, તું જીવે છે, સાંભળ, મરી જા.

૧૨૫૬ તુર્તજ તેણે પોતાને (જમીન ઉપર સુવરાવ્યો) અને પ્રેતને છોડી દીધું, ગુલાબની માફક, હસતો અને આનંદ પામતો ને પોતાના માથાથી (જીવનથી) રમત રમી ગયો.

૧૨૫૭ પેલો હસનાર અનંતકાળ સુધી તેની સાથે તત્ત્વવેત્તાની સમજણ અને શાંત આત્માની માફક એક બની ગયો.

૧૨૫૮ ચંદ્રમાનો પ્રકાશ કદી પણ કેવી રીતે ગંદો બને, ભલે પછી તેનો પ્રકાશ ભલા અને બુરા બધા ઉપર પડતો હોય ?

૧૨૫૯ બધી (ગંદકીઓની) પવિત્રતા ચંદ્રમા તરફ પાછી ફરે છે. તેવી જ રીતે આત્માનો પ્રકાશ અને સમજણ (ખુદામાં) પાછી ફરે છે.

૧૨૬૦ પવિત્રતાનો ગુણ ચંદ્રમાના પ્રકાશ ઉપર સ્થિર થએલો છે, જો કે તેનો ઉજ્જ્વલ રસ્તા ઉપરની ગંદકીઓ ઉપર (પડતો હોય છે).

૧૨૬૧ ચંદ્રમાના પ્રકાશ કે પેલી ગંદકીઓના રસ્તે કે બગાડમાંથી ગંદકી અસ્તિત્વમાં આવતી નથી.

૧૨૬૨ સુર્યના કિરણે "પાછા ફરો" (ની ધૂમ) સાંભળી અને ઉતાવળમાં પોતાના ઉદ્‌ગમ-સ્થાને પાછું ફર્યું.

૧૨૬૩ રાખના ખાડાઓમાંથી તેની સાથે કોઈ નાલેશી ન રહી, ગુલાબના બગીચામાંથી કોઈ રંગ તેની સાથે ન રહ્યો.

૧૨૬૪ આંખનો પ્રકાશ અને પ્રકાશનો જોનાર (તેઓના ઉદ્‌ગમસ્થાને) પાછા ફર્યા જંગલ અને મેદાન તેની લાલસામય ઇચ્છા ધરાવતા બાકી રહ્યા.

અમુક માણસે એક ગુઢાર્થ તર્કશાસ્ત્રીને પૂછયું, "જો કોઇ નિયમીત બંદગી દરમ્યાન જોરથી રૂએ અને દિલગીરી અને આક્રંદ કરે, તો શું તેની બંદગી કબુલ થાય?" તેણે જવાબ આપ્યો." પેલાં (આંસુઓનું) નામ આંખનું પાણી છે. રૂદન કરનારે શું જોયું તેની ગણત્રી કર, જો તેણે ખુદા માટેની ઝંખના થતી જોઇ છે અથવા એક પાપ માટે પશ્ચાતાપ થયો છે અને રૂએ છે, તેની બંદગી રદબાતલ થતી નથી નહિ, તે સંપૂર્ણતા મેળવે છે કારણ કે દિલની હાજરી વગરની કોઇ બંદગી જ નથી." પણ જો તેણે (આંતરિક) રીતે કાયાની બિમારી જોઈ અથવા એકાદ પુત્રનું ગુમાવવું તો તેની બંદગી રદબાતલ છે. કારણ કે બંદગીનો પાયો કાયાનો પરિત્યાગ અને હ. ઇબ્રાહિમની માફક પુત્રોનો પરિત્યાગ કે જેઓ પોતાના પુત્રને પોતાની બંદગીની સંપૂર્ણતા માટે કુરબાની કરવાની અને પોતાના કાયાને નીમરૂદની અગ્નિમાં છોડી દેવાની તત્પરતા બતાવી અને હ. મુસ્તફા (ૐ. સ. અ.)ને આ વર્તણુંકની માફક વર્તવા (ખુદાનો) હુકમ હતો. "ઇબ્રાહિમના દીનને અનુસરો" બરોબર તમને ઇબ્રાહિમમાં એક સારૂં ઉદાહરણ છે."

૧૨૬૫ અમુક માણસે એક મુફ્તીને બાનગીમાં પૂછયું. "જો કોઈ પણ નિયમીત બંદગી દરમ્યાન આક્રંદ કરીને રૂએ તો,

૧૨૬૬ મને નવાઈ લાગે છે કે તેની બંદગી રદબાતલ બને, અથવા તેની બંદગી કાયદાસર અને સંપૂર્ણ બને બરી?"

૧૨૬૭ તેણે જવાબ આપ્યો, "શા માટે તેનું નામ, 'આંખનું પાણી' આપવામાં આવ્યું છે? આંખે શું જોયું અને રડી તેની તમારે ગણત્રી કરવી જોઇએ."

૧૨૬૮ આંખના પાણીએ બાનગીમાં શું જોયું તેની ગણત્રી કર, કે જેથી પેલા કારણસર તેણે પોતાના ઝરામાંથી આંસુ વહેવડાવવાં શરૂ કર્યા.

૧૨૬૯ જો બંદગી ગુજારનારે પેલી પારની દુનિયા જોઈ છે તો તેની બંદગીએ તેના રૂદનમાંથી એક ઝગઝગાટ મેળવ્યો છે.

૧૨૭૦ પણ જો પેલું રૂદન શારિરીક દુઃખાવાના કારણે અથવા (મરેલા માટે) રૂદન અંગે હતું તો (બંદગીનાં) તાર તૂટી ગયો છે અને બંદગી રદ થઇ છે.

એક મુરીદ 'પીર' પાસે પોતાના આદરભાવો દર્શાવવા અંદર આવ્યો, અને આ (શબ્દ) 'પીર'થી મારા કહેવાનો અર્થ ઉમરમાં મોટો નહિ, પણ (ખુદાના) જ્ઞાન અને સમજણમાં ઉમરલાયક, ભલે પછી તે ઘોડીયામાંનો હ. ઇસા (અ. સ.) હોય અગર યાહ્યા (અ. સ.) બચ્ચાંની નિશાળમાં હોય, મુરીદે પીરને રડતા જોયા, તે પોતે પણ (પીર સાથે) એક રાગમાં વત્તે અને રોયો. જ્યારે તેણે (રૂદન) પુરૂં કર્યું અને (પીરની હજુરમાંથી) બહાર આવ્યો, બીજો મુરીદ કે જે પીરની રૂહાની હાલતથી વધુ સંબંધિત હતો. અદ્વૈઆઇથી ઉભરાતાં જલદીથી તેની પાછળ ગયો અને તેને કહ્યું. "ઓ ભાઇ (જે પણ કાંઇ બને મારે તને કહેવું જોઇએ, ખુદાની આતર, ખુદાની આતર, પીરે રૂદન કર્યું (એટલે તમે રડયા) તેમ કહેવા અને (વિચારવાથી ખબરદાર રહેજે. ત્રીસ વર્ષ પર્યંત કુડકપટ વગર આત્મસંયમ કેળવવો જોઇએ અને તમારે ઉંડી ખીણો અને મહાકાય મચ્છીઓથી ભરપુર સમુદ્રો અને સિંહો અને વાઘોથી ભરપુર ઉંચા પહાડો સોંસરૂં નીકળવું જોઈએ કે જેથી તમો પીરના રૂદન સુધી પહોંચો અગર ન પહોંચો. "જો તમો પહોંચો તો તમો વારંવાર આભાર ઉચ્ચારજો." "જમીનને મારા માટે ભેગી કરવામાં આવી હતી.

૧૨૭૧ એક મુરીદ પીરની હજુરમાં આવ્યો, પીર રૂદન અને આક્રંદમાં મશગુલ હતા.

૧૨૭૨ જ્યારે મુરીદે પીરને રોતા જોયા, ત્યારે તેણે પણ રોવું શરૂ કર્યું. તેની આંખોમાંથી આંસુઓ વહેવા માંડયાં.

૧૨૭૩ કાન ધરાવનાર માણસ એકવાર હસે છે, જ્યારે એક દોસ્ત બીજા દોસ્તને એક રમૂજ ફરીવાર કહે છે. બહેરો માણસ બે વખત હસે છે.

૧૨૭૪ પહેલી વખત એક રાગ અને લાગણીના રસ્તે, કારણ કે તે જુએ છે કે સમુહ હસે છે.

૧૨૭૫ બહેરો માણસ પછી તેમની માફક, હસનારાની આંતરિક હાલતની જાણ વગર હસે છે.

૧૨૭૬ ત્યાર બાદ શેનું હસવું હતું તેની તપાસ કરે છે, અને પછી સાંભળ્યા બાદ તે બીજી વખત હસે છે,

૧૨૭૭ તેવી જ રીતે માત્ર (એક પીરની) નકલ કરનાર પણ પોતાના મસ્તકમાં આનંદની લાગણીની બાબતમાં બહેરા માણસને મળતો આવે છે.

૧૨૭૮ તે પીરનું પ્રતિબિંબ છે અને તેનું મૂળ પીરમાં છે, આનંદનું ઉભરાવું મુરીદમાંથી ઊતરતું નથી, નહિ, તે પીરમાંથી છે.

૧૨૭૯ પાણીમાંની ટોપલી માફક અથવા કાચના પ્રકાશના એક કિરણ માફક જે તેઓ ધારે કે તે તેમનામાંથી આવે છે તો તે સમજણની બાબી બંગે છે.

૧૨૮૦ જ્યારે તેને (ટોપલીને) પાણીમાંથી બહાર કરવામાં આવે છે ત્યારે પેલો એક વિકૃત જાણશે કે તેમાંનું મીઠું પાણી નદીમાંથી હતું.

૧૨૮૧ કાચ પણ જાણી જશે કે ચંદ્રમાના અસ્ત થતાં પેલાં (પ્રકાશનાં) કિરણો ખુબસુરત ચમકતા ચંદ્રમામાંથી હતાં.

૧૨૮૨ જ્યારે (દૈવી) હુકમ "ઉઠો" તેની (નકલ કરનારની) આંખ ખોલે છે, ત્યાર પછી તે સાચા પ્રભાતની માફક એક બીજી વાર હસશે.

૧૨૮૩ તે તેના પોતાના (આગલા) હસનાર તરફ પણ હસશે કે જે અનુકરણના (સમય દરમ્યાન) તેનામાં પેદા થયું હતું.

૧૨૮૪ અને (પોતાને) કહેશે, "આ બધા દુર અને લાંબા રસ્તે (મુસાફરી કરતા) અને ધારતા હતા કે આ વાસ્તવિકતા હતી અને આ શુદ્ધાર્થ અને બાનગી હતું.

૧૨૮૫ વાસ્તવમાં (અનુકરણની) પેલી બીજામાં અંધાપા અને આભાસ થકી કેવી રીતે હું દુરથી આનંદ પામ્યો ?

૧૨૮૬ હું શું કલ્પના કરતો હતો અને (સત્યતામાં) શું હતું ? મારી નબળી નજર જ (માત્ર) વાસ્તવિકતાની એક નબળી કલ્પના બતાવતી હતી.

૧૨૮૭ બચ્ચાંના (શુદ્ધાર્થ) રસ્તાના સંબંધમાં (પવિત્ર) માણસોનો વિચાર કયાં છે ? (તેમનો વિચાર તેમની સમજણથી પર છે) તેમની કલ્પના સત્ય વાસ્તવિકતાની સરખામણીમાં તેની કલ્પના છે જ કયાં ?

૧૨૮૮ બચ્ચાંઓનો વિચાર પરિચારીકા અથવા દુધ અથવા સુકી દ્રાક્ષ અથવા અખરોટ અથવા રૂદન અથવા બુમ પાડવાની છે.

૧૨૮૯ નકલ કરનાર બીમાર બચ્ચા જેવો છે, અલબત્ત કદાચ તેની પાસે ચિકમતી દલીલો અને તાર્કીક સાબિતીઓ હોય બરી.

૧૨૯૦ સાબિતીઓ અને મુશ્કિલ મુદ્દાઓને હલ કરવામાં પેલી ગંભીરતા (રૂહાનીયત) આંતરિક દ્રષ્ટિમાંથી તેને જુદો કરે છે.

૧૨૯૧ તે (આંતરિક દ્રષ્ટિનો) જથ્થો (તેની પાસેથી) ઉડાવી જાય છે, કે જે તેના આંતરિક અંતઃકરણનું આંજણ છે અને (અગાઉના) મુદ્દાની ચર્ચાને પોતે જ લાગુ પડેલ છે.

૧૨૯૨ ઓ નકલ કરનાર, વિચિત્ર જ્ઞાનમાંથી પાછો ફર, ખુદની બદગોઈ તરફ જા, કે તું એક (રૂહાનીયત) શુરવીર બને.

૧૨૯૩ અને કે તું (તારી) અંદર મિલનની જગ્યા કે જ્યાં શુરવીરો અશિક્ષિત છે ત્યાં એક બીજું બુખારા નિહાળે.

૧૨૯૪ અલબત્ત એક દુત જમીન ઉપર ઝડપથી દોડનાર છે (પણ) જ્યારે તે સમુદ્ર તરફ જાય છે ત્યારે તે જ એક છે જેની શક્તિઓ ભાંગેલી છે.

૧૨૯૫ તે માત્ર (પેલાઓ જેવા છે જેઓ માટે ખુદા કુરાનમાં કહે છે), "અમોએ તેમને જમીન ઉપર ઉત્પન્ન કર્યા છે" (પણ) પેલો એક જે સમુદ્ર ઉપર જન્મ્યો છે તે સિવાય બાકીના કંઈ જ નથી.

૧૨૯૬ બાદશાહ (ખુદાને) વિશાળ દાન દેવું છે, (તેને સ્વીકારવા) દોડતો જા, ઓ તું કે જે એક કલ્પના અને વિચાર તરફ ગીરવીમાં પડયો છે.

૧૨૯૭ નકલ કરવામાં પેલો ભોળો મુરીદ, પણ માનવંત (પીર) સાથે એકરાગમાં રોતો હતો.

૧૨૯૮ (કારણ કે) બહેરા માણસની માફક, તેણે (પીરના) રૂદનને એક રાગની રીતમાં નિહાળ્યું અને કારણથી સજાગ ન હતો.

૧૨૯૯ જ્યારે તેણે એક લાંબી મુદત માટે રૂદન કર્યું, તેણે પોતાના આદરભાવો અર્પણ કર્યા અને છુટો પડયો, ત્યારે (પીરનો) માનીતો મુરીદ તેની પાછળ ઉતાવળે આવ્યો,

૧૩૦૦ અને કહ્યું "ઓ તું કે જે મતલબ વગરના વાદળાંની માફક એક રાગમાં રૂદન કરતા પીર (કે જેઓ) આંતરિક દ્રષ્ટિ ધરાવે છે તેમની સાથે રૂદન કરતો હતો.

૧૩૦૧ ઓ વફાદાર મુરીદ, ખુદાની ખાતર, ખુદાની ખાતર, ખુદાની ખાતર, અલબત્ત તારા એક રાગમાં તું (રૂહાનીયત) ફાયદો શોધતો હતો.

૧૩૦૨ આમ ન કહેવા લક્ષમાં રાખજે કે "મેં પેલા (રૂહાનીયત) રાજાને રડતા જોયા અને હું તેમની માફક રોયો, કારણ કે તે (તેમની મારવંત પદવીનો) અસ્વીકાર છે.

૧૩૦૩ અજ્ઞાનતા અંગે રોવું અને એકરાગીપણું અને (માત્ર) અભિપ્રાય તે પેલા વિશ્વાસુના રૂદન માફક નથી.

૧૩૦૪ એક રૂદનને (બીજા) રૂદનના વિચાર પ્રક્રિયાની સમાનતા સાથે સરખાવ નહિ. આ રૂદન અને પેલા રૂદન સુધી એક લાંબો રસ્તો છે.

૧૩૦૫ પેલું (રૂદન) ત્રીસ વર્ષની (રૂહાની) લડાઈ જાદનું છે, બુદ્ધિ તેને કદી સમજી શકે નહિ.

૧૩૦૬ સમજણથી પર ત્યાં એક સો તબક્કાઓ છે. તેને વણજારથી વાકેફગાર બનેલી બુદ્ધિ નિહાળતો નહિ.

૧૩૦૭ તેમનું રૂદન દીલગીરી કે ખુશી અંગે ન હતું. (માત્ર) તેઓનું રૂદન (જેઓ) ખુબ-સુરતીઓના ઝરા છે તેઓ આતમરંજ નિહાળે છે.

૧૩૦૮ તેમનું રૂદન, તેમનું હસવું, (બન્ને) પેલી પારનાં છે. તે બુદ્ધિથી સમજાય તેવું નથી.

૧૩૦૯ તેમનાં આંસુ તેમની આંખ માફક છે, એક રૂહાની રીતે આંધળો. ગુઢાર્થ જોનાર માણસ કેમ બને ?

૧૩૧૦ તે જે જુએ છે તે બુદ્ધિની વિચાર પ્રકિયાની સમાનતાની ધારણાથી અથવા ઇન્દ્રિ-ઓના રસ્તે અડકી શકાય નહિ.

૧૩૧૧ દુરથી પ્રકાશ આપે છે ત્યારે રાત્રી નાશી જાય છે, તો પછી રાત્રીનો અંધકાર 'પ્રકાશ' સંબંધમાં શું જાણશે ?

૧૩૧૨ સખત પવનથી મચ્છર ભાગી જાય છે, તો પછી, પવનની મજાહ મચ્છર કેવી રીતે જાણે ?

૧૩૧૩ જ્યારે શાશ્વત આપે છે ત્યારે ક્ષણિક નકામું બનાવાય છે. તો પછી ક્ષણિક શાશ્વતને શું જાણે ?

૧૩૧૪ જ્યારે શાશ્વત ક્ષણિક સાથે સંબંધમાં આવે છે ત્યારે તે તેને ભટકાઇ મુંગું બનાવે છે. જ્યારે તેણે તેને નડિવત બનાવેલ છે ત્યારે તે (તેને) પોતાના જેવો જ બનાવે છે.

૧૩૧૫ જો તમારી ઇચ્છા હોય તો (આ જાતની) બોધવાર્તાઓ તમો એક સાથે શોધી શકો, પણ ઓ દરવિશ, (તેમને કહેવાની) મને દરકાર નથી.

૧૩૧૬ આ 'અલીફ', 'લામ' 'મીમ' અને 'હા' 'મીમ' હ. મુસા (અ. સ.)ના દોરડાની માફક આ અક્ષરો (તેમના અર્થમાં) ખરૂં તાત્પર્ય સમજાવનાર બન્યા છે.

૧૩૧૭ (બીજા) અક્ષરો જાહેર રીતે આ અસરોને મળતા છે પણ પાછલાના (ઉચ્ચતમ) ગુણધર્મોની બાબતમાં પરવશ છે.

૧૩૧૮ એક દોરડું કે જે કોઇપણ ચકાસણી કરવા પકડે તે (હ. મુસા. અ. સ.)ના પેલા દોરડા જેવું બનેલું કેમ કહેવાશે ?

૧૩૧૯ આ ફુંક (ઉપરના અક્ષરો) અસરમાં હ. ઇસા (અ. સ)ની ફુંક જેવા છે, તે બીજા પવન કે ફુંક જેવા નથી કે જે ખુશી કે દિલગીરીમાંથી ઉત્પન્ન થાય છે.

૧૩૨૦ એ મારા બાપ, આ 'અલીફ' 'લામ' 'મીમ' અને 'હા' 'મીમ' માણસ જાતના માલિકની હજુરમાંથી આવ્યા છે.

૧૩૨૧ (બીજા) અલીફ લામને આની સાથે કાંઇ મળતાપણું છે ? જો તમોને સમજશક્તિ-વાળો આત્મા હોય તો આ જાહેરી આંખથી તે જોતો નહિ.

૧૩૨૨ અલબત તેઓ અક્ષરોથી લખાએલ છે. અને સામાન્ય લોકોથી (વપરાતા શબ્દોના) લખાણને મળતા છે, છતાં ઓ મહેરબાન (તેઓ તેવા નથી જ).

૧૩૨૩ હ. મુહમ્મદ (ર. સ. અ.) ગેાસ અને ચામડીનાં ઘડાએલ છે (પણ તેઓ અપૂર્વ છે) અલબત બધા શરિરેા તેમની સાથે રચનામાં એક સરખાં છે.

૧૩૨૪ તેને ગેાસ છે, તેને ચામડી અને હાડકાં છે (છતાં) (તેના ગુણધર્મો) જેવા જ આ (સામાન્ય) બંધારણને છે.

૧૩૨૫ (નહિ), કારણ કે પેલા (હ. મુહમ્મદ ર. સ. અ.)ના બંધારણમાં ચમત્કારેા દેખાણા કે જેનાથી (બીજા) બધા બંધારણેા તાબે થયાં હતાં.

૧૩૨૬ તેવી જ રીતે 'હા' 'મીમ' (અક્ષરેાનું) પવિત્ર કિતાબમાંનું લખાણ ખૂબ જ ઉંચું છે જ્યારે બીજાઓ (સરખામણીમાં) નીચા છે.

૧૩૨૭ કારણ કે આ લખાણમાંથી (પેલા) નિરાધારેામાં (કયામતનેા) સુર ફુંકાતા નવજીવન આપે છે.

૧૩૨૮ 'હા' 'મીમ'નું ખુદાનાં વિતરણની પ્રકિયા એક અઝદાહ બને છે અને (હ. મુસા અ. સ.)ના દોરડાની માફક સમુદ્રને ચીરે છે.

૧૩૨૯ તેનું (પીરનું) રૂદન, તેનું હસવું અને તેની વાણી તેનામાંથી નથી. તેઓ 'હું' (ખુદા)ની પવિત્ર પ્રકૃતિ છે.

એક પીરે મુરીદને અથવા એક પયગમ્બરે એક સમુહને આપેલી સુચના, કે જેઓ દૈવી શીખામણ મેળવવા અશક્ત છે અને ખુદા સાથે સામાન્ય અંગત પરિચય હેાતેા નથી તેઓની એક પેાપટની વાત સાથે સરખામણી કે જેઓને માણસના (આંતરિક) રૂપ સાથે આવેા પરિચય નથી, કે જેથી તેઓ તેની પાસેથી (સીધી રીતે) સુચના મેળવવા શક્તિશાળી બને. મહાન ખુદા મુરીદની સમક્ષ 'પીર'ને રાખે છે, જેમ પેાપટની આગળ આરસી પકડવામાં આવે છે, જ્યારે કે તે (પેાતે) આરસીના પછવાડેથી આદેશ આપે છે, કહે, તે (પ્રેરણા) કહી દેવા તારી જીભને ઉતાવળથી હલાવતેા નહિ (ખુદાથી) પ્રેરિત તે એક પ્રેરણા સિવાય બીજું કંઈ નથી. આ એક અંત વગરની સમસ્યાની શરૂઆત છે, જ્યારે પેાપટ, કે જેને તમેા પ્રતિમા કહેશેા, પેાતાની ચાંચ આરસીમાં હલાવે છે, હલચલ તેના પેાતાના નિર્ણય અને શક્તિથી થઈ નથી. તે બહારનેા પેાપટ કે જે શીખાડે છે, જેડાણથી બનાવાએલી પ્રતિબિંબીત હીલચાલ બનાવાઈ છે, નહિ કે આરસીની પાછળના શિક્ષકની હલચાલથી, પ્રતિબિંબ પણ બહારના પેાપટનેા નિર્ણય શિક્ષકના અંકુશ હેઠળ છે, તેા પછી આ (માત્ર) એક સરખામણી છે, નહિ કે (સંપૂર્ણ) આબેહુબ નકલ.

૧૩૩૦ એક પેાપટ આરસીમાં દેખાતા ચહેરામાં પેાતાનું પ્રતિબિંબ નિહાળે છે.

૧૩૩૧ શિક્ષક આરસીની પાછળ છુપાયેા છે, પેલેા મધુર ભાષી સાદી કેળવણી પામેલેા માણુસ વાતેા કરે છે.

૧૩૩૨ પેલેા નાનેા પેાપટ ધારે છે કે ધીમા અવાજે બેાલાએલા આ શબ્દેા આરસીમાંના પેાપટથી બેાલાણુ છે.

૧૩૩૩ તેથી તે (માનવ) વાણી પેાતાના જ એક જાતભાઈ પાસેથી શીખે છે, પેલા વૃદ્ધ વરૂની કપટ કળાથી અજ્ઞાન.

૧૩૩૪ તે તેને આરસીની પાછળથી શીખવે છે, નહિતર (તે વાત કરે નહિ) કારણુ કે તે પેાતાના જાતભાઈઓ સિવાય બીજા પાસેથી શીખતું નથી.

૧૩૩૫ તે (બરેાબર તેા) પેલા નિપુણ માણુસ પાસેથી બેાલતાં શીખ્યું, પણ તે તેના અર્થ અને ગુઢાર્થથી અજ્ઞાન છે.

૧૩૩૬ તે શબ્દેશબ્દ મામસ પાસેથી વાણી મેળવે છે (પણ) આ સિવાય નાનેા પેાપટ માણુસ વિષે શું જાણુશે ?

૧૩૩૭ તેવી જ રીતે, (અહંમથી) ભરેલેા મુરીદ 'પીર'ની કાયાની આરસીમાં પેાતાને જુએ છે.

૧૩૩૮ વાણી અને વિવરણુના વળતે તે આરસીની 'પછવાડે સર્વમય સમજણ'ને કેમ જોશે ?

૧૩૩૯ તે ધારે છે કે એક માણુસ બેાલે છે અને (સર્વમય સમજણ) જે એક ગુઢાર્થ છે કે જેનાથી તે અજ્ઞાન છે.

૧૩૪૦ તે શબ્દેા શીખે છે પણ શાશ્વત ગુઢાર્થ તે જાણી શકતેા નથી, કારણ કે તે એક પેાપટ છે, નહિ કે એક ગાઢ સાથીદાર,

૧૩૪૧ તેવી જ રીતે, લેાકેા પંખીઓનેા સુર શીખે છે કારણ કે આ (પંખીઓની) વાણી એક ગળા અને મેાઢાનું કાર્ય છે.

૧૩૪૨ પરંતુ પંખીઓના અર્થથી આંતરિક દિવ્ય દૃષ્ટિના માનનીય (ઋષાનાના) સુલેમાન સિવાય (બધા) અજ્ઞાન છે.

૧૩૪૩ ઘણાઓ (સાચા) દરવેશેાની ભાષા શીખ્યા અને તેનાથી મિમ્બર અને સભાગૃહનું પ્રતિષ્ઠા આપી.

૧૩૪૪ પેલાં (અગાઉનાં) ઉચ્ચારણેા સિવાય તેમના ઉપર કશું નવાજ્યું નહિ, અથવા આખરે (દૈવી) દયા આવી અને 'સત્યપંથ' દેખાડયેા.

એક આધ્યાત્મીકે એક કુતરીને બચ્ચાંઓ સાથે જોઈ કે જેના ગર્ભાશયમાં બચ્ચાં બસતાં હતાં. તે તાજુબીમાં ગરકાવ બન્યેા. કહે, "કુતરાના બસવાનું કારણ (અજાણ્યાઓ વિરૂદ્ધ) ચેાકી કરવાનું છે. માના ગર્ભાશયમાં બસવું ચેાકી રાખવાના ઇરાદા માટે નથી અને ફરીવાર બસવું કદાચ મદદ માટે બેાલાવવાનું બને અને તેનું કારણ દુધ માટેની એક ઇચ્છા પણ હેાય, વિગેરે, આ બાબતમાં આવું કારણ છે જ નહિ." જ્યારે તે

ભાનમાં આવ્યો, તેણે ખુદાની બંદગી ગુજારી, અને ખુદા સિવાય બીજો કોઈ તેનો અર્થ જાણતો નથી. જવાબ આવ્યો "તે એક સમુહની હાલતને જાહેર કરે છે કે જે (રૂહાનીયત) આંતરિક દૃષ્ટિ ધરાવવાના ઢોંગ કરે છે અને (પાર્થીવતાના) પડદામાંથી બહાર આવ્યા વગર, અને તેઓના દિલોની આંખો ઉઘાડયા વગર (ગુઢાર્થ) ઉચ્ચારણો ઉચ્ચારે છે. ત્યાંથી આગળ વધતાં તેમને પોતાને નથી મળતી શક્તિ અને સ્વાભાવિક મદદ, તેમજ નથી મળતું તેમના સાંભળનારાઓને કાંઈ માર્ગદર્શન અને સાચી દોરવણી.

૧૩૪૫ એક 'ચીલા' (ચાલીસ) દિવસની ધાર્મિક બંદગી (માટેની નિવૃત્તિ) દરમ્યાન અમુક માણસે રસ્તા ઉપર બચ્ચાંઓ સાથેની જાડી કુતરી સ્વપ્નામાં જોઈ.

૧૩૪૬ તેણે ઓચિંતાના ગલુડીયાંની ઘુમ સાંભળી, ગલુડીયાં ગર્ભાશયમાં હતાં. અદ્રશ્યમાન.

૧૩૪૭ તેને ચિચિયારીઓએ ખૂબજ વધુ પડતો આશ્ચર્યચકિત બનાવ્યો. કેવી રીતે કુરકુરીયાં ગર્ભાશયમાંથી બહાર બોલ્યા (તેની તેને નવાઇ લાગી.) !

૧૩૪૮ ગલુડીયાં ગર્ભાશયમાં કારમી ચીસો પાડતાં હતાં. (તેણે વિચાર્યું) શું કદી કોઈએ દુનિયામાં આવું જોયું છે ?

૧૩૪૯ જ્યારે તે પોતાના સ્વપ્નામાંથી જાગૃત થયો અને ભાનમાં આવ્યો ત્યારે તેની મુંઝવણ દરેક પળે વધતી ગઈ.

૧૩૫૦ સર્વશક્તિમાન અને કિર્તીવંત ખુદાની હજુર પુરનુર સિવાય 'ચીલા' દરમ્યાન આ ગાંઠ છોડનાર કોઈ હતું નહિ.

૧૩૫૧ તેણે કહ્યું, "ઓ માલિક, આ મુશ્કેલી અને વાદવિવાદના કારણે હું 'ચીલા' દરમ્યાન 'તારી ઝીકર'થી વંચિત બન્યો છું.

૧૩૫૨ મારી પાંખો ઢીલી કર કે જેથી હું ઉંચે ઉડું અને ઝીકરના બગીચામાં અને (આત્મ-જ્ઞાનીઓના) સફરજનની વાડીમાં દાખલ થાઉં.

૧૩૫૩ તેને જવાબમાં તુર્તજ અદ્રશ્યમાંથી એક જવાબ મળ્યો, કહે, "જાણ કે તે અજ્ઞાનની નકામી વાતનું પ્રતીક છે."

૧૩૫૪ કે જે, અંતરપટ અને પડદામાંથી બહાર આવ્યા વગર (અંધાપો હોવા છતાં) નકામી વાતો કરવી શરૂ કરી છે.

૧૩૫૫ ગર્ભાશયમાંની કુતરાની ઘુમ નકામી છે. (આવી બાબતમાં) તે શિકાર કરેલા જનાવરોનો હાંકનાર નથી અથવા રાત્રીનો ચોકો રાખનાર નથી.

૧૩૫૬ તેણે વરૂને જોયો નથી કે જેથી તે જાણે તેને અટકાવતો હોય, તેણે લુંટારાને જોયો નથી કે જેથી તે જાણે તેને પાછો હટાવતો હોય.

૧૩૫૭ તે (આવી જાતનો એક માણસ) લાલસાની અને પ્રખ્યાતીની ઇચ્છાના કારણે (રૂહા-નીયત) 'દિદાર' અને લવારો કરવામાં બડાહુરીની દ્રષ્ટિએ બુદ્ધિહિન છે.

૧૩૫૮ ખરીદનાર અને બરેબર વખાણનાર માટેની ઇચ્છામાં (આંતરિક દ્રષ્ટિથી) વંચિત બનેલો, તે અક્કલ વગરની વાતો કરવી શરૂ કરે છે.

૧૩૫૯ ચંદ્રમા જોયા વગર, તે સુચનાઓ આપે છે, આથી તે (અજ્ઞાન) સમાજને ઉંધી રીતે દોરવે છે.

૧૩૬૦ ખરીદનારના હિસાબે તે ચંદ્રમાના વર્ણનમાં કે જે તેણે કદી જોએલ નથી, સત્તા મેળવવાના કારણ માટે એક સો સુચનો આપે છે.

૧૩૬૧ સત્ય કહેતાં માત્ર એક જ ' ખરીદનાર ' છે જે ફાયદાકારક છે, પણ તેના સબંધમાં તેઓ (આ ઢોંગીઓ) ને એક (મોટી) શંકા અને વહેમમાં નાખે છે.

૧૩૬૨ કિર્તીવંત ખરીદનાર માટેની તેમની ઇચ્છામાં આ લોકોએ (બરેબરા) 'ખરીદનાર'ને લવરીઓમાં ફંગાવેલ છે.

૧૩૬૩ તે આપણો ખરીદનાર છે "ખુદાએ ખરીદ કરેલ છે" સાંભળ, બીજા કોઈ ખરીદનાર માટેની આતુરતાથી ઉપર આવ.

૧૩૬૪ ખરીદનાર શોધ કે જે તને શોધે છે, એક કે જે તારી શરૂઆત અને અંત જાણે છે.

૧૩૬૫ ખબરદાર, દરેક ખરીદનારને તારા હાથમાં પકડ નહિ, પ્રિયતમાઓથી પ્રેમ કરવો બરાબ છે. બે (ઉપર ઈમાન રાખ નહિ.)

૧૩૬૬ ખરીદનાર કે સેતાન પાસેથી તું વ્યાજ કે મુદ્દલ મેળવીશ નહિ, જો તે (તને) ખરીદ કરે, વાસ્તવમાં તેને (તારી) સમજ અને બુદ્ધિ માટે નાણું નથી.

૧૩૬૭ તેની પાસે અર્ધી ઘોડાની નાળ માટેની રકમ પણ નથી. અને તું હીરા અને માણેક (જેવી) કિંમતી ચીજોની તેને દરખાસ્ત કરે છે.

૧૩૬૮ કંજુસાઈએ તને આંધળો કર્યો છે, અને (તે) તને આશીર્વાદથી વંચિત બનાવશે, સેતાન તને પોતાની માફક શ્રાપિત બનાવશે.

૧૩૬૯ હ. લુત (અ. સ.)ના લોકો અને હાથીના અનુયાયીઓની માફક પોતાને પેલા કોપ (ઉતરેલાઓ) શ્રાપિત જેવો બનાવે છે.

૧૩૭૦ બિમાર (ભાવિક અને બેખુદે) 'ખરીદનાર' મેળવ્યો છે. જ્યારે કે તેઓ દરેક ખરીદનાર તરફ ઉતાવળે દોડ્યા નહિ.

૧૩૭૧ તે કે જે પેલા 'ખરીદનાર'થી પોતાનો ચહેરો ફેરવે છે. દૌલત અને પરમસુખ અને અમર જીંદગીનું જીવન તેનાથી નાશી જાય છે.

૧૩૭૨ તેઓની અદેખાઈમાં બરવારના લોકો ઉપર જેવું બન્યું તેવું કંજુસ ઉપર (એક સજ્જનની માફક) કાયમને માટે દિલગીરી ચાલુ રહે છે.

ઝરવારના લોકો અને ગરીબો તરફની તેઓની અદેખાઈની કહાણી. તેઓએ કહ્યું "અમારા બાપે મુર્ખાઈ ભરેલી નિખાલસતામાં પોતાની ફળવાડીમાંની પેદાશનો મોટો ભાગ ગરીબોને આપ્યા કર્યો." જ્યારે દ્રાક્ષનો પાક થયો ત્યારે તે દસમો ભાગ દેતો અને જ્યારે તે સુકી દ્રાક્ષ અથવા ચાસણીમાં ફેરવતો ત્યારે તે દસમો ભાગ દેતો અને (જ્યારે) (દાણા) મસળાતો ત્યારે અનાજનો દસમો ભાગ દેતો. છોડ સાથેના દાણા વગર મસળેલામાંથી દસમો ભાગ દેતો. અને જ્યારે તે તરણામાંથી ઘઉં જુદા કરતો ત્યારે તે દસમો ભાગ દેતો અને જ્યારે તે આટો બનાવતો ત્યારે તે દસમો ભાગ દેતો અને જ્યારે તે કણકને આથો ચડાવતો ત્યારે તે દસમો ભાગ દેતો, અને જ્યારે તે રોટલો બનાવ્યો ત્યારે તે દશમો ભાગ દેતો. અનિવાર્યપણે મહાન ખુદાએ તેની ફળવાડી ઉપર એવો આશીર્વાદ અને પાક ઉતાર્યો કે બીજા (બધા) ફળવાડીઓના માલિકોને તેની જરૂરત ફળ અને નાણાં માટે પડતી જ્યારે તેને પોતાને કોઈની પણ પાસેથી કશાની જરૂરત પડતી નહિ તેના પુત્રોએ દશમો ભાગ (દશોંદ) ની ભરપાઇ વારંવાર જોઇ અને આશીર્વાદ જોયા નહિ.

૧૩૭૩ એક ઈમાનદાર ભલો માણસ હતો. તેણે સંપૂર્ણ સમજ અને અંત જેવી એક (મહાન) દીર્ઘદ્રષ્ટિ હતી.

૧૩૭૪ યમનની નજીક ઝરવાનના ગામડામાં તે તેની સખાવત અને સારા સદ્‌ગુણોથી પ્રખ્યાત હતો.

૧૩૭૫ તેનું રહેઠાણ ગરીબોનું કાબા હતું. દુઃખીયારાઓ હંમેશાં તેની પાસે આવતાં.

૧૩૭૬ તે ફોતરા સાથેનું અનાજ તેમજ ઘઉંનો દશમો ભાગ જ્યારે ફોતરાં જુદા કરવામાં આવતાં ત્યારે આડંબર રહિત દેતો.

૧૩૭૭ જો તેને આટામાં ફેરવતો તો તેનો પણ દસમો ભાગ દેતો. જો તેમાંથી રોટલો બનાવતો તો તે રોટલાનો પણ દસમો ભાગ દેતો.

૧૩૭૮ તે કોઇ પણ પેદાશને દશમાં ભાગ (દશોંદ) વ્યામાંથી બાકાત રાખતો નહિ. તેણે જે વાવ્યું હોય તેમાંથી ચાર વખત દશમો ભાગ દેતો.

૧૩૭૯ પેલો (ઉદાર) માણસ ચાલુ રીતે પોતાના બધા પુત્રોને ઘણી સુચનાઓ આપ્યા કરતો.

૧૩૮૦ કહે, ખુદાની ખાતર, ખુદાની ખાતર, મારા ચાલ્યા જવા બાદ ગરીબ લોકોનો હિસ્સો કંજુસાઈથી અટકાવતાં નહિ.

૧૩૮૧ કે જેથી પાક અને ફળો ખુદા તરફથી તમારી તાબેદારીના પ્રતાપે એક (ઉતરેલા આશીર્વાદની) માફક કાયમી રહે.

૧૩૮૨ કોઈ પણ અટકળ અથવા શંકા વગર (તે) ખુદા જ છે કે જેણે દ્રવ્યમાંથી બધી પેદાશ અને ફળો મોકલ્યાં છે.

૧૩૮૩ જો તમો કંઈક જગ્યામાં કે જ્યાં પેદાશ આવે છે ત્યાં વાવશો તો તે નફાનો દરવાજો છે તમો (ત્યાંથી) એક (મોટો) નફો મેળવશો.

૧૩૮૪ તુર્ત આગલી પેદાશમાંથી આવેલ મોટો ભાગ ખેતરમાં વાવે છે, કારણ કે તે (વાવેલું ખેતર) ફળો (પાક)નું ઉદ્ગમસ્થાન છે.

૧૩૮૫ તે તેનો ઘણો ભાગ વાવે છે અને (માત્ર) એક થોડું જ વાપરે છે, કારણ કે તેના ઉગવામાં તેને કાંઇ પણ શંકા નથી.

૧૩૮૬ તુર્ક પોતાનો હાથ વાવવામાં (આમતેમ) હલાવે છે, કારણ કે તેનો પેલો (આગલો) પાક તેજ જમીનમાંથી આવ્યો હતો.

૧૩૮૭ તે જ પ્રમાણે એક મોચી ખાલ અને કમાવેલ ચામડું અને બકરાનું ચામડું ખોરાકના (ખર્ચ બાદ) જે વધારો વધે તે ખરીદ કરે છે.

૧૩૮૮ કહીને, આ મારી આવકનું હમેશાં મુળ બન્યું છે, આમાંથી, તે જ પ્રમાણે મારી આજીવીકા માટેની ગાંઠો ખુલે છે.

૧૩૮૯ તેની આવક પેલી જગ્યામાંથી આવી છે. અનિવાર્યપણે તે જ જગ્યા ઉપર ખુલ્લા દીલે અને ઉદારતાપુર્વક ઇનાયત કરે છે.

૧૩૯૦ આ જમીન (જે પેદાશ પેદા કરે છે) અને (આ) બકરાનું ચામડું એ માત્ર એક પડદો (ગૌણ કારણ) છે. જાણ કે દરેક પળે (બરૂં) આજીવીકાનું મુળ છે.

૧૩૯૧ જ્યારે તમો વાવો, ત્યારે અસલીયાતની જમીનમાં વાવો કે જેથી દરેક દાડે એક લાખ (આશીર્વાદો) ઉત્પન્ન થાય.

૧૩૯૨ (જેમ) હું ધારૂં છું તેમ જો તમે (હમણાંજ) બીયાં વાવ્યાં છે, તો જમીન કે જે (પાક પેદા) કરે છે તેના નીમીતનો તમે વિચાર કર્યો.

૧૩૯૩ જ્યારે તે (બી) બે કે ત્રણ વર્ષ દરમ્યાન ઉગતાં નથી તો તમો બંદગી અને આજીઆજીમાં (તમારા માથા ઉપર) તમારો હાથ મુકવા સિવાય બીજું શું કરી શકો ?

૧૩૯૪ તમો ખુદાની હજુર પુરનુરમાં તમારા માથા ઉપર તમારો હાથ કુટશો (તમારો) હાથ અને માથું તેના પોષણ આપવાના સાક્ષી બને છે.

૧૩૯૫ કે જેથી તમો જાણો કે તે (બધા પોષણના) મુળનું મુળ છે અને કે પોષણના શોધનારે માત્ર તેનેજ શોધવો જોઇએ.

૧૩૯૬. તેનામાંથીજ પોષણ શોધ, ઝયદ અને અમ્રમાંથી તે શોધ નહિ, તેનામાંથીજ કશો શોધ, ભાંગ અને શરાબમાંથી તે શોધ નહિ.

૧૩૯૭ તેનામાંથીજ દોલત શોધ નહિ કે બજાનો અને માલમિલ્કતમાંથી તેની પાસેથી મદદની ઇચ્છા કર નહિ કે કાકાઓ કે મામાઓ પાસે.

૧૩૯૮ આખરે તમો આ બધી ચીજો વગરના બાકી રહેશો, ધ્યાન દઈને સાંભળો તો પછી તમો કોને બોલાવશો ?

૧૩૯૯ હમણાંજ તેને બોલાવો અને બાકીના (બીજી બધાને) છોડી દો કે જેથી તમને દુનિયાની બાદશાહી વારસામાં મળે.

૧૪૦૦ દિવસ (આવશે જ્યારે) "માણસ પોતાના ભાઈથી ભાગી છુટશે" અને આવા દિવસે પુત્ર પોતાના પિતાથી ભાગશે.

૧૪૦૧ **તે વખતે દરેક દોસ્ત તમારો દુશ્મન બનશે કારણકે (દુનિયામાં) તે તમારી પ્રતિમા હતી અને એક કે જેણે 'સત્યપંથ' અનુસરતાં તમોને પાછા પાડયા હતા.**

૧૪૦૨ તમો તમારા ચહેરા ચહેરાના 'ચિત્રકાર'થી રોકતા હતા. જ્યારે કે તમો દિલની ખુશી એક (માત્ર) ચિત્રમાંથી મેળવતા હતા.

૧૪૦૩ જો અત્યારે તમારા દોસ્તો તમારા તરફ દુશ્મનો બને અને તમારી બાજુએથી હઠી જાય અને (તમારી સાથે) કજીઓ કરે.

૧૪૦૪ તો ધ્યાન રાખજે અને કહેજે, "અરે, મારૂં કિસ્મત વિજયવંતુ છે, તે કે જે કદાચ આવતી કાલે બનત, આજે બન્યું છે.

૧૪૦૫ વણઝાર (દુનિયા)ના લોકો મારા દુશ્મનો બન્યા છે, એટલા માટે કે 'કયામત' અગાઉથી મને ચોકખું દ્રષ્યમાન બને.

૧૪૦૬ નહિતર હું મારો વખત ગુમાવત અને તેઓની દોસ્તીમાં મેં મારી જીંદગી ગુમાવી હોત.

૧૪૦૭ મેં બાકી ભરેલો સામાન ખરીદ્યો હતો (ખુદાનો) આભાર માનો કે હું વખતસર તેઓના બાકીપણાથી સબ્બાગ બન્યો છું.

૧૪૦૮ નહિતર વેપારનો જથ્થો મારા હાથ બહાર ચાલ્યો જાત અને આખરે બાકીવાળો માલ (ફેંકી દેવો પડત).

૧૪૦૯ મારી (બધી) દોલત ચાલી ગઈ હોત, મારૂં સઘળું જીવન ચાલ્યું ગયું હોત, એ અમીરવંશના આદમી, નુકશાની પામેલા માલ માટે મારી બધી દોલત અને જીવન ચાલ્યું ગયું હોત.

૧૪૧૦ મેં મારો વેચાણનો માલ વેચી નાખ્યો, મેં હલકું સોનું મેળવ્યું. હું મોટી ખુશીમાં ઘેર જતો હતો.

૧૪૧૧ (ખુદાનો) આભાર માનો કે આ સોનું હલકું બનેલું અત્યારેજ મારી બહુ લાંબી જીંદગી વીત્યા પહેલાં બતાવાયું હતું.

૧૪૧૨ હલકો સિક્કો મારી ગરદન ઉપર હમેશાંને માટે (એક બેડીની માફક) રહ્યો હોત, (આમ) મારી જીંદગી દુર્વ્યય કરતાં એક દુષ્ટતા બની હોત.

૧૪૧૩ જ્યારે કે (તેનું) (સિક્કાનું) હલકાપણું વહેલાં (વખતસર) સ્પષ્ટ બન્યું હતું, હું જલ્દીથી મારૂં પગલું પાછળ હટાવીશ.

૧૪૧૪ જ્યારે તમારો દોસ્ત દુશ્મની બતાવે (અને જ્યારે) તેનો તિરસ્કાર અને અદેખાઈની તીવ્ર ઈચ્છા (પોત) પ્રકાશે ત્યારે,

૧૪૧૫ તેની વિમુખતાનો કલ્પાંત કરતા નહિ. એક અજ્ઞાન અને મુર્ખની માફક પોતાનું વર્તન રાખતા નહિ.

૧૪૧૬ નહિ, ખુદાનો આભાર માનો અને સખાવત કરો કે તમો તેના કોથળામાં (સડેલા અને) વૃદ્ધ બન્યા નથી.

૧૪૧૭ (પણ) "સાચ્ચા અમર દોસ્ત"ને શોધવા તેના કોથળામાંથી જલ્દીથી બહાર આવી જાઓ.

૧૪૧૮ આહલાદજનક દોસ્ત કે જેની દોસ્તીની રસ્સી તારા મૃત્યુ પછી ત્રણ ગણી વધુ મજબુત બનશે.

૧૪૧૯ વાસ્તવમાં પેલો દોસ્ત "(દૈવી) સુલતાન અને માનવંત બાદશાહ" બને અથવા તે સુલતાનનો સ્વીકારાએલામાંનો એકાદ બને અને એક કે જે (તેની સાથે) સમાધાન કરાવે.

૧૪૨૦ (હવે) તમોને ખોટા સિક્કા રાખનારમાંથી અને તેનો ઢોંગ અને કપટથી મુક્ત કરાયા છે. તમોએ તેની કપટતા મૃત્યુ પહેલાં જોઈ છે.

૧૪૨૧ જો તમો દુનિયામાં તમારા તરફ બતાવાએલા સો લોકોનો અન્યાય સ્પષ્ટપણે સમજશો તો તે એક ગુપ્ત સોનાનો બન્દનો બની રહેશે.

૧૪૨૨ લોકોને આવી રીતે તમારા તરફ હલકી પ્રકૃતિથી દુર કરાયા છે, કે જેથી તમારો ચહેરો અનિવાર્યપણે પેલી પાર તરફ ફરેલો બને.

૧૪૨૩ આ ખાત્રીપુર્વક જાણો કે અંતે તેઓમાંના સઘળા પ્રતિસ્પર્ધીઓ અને દુશ્મનો અને બળવાખોરો બનશે.

૧૪૨૪ તમને કબરમાં, રૂદન કરતા અને એકલા (ખુદાની) આજીજી કરતા "મને (અહીં) એકલો છોડી જાઓ નહિ"ની ખુબ પાડતા છોડી દેવામાં આવશે.

૧૪૨૫ ઓ તું કે જેની લાગણીહીનતા વફાદારની સંનિષ્ઠાથી વધુ સારી છે, વફાદારના મધ (માયાળુપણું) પણ તારી દાનશીલતામાંથી છે.

૧૪૨૬ ઓ ધાન્યના કોઠાર ધરાવનાર, તારી પોતાની સમજણને ધ્યાન દઈ સાંભળ અને "અલ્લાહની જમીનને તારા ઘઉં સુપ્રદ કર."

૧૪૨૭ કે જેથી તે ચોરો અને ધનેરામાંથી સલામત બને, જેમ બને તેમ જલ્દીથી સેતાનને (સમજણની) કુહાડીથી કાપી નાખ.

૧૪૨૮ કારણ કે તે હમેશાં તને ગરીબાઇની (ધમકીથી, તને બીવરાવતો હતો, ઓ બહાદુર બાજ, કબુતરની માફક તેને તારો શિકાર બનાવ.

૧૪૨૯ શક્તિશાળી અને નશીબવંતા બાદશાહના બાજને એક કબુતરનો શિકાર બનવો એ એક શરમ બનશે.

૧૪૩૦ તેણે (બાપે) પોતાના છોકરાઓને ઘણી સુચનાઓ આપી અને આગ્રહભરી વિનંતીના બીયાં વાવ્યાં (પણ) જેવો કે તેઓનો પ્રદેશ ઉજ્જડ હતો, તે કાંઈ મદદગાર બન્યો નહિ.

૧૪૩૧ જોકે સલાહ આપનારને એક સો સુચનાઓ હોય છે, સુચના ધારણાશક્તિવાળા કાનની માગણી કરે છે.

૧૪૩૨ તમો (બેધ્યાન ઈન્સાનને) એક સો વિનંતીઓની સુચના આપશો, તો પણ તે પોતાની બાજુ તેનાથી ખાલી બનાવે છે.

૧૪૩૩ એક માણસ ગર્વપુર્વક સાંભળવાનો ઈન્કાર કરે છે, તે એક સો (છટાદાર) બોલનારાઓને નાઉમેદ કરશે.

૧૪૩૪ પયગમ્બરો કરતાં મધુરભાષી અને ભલી શીખામણો સમજાવવાની શક્તિમાં કોણ વધુ ઉત્તમ હોય, કે જેઓના શબ્દોની અસર પત્થરો ઉપર (પણ) થાય છે ?

૧૪૩૫ (છતાં પણ) બદકિસ્મતના (નાસ્તિકના) બંધનો ઢીલાં પડતાં નથી જ્યારે કે હુંગર અને પત્થરો હટાવવામાં આવ્યા હતા.

૧૪૩૬ આવાં દિલો કે જેનામાં અહમ હતો, (કુરાનના શબ્દોમાં) " નહિ, (પત્થરો કરતાં) વધુ કઠણ. "

ખુદાનો અને (દૈવી) અનંત શક્તિની દાનશીલતા ગ્રહણશીલતા ઉપર અવલંબિત નથી. જેમ માનવની દાનશીલતા છે તે સમજાવવું, કારણકે પાછલી બાબતમાં ગ્રહણશીલતા જરૂરી છે. (આગલી બાબતમાં તેમ નથી) કારણકે (દૈવી) દાન અનંત છે, જ્યારે કે ગ્રહણશીલતા ક્ષણિક છે. દાનશીલતા પેદા કરનારનો એક ગુણધર્મ છે, જ્યારે ગ્રહણશક્તિ એ પેદા કરાયેલા સજીવ જીવનો ગુણધર્મ છે અને કે અનંત ક્ષણિક ઉપર આધાર રાખી શકે નહિ, નહીતર (બાબતના અસલીયતમાં) ક્ષણિકતા હાસ્યજનક બનત.

૧૪૩૭ આવા એક દિલનો ઉપચાર પ્રકૃતિ બદલનાર તરફથી ઈનાયત થએલું ઈનામ છે. તેના દાન માટે ગ્રહણશીલતા એક જરૂરી શરત નથી.

૧૪૩૮ નહિ તેની દાનશીલતા ગ્રહણશીલતા માટેની એક જરૂરી શરત છે, દાન ફેલાવું છે અને ગ્રહણશીલતા ગર્ભ છે.

૧૪૩૯ હ. મુસા (અ.સ.)ના દોરડાનું એક સરપમાં બદલાવું અને તેમના હાથનું એક સુર્યની માફક ચમકવું.

૧૪૪૦ અને પયગમ્બરોના એક લાખ ચમત્કારો કે જે આપણા દિલ અને સમજણથી સમજાય તેવા ન હતાં.

૧૪૪૧ (આ) ગૌણ કારણોમાં ઉતરેલા ન હતા પણ ખુદાની સીધી સત્તા (નીચે) હતા. ગ્રહણશીલતા અસ્તિત્વ ન ધરાવતી વસ્તુઓથી કેમ હોઈ શકે ?

૧૪૪૨ જો ગ્રહણશીલતા ખુદાના કાર્ય માટેની એક જરૂરી શરત ન હોત, તો અસ્તિત્વ ન ધરાવતી કોઈ પણ ચીજ અસ્તિત્વમાં આવી ન હોત.

૧૪૪૩ તેણે (ખુદાએ) એક (રિવાજી) કાયદો અને કારણો અને આ વાદળી પડદાનાં (આસમાનના)ની નીચે પેલા શોધનારાઓના કારણ માટેનાં સાધનો સ્થાપિત કર્યાં છે.

૧૪૪૪ દરેક બનાવો (રિવાજી) કાયદા પ્રમાણે પસાર થવા આવે છે, (પણ) કોઇકવાર (દૈવી) શક્તિ કાયદાનો ભંગ કરે છે.

૧૪૪૫ તેણે એક નિયમસરનો કાયદો અને રિવાજ સ્થાપિત કરેલ છે, પછી તેણે (સ્પષ્ટતા-પુર્વકનો) ચમત્કાર એક રિવાજ ભાંગતો સર્જ્યો છે.

૧૪૪૬ જોકે એક ચિંતનશીલ કારણ વગર અમોને પહોંચતું નથી (છતાં) (દૈવી) માનશક્તિ કારણના હટાવવામાંથી વેગળી હોતી નથી.

૧૪૪૭ ઓ તું કે જે કારણથી બંધાયો છે, (પરિણામ લાવવામાંથી) બહાર ઉડતો નહિ પણ (તેજ વખતે) દૈવી (શક્તિથી) કાર્યવાહી હટાવાઇ છે તેમ ધારી લેતો નહિ.

૧૪૪૮ કાર્યનો કર્તા તે જે પણ ધારે છે તેને હસ્તિમાં લાવે છે. સર્વસ્વ શક્તિ કારણોને ચીરી નાખે છે (નાશ કરે છે)

૧૪૪૯ પણ ઘણે ભાગે, તે પરિણામ લાવવાના કાર્યને અનુસરવા (પોતાની ઇચ્છા)નો ઉપયોગ થવા દે છે.

૧૪૫૦ જ્યારે કોઈ કારણ ન હોય ત્યારે કયા રસ્તે શોધનાર પીછો કરે ? તેથી રસ્તામાં એક દ્રષ્યમાન કારણ હોવું જોઇએ.

૧૪૫૧ આ કારણો આંખો ઉપર પડદાઓ છે, કારણકે દરેક આંખ તેનું (ખુદાનું) કાર્ય (સમજવાને) લાયક હોતી નથી.

૧૪૫૨ એક આંખ કે જે કારણમાં ઉંડે ઉતરી શકે તેણે (આ) પડદાઓ પગથી માથા સુધી-ના ઉચ્છેદવા જોઇએ.

૧૪૫૩ કે જેથી તે 'લા' જગતની દુનિયામાં કાર્યકર્તા નિહાળે અને પ્રવૃતિ અને પેદાશો અને દુકાનો (માત્ર) અર્થ વગરના જેવાં નિહાળે.

૧૪૫૪ દરેક ભલું બુરું કાર્યકર્તામાંથી આવે છે. ઓ મારા બાપ, કારણો અને સાધનો ફોકટ છે.

૧૪૫૫ પણ એક આભાસ કે જે ખુદાના રસ્તા ઉપર સ્થુલ પદાર્થ સામે સંબંધિત બનેલ છે. એટલા માટે કે બેધ્યાનપણાનો વખત (અજ્ઞાનતાથી સત્તા) થોડા એક ટુંકા સમય માટે સહન કરવી પડે.

હ. આદમ (અ.સ.)નો કાયા પેદા કરવાની શરૂઆત જ્યારે તેણે (ખુદાએ) હ. જીબ્રાઈલ (અ.સ.)ને હુકમ કર્યો, "કહે, જાઓ, આ જમીનમાંથી માટીની એક મુઠી ભરી આવો", અથવા એક બીજી વહી અનુસાર, દરેક પ્રદેશમાંથી ઘોડીઓ લઇ આવો.

૧૪૫૬ જ્યારે સિરજનહારે ભલી અને બુરી શક્તિની કસોટીના ઈરાદા અંગે માણસને અસ્તિત્વમાં લાવવા ઇચ્છા કરી ત્યારે.

૧૪૫૭ તેણે સાચા હ. જીબ્રાઈલને હુકમ કર્યો. કહે, જાઓ, પાછી આપવાની અનામત તરીકે જમીન ઉપરથી માટીની એકાદ મુઠી લઈ આવો.

૧૪૫૮ તેઓ ભગીરથ પ્રયાસ માટે કટિબદ્ધ થયા અને પૃથ્વી ઉપર આવ્યા કે જેથી તેઓ પેદા કરાએલા જીવોના માલિકનો હુકમ અમલમાં મુકે.

૧૪૫૯ ફરમાનબરદારે પોતાનો હાથ પૃથ્વી તરફ હલાવ્યો, પૃથ્વીએ પોતાને સંકોચી અને ડરી ગઈ.

૧૪૬૦ પછી પૃથ્વીએ પોતાની જીભ ઢીલી કરી અને આજીજી કરી, કહે, 'અપૂર્વ પેદા કરનાર તરફ ઉચિત પૂજ્યભાવના કારણે.

૧૪૬૧ મારાથી દુર રહો અને ચાલ્યા જાઓ, મારૂં જીવન બચાવો, જાઓ તમારા સફેદ ઘોડાના કટિ પ્રદેશને મારા તરફથી બીજી દિશાએ ફેરવો.

૧૪૬૨ ખુદાની ખાતર, મને છોડી દો અને માણસની મુશ્કિલીઓમાં મને સંડોવો નહિ.

૧૪૬૩ (હું તમને વિનંતી કરૂં છું), ખુદાની પસંદગીના કારણે જેનાથી ખુદાએ તમોને પસંદ કર્યા અને 'સર્વમય તખ્તી' (લોહે મહફુઝ)માં (લખાએલા)થી તમોને માહિતગાર બનાવ્યા.

૧૪૬૪ કે જેથી તમો ફિરસ્તાઓના શિક્ષક બન્યા છો અને ખુદા સાથે ચાલુ વાતો કર્યા કરો છો.

૧૪૬૫ તેથી તમો પયગમ્બરો તરફ મોકલાવાતા સંદેશાના સંદેશક બનશો, તમો ચેતન પ્રગટાવતા આત્માના જીવન છો, નહિ કે કાયાનું (જીવન).

૧૪૬૬ તમોને હ. અસરાફિલ (અ.સ.)ની ઉપર પહેલેથી જ સરસાઈપણું છે કારણ કે તે કાયાનું જીવન છે (જ્યારે) તમો આત્માના (જીવન) છો.

૧૪૬૭ તેમના રણશિંગાનો અવાજ કાયાઓનો વિકાસ (ઉત્પન્ન કરે છે), તમારી ટુંક એક માત્ર દિલનો વિકાસ (પેદા કરે છે).

૧૪૬૮ દિલની જીંદગી કાયાના આત્માનો આત્મા છે, તેથી તમારૂં ઇનામ તેઓથી વધુ ઉતમ છે.

૧૪૬૯ ફરી, મિકાઇલ કાયા માટે (યોગ્ય) પોષણ આપે છે (પણ) તમારી મહેનત પ્રકાશિત દિલો માટે (યોગ્ય) પોષણ આપે છે.

૧૪૭૦ તેણે (પોષણના અપાએલ) પ્રમાણથી પોતાનું પહેરણ ઇનામોથી ભરેલ છે (પણ) પોષણનું તારૂં ઈનામ માપમાં સમાવી શકાય નહિ.

૧૪૭૧ વધુમાં તમો મેરહમ અને ક્રોધી અઝરાયલથી વધુ ઉતમ છો, જેમકે (દૈવી) દયા કોપ કરતાં વધુ ઉત્તમ છે.

૧૪૭૨ આ ચાર (ફિરસ્તાઓ) (દૈવી) તખ્ત ઉપાડનારા છે અને તું (તેઓનો) બાદશાહ છો, રૂહાનીયત જાગૃતીમાં ચારેય, બધામાં તમો જ સર્વોતમ છો.

૧૪૭૩ છેલ્લા સંમેલનના દિવસે તું જોઈશ કે તેના ઉઠાવનારાઓ આઠ છે, તે સમયે તું આઠેય (ઉઠાવનારાઓમાં) સૌથી ઉતમ હોઇશ."

૧૪૭૪ આવી રીતે તેણી (પૃથ્વી) (તેના સદ્‌ગુણોની) ગણતરી કરતી હતી, અને રૂદન કરતી હતી, આ કાર્યવાહીનો શો મતલબ હતો તેની તેણીએ અટકળ કરી હતી.

૧૪૭૫ હ. જીબ્રીઇલ પૂજ્યભાવ માનની ખાણ હતા. પેલાં વખાણોએ તેમને પોતાના ઇરાદા-માંથી રોકી રાખ્યા.

૧૪૭૬ તેજ રીતે તેણીએ (પૃથ્વીએ) વિનંતી કરી અને સોગંદ આપ્યા, તેઓ પાછા ફર્યા અને કહ્યું "તારા ચાકરોના એ માલિક.

૧૪૭૭ (હું સાફ સાફ કહું છું કે) તારા કાર્ય બજાવવામાં હું ગાફેલ બન્યો ન હતો પણ શું બન્યું તે મારા કરતાં તું વધુ બહેતર જાણે છે."

૧૪૭૮ એ સઘળું જોનારા, તેણી (પૃથ્વી)એ એવા ભયમાં તારૂં નામ ઉચ્ચાર્યું કે સાતેય આસમાનો તેઓના માર્ગગમનથી અટકી પડયા હોત.

૧૪૭૯ એક શરમની લાગણી મારા ઉપર ફરી વળી, તારા નામથી હું નીચો પડયો, નહિતર એકાદ મુઠીભર માટી લઇ આવવી સહેલી હતી.

૧૪૮૦ તેં ફિરસ્તાઓ ઉપર આવી એક શક્તિ ઇનાયત કરી છે કે તેઓ આ અવકાશી ગોળાઓના ટુકડે ટુકડા કરી શકે.

ફિરસ્તાઓ અને તેઓના શિક્ષકનો સિજદો પામેલા હ. આદમ (અ.સ.) ખુદાના પ્રતિનિધિ, માણસ જાતના આશીર્વાદ પામેલા પિતાનું પૃથ્વી ઉપરથી લીધેલ મુઠીભર માટીમાંથી ચોગઠું એકત્ર કરવા હ. મિકાઇલ (અ.સ.)ને મોકલવું.

૧૪૮૧ તેણે (ખુદાએ) (હ. મિકાઇલને) કહ્યું, "તું જરૂર નીચે જા અને સિંહની માફક તેણીમાંથી એકાદ મુઠીભર માટી ઉઠાવી લાવ."

૧૪૮૨ જ્યારે હ. મિકાઇલ (અ.સ.) પૃથ્વી ઉપર પહોંચ્યા ત્યારે તેણીમાંથી માટી ખેંચવા તેમણે પોતાનો હાથ લાંબો કર્યો.

૧૪૮૩ પૃથ્વી ધ્રુજી ઉઠી અને પાછળ હટવું શરૂ કર્યું, તેણી કાલાવાલા કરતી બની અને આંસુઓ વહાવ્યાં.

૧૪૮૪ તેણીએ (દિલગીરીથી) બળતા, કાલાવાલા અને અંતઃકરણપુર્વકની આજીજી કરી, તેણીએ લોહીનાં આંસુઓથી આગ્રહભરી આજીજી કરી.

૧૪૮૫ કહીને, "કૃપાવંત અતુલ્ય ખુદા કે જેણે બાદશાહી તખ્તનો તને ઉપાડનાર બનાવ્યો છે તેના (નામથી) (તને વિનંતી કરૂં છું) કે,

૧૪૮૬ તું દુનિયાના પોષણના સાધનોની (વહેંચણી કરનાર) અને માપ કરવાની દેખરેખ કરનાર છો, તું તેમનો પીરસનાર છો કે જે (દૈવી) દયા માટેના તરસ્યા છે.

૧૪૮૭ કારણકે મિકાઇલ (નામ) કયલ (માપ) ઉપરથી ઉતરી આવેલ છે અને તે પોષણના સાધનોનો વહેંચણીમાં માપનાર (કય્યાલ) બન્યો છે.

૧૪૮૮ મને જીવતદાન આપો, મને મુકી દો, જુઓ હું કેવા લોહીથી રંગાએલા શબ્દો ઉચ્ચારૂં છું!"

૧૪૯૮ ફિરસ્તા ખુદાની દયાની એક બાણ છે, તેણે (મિકાઇલે) કહ્યું, "હું પેલા ઝખમ ઉપર આ નિમક કેમ છાંટું?

૧૪૯૦ જેવી રીતે કે સેતાન (ખુદાના) કોપની બાણ છે, કારણ કે તેણે આદમના પુત્રોમાંથી (આકંદની) ગર્જના ઉંચે ચડાવી છે.

૧૪૯૧ એ યુવાન, કોપ ઉપર (એક હકીકતની માફક) દયાનો અગ્રહક્ક અસ્તિત્વ ધરાવે છે, ખુદાની પ્રકૃતિમાં દયા સવિશેષ પ્રબળ હતી.

૧૪૯૨ તેના પસંદ કરાએલા દાસો અનિવાર્યપણે તેના ગુણધર્મો ધરાવે છે, તેઓની મસકો તેના ઝરાના પાણીમાંથી ભરેલી છે.

૧૪૯૩ ખુદાનો સંદેશક અને (ગુઢાર્થ) મુસાફરીના રાહનુમાએ કહ્યું છે કે "માણસો પોતાના બાદશાહની પ્રથા પ્રમાણે અનુસરે છે."

૧૪૯૪ હ. મિકાઇલ (સ. અ.) ઈન્સાફના માલિક પાસે પોતાની શોધની વસ્તુથી હાથ અને પહેરણથી ખાલી (પાછો) ફર્યો.

૧૪૯૫ તેણે કહ્યું "ઓ ગુપ્તતાના જાણનાર, ઓ અપૂર્વ બાદશાહ, પૃથ્વીએ રૂદન અને આકંદથી (મારા હાથો બાંધી) બાંધ્યો.

૧૪૯૬ આંસુઓ (શરૂથી જ) તારી પાસે કિંમતી હતાં. હું ન સાંભળ્યાનો ઢોંગ કરી શકયો નહિ.

૧૪૯૭ તારી પાસે રૂદન અને આકંદની પહેલેથી જ કીંમત છે. હું તેઓના હુકો બેધ્યાન બની છોડી શકયો નહિ.

૧૪૯૮ તારી સમક્ષ બીની આંખ ખૂબ જ વખાણને પાત્ર છે. હું (તેણીની) સામે ટક્કર ઝીલવામાં ઝગડાખોર કેમ બનું ?

૧૪૯૯ (ખુદાના) ચાકર માટે દિવસમાં પાંચ વખત પશ્ચાતાપ કરવા માટેનું તેડું છે "નિયમિત બંદગી (ગુજારવા) આવો અને પશ્ચાતાપ કરો."

૧૫૦૦ 'મુઅઝીન'ની બાંગ "ભલાઈ તરફ ઉતાવળ કરો" અને કે તે ભલાઈ આ રૂદન અને અરજ છે.

૧૫૦૧ તે કે જેને તું દિલગીરી ભરેલા બનાવવા ઇચ્છે છે, તું તેના દિલ વિરૂદ્ધ પશ્ચાતાપનો રસ્તો રૂંધે છે.

૧૫૦૨ એટલા માટે કે પેલા દુઃખનું કારણ તેને હટાવવાના કોઈ કારણ વગર (તેના ઉપર) ઉતરે, જ્યારે નમ્રતાના રૂપમાં ત્યાં કોઈપણ મધ્યસ્થી હોય નહિ.

૧૫૦૩ અને (બીજા હાથ પર) તું જરૂર તેના આત્માને કે જેને તું તકલીફમાંથી ઉગારવાનું ઇચ્છે છે તેને નમ્રતાપૂર્વક વિનંતી કરવા તરફ દોરી જાય છે.

૧૫૦૪ તેં જ (કુરાનમાં) કહ્યું છે કે (ઝીણવટથી જોતાં) પેલા લોકો કે જેના ઉપર ભારે પ્રતિહિંસા પડે,

૧૫૦૫ તેનું કારણ એ હતું કે તે પળે તેઓએ શા માટે નમ્રતાપૂર્વકની આજીજી કરી નહિ કે પેલું દુઃખ તેમના ઉપરથી હટાવી લેવામાં આવે.

૧૫૦૬ પણ જ્યારે કે તેઓનાં દિલો સખત બન્યા છે, તેઓનાં પાપો તેમને (ખુદાએ આપેલ) તાબેદારીની સેવા જેવાં દેખાયાં છે.

૧૫૦૭ જ્યાં સુધી કે પાપી પોતાને બળવાખોર ન જુએ ત્યાં સુધી તેની આંખમાંથી આંસુ કેમ ટપકે ?

હ. યુનુસ (અ.સ.)ના લોકોની કહાણી, એક સ્પષ્ટ પ્રતિપાદન અને જાહેર સાબિતી છે કે નમ્રતાપુર્વકની આજીજી અને રૂદન આસમાનમાંથી ઉતરતા દુઃખને થોડું હટાવે છે, અને મહાન ખુદા પોતાની સ્વતંત્ર ઇચ્છા પ્રમાણે વર્તે છે તેથી નમ્રતાપુર્વકની આજીજી અને પૂજ્યભાવ તેનાથી મદદગાર થાય છે. ફિલસુફો તેમ છતાં કહે છે કે તે (તેની) પ્રકૃતિની (જરૂરીયાત) અને એક કારણથી વર્તે છે, નહિ કે સ્વતંત્ર ઇચ્છાથી, તેથી નમ્રતાપુર્વકની વિનંતી (નકામી) છે કારણ કે, તે (પ્રકૃતિને) બદલાવી શકતી નથી.

૧૫૦૮ જ્યારે હ. યુનુસ (અ. સ.)ના લોકોને પીડા સ્પષ્ટ દેખાણી, આસમાનમાંથી એક અગ્નિ ભરેલ વાદળું રવાના થયું (ઉતર્યું).

૧૫૦૯ તે વિજળીના (ભડાકાઓ) ફેંકતું હતું, બહકો બળતા હતા, વાદળ ગર્જના કરતાં હતાં, ગાલો ઉપર લોહીનાં આંસુ વહેતાં હતાં.

૧૫૧૦ જ્યારે પેલું દુર્ભાગ્ય ઉંચાણેથી દ્રષ્ટિમાં આવ્યું ત્યારે બધા (લોકો) સારી રાત છાપરા ઉપર હતા.

૧૫૧૧ સઘળા લોકો છાપરાઓ ઉપરથી નીચે આવ્યા અને ખુલ્લા મસ્તકે ખુલ્લા મેદાન તરફ રવાના થયા.

૧૫૧૨ માતાઓએ પોતાનાં બચ્ચાંઓને નીચે ઉતાર્યાં કે બધાં મદદ અને તકલીફોની ઘુમો એક સાથે ઉઠાવે.

૧૫૧૩ સાંજની બંદગીના વખતથી પહેા ફાટવાના વખત સુધી પેલાં લોકોનાં ટોળાં પોતાના માથા ઉપર ધૂળ ફેંકતા હતાં.

૧૫૧૪ (પછી) બધા અવાજે બંધ થઈ ગયા (દૈવી) દયા પેલા 'સત્યપંથ'થી વિમુખ લોકો ઉપર આવી.

૧૫૧૫ હતાશા અને ચાલુ રૂદન બાદ, આસ્તે આસ્તે વાદળાએ પાછા ફરવું શરૂ કર્યું.

૧૫૧૬ હ. યુનુસ (અ.સ.)ની કહાણી લાંબી અને વિસ્તૃત છે. પૃથ્વીની વાત કરવાનો અને બહુ ગવાએલી વાત (ચાલુ કરવાનો) સમય છે.

૧૫૧૭ જ્યારે કે નમ્રતાપુર્વકની વિનંતી ખુદા પાસે (આવી) કીંમતી છે, નહિતર, તેને પગ્રે છે એવું ઈનામ (બદલો) બીજે કયાં છે?

૧૫૧૮ અરે! આશા રાખ. હવે આજથી ભગીરથ પ્રયાસ માટે કટીબદ્ધ થાઓ. ઓ રૂદન કરનાર, ઉઠો, અને ચાલુ હસ્યા કરો.

૧૫૧૯ કારણકે કિર્તીમાન બાદશાહે આંસુઓને 'શહીદો'ના લોહી જેટલો જ દરજ્જો આપ્યો છે.

હ. આદમ (અ.સ.) ની કાયાનો નમુનો બનાવવા માટે એકાદ મુઠીભર માટી લઇ આવવાના હુકમ સાથે પૃથ્વી તરફ હ. અસરાફિલને (અ.સ.)ને મોકલવા બાબત.

૧૫૨૦ આપણા ખુદાએ હ. અસરાફિલ (અ.સ.)ને કહ્યું "જાઓ, પેલી માટીથી તારો હાથ ભરીને પાછા આવો."

૧૫૨૧ હ. અસરાફિલ (અ. સ.) તેવીજ રીતે પૃથ્વી પર આવ્યા, ફરીવાર પૃથ્વીએ રૂદન શરૂ કર્યું.

૧૫૨૨ કહે, "(કયામતના) રણશીંગાના ઓ ફિરસ્તા, અને ઓ જીવનના સાગર, કે જેની ફુંકોથી મરેલા સજીવન પામે છે,

૧૫૨૩ તમો રણશિંગામાંથી એક ભેદક અવાજ ફુંકો છો અને ઈન્સાફની જગ્યા સડી ગએલાં હાડકાંઓમાંથી (જાગૃત) લોકોથી ભરપુર બને છે.

૧૫૨૪ તમો રણશિંગા ફુંકો છો અને ધૂમ પાડો છો, સાંભળો, જાગૃત થાઓ, ઓ તમો કબરલામાં શહીદ થનારાઓ!

૧૫૨૫ ઓ તમો કે જેઓ મૃત્યુની તલવારથી નાશ પામ્યા છો, ડાળી અને પાંદડાની માફક જમીનમાંથી તમારાં માથાં ઉંચા કરો.

૧૫૨૬ મરેલાને જીવતા બનાવવામાંથી આ દુનિયા તારી દયાથી અને તારી પેલી શક્તિ-શાળી ફૂંકથી ભરપુર બની છે.

૧૫૨૭ તું દયાનો ફિરસ્તો છે, દયા બતાવો! તું 'તખ્ત'નો ઉપાડનાર અને (દૈવી) બક્ષિશોનો કિલ્લો છો.

૧૫૨૮ 'તખ્ત' ઇન્સાફ અને પ્રમાણિકપણાની ખાણ (ઉદ્‌ગમસ્થાન) છે, તેની નીચે દરગુજરપણાથી ભરેલી ચાર નદીઓ છે.

૧૫૨૯ દુધની એક નદી અને એક મધની નદી અનંત કાળ સુધીની, એક શરાબની નદી અને એક વહેતા પાણીની નદી.

૧૫૩૦ પછી 'તખ્ત'માંથી તેઓ બહિશ્તમાં વહે છે (તેમાંની) થોડીએક ચીજો આ દુનિયામાં પણ દેખાય છે.

૧૫૩૧ અલબત અહીં પેલી ચાર નદીઓ ગંદી બની છે, શાથી? મરણાધીનતા અને અપચાના ઝેરથી.

૧૫૩૨ પેલી ચારેય (નદીઓમાંની) દરેકમાંથી કાળી પૃથ્વી ઉપર એક ઘુંટ રેડવામાં આવેલ છે અને લાલચ આગળ ધરવામાં આવી છે.

૧૫૩૩ એટલા માટે કે આ જંગલી કંગાળો તેનું મુળ શોધે (પણ) આ અર્થહિન લોકોનાં ટોળાં આ (ઘુંટડાથી) સંતુષ્ટ છે.

૧૫૩૪ તેણે (ખુદાએ) નાનાં બચ્ચાંઓ માટે દુધ અને પોષણ આપેલ છે, તેણે દરેક સ્ત્રીની છાતીને (દુધનો) એક ઝરો બનાવેલ છે.

૧૫૩૫ (તેણે) દિલગીરી અને ચિંતા હાંકી કાઢવા શરાબ (આપેલ છે), તેણે દ્રાક્ષને હિંમત આપતો એક ઝરો બનાવેલ છે.

૧૫૩૬ માંદાઓ માટે કાયાના એક ઇલાજ તરીકે તેણે મધ આપેલ છે, તેણે એક મધમાખીના આંતરિક ભાગને (મધનો) એક ઝરો બનાવ્યો છે.

૧૫૩૭ તેણે ડાળી અને મુળને સરખી રીતે ચોકખાઇ અને પીવા માટે પાણી આપ્યું છે.

૧૫૩૮ (હેતુ છે) કે તમો આ (નિષ્પન્ન વસ્તુઓના) અસલીયાત તરફનો રસ્તો અનુસરો.

૧૫૩૯ હવે પૃથ્વીની કહાણી અને (શાંતીના) ભંગ કરનારને મોહિત કરવા શું કહે છે તે સાંભળ.

૧૫૪૦ હ. અસરાફિલ (અ. સ.)ની હજુરમાં ગંભીરતાથી જોતી તેણી હેતપ્રીતના ખોટા દેખાવો અને એક સો જાતનાં વખાણોથી કોશીષ કરે છે.

૧૫૪૧ કહે, સર્વશક્તિમાનના પવિત્ર સત્યની સત્યતાથી હું તારી સમક્ષ વિનંતી કરું છું, મારા તરફનો આ જોરજુલમ કાયદાસર સમજતી નહિ.

૧૫૪૨ આ ફેરફારની મારી પાસે એક રજુઆત છે, મારા મસ્તકમાં શંકાશિલ વિચારો દોડી રહ્યા છે.

૧૫૪૩ તમો દયાના ફિરસ્તા છો, દયા બતાવો, કારણ કે 'હુમા' કોઈપણ સાધારણ પંખીને ઈજા કરતું નથી.

૧૫૪૪ ઓ (તમો કે જેઓ) દિલગીરીભરેલા તરફ દરદ મટાડનાર યાને દવા છો. તમો પેલા બન્ને ફાયદા કરતાઓની માફક જ કરો.

૧૫૪૫ તુર્તજ હ. અસરાફિલ (અ.સ.) બાદશાહ (ખુદા) પાસે પાછા ફર્યા, ખુદાની હજુરમાં પોતા માટે માફી ચાહી અને જે બન્યું હતું તે કહ્યું.

૧૫૪૬ કહે, "જાહેર રીતે આપે મને માટી લઈ આવવાનો હુકમ આપ્યો, (પણ) તેંજ મારા અંતઃકરણમાં તેનાથી ઉલટુંજ કરવા પ્રેરણા આપી.

૧૫૪૭ તેંજ લઈ આવવાનો મારા કાને પડતો હુકમ આપ્યો, દિલની સખતાઈ વિરૂદ્ધની મનાઈ તેંજ મારી સમજણને ઉદ્દેશી કરી છે.

૧૫૪૮ કોપ ઉપર દયા સરસાઈ ભોગવે છે, ઓ માલિક, જેનાં કાર્યો અપ્રતિમ છે અને જેની વર્તણુંક માયાળું છે.

દ્રઢ ઠરાવ અને મજબુત મનના ફિરસ્તા હ. અઝરાયલ (અ.સ.)ને મુઠીભર માટી ઉઠાવી લાવવા મોકલાવવું, એટલા માટે કે હ. આદમ (અ.સ.)ની કાયા સજાગ બને.

૧૫૪૯ ખુદાએ વિના વિલંબે હ. અઝરાયલ (અ. સ.) કહ્યું "નકામી કલ્પનાથી ભરેલી પૃથ્વી ઉપર નજર નાખ.

૧૫૫૦ પેલી નબળી બેઅદબ ઘરડી બેવડ ડોસીને શોધ, ધ્યાનથી સાંભળ, મુઠીભર માટી લઈ આવ અને ઉતાવળ કરજે."

૧૫૫૧ હ. અઝરાયલ (અ.સ.) (દૈવી) વટહુકમનો અફસર અવકાશી ગોળા તરફ હુકમ અનુસાર રવાના થયા.

૧૫૫૨ પૃથ્વીએ રિવાજ મુજબ, ખુબજ મોટેથી રૂદન શરૂ કર્યું. તેણીએ તેને આજીજી કરી, તેણીએ ઘણાએક કસમો આપ્યા.

૧૫૫૩ ખુમ પાડી કહે "ઓ પસંદગી પામેલા યુવાન, ઓ તખ્તાના ઉપાડનાર, ઓ તું કે જેનો હુકમ જમીન-આસમાનમાં અનુસરાય છે.

૧૫૫૪ મહાન ખુદાની કૃપાની દયાની ખાતર, રવાના થઈ જાઓ, તેણે કે જેણે તારામાં દયા દાખલ કરી છે તેની ખાતર રવાના થઈ જાઓ.

૧૫૫૫ બાદશાહ કે જે એકલો જ પુજ્યતમ છે તેના ખાતર (રવાના થઈ જાઓ), અને જેનાથી કોઈનું પણ રૂદન ઈન્કારાતું નથી."

૧૫૫૬ તેણે જવાબ આપ્યો, "આ હાથચાલાકીઓનું કામ, બધા બાનગી કે જાહેરી હુકમો આપનારમાંથી મારો ચહેરો હટાવી લેવા શક્તિમાન થશે નહિ."

૧૫૫૭ તેણીએ કહ્યું "બધા પછી, તેણે મનોનિગ્રહનો હુકમ આપેલો છે. (સખ્તાઈ અને સંયમ) બન્નેનો હુકમ અપાએલ છે, જ્ઞાનના રસ્તે પાછલી બાબત પસંદ કર."

૧૫૫૮ તેણે જવાબ આપ્યો, "તે અર્થઘટન અથવા એક અંતરાય બનશે. હુકમના સ્પષ્ટ અર્થનો ગુંચવાડો શોધ નહિ."

૧૫૫૯ જો તમો તમારો પોતાનો વિચાર બદલો (કે જેથી હુકમ સાથે સહમત બનો) તો તે વધુ સારૂં છે કે તમો આ (એક સરખા નહિ તેવા) હુકમનો અવળો અર્થ કરો.

૧૫૬૦ મારૂં દિલ તમારી આજીજીઓથી બળે છે, તમારાં આ બારમય આંસુઓના કારણે મારૂં અંતઃકરણ લોહીથી ભરાઈ ગયું છે.

૧૫૬૧ હું દયા વગરનો નથી, નહિ, દિલગીરી ભરેલાઓથી દિલગીરી માટે પેલા ત્રણ પવિત્રો (આગળ આવી ગએલા ફરિસ્તાઓ) કરતાં વધુ દયા છે.

૧૫૬૨ જો હું એક અનાથને પણ તમારો મારૂં જ્યારે માયાળુ પ્રકૃતિવાળો પુરુષ તેના હાથમાં (હલવો) મિઠાઇ મુકે.

૧૫૬૩ પેલા મારા તમાચાઓ બીજાના હલવા કરતાં વધુ સારા છે, અને જો તે હલવાથી મોજીલો બન્યો તો તેના પર શાપ હોજો !

૧૫૬૪ તારી આકંદમય બુમથી મારૂં દિલ બળે છે, પણ એક મોટી દયા જાણવા ખુદા શીખવી રહ્યો છે.

૧૫૬૫ માયાળુપણું ઘાતકીપણાની અંદર છુપાએલ છે, અમુલ્ય અકીક ગંદકીમાં સંતાએલ છે.

૧૫૬૬ ખુદાથી આચરેલું ઘાતકીપણું મારી એક સો દયાઓ કરતાં વધુ બહેતર છે, ખુદાના હુકમની સામે થવું અને તેનામાં પોતાને ન સમાવવું તે આત્મા તરફ ટળવળાટ છે.

૧૫૬૭ તેનું સખતમાં સખત ઘાતકીપણું બન્ને દુનિયાની દયા કરતાં વધુ બહેતર છે. "પેદા કરાએલા સજીવ જીવોનો માલિક" કેવો ઉતમ છે અને (તેની) મહદ કેવી મહાન છે !

૧૫૬૮ તેના ઘાતકીપણામાં ગુપ્ત માયાળુપણું છે, તેના બાતર આત્માને સુપ્રદ થવું આત્માનું જીવન વધારે છે.

૧૫૬૯ બ્યાનાં દર્દને સાંભળ, શંકા અને ભુલ બાવી છોડી દે, જ્યારે કે તેણે તને આવવાનો હુકમ કર્યો છે ત્યારે તારા મસ્તકને તેના તરદ ઉતાવળ કરવા તારા મસ્તકને દોડતું બનાવ.

૧૫૭૦ તેનું "આવો" તને ઉંચકતા આપશે, તે (તને) નશો અને (રૂહાનીયત) નવોઢાઓ અને પલંગો આપશે.

૧૫૭૧ ટુંકામાં, હું કદીપણ પેલા અપૂર્વ હુકમને ભણવો અને વાકછળથી ગુંચવણભર્યો બનાવી શકું નહિ.

૧૫૭૨ વ્યાધિગ્રસ્ત પૃથ્વીએ આ બધી (શીખામણો) સાંભળી, (પણ) તેણીના કાનમાં પેલી દુષ્ટ શંકામાંથી ઉગતો એક ડુટો હતો.

૧૫૭૩ એક વધુ વાર એકલી પડેલી પૃથ્વીએ બીજી રીતથી વિનંતી કરી અને એક પીધેલા માણસની માફક પોતાને સિજદામાં નાખી.

૧૫૭૪ તેણે કહ્યું "નહિ, ઉભી થા ! આ વસ્તુ અંગે તને કાંઇ નુકશાની નથી. હું મારૂં માથું અને જીવન જમીનગીરી અને બાત્રી તરીકે મુકું છું.

૧૫૭૫ મને વિનંતી કરવાનું વિચાર નહિ, પેલા ન્યાયકર્તા અને દયાળુ બાદશાહ સિવાય વિનંતી કરતી નહિ.

૧૫૭૬ હું તેના હુકમનો એક ગુલામ છું, હું તેના હુકમને નકારી કાઢવાની હિંમત કરી શકું નહિ, જેણે સમુદ્રમાંથી રજ ઉંચે ચડાવી.

૧૫૭૭ કાન અને આંખ અને માથાના પેદા કરનાર સિવાય કોઈ બીજા પાસેથી ભલું કે બુરૂં સાંભળવાનો નથી, મારા પોતાના આત્મા પાસેથી પણ નહિ.

૧૫૭૮ મારો કાન તેના સિવાય બીજા શબ્દો તરફ બહેરો છે, મારા પોતાના વ્હાલા આત્મા કરતાં તે મને વધુ વહાલો છે.

૧૫૭૯ આત્મા તેનામાંથી આવ્યો, નહિ કે તે આત્મામાંથી, તે કાંઈપણ કિંમત વગર એક લાખ આત્માઓ ઈનાયત કરે છે.

૧૫૮૦ આત્મા તે વળી શું કે કિર્તીવંત ખુદાથી તેને વધુ પસંદ કરૂં ? ચાંચડ તે વળી શું શું છે કે તેના ખાતર હું રબ્બાઈ બાળી નાખું ?

૧૫૮૧ હું તેની ભલાઇ જાણતો નથી, હું તેના સિવાય બીજાથી બહેરો છું. કારણ કે હું તેના હાથમાં એક ભાલા મિસાલ છું.

૧૫૮૨ પેલાઓ કે જેઓ વિલાપ કરે છે તેનાથી મારો કાન બહેરો છે. કારણ કે તું તેના હાથમાં એક ભાલા મિસાલ છે.

જ્યારે તમારા ઉપર ખુદાના પેદા કરાએલા જીવમાંથી ઈજા આવે છે. ત્યારે વાસ્તવમાં તે એક સાધન માફક છે, આત્માજ્ઞાની તે છે જે (બધાં કાર્યો) (ખુદાને) નિર્ણય કરવા મોકલે છે, નહિ કે સાધન, અને જો તે શરૂઆતમાં તેને સાધન તરફ નિર્ણય કરવા મોકલે છે તો તે આમ અજ્ઞાનમાં કરતો નથી પણ એક ઇરાદા માટે કરે છે, અબુ યઝીદે આમ કહ્યું છે. " આ બધા વર્ષો દરમ્યાન હું કોઈપણ સજીવ જીવ પાસે બોલ્યો નથી કે કોઇ જીવને મારી સાથે વાત કરતાં સાંભળેલ નથી. પણ લોકો કલ્પના કરે કે હું બોલું છું અને તેમને સાંભળું છું, કારણ કે હું બોલું છું અને તેમને સાંભળું છું, કારણ કે તેઓ ખૂબજ મહાન બોલનાર ને જોતા નથી, જેમાંના તેઓ મારા સંબંધમાં (સાચ) પડદા છે. બુદ્ધિમાન સાંભળનાર પડઘા તરફ કાંઈ ધ્યાન આપતો નથી. આ

બાબતમાં એક ઘણી જ જાણીતી કહેવત છે, (ખાસ કરીને), " દિવાલે ખીલીને કહ્યું" શા માટે તું મને ફટે છે? ખીલીએ જવાબ આપ્યો, "જે તમને ફટકારે છે તેના તરફ જુઓ" સમજાવ્યું.

૧૫૮૩ મુર્ખતાપૂર્વક ભાલા પાસે દયા યાચે નહિ, બાદશાહ કે જેના હાથમાં ભાલું છે તેની પાસે દયા યાચો.

૧૫૮૪ તમો કેવી રીતે ભાલા અને તલવાર પાસે આજીજી કરશો કે જે કિર્તીવંતના હાથમાં કેદીઓ છે?

૧૫૮૫ તે હાથ કારીગરીમાં આઝર જેવો છે. અને હું (તેનાથી બનાવેલ) એક પ્રતિમા છું તે મારામાંથી જે પણ સાધન બનાવશે હું તે બનીશ.

૧૫૮૬ જો તે મને એક પ્યાલો બનાવશે, હું પ્યાલો બનીશ. અને જો તે મને એક જમૈયો બનાવે છે તો હું જમૈયો બનું છું.

૧૫૮૭ જો તે મને એક ઝરો બનાવે છે તો હું પાણી, આપું છું. જો તે મને અગ્નિ બનાવે છે તો હું ગરમી આપું છું.

૧૫૮૮ જો તે મને વરસાદ બનાવે છે તો હું ધાન્યનો ઢગલો આપું છું. જો તે મને એક તીર બનાવે છે તો હું કાયામાં ખૂંચું છું.

૧૫૮૯ જો તેમને એક સરપ બનાવે તો હું ઝેર ઓકીશ અને જો તે મને એક દોસ્ત બનાવે તો હું (માયાળુ) સેવા આપીશ.

૧૫૯૦ હું તેની બે આંગળીઓ વચ્ચે એક કલમની માફક છું. હું (તેના તરફની) તાબે. દારીની હારમાં ડગુમગુ થનાર નથી.

૧૫૯૧ તેઓ હ. (અઝરાઈલ) (અ સ.) આ વિવરણમાં પૃથ્વી સાથે મશગુલ હતા. (અતે તે દરમ્યાન) તેમણે જુની જમીનમાંથી (માટીની) મુઠી ઉપાડી લીધી.

૧૫૯૨ એક જાદુગરની માફક તેણે તેને પૃથ્વીમાંથી ઝૂંટવી લીધી, (જ્યારે) પેલા તેમની પાસે આવેલાઓની માફક પૃથ્વી તેના શબ્દો સાંભળવા તલ્લીન બની હતી.

૧૫૯૩ તેઓ બેધ્યાન માટીને ખુદા પાસે લાવ્યા (તેઓ) ભાગી ગએલાને પાછા નિશાળે લાવ્યા.

૧૫૯૪ ખુદાએ કહ્યું " મારા દેદીપ્યમાન જ્ઞાનથી (હું કસમ ખાઉં છું) કે હું આ (મારા) પેદા કરાએલા જીવોનો તને ફાંસીગર બનાવીશ. "

૧૫૯૫ તેણે જવાબ આપ્યો, " ઓ માલિક, જ્યારે હું તેમને મોતના ઘાટે ઉતારીશ ત્યારે તારા પેદા કરેલાઓ મને પોતાનો દુશ્મન સમજશે.

૧૫૯૬ ઓ માનવંતા માલિક મને દૃષ્ટિમાં ધિક્કારાએલો અને દુશ્મન જેવો બનાવવો તે આપને યોગ્ય લાગે છે?"

૧૫૯૭ તેણે (ખુદાએ) કહ્યું " હું અમુક કારણો (જેવાં કે) તાવ અને મરડો અને પાગલપણ અને ભાલાની (જખમો)ને ખુલ્લા દ્રવ્યમાન બનાવીશ.

૧૫૯૮ આમ કરીને હું તેઓનું ધ્યાન તારામાંથી (મૃત્યુનાં) ત્રણ ગણાં કારણો (શારિરીક, માનસિક, અને રૂહાનીયત) બિમારીઓ તરફ ફેરવીશ."

૧૫૯૯ તેણે (હ. અઝરાઇલ અ. સ.) એ જવાબ આપ્યો, "ઓ માલિક, એવા પણ તારા ચાકરો છે કે જેઓએ કારણોના (આભાસોને) ચીરી નાખેલ છે. ઓ સર્વશક્તિમાન."

૧૬૦૦ તેઓની આંખો કારણની આરપાર પસાર થાય છે, માલિકની દયા થકી તે બધા પડદાઓ પસાર કરી ગએલ છે.

૧૬૦૧ તેણે પરમ આનંદના આંખના નિષ્ણાતપણામાંથી એકતાનું આંજણ મેળવ્યું છે અને અસ્થિરતા અને વ્યાધિમાંથી મુક્ત બનાવાઈ છે.

૧૬૦૨ તેઓ તાવ અને મરડો અને ક્ષય તરફ જોતા નથી. તેઓ આ કારણોને પોતાના દિલમાં દાખલ કરતા નથી.

૧૬૦૩ કારણ કે આ દરદોમાંના દરેકનો ઇલાજ છે, જ્યારે તે અસાધ્ય બને છે ત્યારે તે (દૈવી) વટહુકમનું કાર્ય છે.

૧૬૦૪ ખાત્રીપુર્વક જાણો કે દરેક દર્દને તેની દયા છે, (દાખલા તરીકે) રૂવાંટીવાળું ચામડું ઠંડીના દુઃખ માટે દવા છે.

૧૬૦૫ (છતાં) જ્યારે પેલા એક માણસને ઠંડીથી થીજેલો બનાવવા ખુદા ઇચ્છે છે ત્યારે ઠંડી એક સો ચામડાંની અંદર પણ દાખલ થાય છે.

૧૬૦૬ અને તેના શરીરમાં એક ફુન્દરી મૂકે છે કે જે માળામાં છુપાઈ જવામાં કે (પોતાને) કપડામાં વિંટાળવાથી વધુ સારી બનાવાશે નહિ.

૧૬૦૭ જ્યારે વટહુકમ આવે છે ત્યારે વૈદ્ય મુર્ખ બનાવાય છે અને દવા પણ પોતાનું કાર્ય બજાવવા (અસર ઉપજાવવા) નિષ્ફળ બને છે.

૧૬૦૮ (ગુઢાર્થ) જોનારનું નિરખવું આ (ગૌણ) કારણોથી પડદામય કેમ બનાવાય કે જે બેવકુફને પકડવાનો એક પડદો છે?

૧૬૦૯ જ્યારે આંખ તદ્દન સંપૂર્ણ છે. ત્યારે તે મુળ (અસલીયાત) જુએ છે, જ્યારે એક માણસ ત્રાંસી આંખવાળો છે ત્યારે તે ડાળી (નિષ્પન્ન વસ્તુ) જુએ છે.

(દૈવી) જવાબ, (એટલે કે), "એક કે જે નિમિત્તો અને દરદો અને તલવારના ઝખમો તરફ લક્ષ આપતો નથી તે તેવી જ રીતે કાર્ય તરફ પણ લક્ષ આપતો નથી. ઓ ઇઝરાઇલ, તું પણ એક (ગૌણ) નિમિત્ત છો, જો કે તું પેલાં (બીજાં) નિમિત્તો કરતાં વધુ ગુપ્ત છો." અને તે બને કે (અઝરાઇલની ઝરી પ્રકૃતિ) માંદા (મરતા) માણસમાંથી ગુપ્ત ન પણ હોય, કારણ કે તે (ખુદા) તમો છો તે કરતાં વધુ નજીક છે "પણ (ખુદા નજીક છે તે) તમો જોતા નથી."

૧૬૧૦ ખુદાએ કહ્યું "તે કે જે અસલ પરખે છે (નિષ્પન્ન વસ્તુ તરફ લક્ષ આપતો નથી) તો પછી તે તારા મધ્યસ્થીપણાનાં ધ્યાનવાળો કેમ બનશે ?

૧૬૧૧ અલબત્ત તેં અધમપણામાંથી (તારી બૂરી પ્રકૃતિને) સંતાડી છે, છતાં પણ તેં આંખવાળો (આત્મજ્ઞાની) ને તું એક પડદો (નિમિત્ત) સિવાય બીજું કંઈ જ નથી.

૧૬૧૨ અને (બરેબર) પેલાઓ કે જેઓને મૃત્યુ સાકરની માફક (મીઠું) છે, તેઓની (આ દુનિયાની માલ-મિલકતથી) મદદોશ કેમ બનશે. (કેમ બંધાઈ જશે) ?

૧૬૧૩ શારીરિક મૃત્યુ તેમને વસમું લાગતું નથી, જ્યારે કે તેઓ અંધાર કોટડી જેલમાંથી એક બગીચામાં જાય છે.

૧૬૧૪ તેઓને આ મહાદુઃખના જગતમાંથી મુક્ત બનાવાયા છે, કીંમત વગરની નકામી માટે કોઈ રૂદન કરતું નથી.

૧૪૧૫ જો ધરતીકંપ અથવા વિજળી એક જેલનો કોઠો તોડે તો કોઇપણ કેદીનું દિલ તેના ગુસ્સે બનશે બરૂં ?

૧૬૧૬ (શું તેઓ કહેશે ?) "અફસોસ, તેણે આરસનો પથ્થર તોડ્યો છે કે જેથી આપણે અંતઃકરણો અને આત્માઓ આ જેલમાંથી છુટ્યા છે.

૧૬૧૭ જેલના કોઠાના સુંદર આરસ અને ઉમદા પથ્થર આપણને ખુશ કરતાં અને આનંદ આપતા હતા.

૧૬૧૮ શા માટે તેણે તેમને તોડ્યા, કે જેથી કેદીઓ નાશી ગયા ? તેનો હાથ આ (ગુન્હાની સજા તરીકે ભાંગી નાખવો (કાપી નાંખવો) જોઇએ.

૧૬૧૯ કોઇ પણ કેદી આવી અક્કલ વગરની વાત કરશે નહિ, સિવાય પેલો એક કે જે જેલમાંથી ફાંસીના લાકડે લઈ આવવામાં આવેલ છે.

૧૬૨૦ (મૃત્યુ) તેને કડવું કેમ બનશે કે જેને તેઓ સરપના ઝેર વચ્ચેથી સાકર તરીકે લઈ જાય છે.

૧૬૨૧ આત્મા, કાયાના દુઃખમાંથી છુટેલો, શારીરિક પગો સિવાય આત્માની પાંખોથી ઉંચો ચડે છે.

૧૬૨૨ ભોંયરામાંનો કેદી કે જે રાત્રીના ઉંઘમાં પડે છે અને એક ગુલાબના બગીચાનું સ્વપ્નું જુએ છે.

૧૬૨૩ અને કહે છે, "ઓ ખુદા, મને મારી કાયામાં પાછો મોકલતો નહિ (પણ મને એકલો રહેવા દો) એટલા માટે કે આ બગીચામાં એક શાહજાદાની માફક હલનચલન કરું

૧૬૨૪ ખુદા તેને કહે છે, "તારી પ્રાર્થના સ્વીકારવામાં આવી છે, પાછો જતો નહિ સાચો રસ્તો સૌથી સારી રીતે ખુદા જાણે છે,"

૧૬૨૫ આવું સ્વપ્નું કેવું ખુશકારક છે તેની ગણત્રી કર ! મૃત્યું જોયા વગર તે (સ્વપ્ન જોનાર) બહિશ્તમાં જાય છે.

૧૬૨૬ તેના (આગવા) સન્માનપણા માટે અને કાયા (કે જે તેણે) ભોંયરાની કેદના તળીયામાં બેડીમાં ઝકડાએલ રાખી હતી તેને માટે દિલગીરીની લાગણી અનુભવશે ખરો?

૧૬૨૭ (જો) તું સાચો ઇમાનદાર છો તો આગળ આવ, લડાઇની સફમાં દાખલ થા કારણ કે બહિશ્તમાં તારા માટે એક મિજબાની (તૈયાર) કરવામાં આવી છે.

૧૬૨૮ ઉપર તરફ મુસાફરીની ઉમેદમાં (જાગૃત થા અને) એ યુવાન મિહરાબ તરફ પ્રાર્થના અને રૂદન. એક મીણબત્તીની માફક ઊભો રહે.

૧૬૨૯ વરસાદની માફક તારાં આંસુઓને પડવા દે, ભડકાઓથી પોતાનું મસ્તક ગુમાવતી એક મીણબત્તીની માફક આખી રાત્રી પ્રેરણાની શોધમાં ઉત્સાહી બન.

૧૬૩૦ ખોરાક અને પીવા વિરુદ્ધ તારા હોઠો બંધ કર, આસમાની બેઠક તરફ ઉતાવળ કર.

૧૬૩૧ ચાલુ રીતે તારી ઇચ્છા બહિશ્ત ઉપર (ચોંટાડેલી) રાખ. બહિશ્ત માટેની ઇચ્છામાં ચરખાની માફક નાચતો રહે!

૧૬૩૨ ચાલુ રીતે બહિશ્તમાંથી (રૂહાનીયત) પાણી અને અગ્નિ તારા તરફ આવતી રહેશે અને તારો ખોરાક વધારતી રહેશે.

૧૬૩૩ જો તે (તારી પ્રેરણા) તને ત્યાં ખેંચી જાય, તો તે અજાયબી નથી. તારી કમજોરી ઉપર ધ્યાન ન દે, તારી શોધ (પ્રેરણા) તરફ ચાલુ રાખ.

૧૬૩૪ કારણ કે આ શોધ તારી સાથેની ખુદાની જમીનગીરી છે, કારણ કે દરેક શોધનાર (પોતાથી) કાંઈક શોધાએલને લાયક છે.

૧૬૩૫ તનતોડ મહેનત કર કે આ શોધ વધે, કે જેથી તારૂં દિલ (આત્મા) આ શારિરીક કેદમાંથી નાશી છુટે.

૧૬૩૬ લોકો કહેશે, "બીચારો ફલાણો ફલાણો મરી ગયો," (પણ) તું કહીશ "એ ધ્યાન વગરના હું જીવું છું."

૧૬૩૭ જોકે બીજી કાયાઓની માફક મારી કાયા આરામમાં મુકાણી છે (છતાં) આઠેય બહિશ્તો મારા દિલમાં ખીલી ઉઠેલ છે,

૧૬૩૮ જ્યારે આત્મા ગુલાબો અને જુઇના ફુલો વચ્ચે આરામમાં પડેલ છે, ત્યારે જો કાયા પેલી વિષ્ઠાની અંદર દટાએલી હોય તોપણ શી પરવા?

૧૬૩૯ આવી રીતે સુતો પડેલો આત્મા કાયા વિષે શું જાણશે? (અથવા દરકાર કરશે કે) તે (કાયા) ગુલાબના બગીચામાં છે કે રાખના ખાડામાં?

૧૬૪૦ (કારણ કે) નિલરંગી અવકાશની દુનિયામાં આત્મા બુમ પાડે છે, "અરે, પેલા મારા લોકોએ શું જાણ્યું?"

૧૬૪૧ જો આત્મા આ કાયા વગર જીવે નહિ તો પછી બહિશ્ત (અનંતકાળના રહેઠાણ)નો મહેલ કોના માટે બનત?

૧૬૪૨ જો તારો આત્મા કાયા વગર જીવે નહિ તો (કુરાનમાં આપેલું વચન) "બહિશ્તમાં તમારો ખોરાક છે" કોના માટે આશીર્વાદીત છે?

દુનિયાની માંસલ અને સ્વાદિષ્ટ ચીજોનું વિનાશકારીપણું સમજાવવું અને તેઓ કેવી રીતે ખુદાઈ ખોરાક મેળવવામાં અડચણકર્તા છે, જેમ તેઓ (હ. પયગમ્બર સાહેબે) કહ્યું છે, "ભૂખ ખુદાનો ખોરાક છે કે જેનાથી તે (તેના સાચા સાક્ષીઓની) કાયાઓને પુનર્જીવન આપે છે, એટલે કે ભુખમાં ખુદાનો ખોરાક (આગળ આવે છે), અને તેમણે કહ્યું છે, "હું મારા માલિક સાથે રાત્રી પસાર કરૂં છું અને તેમને ખોરાક અને પીણું આપે છે, અને ખુદાએ કહ્યું છે, "પુરૂં પાડેલ લેવા માટે આનંદ કરો."

૧૬૪૩ (જો) તમોને આ ચીતરી ચઢે તેવું એઠા અન્નમાંથી મુક્ત કરાયા છે તો તમો ઉમદા ખોરાક અને સ્વાદિષ્ટ મિઠાઈ (ખાવામાં) મશગુલ રહેશો.

૧૬૪૪ જો તમો તેની વાનગીઓ એક સો રતલ (પણ) ખાશો તોપણ તમો ચોકખા અને પ્રકાશીત એક ફિરસ્તા માફક રવાના થશો.

૧૬૪૫ કારણ કે તેઓ તમને ગેસ અને કમળો અને આંતરડાના દર્દની પીડાથી શક્તિહિન બનેલા એક કેદી બનાવશે નહિ.

૧૬૪૬ (પાર્થીવ ખોરાકની બાબતમાં) જો તમો બહુ થોડો ખોરાક ખાશો તો એક કાગડાની માફક તમો ભુખ્યા રહેશો અને જો તમો પેટ ભરીને ખાશો તો ઓડકારથી હેરાન થશો.

૧૬૪૭ જો તમો (ખૂબજ) થોડું ખાશો તો (પરિણામ એ આવશે) બદહિજમી અને પાંડુરોગ અને ક્ષય, જો તમો પેટ ભરીને ખાશો તો તમારી કાયા અપચાની સજા ભોગવશે.

૧૬૪૮ ખુદા તરફનો થોડો ખોરાક ખાવામાં અને (સ્વાદિષ્ટ) પોષણ સહેલાઈથી હજમ કરવામાં, આવા એક (રૂહાનીયત) સમુદ્ર ઉપર કિશ્તી માફક સવારી કર.

૧૬૪૯ રોજા રાખવામાં ધીરજવાન અને દૃઢાગ્રહી બન. હમેશાં ખુદાઈ ખોરાકની ધારણા-વાળો બન.

૧૬૫૦ કારણ કે ખુદા, કે જે ભલાઈથી વર્તે છે અને લાંબો વખત ચાલવા દેતાં, તેઓ ઉપર તેની બક્ષિશોની નવાજીશ કરે છે કે જેઓ અભિલાષામાં છે.

૧૬૫૧ પુરેપુરો ધરાએલો માણસ રોટલા માટે અભિલાષાપુર્વક રાહ જોતો નથી. તેનો ખોરાક વહેલો આવશે કે મોડો તેનો (વિચાર કરતો નથી).

૧૬૫૨ (પણ) ખોરાક વગરનો માણસ હમેશાં પુછે છે "તે ક્યાં છે?" અને ભુખે પેટે તેની અભિલાષા કરે છે અને (તેને માટે) શોધ અને તપાસ કરતો રહે છે.

૧૬૫૩ સિવાય કે તમો અભિલાષી છો, પેલું અનેકગણું પરમ સુખ તમારી પાસે આવશે નહિ.

૧૬૫૪ ઓ મારા બાપ, એક સાચા મર્દની માફક ઉપરમાંથી થાળાઓના વાસ્તે ઉપેક્ષા કરો. ઉપેક્ષા.

૧૬૫૫ દરેક ભુખ્યો માણસ આખરે કાંઈક ખોરાક મેળવે છે. (રૂહાનીયત) પ્રારબ્ધનો સુર્ય તેના ઉપર પ્રકાશ્યો.

૧૬૫૬ જ્યારે એક પરમાર્થી મહેમાન (કોઇ) હલકો ખોરાક આશે નહિ ત્યારે મિજબાન વધુ સારો ખોરાક લાવશે.

૧૬૫૭ સિવાય કે તે એક ગરીબ અને દુઃખી મનનો મિજબાન હોય, ઉદાર પ્રબંધ કરનાર માટે (આવું) હલકું વિચારતો નહિ.

૧૬૫૮ ઓ સત્તાના આદમી, તારૂં માથું એક પહાડ માફક ઉંચું કર, એટલા માટે કે સુર્યનાં પ્રથમ કીરણો તારા ઉપર પ્રકાશે.

૧૬૫૯ કારણ કે મજબુત બેસાડેલ પર્વતનું ઉંચું શિખર પ્રભાતના સુર્યની અભિલાષા કરે છે.

એક મુર્ખને જવાબ કે જેણે કહ્યું કે જો મૃત્યુ ન હોત તો આ દુનિયા આનંદમય બનત અને કે ચાલુ જીવનની દોલત જો ક્ષણિક ન હોત તો ચાલુ જીવન ખુશકારક હોત અને આ જ રીતની બીજી બેવકુફીઓ (ઉચ્ચારી).

૧૬૬૦ અમુક માણસ કહેતો હતો, "જો મૃત્યુનો હસ્તક્ષેપ ન હોત તો આ દુનિયા આહલાદજનક બની હોત."

૧૬૬૧ બીજાએ "કહ્યું" જો મૃત્યુ, ન હોત તો ગૂંચવાએલી દુનિયાનું મુલ્ય એક તણખલા જેટલું પણ ન હોત.!

૧૬૬૨ તે ખેતરમાં મોટા ઢગલા કરેલ ગંજીની માફક ઉપેક્ષા કરેલ અને વગર દાણા કાઢેલ બની હોત.

૧૬૬૩ તમોએ મૃત્યુને જીવન બનતું (બરોબર શું તે) ધારી લીધું છે. તમોએ એક ઉજ્જડ જગ્યામાં તમારાં બી વાવ્યાં છે.

૧૬૬૪ બરોબર, બોટી (તર્કશુદ્ધ) સમજણ (સત્યનું) ઉંધું જુએ છે, ઓ નબળી નિર્ણય શક્તિવાળા આદમી, જીવનને મૃત્યુ જેવું જુઓ.

૧૬૬૫ ઓ ખુદા, તું (અમારામાં) આ આભાસના ઘરમાં દરેક ચીજ જેવી બરોબરી છે તેવીજ બતાવ.

૧૬૬૬ કોઈપણ જે મૃત્યુ પામ્યો તે મૃત્યુના કારણે ગમગીનીથી ભરાતો નથી, તેની દિલગીરીનું કારણ (હવે પછીની જીંદગી માટેનું) ખૂબજ થોડું ભાતું હોવાના કારણે હોય છે.

૧૬૬૭ નહિતર (તે દિલગીર થાત જ નહિ કારણ કે) તે એક અંધાર કોટડીમાંથી માલ મિલ્કત અને ખુશી અને આનંદમાં એક ખુલ્લા દેશમાં આવ્યો છે.

૧૬૬૮ આ ફૂદનની જગ્યામાંથી અને (આ) જગ્યા કે જ્યાં ઉંટોને ઘુંટણીભર બનાવવામાં આવે છે ત્યાંથી તેને વિશાળ મૈદાનમાં લઈ જવામાં આવેલ છે.

૧૬૬૯ (તે) 'હક'ની બેડક છે, જુઠનો એક મહેલ નહિ, એક પસંદ કરેલ મદિરા, છાશ પીને મદહોશ બનેલો નહિ.

૧૬૭૦ (તે) 'હક'ની બેડક છે, અને ખુદા તેની પાસે છે, આ પાર્થિવ ચીજોની જમીન અને પાણીમાંથી તેને મુક્ત બનાવાયો છે.

જીવન ને મૃત્યુ જેવું જુઓ.

૧૬૭૧ અને જો તું હજી સુધી પ્રકાશિત જીવન તરફ દોરવાયો નથી, તો એક બે પળો (હજી) બાકી છે, એક મર્દની માફક (આત્મવિલોપન)માં મરી જા.

મહાન ખુદાની દયામાંથી કેવી આશા રાખી કે જે પોતાનો સદ્ભાવ તેઓ કે જેઓ લાયક બન્યા છે તેમની ઉપર ઉતારે છે અને જ્યારે કે તેઓના ઉમેદ બને છે ત્યારે તેજ નીચે વરસાદ મોકલે છે અને (અને તેના પરિણામે) કેટલાએક વિક્ષેપ ગાઢ પરિચય પેદા કરે છે. અને કેટલાં એક આશીર્વાદીત પાપ છે અને કેટલાં એક સખાવતી કે જે એવી બાબતમાંથી આવે છે કે જ્યાં સજા ધારવામાં આવતી હતી, એટલા માટે કે તે જાણીતું બને કે ખુદા તેઓનાં હલકાં કાર્યો ભલાઇ તરફ ફેરવે છે.

૧૬૭૨ (હ. પયગમ્બર સાહેબની) હદીસમાં જણાવાયું છે કે "કયામતના દિવસે દરેકે દરેક કાયાને ઉભા થવાનો હુકમ આપવામાં આવશે."

૧૬૭૩ રણશિંગાનો અવાજ પ્રવિત્ર ખુદામાંનો હુકમ છે, અર્થાત, "ઓ આદમના પુત્રો, કબરમાંથી તમારાં મસ્તકો ઉંચા કરો,"

૧૬૭૪ (પછી) દરેકે દરેકનો આત્મા તેની કાયા તરફ પાછો ફરશે, 'પડો ફાટતાં જેમ સૂધબૂધ (જાગૃત) કાયા તરફ પાછી ફરે છે.

૧૬૭૫ સવાર પડતાં આત્મા તેની પોતાની કાયા ઓળખી જાય છે અને તેના પોતાના ખંડેરમાં પાછો દાખલ થાય છે.

૧૬૭૬ તે તેની પોતાની કાયા ઓળખી લ્યે છે અને તેમાં જાય છે. સોનીનો આત્મા દરજી તરફ કેમ જશે?

૧૬૭૭ પંડિતનો આત્મા પંડિત તરફ દોડે છે, અત્યાચારીનો આત્મા અત્યાચારી તરફ દોડે છે.

૧૬૭૮ કારણ કે દૈવી જ્ઞાને તેમને (આત્માઓને તેઓની કાયા સાથે) મળતીયા બનાવ્યા છે જેમ એક ઘેટું તેની માને ઓળખે છે.

૧૬૭૯ પગ પોતાના ખુદના જોડા અંધારામાં જાણે છે. ઓ પ્રતિમા (જેવા), આત્મા તેની પોતાની કાયા કેમ નહિ જાણે?

૧૬૮૦ પ્રભાત નાનું પુનરૂત્થાન છે, ઓ (ખુદાથી) પનાહ શોધનારા, મોટું પુનરૂત્થાન (કયામત) કેના જેવું બનશે તે તેમાંથી અનુમાન કર.

૧૬૮૧ આત્મા (તેની કાયાની) માટી તરફ ઉડે છે છતાં પણ આ માતાનામું (દરેકનાં ભલાંબુરાં કૃત્યો) ડાબા અથવા જમણા હાથમાં ઉડશે.

૧૬૮૨ તેના હાથમાં અદેખાઈ અને ઉદારતા, નાસ્તિકતા અને દયા અને બધાં (ભલાં અથવા બુરાં) ગુણોનું આમાલનામું મુકવામાં આવશે કે જે તેણે દુનિયામાં આચરેલ હતું.

૧૬૮૩ સવારે જ્યારે તે ઘસઘસાટ ઉંઘમાંથી જાગે છે ત્યારે પેલું ભલું અને બુરૂ તેની પાસે પાછું આવે છે.

૧૬૮૪ જો તેણે નૈતિક પ્રકૃતિનું શિસ્તપાલન કર્યું છે તો તેજ (પવિત્ર બનેલી) પ્રકૃતિ જ્યારે તે જાગૃત થાય છે ત્યારે તેની સમક્ષ હાજર થશે.

૧૬૮૫ અને જો દુનિયામાં તે અજ્ઞાન અને દુષ્ટ અને ખોટી રીતનો દોરવાએલો હતો તો કાળા કૃત્યોનું આમાલનામું તેના ડાબા હાથમાં હશે.

૧૬૮૬ અને જો તે દુનિયામાં (નૈતિક) રીતે પવિત્ર અને ચોકખો અને ધાર્મીક હતો તો જ્યારે તે જાગે છે ત્યારે અમુલ્ય મોતી મેળવે છે.

૧૬૮૭ આપણી નિંદ્રા અને જાગૃતિ બે સાક્ષીઓ છે કે જે મૃત્યુ અને પુનરૂત્થાનની મહત્વતાની આપણને સાક્ષી આપે છે.

૧૬૮૮ પ્રમાણમાં ઓછું પુનરૂત્થાન મોટા પુનરૂત્થાનને જાહેર કરે છે, પ્રમાણમાં ઓછા મૃત્યુએ વધુ મોટા મૃત્યુને ચકચકિત કરેલ છે.

૧૬૮૯ પરંતુ (ચાલુ જીવનમાં) આ (ભલાબુરા કૃત્યોનું) આયાતનામું (આપણી દ્રષ્ટિમાંથી) ગુપ્ત અને એક કલ્પના છે, જો કે મોટા પુનરૂત્થાને તે ખૂબ જ ચોકકખું દેખાતું બનાવશે.

૧૬૯૦ અહીં આ કલ્પના ગુપ્ત છે (માત્ર) લીસોટાં દ્રષ્યમાન છે, પણ (ત્યાં) તે (બુદ્ધા) આ કલ્પનામાંથી (ખરેખરાં) રૂપો ઉત્પન્ન કરશે.

૧૬૯૧ એક મકાનના ચોજકમાંની, તેના અંતઃકરણમાં જમીનના એક ટુકડામાં, એક બીયાંની માફક સંતાએલ કલ્પના નિહાળ.

૧૬૯૨ પેલી કલ્પના (તેની અંદરથી) બહાર પડે છે, જેવી રીતે જમીન (અંદર) વવાએલા બીયાંમાંથી છોડ ઉત્પન્ન કરે છે.

૧૬૯૩ દરેક કલ્પના કે જે અંતઃકરણમાં પોતાનું રહેઠાણ બનાવે છે તે પુનરૂત્થાનના દિવસે એક રૂપ (દ્રષ્યમાન) બનશે.

૧૬૯૪ ચોજકની કલ્પના, પોતાના વિચારમાં (ઘડાવા) મુજબ, જમીનમાં બીયું લ્યે છે, છોડ ઉત્પન્ન કરે છે.

૧૬૯૫ આ બન્ને પુનરૂત્થાનોના બોલવામાં મારો મુદ્દો એક કહાણી કહેવાનો છે. (છતાં) તેના વિવરણમાં સાચા ઈમાનદારો માટે એક બોધપાઠ છે.

૧૬૯૬ જ્યારે પુનરૂત્થાનનો સૂર્ય ઉગે છે ત્યારે (એક સરખી રીતે) ભલા અને બુરા કબરમાંથી ઉતાવળે ઉપર છલાંગ મારશે.

૧૬૯૭ તેઓ (દૈવી) વટહુકમના 'દિવાન' તરફ દોડતા બનશે, સાચા અને ખોટા સિક્કા ધાતુ ગાળવાની કુલડીમાં જશે.

૧૬૯૮ સાચો સિક્કો આનંદપૂર્વક અને મોટી ખુશી સાથે, ખોટો સિક્કો ગભરાટમાં અને ફુજ્જરી સાથે.

૧૬૯૯ દરેક પળે (દૈવી) કસોટીઓ આવતી રહેશે, દિલમાં છુપાએલ વિચાર કાયામાં દ્રષ્યમાન બનશે.

૧૭૦૦ જેમકે જ્યારે એક બત્તીમાં પાણી અને તેલ દ્રષ્યમાં ખુલ્લું કરાય છે અથવા એક જમીનના ટુકડાની માફક કે જેમાંથી અંદર અનામત કરેલા બીમાંથી છોડ ઉગી નીકળે છે.

૧૭૦૧ તેમ ડુંગળી, લીક અને પોપી છોડમાંથી વસંતઋતુનો હાથ શિયાળાની ગુપ્તતા જાહેર કરે છે.

૧૭૦૨ એક (સમુહ) તાજો અને લીલો, કહે છે "અમો ભાવિક છીએ" અને બીજાઓ વગડાઉ ફુલોની માફક પોતાના માથાં નીચાં પછાડતા.

૧૭૦૩ ભયની ધાસ્તિમાં બામણામાંથી બહાર પડતી તેઓની આંખોમાં નક્કી થએલા અંતની બીકમાં જાણે દસ ઝરાઓ વહેતા હોય, તેમ આંસુઓ વહેશે.

૧૭૦૪ તેઓની આંખો (ભયભરેલ) ધારણામાં રહેલી, રખેને જાણે (તેઓના કૃત્યોનું) આમાલ-નામું ડાબી બાજુએથી (તેમના તરફ) આવે.

૧૭૦૫ તેઓની આંખો જમણી અને ડાબી બાજુ તરફ હરફર કરે છે, કારણ કે આમાલ-નામાનું નિર્માણ કે જે જમણી બાજુથી આવે છે તે (જીતવું) સહેલું નથી.

૧૭૦૬ (પછી) આવા એક (ખુદાની) ચાકરી કરનારના હાથમાં એવું એક આમાલનામું કાળું અને ગુનાહ અને દુષ્ટ કૃત્યોથી ભરપુર ભરેલું આવે છે.

૧૭૦૭ એકપણ ભલાઈનું કૃત્ય કે દયાનું કાર્ય ન ધરાવતું, સંતોના દિલો ઉપર ઝખમો કરેલા સિવાય કાંઈ જ નહિ.

૧૭૦૮ ઉપરથી નીચે સુધી ગુનાહ અને પાપથી ભરેલ, 'સત્યપંથ'ના રાહદારીઓ ઉપર મરકરીઓ અને તમાચા ફટકારવાથી.

૧૭૦૯ તેની (બધી) બદમાશીઓ અને ચોરીઓ અને ફિરઔનની માફક 'હું' 'અને' અમો'ની ગર્વપુર્વક મગરૂરીઓ જાહેર કરતું.

૧૭૧૦ જ્યારે પેલાં ધૃણાજનક માણસ પોતાનું આયાતનામું વાંચે છે ત્યારે તે જાણે છે કે તે (પ્રત્યક્ષપણે) જેલના રસ્તા ઉપર છે.

૧૭૧૧ પછી તે લુંટારાઓ ફાંસીએ ચડવા જતા હોય તેમ આગળ વધે છે, તેના ગુનાહ જાહેર થએલા, અને પોતા માટે માફીની શકયતાનો રસ્તો રૂંધાએલો.

૧૭૧૨ (પોતાના જીવન દરમ્યાન કરેલ) હજારો હલકી દલીલો અને (બોટાં) પ્રવચનો તેના મોઢા ઉપર એક ભયંકર બીલા (મહોરની) માફક જડાયાં હોય છે.

૧૭૧૩ ચોરેલી માલમિલ્કત તેના પોતાનામાંથી અને ઘરમાંથી શોધી કાઢવામાં આવેલ છે તેની (બુદ્ધિગમ્ય) કહાણી અદ્રશ્ય થઈ ગઇ છે.

૧૭૧૪ તે તેથી દોજખની જેલ તરફ કદમ ઉઠાવે છે, કારણ કે કાંટાઓને અગ્નિ (માં બાળતા બનાવવામાંથી) છુટવાના સાધન હોતાં નથી.

૧૭૧૫ ફિરસ્તાઓ કે જે (અગાઉ) સંતાએલા હતા, (તેની) આગળ અને પાછળ ચોકીદારો જેવા હવે સિપાઇઓની માફક દ્રષ્યમાન બને છે.

૧૭૧૬ તેઓ પરોણાની આર ભરાવતા તેને લઈ જાય છે અને કહે છે, "ઓ કુતરા, ઘાસ ભરેલા સ્થાને ચાલ્યો જા."

૧૭૧૭ દરેક રસ્તા ઉપર વિલંબ કરતા તે તેના પગોને ઘસડે છે કે બનવા જોગ છે કે તે (દોજખની) બીણુમાંથી ભાગી છુટે.

૧૭૧૮ તે આતુરતાપૂર્વક ચુપ રહેતો અને ઉચ્ચ આશામાં પોતાનો ચહેરો પાછળ ફેરવતો, ઊભો છે.

૧૭૧૯ પાનખર ઋતુ માફક આંસુઓ સારતો, એક માત્ર આશા, પેલા સિવાય બીજી કયાં કરે.

૧૭૨૦ (તેથી) દરેક પળે તે પાછળ જુએ છે અને ઉંચે 'મહાન દરબાર' તરફ પોતાનો ચહેરો ફેરવે છે.

૧૭૨૧ પછી બુદામાંથી 'નૂરના રાજા'ના રાજ્યમાંથી હુકમ આપે છે. તમો તેને કહો, ઓ કહી ભલું ન કરનાર, પાત્રતાના કંગાળ,

૧૭૨૨ ઓ ગુનાહની બાણુ, તું શાની પ્રતીક્ષા કરે છે? ઓ અસ્થિર મગજના માણસ, શા માટે તું પાછળ જુએ છે?

૧૭૨૩ તારૂં આયાતનામું (કરેલાં કર્તવ્યો) તે જ છે કે જે તારા હાથમાં આવ્યાં, ઓ બુદાના ગુનેહગાર અને સેતાનની પુજા કરનાર,

૧૭૨૪ જ્યારે કે તેં તારા કર્તવ્યોનું આયાતનામું જોયું છે ત્યારે શા માટે તું પાછળ જુએ છે, તારા કર્તવ્યોનો બદલો નિહાળ,

૧૭૨૫ શા માટે તું નકામી રાહ જુએ છે? આના જેવી એક ઉંડી બીણુમાં આશાનું કિરણ કયાં છે?

૧૭૨૬ (તારી જમે બાજુએ) એક પણ દયાનું કાર્ય જાહેર રીતે છે જ નહિ, નથી બાતુનમાં અને તારા દિલના ઈરાદામાં પણ (નથી જ),

૧૭૨૭ રાત્રીના બંદગીઓ કે જાગરણો છે જ નહિ, દિવસના ભાગમાં નથી પરહેજી કરી કે નથી રોજા રાખ્યા.

૧૭૨૮ બીજા કોઈને ઈજા કરવામાંથી તારી જીભને અટકાવી નથી (ચેતવણી લેવામાં) કદી ગંભીરતાપુર્વક આગળ પાછળ જોયું નથી,

૧૭૨૯ આગળ (જોવાનો) અર્થ શું છે? તારું પોતાનું મૃત્યુ અને છેલ્લી મનોવેદનાનું વિચાર કરવો. પાછળ (જોવાનો અર્થ) શું છે? અગાઉ થયેલાં દોસ્તોનાં (યાદ કરવા).

૧૭૩૦ ઓ બદમાશ કે જે ઘઉં બતાવે છે અને જવ વેચે છે, તને તારી (ખોટી) અન્યાયો માટે અંતઃકરણનો પશ્ચાતાપ છે જ નહિ.

૧૭૩૧ જ્યારે કે તારું ત્રાજવું ખોટું અને જુઠું હતું ત્યારે વેરની વસુલાતનું સાચું હોવું જોઈએ તેની તને કઈ જરૂરીયાત છે?

૧૭૩૨ જ્યારે કે તું દગા ફટકા અને બેઈમાનીમાં ડાબો પગ મુકતો હતો, ત્યારે આયાત નામું તારા જમણા હાથમાં કેમ આવે?

૧૭૩૩ જ્યારે કે વેરની વસુલાત પડછાયાની માફક છે, ઓ બેવડ વળેલ આકૃતિના આદમી તે જ પ્રમાણે તારો પડછાયો તારી સમક્ષ વાંકો વળેલ છે.

૧૭૩૪ (તેને) આ સ્થળેથી (એવા) ઠપકાના સખત શબ્દો આપે છે કે એક પર્વતની પીઠ પણ તેમને નમન કરવાવાળી બને.

૧૭૩૫ (બુદાનો) ચાકર જવાબ આપે છે, "તેં જાહેર કર્યું તેનાથી, હું એક સો એકસો, એક સો ગણો વધુ (ગુનેહગાર) છું.

૧૭૩૬ બરોબર, તારા ધૈર્યમાં તેં જ દુષ્ટ ચીજો ઉપર એક પડદો ફેંકયો છે નહિતર તેં જરૂર તેમને જાહેર કરેલ હોત), તું તારા જ્ઞાનથી (મારાં) શરમજનક બધા કાર્યો જાણે છે.

૧૭૩૭ પણ મારો પોતાનો પ્રયત્ન અને કાર્યની બહારની બાજુ, ભલું અને બુરું અને દીન અને નાસ્તિકતા,

૧૭૩૮ અને મારી કંગાળ આજીજી અને કલ્પના અને મારા પોતાના બચાવ અથવા મારી માફક એકસોની પણ પર,

૧૭૪૦ ઓ કિર્તીવંત નિસ્પૃહ બાદશાહ, મને તારા અપૂર્વ માગાળુપણા અંગે તારી પવિત્ર બક્ષિશમાં આશા હતી.

૧૭૪૧ હું પેલી પવિત્ર દયા તરફ મારો ચહેરો પાછળ ફેરવું છું. હું મારાં પોતાનાં કર્તવ્યો પાછળ જોતો નથી,

૧૭૪૨ હું પેલી આશા તરફ મારો ચહેરો ફેરવું છું કારણ કે તેં જ મને જુનામાં જુનું અસ્તિત્વ આપ્યું છે,

૧૭૪૩ તેં જ (મારું) અસ્તિત્વ, કાંઈ પણ કીંમત વગર, માનના એક પોષાકની માફક આપ્યું, હું હમેશાં તે (ઉદારતા) ઉપર આધાર રાખતો આવ્યો છું.

૧૭૪૪ જ્યારે તે પોતાના પાપો અને ક્ષતિઓ ગણતો હતો ત્યારે પવિત્ર દાનશીલતાએ ઉદારતા બતાવવી શરૂ કરી.

૧૭૪૫ કહે, ઓ ફિરસ્તાઓ, તેને અમારા તરફ પાછો લાવો, કારણ કે તેની આંતરિક આંખ હમેશ માટે અમારી તરફ વળેલી હતી.

૧૭૪૬ એક કે જે કોઈની પરવા કરતો નથી, અમો તેને આઝાદ કરશું અને તેનાં બધા પાપો માફ કરશું.

૧૭૪૭ મને પરવા નથી (કહેવું) તે માત્ર પેલા એકલાને જ માટે રજા અપાઈ છે કે જે વિશ્વાસઘાતથી કાંઇ ગુમાવતો નથી અને પ્રમાણિકતાથી કાંઈ મેળવતો નથી.

૧૭૪૮ અમો દયાની ભલી અગ્નિ પ્રગટાવશું એટલા માટે કે હરકોઈ નાની મોટી ભુલ સહન કરે.

૧૭૪૯ એવી એક અગ્નિ કે જે તેના ભડકાનો નાનામાં નાનો તણુખો (બધાં) પાપો અને તંગીઓ અને ઇચ્છાઓને ભસ્મીભુત કરે.

૧૭૫૦ અમો માણુસના રહેઠાણુને આગ ચાંપીએ છીએ અને (તેમાંથી) કાંટાઓને બદલી ગુલાબોનો રૂહાનીયત બગીચો બનાવીએ છીએ.

૧૭૫૧ અમોએ નવમા તબક્કાએથી (સૌથી ઉંચી બહિશ્તમાં) અમૃત મોકલ્યું છે (અર્થાત) "તે તમારા આમાલોને તમારા માટે શુદ્ધ કરશે."

૧૭૫૨ અનંત કાળના રહેઠાણુના "નૂર" પાસે આદમની (આદમીઓની) બાદશાહી અને પસંદગીની શક્તિ તે વળી શું છે ?

૧૭૫૩ તેની બોલવાની ઇન્દ્રિય એક માંસનો ટુકડો છે. તેની દ્રષ્ટિની બેઠક ચરબીનો એક ટુકડો છે.

૧૭૫૪ તેની સાંભળવાની બેઠક હાડકાંના બે ટુકડાઓની બનાવટ છે. તેની (બુદ્ધિમય) પરખની બેઠક લોહીનાં બે ટીપાં છે એટલે કે હૃદય છે.

૧૭૫૫ તું થોડો એક ગરમ છો અને ગંદકીથી ભરેલો છે, (છતાં) તેં દુનિયામાં ડાળ દેખાડવા એક મોટો કળશ બનાવ્યો છે.

૧૭૫૬ તું અસલમાં 'બી'નો બનેલો હતો. અહમ છોડી દે, બો અયાઝ, ઘેટાના ચામડાની જકીટની યાદીમાં રહે.

અયાઝ અને પોતાનાં ફાટેલા બુટ અને ઘેટાંની ચામડીની જકીટ માટે એક આવાસ રાખવાની વાર્તા અને તેના સાથી નોકરોએ વિચાર્યું કે તેની પાસે પેલા ઓરડામાં એક દાટેલો ખજાનો છે, કારણ કે દરવાજો ખૂબ જ મજબુત અને તાળું ખૂબ જ મોટું લગાવાતું હતું.

૧૭૫૬ શાણપણથી પ્રેરિત, અયાઝ ઘેટાંની ચામડીની જકીટ અને ફાટેલા જોડા ઉપર ટીંગાડી રાખતો.

૧૭૫૮ તે દરરોજ પોતાના ખાનગી ઓરડામાં જતો. (પોતાના મનમાં કહેતો) "આ તારા જોડા છે (અત્યારની) તારી કીર્તિ ધ્યાનમાં ન લેતો."

૧૭૫૯ તેઓ (તેના હરિફોએ) બાદશાહ (મહમુદને) કહ્યું "એ એક ઓરડો છે, અને તેમાં સોનું અને રૂપું અને (બીજાનાની) એક બરણી છે.

૧૭૬૦ તે તેમાં કોઈને પણ દાખલ થવા દેતો નથી. તે હમેશાં દરવાજે તાળું મારી બંધ રાખે છે."

૧૭૬૧ બાદશાહે કહ્યું, "અરે, મને નવાઇ લાગે છે કે તે વાસ્તવમાં શું છે જે મારા નોકરે મારાથી સંતાડેલ અને ગુપ્ત રાખ્યું છે?"

૧૭૬૨ પછી તેણે અમુક અમીરોને હુકમો આપ્યા, "કહે મધ્યરાત્રીએ જાઓ, અને (દરવાજો) ખોલો અને ઓરડામાં દાખલ થાઓ.

૧૭૬૩ તમને જે પણ મળે તમારું છે, તેને લુંટો, તેની ગુપ્તતા (અધમતા) દરબારીઓ આગળ ખુલ્લી કરો.

૧૭૬૪ અસંખ્ય માયા અને સદ્‌ભાવ (મેં તેના ઉપર ઇનાયત કરેલ), તેમ છતાં પણ તે અધમતાથી સોનું રૂપું મારાથી છુપાવે છે?

૧૭૬૫ તે વફાદારી અને પ્રેમ અને ઉત્કટ ભાવના હોવાનું જાહેર કરે છે, અને બધાં પછી તે એવો એક છે જે ઘઉં બતાવે છે અને જવ વેચે છે?

૧૭૬૬ હરકોઈ જે પ્રેમમાં જીવન શોધે છે, ભક્તિભાવભરી સેવા સિવાય (બીજું) બધું નાસ્તિકતા દેખાશે.

૧૭૬૭ અમીર મધ્યરાત્રીએ ત્રીસ વિશ્વાસુ (અમલદારો) સાથે તેનો ઓરડો ખોલવા રવાના થયો.

૧૭૬૮ અને આ બધા બહાદુર માણસો બત્તીઓ ઉપાડતા આનંદપુર્વક પેલી દિશામાં ઉપડ્યા.

૧૭૬૯ કહે "સુલતાનનો હુકમ છે, ચાલો આપણે ઓરડા ઉપર દરોડો પાડીએ અને આપણામાંના દરેક સોનાની થેલીઓથી ધરાઈ જઇએ."

૧૭૭૦ તેમનામાંનો એક મુખ પાડો કહે, "એઇ, સોના માટે શા માટે મહેનત લેવી? (બધી જાતનાં) જવાહીરો અને માણેકો અને અકીકોની વાત કર.

૧૭૭૧ તે ઘણો જ સવિશેષ અધિકાર ભોગવતો સુલતાનના બાળનાનો બાળનચી છે. નહિ, અત્યારે તે બાદશાહને પોતાના ખુદના જેટલો જ વહાલો છે.

૧૭૭૨ (બાદશાહનાં) આ આટલા વહાલા માણસની આંખોમાં માણેકો અને અકીકો અને હિરાઓ અને ઝવાહીરોની શી કિંમત હોય!

૧૭૭૩ બાદશાહને તેના વિષે બરાબ વિચાર હતો જ નહિ. તે માત્ર આ રીતે દરબારીઓની હાંસીના રસ્તે ચકાસણી કરતો હતો.

૧૭૭૪ તે તેને બધી બાબીઓ અને ભુલોથી સ્વતંત્ર બનેલો જાણતો હતો. (છતાં) તેનું દિલ અંદેશાથી ધ્રુજી ગયું હતું.

૧૭૭૫ રખેને આ (આરોપ) સાચો હોય, અને તે (અયાઝ) તેની લાગણીઓમાં જબની બને–(તેણે કહ્યું)" હું ઇચ્છતો નથી કે તેના ઉપર શરમ આવી પડે.

૧૭૭૬ તેણે આ વસ્તુ કરી નથી. અને જો કરી છે તો તે સાચી છે. તેને ગમે તેમ કરવા દો, (કારણ કે) તે મારો વહાલો છે.

૧૭૭૭ મારો વહાલો જે પણ કાંઈ કરે તે મેંજ કર્યું છે, હું તે છું અને તે હું છું. પડદામાંની દૃષ્ટિમાં હું સંતાએલો છું એ મોટી વાત નથી ?

૧૭૭૮ ફરીવાર તે કહેશે, "તે આ સ્વભાવથી ઘણો જ દૂર હટાવાયો છે અને (આ ખરાબ) ગુણધર્મોથી પ્રભુ (તેના હિસ્સે) આવાં ભયંકર તહોમતો (માત્ર) બાલિશ વાત અને કલ્પના છે.

૧૭૭૯ (કે) આ અયાઝમાંથી આગળ વધે તે નિંદનીય અને માનવામાં ન આવે તેવું છે કારણ કે તે એક સાગર છે કે જેનું તળીયું કોઇ જોઇ શકે નહિ.

૧૭૮૦ તેનામાં સાતેય સાગરો (માત્ર) એક ટીપું છે. (અહીં રૂમી અયાઝને મુરશીદે કામીલ સાથે સરખાવે છે), સમસ્ત અસ્તિત્વ તેનાં મોજાંઓનો એક નાનો જથ્થો છે.

૧૭૮૧ બધી પવિત્રતાઓ પેલા સમુદ્રમાંથી લાવવામાં આવી છે, તેમાંના દરેક ટીપાં રૂહાની નવજીવન આપે છે.

૧૭૮૨ તે બાદશાહોનો બાદશાહ છે, તે બાદશાહ બનાવનાર છે, જો કે હલકી દૃષ્ટિના કારણે તેનું નામ 'અયાઝ' છે.

૧૭૮૩ (તેઓની) અદેખાઇની બાબતમાં સારી આંખો પણ તેને માટે નકામી છે કારણ કે તેની ખુબસુરતી અનંત છે.

૧૭૮૪ તેના સદ્‌ગુણોનું વર્ણન કરવા આસમાન જેટલું પહોળું મોં જોઇએ કે જેની ફિરસ્તાઓ પણ અદેખાઇ કરે છે.

૧૭૮૫ અને જો મને આના જેવું એક મોટું દિલ મળે અને (આના) જેવાથી એક સો ગણું મોટું, તો પણ આ ઝંખનાની દર્દભર્યા આહ ઉચ્ચારવા તે બહુ દુઃખદ બનશે.

૧૭૮૬ (છતાં) ઓ વિશ્વાસુ દોસ્ત, જો હું આ થોડી ગણત્રી પણ ન ઉચ્ચારું તો, હવાની નાની શીશી (કે જે) મારું દિલ છે, અશક્તિથી ફાટી જાય.

૧૭૮૭ જ્યારે કે મારા દિલની શીશી મેં ભરડ બનેલી જોઇ છે, ત્યારે મેં ઘણાંએક વસ્ત્રો મારા દર્દ મટાડવાની ખાતર ફાડયાં છે.

૧૭૮૮ ઓ પુજવા યોગ્ય, કોઇપણ શંકા વગર દરેક મહીનાના શરૂઆતના ત્રણ દિવસો માટે મારે ગાંડા બનવું જોઈએ.

૧૭૮૯ સાંભળ, આજે ઉત્સવનો પહેલો દિવસ છે, તે કુનેહનો દિવસ છે, નહિ કે દુનિયાનું સદ્‌કિસ્મત (બલકે રૂહાનીયત આશીર્વાદનો દિવસ).

૧૭૯૦ દરેક દિલ કે જે બાદશાહ સાથે પ્રેમમાં છે (પેલા દિલ માટે) તે હમેશાં મહીનાની શરૂઆતમાં સાથે હોય છે.

૧૭૯૧ જ્યારે કે હું ગાંડો બન્યો છું, મહમુદ અને અયાઝના વર્ણનની વાર્તા સાંભળવાનું હવે અશક્ય છે.

સમજાવવું કે જે (અહીં) સંબંધિત છે, તે (માત્ર) વાર્તાનું બહારનું રૂપ છે, અને કે તે આ (સાંભળનારાઓને) બંધ બેસતું રૂપ છે કે જેઓ બહારના રૂપ અને તેઓની કલ્પનાની આરસીની યોગ્યતા સિવાય વધુ કાંઇ ગ્રહણ કરતા નથી, જ્યારે કે વાર્તાનું અરૂં સત્વ ઘેટલું બધું અત્યુત્તમ છે કે તેને જાહેર કરતાં વાણી શરમાએલી છે અને ગુંચવાડો હટાવવામાં (લેખક) મસ્તક, દાઢી અને કલમ ગુમાવે છે, સમજી માટે એક ઈશારો જ બસ છે.

૧૭૯૨ જ્યારે કે મારા આત્માને તેના અસલ ઘરનું એક દિવાસ્વપ્નું દેખાણું છે, ત્યારે વાર્તા સાંભળવાની ઇચ્છા તજી દે, ગામડાનો નાશ થયો છે.

૧૭૯૩ માનસિક સ્વસ્થતાનો પાયો નાશ પામ્યા પછી મારી પાસે કાવ્યરચના અને અનુપ્રાસ કેવી રીતે આવે ?

૧૭૯૪ તે (માત્ર) એક ગાંડપણ નથી. હું પ્રેમની દિલગીરીઓ વચ્ચે ફસાયો નહિ, પણ ગાંડપણ ઉપર ગાંડપણ ઉપર ગાંડપણ (માં છું).

૧૭૯૫ મારી કાયા ભાષાલંકારોના ગુપ્ત સુચનોથી નકામી બની ગઇ છે, જ્યારથી કે મેં 'ફના' માં 'બકા' નું જીવન જોયું.

૧૭૯૬ ઓ 'અયાઝ' (શમ્સ તબ્રેઝ), તારા પ્રેમ અંગે હું એક વાળ જેવો (પાતળો) બન્યો છું. હું (તારી) વાર્તા કહેવા અશક્ત છું, તું મારી વાર્તા કહે.

૧૭૯૭ મેં તારા પ્રેમની ઘણીએક વાતો મારા ખરા અંતઃકરણથી ગાઇ છે, (હવે) હું એક વાર્તા (માફક મહત્વહિક) બન્યો છું; તું જ મારૂં સંગીત સજાણ છે.

૧૭૯૮ ખરેખર, તું સંગીત સંભળાવે છે નહિ કે હું. ઓ (સર્વના) નમુના, હું સિનાઇ પર્વત છું અને તું મુસા છો અને આ (વિવરણ) પડઘો છે.

૧૭૯૯ નિરાધાર પર્વત શબ્દો શું છે તે કેમ જાણે ? જે હ. મુસા (અ. સ.) જાણતા હતા તેનાથી પર્વત અસરહીન હતો.

૧૮૦૦ પર્વત તેના પોતાના માત્ર દરજ્જા પ્રમાણે જ જાણે છે, કાયાને (માત્ર) આત્માની થોડી જ મહેરબાની હોય છે.

૧૮૦૧ કાયા (ઉંચાઇની) ગણત્રીમાં પાછળના ઉપયોગની બાબતમાં જ્યોતીષ માફક છે, સૂર્ય સરખા આત્માના શોધનાર માટે તે એક નિશાની છે.

૧૮૦૨ જ્યારે નિરિક્ષક દિઘદ્રષ્ટીવાળો હોતો નથી ત્યારે નિરીક્ષણને ભુંસી નાખનારની જરૂરત છે.

૧૮૦૩ તેના માટે નિરીક્ષણ કરવું જોઇએ એટલા માટે કે સૂર્યની હાલત સંબંધેનું કાંઇક જ્ઞાન મેળવાય.

૧૮૦૪ આત્મા કે જે (શારિરીક) નિરિક્ષણમાંથી સત્ય શીખવાનું શોધે છે તે (રૂહાનીયત) અવકાશ અને સૂર્ય વિષે કેટલું જાણશે ?

૧૮૦૫ તમો કે જેઓ આંખના નિરિક્ષણથી નીરખો છો, તમારી દ્રષ્ટિમાં (રૂહાનીયત) દુનિયાથી ચોક્કસપણે ઘણા દુર છો.

૧૮૦૬ તમોએ (રૂહાનીયત) દુનિયા તમારી દ્રષ્ટિના માપ અનુસાર જોઇ છે, (અને) (તેના સંબંધમાં) રૂહાનીયત દુનિયા કયાં છે ? તો પછી તમોએ શા માટે તમારી મુછને (આટલી બધી બડાઇથી) વળ ચડાવી છે ?

૧૮૦૭ આત્મજ્ઞાનીઓ એક આંજણ ધરાવે છે, તેને શોધ, એટલા માટે કે આંખ કે જે (અત્યારે) એક નદીને મળતી આવે છે તે સાગર બને.

૧૮૦૮ જો સમજણ અને સંનિષ્ઠાની એક રજ પણ મારામાં બાકી રહી હોય તો આ ઉદાસીનતાનું ગાંડપણ અને ભયભીત વાણી શા માટે ?

૧૮૦૯ જ્યારે કે મારૂં મગજ સમજણ અને સંનિષ્ઠાથી ખાલી છે તો પછી આ લવારામાં મારી ભુલ કયાં છે ?

૧૮૧૦ નહિ ભુલ તેની છે, કારણ કે તેણે મારી સમજણ લુંટી લીધી, તેની હજુરમાં સદૈ બુદ્ધિશાળી જીવોની સમજણ મરેલી છે.

૧૮૧૧ ઓ તું કે જે સમજણને ભટકતી બનાવે છે અને સમજણને ખોટે માર્ગે દોરવે છે, સમજણોને તારા સિવાય બીજી કોઈ ચીજની આશા નથી.

૧૮૧૨ જ્યારે કે મેં કદી સમજણની ઇચ્છા કરી નથી ત્યારે તું મને ગાંડો બનાવે છે, મેં ખુબસુરતીની કદી અદેખાઈ કરી નથી જ્યારે તેં મને શણગાર્યો છે.

૧૮૧૩ તારા માટેના પ્રેમનું મારૂં ગાંડપણ સ્વીકારાયું છે ? કહે, હા, અને ખુદા તને બદલો આપશે.

૧૮૧૪ ભલે તે અરબી અથવા ફારસી બોલે, આંખ અને દિલ કયાં છે કે જે સાધનોથી તમો તેની સમજદારી મેળવો ?

૧૮૧૫ તેની ' મદિરા ' દરેકના દિલ માટે બંધબેસતી નથી. તેની વાણી દરેક કાન સમજી શકે તેવી હોતી નથી.

૧૮૧૬ ફરી એકવાર હું ગાંડા જેવો બન્યો છું. મારા વહાલા આત્મા, જાઓ, જાઓ, એક સાંકળ જલ્દી લઈ આવો.

૧૮૧૭ (પણ જો તમો) મારા પ્રિયતમના વાળની લટ સિવાયની સાંકળ લાવશો, તો ભલે પછી તમો બસો સાંકળ લાવશો, હું તેમને (બધીને) તોડી નાખીશ.

પોતાના ફાટેલા જોડા અને ઘેટાંની ચામડીની જાકીટ તરફ જોવામાં (અયાઝનો) સમજુ ઇરાદો, પછી "માણસને ગણત્રી કરવા દો જેમાંથી તે પેદા થયો."

૧૮૧૮ અયાઝના પ્રેમની કહાણી (મારા) મન ઉપર પાછી લાવ, કારણ કે તે શુદ્ધાર્થ ભરેલ એક બ્યતનો છે.

૧૮૧૯ દરરોજ તે ઉપલા ઓરડામાં પોતાના ફાટેલા જોડા અને ઘેટાના ચામડાની જાકીટ જોવા જતો.

૧૮૨૦ કારણ કે અહમ્ અને દુન્યવી મગરૂરી ભય કે નશો ઉત્પન્ન કરે છે, તે મગજમાંથી સમજદારી અને દિલમાંથી પૂજ્યભાવ હટાવે છે.

૧૮૨૧ આ અટકાયત થકી આ તેજ અહમના નશાએ વહી ગએલ એક લાખ પેઢીઓનો રસ્તો રૂંધયો છે.

૧૮૨૨ આજ ખુદીએ એક અઝાઝીલને ઇબલીસ બનતો બનાવ્યો છે, કહે, "શા માટે હું આદમ મારા ઉપર માલિક બનું?"

૧૮૨૩ હું પણ અમીર અને અમીરાતથી જનમ્યો છું. હું એકસો ઉત્તમત્તાઓ મેળવવા તૈયાર છું અને મેળવવા શક્તિમાન છું.

૧૮૨૪ ઉત્તમત્તામાં હું કોઇથી હલકો નથી કે મારા દુશ્મન સમક્ષ તેની સેવા કરવા ઉભા રહેવું પડે.

૧૮૨૫ હું અગ્નિનો જન્મેલો છું, તે માટીનો, અગ્નિ સાથે સરખામણીમાં માટીનો દરજ્જો કયો છે?

૧૮૨૬ જ્યારે હું દુનિયાનો રાજવી અને ઝમાનાની કીર્તી હતો કે ત્યારે તે સમય દરમ્યાન તે કયાં હતો?

(ખુદાના શબ્દો ઉપર) "તેણે ધુમાડા વગરની અગ્નિમાંથી જીન્ન પેદા કર્યા" અને ઇબલીસ સંબંધીના તેના શબ્દો "ખરેખર, તે જીત માંહેનો એક હતો અને તેણે મર્યાદાનું ઉલ્લંઘન કર્યું."

૧૮૨૭ મુર્ખ (ઇબલીસના આત્મામાં) (અહંકાર અને અદેખાઇનો) અગ્નિ ભભુકતો હતો, કારણ કે તે અગ્નિનો જન્મેલ હતો, પુત્ર તેના પિતાની આંતરિક પ્રકૃતિ છે.

૧૮૨૮ નહિ, હું ભુલમાં ઓટ્યો છું. તે ખુદાની બળપુર્વક કરાવતી શક્તિ હતી. (પછી) (તેના માટેનું) કોઈ પણ કારણ આગળ ધરો.

૧૮૨૯ (ખુદાનાં) કારણ વગરનાં કાર્યો (બધાં) કારણોનો ત્યાગ છે, તે (બદલાયા વગર) ચાલુ રહે છે અને અનંતતામાંથી સજ્જડ રીતે સ્થાપના કરવામાં આવે છે.

૧૮૩૦ પવિત્ર કાર્યના સંપૂર્ણપણામાં (તેનાથી) વેગ મળ્યો, કોઈપણ દુન્યવી કારણ અથવા દુન્યવી ચીજ માટે ત્યાં શી જગ્યા છે?

૧૮૩૧ "તેના બાપની આંતરિક પ્રકૃતિ"નો (ખરો અર્થ) શું છે? તેનું (ખુદાનું) કાર્ય (પેદા કરતી શક્તિ) આપણો બાપ છે, (તેનું) કાર્ય ગર્ભ છે અને આગળનો (શારિરીક) પિતા ચામડી (છીપ) છે.

૧૮૩૨ એ સુકા ફળ જેવી કાયા, જાણ કે પ્રેમ તારો દોસ્ત છે, (પ્રેમથી પ્રેરિત) તારો આત્મા તારા પેદા કરનારને શોધશે અને તારી છીપને ભાંગી નાખશે.

૧૮૩૩ દોજખનો નિર્માણ થએલો માણસ તે છે જેની ચામડી તેનો મિત્ર છે. (ખુદાએ કહ્યું છે) "અમો બદલીમાં તેને બીજી ચામડીઓ આપશું" એક (નવી) ચામડી તેના ઉપર નવાજીશ કરશે.

૧૮૩૪ તારો ફનાનીયત સિદ્ધાંત અને ગર્ભ અગ્નિ ઉપર સરસાઈ ભોગવે છે પણ તારી ચામડીઓ (વાસનામય માનસિક શક્તિઓ) અગ્નિ માટેનું ઇંધણ છે.

૧૮૩૫ એક લાકડાના ઘડાની (બાબતમાં) કે જેમાં નદીનું પાણી ભરેલું છે, અગ્નિની શક્તિ (સદંતર) સમાએલ વાસણની વિરૂદ્ધ (લાગેલ છે.)

૧૮૩૬ માણસનો ફનાનીયત સિદ્ધાંત અગ્નિ ઉપર સત્તા ચલાવનાર છે. માલીક, દોજખનો (રાજવી) તેમાં રહેલનો નાશ કયારે કરે?

૧૮૩૭ તો પછી તારી કાયાને વધુ પડતાં લાડ લડાવીશ નહિ, તારા ફનાનીયત સિદ્ધાંતને (વિકસાવ અને ભોગવ) એટલા માટે કે તું માલીકની માફક અગ્નિ ઉપર સત્તાધારી બને.

૧૮૩૮ તું તારી ચામડી ઉપર બીજી ચામડીઓ ઉમેરતો હતો. અનિવાર્યપણે તું મેશના પડોમાં વીંટેલી એક ચામડી જેવો છે.

૧૮૩૯ જ્યારે કે અગ્નિને ચામડી સિવાય બીજું ઇંધણ નથી ત્યારે ખુદાની પ્રતિહિંસા પેલા તારા ગર્વની ચામડી ઉતરડી નાખશે.

૧૮૪૦ આ મગરૂરી ચામડીની એક પેદાશ છે, જ્યારે કે સત્તા અને દોલત પેલા અહંકારના દોસ્તો છે.

૧૮૪૧ આ મગરૂરી શું છે? જરૂરી સિદ્ધાંત તરફ બેદરકાર બનવામાં (બેકરાગી) બનવું, સુર્ય તરફ બરફનું બેદરકાર બનવું.

૧૮૪૨ જ્યારે તે (બરફ) સુર્યનો સલાન બને છે ત્યારે બરફ સહન કરી શકતો નથી. તે નરમ અને ગરમ બને છે અને ઉતાવળથી દોડયે જાય છે.

૧૮૪૩ સત્વ (જરૂરી સિદ્ધાંત) જોતાં સમસ્ત કાયા આશાઓથી ભરેલી બને છે, તે કંગાળ અને પ્રેમમાં લાલસામય બને છે, કારણ કે "દુઃખી તે છે કે જે ઇચ્છાઓ કરે છે."

૧૮૪૪ જ્યારે તે સત્વ જોતો નથી તે ચામડીથી સંતોષાએલો છે, (પછી) "કીર્તિમાન તે છે જે સંતોષાએલ છે"ની ગુલામીની કેદમાં છે.

(સિદ્ધાંત પ્રત્યે બેદરકાર) મગરૂરી → ચામડી નું પેદાશ
બનવું. સત્તા, દોલત → અહંકારના દોસ્તો
સુર્ય નો સલામ બરફ બને - તો સહન નકરી શકતા - નરમ ગરમ - બેદરકાર બનવું

૧૮૪૫ અહીં કીર્તિ નાસ્તિકતા છે અને કંગાળતા (સાચો) દીન છે, જ્યારે પથ્થર પોતાનો શુભધર્મ ગુમાવે છે ત્યારે તે વીંટીમાં જડેલ હીરો બને છે.

૧૮૪૬ પથરારૂપની હાલતમાં (રહેવું) અને પછી 'હું' (કહેવું) (નીંદનીય છે). તારા માટે અત્યારે નમ્રતાવાળો અને 'શુન્ય' બનવાનો વખત છે.

૧૮૪૭ અહંકાર હમેશાં સત્તા અને દોલત શોધે છે કારણ કે નાવણીની મોટી સગડી ઈંધણના તેના સંપૂર્ણપણામાંથી ઉતરી આવેલ છે.

૧૮૪૮ કારણ કે આ બે પરીચારીકાઓ ચામડીને પોષે છે, તેઓ તેને ચરબીથી અને માંસ અને ગર્વ અને મગરૂરી બક્ષવે છે.

૧૮૪૯ તેઓએ પોતાની આંખો સત્ત્વના સત્ત્વ તરફ ઉંચી કરી નથી, તેના કારણે તેઓએ ચામડીને સત્ત્વ બનેલ જોએલ છે.

૧૮૫૦ ઈબ્લીસ આ રસ્તાનો આગેવાન હતો, કારણ કે તે સત્તાના આવેશની જાળમાં ફસાયેા હતો.

૧૮૫૧ દોલત એક સરપ જેવી છે, અને સત્તા એક અજગર છે. પવિત્ર માણસ (મુરશીદે કામીલ હાઝર ઈમામનો પડછાયો (દોરવણી) નીલમણિ છે (જે) તે બન્નેની વિનાશક છે.

૧૮૫૨ પેલા નીલમણિને નજરે જોતા સરપની આંખ (માથામાંથી બહાર) નીકળી પડે છે, સરપ અંધ છે અને રાહદારી (મોતમાંથી) મુક્ત કરાયેા છે.

૧૮૫૩ જ્યારે પેલા રાજવી (ઈબ્લીસે) આ રસ્તા ઉપર કાંટા મુક્યા હતા, દરેક જણ કે જે (તેનાથી) ઘવાયેા હતો, ધુમ પાડી ઉઠતો.

૧૮૫૪ કહેવાનો અર્થ "આ દુઃખ મારા ઉપર તેની બેવફાઇ થકી પડ્યું છે, તે (ઈબ્લીસ) દુષ્ટોએ એક નમુના તરીકે લીધેલ છે, દગાબાજીનો રસ્તો દોરનાર પહેલો તે હતો."

૧૮૫૫ બરોબર, તેની પાછળ પેઢી ઉપર પેઢી હસ્તિમાં આવી અને સઘળાઓએ પોતાનાં પગલાં તેના રસ્તા ઉપર પાડ્યાં.

૧૮૫૬ એ યુવાન, તે બધા એકાદ હલકું આચરણ આચરે છે, એટલા માટે કે લોકો આંધળી રીતે તેની પાછળ તેમાં પડે.

૧૮૫૭ તેઓનાં સઘળાં પાપો એકઠાં કરવામાં આવ્યા છે અને તેના ઉપર થપ્પી કરવામાં આવી કરવામાં આવી કારણ કે તે તેમના તરફ એક આગેવાન જેવો હતો, જ્યારે તેઓ પુંછડીના મુળ જેવા છે.

૧૮૫૮ પણ હ. આદમ તેમને આગળ લાવ્યા (અને) ફાટેલા જોડા અને ઘેટાંના ચામડીની જાકીટ (દ્રષ્ટિમાં રાખ્યા) કહીને, "હું માટીનો છું."

૧૮૫૯ અયાઝની માફક, તેમનાથી પણ વારંવાર પેલા ફાટેલા જોડાઓ જોવાયા હતા. મિજાજીપણે અંતે તે વખણાયેા હતો.

૧૮૬૦ સંપૂર્ણ હસ્તિ 'લામકાં'માં એક કાર્ય કરનાર છે, હસ્તિના બનાવનારનું કારખાનું 'લામકાં' સિવાય શું છે?

૧૮૬૧ પૂર્વે જે લખાઇ ગયું છે તેના ઉપર શું કોઇ લખે છે, પૂર્વે વાવેલી જગ્યામાં કોઇ એકાદ છોડ વાવે છે?

૧૮૬૨ (નહિ), તે એક કાગળનો તાવ શોધે છે કે જેના ઉપર કાંઇ લખાએલ નથી અને એક જગ્યામાં વાવે છે કે જ્યાં વાવણી કરેલી નથી.

૧૮૬૩ ઓ ભાઇ, તું ન વાવેલી જગ્યા બન, નહિ, વપરાએલો સફેદ કાગળ બન.

૧૮૬૪ તને કદાચ કલમના કારણે અમીર બનાવવામાં આવ્યો હોય, અને કે કીર્તિવંતે તારામાં બી વાવ્યું હોય, તો

૧૮૬૫ ખરેખર, સાચું માનજે કે તેં આ 'ફાલુદા'નો કદી સ્વાદ ચાખ્યો નથી, સાચું માનજે કે તે રાંધણી જોઇજ નથી.

૧૮૬૬ કારણ કે આ 'ફાલુદા'માંથી નશો ઉત્પન્ન થાય છે અને ઘેટાના ચામડાની જાકીટ અને ફાટેલાં બુટની યાદી વીસરાય છે.

૧૮૬૭ જ્યારે મૃત્યુનું મહાદુઃખ આવે છે ત્યારે તું આકંદની એક મોટી બુમ પાડીશ, તે સમયે તું તારો ચીંથરેહાલ કોટ અને બેડોળ જોડા યાદ કરીશ.

૧૮૬૮ (પણ) ત્યાં સુધી એક હલકી બાંયધરીના મોજાંઓમાં ડુબે છે કે જેમાં કોઇ જાતની પનાહ (પામવાની) મદદ છે જ નહિ.

૧૮૬૯ તું (મુસાફરી માટે) સાચી કિશ્તીની યાદી કદી પણ મન ઉપર લાવીશ નહિ, તું કદી પણ તારાં ફાટેલા જોડા અને ઘેટાના ચામડાની જાકીટ તરફ જોઇશ નહિ.

૧૮૭૦ જ્યારે તમો વિનાશના વધુ પડતા પાણીમાં નિરાધાર પડયા છો ત્યારે પછી તમો તત્કાળ (શબ્દો) બનાવશો "અમોએ ખોટું જ કર્યું છે, તારીજ બંદગી કરીએ છીએ."

૧૮૭૧ (પણ) સેતાન કહેશે, (ઓ) તમો આ કમ-અક્કલ તરફ જુઓ, કવખતના પંખીનું માથું કાપી નાખો."

૧૮૭૨ આ અયાઝની બાસિયતોમાં ઠહાપણથી ઘણોજ દુર, (એટલે કે) તેની પ્રાર્થના (બરી) પ્રાર્થના વગર બોલાએલી બનશે.

૧૮૭૩ તેને ઘણા વખતથી બહિશ્તનો કુકડો બનાવવામાં આવેલ છે, તેની બધી બાંગો તેઓના (યોગ્ય) સમયે (ઉચ્ચારવામાં આવી છે).

આ (હદીસ નો અર્થ "અસારામાં જેવી વસ્તુઓ (વાસ્તવિકતામાં) છે તેવી જ બતાવ" અને આ (કહેવતનો) અર્થ, "જો આચ્છાદન ઉપાડી લેવામાં આવે તો મારી ચોકસતા વધશે નહિ" અને તેના (કવિના) બોલ "જ્યારે તમો કોઇને દ્વેષી આંખથી જુઓ છો ત્યારે તમો તેને તમારી ખુદીના સાંકડા વર્તુળમાંથી જુઓ છો." "વાંકી સીડી વાંકો પડછાયો પાડે છે."

૧૮૭૪ ઓ ધર્મોપદેશકો, તેનામાંથી બાંગ પુકારવી શીખો, જે ખુદાની ખાતર બાંગ પુકારે છે અને નહિ કે પૈસાની ખાતર.

૧૮૭૫ ખોટું પ્રભાત આવે છે અને તેને છેતરતું નથી, ખોટું પ્રભાત ભલા બુરા સાથેની દુનિયા છે.

૧૮૭૬ સંસારી લોકોને ખામીવાળી સમજણો હતી, કે જેથી તેઓએ તેને સાચું પ્રભાત બનતું જોયું.

૧૮૭૭ ખોટા પ્રભાતે (ઘણા) વણજારાને લૂંટયાં કે જેઓ સવાર પડવાની આશામાં રવાના થયા.

૧૮૭૮ ખોટું પ્રભાત લોકોની દોરવણી કરનાર ન બનો ! કારણ કે તે ઘણી વણજારોને (વિનાશનો) પવન આપે છે.

૧૮૭૯ ઓ તું કે જે ખોટા પ્રભાતનો કેદી બન્યો છે, સાચા પ્રભાતને ખોટા તરીકે નીહાળ નહિ.

૧૮૮૦ જો તું (પોતે) ઢોંગ અને દુષ્ટતામાંથી રક્ષાએલો નથી, તો શા માટે તું તેવી જ (બરાબીઓનું) તારા ભાઈ ઉપર દોષારોપણ કરે છે.

૧૮૮૧ દુષ્ટકાર (બીજાઓનું) હંમેશા બુરું જ ઇચ્છે છે, તે તેના પોતાનાં આચરણો પોતાના પાડોશીને લાગુ પાડે છે.

૧૮૮૨ બદમાશો કે જેઓ (તેમની પોતાની) હલકટ દુર્ગુણોમાં (ડુબેલા) રહ્યા છે, તેઓએ પયગમ્બરોને જાદુગરો અને જુઠા કહી બોલાવ્યા છે.

૧૮૮૩ અને પેલા હલકટ અમીરો (કે જેઓ) જુઠાણાના બનાવટી દસ્તાવેજો બનાવનાર (હતા) તેઓએ અયાઝના ઓરડા વિષે આવો હલકો વિચાર કર્યો.

૧૮૮૪ (ધારી લીધું) કે તેણે એક દટાએલો સંગ્રહ અને ખજાનો રાખ્યો છે. તારી પોતાની આરસીમાં બીજાઓ તરફ જુઓ નહિ.

૧૮૮૫ બાદશાહ, બરોબર તેની નિર્દોષતા જાણતો હતો, (માત્ર) પેલાઓના કારણે તે પેલી તપાસ કરાવતો હતો.

૧૮૮૬ કહે, ઓ અમીર, મધ્યરાત્રીએ ઓરડાનો દરવાજો ઉઘાડો, જ્યારે તે (અયાઝ) તેનાથી અજાણ હોય.

૧૮૮૭ એટલા માટે કે તેના (ગુપ્ત) વિચારો પ્રકાશમાં આવે, ત્યારબાદ તેને સજા કરવાનું મારા ઉમર છોડી દેવામાં આવે.

૧૮૮૮ હું સોનું અને જવાહીરો તમારા ઉપર ઇનાયત કરીશ. (તેમના સંબંધીત) માહિતી સિવાય બીજી દોલતની મને પરવા નથી."

૧૮૮૯ આમ તે બોલ્યો, જ્યારે અયાઝના કારણે તેનું દિલ વધુ પડતું થડકતું હતું.

૧૮૯૦ (વિચારતો કે), આ હુકમ કોની જીભથી અપાઇ રહ્યો છે ? જો તે આ અન્યાય સાંભળશે તો તે કેવો દિલગીર બનશે ?"

૧૮૯૧ ફરીવાર તે (પોતાના મનમાં) કહે છે, "પોતાના દીનની સત્યતાથી (હું કસમ
ખાઉં છું) કે તેની નેકનિષ્ઠા ઘણીજ મોટી છે.
૧૮૯૨ મારી ખોટી ધારણા અને મારા ઇરાદા અને કારણનું બેધ્યાનપણું તેના માટે
બીજનું કારણ બનશે."
૧૮૯૩ જ્યારે એક દુઃખનું (કારણ) ખરા અર્થમાં નિહાળેલ છે ત્યારે તે વિજય નુએ છે.
દુઃખથી તે હારેલો કેમ બનશે ?
૧૮૯૪ (સહન કરવાનો) સાચો દુભાષિયો બિમાર અથાઝની માફક છે. કારણ કે તે સાગરના
છેડાઓનો (અંતિમ પરિણામોનો) કાળજીપૂર્વક વિચાર કરે છે.
૧૮૯૫ જેવી રીતે હ. યુસુફ (અ.સ.)એ આ કેદીઓ વિષેનાં સ્વપ્નાના અર્થ કર્યા તે મુજબ
તે તેને સુસ્પષ્ટ છે.
૧૮૯૬ ભલો માણસ બીજાઓના સ્વપ્નાના અર્થથી સજાગ છે. તે પોતાના ખુદના સ્વપ્નાના
અર્થથી અજ્ઞાન કેમ બનેલો હોય ?
૧૮૯૭ જો હું ખાત્રી કરવા ખાતર મારી તલવારથી એક સો જખમો કરું તો પણ પેલા
એક પ્રેમાળનો (મારી) સાથેનો સુમેળ ઓછો થશે નહિ.
૧૮૯૮ તે જાણે છે કે હું પેલી તલવાર મારી સામે જ વાપરું છું. વાસ્તવિકતા હું તે છું
અને તે હું છે.

પ્રેમી અને પ્રિયતમનું અરેઅરૂં એકાકીપણું ગોઠવાયું હોય છે, જો કે તેઓ દ્રષ્ટિબિંદુમાં એક બીજાથી વિપરીત છે કે અપેક્ષા ઉપેક્ષાથી ઉલટી છે, તેવી એક આરસી અરૂપ અને ચોખ્ખી છે અને અરૂપપણું રૂપથી ઊલટું છે, છતાં વાસ્તવિકતામાં તેઓને એકબીજા સાથે એકાકીપણું છે કે જે સમજાવવું કંટાળાજનક છે. સમજી માટે એક ઈશારો જ બસ છે.

૧૮૯૯ (લયલામાંથી) એક લાંબી જુદાઇ માટેની દિલગીરીમાં, મજનુના શરીરમાં ઓચીંતી
એક બિમારી આવી.
૧૯૦૦ ઝંખનાની જ્વાળા થકી (ગરમ બનેલું) તેનું લોહી ઉકળી ઉઠ્યું, કે જેથી કંઠમાળનું
દર્દ પેલા ગાંડા (પ્રેમીમાં) દેખાયું.
૧૯૦૧ આથી હકીમ તેની સારવાર માટે આવ્યો અને કહ્યું "તેનામાંથી લોહી કાઢવા
સિવાય બીજો ઈલાજ નથી.
૧૯૦૨ લોહી હટાવવાના કારણે રક્તસ્રાવ જરૂરી છે, તેથી એક નિપુણ શસ્ત્રવૈદ ત્યાં આવ્યો.
૧૯૦૩ અને તેના હાથે પાટો બાંધ્યો અને શસ્ત્રક્રિયા કરવા છુરી લીધી. (પણ) તુર્તજ પેલો
તામસી પ્રેમી ધુમ પાડી ઊઠ્યો.
૧૯૦૪ "તારૂં મહેનતાણું લઈ લે અને રક્તસ્રાવ કરવો છોડી દે ! જો હું મરણ પામું
તો મારી બ્લુની કાયાને કબરમાં જવા દે !"

૧૯૦૫ તેણે કહ્યું, "શા માટે? આનાથી તું શા માટે બીએ છે, જ્યારે જંગલના સિંહની તને બીક નથી?

૧૯૦૬ સિંહો અને વાઘો અને વરૂઓ અને અજગરો અને (બીજાં) જંગલી પ્રાણીઓ રાત્રીના તારી આજુબાજુ ભેગા થાય છે.

૧૯૦૭ તારામાંથી માણસની વાસ તેઓને આવતી નથી કારણ કે તારા દિલમાં પરમઆનંદ અને પ્રેમની વિપુલતા (છે).

૧૯૦૮ વરૂ અને રીંછ અને સિંહ પ્રેમ શું છે તે જાણે છે, તે કે જે પ્રેમ તરફ આંધળો છે તે એક કુતરાથી પણ ઉતરતો છે.

૧૯૦૯ જો એક કુતરાને પ્રેમની નાડ ન હોત તો (સાત સુવાવાળાનાં) દિલ જીતવાનું કુતરાને કેમ સુઝ્યું હોત?

૧૯૧૦ વધુમાં, દુનિયામાં તેની જાતનાં, દેખાવમાં કુતરા જેવાં, છતાં તે (શુકના કુતરા માફક) પ્રખ્યાત નથી.

૧૯૧૧ તમોએ તમારી પોતાની જાતમાં દિલ સુંઘ્યું (જાણ્યું) નથી, (તો પછી) તમો ઘેટાં અને વરૂમાં દિલ કેમ સુંઘશો?

૧૯૧૨ જો પ્રેમ હોત જ નહિ તો અસ્તિત્વ કેમ બન્યું હોત? રોટલો પોતાની મેળે તમને કેમ ચોંટ્યો છે અને તમારામાં (ઓતપ્રોત) બન્યો છે?

૧૯૧૩ રોટલો બન્યો શેમાંથી? તમારો પ્રેમ અને ભુખ થકી, નહિતર રોટલાને (અપૂર્વ) આત્મા તરફ કાંઈ સબંધ કેમ હોય?

૧૯૧૪ પ્રેમ સુકા રોટલાને આત્મા (નો આધાર) બનાવે છે, તે જીવ બનાવે છે જે કાયમનો વિનાશક હતો.

૧૯૧૫ મજનુને કહ્યું, હું છુરીથી બીતો નથી, બડકોથી સરજાએલા પહાડ કરતાં મારી સહનશક્તિ વધુ છે.

૧૯૧૬ હું એક ભમતારામ છું, મારી કાયા ફટકાઓ વિનાથી સુણી નથી, હું એક પ્રેમી છું. હું હમેશાં ફટકાઓથી તદ્દન નજીક છું.

૧૯૧૭ પણ મારી (સમસ્ત) કાયા 'લયલા'થી ભરેલ છે, આ છીપ પેલા મોતીના ગુણધર્મોથી ભરેલ છે.

૧૯૧૮ ઓ લોહી લેનાર. હું બીઉં છું કે રખેને તમે મારૂં લોહી લ્યો, તમો ઓચીંતાના તમારી છુરીથી લયલા ઉપર એક જખમ કરો.

૧૯૧૯ સમજદાર આદમી જેનું દિલ પ્રકાશિત બન્યું છે, જાણે છે કે લયલા અને મારા વચ્ચે કાંઇ તફાવત નથી.

એક પ્રિયતમાએ પોતાના પ્રેમીને પૂછ્યું "તું મને કે તારા પોતાને વધુ ચાહે છે?" તેણે જવાબ આપ્યો, "હું મારાથી મૃત્યુ પામ્યો છું,

અને તારાથી જીવું છું. હું મારાથી નીસ્તી બન્યો છું અને મારા પોતાનાં ગુણધર્મો અને હસ્તિ તારાથી જ છે. હું મારૂં પોતાનું જ્ઞાન ભુલી ગયો છું. અને તારા જ્ઞાન થકી જાણનાર બન્યો છું. મેં મારી શક્તિના બધા વિચાર ગુમાવ્યા છે અને તારી શક્તિ થકી શક્તિમાન બન્યો છું. જો હું પોતાને ચાહું તો મેં તને જ ચાહી છે, અને જો હું તને ચાહું તો મારા પોતાને પ્રેમ કર્યો છે.

(કાવ્યની કડી) "હરકોઇ જે દીર્ઘદ્રષ્ટિનો આરસી ધરાવે છે તે ખુદાને જુએ છે (ભલે પછી) તે પોતાને જોતો હોય."

(ખુદાએ બાયઝીદને કહ્યું), "મારા ગુણધર્મો સાથે મારા પેદા કરેલા જીવો આગળ જા. હરકોઈ જે તને જોશે મને જોશે અને જે કોઈ તારામાં મચ્યા રહેશે તે પોતે ખુદ મારામાં રચ્યા રહેશે."

૧૯૨૦ સવારના પીણાના સમયે એક પ્રિયતમાએ પોતાના પ્રેમીને ચકાસણીની રૂએ પૂછયું એ ફલાણા ફલાણાના પુત્ર ફલાણા,

૧૯૨૧ મને નવાઇ લાગે છે કે તું મને વધુ ચાહે છે કે પોતાને, એ દુઃખીયારા. સત્ય કહેા."

૧૯૨૨ તેણે જવાબ આપ્યો, "હું તારામાં એવો નહિવત બન્યો છું કે માથાથી પગ સુધી તારાથી ભરેલો છું.

૧૯૨૩ મારા અસ્તિત્વમાં માત્ર નામ સિવાય બીજું કંઈ બાકી નથી રહ્યું. મારી હસ્તિમાં તારા સિવાય કાંઈજ નથી, એ તું કે જેની ઈચ્છાઓ સંતોષાય છે."

૧૯૨૪ હું પેલાં કારણો થકી તું કે જે મધનો એક સાગર છો તારામાં સુરકાની માફક નહિવત બન્યો છું.

૧૯૨૫ પત્થરની માફક કે જે સંપૂર્ણપણે ચોકખા નિલમમાં ફેરવાએલ છે તે સુર્યના ગુણધર્મોથી ભરાઈ ગએલ છે.

૧૯૨૬ પેલી પત્થરની પ્રકૃતિ તેનામાં બાકી નથી રહી, આગળ અને પાછળ તે પ્રકાશોથી ભરપુર છે.

૧૯૨૭ ત્યારબાદ જો તે પોતાને ચાહે છે, એ યુવાન તે (પોતાને પ્રેમ કરે છે, તે સુર્યને જ પ્રેમ કરે છે.

૧૯૨૮ અને જો તે સુર્યને (રૂડાની માબાપ) ખરા અંતઃકરણથી ચાહે છે, તો તે કાંઈપણ શંકા વગર પોતાને જ ચાહે છે.

૧૯૨૯ ભણે પછી ચોકખો નીલમ પોતાને ચાહે કે પછી તે સુર્યને ચાહે.

૧૯૩૦ આ બન્ને ચાહવામાં બરોબર કાંઈજ તફાવત નથી. બન્ને બાજુના દ્રશ્યો માત્ર સુર્યના કિરણો સિવાય નહિવત છે.

૧૯૩૧ જ્યાં સુધી કે તે (પથ્થર) એક માણેક બન્યો છે ત્યાં સુધી તે પોતાનો એક દુશ્મન છે, કારણ કે તે "હું" એકલું નથી, 'હું' બે છે.

૧૯૩૨ કારણ કે પથ્થર કાળો અને પ્રકાશ તરફ આંધળો છે, અંધારૂં પ્રકાશથી અનિવાર્યપણે ઉલટું છે.

૧૯૩૩ (જો) તે પોતે મેળે ચાહે તો તે એક નાસ્તિક છે, કારણ કે તે સર્વોપરી સુર્ય તરફ સખતપણે ઝઝુમવાની માગણી કરે છે.

૧૯૩૪ તેથી તે યોગ્ય નથી કે પત્થર કહે, 'હું' સંપૂર્ણપણે અંધારૂં અને મૃત્યુની હાલતમાં છું.

૧૯૩૫ ફિરઓને કહ્યું "હું ખુદા છું" એને નીચે ઉતારવામાં આવ્યો. મનસુર (હલાજે) કહ્યું 'હું ખુદા છું.' એને બચાવાયો હતો.

૧૯૩૬ આગલો 'હું' ખુદાના શાપથી અનુસરેલ અને એ પ્રેમી પુરૂષ, પાછલો 'હું' ખુદાની દયાથી.

૧૯૩૭ કારણ કે એક (ફિરઔન) કાળો પત્થર હતો. આ એક (હલાજ) એક અકીક, પેલો એક 'નૂર'નો દુશ્મન હતો અને આ એક (તેનો) આવેશમય પ્રેમાસક્ત બનેલો હતો.

૧૯૩૮ **એ બેઅદબ દોઢ ડાહ્યા, આ 'હું' "તે આંતરિક અંતઃકરણમાં (ખુદા) હતો. "નૂર" સાથેની એકયતા થકી, નહિ કે પુનર્જીવનના સિદ્ધાંતની માન્યતા થકી.**

૧૯૩૯ તનતોડ મહેનત કર કે તારી પત્થરમય પ્રકૃતિ ઓછી થાય કે જેથી તારો પત્થર માણેકના સદ્ગુણોથી ચકચકિત બન્યો.

૧૯૪૦ આત્મસંયમ અને તકલીફ સહન કરવામાં મનોબળ બતાવ, ખુદીના ખતમ થવામાં પુનઃ પુનઃ અમર જીંદગી નિહાળ.

૧૯૪૧ (પછી) તારૂં પત્થરપણું દરેક પળે ઓછું છે કે ઓછું બનશે. માણેકની પ્રકૃતિ તારામાં જોરદાર બનશે.

૧૯૪૨ ખુદીના ગુણધર્મો તારી કાયામાંથી રવાના થશે, નશાના ગુણધર્મો તારા મસ્તકમાં (તારા ઇહાનીયત દિલમાં) વધતાં જશે.

૧૯૪૩ એક કાનની માફક સંપૂર્ણપણે સાંભળતો બની જા, એટલા માટે કે માણેકની કાનની વાળી તમો મેળવો.

૧૯૪૪ જો તું એક મર્દ છો તો સારા ખોદનારની માફક આ માટીની કાયામાંથી માટી ખોદો કે જેથી તમો થોડાક પાણીને પહોંચો.

૧૯૪૫ (અને) જો ખુદાની પ્રેરણા તારી પાસે આવે તો તારા ખોદ્યા વગરના કુવા સિવાય જમીનમાંથી અવાજ કરતું દોડતું પાણી ઉભરાશે.

૧૯૪૬ હમેશાં કામમાં મગ્ન રહે. (કામની અશક્તિ) તરફ ધ્યાન ન દે, શારીરિક કુવાની માટી થોડી થોડી ખોતરતો રહે.

૧૯૪૭ દરેક જણ કે જે તકલીફ સહન કરે છે તેને એક બાબતનું રહસ્ય ખુલ્લું થાય છે. દરેક જણ જે આતુરતાપુર્વક પ્રયત્ન કરે છે તેને ખુશનશીબ આવે છે જ.

૧૪૪૮ હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે (નિયમિત બંદગીમાં 'રૂકુ' અને સિજદાનાં કાર્યો ખુદાથી 'મિલન' (દીદાર) મેળવવાના સાધન છે.

૧૯૪૯ જ્યારે કોઇપણ પેલા દરવાજાની ઘંટડી ચાલુ વગાડશે તો પરમસુખ પોતાનું માથું બહાર કાઢશે.

અમીર કે જે ગુનાહિત છુપા કાવતરાંનો પોજક હતો, મધ્યરાત્રીએ પોતાના અમલદારો સાથે અયાઝનો ઓરડો ખોલવા આવ્યો અને ત્યાં લટકતા ફાટેલા જોડા અને ચામડાની જાકીટ જોઇ અને અનુમાન કર્યું કે આ એક છળ અને ઢોંગ છે. અને તેણે દરેક શંકાશીલ ખુણાઓ ખોદાવી નાખ્યા, અને ખોદકામ કરનારાઓને લાવ્યો અને દીવાલોમાં બાકોરા પાડયાં અને કાંઈપણ શોધી શકયો નહિ અને ગુંચવયો અને નિરાશ બન્યો. તેથી આવા હલકા વિચારના માણસો છે (જેવા પેલાઓ) કે જેઓએ પયગમ્બરો અને ઇમામોના કાર્ય વિષે નકામી ચીજો ધારી લીધી, એમ કહીને કે તેઓ જાદુગરો અને પોતાની જાહેરાતો કરનારા હતા અને (માત્ર) પોતાના (લોકો વચ્ચે) મુખ્ય સ્થાન મેળવવાનું શોધ્યું. તપાસ કર્યા બાદ તેઓ મનની મુંઝવણથી ઘેરાએલા હતા. પણ તે તેમને મદદ કરી શકી નહિ.

૧૯૫૦ પેલા વિશ્વાસુ (અમલદારો) ઓરડાના દરવાજે આવ્યા. તેઓએ ખજાનો અને સોનું અને ભરણો માટે શોધ શરૂ કરી.

૧૯૫૧ ખોટી ઇચ્છામાં (તણાએલા) તેમનામાંના કેટલાકે બસો ચપળતા અને હિકમતથી દરવાજો ઉઘાડયો.

૧૯૫૨ કારણ કે તે એક અટપટા ખીલાવાળું પ્રચંડ તાળું હતું. તેણે (અયાઝે) બીજાં બધાં તાળાંઓમાંથી તેને પસંદ કર્યું હતું.

૧૯૫૩ તે રૂપું અને દોલત અને સોનાનો લોભીષ્ટ ન હતો (પણ) તેણે હલકટોથી પોતાની ગુપ્તતા છુપાવવાને કારણે (આમ કર્યું હતું.)

૧૯૫૪ (તેથી તેણે વિચાર્યું) ભલે અમુક લોકો પોતાને હલકી કલ્પનામાં લગાડે (જ્યારે) બીજાઓ મને એક ઢોંગી કહે.

૧૯૫૫ ઉચ્ચાભિલાષી પુરૂષથી આત્માની ગુપ્તતા બાબુમાંના માણેક કરતાં સંસારીજનોથી વધુ સારી રીતે સંભાળી રાખવી જોઇએ.

૧૯૫૬ મૂર્ખાઓને આત્માં કરતાં સોનું વધારે સારૂં દેખાય છે. (રૂહાની) બાદશાહના અભિપ્રાયમાં સોનાને આત્મા ઉપર કુરબાન કરવું જોઇએ.

૧૯૫૭ સોનાની કંજુસાઈમાં તેઓ (અમલદારો) ઝડપથી (ઓરડા) તરફ જતા હતા. (જેકે) તેમની સમજણ કહેતી હતી, "નહિ, વધુ આસ્તે જાઓ."

૧૯૫૮ કંજુસાઇ મૃગજળ તરફ નકામી દોડે છે. (જો કે સમજણ કહે છે, "ચોકસાઇપૂર્વક નજર કર, તે પાણી નથી.

૧૯૫૯ કંજુસાઇ (તેમનામાં) સવિશેષ પ્રબળ હતી, અને (તેમને) સોનું પોતાના આત્મા જેવું (વહાલું) હતું. તે પળે સમજણની ખુમ સંતાએલી હતી.

૧૯૬૦ કંજુસાઈ અને તેનો કોલાહલ એક સો ગણો બન્યો હતો. ડહાપણ અને તેનો સુચનો સંતાએલા બન્યાં હતાં

૧૯૬૧ અંતે કે તે (કંજુસ આદમી) આભાસના ખાડામાં પડી જાય અને પછી ડહાપણના ઠપકાઓ સાંભળે છે.

૧૯૬૨ જ્યારે તેનો પવન (ખુદનો ઘમંડ) સકંજાની કેદથી વિખરાઈ ગયો છે ત્યારે ઠપકો ખાતો આત્મા તેના ઉપર સરસાઈ ભોગવે છે.

૧૯૬૩ જ્યાં સુધી કે તેનું માથું દુઃખની દિવાલો સાથે અથડાય છે ત્યાંસુધી તેનો બહેરો કાન તેના દિલની શીખામણ સાંભળશે નહિ.

૧૯૬૪ અખરોટની કેક અને સાકરની કંજુસાઈ બચ્ચાંઓના કાનોને શીખામણોથી બહેરા બનાવે છે.

૧૯૬૫ (માત્ર) જ્યારે પોતાના ગુમડાનો દુઃખાવો શરૂ થાય છે ત્યારે તેનાં (બચ્ચાનાં) કાન ભલી શીખામણ તરફ ખુલેલા બને છે.

૧૯૬૬ પછી (શોધનારના) સમુહે, કંજુસાઇથી અને એક સો જાતની વૃથા કલ્પનાઓથી ઉઘાડયો.

૧૯૬૭ તેઓ દરવાજાના રસ્તામાં બગડી ગએલી છાશ ઉપર જીવડાંઓની માફક એકબીજાથી ધક્કામુક્કી કરતા પડયા.

૧૯૬૮ તેઓ પતંગીયા પ્રેમીઓની માફક ગર્વથી પડે છે તેમ પડયા પણ ત્યાં પીવાની શકયતા છે જ નહિ, અને બન્ને પાંખો ચોટી ગએલી.

૧૯૬૯ તેઓ (અમલદારો)એ જમણી અને ડાબી તરફ જોયું. ત્યાં (માત્ર) ફાટેલા જોડા અને ચામડાની જાકીટ હતી.

૧૯૭૦ તેઓએ એક બીજાને જોયા બાદ કહ્યું, "આ જગ્યા સોના અને હીરાથી વંચિત નથી, ફાટેલા જોડા આંધળા કરવા ખાતર રખાયા છે.

૧૯૭૧ એઇ, તીક્ષ્ણ કોદાળીઓ લાવો, ખોદવા અને બાકોરા પાડવાની કોશીષ કરો."

૧૯૭૨ શોધનાર (સમુહે) ખોદ્યું અને દરેક દિશામાં શોધ કરી, તેઓએ ઉંડા ખાડા ખોદ્યા અને બાકોરા પાડયાં.

૧૯૭૩ આથી જાણે કે બાઙાઓ તેમની તરફ ખુમ પાઙતા હતા, ઓ તમો દુર્ગન્ધ ફેલાવનારાઓ, અમો બાઙાઓ બાલી છીએ."

૧૯૭૪ તેવી રીતે તેઓ (અમલદારો) (અયાઝના સંબધી) પેલા (હલકા) વિચારથી શરમીંદા બન્યા અને બાઙાઓ ફરીવાર પુરી દીધા.

૧૯૭૫ છાતીમાં 'લા હઉલ' (ખુદા અમને મદદ કરે)ની અસંખ્ય આહો નીકળતી હતી. તેઓની કંજુસાઇ, કાંઇપણ ખોરાક આપ્યા વગરનું પંખી છોડી દેવાયું.

૧૯૭૬ દિવાલમાંના અને દરવાજા માંહેનાં બાંકોરાં તેઓની અર્થ વગરની રખડપટ્ટીની વિરૂદ્ધાઇ બતાવતી સાક્ષીઓ બની હતી.

૧૯૭૭ દિવાલનું સમારકામ શકય ન હતું, (તેઓએ જે કર્યું) તેનાથી અયાઝ પાસે છટકી જવાની કોઈ શકયતા હતી નહિ.

૧૯૭૮ (કારણકે) જો તેઓ નિર્દોષ હોવાનો ઢોંગ કરે તો (તેમની વિરૂદ્ધ) દિવાલ અને છત સાક્ષીઓ બને.

૧૯૭૯ (આવા ઠપકા સહિત) તેઓ બાદશાહ તરફ ધૂળભરેલા અને ફિક્કા ચહેરાવાળા અને શરમાએલા પાછા ફરતા હતા.

કાવતરાં કરનારાઓ, શરમથી નંખાઈ ગએલા, બાલી ગુણીઓ સાથે અયાઝના ઓરડામાંથી બાદશાહ પાસે પાછા ફર્યા, જેમ પેલાઓ જેઓ પયગમ્બરો તરફ હલકું વિચારે છે, (શાપ ઉતારવામાં આવશે), તે સમયે જ્યારે તેઓનો (પયગમ્બરોની) નિર્દોષતા અને પવિત્રતા સ્પષ્ટ બનાવશે. કારણકે (ખુદાએ કહ્યું છે) તે દિવસે જ્યારે (કેટલાક) ચહેરા સફેદ બનાવાશે અને (કેટલાક) ચહેરાઓ કાળા બનાવાશે. "અને તેણે કહ્યું છે અને ખુદા વિરૂદ્ધ જુઠું બોલનારાઓ, તેઓના ચહેરાઓ કાળા પડેલા તું જોઈશ."

૧૯૮૦ બાદશાહે ઈરાદાપૂર્વક (બોલતાં) કહ્યું "શું બન્યું છે? કારણ કે સોના અને થેલોઓથી તમારા હાથ બાલી છે.

૧૯૮૧ અને જો તમારે દીનાર અને 'તસુ' છુપાવેલ છે તો પછી ચહેરા અને ગાલો ઉપર (દેખાવો જોઈતો) આનંદનો પ્રકાશ કયાં છે?"

૧૯૮૨ અલબત દરેક મુળીયાવાળા ઝાડનાં મુળીયાં (સંતાએલાં છે) (છતાં) પાંદડાંઓ "તેઓના ચહેરા ઉપર તેઓની નિશાનીઓ" લીલાં છે.

૧૯૮૩ અરે, ઉંચી ડાળી, મુળીયાં ભલે પછી ઝેર હોય કે સાકર શું ચુસ્યું છે, જાહેર કરે છે.

૧૯૮૪ જો મુળીયાંઓ તેની શાખા વગરનાં અને ભુગર્ભ ન હોત તો પછી ડાળી ઉપરનાં લીલાં પાંદડાંની મહત્વતા શી છે?

૧૯૮૫ જમીન મુળીયાંની જીભ ઉપર મહોર મારે છે (પણ) ડાળી, તેની ડાળ અને પગ તેની સાક્ષી પુરે છે.

૧૯૮૬ બધા પેલા વિશ્વાસુ (અમલદારો) પોતા માટે માફી માગવા લાગ્યા, તેઓ ચંદ્રમાની હજુરમાં એક પડછાયાની માફક સિજદામાં પડયા.

૧૯૮૭ પેલી ગરમી અને શેખી અને અહંમની માફી માટે, તેઓ બાદશાહની દયા માટે નમી પડયા.

૧૯૮૮ તેઓમાંના સઘળા શરમથી પોતાની આંગળીઓ કરડતા, અને દરેક જણ કહેતો, ઓ દુનિયાના બાદશાહ.

૧૯૮૯ જો તું અમારૂં લોહી વહેવડાવે તો તે હલાલ છે (કારણ કે તેમ કરવાનો તને હક છે) અને જો તમો માફી આપશો તો તે (એક) દયાનું અને દાનનું કાર્ય છે.

૧૯૯૦ અમોએ પેલાં કાર્યો કર્યા કે જે અમારી લાયકાતનાં હતાં. ઓ કીર્તિવંત બાદશાહ, તમો શો હુકમ કરો છો તેની ગણત્રી કરો."

૧૯૯૧ ઓ તું કે જે દિલ પ્રકાશિત કરે છે, તો અમારો ગુન્હો માફ કરશો તો, રાત્રીએ રાત્રીના ગુણધર્મો, દિવસે દિવસના બતાવ્યાં હશે. (એટલે કે અમો અમારા ગુણ પ્રમાણે વર્ત્યા, અને તમો તમારા ગુણ પ્રમાણે વર્તો.

૧૯૯૨ જો તમો માફ કરશો તો હતાશા હટી જશે, અને જો નહિ માફ કરો તો અમારા જેવા એક સો ભલે બાદશાહ ઉપરથી કુરબાન થાય !"

૧૯૯૩ બાદશાહે જવાબ આપ્યો, "નહિ, હું આ દયા બતાવીશ નહિ અથવા આ સજા પણ કરીશ નહિ. તે (હક) અયાઝ ધરાવે છે."

બાદશાહે કાવતરાં ઓરેનો પશ્ચાતાપ સ્વીકારવો અથવા તેમને સજા કરવી તે સવાલનો અયાઝને નિકાલ કરવા કહેવું, કારણ કે તેણે અર્થ કર્યો કે ગુન્હો તેની પ્રતિષ્ઠા સામે આચરવામાં આવ્યો હતો.

૧૯૯૪ આ એક ગુન્હો તેના ખુદના અને તેની પ્રતિષ્ઠા વિરૂદ્ધનો છે, કટકો પેલા ભલા રસ્તે ચાલનાર માણસની નાડીઓ ઉપર ફટકારવામાં આવેલ છે.

૧૯૯૫ અલબત્ત ફહાની રીતે આપણે એકજ છીએ, હું નિયમાનુસાર આ નફાનુકશાનથી દુર છું.

૧૯૯૬ એક ગુનેહગાર નોકર વિરૂદ્ધ એક તહોમત બાદશાહની નામોશી નથી, તે (માત્ર) મનોનિગ્રહ વધારતું તેનું (નિમિત્ત) છે, અને (તેના રક્ષણ ઉપર) આધાર રાખતું (કારણ) છે.

૧૯૯૭ તેવીજ રીતે એક બાદશાહ કે જે તેને હારૂન જેટલો (પૈસાદાર) બનાવે છે, તો ગણત્રી કર, તે એક કે જે નિર્દોષ છે તેની સાથે કેવી વર્તણુંક કરશે ?

૧૯૯૮ બાદશાહ હરકોઈના કાર્યોથી અજ્ઞાન બનેલો છે તેમ નિહાળતો નહિ, તે માત્ર તેનો મનોનિગ્રહ છે કે તે (હલકા કાર્યને) પ્રકાશમાં લાવતાં અટકાવે છે.

૧૯૯૯ કે બેપરવાઈથી તેના જ્ઞાનની વચ્ચે પડે, કોણ પડે તેના મનોનિગ્રહ સિવાય (કોણ) કહો !

૨૦૦૦ શરૂમાં પાપ તેના મનોનિગ્રહમાંથી ઉત્પન્ન થાય છે, કોઈપણ પાપાચરણ આચરવાની હિંમત કરી શકે નહિ.

૨૦૦૧ ખૂની નફ્સે અમ્મારા (દુષ્ટ મન)ના ગુન્હા માટેના ખુનરેજીના બદલાની (ચુકવણી) તેના મનોનિગ્રહ ઉપર પડે છે. ખૂનરેજીનો બદલો આપવાની ફરજ ખૂનીના વંશ ઉપર છે.

૨૦૦૨ આપણું દુષ્ટ મન બેગાનું બન્યું અને પેલા મનોનિગ્રહે પોતાને સંયમ રહિત બનાવ્યું, એક છળ-પ્રપંચના કારણે સેતાન તેના ઉપર વિજયવંત બન્યો.

૨૦૦૩ સિવાય કે પ્યાલો પાનારે, મનોનિગ્રહ (નશાબાજ) મદિરા રેડી હતી તો હ. આદમ (અ. સ.) સાથે સેતાને કેમ કજીઓ કર્યો?

૨૦૦૪ જ્ઞાનના (અધિકારમાં) પોતાની હસ્તિના સમયે ફિરસ્તાઓના સંબંધમાં હ. આદમ કોણ હતા? (તે) જ્ઞાનનો શિક્ષક (હતા) અને પોતાના સિક્કાઓના ચોકસી હતા.

૨૦૦૫ તેમણે બહિશ્તમાં (ખુદાના) મનોનિગ્રહની મદિરા પીધા બાદ, તેઓ સેતાનની એકાદ છેતરપીંડીથી પીળા ચહેરાના બનાવાયા હતા.

૨૦૦૬ સમજણની માત્રાઓ, (એટલે કે), ચાહનારાથી (તેમને અપાએલા) શિખામણોએ તેમને પવિત્ર અને ડાહ્યા અને હુશિઆર બનાવ્યા હતા.

૨૦૦૭ (પણ ત્યારબાદ તેના મનોનિગ્રહનું શક્તિશાળી અકીણ તેની (હ. આદમ અ. સ.ની) માલ મિલકત ઉઠાવી જવા ચોર લાવ્યું.

૨૦૦૮ સમજણ તેના મનોનિગ્રહ પાસે પનાહ ગોતવા આવી, (કહીને) "તું મારો સાકી બન્યો હતો, મારો હાથ પકડ (મારી સહાય કર.)

બાદશાહે અયાઝને કહ્યું "માફી આપવી કે સજા ફટકારવી (તું)જ પસંદ કર, કારણકે ચાલુ બાબતમાં તે તમો ન્યાય કરો અથવા દયા બતાવે તે સરખી રીતે સાચું છે, અને દરેકમાં ફાયદાઓ છે. 'ઇન્સાફમાં એક હજાર દયાઓ છુપાએલી છે.' (ખુદાએ કહ્યું છે) " તમારા માટે વેરની વસુલાતમાં એક જીવન છે " તે કે જે વેરની વસુલાત બોધમય દેખે છે તે (માત્ર) એકાદ જીવનને નિરખે છે અને લાખો જીંદગીઓ કે જે સજાની બીકથી, એક કિલ્લામાં સહિસલામત અને રક્ષણ કરાએલી બનશે તેની ગણત્રી કરતા નથી."

૨૦૦૯ "એ અયાઝ, પ્રસ્તુત ગુનાહ કરનાર વ્યક્તિઓ ઉપર સજા ફટકાર, એ નિષ્ઠાનેક અયાઝ કે જે (પોતાને પાવિત્ર રાખવા) એક સ્વે સાવચેતીઓ રાખે છે.

૨૦૧૦ જોકે હું કાર્યમાં બસોહ વખત તારી ચકાસણી કરું છું હું તારા ઉકળવાના ક્રિણમાં કોઈપણ કાર્ય કરવાની ના શોધી શકતો નથી.

૨૦૧૧ અસંખ્ય લોકોનાં ટોળાં ચકાસણીમાં મુકાતાં શરમાયાં છે (પણ) તારા ઉપરની (થતી ચકાસણીઓ) પોતેજ શરમાણી છે.

૨૦૧૨ તે (તારૂં જ્ઞાન) એક અગાધ સમુદ્ર છે. તે એકલું (પેદા કરાએલું) જ્ઞાન નથી. તે (તારો મનોનિગ્રહ) એક પહાડ છે અને એક સો પહાડો, બરોબર તે (પેદા કરાએલ નિગ્રહ નથી.

૨૦૧૩ તેણે (અયાઝે) જવાબ આપ્યો, "હું જાણું છું કે આ આપની બક્ષિશ છે, નહિતર હું ફાટેલાં બુટ અને પેલી ચામડાની જાકેટ સિવાય કાંઈજ નથી."

૨૦૧૪ જ્યારે કે હ. પયગમ્બર સાહેબે આ (બાબતનો) ખુલાસો કર્યો છે (જ્યારે તેઓએ કહ્યું "જે કોઈ પોતાને ઓળખે છે તે ખુદાને ઓળખે છે."

૨૦૧૫ 'બી' (જેમાંથી તમે ગર્ભ ધારણ કર્યો હતો) તમારા જોડા છે અને તમારૂં લોહી ચામડાનું જાકીટ છે, બાકીનું (બધું)એ માલિક, તારી બક્ષિશ છે.

૨૦૧૬ તેણે તે મને આપી છે એટલા માટે તમો વધુ શોધો, એમ કહેતા નહિ કે 'તેની પાસે (આપવા) માત્ર આજ હિસ્સો છે"

૨૦૧૭ માળી સંબ્યાબંધ સફરજન વાવે છે, અંતે કે ખજુરીઓ અને ફળવાડીની પેદાશ જુઓ.

૨૦૧૮ તે (ઘઉંનો વેપારી) ખરીદનારને એકાદ મુઠી ઘઉંની આપે છે, એટલા માટે કે તે ઘંઉના કોઠારમાંના ઘંઉનો જથ્થો જાણે.

૨૦૧૯ એક શિક્ષક એક બહુ સારો મુદ્દો સમજાવે છે એટલો માટે કે તમો જાણી શકો કે તેનું જ્ઞાન (પેલી હદોથી) વધુ પડતું છે.

૨૦૨૦ અને જો તમો કહેશો, 'આટલું જ તેનું જ્ઞાન છે' તો તે તમને (પોતાની પાસેથી) લાકડીઓ અને તણખલાઓની માફક દુર ફંગાવી દેશે..

૨૦૨૧ ઓ અયાઝ, હવે આવ અને ઈન્સાફ તોળ, દુનિયામાં એક અસમાન્ય ઈન્સાફનો પાયો નાખ.

૨૦૨૨ પેલાઓ કે જેઓએ તારી વિરૂદ્ધ પાપ કર્યું છે, મારી નાખવાને લાયક છે, પણ (મૃત્યુમાંથી) છટકવાની આશામાં તારી માફી અને મનોનિગ્રહ ઉપર રાહ જુએ છે.

૨૦૨૩ દયા કોપ ઉપર સરસાઇ ભોગવે છે કે નહિ, તે જોવા રાહ જુઓ કોસરનું પાણી ચડીયાતું થશે કે (દોજખની) આગ? (એટલે કે) મનોનિગ્રહ અને ગુસ્સો, માણસોને ખુદા સુધી લઈ જવાના ઈરાદે હસ્તિમાં છે.

૨૦૨૫ આને લીધે વિલક્ષણ શબ્દ 'અલસ્ત' નકાર (ની એક બાબત) છે અને એક શબ્દમાં જોડેલું હકારાત્મક છે.

૨૦૨૬ કારણકે આ (અલસ્ત) હકારાત્મક સવાલ છે. પણ (તેમ હોવા છતાં) શબ્દ 'અલસ્ત'

૨૦૨૭ (પોતે પોતાને કહે છે! છોડી દે, આ વિવરણ ભલે અધુરૂં રહે, પસંદગી પામેલા માટેનો કટોરો હલકટના મેજ ઉપર મુકો નહિ.

૨૦૨૮ (તે) એક ગુસ્સો અને દયા, વાયુ લહરી અને મરકી માફક છે, પહેલો લોઢાનો સળીઓ ફટકારવા માફક અને પાછલી તણખલું ફટકારતા (કસ્તુરી) જેવું છે.

૨૦૨૯ સત્યતા સત્યપ્રિયને સત્યતા તરફ ખેંચે છે, ખોટા વર્ગની (ચીઝે) ખોટા (દુષ્ટને) ખેંચે છે.

૨૦૩૦ (જો) પેટ ચોખ્ખું હોય તો તે મિઠાઈ ઓને ખેંચે છે. (જો) પેટ પિત્તવાળું હોય તો તે પોતે સુરકો ખેંચે છે.

૨૦૩૧ એક બળતી (ગરમ) શેતરંજી તેના ઉપર બેસનારની ઠંડી લઈ લ્યે છે અને બીજી ગએલી (ઠંડી) શેતરંજી (તેની) ગરમી ખાઈ જાય છે.

૨૦૩૨ (જ્યારે) તમો એક દોસ્ત છો, ત્યારે તમારામાં દયા જાગી છે, (જ્યારે) તમો એક દુશ્મનને જુઓ છો, ત્યારે તમારામાં હિંસા જાગી છે.

૨૦૩૩ "ઓ અયાઝ, આ બાબતની જલ્દી બનાવટ કર, કારણકે અપેક્ષા એક જાતની પ્રતિહિંસા છે.

બાદશાહે અયાઝને ઉતાવળ કરવા ફરમાવ્યું કહે, "ઈન્સાફ આપ અને જલ્દીથી આ બાબતનો નિર્ણય લાવ અને તેમને રાહ જોતા રાખ નહિ." અથવા કહે, "આપણે થોડા દિવસો પછી મળશું, કારણકે અપેક્ષા રાતું મૃત્યુ છે, અને અયાઝનો બાદશાહને જવાબ આપવો."

૨૦૩૪ તેણે કહ્યું "ઓ બાદશાહ, હુકમની માલિકી સંપૂર્ણપણે ધરાવે છે, જ્યારે સુર્યની હસ્તિ છે ત્યારે ગ્રહ નહિવત બને છે.

૨૦૩૫ શુક્રગ્રહ અથવા બુધગ્રહ અથવા બરતો તારો તે વળી શું છે કે સુર્યની હજુરમાં આગળ આવે!

૨૦૩૬ જો મેં ઝબ્બો અને ચોટાંની ચામડી તરફ નજર કરવાનું બાકાત રાખ્યું હોત તો મેં નિંદા માટેનો પ્રસંગ આપ્યો ન હોત!"

૨૦૩૭ એ ખોટી કલ્પનાની આદતવાળા એકસો અદેખા પુરૂષો વચ્ચે ઓરડાના દરવાજા ઉપર એક તાળું વાસવાની કઈ જરૂરત હતી?

૨૦૩૮ તેઓમાંના દરેક નદીના પટમાં પોતાનો હાથ મુકી સુકું ઢેકું શોધે છે.

૨૦૩૯ તો પછી, નદીમાં સુકું ઢેકું કેમ હોય? એક મચ્છી સમુદ્રથી વચનભંગી કેમ બને?

૨૦૪૦ તેઓએ મારા પર ગરીબ બતાવવા દુષ્ટનો આરોપ મુક્યો કે જેના આગળ વફાદારી પોતેજ શરમાએલી છે.

૨૦૪૧ (મારી સમજણથી) વિરૂધાઈવાળા માણસથી ઉપજાવેલી તકલીફ હોત તો હું વફાદારી સંબંધી થોડા એક શબ્દો બોલ્યો હોત.

૨૦૪૨ (પણ) જ્યારે કે દુનિયા (લોકોનાં ટોળાં) શંકા અને તકલીફ લાવવાનું શોધે છે, ત્યારે આપણે તે વિષય ચર્ચીશું નહિ.

૨૦૪૩ જો તમો તમારી (પાર્થીવ) ખુદીને ભાંગશો, તો તમો એક સત્ય બનશો અને તમો રૂહાનીયત સંદેશાઓ મેળવશો.

૨૦૪૪ અખરોટોના અવાજો તેઓની (છીપોમાં) હોય છે, બરોબર, સત્વ અને તેલમાં કાંઈ પણ વાચા કયાં છે?

૨૦૪૫ જોકે (સત્વને) એક વાચા છે (પણ એક પેલી કે જે) (શરિરીક) કાનને બંધબેસતી નથી, તેની વાણી પરમ આનંદના કાજમાં સંતાએલી છે.

૨૦૪૬ જો સત્વની વાણીની મિઠાશ માટે તે ન હોત તો અખરોટની છાલનો કર્કશ અવાજ કોણ સાંભળશે?

૨૦૪૭ તમે (તેનો) માત્ર કર્કશ અવાજ સહન કરો છો એટલા માટે કે તમો શાંતિથી સત્વ સાથે સંપર્કમાં આવો.

૨૦૪૮ થોડીવાર માટે હોઠ અને કાન વગરનો બન, અને પછી, હોઠની માફક મધનો સાથી બન.

૨૦૪૯ કેટલો લાંબો વખત તમો કવીતા અને (ગુઢાર્થોનાં) વેણો ઉચ્ચારશો? ઓ ભલા ભાઈ અખતરો કર અને, એક દિવસ માટે મુંગા બન!

કહેવતી માન્યતામાં કહાણી, "અમોએ વાણીની કોશીષ કરી છે અને બધો વખત વાતો કરી છે, (હવે) થોડીવાર માટે આત્મસંયમ અને મૌનની કોશીષ કરીએ.

૨૦૫૦ કયાં સુધી તમો કડવી અને ખાટી (વસ્તુઓ) અને સફેદ 'ટાયરિસ્ક' (ના ફળ જેવું) રાંધશો! કારણકે આ એક વખત કોષીશ કરો અને મિઠાઇ પકાવો.

૨૦૫૧ પુનરૂત્થાન સમયે જાગૃત થતાં, ત્યાં, દુષ્ટ માણસના હાથોમાં તેના પાપોનું આમાલનામું મુકવામાં આવશે, (તે) કાળું (હશે).

૨૦૫૨ વિલાપના શબ્દોની માફક કાળાશથી અંકિત કરેલ, કાચા અને આમાલનામાનો હાંસિઓ તેના પાપોથી સંપૂર્ણપણે ભરેલો, મુકવામાં આવશે.

૨૦૫૩ (તે) સમસ્તપણે દુષ્ટતા ભરેલ અને એક છેડાથી બીજા છેડા સુધી પાપ નાસ્તિકતાથી ભરપુર, મુસ્લિમ હોઠળની રાજ્યસતાની બહાર.

૨૦૫૪ આવું એક બોરું અને નુકશાનકારક આમાલનામું જમણા હાથમાં આવતું નથી. તે ડાબા હાથમાં આવે છે.

૨૦૫૫ અહીં પણ (આ દુનિયામાં) તારૂં આમાલનામું નિહાળ, (અને ગણત્રી કર કે) તે જમણા હાથ કે ડાબા હાથને લાયક છે.

૨૦૫૬ બુટ બનાવનારની દુકાનમાં ડાબો જોડો પહેર્યા પહેલાં તમો જાણી શકો કે તે ડાબા પગનો જોડો છે?

૨૦૫૭ જ્યારે તમો 'જમણુ' નથી, જાણો કે તમો 'ડાબા' છો. સિંહની અને વાંદરાની બુમો (એક બીજાથી) ઝટ નજરમાં આવે તેવી હોય છે.

૨૦૫૮ તે (ખુદા) કે જે ગુલાબને ખુબસુરત અને મધુર સુવાસવાળું બનાવે છે, તેની દાન-શીલતા દરેક ડાબાને જમણું બનાવે છે.

૨૦૫૯ તે ડાબી બાજુ ધરાવવાવાળાને દરેક ઉપર જમણાપણું ઇનાયત કરે છે. તે (બારા) દરિયા ઉપર એક (મીઠું) વહેતું પાણી ઇનાયત કરે છે.

૨૦૬૦ જો તમો ડાબા છો, તો તે માલિક સાથેની (સંપૂર્ણ સુમેળમાં) જમણા બનો કે જેથી તમો તેની દયાઓ (તેના કોપ ઉપર) સરસાઇ કરતી જુઓ.

૨૦૬૧ તમો તેને મંજુર રાખી શકો તેમ ધારો છો કે આ (તમારા) દુષ્ટ આમાલનામું ડાબા હાથમાંથી પસાર થાય અને જમણામાં આવે?

૨૦૬૨ બરોબર આના જેવું આમાલનામું કે જે જુલમ અને અન્યાયથી ભરેલ છે તે જમણા હાથમાં મુકવા કેમ લાયક બને?

એક પુરૂષની હકીકત સમજાવવી કે જે નિવેદન આપે છે જ્યારે કે તેની વર્તણુંક નાસ્તિકોની માફક નિવેદન અને ધંધાથી એક નથી. (કે જેના માટે ખુદાએ કહ્યું છે) "અને જો તમો તેમને પૂછો કે આ જમીન અને આસમાન કોણે બનાવ્યાં તો તેઓ ચોક્કસ કહેશે કે "ખુદાએ" તો પછી એક પત્થરની પ્રતિમાને પુજવું અને જીવનની અને તેની બાતર દોલતની કુરબાની ! આત્મા કે જે જાણે છે કે જમીન આસમાનનો પેદા કરનાર અને બધા સજીવ જીવોનો પેદા કરનાર ખુદા સર્વ સાંભળનાર, સર્વ જોનાર, સર્વવ્યાપી, બધું નિરખતો, બધું પ્રભુત્વ ધરાવતો, અદેખો, વિગેરે માટે બંધબેસતું કેમ હોય?"

૨૦૬૩ અમુક ત્યાગીને એક ઘણી અદેખાઈ હતી. તેને વળી એક હુરાં જેવી ખુબસુરત નોકરડી પણ હતી.

૨૦૬૪ સ્ત્રી નોકરડીની અદેખાઈથી પોતાના ધણીની ચોકી કર્યા કરતી અને નોકરડી સાથે એકલાને રહેવા દેતી નહિ.

૨૦૬૫ લાંબા વખત સુધી સ્ત્રી તેઓ બન્નેની પ્રતીક્ષા કરતી રહી. રખેને તેઓ બન્નેને (સાથે) હોવાની તક ઉપસ્થિત થાય.

૨૦૬૬ ત્યાં સુધી કે વટહુકમ અને ખુદાનો પૂર્વ નિર્ધાર આવી પહોંચ્યો, (પછી) ચોકીદાર સમજણ ત્રાંસી અને નકામી બની.

૨૦૬૭ જ્યારે તેનો વટહુકમ અને પૂર્વનિર્ધાર એકાએક આવી પહોંચે છે ત્યારે સમજણ તે વળી શું છે ! ચંદ્રમાને (પણ) ઘરણ પકડી પાડે છે.

૨૦૬૮ સ્ત્રી સાર્વજનિક નાવણીએ હતી, એચિંતાના તેણીને નહાવાની કુંડી યાદ આવી (જે) ઘરે રહી ગઈ હતી.

૨૦૬૯ તેણીએ નોકરડીને કહ્યું, 'સાંભળ, એક પંખીની માફક જા અને આપણા ઘરમાંથી સોનેરી કુંડ લઈ આવ.

૨૦૭૦ આ સાંભળતાં જ નોકરડી સજીવ બની, કારણ કે (તેણી જાણતી હતી કે) અત્યારે તેના શેઠ સાથેનું મિલન મેળવી શકાશે.

૨૦૭૧ (જ્યારે કે) શેઠ ત્યારે ઘરે એકલો જ હતો. તેથી તેણી આનંદપૂર્વક ઘર તરફ દોડી.

૨૦૭૨ કારણ કે નોકરડી છ વર્ષોથી પોતાના શેઠને આમ એકલો શોધવાની ઇચ્છા કર્યા કરતી હતી.

૨૦૭૩ તેણી ઝડપથી દોડી અને ઘર તરફ ઉતાવળ કરી. તેણીને શેઠ ઘરે અને એકલો માલમ પડ્યો.

૨૦૭૪ બન્ને પ્રેમીઓને ઇચ્છાએ એટલા સખત બંધનમાં લીધા કે દરવાજાને આગળો વાસવાનો વિચાર કે દરકાર પણ રહી નહિ.

૨૦૭૫ બન્ને જણા જોસથી એક બીજાને વળગી પડ્યા, મુલાકાત વખતે એક જીવ બીજા જીવ સાથે એક થઈ ગયા.

૨૦૭૬ પછી સ્ત્રીને યાદ આવ્યું (અને પોતાના મનમાં) કહ્યું, 'શા માટે મેં તેણીને ઘરે પાછી મોકલી?"

૨૦૭૭ મેં મારા પોતાના હાથથી જ રૂને અગ્નિ ઉપર મુક્યું છે. મેં વાસનામય ઘેટાને ઘેટી આગળ મૂક્યું છે.'

૨૦૭૮ તેણીએ માટી (સાણ) પોતાના માથા ઉપરથી ઘોઈ નાખ્યો અને આતુરતાથી દોડી તેણી પેલી (નોકરડી)નો પીછો કરવા દોડી.

૨૦૭૯ આગલી (નોકરડી) પોતાના દિલમાં પ્રેમના કારણે દોડી અને પાછલી (સ્ત્રી) બીકના કારણે દોડી, કયાં પ્રેમ અને કયાં બીક? એક મોટો તફાવત છે.

૨૦૮૦ આત્મજ્ઞાનીનો વિકાસ દરેક પળે (દૈવી) બાદશાહના તખ્ત તરફ ઉંચે ચડવું છે, ત્યાગીનો વિકાસ દરેક મહીને એકાદ દિવસની મુસાફરી (માફક) છે.

૨૦૮૧ અલબત્ત, ત્યાગી માટે એક દિવસ બહુ મુલ્યવાન છે. (છતાં) તેનો એક દિવસ પચાસ હજાર (વર્ષો)ની બરાબર કેમ બને?

૨૦૮૨ રૂહાનીયત યોગ્યતાવાળા ઈન્સાનના જીવનમાં દરેક દિવસની લંબાઇ દુનિયાના પચાસ હજાર વર્ષ (જેવડી) છે.

૨૦૮૩ બુદ્ધિશાળીઓ આ ગુઢાર્થના દરવાજાથી બહાર કઢાયા છે, જો કલ્પનાનું દિલ ભાંગી પડે તો ભલે ભાંગે!

૨૦૮૪ પ્રેમની દૃષ્ટિમાં, બીક એક વાળ જેટલી (પણ કિમતી) નથી. પ્રેમના કાયદામાં બાકીની બધી ચીજો કુરબાનીની માફક આગળ ધરાય છે.

૨૦૮૫ પ્રેમ ખુદાઈ ગુણધર્મ છે. પણ ગભરાટ (ખુદાના) દાસનો ગુણધર્મ છે કે જે વાસના અને અકરાંતીયાપણાથી પિડાય છે.

૨૮૮૬ જ્યારે કે તમોએ કુરાનમાં વાંચ્યું છે, 'તેઓ તેને ચાહે છે' અમુક સવાલમાં આ શબ્દો જોડાએલા છે, 'તે તેમને ચાહે છે,'

૨૦૮૭ તો પછી, જાણે કે પ્રેમ (મોહબ્બત) અને વધારે પડતો પ્રેમ (ઈશ્ક) પણ ખુદાનો એક ગુણધર્મ છે, એ માનવંતા સાહેબ, ગભરાટ ખુદાઈ ગુણધર્મ નથી.

૨૦૮૮ ખુદાઈ ગુણધર્મો અને પેલી એક મુઠીભર માટી વચ્ચે શું સંબંધ હસ્તિમાં છે? તેના ગુણધર્મો કે જે સમયમાં ઉદ્ભવ્યા છે અને પેલા એક પવિત્ર અને એક (અનંત) વચ્ચે શું સંબંધ અસ્તિત્વમાં છે?

૨૦૮૯ જો હું પ્રેમને વર્ણવવાનું ચાલુ રાખું તો એક સો પુનરૂત્થાનો પસાર થઈ જશે અને તે (છતાં પણ મારું વર્ણન) અપૂર્ણ હશે.

૨૦૯૦ કારણ કે પુનરૂત્થાનના દિવસને હદ છે, પણ જ્યાં દૈવી ગુણધર્મોનો સંબંધ છે ત્યાં હદ કેમ હોઇ શકે?

૨૦૯૧ પ્રેમને પાંચસો પાંખો છે અને દરેક પાંખ પૃથ્વી નીચેથી ઉપર અવકાશના મધ્ય-બિંદુમાંથી આગળ વધે છે.

૨૦૯૨ ડરપોક ત્યાગી પગ ઉપર દોડે છે (ખુદાના) પ્રેમીઓ વિજળી અને પવન કરતાં વધુ ઝડપે ઉડે છે.

૨૦૯૩ પેલા બીકણ લોકો પ્રેમની ધુળને કેમ પહોંચે? કારણ કે પ્રેમનો આવેશ ઉંચા આસમાનોને પોતાની શેતરંજી બનાવે છે.

૨૦૯૪ સિવાય બનવા જોગ છે કે (દૈવી) 'નુર'ના સદ્ભાવો આવે અને કહે, 'દુનિયા અને આ રસ્તો રૂંધવામાંથી મુક્ત બનો.'

૨૦૯૫ તારા પોતાના કુશ અને હુશમાંથી નાશી છુટો, કારણ કે (માત્ર) બાદશાહી બાજને બાદશાહ તરફનો રસ્તો મળ્યો છે.

૨૦૯૬ આ કુશ અને હુશને જરૂરી અને મરજી મુજબ કરવાની સત્તા છે. પ્રિતમનો ધક્કો (કે જે તમને પોતાના તરફ ખેંચે છે) આ બન્નેથી ચડીયાતો છે.

૨૦૯૭ જ્યારે સ્ત્રી ઘરે આવી પહોંચી ત્યારે તેણીએ દરવાજો ઉઘાડ્યો, દરવાજાનો અવાજ તેઓના કાનો ઉપર પડ્યો.

૨૦૯૮ નોકરડી ભીતિયુક્ત આશ્ચર્ય અને અવ્યવસ્થિતતામાં કુદી પડી, માણસ કુદી પડ્યો અને પોતાની બંદગી કરવી શરૂ કરી.

૨૦૯૯ સ્ત્રીએ જોયું કે નોકરડી અસ્તવ્યસ્ત અને મુંઝાએલી અને ઉત્તેજિત અને બેભાન અને નિયંત્રણ વગરની હતી.

૨૧૦૦ તેણીએ પોતાના ધણીને ઉભો રહીને નિયમિત બંદગી ગુજારતો જોયો. સ્ત્રી પેલાં (બધા) ઉશ્કેરાટથી શંકાશીલ બની.

૨૧૦૧ તેણીએ તે વેળા ધણીનો હાથ પકડયો. બંદગી માટે તે હાથ ઉંચા કરી રહ્યો હતો.

૨૧૦૨ તે વેળા ગંદકી ટપકી રહી હતી, શરીર ગંદુ થઈ ગયું હતું.

૨૧૦૩ ઓરતે તેના માથા ઉપર ઝાપટ લગાવી અને કહ્યું, "નાપાક આદમી, નમાઝ પઢવા-વાળા આવી રીતે નમાઝ પઢે છે?'

૨૧૦૪ શું આ ઝિકર અને નમાઝ પઢવાની લાયકાત છે કે આ પલીદીથી તારી કાયા છંવાએલી છે?"

૨૧૦૫ પ્રમાણિકપણે વર્તો, (યોગ્ય રીતે જવાબ આપો) શું જમણા હાથમાં (મુકવા માટે) યોગ્ય આમાલનામુ (જે) અન્યાય અને દુષ્ટતા અને બેઈમાની અને દુશ્મનાઈથી ભરેલું છે?

૨૧૦૬ જો તમો એક નાસ્તિકને પૂછશો, "આ આસમાન અને આ સજીવ જીવો અને આ દુનિયા કોનાથી પેદા થઈ છે?"

૨૧૦૭ તે જવાબ આપશે કે "તેઓ માલિકથી પેદા થએલાં છે કે જેની માલિકીપણાની પેદા થએલ સાક્ષી પુરે છે."

૨૧૦૮ તેનો અવિશ્વાસ અને મોટી દુષ્ટતા અને ગુનાહિત કાર્યો, તેની આવી કબુલાતથી (યોગ્ય રીતે સંમત) છે ખરાં?

૨૧૦૯ પેલાં અયોગ્ય કાર્યો અને પેલી ગુનાહિત વર્તણુંકનો આવી એક સાચી કબુલાત સાથે મેળ મળે છે ખરો?

૨૧૧૦ તેના આમાલોએ તેના શબ્દોને જુઠલાવ્યા છે કે જેથી તે ભયંકર સજાને પાત્ર બન્યો છે.

૨૧૧૧ પુનરૂત્થાનના દિવસે દરેક સંતાએલ વસ્તુઓ પ્રગટ બતાવાશે. દરેક પાપી શરમજનક રીતે પોતાથી ખુલ્લો બનશે.

૨૧૧૨ તેના હાથો અને પગો સાખીતી આપશે અને જેની મદદ માગવામાં આવે છે તેની હજુરમાં પોતાની દુષ્ટતાઓ જાહેર કરશે.

૨૧૧૩ તેનો હાથ કહેશે, "મેં ફલાણું ફલાણું ચોર્યું છે," તેનો હોઠ કહેશે, મેં આવા આવા સવાલો કર્યા છે."

૨૧૧૪ તેનો પગ કહેશે, "હું ઈચ્છીત ચીજોનો આનંદ કરવા ગયો હું." તેની ઈન્દ્રિય કહેશે, "મેં અનાનો ગુનાહ કર્યો છે."

૨૧૧૫ તેની આંખ કહેશે, "મના કરેલી ચીજો ઉપર મેં વિલાસી નજરો ફેંકી છે," તેનો કાન કહેશે, "મેં હલકટ શબ્દો ભેગા કર્યા છે."

૨૧૧૬ તેથી તે પગથી માથા સુધી જુઠો છે, કારણ કે તેના પોતાના જ અવયવો તેને જુઠો સાબીત કરે છે.

૨૧૧૭ જેની કે (ત્યાગીથી બનાવેલી) પૂજનીય પ્રાર્થનાઓની બાબતમાં તેઓનો ઉત્તમ દેખાવ ખોટો હોવાનું સાબીત થયું હતું.

૨૧૧૮ તો પછી એવી સારી રીતે વર્તણુંક રાખ કે આમાલ પોતે જ, જીભ (ઉચ્ચાર્યા) વગર બોલવાના (પ્રભાવવાળી) બને. "હું ખાત્રી આપું છું" અને મૂળ જ ચોક્કસપણે જાહેરાત કરે.

૨૧૧૯ તેથી ઓ પુત્ર, તમારી સમસ્ત કાયા, અવયવે અવયવ કહે છે, "ભલા અને બુરા સંબંધની હું ખાત્રી આપું છું."

૨૧૨૦ પોતાના શેઠની પાછળ ગુલામનું ચાલવું એક ખાત્રી છે કે "હું સત્તાનો તાબેદાર અને આ માણસ મારો માલિક છે."

૨૧૨૧ જો તમોએ તમારૂં આમાલનામું કાળું કર્યું છે તો અગાઉ કરેલાં કૃત્યોનો પશ્ચાત્તાપ કરો.

૨૧૨૨ જો કે તમારૂં જીવન (લગભગ) પસાર થઈ ગયું છે, છતાં આ (ચાલુ) પળ તેનું મુળ છે, જો તેને બિનાશની ખામી છે તો પ્રશ્ચાત્તાપનું પાણી પા.

૨૧૨૩ તમારા જીવનના મુખને "હૈયાતનું પાણી" આપો એટલા માટે તમારા જીવનનું વૃક્ષ લીલું બને.

૨૧૨૪ આ (પાણી)થી ભુતકાળનાં (પાપો) ભલાઈમાં ફેરવાયાં છે. આ (પાણી)થી ગયા વરસનું ઝેર સાકર જેવું (મીઠું) બનાવાયું છે.

૨૧૨૫ ખુદાએ તારા હલકાં આમાલો ભલાઈમાં ફેરવ્યાં છે એટલા માટે કે પશ્ચાત્તાપ પહેલાં આચરેલાં કુકર્મો, સંપૂર્ણપણે દયાનાં કૃત્યો બને.

૨૧૨૬ ઓ શેઠ, નસુહના પેલા પશ્ચાત્તાપની માફક બહાદુરીપૂર્વક રસ્તો કર, કાયા અને આત્મા બન્નેથી આતુરતાપૂર્વક તનતોડ મહેનત કર.

૨૧૨૭ નસુહના આ પશ્ચાતાપનું વર્ણન મારી પાસેથી સાંભળ, (જો) કે તમે તેમાં અગાઉ કબુલાત કરી હોય (તેમ છતાં હવે) નવેસરથી કબુલ કરજો.

નસુહનો પશ્ચાત્તાપ વર્ણવતી કહાણી. ડીંટડીમાંથી જેમ દુધ બહાર પડે છે તે ડીંટડીમાં પાછું કદી જતું નથી, તેમ તે કે જેણે નસુહની માફક પશ્ચાતાપ કર્યો છે, ઇચ્છિત રસ્તે પાપનો કદી વિચાર કરશે નહિ. તેનો તિરસ્કાર ચાલુ રીતે વધશે નહિ અને તે તિરસ્કાર એક સાબિતી છે કે તેણે એક સાચા પશ્ચાતાપ કરનાર વ્યક્તિની માફક સ્વીકારાએલા બનવાની ખુશી અનુભવી છે અને કે આનંદ આપતી જુની વિષયવાસના નાશ પામી છે અને (આગલી) ખુશીએ પાછળની જગ્યામાં પોતાને સ્થાપિત કરી છે અને જેમ કે (કુરાનમાં કહેવાયું છે.)

"કોઈપણ વસ્તુ એક પ્રેમને બીજા પ્રેમ વગર ભાંગી શકતી નથી. શા માટે તમો તેના કરતાં વધુ ઉત્તમ દોસ્તને લેતા નથી?" અને જ્યારે તેનું પશ્ચાતાપ કરનાર વ્યક્તિનું) દિલ ફરીવાર પાપની ઇચ્છા કરે તો તે પાપ છે કે તેણે સ્વીકારાએલાનો આનંદ અનુભવ્યો નથી અને કે સ્વીકારના આનંદ પાપના આનંદનું સ્થાન લીધું નથી અને તે (હજી) સાચા ઈમાનદારો (કે જેના માટે ખુદાએ કહ્યું છે), બન્યો નથી. "અમો તેને માટે બહિશ્તમાં દાખલ થવાનું સહેલું બનાવશું." પછી એક (પાપમય) ખુશી, (કુરાનમાં વર્ણવાએલી), "અમો તેને દોજખમાં દાખલ થવાનું સહેલું બનાવશું" તેનામાં હજુ સુધી બાકી રહેલ છે.

૨૧૨૮ અગાઉના વખતમાં નસુહ નામનો એક માણસ હતો, તે સ્ત્રીઓને મસાજ કરીને પોતાનું ગુજરાન કરતો હતો.

૨૧૨૯ તેનો ચહેરો એક ઓરતના ચહેરાને મળતો હતો. તેણે પોતાના પુરૂષત્વપણાનો વેશપલટો કર્યો હતો.

૨૧૩૦ તે સ્ત્રીઓના સ્નાનાગારમાં મસાજ કરનાર હતો. અને છળકપટ અને ઢોંગની (યુક્તિ યોજવામાં) ઘણો શુરો હતો.

૨૧૩૧ ઘણા વર્ષો સુધી તે મસાજનું કાર્ય કરતો રહ્યો, અને તેની બરી પ્રકૃતિની અને (પેલી નોકરી કરવામાંના) તેના શોખ વિષે કોઈને શંકા આવી નહિ.

૨૧૩૨ (તેમ હતું) કારણ (કે) તેનો અવાજ અને ચહેરો એક ઓરત જેવો હતો, (છતાં) તેની વિષયવાસના પુરી શક્તિએ અને ખૂબજ સતેજ હતી.

૨૧૩૩ તે 'ચાદર' અને જાળી અને બુરખો પહેરતો (પણ તે) ભરયુવાનીમાં એક વાસનાભરેલો આદમી હતો.

૨૧૩૪ આવી રીતથી તે મોહિત માનવી મસાજ કરતો અને બાદશાહોની શાહજાદીઓને નવરાવતો હતો.

૨૧૩૫ (અને જો કે) તે વારંવાર પશ્ચાતાપ કરવાનો નિર્ણય કરતો અને તે ફરી પાછો પાછાં પગલાં ભરતો હતો. ગુનેહગાર દુષ્ટ મન હમેશાં તેના પશ્ચાતાપના ટુકડાઓ કરી નાખતું.

૨૧૩૬ પેલો દુષ્કાર (નસુહ) એક આત્મજ્ઞાની પાસે ગયો અને કહ્યું, "મારી વતી ખુદા પાસે આજીજી કરો."

૨૧૩૭ રૂહાની રાહબર તેની આનગી હકીકત જાણતા હતા (પણ) ખુદાના અનોનિગ્રહ મારફત વર્તતાં, તેમણે તે ખુલ્લું કર્યું નહિ.

૨૧૩૮ (કારણ કે) તેમના (આત્મજ્ઞાનીના) હોઠો ઉપર એક તાળું છે, જ્યારે તેમનું દિલ શુદ્ધાર્થોથી ભરેલું છે, તેમના હોઠો ચુપ છે જોકે તેમનું દિલ અવાજોથી ભરપુર ભરેલું છે.

૨૧૩૯ આત્મજ્ઞાનીઓ, કે જેઓએ ખુદાના પ્યાલામાંથી પીધું છે, ગુહ્યાર્થો જાણ્યાં છે અને તેમને ગુપ્ત રાખ્યાં છે.

૨૧૪૦ હરકોઈ કે જેને (દૈવી) કાર્યના ગુહ્યાર્થો શીખવવામાં આવેલ છે, તેના હોઠો મહોર મારેલા અને બંધ છે.

૨૧૪૧ તે (રૂહાની રાહબરે) સ્મિત કર્યું અને (મનમાં) કહ્યું, "ઓ હલકટ કાર્યના કરનાર, જે તું કરે છે તેના માટે ખુદા તને પશ્ચાતાપ કરતો બનાવે."

સમજાવવું કે આત્મજ્ઞાની કે જે ખુદામાં મળી ગયો છે તેની દુઆ અને ખુદા તરફની તેની અરજ ખુદાની પોતાની અરજ માફક છે, કારણ કે "હું તેના માટે એક કાન અને એક આંખ અને એક જીભ અને એક હાથ છું." ખુદાએ કહ્યું છે, "અને જ્યારે તેં ફેંકી ત્યારે તે તેં ફેંકી ન હતી. પણ ખુદાએ ફેંકી હતી." અને (કુરાનમાં) અને હદીસમાં અને નિવેદનોમાં આ વિષય ઉપર કહેણો છે, અને (જે અનુસરાઈ છે), તે રસ્તાનું વર્ણન કે જેમાં ખુદા કારણોમાં હિકમત વાપરે છે એટલા માટે કે પાપીનો કાન પકડવામાં, તેઓ તેને નમુહના પશ્ચાતાપ તરફ દોરવે.

૨૧૪૨ પેલી દુઆ સાતમા આસમાને પહોંચી, દયાપાત્ર કંગાળ (નમુહ)નું કિસ્મત આખરે ઉત્તમ બન્યું.

૨૧૪૩ કારણ કે (એક રૂહાની રાહબરની) દુઆ એ દરેક પ્રાર્થના જેવી નથી. તે 'ફાની' છે અને તેના શબ્દો ખુદાના શબ્દો છે.

૨૧૪૪ જ્યારે ખુદા માગે છે અને પોતા પાસે માગે છે. તો પછી કેવી રીતે તે પોતાના ખુદની પ્રાર્થના કબુલ કરવાનો ઈન્કાર કરે ?

૨૧૪૫ સર્વશક્તિમાનનાં કાર્યે એક સાધન ઉત્પન્ન કર્યું, જેણે તેને (નમુહને) બદદુઆ અને શાપમાંથી મુક્ત કર્યો.

૨૧૪૬ (જ્યારે કે) તે સ્નાનાગારમાં એક હોજ ભરતો હતો, બાદશાહની શાહજાદીનું એક ઝવેરાત ગુમાવાયું હતું.

૨૧૪૭ તેણીની કાનની વાળીઓમાંથી એક હીરો ખોવાયો હતો અને (સ્નાનાગારમાં) દરેક સ્ત્રી તેની શોધમાં લાગી ગઈ હતી.

૨૧૪૮ પછી તેઓએ સ્નાનાગારનો દરવાજો બંધ કર્યો (અને) આગળીયા વાસ્યા, એટલા માટે કે તેઓ શરૂમાં ફરનીચરમાં પેલું જવાહીર ગોતે.

૨૧૪૯ તેઓએ આ (બધા) વસ્તુઓ તપાસી, પણ તે શોધી શકાયું નહિ. અને કોઈ માણસ ન હતો કે જેની પાસેથી ચોરેલું જવાહીર મળી આવે.

૨૧૫૦ પછી તેઓએ પોતાની સર્વ શક્તિ સાથે (નાહનારાઓના) મોઢા અને કાનોમાં અને દરેક ચીરાડમાં સતત શોધ કરવી શરૂ કરી.

૨૧૫૧ તેઓએ ઉપર અને નીચે અને દરેક ચીરાડમાં તપાસ કરી. અને તેઓએ દરેક જગ્યાએ પેલી ખુબસુરત છીપની માલીકીનું મોતી શોધ્યું.

૨૧૫૨ જાહેરાત કરવામાં આવી, તમો ગમે તે હો, જુવાન કે બુઢા, બધાં પોતપોતાનાં કપડાં ઉતારો.

૨૧૫૩ 'હાજીમ' (ઉપરી બાઈએ) એક પછી એક તેમની તપાસ કરવી શરૂ કરી, (એવી આશામાં કે) અદ્‌ભુત મોતી શોધાએલું બને.

૨૧૫૪ નસુહ બીકથી (વિપત્તિગ્રસ્ત), બાનગી જગ્યામાં ગયો, તેનો ચહેરો પીળો (ફિક્કો) પડેલો એક (મોટી) ભયંકરતામાં (સપડાવાના કારણે) હોઠ કાળા પડી ગએલા.

૨૧૫૫ તેણે મૃત્યુને પોતાની દ્રષ્ટિ સમક્ષ જોયું. તે (પોતાને સંતાડવા) પાંદડાંની માફક ધ્રુજતો ધ્રુજતો ગયો.

૨૧૫૬ તે બુમ પાડી ઉઠયો, ઓ માલિક, (હલકટ કાર્યોમાંથી) ઘણીએક વખત ફરી ગયો છું અને (પછી) પશ્ચાતાપના મારા કસમો અને મારાં વચનો મેં તોડયાં છે.

૨૧૫૭ મેં ખોટાં કાર્યો કર્યા છે કે જે મારે કરવા યોગ્ય ન હતાં, કે જેથી એક મહાદુઃખનો કાળો પ્રલય આવી પહોંચ્યો છે.

૨૧૫૮ જો તપાસ કરવાનો મારો વારો આવશે તો અરે, કેવી ઘાતકી મુશ્કિલીઓ મારો આત્મા સહન કરશે ?

૨૧૫૯ એક સો અગ્નિના તણખાઓ મારા કાળજા ઉપર પડયા છે, મારા બળતા દિલની વાસ મારી નસોમાંથી નિરખો.

૨૧૬૦ આના જેવું દુધ નાસ્તિકના (ભાગે પણ) ન આવો, હું (તારી) દયાનું પહેરણ પકડું છું, મદદ કરો, મદદ કરો.

૨૧૬૧ જો મારી માએ મને ન જણ્યો હોત તો કેવું સારૂં ! અગર કે મને એક સિંહ ચરાણમાં હજમ કરી ગયો હોત તો (કેવું સારું) થાત !

૨૧૬૨ ઓ બુઢા, તું તે કર કે જે તારાથી થઈ શકે તેવી લાયકાતવાળું (હોય), કારણ કે દરેક કાણામાંથી એક સરપ મને કરડે છે.

૨૧૬૩ મને એક પત્થરનો આત્મા હતો, અને મારૂં દિલ લોઢું હતું, નહિતર તેઓએ આ દિલગીરી અને આક્રંદને લોહીમાં ફેરવી નાખ્યું હોત !

૨૧૬૪ વખત દબાવે છે અને મારી પાસે એક જ પળ બાકી છે, માયાળુપણે વર્તજે, મારી મદદે આવી પહોંચ.

૨૧૬૫ જો તું આ વખતે મારૂં પાપ સંતાડીશ, તો (હવે પછી) જે કરવું જોઇતું ન હતું તે દરેકનો હું પશ્ચાતાપ કરીશ.

૨૧૬૬ એક વધુ વાર મારો પશ્ચાતાપ કબુલ કર કારણ કે હું મારા પોતાને પશ્ચાતાપના એક સો પટાઓથી તંગ કરું.

૨૧૬૭ ન ઓ ધબતે મારું વચન પાળવામાં કોઇ ભુલ કરું તો પછી મારી પ્રાર્થના અને આજીજીના શબ્દો ફરીવાર સાંભળતો નહિ.

૨૧૬૮ આમ તે રૂદન કરતો હતો જ્યારે (તેની આંખમાંથી) આંસુઓની ધાર વહેતી હતી, તે ઘૂમ પાડી કહે, "હું ફાંસીગરા અને સિપાઇઓના હાથમાં સપડાયો છું."

૨૧૬૯ કોઈ પ્રમાણિક આવા મોતે ન મરે, આવું આક્રંદ કરવાનું કોઈ સંસારી ઉપર ન પડો.

૨૧૭૦ તે પોતાના આત્મા ઉપર આક્રંદની આહો ઉચ્ચારતો હતો, (કારણ કે) તેણે અઝરાઈલનો ચહેરો ખૂબ જ નજદીક જોયો.

૨૧૭૧ તે એટલી બધી વાર, "ઓ ખુદા, ઓ ખુદા," બોલ્યો કે દરવાજો અને દિવાલ (તેના શબ્દોનો) પડઘો પાડવામાં જોડાયા.

૨૧૭૨ ઓ માલિક, ઓ માલિક, કહેવામાં ખૂબ જ ઉંડો ઉતર્યો (જ્યારે ઓચિંતાના) શોધવાના કાર્યમાં લાગેલા લોકો વચ્ચેથી ઘુમ પડી.

નસુહ માટેનો નિરીક્ષણ કરવાનો વારો આવ્યો, અને એક ઘુમ પડી, અમોએ તેઓ બધાનું નિરીક્ષણ કર્યું છે (હવે) નસુહનું નિરીક્ષણ કરો. અને અતિશય ધાસ્તીમાં નસુહ બેભાન બન્યો, આત્માના અત્યંત દુઃખાણ બાદ તેના માટે મુક્તિનો માર્ગ ખોલવામાં આવ્યો. જેમ ખુદાના પયગમ્બર (ર.સ.અ.) જ્યારે જ્યારે બિમારી અથવા ઉત્કંઠા તેમનો કબજો લેતી, ત્યારે કહ્યા કરતા, "ઓ સંતાપ, સુખત બનો, પછી તું પસાર થઈ જઇશ."

૨૧૭૩ "ઓ નસુહ, અમોએ તેઓ બધાનું નિરીક્ષણ કર્યું છે, આગળ આવો," ત્યારબાદ તેણે પોતાનું ભાન ગુમાવ્યું, તેના આત્માએ ચાંપો મેળવી.

૨૧૭૪ તે એક ભાંગેલી દિવાલની માફક પડયો, તેનું મન અને સમજણ ચાલી ગઈ, તે એક નિર્જીવ પદાર્થ માફક બન્યો.

૨૧૭૫ જ્યારે તેની સૂધબૂધ તેની કાયામાંથી ઢીલ વગર ચાલી ગઈ ત્યારે તે પળે તેનો આંતરિક આત્મા ખુદાથી એકતાવાળો બન્યો.

૨૧૭૬ જ્યારે તે (ખુદી) થી ખાલી થયો, અને તેનું (ખુદીપણું) ન રહ્યું ત્યારે ખુદાએ બાજ, તેના આત્માને પોતાની હજુરમાં બોલાવ્યો.

૨૧૭૭ જ્યારે તેના વહાણનો ધ્વંશ થયો હતો, કાંઇ આશા બાકી ન રહી, ત્યારે તેને (દૈવી) દયાના કિનારે ફેંકી દેવાયો.

૨૧૭૮ તેનો આત્મા ખુદા સાથે એકયતા પામ્યો, તે પળે કે જ્યારે તેણે સૂધબૂધ ગુમાવી દયાનાં મોજાં ઉછળવા શરૂ થયા.

૨૧૭૯ જ્યારે તેનો આત્મા આ કાયાની નામોશીમાંથી મુક્ત બન્યો ત્યારે તે પોતાની અસલીયાત તરફ આક્રંદ કરતો ગયો.

૨૧૮૦ આત્મા એક બાજ માફક છે, અને કાયા તેની બેડી છે (ને) પગ બાંધેલા અને પાંખ કુટેલા પ્રાણી માફક છે.

૨૧૮૧ (પણ) જ્યારે તેની પોતાની સુધબૂધ ચાલી ગઈ છે અને તેના પગો છુટા થયા છે ત્યારે પેલું બાજ બાદશાહ તરફ ઉડે છે.

૨૧૮૨ જ્યારે દયાનો દરિઓ લહેરાવો શરૂ થયો ત્યારે પથરાઓ પણ જીવનનું જળ પીએ છે.

૨૧૮૩ અશક્ત રજકણ મોટું અને શક્તિશાળી બને છે, જમીનનો પટ રેશમ અને સોનેરી કપડા (જેવો) બને છે.

૨૧૮૪ તે કે જે એક સો વર્ષથી મરેલો બન્યો હતો તે કબરમાંથી બહાર પડે છે, શ્રાપિત ઇબલીસ તેની ખુબસુરતીના કારણે હુરાંઓની અદેખાઇની વસ્તુ બને છે.

૨૧૮૫ આ પૃથ્વીનો સમસ્ત પટ હરીયાળો બને છે, સુકાં લાકડાનાં ઠુંઠા વિકાસ પામતાં બને છે.

૨૧૮૬ વરૂ ઘેટાંના પ્યાલાનો સાથી બને છે, આશા સહિત બડતલ અને હિંમતવાન બને છે.

ઝવાહીરનું માલમ પડવું અને શાહજાદીની દાસી અને નોકરડીઓનું નસુહ પાસે દરગુજર કરવા વિનંતી કરવી.

૨૧૮૭ આત્માનો નાશ કરતી બીક પછી સારા સમાચાર આવ્યા, "(ખોવાએલું) મણી અહીં છે."

૨૧૮૮ ઓચિંતાની એક ધુમ પડી, ભય પસાર થઈ ગયો. એક માત્ર મોતી કે જે ગુમાવાયું હતું (તે) માલમ પડ્યું છે."

૨૧૮૯ તે મળ્યું છે, અને અમો આનંદી બન્યા છીએ. અમોને બદલો આપો કારણ કે અમોએ મોતી ગોત્યું છે.

૨૧૯૦ સ્નાનાગાર કોલાહલ અને અવાજો અને દિલગીરી અદૃષ્ય થવાના કારણે તાલીઓ પાડનારાથી ભરાઇ ગયો હતો.

૨૧૯૧ નસુહ કે જે બેભાન થયો હતો ફરીવાર ભાનમાં આવ્યો, તેની આંખે એક સો પ્રકાશિત દિવસોની ભવ્યતા નજર સમક્ષ નિહાળી.

૨૧૯૨ દરેક જણ તેની પાસે પોતાના દોષમાંથી મુક્ત કરવાની આજીજી કરતા હતા. અને તેના હાથ ઉપર કેટલાંએ ચુંબનો કરતા હતા.

૨૧૯૩ (તેઓએ કહ્યું) "અમોને (તારા માટે) ખોટા વિચારો હતા, અને તેમાંથી મુક્ત કરવા (તને આજીજી કરીએ છીએ) અમો અમારી વાતોથી તારૂં ખુન પીતા હતા.

૨૧૯૪ કારણકે તેના વિરૂદ્ધ બધી (સ્ત્રીઓની) શંકા તે કારણથી વધી ગઇ હતી કે (બાકીની બીજી બધીઓ) કરતાં (શાહજાદી સાથે) તે ઉંચી પસંદગીમાં હતો.

૨૧૯૫ નસુહ તેણીનો ખાનગી મસાજ કરનાર અને વિશ્વાસુ હતો. નહિ, બલકે તેઓ એક આત્મા માફક બન્યા હતા.

૨૧૯૬ (આથી સ્ત્રીઓએ કહ્યું હતું) જે (કોઇએ) પણ મોતી લઇ લીધું હોય તો તેણે જ લીધું હોવું જોઇએ, તેનાથી વધુ નજીક બાઇ સાહેબ પાસે કોઈ ગયું જ ન હતું.

૨૧૯૭ શરૂઆતમાં તેણીએ તેને દબાણપુર્વક શોધવાની ભલામણ કરી (પણ) તેની કીર્તિના માનની ખાતર તેણીએ શરૂમાં ઢીલ કરી, હતી.

૨૧૯૮ એવી આશામાં કે તે પેલું (મોતી) કોઇ જગ્યાએ ફેંકી દે અને (આમ) વિરામ દરમ્યાન પોતાને બચાવે.

૨૧૯૯ તેણી આ પાપવિમોચન અર્પવા આજીજી કરતી હતી અને પોતાને માફી આપવા ઉંચી નીચી થતી હતી.

૨૨૦૦ તેણે જવાબ આપ્યો, શું તે ખુદાની દયા હતી કે જે ઇન્સાફ કરે છે, નહિતર જે પણ કાંઇ કહેવાયું તેનાથી હું વધુ ખરાબ છું.

૨૨૦૧ શા માટે મારી પાસે પાપોનું વિમોચન માગવામાં આવ્યું? કારણકે દુનિયામાં (બધા) લોકોમાં હું સૌથી વધારે પાપથી ભરેલો છું.

૨૨૦૨ તેઓ મારા વિષે જે ખરાબ બોલ્યા તે તો (મેં કરેલા દુષ્કૃત્યોનો) માત્ર એક સૌમો ભાગ છે, આ ખુલ્લી રીતે મારાથી જાણીતું છે. જો કોઇને કાંઇપણ શંકા હોઇ.

૨૨૦૩ હરકોઈ મારા વિષે થોડી વિગત સિવાય (વધુ) શું જાણતો હોય, મારા હજાર પાપો અને દુષ્ટ કાર્યોમાંથી (એકાદ માત્ર)

૨૨૦૪ હું જાણું છુ અને તે કે જે મારા પાપો ઉપર એક પડદો ઢાંકે છે તે મારી વર્તણુકનાં મારાં પાપો જાણે છે.

૨૨૦૫ શરૂઆતમાં મારો શિક્ષક એક ઇબલીસ હતો, ત્યારબાદ મારી સરખામણીમાં ઇબલીસ માત્ર એક પવન હતો.

૨૨૦૬ ખુદાએ પેલી બધી દુષ્ટતા જોઇ, (પણ) તે જાણે તેણે જોઈ નથી તેમ કર્યુ, રખેને તેના સ્ફોટમાં હું ખુલ્લી રીતે નામોશી ભરેલો બનું.

૨૨૦૭ વધુમાં, દૈવી દયાએ મારી પવિત્રતાનો ફાટેલો કોટ સાંધ્યો અને મારા ઉપર જીવન જેવો સ્વાદિષ્ટ પશ્ચાતાપ ઇનાયત કર્યો.

૨૨૦૮ જે જે (દુષ્ટ કૃત્યો) મેં કર્યા હતાં, તે આચરેલાં ન હતાં તેવું તેણે કર્યું અને આજ્ઞાંકિતપણાનાં ન કરેલાં કર્તવ્યો બજાવાયાં હતાં તેમ તેણે કર્યું.

૨૧૦૯ તેણે મને સરૂનું ઝાડ અને કમળ જેવો પવિત્ર બનાવ્યો, તેણે દોલત અને પરમ સુખી જેવા દિલનો ખુશી બનાવ્યો.

૨૨૧૦ તેણે ઇમાનદારોના દફ્તરમાં મારું નામ અંકિત કર્યું. હું દોજખનો નિર્માણ થએલો હતો, તેણે મને બહિશ્ત આપી.

૨૨૧૧ (જ્યારે) મેં 'અફસોસ'ની બુમ પડી, મારો 'અફસોસ' એક દોરડું બન્યો અને દોરડાને મારા કુવામાં ઉતારવામાં આવ્યું.

૨૨૧૨ મેં તે દોરડું પકડયું, અને બહાર ચડયો, હું આનંદી અને મજબુત અને ખડતલ અને ગુલાબી બન્યો.

૨૨૧૩ (અગાઉ) હું કુવાના તળીએ દુઃખમાં પડયો હતો, અત્યારે હું આખી દુનિયામાં પણ સમાતો નથી.

૨૨૧૪ ઓ ખુદા સર્વ વખાણ તારાં છે, તેં ઓચિંતાના મને દિલગીરીથી દુર ફગાવ્યો છે.

૨૨૧૫ જો મારા વાળનો દરેક છેડો એક જીભ (બોલવાની શક્તિ) મેળવે (છતાં) પણ તારો આભાર નિર્દિષ્ટ કરવો અશકય છે.

૨૨૧૬ આ બગીચાઓ અને ઝરાઓ વચ્ચે મારા લોકોને બુમ પાડી કહું છું "અરે, મારા લોકોએ આ જાણ્યું હોત તો."

ફરીવાર તેણીને મસાજ કરવા શાહજાદીનું નસુહને આમંત્રણ આપવું. જ્યારે પશ્ચાતાપે મજબુત પકડ મેળવી ત્યારે (ખુદાએ) સ્વીકારી. ત્યારબાદ, તેણે માફી ચાહી અને નિયમ અનુસાર વર્તવાની ના પાડી,

૨૨૧૭ ત્યારબાદ કોઈ (નસુહ) પાસે આવ્યું, કહે, "આપણા શહેનશાહની શાહજાદી કૃપાની રાહે તમને આમંત્રે છે.

૨૨૧૮ બાદશાહની પુત્રી તમને આમંત્રણ આપે છે, ઓ ભાવિક, અત્યારે ચાલો અને તેણીનું માથું ધુઓ."

૨૨૧૯ પોતાને મસાજ કરી માટીથી નવરાવવા તમારા સિવાય બીજા કોઈ મસાજ કરનારને તેણીનું દિલ ચાહતું નથી.

૨૨૨૦ તેણે જવાબ આપ્યો, "ચાલી જા, મારો હાથ કાર્યવત નથી અને (તારો) દોસ્ત નસુહ અત્યારે બીમાર પડયો છે.

૨૨૨૧ જાઓ, ઉતાવળથી અને ઝડપથી બીજા કોઈ માટે તપાસ કરો, કારણ કે ખુદાના કસમ, મારો હાથ ખોટો થઈ ગયો છે."

૨૨૨૨ (પછી) તેણે પોતાના દિલમાં કહ્યું, "મારૂં પાપ (બધી) હદ વટાવી ગયું, મારા મનમાંથી પેલી ભયંકરતા અને દુઃખ (કદીપણ) કેમ વિસરાશે?

૨૨૨૩ હું (ખુદામાં) એકવાર અને (કાયમ માટે) મર્યો, અને (પછી) હું (રૂહાનીયત) જીંદગીમાં પાછો આવ્યો, મેં મૃત્યુ અને નહિવતપણાની કડવાશ ચાખી છે.

૨૨૨૪ હું ખુદા તરફ ખરા પશ્ચાતાપથી પાછો ફર્યો છું. મારો આત્મા કાયાથી છુટો પડે ત્યાં સુધી હું મારા કસમ તોડીશ નહિ."

૨૨૨૫ આવા એક સંતાન પછી, કોનો પગ બીજી વખત ભય તરફ ઉપડે? સિવાય કે તે એક ગધેડાનો પગ હોય?

સાબિત કરતી કહાણી (જ્યારે) એક માણસ પશ્ચાતાપ કરે છે અને પરિતાપ અનુભવે છે અને પછી પોતાની પરિતાપની લાગણી ભુલી

જાય છે અને (અગાઉ) જે આચરેલું તે ફરીવાર આચરે છે ત્યારે તે અનંતકાળના દુખમાં પડે છે, સિવાય તેનો પશ્ચાતાપ એક અડગ દૃઢતા અને હિંમત અને એક (મોટી) મિઠાશથી અને (આંતરિક અનુભવથી) સ્વીકારાએલથી વધુ બળવત્તર ન બની હોય, અને તે, તે જગ્યાએ દરરોજ વધુ સુકાતાં સુળીયા વગરના ઝાડ જેવો છે.

૨૨૨૬ (એક વાર) એક ધોબી હતો, કે જેની પાસે પીઠ પર ભારું પડેલ ખાલી પેટવાળો અને નબળો એક ગધેડો હતો.

૨૨૨૭ (તે તેને) પત્થરા છવાએલી જમીન ઉપર રાખતો કે જ્યાં જરા પણ ઘાસ ઉગતું નહિ, સવારથી રાત્રી સુધી તે અનાજ કે આશરા વગરનો રખડતો.

૨૨૨૮ પાણી સિવાય, તેના ખાવાપીવા માટે કંઈજ ન હતું. ગધેડો રાતદિવસ આવી દયાજનક હાલતમાં હતો.

૨૨૨૯ બાજુમાંજ એક ઝરૂનો તટ અને જંગલ હતું કે જ્યાં એક સિંહ રહેતો કે જેનો કામધંધો શિકાર હતો.

૨૨૩૦ સિંહ અને એક ઝનુની હાથી વચ્ચે એક લડાઇ થઇ, સિંહ ઘાયલ થયો અને શિકારે જવામાં અશકત બન્યો.

૨૨૩૧ તેની નબળાઇના કારણે કેટલોક વખત સુધી શિકાર કરવા અશકત બન્યો હતો અને (વધુ નાનાં) જંગલી જનાવરો તેઓના સવારના ખાણાથી વંચિત બન્યાં હતાં.

૨૨૩૨ કારણ કે તેઓ સિંહે બાકી રાખેલું ખાતા જ્યારે સિંહ બિમાર પડયો ત્યારે તેઓ તકલીફમાં આવી પડયા.

૨૨૩૩ સિંહે એક શિયાળને હુકમ કર્યો, કહે, જા અને મારા માટે એક ગધેડો શોધ.

૨૨૩૪ જો તને એક ગધેડો ચરાણની આજુબાજુ મળે તો જા, તેના ઉપર મંત્રો છાંટ, તેને છેતરીને (અહીં) લઈ આવ.

૨૨૩૫ જેવો હું ગધેડાનું માંસ ખાઈને શક્તિ મેળવીશ કે પછી તુર્તજ હું એક બીજો શિકાર પકડીશ.

૨૨૩૬ હું તો (માત્ર) બહુ થોડું જ ખાઈશ, (બાકીનું બધું) તમારું જ હશે. તમોને ખોરાક પુરો પાડવાની બાબતમાં હું જ એક નિમિત્ત છું.

૨૨૩૭ મારા માટે પ્રયત્ન કરીને એક ગધેડો કે બળદ પ્રાપ્ત કરો (તેમને) થોડા મોહિત શબ્દો છાંટો જે શબ્દો કેમ વાપરવા તે તમો જાણો છો.

૨૨૩૮ ખુશામત અને સારા શબ્દોથી તેની સમજણોથી તેને વંચિત બનાવો અને અહીં ખેંચી આવો."

'કુત્બ'ની બોધ કહાણી, કે જે ખુદા સાથે જોડાએલો આત્મજ્ઞાની છે, લોકો તરફ નિર્માણ થયાની બાબતમાં વટહુકમ અને કાયદાસરમાં દયા

અને માફીની તેમની માપમંધીની ખુદા તેને પ્રેરણા આપે છે. અને સિંહ સાથે તેમની સરખામણી કરવી, કારણ કે (વધુ નાનાં) જંગલી જનાવરો સિંહની ખોરાકીમાંથી ભાગ મેળવી લે છે અને તેના નજદીકીપણા અંગે તેનું બાકી રાખેલું ખાય છે, જગ્યાની નજદીકી નહિ પણ ગુણમાં નજદીકીપણું, આ (વિષયના) મુદ્દાઓ સમજાવતાં બહુ વખત લાગી જાય, અને ખુદા જ (સૌથી ઉત્તમ) રાહનુમા છે.

૨૨૩૯ 'કુત્બ' સિંહની માફક છે, અને શિકાર કરવો તેનું કામ છે, બાકીના (બધા) (એટલે કે) (દુનિયાના) આ લોકો, તેનું બાકી રાખેલું ખાય છે.

૨૨૪૦ જેટલું પણ તમારાથી બને શકે તેટલી રીતે તનતોડ મહેનત કરી 'કુત્બ'ને સંતોષો કે જેથી તે શક્તિ મેળવે અને જંગલી જનાવરોનો શિકાર કરે.

૨૨૪૧ જ્યારે તે અસ્વસ્થ છે, લોકો ભુખે રહે છે, કારણ કે પેટ ભરવા માટે અપાતો ખોરાક "સર્વમય સમજણના" હાથમાંથી આવે છે.

૨૨૪૨ જ્યારે કે લોકોના પરમ આનંદો (રૂહાની અનુભવો) (માત્ર) તેનું બાકી રાખેલું છે. જો તમારું દિલ (રૂહાની) શિકાર ઈચ્છે તો આ વાત (દિલમાં) રાખી મુકજો.

૨૨૪૩ તે સમજણ માફક છે અને લોકો કાયાના અંગો જેવા છે. કાયાની કાર્યવાહી સમજણ ઉપર આધાર રાખે છે.

૨૨૪૪ કુત્બની નબળાઈ શારિરીક છે, રૂહાનીયત નહિ, નબળાઇ કિશ્તીમાં રહેલ છે. 'નુહ' માં નહિ.

૨૨૪૫ **'કુત્બ' તે છે જે પોતાની આજુબાજુ ફરે છે (સર્વ રચનાનું મુળ) (જ્યારે) તેની આજુબાજુ અવકાશી ગોળાઓનું પરિભ્રમણ છે.**

૨૨૪૬ **તેના (શારિરીક) વહાણને સમારવા થોડી મદદ કરો (ખુદાઈ હક આપો). જો તમો તેના પસંદ કરેલા ગુલામ અને ભાવિક દાસ બન્યા હો તો.**

૨૨૪૭ **તમારી મદદ (હકીકતમાં) તો તમને જ લાભદાયી છે. નહિ કે તેને, ખુદાએ કહ્યું છે. "જો તમો ખુદાને મદદ કરશો તો તમોને મદદ કરવામાં આવશે."**

૨૨૪૮ શિયાળની માફક શિકાર કર અને તમારો શિકાર તેને (કુત્બ)ને કુરબાન કરો કે જેથી તમો બદલામાં એક હજાર શિકારો કે તેથી વધુ મેળવો.

૨૨૪૯ આશાંકિત મુરીદથી મેળવેલો શિકાર શિયાળની રીતભાત બાદ (સજીવ ભેટ) કરવામાં આવે છે (પણ) સંસારી અને વાસનામય ઈન્સાન શિકાર પકડે છે જે (કયારનો) મરેલો છે.

૨૨૫૦ જો તમો મરેલો (શિકાર) તેને (કુત્બ) ને ભેટ કરશો, તો તે જીવતો બનશે, ગંદકી (જ્યારે) ફળવાડીમાં રખાય છે ત્યારે (ફળ) પેદા કરશે.

૨૨૫૧ શિયાળે સિંહને કહ્યું "હું (તાબેદારીપુર્વક) તમારી સેવા કરીશ, અનુચ્ચત યુક્તિઓ યોજીશ અને તેને (ગધેડાને) તેની સમજણથી લુંટી લઈશ.

૨૨૫૨ લુચ્ચાઇ અને ખોટા મંત્રો મારૂં કામકાજ છે, છેતરપિંડી કરવી અને ગેરમાર્ગે દોરવવો એ મારૂં કામકાજ છે.

૨૨૫૩ પર્વતના મથાળેથી નદી તરફ ઉતાવળે દોડતાં, તેને પેલો કંગાળ દુબળો ગધેડો નજરે પડ્યો.

૨૨૫૪ પછી તેણે તેને નમ્રતાપુર્વક સલામ કરી અને આગળ વધ્યો, તે પેલા ગરીબ ભોળાને મળવા આગળ આવ્યો.

૨૨૫૫ અને (તેને) કહ્યું "આ અફાટ જંગલ (જ્યાં) પત્થરાઓ અને અનુત્પાદક જમીન ઉપર (રહો છો) ત્યાં તમો કેમ છો?"

૨૨૫૬ ગધેડાએ જવાબ આપ્યો, "હું દુઃખમાં છું કે ભલે સુખમાં, ખુદાએ તે મારો હિસ્સો બનાવેલ છે, અને હું તેના માટે તેનો અભારી છું.

૨૨૫૭ હું ભલી બુરી હાલતમાં દોસ્તનો (ખુદાનો) આ.ભાર માનું છું કારણ કે (દૈવી) ભાવીમાં (ચાલુ) તકલીફ કરતાં વધુ દુઃખ છે."

૨૨૫૮ જ્યારે કે તે હિસ્સાઓનો વહેંચણી કરનાર છે ત્યારે ફરીયાદ કરવી એ નાસ્તિકતાનું (કાર્ય) છે. ધીરજ જરૂરી છે, ધીરજ બદલાની ચાવી છે.

૨૨૫૯ ખુદા સિવાય બધા દુશ્મનો છે. તે (એકલો જ) દોસ્ત છે, એક દોસ્તની દુશ્મન પાસે ફરીયાદ કરવી તે શું યોગ્ય દેખાય છે?

૨૨૬૦ જ્યાં સુધી તે મને છાશ આપે છે ત્યાં સુધી હું મધ માટેની ઈચ્છા કરીશ નહિ કારણ કે દરેક ખુશી સાથે એક દર્દ પણ જોડાએલું છે

બળતણ વેચનારની માલિકીના એક ગધેડાની કહાણી કે જેણે કેટલાક સારી રીતે પોષાયેલા અરબ ઘોડાઓને બાદશાહી તબેલામાં જોયા અને તેવા જ ભાગ્યની ઇચ્છા કરી, (આ વાર્તા કહેવાનો ઇરાદો) એક સદ્બોધ આપવાનો છે કે (ખુદાની) માફી અને સદ્ભાવ સિવાય બીજું કંઇ ઇચ્છવું જોઇએ નહિ, કારણ કે ભલે તમો એકસો જાતના દુઃખમાં હો, તેઓ બધાં તમને મીઠા બનશે જ્યારે તમો માફી આપેલા બન્યાની ખુશી અનુભવશો અને બાકીના માટે, અનુભવ્યા પડેલાં જે નશીબ માટે તમો ઇચ્છા કરો છો તે એક દુઃખ સાથે જોડાએલ છે જે (આ પળે) તમો નિરખતા નથી (દાખલા તરીકે) દરેક ફાંસલામાં પ્રલોભનો દ્રષ્યમાન છે. જ્યારે જાળ સંતાડેલી છે. તમો (કે જેઓ) આ એક ફાંસલામાં પકડાએલા બન્યા છો (હજી સુધી) ઇચ્છો છો (અને પોતાને કહો છો) "જો હું પેલાં પ્રલોભનો પાછળ ગયો હોત તમો કલ્પના કરો છો કે પેલાં પ્રલોભનો ફાંસલાઓ વગરના છે.

૨૨૬૧ એક મસકમાં પાણી ભરી વેચનાર હતો. તેની પાસે એક ગધેડો હતો કે જે દુઃખથી એક પટીની માફક બેવડ વળેલો હતો.

૨૨૬૨ તેની પીઠમાં ભારે બોજાથી એકસો ચાઠાં પડેલાં હતાં. તે આતુરતાપુર્વક પોતાના મોતના દિવસની ઇચ્છા કરતો હતો.

૨૨૬૩ જળ તે વળી શું ? તેણે કદી પણ સુકા ઘાસથી (પણ) પોતાનું પેટ ભર્યું ન હતું. તેના પગલે પગલે (ઘાતકી) ફટકો અને લોઢાની આર.

૨૨૬૪ બાદશાહી તબેલાના રક્ષકે તે જોયું અને દયા આવી કારણ કે તે માણસ ગધેડાના માલિક સાથે પરિચિત હતો.

૨૨૬૫ તેથી તેણે તેને સલામ કરી અને શું બન્યું હતું તે પૂછયું, કહે "એક 'ડાલ' અક્ષરની માફક આ ગધેડાનું બેવડ વળવાનું કારણ શું તે ?"

૨૨૬૬ તેણે જવાબ આપ્યો, મારી ગરીબાઈ અને કંગાલીયતના કારણે આ મુંગું જનાવર સુકું ઘાસ પણ મેળવતું નથી.

૨૨૬૭ પેલાએ કહ્યું "તેને થોડા દિવસો માટે મારે હવાલે કર, કે બાદશાહી તબેલામાં તે શક્તિશાળી બને.

૨૨૬૮ તેણે તે ગધેડો સુપ્રત કર્યો અને કે પેલા દયાળુ માણસે સુલતાનના તબેલામાં તેને બીલે બાંધ્યો.

૨૨૬૯ ગધેડાએ (પોતાની) દરેક બાજુએ અરબી ઘોડાઓ સારી પેઠે પોષાએલા અને જાડા અને ખુબસુરત અને તાજા જોયા.

૨૨૭૦ (તેણે) તેમના પગ નીચેની જમીન વાળી–ઝુડી સાફ કરેલી પાણી છાંટેલી ઘાસ (યોગ્ય) સમયે આપતું હતું અને જવ (ધારણાના) વખતે લાવવામાં આવતા હતા.

૨૨૭૧ તેણે વાળ ઓળેલા અને સાફ કરેલા ઘોડા જોયા (પછી) તેણે પોતાના મોઢાનો આગલો ભાગ ઉચો કર્યો, ખુમ પાડી કહે, "ઓ કીર્તિવંત માલિક.

૨૨૭૨ શું હું તારો પેદા કરેલો નથી ? હું કબુલ કરું છું કે હું એક ગધેડો છું (પણ) શા કારણે મારી પીઠ ઉપર ચાઠાં છે અને પાતળો કંગાળ છું.

૨૨૭૩ રાત્રીના, મારી પીઠ ઉપરના દુઃખના કારણે અને મારા પેટમાં ભૂખના કારણે હું હમેશાં મરવાની ઇચ્છા કરું છું.

૨૨૭૪ આ ઘોડાઓ કેટલા બધા સુખી અને આબાદ છે, જ્યારે શું તેં મને એકલાને જ આ દુઃખ અને તકલીફ માટે ચુંટી કાઢેલ છે ?"

૨૨૭૫ ઓચિંતાના લડાઈની વાત ઉડી, તે અરબી ઘોડાઓને જીન માંડવાનો અને કામકાજમાં ગોઠવવાનો વખત હતો.

૨૨૭૬ તેઓ દુશ્મનના તીરોથી ઘવાયા હતા. તીરના ફળાઓ તેમની દરેક બાજુએ દાખલ થયા હતા.

૨૨૭૭ (જ્યારે) પેલા અરબી ઘોડાઓ લડાયક પ્રવૃત્તિમાંથી પાછા ફર્યા, તેઓ બધા નીચે પડ્યા અને તબેલામાં તેઓ પડખાભેર પડ્યા.

૨૨૭૮ તેઓના પગો મજબુતીથી કેન્વાસ (ના ટુકડાઓથી) બાંધ્યા હતા. ઘોડા ડાકટરો હારબંધ ઊભા હતા.

૨૨૭૯ તેઓનાં શરીરો નાની છરીઓથી તેમના ઝખમોમાંથી તીરોના ફળોને દુર કરવા ખાતર, ભેદાતાં હતાં.

૨૨૮૦ ગધેડાએ (બધુ) જોયું, અને કહેતો હતો, "ઓ ખુદા, હું ગરીબાઈ અને તંદુરસ્તીથી સંતોષાએલો છું.

૨૨૮૧ મને પેલા (પુષ્કળ) ખોરાકનો સ્વાદ નથી તેમજ પેલા ભયંકર ઝખમો જોઈતા નથી, દરેક જણ કે જે (રૂહાનીયત) તંદુરસ્તી ઇચ્છે છે દુનિયાને ત્યાગી દે છે."

"હું મારા પ્રારબ્ધથી સંતોષાએલો છું" (આવું) ગધેડાનું કહેવું શિયાળે અમાન્ય કર્યું.

૨૨૮૨ શિયાળે કહ્યું, (દૈવી હુકમની) તાબેદારીમાં કાયદાસરનો ખોરાક શોધવો એ એક (અનિવાર્ય) ફરજ છે.

૨૨૮૩ (આ) સાધનની દુનિયા છે. નિમિત્ત સાધન વગર કાંઈ પણ મેળવાતું નથી તેથી (ખોરાકની) શોધ ખાસ (જરૂરી) છે.

૨૨૮૪ "અને ઓ તમો, ખુદાની દાનશીલતા શોધો, (એ) (એક દૈવી) હુકમ છે, રબ્બે વાઘની માફક તેઓ (માણસો) જોરજુલમથી (બીજાથી મિલ્કત) પડાવી લ્યે.

૨૨૮૫ હ. પયગમ્બર સાહેબે કહ્યું, "ઓ યુવાન, ખોરાકના (આવી પહોંચવા) વિરૂદ્ધ દરવાજો બંધ છે, અને દરવાજા ઉપર તાળાં છે."

૨૨૮૬ આપણી હિલચાલ (પ્રયાસ) અને (શોધવામાં) આપણું આમતેમ જવું અને આપણું પ્રાપ્તિ તાળાં અને અટકાયતની એક ચાવી છે.

૨૨૮૭ ચાવી સિવાય દરવાજો ખોલવાનો બીજો કોઈ રસ્તો નથી. તનતોડ મહેનત કર્યા વગરનો રોટલો ખુદાના કાયદા (મુજબનો) નથી.

ગધેડાએ શિયાળને કેવો જવાબ આપ્યો.

૨૨૮૮ તેણે (ગધેડાએ) કહ્યું "તેમ કહેવું ખુદામાં વિશ્વાસની ખામી અંગે છે, નહિતર, જેણે આપણને જીવન આપ્યું તે આપણને રોજી પણ આપે છે.

૨૨૮૯ હરકોઈ જે (રૂહાનીયત) બાદશાહી અને વિજય શોધે છે. ઓ પુત્ર, એક મોં પુરતી રોજી (તેને) માટે કદી અટકશે નહિ.

૨૨૯૦ બધા જંગલી જનાવરો ઘાસ ખાનારા અને શિકાર કરી ખાનારા બન્ને (દૈવી) ખોરાક ખાઈ જનારા છે, તેઓ (રોજી મેળવવા) કામની શોધમાં જતા નથી. તેમ (પોત માટે) તજવીજ કરવા (ના બોજા)માં મદદ કરતા નથી.

૨૨૯૧ પુરૂં પાડનાર પોતાની રોજની રોજી દરેકને આપે છે, તે દરેક સમક્ષ તેના નિર્માણનો હિસ્સો મૂકે છે.

૨૨૯૨ (દૈવી) ખોરાક દરેક જણ કે જે (ધીરજ) બતાવવી શોધે છે તેને મળે જ છે. પરિશ્રમો કરવાનો સંતાપ ધીરજની જરૂરિયાતમાંથી જાગે છે.

શિયાળે ગધેડાને કેવો જવાબ આપ્યો.

૨૨૯૩ શિયાળે જવાબ આપ્યો, "ખુદામાં આવો વિશ્વાસ વિરલ છે, ખુદામાં વિશ્વાસ રાખવામાં થોડાક જ કામેલ હોય છે.

૨૨૯૪ વિરલથી ખુદનો સંબંધ કરવો તે એક અજ્ઞાનતાની નિશાની છે, દરેક જણ માટે લાભ લઇ શકાય તેવો બાદશાહી રાજ્યમાં કેમ હોય ?

૨૨૯૫ જ્યારે કે હ. પયગમ્બર સાહેબે કહ્યું છે કે "સંતોષ એક ખજાનો છે." ગુપ્ત ખજાનો દરેક જણથી મેળવેલો કેમ બને ?

૨૨૯૬ તમારી (યોગ્ય) હદ જાણી લ્યો અને ઉપર ઉંચે ઉડો નહિ, રખેને તમો અનર્થ અને બદદુઆની ઉંડી ગર્તામાં પડો.

ગધેડાએ શિયાળને કેવો જવાબ આપ્યો.

૨૨૯૭ તેણે (ગધેડાએ) જવાબ આપ્યો, "જણ કે તું (સત્યથી) ઉંધુ જ બોલે છે, (કારણ કે) કંજુસાઇથી આત્મા તરફ અનર્થ અને બદદુઆથી આવે છે.

૨૨૯૮ કોઈને પણ સંતોષથી, રૂહાની જીવનથી વંચિત (કદી પણ) કરાયો નથી, કંજુસાઇથી કોઈને પણ કદી એક (રૂહાનીયત) રાજા બનાવાયો નથી.

૨૨૯૯ (રોજની) રોજી ડુક્કરો અને કૂતરાઓ કનેથી પણ અટકાવાએલી નથી. આ વરસાદ અને વાદળાં ખુદાની બક્ષિસો છે.

૨૩૦૦ જેવા કે તમો રોજની રોજીના દયાપાત્ર રીતે પ્રેમાસક્ત છો, તેવા જ તે તમને શોધે છે. તમારે તેની શોધ કરવાની કાંઈ જરૂર નથી.

ખુદામાં વિશ્વાસના અર્થનું વિવરણ (કે જે) એક ત્યાગીની કહાણી દ્વારા (સમજાવાયું છે) ખુદામાંના પોતાના વિશ્વાસની ચકાસણી કરતાં, પોતાની માલ મિલકત અને (રહેઠાણને) ગામ મુકી દીધું, માણસોના ચાલુ આવજાવના અને સરિયામ રસ્તા છોડી : ઘણે દુર ઉજ્જડ અને મર્યાદા બહારના પર્વતની તળેટીએ પહોંચ્યો (જ્યાં) સખત ક્ષુધાથી તેણે પોતાનું માથું એક પત્થર ઉપર મુક્યું, અને પોતાના દિલમાં (આમ) કહેતાં ઉંઘમાં પડયો, 'મેં તારા (પોષણના) અને રોજની રોજીના નિમિત્ત સાધન પુરા પાડવામાં વિશ્વાસ મુક્યો છે, અને મેં (ગૌણ કારણોના) (બધા) નિમિત્ત સાધનોથી મારા ખુદને દુર કર્યો છે, એટલા માટે કે હું ખુદામાંના વિશ્વાસનું પરિણામ આવતું અનુભવું."

૨૩૦૧ અમુક ત્યાગીએ હ. મોહમ્મદ (ર. અ. સ.)ની હદીસ સાંભળી હતી કે રોજની રોજી ખુદામાંથી આત્માને ચોક્કસ રીતે આવે છે.

૨૩૦૨ (અને કે) ભલે તમારી ઇચ્છા હોય કે ન હોય, તમારી રોજની રોજી તમારા તરફ દોડતી આવે છે કારણ કે તેને તમારા તરફ ખૂબ જ શોખ છે.

૨૩૦૩ ચકાસણી કરવાના ઇરાદાએ પેલો માણસ જંગલમાં ગયો. તુરત જ એક પર્વતની નજીક નીચે સુતો.

૨૩૦૪ કહે, 'હું જોઉં છું કે રોજની રોજી મારી પાસે આવે છે કે નહિ, (મારૂં ધ્યેય આમ કરવાનું) એ છે કે રોજની રોજીમાં મારો વિશ્વાસ અડગ બને."

૨૩૦૫ એક વણજારે રસ્તો ગુમાવ્યો અને પર્વત તરફ કુચ કરી. (મુસાફરોએ) ત્યાં તેને સુતેલો જોયો કે જે ચકાસણી કરતો હતો.

૨૩૦૬ (એણે બીજાને) કહ્યું, " રસ્તા અને ગામથી દુર આ માણસ કંગાલીયતભર્યો જંગલમાં અહીંયા કેમ છે?

૨૩૦૭ અરે, મને નવાઇ લાગે છે કે તે જીવતો છે કે મરેલો? (દેખીતી રીતે) શું તેને વરૂઓની કે દુશ્મનોની બીક નથી?"

૨૩૦૮ તેઓ નજીક આવ્યા અને પોતાના હાથોથી તેનો સ્પર્શ કર્યો, પેલા પુન્ય પુરૂષે ઇરાદાપૂર્વક કાંઇ કહ્યું નહિ.

૨૩૦૯ તે જાગ્યો નહિ, તેણે પોતાનું માથું પણ હલાવ્યું નહિ કે પોતાની આંખો પણ ઉઘાડી નહિ, કારણ કે તે એક કસોટી કરતો હતો.

૨૩૧૦ પછી તેઓએ કહ્યું, 'આ ગરીબ હતાશ આદમીને ભુખ અંગે થએલા ચેતના-શક્તિના લોપનો આઘાત લાગ્યો છે?

૨૩૧૧ તેઓ રોટલો અને કિટલીમાં બાવાનું પણ લાવ્યા, કે જેથી તેઓ તેના મોંમાં અને ગળામાં રેડે.

૨૩૧૨ આથી પેલા માણસે ઇરાદાપુર્વક પોતાના દાંતો ભીડાવ્યા, એટલા માટે કે પેલા વચનની સત્યતા નિહાળે.

૨૩૧૩ તેઓને તેના ઉપર દયા આવી અને કહ્યું, 'આ માણસ ભુખે મરે છે અને ભુખથી નાશ પામે છે અને મૃત્યુની અણી ઉપર છે.'

૨૩૧૪ (તેથી) તેઓ એક ચપ્પુ લાવ્યા અને તેના બંધ થએલા દાંતોમાં ઉતાવળે ફાટ પાડી.

૨૩૧૫ તેઓએ તેના મોઢામાં સેરવો રેડ્યો અને રોટલાના ટુકડાઓ તેમાં બળજબરીએ નાખ્યા.

૨૩૧૬ તેણે (પોતાના દિલમાં) કહ્યું, 'ઓ (મારા) દિલ, જો કે તેં ચુપકીદી અખત્યાર કરી છે પણ તું ગુપ્તતા જાણે છે અને એક અધમતા બતાવે છે.

૨૩૧૭ તેના દિલે જવાબ આપ્યો, હું (બાનગી) જાણું છું અને આમ ઇરાદાપૂર્વક વર્તું છું, "ખુદા મારા આત્મા અને કાયા માટેનું પોષણ પુરું પાડનાર છે!"

૨૩૧૮ આના કરતાં વધુ સારી કસોટી બીજી કઇ હોઇ શકે? રોજની રોજી તેઓને જેઓને ધીરજ છે તેમની પાસે આનંદથી આવે છે.

શિયાળે ગધેડાને કેવો જવાબ આપ્યો અને રોજી શોધવાની તાકીદ કરી,

૨૩૧૯ શિયાળે કહ્યું, 'આ વાતો છોડી દે અને એક કે જેની (રોજી) થોડી છે તેણે સખત કોશિષ કરી રોજી મેળવવા પોતાના હાથો કામે લગાડવા જોઈએ.

૨૩૨૦ ખુદાએ તને હાથ આપ્યા છે, કાંઇક કામ કર, કાંઇક પેદા કર, દોસ્તને મદદ કર.

૨૩૨૧ દરેક જણ કાંઇક પેદા કરવા પગલાં ભરે છે અને (આથી) બીજા દોસ્તોને કદદ કરે છે.

૨૩૨૨ કારણ કે બધી પેદાશો એક જ કલાકારથી બનતી નથી. એક સુતાર છે, અને પાણી ઉપાડનાર અને એક વણકર છે,

૨૩૨૩ આ ભાગીદારીના નિમિત્ત સાધનોથી દુનિયાનો વહેવાર ચાલે છે, જરૂરિયાત અંગે દરેક જણ કાંઇક કામ પસંદ કરું છું.

૨૩૨૪ (તેમના) વચ્ચે આળસુ પરાવલંબી બનવું સારું નથી, કામ કરો અને કરાવો એ પ્રણાલિકાનો રસ્તો છે,

ગધેડાએ શિયાળને જવાબ આપ્યો, કહે, 'આજીવિકા પેદા કરવાનો સૌથી સારો રસ્તો ખુદામાં વિશ્વાસ છે, કારણ કે દરેક જણને ખુદામાં વિશ્વાસ રાખવાની જરૂરત છે અને માગો, "ઓ ખુદા, આ મારા કાર્યને કુનેહ તરફ દોરવી જા. અને પ્રાર્થના ખુદામાં વિશ્વાસ આવૃત કરે છે અને ખુદામાં વિશ્વાસ આજીવિકાના (માત્ર) નિમિત્ત સાધન છે કે જે બીજાં બધાં સાધનોથી મુક્ત છે."

૨૩૨૫ તેણે (ગધેડાએ) કહ્યું, હું બન્ને દુનિયામાં આજીવિકાનાં કોઇપણ નિમિત્ત કારણો મારા માલિકમાં વિશ્વાસ કરતાં વધુ ઉત્તમ જાણતો નથી.

૨૩૨૬ હું તેના આભાર માનવાના લાભ સાથે સરખામણીવાળો બને તેવું કંઈપણ જાણતો નથી એટલા માટે કે ખુદાનો આભાર પ્રદર્શિત કરવો, પોતાની દિશામાં રોજની રોજી લાવે અને (તેનાથી) વધારે.

૨૩૨૭ તેઓનો વાદવિવાદ અરસપરસ હોંસાતોંસીમાં પરિણમ્યો (ત્યાં સુધી કે) તેઓ વધુ સવાલ જવાબ કરવા અશકત બન્યા.

૨૩૨૮ ત્યારબાદ તેણે (શિયાળે) તેને કહ્યું (દૈવી) બાદશાહીમાં મનાઇને ધ્યાનમાં લે, "તમારી પોતાની મેળે વિનાશમાં ફેંકાશો નહિ."

૨૩૨૯ પત્થરાઓથી છવાએલ આવા વેરાન જંગલમાં અંગત સુખોપભોગનો પરિત્યાગ કરવો એ મુર્ખાઇ છે, ખુદાની દુનિયા બહુ બહોળી છે.

૨૩૩૦ આ જગ્યાએથી હરિયાળી જગ્યામાં ચાલ અને નદીની આજુબાજુ લીલી જગ્યા ઉપર કુણી કુણી ડાળખીઓ ખા.

૨૩૩૧ એક ચરાણ બહિશ્ત બાફક લીલી છે જ્યાં લીલોતરી કમર સુધી ઉંચી ઉગે છે.

૨૩૩૨ તે જનાવર સુખી છે જે ત્યાં જાય છે, એવી એક હરિયાળી કે જેમાં એક ઉંટ પણ દ્રષ્યમાન ન બને.

૨૩૩૩ ત્યાં દરેક બાજુએ એક વહેતો ઝરો છે, ત્યાં જનાવરો શારિરીક સુખ અને સલામતીમાં છે.

૨૩૩૪ અક્કલહીનતા અંગે તેણે (ગધેડાએ) તેને કહ્યું નહિ કે, ઓ શ્રાપિત થએલા, તું ત્યાંથી આવ્યો છે ત્યારે તું આવો કંગાળ કેમ છો ?

૨૩૩૫ તારૂં પ્રફુલ્લપણું અને જાડાઈ અને સુંદરતા ક્યાં છે ? આ તારી ભુખે મરતી કંગાળ કાયાનો (અર્થ) શું છે ?

૨૩૩૬ જો તારૂં ઘાસનું ફળદ્રુપ ગોચર એ (માત્ર) જુઠ અને બનાવટ નથી તો પછી તારી આંખ (તેનાથી) પરમ સુખ પામેલી કેમ નથી ?

૨૩૩૭ આ લાલચુ દ્રષ્ટિ અને આ અંધાપો તારા ભિખારીપણાનાં પરિણામ છે નહિ કે (રૂહાનીયત) રાજ્યસત્તાનાં.

૨૩૩૮ જ્યારે કે તું ઝરામાંથી આવ્યો છો ત્યારે તું તરસ્યો (સુકો) કેમ છો ? અને જો તું કસ્તુરીવાળા હરણ ગ્રન્થિ (બાફક ભાગ) છો તો કસ્તુરીનો ભાગ ક્યાં છે ?

૨૩૩૯ ઓ માનવંતા, તું જે કહે છે અને વર્ણવે છે તેની નિશાની તારામાં ક્યાં છે ?

ઊંટની બોધદાયક કહાણી, સમજાવવું કે જ્યારે હરકોઈ પોતાના સદ્ કિસ્મત વિષે કહે છે, અને તમો તેમાં કાંઈ દેખાવ અથવા સુખાવતીની નિશાની જોતા નથી તો શંકા માટેનું કારણ છે કે તેમાં એક બનાવટ કરનાર છે.

૨૩૪૦ અમુક માણસે એક ઉંટને પૂછયું, "એઈ, તું ક્યાંથી આવે છે ? ઓ તું કે જેનો રસ્તો કલ્યાણકારી છે ?"

૨૩૪૧ તેણે જવાબ આપ્યો, "તારી ગલીમાં ગરમ સ્નાનમાંથી," બીજા કહ્યું, "બરોબર, તે તારી ધુંટણીઓની હાલતમાં સ્પષ્ટ દેખાય છે."

૨૩૪૨ (જ્યારે) ફિરઔન, દુરાગ્રહી બળવાખોરે હ. મુસા (અ.સ.) નો સરપ જોયો ત્યારે તેણે એક વિરામની માગણી કરી અને નમ્રતા બતાવી.

૨૩૪૩ બુદ્ધિશાળી માણસે કહ્યું "આ માણસે (ફિરઔને) ઝનુની બનવું જ જોઈએ, જ્યારે કે તે ઈન્સાફનો માલિક છે."

૨૩૪૪ ચમત્કાર ભલે અજગરનો કે સરપનો હતો, તેના દેવપણા યોગ્ય મગરૂરી અને કોપનું શું થયું ?

૨૩૪૫ જો તે તખ્ત પર બેસેલ સર્વોપરી માલિક છે, તો એક માત્ર જીવડાના કારણે આ
ખોટી ખુશામત શું છે?

૨૩૪૬ જ્યાં સુધી તમારૂં દુષ્ટ મન (વાસનામય) આવાપીવામાં ચકચુર છે, ત્યાં સુધી જાણ
કે તમારા આત્માએ અદ્રશ્ય દુનિયાની માલિકીનું ઝુમખું નિહાળ્યું નથી.

૨૩૪૭ કારણ કે "ખુદાના નૂરના દિદાર"ની નિશાનીઓ આભાસના રહેઠાણમાં
તમારી પીછેહઠમાં (સમાએલી) છે.

૨૩૪૮ જ્યારે કે સંસારી આદમી અવારનવાર એક ખારા પાણીનો ઘુંટ ભરે છે ત્યારે
તેને મીઠા પાણીમાંની તેની તરસની ખબર નથી.

૨૩૪૯ નહિ જ, તેનો વિશ્વાસ (માત્ર) બનાવટ છે, તેના આત્માએ ઈમાનનો ચહેરો કદી
જોયો નથી.

૨૩૫૦ આ કારણે, શ્રાપિત ઈબ્લીસના લીધે, નકલ કરનાર રસ્તા ઉપર લુંટારાથી એક
મોટા ભયમાં છે.

૨૩૫૧ પણ જ્યારે તે "ખુદાનું નૂર" નિહાળે છે, ત્યારે તે સલામત બને છે,
તે શંકાની મુંઝવણોમાંથી આરામમાં છે.

૨૩૫૨ સમુદ્રના ફિણ (હમેશાં) એક બીજા સાથે અથડાવામાં છે, ત્યાં સુધી કે તે જમીન
પાસે આવે છે કે જે તેનું અસલ છે.

૨૩૫૩ ફિણ માટીમય છે, તેને પાણીમાં એક દ્વેશવટો છે, દ્વેશવટામાં ગભરાટ અનિવાર્ય છે.

૨૩૫૪ જ્યારે તેની (નકલ કરનારની) આંખ ખુલે છે અને (વાસ્તવિકતાનાં) પેલાં લક્ષણો
વાંચે છે, ત્યારે સેતાનની શક્તિ તેના ઉપર વધુ વખત રહેતી નથી.

૨૩૫૫ જો કે ગધેડાએ શિયાળને (રૂહાનીયત) ગુઢાર્થો સંભળાવ્યાં છતાં તે છીછરાપણે
અને એક નકલ કરનાર માફક બોલ્યો હતો.

૨૩૫૬ તેણે પાણીનાં વખાણ કર્યાં, પણ (તેને માટે) તેને લાલસા ન હતી, તેણે પોતાનો
ચહેરો અને કપડાં ફાડ્યાં, પણ તે પ્રેમી ન હતો.

૨૩૫૭ ઢોંગીથી કરાએલી ક્ષમાયાચના બુરી હતી, સારી ન હતી. કારણ કે તે માત્ર તેઓના
હોઠો ઉપર હતી, તેઓના દિલમાં નહિ.

૨૩૫૮ તેને (ઢોંગીને) સફરજનની વાસ છે પણ તેની પાસે સફરજનનો (કાંઇ હિસ્સો) નથી,
અને (માત્ર) સાચા (ઈમાનદારોથી) સંબંધમાં આવવાના કારણે જ તેનામાં વાસ છે.

૨૩૫૯ લડાઈમાં એક ઔરતનો ફટકો ઝનુની સફને તોડતી નથી, નહિ, તેની કોશીષ
ઢયાજનક બને છે.

૨૩૬૦ જો કે તમો તેણીને તલવાર લેતી અને સહુની વચ્ચે એક સિંહની માફક (લડતી)
જુઓ છો, (છતાં) તેણીનો હાથ ધ્રુજે છે.

૨૩૬૧ તેને માટે અફસોસ કે જેની સમજણ સ્ત્રી જેવી છે, જ્યારે તેનું હલકટ દુષ્ટ મન
નરજાતીનું છે અને પોતાની વિષયવાસના સંતોષવા તૈયાર છે.

૨૩૬૨ આવશ્યકતા અંગે, તેની સમજણ અદ્રશ્ય બની છે, તેની હિલચાલ મહાસંતાપ સિવાય બીજું કાંઈ જ નથી.

૨૩૬૩ અરે, આશીર્વાદીત તે છે કે જેની સમજણ મર્દ જેવી છે, જ્યારે તેનું હલકટ દુષ્ટ મન સ્ત્રી જેવું અને નિરાધાર છે.

૨૩૬૪ જેની વ્યક્તિગત સમજણ મર્દ અને અધિકાર ભોગવતી છે, (કે જેથી) (ગુનાહ કરતી શક્તિના) સ્ત્રી જેવા દુષ્ટ મનથી તેની બુદ્ધિ વંચિત છે.

૨૩૬૫ સ્ત્રીનો ફટકો પણ દેખાવમાં અશક્ત છે, તેણીની બાબી, પેલા ગધેડાની બાબતમાં જેમ છે તેમ કમ અક્કલપણામાંથી ઉત્પન્ન થાય છે,

૨૩૬૬ સ્ત્રીમાં જ આબરી પ્રકૃતિ પ્રચલિત છે, કારણ કે તેણીની માનસિક વલણ રંગ અને સુવાસ તરફ હોય છે.

૨૩૬૭ (જ્યારે) ગધેડાએ હરિયાળા ચરાણનો રંગ અને સુવાસ સાંભળી, (ખુદામાંના વિશ્વાસની તરફેણની) બધી દલીલો તેના મનની વલણમાંથી ચાલી ગઈ.

૨૩૬૮ તરસ્યા માણસને વરસાદની જરૂર છે, અને ત્યાં વાદળાં નથી. દુષ્ટ મન અકસંતીયા પણાથી ભુખ્યું હતું અને આત્મસંયમ નં હતો.

૨૩૬૯ આત્મસંયમ એક લોઢાની ઢાલ છે, એ (મારા) બાપ, (આત્મસંયમની) ઢાલ ઉપર ખુદાએ (આ શબ્દો) લખ્યા છે, "વિજય આવશે જ."

૨૩૭૦ બનાવટ કરનાર પોતાના ખુલાસામાં એક સો સાબિતીઓ આગળ લાવશે (પણ) તે તર્કશુદ્ધ વિચારસરણીમાંથી તેમની પાસે બોલે છે નહિ કે તાત્કાલીક અનુભવમાંથી.

૨૩૭૧ તે કસ્તુરીથી છંટાએલ છે પણ તે કસ્તુરી નથી, તેને કસ્તુરીની વાસ છે, પણ તે માત્ર વિષ્ઠા છે.

૨૩૭૨ એટલા માટે કે વિષ્ઠાનો થોડોએક ભાગ કદાચ કસ્તુરી બને તે પહેલાં ઓ મુરીદ, એકે પેલા (રૂહાનીયત) બગીચામાં વર્ષો પર્યંત કુંપળ ખાવી જોઈએ.

૨૩૭૩ ગધેડાઓની માફક તેણે ઘાસ અને જવ ખાવા ન જોઈએ 'અર્ધવાન' ઉપર 'ખુતાન'માં કસ્તુરી મૃગની માફક કુંપળ ખા,

૨૩૭૪ લવીંગ, ચમેલી અને ગુલાબના છોડની કુંપળો સિવાય બીજું ખાતો નહિ,

પેલા ઔલિયાપણાવાળા પુરૂષોની સોબતમાં ખુતાનના મેદાન તરફ જા.

૨૩૭૫ **તમારા પેટને મધુર તુલસીથી હળોલું બનાવ કે જેથી તમો ડહાપણ અને નબીઓનો (રૂહાનીયત) ખોરાક મેળવો.**

૨૩૭૬ આ ઘાસ અને જવ ખાવાની આદતવાળા તારા પેટને ફોડી નાખ, સ્વાદિષ્ટ તુલસી અને ગુલાબનાં ફુલ ખાવા શરૂ કર.

૨૩૭૭ ભૌતિક જઠર ઘાસની ગંજી તરફ દોરે છે, રૂહાનીયત જઠર મધુર તુલસી તરફ દોરે છે,

૨૩૭૮ હરકોઈ જે ઘાસ અને જવ ઉપર નભે છે તે એક બલિદાન બને છે, હરકોઈ જે "ખુદાના નૂર" ઉપર નભે છે તે 'કુરાન' બને છે (મોમન દિલ કુરાન)

૨૩૭૯ ખબરદાર! તમારૂં અર્ધ કસ્તુરી છે અને અર્ધ વિષ્ઠા છે, ખબરદાર! વિષ્ઠા વધારતો નહિ, ચાઈનીઝ કસ્તુરી વધાર.

૨૩૮૦ બનાવટ કરનાર પોતાની જીભ ઉપર એક સો સાબિતીઓ અને વર્ણનો લાવે છે પણ તેને દિલ નથી.

૨૩૮૧ જ્યારે બોલનારને દિલ અને (રૂહાનીયત) તેજસ્વી પ્રતિભા નથી ત્યારે તેની વાણીને પાંદડાં અને ફળ કયાંથી હોય?

૨૩૮૨ તે હિંમતથી લોકોને (મુક્તિના) માર્ગમાં દોરવે છે, (જોકે) તે (પોતે) તણખલાના પાન કરતાં આત્મામાં વધુ અસ્થિર છે.

૨૩૮૩ તેથી તેનું વિવરણ ભલે ભવ્ય બને (છતાં) અસ્થિરતાપણું તેના વિવરણમાં વિદ્યમાન છે.

પૂર્ણ રૂહાની રાહબર કે જેઓ ખુદા સાથે એક થયા છે, તેમનું બોલાવવું અને અપૂર્ણ ઇન્સાનના શબ્દો કે જેમની (રૂહાનીયત) નીતિમત્તા બનાવટી અને સંપાદન કરેલી છે (બન્ને) વચ્ચેના તફાવત વિષે.

૨૩૮૪ **જ્ઞાનવંત રૂહાની રાહબર (પોતાના મુરીદને) 'રાહે રાસ્ત'નો જાણીતો બનાવે છે. વધુમાં, પોતાના શબ્દોની સંગાથે તે (ઇમાનનો) પ્રકાશ પેદા કરે છે.**

૨૩૮૫ નશાબાજ અને જ્ઞાનવંત બનવા સખત મહેનત કર, એટલા માટે કે તેનું 'નૂર' તારા વિવરણમાંથી અવિચ્છેદ બને.

૨૩૮૬ હરકોઈ (ફળ અથવા બકાલું) દ્રાક્ષાસવમાં ઉકાળેલ છે, દ્રાક્ષાસવનો સ્વાદ દરેક સેરવામાં (સ્વાદિષ્ટ) બનશે.

૨૩૮૭ ભલે પછી તે ગાજરનો અથવા સફરજનનો અથવા નાસપતી અથવા અખરોટનો (સેરવો બનેલો હોય) તમો તેમાં દ્રાક્ષાસવનો સ્વાદિષ્ટ સ્વાદ અનુભવશો.

૨૩૮૮ જ્યારે તમારૂં જ્ઞાન (ઇમાનના) પ્રકાશમાં તરબોળ થએલું છે, ત્યાર પછી દુરાગ્રહી જનતા તમારા જ્ઞાનમાંથી પ્રકાશ મેળવશે.

૨૩૮૯ તમો જે પણ કાંઈ કહેશો, તે પ્રકાશ આપનારૂં બનશે, કારણ કે આકાશ ચોકખા પાણી સિવાય બીજું કંઈ કદી વરસાવતું નથી.

૨૩૯૦ આકાશ (જેવો) બન, વાદળાં (જેવો) બન અને વરસાદ વરસાવ, કુવારાની છાંટ (પણ) વરસે છે (પણ) કાંઈ ફાયદો કરતું નથી.

૨૩૯૧ કુવારાનું પાણી ઉછીનું લીધેલ છે, વાદળ અને સમુદ્રમાંનું પાણી અસલ છે.

૨૩૯૨ તમારા વિચાર અને મનન કરવું કુવારાને મળતું છે, પ્રેરણા અને વહી એ વાદળ અને આકાશ માફક છે.

૨૩૯૩ વરસાદનું પાણી ઘણુએક રંગીન બગીચા પેદા કરે છે, કુવારા પાડોશીને તમારી સાથે કજીયો કરાવે છે.

૨૩૯૪ ગધેડાએ શિયાળ સાથે બેત્રણ વખત વાદવિવાદ કર્યો (પણ) જ્યારે કે તે (માત્ર) એક બનાવટ કરનાર હતો તે તેનાથી છેતરાએલો બન્યો.

૨૩૯૫ (સાચા) જોનારથી નિરખવાની ભવ્ય શકિત તે ધરાવતો ન હતો. શિયાળની મિથ્યા વાતચીતે તેની રૂહાનીયત જીંદગી લુંટી લીધી.

૨૩૯૬ ખાવા અને પીવાની કંજુસાઇ થકી ઇચ્છાએ એટલો બધો અશકત બનાવ્યો કે (વિરોધી) પાંચસો દલીલો હોવા છતાં પણ તે તેને (શિયાળને) આધીન થયો.

(આયાત) "મારો તંબુ, તંબુ નથી, તે એક ખંડ છે, મારો વિનોદ, વિનોદ નથી, તે એક બોધ છે," ખરેખર, ખુદા એક મચ્છર અને તેનાથી જે ચડીયાતું છે તેનો દાખલો આપતાં શરમાતો નથી, એટલે " બેઇમાનીથી માણુસોના આત્માઓના બગાડની બાબતમાં તેનાથી વધુ શું છે?" (કારણ કે નાસ્તિકો પુછે છે) તે અલ્લાહનો આ એક બોધ આપવા માટે વાપરવામાં શો હેતુ છે અને પછી તે (તેમને) જવાબ આપે છે (મારો કહેવાનો અર્થ છે), તે તેનાથી કેટલાયને ખોટે માર્ગે દોરવે છે અને તે તેનાથી કેટલાયને ખરે માર્ગે દોરવે છે. દરેક પ્રલોભન છાબડાની જોડી માફક છે. કેટલાય માનમાં પરિણમે અને કેટલાય નામોશીમાં. અને જો તમોએ (આ બોધ) ઉપર થોડું ધ્યાન લગાડયું હોત, તો તેની ઘણી ઉત્તમોતમ અસરોની લાગણી અનુભવી હોત."

૨૩૯૭ એક દુરાચારી માણસ કોઈને ઘરે ગયો, માથું ઉઘાડું હતું અને દિલમાં હલકા વિચારો ભરેલા હતા.

૨૩૯૮ પેલા શાપિત હલકટે કમરે એક ખંજર જોયું, તેથી તેણે પેલાને કહ્યું, " આ તમારી કમરે શું છે?"

૨૩૯૯ તેણે જવાબ આપ્યો, " તે એટલા માટે છે કે જો કોઈ હલકટ દિલનો માણસ મારા વિરૂદ્ધ હલકાઇ આચરવાનું વિચારે તો હું તેનું પેટ ચીરી નાખું."

૨૪૦૦ 'લુતી' એ કહ્યું, " વખાણ ખુદાનાંજ છે કે તમારી વિરૂદ્ધ કાવતરૂં કરવાનો મને વિચાર નથી."

૨૪૦૧ જ્યારે મર્દાઈ છે જ નહિ ત્યાં ખંજરોની શું જરૂર છે? જ્યાં દિલ (હિંમત જ) નથી, લોઢાનો ટોપ કાંઈ કામનો નથી.

૨૪૦૨ હ. મૌલા મુર્તુઝાઅલી (અ.સ.) પાસેથી વારસાગત મળેલી તલવાર 'ઝુલફિકાર' કદાચ હોય (પણ) 'શેરે ખુદા'ના મજબુત હાથ તમને છે? (જો છે) તો બતાવો!

૨૪૦૩ હ. ઈસા (અ.સ.) પાસેથી એક જીવન અર્પતું મંત્ર તમને કદાચ યાદ હોય, છતાં પણ, ઓ તિરસ્કરણીય આદમી, તમારામાં હ. ઈસા (અ.સ.)ના હોઠ અને દાંત કયાં છે?

૨૪૦૪ તમો તમારા દોસ્તો પાસેથી અગર સખાવતમાં મળેલા પૈસા વડે એક ફિરતી બાંધો (પણ) હ. નુહ (અ.સ.) જેવો ફિરતીનો નાખુદા કયાં છે?

૨૪૦૫ તમોએ હ. ઈબ્રાહિમ ખલિલુલ્લાહ (અ.સ.)ની માફક (અગાઉ) પ્રતિમા ભાંગી છે તે હું કબુલ કરું છું, (પણ) પ્રતિમા (કે જે) તમારી કાયા છે તેને અગ્નિમાં અર્પણ કરો છો તેનું શું?

૨૪૦૬ જો તમને ખાત્રી છે કે (તમો એક સાચા સંત છો) તો તેને આચરણમાં મુકો, પેલું આચરણમાં મુકી તમારી લાકડાની તલવાર 'ઝુલાફિકાર' જેવી (તીક્ષ્ણ) બનાવો.

૨૪૦૭ ખાત્રી કે જે (દરવેશી કાર્યોના) આચરણમાંથી સંતાડે છે તે (દૈવત્વ) બનાવનારની પ્રતિહિંસામાં તમારા સંડોવવાનું કારણ છે.

૨૪૦૮ તમોએ તેઓ કે જેઓએ, 'રાહે રાસ્ત' (ઉપર મુસાફરી કરવાથી) ડરેલાઓને પ્રોત્સાહન આપ્યું છે, (પણ) આંતરિક રીતે (બાકીના બીજા બધાથી) તમો વધુ અસ્થિર છો.

૨૪૦૯ તમો તેઓ બધાને ખુદામાં વિશ્વાસ રાખવાનું ભાષણ આપો છો (જ્યારે) તમો દોલત અને સત્તા મેળવવા બધી હિકમતો વાપરો છો (કંજુસ ઢોંગીને એવા સાથે સરખાવેલ છે કે જે માખીઓ પકડે છે અને મારે છે.)

૨૪૧૦ અય મખન્નશ? તું લશ્કરની આગળ બહાદુરીથી ચાલ્યો જાય છે પરંતુ તારી દાઢી સાક્ષી આપે છે કે આ દાઢી મખન્નશની છે.

૨૪૧૧ જ્યારે દિલ નામર્દાઈથી ભરેલું છે ત્યારે દાઢી અને મુછ હસવાનું એક નિમિત્ત છે.

૨૪૧૨ પશ્ચાતાપના કસમ ખા, વરસાદની માફક આંસુ વહાવ તારી દાઢી અને મુછને હસવામાંથી છોડાવ.

૨૪૧૩ ભકિતભાવનાં કાર્યોમાં પ્રવૃત્ત રહી તમારૂં મર્દાઈપણું યથાવત કરો કે તમારી શકિત તમારા મુરીદોમાં રૂહાનીયત શકિત જાગૃત કરે.

૨૪૧૪ જઠરને ભુલી જાઓ અને આત્મા તરફ ફાળ ભરો એટલા માટે કે તમોને ખુદા તરફથી સીધી વહી આવે.

૨૪૧૫ એક બે પગલાં આગળ વધો. સખત પ્રયત્ન કરો, તે તમારા કાનનો કબજો લેશે અને પછી પોતા તરફ ખેંચશે.

(પ્રલોભન તરફ તાબે થવામાંથી) પોતાને બચાવવા અને અટકવાની ગધેડાની ઇચ્છા ઉપર શિયાળની લુચ્ચાઈની સરસાઇ મેળવવી, અને શિયાળ ગધેડાને જંગલમાં સિંહ પાસે દોરવી ગયો તે વિષે.

૨૪૧૬ શિયાળ કાવતરામાં તેનો પગ ખેંચી ગયો, તેણે ગધેડાની દાઢી પકડી અને ઉઠાવી ગયો.

૨૪૧૭ સુફી મઠનો સંગીતકાર કયાં છે કે તે ખંજરી ઉપર જલ્દીથી ગાય કે 'ગધેડો ગયો છે' 'ગધેડો ગયો છે.'

૨૪૧૮ જ્યારે કે એક સસલો સિંહને કુવા પાસે લાવે છે તો પછી એક શિયાળ ગધેડાને ઘાસ તરફ કેમ ન દોરવે?

૨૪૧૯ તારો કાન બંધ કર અને છેતરપિંડીના મંત્રો સાંભળ નહિ, સાચા સંતના શબ્દો સિવાય બીજું કંઈ સાંભળ નહિ.

૨૪૨૦ તેનો પેલો મંત્ર (કે જે) હળવા કરતાં વધુ મીઠો છે, તેમના પગલાંનાં પેલા (મંત્ર) આગળ એક સો હલવાઓ (માત્ર) ધુળ છે.

૨૪૨૧ (ગુઢાર્થ જ્ઞાનની) મદિરા ભરેલી બાદશાહી બરણીઓએ પોતાનો જથ્થો તેના હોઠોમાંથી મેળવ્યો છે.

૨૪૨૨ (માત્ર) પેલો વિરોધી આત્મા કે જેણે તેના માણેકમય હોઠોની મદિરા કદી પણ નિહાળી નથી તે) (રૂઢીબંધ જ્ઞાનની) મદિરાનો પ્રેમી છે.

૨૪૨૩ જ્યારે કે આંધળું પક્ષી મીઠું પાણી જોતું નથી તે ખારા પાણીની આજુબાજુ કેમ ચકરાવો લેશે નહિ?

૨૪૨૪ **રૂહાનીયત મુસા ઈસામે મુખી દલને એક સિનાય બનાવે છે તે આંધળા પોપટોને શાક્તવાળા બનાવે છે.**

૨૪૨૫ 'કુતબ' (રૂહાની રાહબર) (કે જે) રૂહાનીયત 'શીરીન' નો પ્રેમી છે, (શહેશાહીનો) ઢોલ પીટયો છે, રૂહાનીયત અનુભવોની ખુશીયાલી શહેરમાં સહેલો બની છે.

૨૪૨૬ અદૃષ્ય દુનિયાના યુસુફો (ઔલીયાઓ) કુચ કરે છે, તેઓ શેરડી અને સાકરના બકડીયાં લાવે છે.

૨૪૨૭ 'પવિત્ર પુરૂષ' કે જે દૈવી બક્ષિશો લાવનારો છે, તેઓએ પોતાનો ચહેરો આપણા તરફ ફેરવ્યો છે, ઓ પોપટો, ઉંટની ઘંટડીના અવાજો સાંભળો.

૨૪૨૮ આવતી કાલે આપણું શહેર સાકરથી ભરેલું બનશે, (આજે) સાકર સસ્તી છે (આવતી કાલે) વધુ સસ્તી થશે.

૨૪૨૯ ઓ આત્મજ્ઞાનીઓ, નાસ્તિકોના વાદવિવાદમાં પોપટની માફક સાકરમાં હલક પ્રકારની મોજ માણો,

૨૪૩૦ શેરડી ભાંગીને ભુકો કર, જરૂરનું કામ આજ માત્ર છે (તેના ઉપર) તમારા આત્માઓને કુરબાન કરો, માત્ર 'પ્રિતમ' આજ છે,

૨૪૩૧ હવે એક પણ હલકો આત્મા આપણા શહેરમાં બાકી નથી, જ્યારે કે શીરીને 'સંપૂર્ણ પુરૂષ'ને 'પ્રેમની' ગાદી ઉપર બેસાડેલ છે.

૨૪૩૨ તે મિષ્ટાન્ન ઉપર મિષ્ટાન્ન અને મદિરા ઉપર મદિરા છે. એઈ, મિસરની ઉપર ઉંચે ચડો અને જાહેર કરો કે બધાઓને મિજબાનીમાં આમંત્રણ છે

૨૪૩૩ નવ વર્ષ જુનો સુરકો મીઠો બને છે. પત્થર અને આરસ માણેક જેવા અને સોનાના બને છે.

૨૪૩૪ આસમાનમાં સુર્ય પોતાના હાથોથી તાળીઓ પાડે છે, રજકણો પ્રેમીઓની માફક નાચે છે,

૨૪૩૫ બધી આંખો લીલોતરીમાં છલકાતી ફળવાડીથી નશાબાજ બની છે, (જ્યાં) ફુલો ડાળી ઉપર આરંભિક અવસ્થામાં છે.

૨૪૩૬ આશીર્વાદીત પણાની આંખ ખરેખર જાદુ કરે છે, આત્માને 'મન્સુર' બનાવ્યો છે, ઘુમ પાડે છે. "હું ખુદા છું."

૨૪૩૭ જો શિયાળ એક ગધેડાને કુમાર્ગે દોરવે તો તેને કુમાર્ગે દોરવવા દ્યો, તું એક ગધેડો બનતો નહિ, અને પરેશાન બનતો નહિ

એક પુરૂષની કહાણી કે જે કેસરીયા રંગ જેવા પીળા ગાલોથી, લોહી ગળી જેવા વાદળો અને ઝાડના પાંદડાની માફક ધ્રુજતા હાથોથી એક ઘરમાં ઘુસ્યો. ઘરના માલિક પૂછયું, "બધી ખેરીયાત છે. શું બાબત છે?" તેણે જવાબ આપ્યો, "બહાર તેઓ ગધેડાઓને બળજબરીથી લઈ જાય છે." બીજાએ કહ્યું "તમારૂં ભલું થાઓ" ગધેડાઓને લઈ જાય છે (પણ તમે કાંઇ ગધેડા નથી. (તો પછી) તમો શા માટે ધ્રુજો છો?" "તેણે કહ્યું તેઓ તેમને બહુ જ ઉતાવળથી લઇ જાય છે, ગુણદોષની પરીક્ષા પડતી મુકાઈ છે, આજે મને બીક લાગે છે કે તેઓ મને એક ગધેડા તરીકે લઇ જશે."

૨૪૩૮ અમુક માણસે એક ઘરમાં આસરો લીધો, તેનો ચહેરો પીળો હતો, તેના હોઠો વાદળી અને તેનો રંગ ચાલ્યો ગયો હતો.

૨૪૩૯ ઘરના ધણીએ તેને કહ્યું "તમો ઠીક છો? કારણ કે તમારો હાથ (પેલા એક) બુઢા માણસની માફક ધ્રુજે છે

૨૪૪૦ શું બન્યું છે? શા માટે તમોએ (અહીં) આસરો લીધો છે? આમ (સંપૂર્ણ-પણે) તમારો રંગ તમે કેમ ગુમાવ્યો છે?"

૨૪૪૧ તેણે કહ્યું : આજે તેઓ જુલમી બાદશાહ માટે બળજબરીથી કામ કરાવવા (ગલીઓમાં) બહાર ગધેડાઓ પકડે છે,

૨૪૪૨ તેણે (ઘરધણીએ) જવાબ આપ્યો, "ઓ તમારા કાકાના વહાલા, તેઓ તેને લઇ જાય છે કારણ કે તે એક ગધેડો છે. જ્યારે તમો એક ગધેડા નથી તો (તમારા રસ્તે) પડો, આનાથી તમો શા માટે ધ્રુજો છો?

૨૪૪૩ તેણે જવાબ આપ્યો. "તેઓ (તેમને) લઇ જવામાં બહુ ઉતાવળા અને ઝનુની છે, તે નવાઇ જેવું નથી કે તેઓ મને પણ એક ગધેડાની બદલીમાં લઇ જાય,

૨૪૪૪ તેઓએ પોતાની બધી શક્તિ ગધેડાઓને લઈ જવાના (કાર્યમાં) રેડી છે. તે પ્રમાણે ગુણદોષની પરીક્ષા પડતી મુકાઈ ગઈ."

૨૪૪૫ જ્યારે કે ભેદભાવ વગરના પુરૂષો આપણા રાજ્યકર્તાઓ છે, તેઓ ગધેડાની બદલીમાં ગધેડાના માલિકને ઉઠાવી જાય છે.

૨૪૪૬ (પણ) આપણા શહેરનો બાદશાહ એવો એક નથી કે ધ્યેય વગર ઉઠાવી જાય; તેને ગુણદોષની પરખ છે, તે સાંભળનાર અને જોનાર છે.

૨૪૪૭ એક મર્દ બન અને પેલાઓ કે જેઓ ગધેડા ઉઠાવી જાય છે તેનાથી બીઓ નહિ. તમો એક ગધેડા નથી, ઓ ઝમાનાના ઈસા, સંપૂર્ણ પુરૂષ), બીઓ નહિ.

૨૪૪૮ વધુમાં ચોથું આસમાન તમારા પ્રકાશથી ભરપુર છે, ખુદાએ મનાઈ કરી છે કે (હું એમ કહું કે) તબેલો (પાર્થીવ જગત) તમારૂં રહેઠાણ છે.

૨૪૪૯ તું આકાશ અને તારાઓથી પણ વધુ ઉંચો છે, જોકે ઉતમ કારણ અંગે તું (કામચલાઉ રીતે) તબેલામાં છો.

૨૪૫૦ તબેલાનો ધણી એક બાબત છે અને ગધેડો બીજી. દરેક જણ કે જે તબેલામાં દાખલ થાય છે તે ગધેડો નથી.

૨૪૫૧ શા માટે આપણે ગધેડાની પાછળ પડ્યા છીએ, [ગુલાબના બગીચા અને તાજા ગુલાબોની વાત કર.

૨૪૫૨ અને દાડમ અને લીબું અને સફરજનની ડાળીની અને મદિરા અને અસંખ્ય સુંદર યુવાનોની,

૨૪૫૩ અથવા તો સમુદ્ર જેનાં મોજાં મોતીઓ છે અને જેનાં મોતીઓ બોલતાં અને જોતાં છે.

૨૪૫૪ અથવા તો પંખીઓ કે જે ગુલાબ ઉંચકે છે અને સોના રૂપાનાં ઈંડા મુકે છે.

૨૪૫૫ અથવા બાજો કે જે કબુતરોને પોષે છે, અને તેઓ બન્ને ઓ સાથે પોતાના ઉદરો નીચે ફેરવેલાં અને તેઓની પાછળ પણ ફેરવેલાં.

૨૪૫૬ દુનિયામાં અદ્રષ્ય સીડીઓ છે, સ્વર્ગને મથાળે પગથીએ પગથીએ દોરતી,

૨૪૫૭ દરેક વર્ગ માટે જુદી જુદી જાતની સીડી છે, દરેક રાહદારીના રસ્તા માટે જુદાં જુદાં બહિશ્તો છે.

૨૪૫૮ દરેક જણ રાજ્યમાં એક બીજાની હાલતથી અજ્ઞાન છે. (કે જે) બહિશ્ત વિશાળ અને શરૂઆત કે છેડા વગરની છે.

૨૪૫૯ આ એક પેલા એકથી નવાઇ પામેલો છે અને તે શાના કારણે સુખી છે તે પુછે છે. જ્યારે પેલો એક, આ એકથી વિસ્મય પામેલો છે અને તે શાથી અજાયબ થયો તે પૂછે છે.

૨૪૬૦ ખુદાની દુનિયાનો વિસ્તાર વિશાળ છે. દરેક ઝાડ અમુક માટીમાંથી ઉગી નીકળે છે.

૨૪૬૧ ઝાડોનાં પાંદડાઓ, અને ડાળીઓ (ખુદાનો) આભાર માનતાં હોય છે. કહે છે, "અરે, કેવી સરસ બાદશાહી ! અરે, કેવો બહોળો વિસ્તાર છે !"

૨૪૬૨ કોયલો ફૂલોની આજુબાજુ ફરતી ફરતી કહે છે, "પેલાનું થોડું અમોને પીવા આપો કે જે તમોએ પીધું છે.

૨૪૬૩ આ વિવરણનો અંત જ નથી. શિયાળ અને સિંહની બિમારી અને ભુખ, તરફ તરફ પાછો ફર.

શિયાળ ગધેડાને સિંહ પાસે લાવ્યો અને ગધેડાનું સિંહ પાસેથી ભાગી છુટવું અને શિયાળનો સિંહને ઠપકો આપવો. કહે 'ગધેડો હજી દુર હતો. તમો બહુ ઉતાવળા હતા." અને સિંહની દરગુજર ચાહવી અને શિયાળને ફરીવાર જવાની અને બીજી વખત તેને છેતરવાની વિનંતી કરવી.

૨૪૬૪ જ્યારે તે (શિયાળ) તેને (ગધેડાને) ચરાણ તરફ ટેકરી ઉપર લઇ આવ્યો, એટલા માટે કે સિંહ (ઓચિંતા) હુમલાથી તેમાં ભુકકા બોલાવી દે.

૨૪૬૫ તે (ગધેડો) હજી સિંહથી દુર હતો, પણ સિંહ તે વધુ નજીક આવે ત્યાં સુધી લડાઈ લડવાની ધીરજ રાખી શકયો નહિ.

૨૪૬૬ અનુની સિંહે ઢોળાવની ટોચ ઉપરથી એક કુદકો માર્યો (જોકે) ખરેખર તેને યોગ્ય રીતે કુદવાની જોર અને શક્તિ હતી નહિ.

૨૪૬૭ ગધેડાએ તેને દુરથી જોયો અને પાછો ફર્યો અને ટેકરીના તળીયા તરફ ઉતાવળમાં ભાગી છુટયો.

૨૪૬૮ શિયાળે સિંહને કહ્યું, " ઓ અમો સઘળાના બાદશાહ, લડાઈના વખતે તમોએ પોતાને વશમાં શા માટે ન રાખ્યા ?"

૨૪૬૯ એટલા માટે કે ગેરરસ્તે દોરવાએલો (જીવ) તમારી વધુ નજીક આવે અને કે તમો એક નાના હુમલાથી પણ તેનો નાશ કરી શકો.

૨૪૭૦ બેફામ દોડ અને ઉતાવળ સેતાનનો પ્રપંચ છે, ધીરજ અને ગણત્રી ખુદાની દયા છે.

૨૪૭૧ તે (ગધેડો) ઘણો દુર હતો અને હુમલો જોયો અને ભાગી છુટયો, તમારી નબળાઇ સ્પષ્ટ બની છે અને તમારૂં પાણી ઢોળાઇ ગયું છે."

૨૪૭૨ તેણે (સિંહે) જવાબ આપ્યો, " મેં વિચાર્યું કે મારૂં જોર ફરીવાર મળી ગયું છે. હું જાણતો ન હતો કે હું આટલો બધો કમજોર છું."

૨૪૭૩ વધુમાં, મારી ભુખ અને તંગી તેની હદ વટાવી ગઈ હતી, ભુખમરા અંગે મારી ધીરજ અને સમજણ ગુમાવાઈ હતી.

૨૪૭૪ જો તમારી યુકિત-પ્રયુકિત (વાપરવાથી) તેને પાછો બોલાવો અને ફરી એકવાર

૨૪૭૫ તો હું તમારો ઘણોજ આભારી થઈશ, સખત કોશીશ કર, બનવાજોગ છે કે તમો
ચાલુચ્ચાઈથી તેને લઈ આવશે."

૨૪૭૬ શિયાળે કહ્યું, "હા, જો ખુદા મને મદદ કરશે અને તેના દિલ ઉપર આંધળાપણાની
એક મહોર મારશે.

૨૪૭૭ તો પછી તે ભયંકરતા ભુલી જશે જે તમને જોતાં અનુભવી હતી. આ તેની
અકકલહિનતાની વિરોધી બનશે નહિ.

૨૪૭૮ પણ જ્યારે હું તેને પાછો લાવું ત્યારે (તેના તરફ) તમો દોડતા નહિ, રખેને વધુ
પડતી ઉતાવળથી ફરીવાર ત્યારે તમો તેને ખોઇ બેસો.

૨૪૭૯ સિંહે જવાબ આપ્યો, "હા, અનુભવથી મને માલમ પડ્યું છે કે હું ઘણો બિમાર
છું અને કે મારી કાયા અસ્થિર બની છે.

૨૪૮૦ જ્યાં સુધી ગધેડો તદ્દન નજીક નહિ આવે ત્યાં સુધી હું હલીશ નહિ, હું અવાજ
વગર ઉંઘવાની હાલતમાં રહીશ.

૨૪૮૧ (ત્યારબાદ), શિયાળ રવાના થયો, "કહે, ઓ બાદશાહ, પ્રાર્થના કરો કે એક મોટું
બેધ્યાનપણું તેની સમજણને ઢાંકી દે.

૨૪૮૨ ગધેડાએ પેદા કરનાર પાસે પશ્ચાતાપની પ્રતીજ્ઞાઓ કરી હતી (અને નક્કી કર્યું હતું કે)
કે તે કોઇપણ નકામા માણસથી છેતરાએલો બનશે નહિ.

૨૪૮૩ અમો અમારી વ્યક્તિઓથી તેના વચનોને ભાંગી નાખશું (કારણ કે) અમો સમજણ
(ખુદાથી) મોટી બઇયત કરેલાઓના દુશ્મન છીએ.

૨૪૮૪ ગધેડાનું માથું અમારા બચ્ચાઓ માટે એક દડો છે, તેનો વિચાર અમારા માટે
એક દડો છે, તેનો વિચાર અમારા માટે છેતરામણીની રમત છે.

૨૪૮૫ સમજણ કે જે શનિ ગ્રહના બદલાવાથી જેને અસર થએલી છે તેની સર્વમય
સમજણની દ્રષ્ટિમાં કોડીની કિંમત નથી.

૨૪૮૬ તે શનિ અને બુધના ગ્રહથી જાણીતું બનાવાયું છે, અમો કૃપાળુ પેદા કરનારની
દાનશીલતાથી (સર્વમય સમજણના) ભાગો છીએ.

૨૪૮૭ અમારા અસલ માર્ગદર્શિકાના લેખમાં છે, તેણે માણસને શીખવ્યું, "અમારું ધ્યેય
"ખુદા સાથેના જ્ઞાનનું છે."

૨૪૮૮ અમો પેલા ભવ્ય સુર્યની પ્રકૃતિની વસ્તુ છીએ, તેના કારણ અમો બુમ પાડીએ છીએ,
"અલ્લહમ્દલિલ્લાહ" સર્વ વખાણ ખુદાનાં છે.

૨૪૮૯ (શિયાળે કહ્યું) જો કે તે (ગધેડો) અનુભવ ધરાવે છે, તેમ છતાં એક સો અનુભવો
(મારી) આ પ્રપંચી ચર્ચાથી ભુક્કો બનશે.

૨૪૯૦ બનવા જોગ છે કે પેલો નબળી પ્રકૃતિવાળો પશ્ચાતાપનું પોતાનું (વચન) તોડશે અને
પોતાના કસમ તોડવાનું ખરાબ કિસ્મત તેના ઉપર સરસાઇ ભોગવશે.

ધ્યેય → ખુદા સાથેના જ્ઞાનનું છે."

સમજાવવું કે 'બઈયત' અને પશ્ચાતાપના (કસમ)નું ખંડન એ મુસીબતનું કારણ છે નહિ, તે ગુફ્રાના પરિવર્તનનું કારણ છે જેમ 'સબાપ'ના અનુયાયીઓનું કારણ છે, (કે જેઓ) હ. ઈસા (અ.સ.)ની તકતીના (ચમત્કારી હુકમ માન્યા નહિ,) કારણ કે (ખુદાએ કહ્યું તે) "અને તેણે તેમને વાંદરા અને હુક્કરમાં ફેરવ્યા" અને આ કોમની અંદર (માત્ર) આત્માના ગુણનું પરિવર્તન છે, પણ કયામતના દિવસે આત્માના રૂપને કાયા આપવામાં આવશે.

૨૪૯૧ એક 'કરાર' અને પશ્ચાતાપના વચનોનું ખંડન અંતમાં શાપનું કારણ બને છે.

૨૪૯૨ 'સબાપુ'ના અનુયાયીઓથી પશ્ચાતાપના કસમોનું ખંડન તેઓના રૂપનું પરિવર્તન અને નાશ અને અણગમાનું કારણ બન્યું.

૨૪૯૩ તેથી ખુદાએ પેલા લોકોને વાંદરામાં ફેરવ્યા, જ્યારે કે તેઓએ ખુદા સાથેની તેમની 'બઈયત' બળવાખોરીથી તોડી હતી.

૨૪૯૪ આ કોમમાં કાયાના રૂપનું પરિવર્તન કદી થયું ન હતું, પણ આત્માના ગુણનું પરિવર્તન થયું હતું. નિરખવાથી વિમુશીત બનેલા આદમી,

૨૪૯૫ જ્યારે તેનો આત્મા વાંદરી આત્મા બને છે, ત્યારે તેની માટી (કાયા) વાંદરી આત્માથી ભ્રષ્ટ બની છે.

૨૪૯૬ ગધેડો તેના (શારીરિક) આકારથી ભ્રષ્ટ બને, જો તેના આત્માએ ગુણ કે જે અનુભવમાંથી મેળવ્યો છે તે ગુણ ધરાવતો ન હોય !

૨૪૯૭ (ગુફ્રાના) સાથીદારોના કુતરાને એક સારી વર્તણુંક હતી, શું તેના (શારીરિક) આકારના કારણે તે હલકો હતો ખરો ?

૨૪૯૮ સબાપના અનુયાયીઓએ બહારના રૂપનું પરિવર્તન ભોગવ્યું. એટલા માટે કે લોકો જાહેર રીતે તેમની શરમજનક પડતી નિહાળે.

૨૪૯૯ પશ્ચાતાપના કસમો તોડવા થકી બીજા એક લાખ ગમારો અને ગધેડાઓ બન્યા છે.

શિયાળ એક બીજી વખત ભાગી ગએલા ગધેડાની નજીક ગયો એટલા માટે કે એક વધુ વખત તે તેને છેતરે.

૨૫૦૦ પછી શિયાળ ઉતાવળથી ગધેડા તરફ આવ્યો, ગધેડાએ કહ્યું. "એ કે તારા જેવાં એક દોસ્તથી ખબરદાર રહેવું જોઈએ.

૨૫૦૧ (એ) અધમ જનાવર, મેં તારૂં શું (બુરૂં) કર્યું હતું કે તું મને એક અજગરની રૂબરૂમાં લાવ્યો ?

૨૫૦૨ તારી હલકટ પદ્ધતિ સિવાય મારી જીંદગી તરફની તારી દુશ્મનીનું બીજું કારણ શું હોય ?

૨૫૦૩ એક વીંછી કે જે માણસના પગને તેની તરફથી કાંઈપણ ઈજા ન થઈ હોવા છતાં કરડે છે.

૨૫૦૪ અથવા એક સેતાનની માફક કે જે આપણા આત્માઓનો શત્રુ છે જો કે કાંઈપણ અડચણ કે ઇજા આપણા તરફથી તેના ઉપર પડી નથી.

૨૫૦૫ નહિ, પણ તે સ્વાભાવિક રીતે ઇન્સાની આત્માનો પ્રતિસ્પર્ધી છે અને માણસના નાશ તરફ આનંદ પામે છે.

૨૫૦૬ જો કોઈ પણ ઇન્સાની હસ્તિના પીછા પકડવામાંથી કદી પણ હટતો નથી. તે પોતાની હલકી પ્રકૃતિ અને ગુણો કેમ છોડી દે?

૨૫૦૭ કારણ કે, કાંઈપણ કારણ વગર તેનું જરૂરી હાડવેર અન્યાય અને જુલમ આચરવા તેને ખેંચે છે.

૨૫૦૮ તે ચાલુ રીતે તને એક વિશાળ તંબુએ આમંત્રણ આપે છે એટલા માટે કે તે તને એક આડીમાં ફગાવી દે.

૨૫૦૯ કહે, 'આવી આવી એક જગ્યાએ એક પાણીની ટાંકી અને (ઘણા) ગરાઓ છે, કે તેને ટાંકીમાં માથાભર ફગાવે.

૨૫૧૦ પેલા શાપીતે આદમ (અ. સ.)ને તેની પ્રેરણા અને આંતરિક દૃષ્ટિ હોવા છતાંએ દુઃખ અને હલકાઇમાં પાડી નાખ્યા.

૨૫૧૧ હ. આદમ (અ. સ.)થી તેને અગાઉ ખોટી રીતે કાંઈ પણ આપવામાં આવ્યું ન હતું છતાં (તેમને તેણે તકલીફમાં નાખ્યા).

૨૫૧૨ શિયાળે જવાબ આપ્યો, 'તે જાદુનો એક મંત્ર હતો કે જે તમારી આંખમાં એક સિંહ જેવો દેખાયો.

૨૫૧૩ નહિતર હું તમારા કરતાં કાયામાં વધુ દુબળો છું. અને હું ત્યાં રાત્રી અને દિવસ હંમેશાં ત્યાં ખાઉં છું.

૨૫૧૪ જો તે (જાદુગરે) પેલી જાતનો એક મંત્ર ન શોધ્યો હોત તો દરેક ભૂખે મરતા (જનાવર) ત્યાં દોડી ગયાં હોત.

૨૫૧૫ એક અનાજ વગરની દુનિયામાં, હાથીઓ અને ગેંડાઓથી ભરપુર, એક મંત્રના (રક્ષણ વગર) હરિયાળા ચરાણ કેમ બાકી રહ્યાં હોત?

૨૫૧૬ અરેઅર, સુચના આપવાની ખાતર હું તને કહેવા માગું છું કે પેલા જેવી ભયંકર વસ્તુ જુઓ તો બીતા નહિ.

૨૫૧૭ પણ હું (આ) જ્ઞાન તમને કહેતાં ભુલી ગયો, કારણ કે તમારા કારણે વધુ પડતી દયા અને દિલગીરીથી નિરૂપાય બન્યો હતો,

૨૫૧૮ મેં તમને અકરાંતિયાપણાથી ભુખ્યા અને ખોરાક વગરના જોયા (તેથી) મેં ઉતાવળ કરી કે તમો ઇલાજ મેળવી શકો.

૨૫૧૯ નહિતર મેં મંત્રથી તમોને માહિતગાર કર્યા હોત, તે (સિંહ) માત્ર ભ્રાન્તિકારક છે તે (કાંઇ બરેબરી) કાયા નથી.

ગધેડાનો શિયાળને જવાબ આપવો.

૨૫૨૦ ગધેડો ખુમ પાડી ઊઠ્યો, 'સાંભળ ઓ દુશ્મન ચાલ્યો જા, મારી નજીકથી ચાલ્યો જા. ઓ કઢંગા, કે જેથી હું તારો ચહેરો જોઉં નહિ!

૨૫૨૧ ખુદા કે જેણે મને હલકટ નથી બનાવ્યો, (તેણે) તારા કદરૂપા ચહેરાને ઘૃણાજનક અને નિર્લજ્જ બનાવ્યો છે.

૨૫૨૨ તું મારી પાસે કયા મોઢે આવ્યો છે? ગેંડાને તારા જેવી સખત ચામડી છે જ નહિ.

૨૫૨૩ તેં દેખીતી રીતે મારા જીવનનું લોહી વહેવરાવવા કોશીષ કરી, કહીને કે, હું તમોને હરિયાળા ચરણ તરફ દોરવી જઈશ.

૨૫૨૪ કે જેથી મેં અઝરાયલનો ચહેરો નિહાળ્યો, (હવે) ફરીવાર તમો લુચ્ચા અને ખુશામતખોર સૂચનો લાવ્યા છો?

૨૫૨૫ જો કે હું ગધેડાઓ તરફ અથવા એક ગધેડા (મારા પોતા) માટે નામોશી છું. (છતાં) હું જીવન ધરાવું છું. મને એક અપુર્વ આત્મા છે. હું આ મિથ્યા ચર્ચા કેમ કબુલ કરું?

૨૫૨૬ મેં જોએલ દયાહિણ ભયંકરતા જો એક બચ્ચાએ પણ જોઇ હોત તો તે તુર્તજ બુદ્ધું બન્યું હોત.

૨૫૨૭ દિલ અને આત્માથી વંચિત પેલી ઋનુની હસ્તિની ધાસ્તીથી મેં મારા પોતાને પર્વતમાંથી માથાભેર ફગાવ્યો.

૨૫૨૮ મારા પગો ધાસ્તીથી બંધાએલા બન્યા જેવો કે મેં પેલો ઘાતકી વાવંટોળ (મારા અને તેના વચ્ચે કાંઇ પણ) અડચણ વગર જોયો.

૨૫૨૯ મેં ખુદાને વચન આપ્યું, ખુમ પાડીને કે, 'ઓ કીર્તિવંત, આ બંધનમાંથી મારા પગો જરૂર છુટા કર.

૨૫૩૦ કે જેથી હવે પછી કોઇનું પણ પ્રલોભન સાંભળું નહિ. હું વચન આપું છું, ઓ! મદદ કરનાર, હું કસમ ખાઉં છું (કે હું સાંભળીશ નહિ).

૨૫૩૧ આથી ખુદાએ મારી પ્રાર્થના અને નમ્ર વિનંતી અને (વગોવણીની) નિશાનીથી મારા પગો છુટા કર્યા.

૨૫૩૨ નહિતર ઋનુની સિંહે મને પકડી પાડ્યો હોત, એક સિંહની પકડમાંથી એક ગધેડો કેમ છુટી શકે?

૨૫૩૩ 'ઓ હલકટ સાથી કે જે તગો છો હવે જંગલના સિંહે મને છેતરવાનાં ઈરાદાથી ફરીવાર મારી પાસે મોકલેલ છે!

૨૫૩૪ ખુદાની પવિત્ર હુજુર પુરનુર, માલિકથી (મેં કસમ ખાધા) કે પેલો એક અનિષ્ટકારી સરપ એક અનિષ્ટકારી દોસ્ત કરતાં વધુ સારો છે.

૨૫૩૫ એક અનિષ્ટકારી સરપ કે જે માણસને કરડે છે તેમાંથી એક આત્મા (જીવન) હણે છે, અનિષ્ટકારી દોસ્ત અનંત કાળની અગ્નિમાં તેને ઉપાડી જાય છે.

૨૫૩૬ તારું દિલ તારા સાથીમાંથી મનોવૃત્તિમાંથી ગુપ્ત રીતે કોઇ પણ બોલચાલે કે તેના હિસ્સે વાણી વગર ચોરી લ્યે છે.

૨૫૩૭ જ્યારે તે પોતાનો પડછાયો તારા ઉપર નાખે છે ત્યારે વગર સિદ્ધાંતવાળો તારામાંથી તારા સિદ્ધાંતો ચોરી જાય છે.

૨૫૩૮ જો તારી સમજણ એક ઝનુની અજગર જેવી મજબુત બની છે; તો પણ જાણ કે હલકટ સાથી તારી સમજણનો નાશ કરનાર છે.

૨૫૩૯ તેના થકી તારી સમજણની આંખ આંધળી બને છે, તેની કપટી અસર તને રૂહાનીયત રીતે મરેલો બનાવે છે.

શિયાળનો ગધેડાને જવાબ

૨૫૪૦ શિયાળે કહ્યું, 'મારા ચોકખા દાવમાં કચરો છે જ નહિ. પણ કલ્પનાના આભાસો મોટા છે,

૨૫૪૧ ઓ ભોળાભાઈ, આ બધી તારી કલ્પના છે, કારણ કે મને તારા વિરુદ્ધ વેરઝેર અને અદાવત છે જ નહિ.

૨૫૪૨ તમારી ખોટી કલ્પનાની (દ્રષ્ટિમાં) મને નિહાળો નહિ, તમે તમારા પ્રેમીઓ વિરૂદ્ધ હલકટ વિચારો શા માટે સંઘરી રાખો છો?

૨૫૪૩ વિશ્વાસુ વિષે સારો વિચાર કરો, ભલે પછી દેખાવમાં તેમના તરફથી બદવ્યવહાર આવે.

૨૫૪૪ જ્યારે આ હલકટ વિચાર અને કલ્પના દેખાડાય છે ત્યારે તે એક બીજાથી એક લાખ દોસ્તોને જુદા પાડે છે.

૨૫૪૫ જો એક પ્રેમાળ (દોસ્ત) અન્યાયથી વર્ત્યો છે અને (એકની વફાદારીની) કસોટી કરી છે તો (તેના માટે) હલકા વિચાર અટકાવવા સમજદારીની જરૂરત છે.

૨૫૪૬ વ્યક્તિગત રીતે, હું કે જેને એક હલકી ખ્યાતિ છે (તમારી બાબતમાં) હલકી પ્રવૃત્તિનો નથી, જે તમોએ જોયું તે બરાબ ન.હતું, તે (માત્ર) જાદુઇ મંત્ર હતો.

૨૫૪૭ અને જો, અનુમાનિતપણે, પેલો (મારો) ઈરાદો હલકો હતો (છતાં) દોસ્તો આવી ભુલો માફ કરે છે.

૨૫૪૮ કલ્પનાની દુનિયા અને બીક અને આશાના આભાસ (શુદ્ધાર્થના રસ્તા ઉપર) ચાલનારા મુસાફરો માટે એક મોટી અડચણ છે.

૨૫૪૯ આ ચિત્ર બનાવતા તરંગના ચિત્રો (આભાસો) એક પહાડ જેવા અડગ હ. ઈબ્રાહિમ બલીલુલ્લાહ જેવા માટે પણ નુકશાનકારક હતા.

૨૫૫૦ મહાન ઇબ્રાહિમ બલીલુલ્લાહે કહ્યું "આ મારો માલિક છે" જ્યારે તેઓ કલ્પનાની દુનિયામાં પડ્યા.

૨૫૫૧ પેલો પુરૂષ કે જેણે ગહન અને વિશ્વાસ ઉત્પન્ન કરનારૂં અર્થઘટન કર્યું ત્યારે ગ્રહનો અર્થ આમ કર્યો.

૨૫૫૨ (કે) કલ્પનાની દુનિયા અને આંખે પાટા બાંધતા આભાસે આવા એક (ડહાપણના) પર્વતને મુળમાંથી ઉખેડી નાખ્યો.

૨૫૫૩ કે જેથી શબ્દો, "આ મારો માલિક છે" તેનાથી ઉચ્ચારાયા (તો પછી) એક કલહંસ અને ગધેડાની બાબતમાં શું બનવું જોઇએ ?

૨૫૫૪ એક પર્વત જેવડી મજબુત સમજણ આભાસના પાણીના ચકરાવા અને કલ્પનાના સમુદ્રમાં ડુબાડવામાં આવી છે.

૨૫૫૫ આ પ્રલયથી પર્વતો પણ શરમમાં મુકાયા, હ. નૂહ. (અ. સ.)ની ધરતી સિવાય જરા જેટલી પણ સલામતી ક્યાં છે !

૨૫૫૬ આ આભાસથી, કે જે એક લુટારાની માફક 'ઈમાન'નો રસ્તો મોટી સંખ્યામાં રહી લુંટે છે, (સત્ય) દીનના અનુયાયીઓ બોંતેર ફિરકામાં વહેંચાએલા બન્યા છે.

૨૫૫૭ પાકા ઈમાનનો આદમી કલ્પના અને આભાસમાંથી મુક્ત કરાયો છે, તે પાંપણના એક વાળને બીજનો ચંદ્રમા કહી બોલાવશે નહિ.

૨૫૫૮ જ્યારે કે તેને હ. ઉમરના (રૂહાનીયત) પ્રકાશ જેટલો મોટો ટેકો નથી તે પાંપણના વાંકા વાળથી છેતરાયો છે.

૨૫૫૯ એક લાખ શેહ પમાડનાર પ્રચંડ વહાણો કલ્પનાના સમુદ્રોમાં પાટીયામાં વેરવિખેર બન્યાં છે.

૨૫૬૦ (તેમનામાં) અતિઅલ્પ અંશે ઉત્સાહી અને યુક્તિબાજ ફિરઔન (છે), તેનો ચંદ્રમા કલ્પનાના આવાસમાં ઘણુ થએલો હતો.

૨૫૬૧ એક આભાસના ગુલામ બનવાના અંતઃકરણવાળું કોઈ હોતું નથી અને કોઈપણ બીજામાં તે હોવાનું જાણી જાય છે, તે પોતામાં પણ હોવાની શંકા કરે છે.

૨૫૬૨ જ્યારે કે તારી પોતાની કલ્પના તને અસ્થિર મગજનો રાખે છે ત્યારે શા માટે બીજની કલ્પનાની આજુબાજુ તું ચકરાવો લ્યે છે !

૨૫૬૩ હું મારા પોતાના અહમ સામે લાચાર છું તો પછી તું મને તારા રૂહાની શિક્ષક અને માર્ગદર્શક જેમ વર્તવા શા માટે ધારણા રાખે છે ?

૨૫૬૪ હું મારા ખરા અંતઃકરણથી એક કે જે અહમથી પર છે તેને શોધું છું. કે હું તેના ભલા ભેટ માટે એક દઢો બનું.

૨૫૬૫ વાસ્તવમાં હરકોઈ જે અહમ વગરનો બન્યો છે તે સઘળું અહમ જ છે જ્યારે તેને પહેલાથી પ્રેમ નથી થયો ત્યારે તે તેઓ (બધાથી) ચાહેલો બન્યો છે.

૨૫૬૬ (જ્યારે) એક આરસી પ્રતિકૃતિઓથી વંચિત છે, ત્યારે તે ભપકો મેળવે છે, કારણ કે (પછી) તે બધી પ્રતિકૃતિઓનું દર્પણ છે.

ગઝનાના શેખ મહમ્મદ સર્રાઝી (ર.અ.)ની કહાણી.

૨૫૬૭ ગઝનામાં એક ત્યાગી હતો, (અધ્યાત્મ વિદ્યાના) જ્ઞાનમાં ભરચક, તેનું નામ મહમ્મદ અને તેનો લકબ સર્રાઝી હતો.

૨૫૬૮ તેઓ દરેક રાત્રીના પોતાનો રોજ્જો દ્રાક્ષના વેલતંતુથી છોડતા. તેઓ સાત વર્ષો સુધી ચાલુ રીતે એક શોધખોળમાં લાગેલા હતા.

૨૫૬૯ તેઓએ અસ્તિત્વના બાદશાહમાંથી ઘણી અદ્‌ભુત વસ્તુઓનો અનુભવ કર્યો, પણ તેમનો ધ્યેય 'બાદશાહ'ની ખુબસુરતી નિહાળવાનો હતો.

૨૫૭૦ પેલો શખ્સ કે જે પોતાથી પૂર્ણ સંતોષાયો હતો એક પર્વતના મથાળે ગયો અને કહ્યું, "જાહેર થાઓ, અથવા હું મને તળીયે ફેંકીશ."

૨૫૭૧ તેણે (ખુદાએ) કહ્યું, "પેલા સદ્‌ભાવ માટેનો વખત (હજી) આવ્યો નથી. અને જો તું નીચે પડીશ તો પણ તું મરીશ નહિ, હું તને મારી નાખીશ નહિ."

૨૫૭૨ તેઓએ (ખુદાના) પ્રેમ થકી, પોતાને નીચે ફેંક્યો, તેઓ એક પાણીની એક જગ્યાના ઉંડાણમાં પડ્યા.

૨૫૭૩ જ્યારે તેઓને માલમ પડ્યું કે તેઓ મર્યા નથી ત્યારે નિરાશાપણાના માનસિક આઘાતના કારણે પેલો શખ્સ કે જે પોતાના જીવનનો બિમાર હતો, પોતાને મૃત્યુથી છુટો પડેલો બનાવવા માટે આક્રંદ કર્યું.

૨૫૭૪ કારણ કે તેને આ ચાલુ જીંદગી મૃત્યુની હાલત જેવી લાગી, તેણે સાધારણ દ્રષ્ટિથા અવળી બાજુ લીધી.

૨૫૭૫ તે મોતને અદ્રશ્યમાંથી એક બક્ષિસ તરીકે માગતો હતો. તે બુમ પાડતો હતો, "બરેબર, મારૂં જીવન મારા મૃત્યુમાં છે."

૨૫૭૬ બીજા લોકો જીવનને કબુલ કરે તેમ તેણે મૃત્યુને કબુલ કર્યું હતું. તે પોતાના જીવનના નાશમાં ઉંડા દિલથી જોડાયો હતો.

૨૫૭૭ હ. મૌલા મુર્તુઝઅલી (અ.સ.)ની માફક, તલવાર અને ખંજર તેઓને ખુશકારક હતા, જીવનની ખુશીઓ તેમના આત્માની દુશ્મનો હતી.

૨૫૭૮ (તેમના કાન ઉપર) એક અવાજ આવ્યો, જંગલમાંથી શહેર તરફ જાઓ, એક અદ્‌ભુત અવાજ જાહેર અને બાતુનથી મર્યાદા બહારનો (તેમને સંભળાયો).

૨૫૭૯ તેઓ બુમ પાડી ઉઠ્યો, "ઓ તું કે જે મારી ગુપ્ત વાતો તેણે તમે જાણે છે, મને કહો કે શહેરમાં મારે કઈ ફરજ બજાવવાની છે?"

૨૫૮૦ તેણે (અવાજે) કહ્યું 'ફરજ આ છે, કે ખુદની વગોવણીના ઈરાદા અંગે તારે મીઠી વાણીવાળા અબ્બાસની (માફક) તને બનાવવો પડશે.

૨૫૮૧ થોડા વખત સુધી પૈસાદાર પાસેથી પૈસા લે અને પછી તેને ખૂબ ગરીબ હોય તેને વહેંચી દે.

૨૫૮૨ થોડા વખત માટે આ સેવા તારે બજાવવાની છે. તેણે જવાબ આપ્યો, ઓ તું કે જે મારા આત્માનો આસરો છો, સાંભળવું એ તાબે થવું છે.

૨૫૮૩ માણસ જાતના માલિક અને ત્યાગી વચ્ચે ઘણા સવાલો અને જવાબો અને વાતચીત ચાલી.

૨૫૮૪ આથી જમીન અને આસમાન (રૂહાનીયત) પ્રકાશથી ભરાઈ ગયાં, કે જે બધાં 'મકાલાત'માં વર્ણવવામાં આવ્યાં છે.

૨૫૮૫ હું પેલી વાતચીત દુંકાવીશ, એટલા માટે કે પેલો દરેક કિંમત વગરનો પુરૂષ (આવા) ગુઢાર્થો સાંભળે નહિ.

શેખ ઘણા વર્ષો બાદ જંગલમાંથી ગઝનાના શહેર તરફ આવ્યા અને એક (ભિખારી માફક) અદ્રષ્યમાંના હુકમની તાબેદારીમાં આજુબાજુ ભાગદી ફેરવવા માંડી અને (પૈસા અને ખોરાક) જે ભેગા કરવામાં આવતા હતા તે ગરીબોની વચ્ચે વહેંચી આપતા, જ્યારે હરકોઈ લબ્ધપ્રતિષ્ઠની કીર્તિનો આત્મા ધરાવે છે, (તેને) પત્ર ઉપર પત્ર અને સંદેશા પાછળ સંદેશા (મોકલવામાં આવે છે) (જેમ) (જ્યારે) એક ઘરનો દરવાજો બંધ હોય છે, ત્યારે સુર્યના કિરણો, ચંદ્રમાના કિરણો અને વરસાદ અને પત્રો (અંદર આવવામાંથી) અટકતો નથી.

૨૫૮૬ પેલો (શેખ કે જે) (દૈવી) હુકમનો આજ્ઞાંકિત (હતો) તેણે પોતાનો ચહેરો શહેર તરફ ફેરવ્યો, ગઝનાનું શહેર તેના ચહેરાથી પ્રકાશિત બન્યું.

૨૫૮૭ એક (મોટું) જનતાનું ટોળું આનંદપુર્વક તેમને મળવા બહાર આવ્યું (પણ) તેઓ ઉતાવળમાં અને ચુપચુપ (શહેરમાં) પ્રવેશ્યા.

૨૫૮૮ બધા અમીર અને ઉમરાવો ઉભા થયા અને પોતાના મહેલો તેને આવકારવા માટે તૈયાર કર્યા.

૨૫૮૯ (પણ) તેમણે કહ્યું; "હું મારી જાહેરાતના (પ્રયોજનો) અંગે આવતો નથી. હું માનવતા અને ભીખ સિવાય બીજા કારણે આવ્યો નથી.

૨૫૯૦ વાતો અને વિવરણ કરવાનો મારો ઇરાદો નથી. હું મારા હાથમાં ટોપલી લઈ એક દરવાજેથી બીજે દરવાજે જઈશ.

૨૫૯૧ હું દૈવી ફરમાનનો તાબેદાર છું; કારણ કે તે બુઢાથી હુકમ થયેલો છે કે મારે એક ભીખારી બનવું, એક ભીખારી.

૨૫૯૨ હું ભીખ માગવામાં મરજી પડે તેવાં ઉચ્ચારણો વાપરીશ નહિ. સાદા ભીખારી સિવાયના રસ્તા પર ચાલીશ નહિ.

૨૫૯૩ કે હું બારીઓથી સંપૂર્ણપણે સર્વથા નિરૂપાય બની જઈશ અને ઉંચા અને નીચા પાસેથી ગાળના શબ્દો સાંભળીશ.

૨૫૯૪ મારો આત્મા ખુદાનો હુકમ છે, અને હું તેનો અનુયાયી છું, તેણે મને લોભિષ્ટ બનવાનો હુકમ કર્યો છે (કારણ કે) જે લોભ કરે છે તે હલકો છે.

૨૫૯૫ જ્યારે કે ઈન્સાફનો ધણી મારી પાસે લોભિષ્ટપણાની ઇચ્છા રાખે છે ત્યારે હવે પછી સંતોષાઈના માથા ઉપર ધુળ પડે!

૨૫૯૬ તેણે કંજુસાઈની ઇચ્છા કરી છે, ત્યારે હું કીર્તિની મોટાઈવાળો કેમ બનું? તેણે ભીખની ઇચ્છા કરી છે ત્યારે હું બાદશાહી કેમ ભોગવું?

૨૫૯૭ હવે પછી દરિદ્રતા અને બદબોઈ મારા આત્મા માટેક છે, મારા થેલામાં અભ્યાસ જેવા સિદ્ધ ભીખારીઓ છે.

૨૫૯૮ શેખ હાથમાં ટોપલી પકડીને આજુબાજુ જતો, (કહીને) કંઈક (આપો), સાહેબ, ખુદાની ખાતર કાંઈક (આપવા) તમને દૈવી ઉત્તેજના છે.

૨૫૯૯ તેના આંતરિક અનુભવો (ખુદાના) તખ્ત અને ઢાળિયા એજ કરતાં વધુ ઉંચા હતા. તેનું જાહેરી કામ (બુમ પાડવાનું) હતું "ખુદાની ખાતર કંઈક, ખુદાની ખાતર કંઈક."

૨૬૦૦ પયગમ્બરો, દરેકે દરેક તેવો જ વેપાર ચલાવતા. લોકો કે જેઓને માટે તેઓને મોકલવામાં આવ્યા તેઓ (બરેબર) કંગાળ હતા (છતાં) તેઓ (પયગમ્બરો) મદદ માગતા.

૨૬૦૧ બુમ પાડી કહેતા, "ખુદાને ધીરો, ખુદાને ધીરો, (શિબામણમાં) ઉલટી રીતે મંડ્યા રહેવા (કહેતા), "ખુદાને મદદ કરો."

૨૬૦૨ આ શેખ દરવાજે દરવાજે વિનંતી કરતો હતો (જ્યારે) બહિશ્તમાં શેખને માટે એક સો દરવાજા ખુલતા હતા.

૨૬૦૩ કારણ કે દરિદ્રતા કે જે તેણે આટલા પરિશ્રમે અનુભવી, ખુદાની ખાતર હતી. નહિ કે પોતાની અન્નનળી માટે.

૨૬૦૪ અને ભલે પછી તેણે પોતાની અન્નનળી ખાતર કર્યું તોપણ તે અન્નનળી "ખુદાના નુર'ની વધુ પડતી માંગથી વિભુશીત હતી.

૨૬૦૫ તેને જોતાં, રોટલો ખાવો અને ફળ અને મધ પીવું તે ચાલીસ દિવસના એકાંત અને એકસો દરવેશોના ત્રણ દિવસના રોજા કરતાં વધુ ઉતમ છે.

૨૬૦૬ તે "નૂર" જગે છે, તે રોટલો ખાય છે એમ ન કહેતો, તે ધુપ્પો વાવે છે (જોકે) દેખાવમાં તે (તેમના પર) પોપાય છે.

૨૬૦૭ ભડકાની માફક કે જે એક મીણબતીમાં તેલ બલાસ કરે છે, તેના ખાવા અને પીછામાં સમુહ માટે પ્રકાશનો એક વધારો છે.

૨૬૦૮ ખુદાએ રોટલા ખાવા અંગે કહ્યું છે, "નિરંકુશ બનો નહિ" 'નૂર'ના જમવા અંગે 'સંતોષી બનો 'એમ તેણે કહ્યું નથી.

૨૬૦૯ પહેલી ગળાની અન્નનળીની કસોટી બાબતમાં છે, જ્યારે આ (ભલી) અન્નનળી હદ બહારમાંથી અને વધુ પડતી માંગણીમાંથી સલામત છે.

૨૬૧૦ (શેખની બાબતમાં) તે (દૈવી) હુકમ અને આજ્ઞા અંગે હતું. નહિ કે લાલસા અને કંજુસાઇમાંથી, પેલા જેવો આત્મા લાલસાનો અનુયાયી હોતો નથી.

૨૬૧૧ જે રસાયણ જસતને કહે, "તારાપણું મને સોંપી દે," તે કંજુસાઇ અંગે નથી.

૨૬૧૨ ખુદાએ શેખને જમીનથી સાતમા આસમાન સુધીના બધા બન્દના આગળ ધર્યા હતા.

૨૬૧૩ (પણ) શેખે કહ્યું "ઓ પેદા કરનાર, હું એક પ્રેમી છું. જો હું તારા સિવાય બીજાને શોધું તો હું પાપી છું,

૨૬૧૪ જો હું આઠેય બહિશ્તોને દ્રષ્ટિમાં લાવું, અથવા જો હું દોજખની બીક અંગે તારી સેવા કરું,

૨૬૧૫ (તો પછી) હું (માત્ર) મુક્તિ શોધતો ઇમાની છું. કારણે આ બન્ને પ્રયોજનો કાયા સાથે સબંધીત છે.

૨૬૧૬ એકસો કાયાઓ પ્રેમીની આંખના એક છોડવા જેટલી પણ કીંમત ધરાવતી નથી કે જેણે ખુદાના પ્રેમમાંથી આહાર મેળવ્યો છે.

૨૬૧૭ અને આ કાયા કેજે આંતરિક દ્રષ્ટિવાળો શેખ ધરાવે છે તે કાંઇકે જુદીજ બની છે, તેને કાયા નહી બોલાવ નહિ.

૨૬૧૮ ખુદાના પ્રેમ સાથે પ્રેમમાં હોવું અને પછી એક વેતનની ઇચ્છા ! એક વિશ્વાસુ જીબ્રીઈલ (હોવું) અને પછી એક ચોર !

૨૬૧૯ લયલાના આંધળા અને વાદળી પેલા કંગાળની આંખોમાં દુનિયાની બાદશાહી એક ભાજીપાલા માફક (અર્થહીન) હતી.

૨૬૨૦ માટી અને સોનું તેની આંખોમાં સરખું હતું. સોનું તે વળી શું ? તેની પોતાની જીંદગીની પણ તેને કિંમત ન હતી.

૨૬૨૧ સિંહ અને વરૂઓ અને જંગલી જનાવરો તેનાથી પરિચિત હતા અને કુટુંબની માફક તેની આજુબાજુ ભેગા થતા હતા.

૨૬૨૨ (જાણતા હતા) કે આ માણસ જનાવરીથી સંપૂણપણે શુદ્ધ બન્યો હતો. પ્રેમથી સભર છે અને કે તેની ચરબી અને માંસ (તેમના માટે) ઝેરી છે.

૨૬૨૩ જંગલી જનાવરો માટે સમજણ વેરેલ મિઠાઈઓ ઝેર છે. કારણ કે પેલા માટે જે લાભકર્તા છે, તે હલકટ છે તેના માટે વિરોધી છે.

૨૬૨૪ જંગલી જનાવરમાં પ્રેમીનું માસ ખાવાની હિંમત નથી, પ્રેમ ભલા અને બુરા બન્નેથી બનેલો છે.

૨૬૨૫ અને જો જંગલી જનાવર પરવલયી પણ હડપ કરે તો પ્રેમીનું માંસ ઝેર બનશે અને તેને મારી નાખશે.

૨૬૨૬ પ્રેમ સિવાય બીજું બધું પ્રેમથી હડપ થાય છે, પ્રેમના નાક પાસે બન્ને દુનિયા એક માત્ર દાણા સિવાય કાંઈ નથી.

૨૬૨૭ એક દાણો કદી એક પંખીને હડપ કરે? ગમાણુ ઘોડા ઉપર નહિ બરી?

૨૬૨૮ (ખુદાની) સેવા કર કે કદાચ તું એક પ્રેમી બને. (ભક્તિભાવમય) સેવા (પ્રેમ) મેળવવાનું નિમિત્ત સાધન છે, તે અસર ઉપજાવે છે.

૨૬૨૯ (ખુદાઈ) દાસ દુન્યવી) માલમિલકતમાંથી મુકત બનવાની ઈચ્છા કરે છે, (ખુદાઈ) પ્રેમી વધુવાર મુકત બનવાની ઈચ્છા કરતો નથી.

૨૬૩૦ **ચાકર હંમેશાં માનનો પોષક અને વેતન શોધે છે, પ્રેમીના બધા માનના પોષાકો "પ્રિયતમના દિદાર" છે.**

૨૬૩૧ પ્રેમ વાણીમાં અને સાંભળવામાં સમાતો નથી, પ્રેમ એક સાગર છે જેની ઉંડાઇ અગાધ છે.

૨૬૩૨ સમુદ્રનાં ટીપાંઓ ગણી શકાતાં નથી. સાતેય સમુદ્રો પેલા સાગરની સરખામણીમાં તુચ્છ છે.

૨૬૩૩ આ વિવરણનો અંત નથી, ઓ વાંચનાર, વખતના શેખની કહાણી તરફ પાછો ફર.

(આખરાત) " તારા સિવાય ન હોત તો મેં આસમાનો પેદા કર્યા ન હોત- ના અર્થ ઉપર વિવરણ.

૨૬૩૪ આના જેવો એક શેખ ગલીએ ગલીએ ફરતો યાચક બન્યો. પ્રેમ બેપરવા છે, ખબરદાર થા!

૨૬૩૫ પ્રેમ એક કીટલીની માફક સમુદ્રને ઉકાળે છે, પ્રેમ પર્વતને રેતીની માફક ભુકો કરે છે.

૨૬૩૬ પ્રેમ આસમાનને એકસો કટકાઓમાં ચીરે છે, પ્રેમ અવાસ્તવિકપણે જમીનને ધ્રુજતી બનાવે છે.

૨૬૩૭ પવિત્ર પ્રેમ હ. મુહમ્મદ (ર. સ. અ.)થી જોડાએલો હતો. પ્રેમના કારણે જ ખુદાએ તેમને કહ્યું. " માત્ર તારા માટેજ."

૨૬૩૮ જ્યારે કે તેઓ એકલા જ પ્રેમમાં અંતિમ લક્ષ્ય હતા, તેથી ખુદાએ (બીજા) પયગમ્બરો- માંથી તેમને જુદા તારવ્યા.

૨૬૩૯ (કહીને) જો તે પવિત્ર પ્રેમના કારણ માટે ન હોત તો મેં આસમાનો ઉપર એક અસ્તિત્વની નવાજીશ કેમ કરી હોત?

૨૬૪૦ મેં ઉંચે અવકાશી ગોળાઓ ઉત્પન્ન કર્યા છે, કે તમો પ્રેમની પરાકાષ્ઠા નિહાળો.

૨૬૪૧ બીજા ફાયદાઓ અવકાશી વાતાવરણમાંથી આવે છે. તે એક ઈંડા માફક છે. (જ્યારે) આ (ફાયદાઓ) બચ્ચાંની માફક પરિણામ રૂપ છે.

૨૬૪૨ મેં પૃથ્વીને તદ્દન સાદી બનાવી છે કે જેથી તમો પ્રેમીઓના સાદાપણામાંથી કાંઇક મંતવ્ય મેળવો.

૨૬૪૩ અમોએ જમીનને લીલી અને તાજી બનાવી છે કે જેથી તમો દરવીશના (રૂહાનીયત) બદલાએલા ગુણધર્મોથી વાકેફગાર બનો.

૨૬૪૪ આ સ્થિર રખાએલા પર્વતો પ્રેમીઓની સ્થિરતાની હાલતનું તને નિર્દેશન કરાવે છે.

૨૬૪૫ જો કે પેલી (હાલત) એક વાસ્તવિકતા છે, જ્યારે આ નિદર્શન માત્ર એક પ્રતિક છે. એ પુત્ર, તે કે જે રજુ કરે છે તે તેને તારી સમજણની વધુ નજીક લાવે.

૨૬૪૬ તેઓની સરખામણી તનના દુઃખના કાંટા (માફક) છે, (વાસ્તવિક રીતે) તેમ નથી, પણ તેઓ તમારું ધ્યાન દોરવાના નિમિત્ત ખાતર આમ કરે છે.

૨૬૪૭ જ્યારે તેઓ એક સખત દિલને 'પત્થરાળ' કહીને બોલાવે છે ત્યારે તે (હકીકતમાં) અપાત્ર હતું (પણ) તેઓએ તેને સરખાવવા જેવું બનાવ્યું.

૨૬૪૮ (સરખામણીની) પેલી (વસ્તુ) મુળ બનાવટ અકલ્પનીય છે. માનસિક ખ્યાલ સંબંધી તારી સમજણ ઉપર દોષમુકતે (મુળ બનાવટે) નહિવતપણાને નકાર્યું છે તેમ નિહાળતો નહિ.

શેખ અદ્દબ્રમાંના સુચન તરફ તાબેદારીમાં યાચનાના ઇરાદે અમુક અમીરના ઘરે એક દિવસમાં ચાર વખત પોતાના હાથમાં છાબડી સાથે ગયા અને તેમની ઉદ્ધતાઇ માટે અમીરે તેમને ઠપકો આપ્યો અને તેમણે અમીરની કેમ માફી માગી, તે વિષે.

૨૬૪૯ એક દિવસે શેખ એક અમીરના મહેલે ચાર વખત ગયા; એટલા માટે કે એક દરવેશની માફક યાચના કરે.

૨૬૫૦ પોતાના હાથમાં એક ટોપલી (સાથે) ઘુમ પાડતા, "ખુદાની ખાતર કાંઇક આપો, આત્માના પેદા કરનાર એક રોટલાનો ટુકડો શોધે છે"

૨૬૫૧ એ પુત્ર, તે તર્કથી તદ્દન વિપરીત છે, તે સર્વમય સમજણને પણ અસ્થિર મગજવાળી બનાવે છે.

૨૬૫૨ જ્યારે અમીરે તેમને જોયા, તેણે તેમને કહ્યું, 'ઓ અવિચારી આદમી, હું તમને કંઇક કહીશ, (પણ) મારા ઉપર કંજુસનું નામ લગાડતો નહિ.

૨૬૫૩ આ કેવી કઠોર અને નફટાઈ અને ઉદ્ધત વર્તણુંક છે કે તમો અહીં એક દિવસમાં ચાર વખત આવ્યા?

૨૬૫૪ (ઓ) શેખ, અહીં તમારાથી કોણ બંધાયો છે? મેં કદી પણ તમારા જેવો અશક્ત યાચક જોયો નથી.

૨૬૫૫ તમોએ યાચકોનું માન અને સ્વમાન ઉઠાવી લીધું છે, કેવાં ધિક્કાર ઉપજાવનારાં કાલાવાલાં, શું અભ્યાસ (ખુદની) કિંમતનાં, આવો જ છે?

૨૬૫૬ મધુર વાણીવાળો અભ્યાસ (માત્ર) તમારો ચાકર છે, કોઈ પણ 'મુલહિદ'ને આવો કંગાળ આત્મા ન હોજો!

૨૬૫૭ તેમણે જવાબ આપ્યો, 'ઓ અમીર, હું (દૈવી) હુકમનો તાબેદાર છું. ચુપ રહો! તમો મારા આંતરિક અગ્નિથી માહિતગાર નથી. આટલા બધા ઉકળો નહિ.

૨૬૫૮ જો મને મારામાં રોટલા માટેની જરા પણ કંજુસાઈ માલમ પડી હોત તો મેં રોટલો ખાતું મારું ઉદર ફાડી નાખ્યું હોત.

૨૬૫૯ સાત વર્ષો દરમ્યાન, પ્રેમનો આવેશ કે જે કાયાને પકાવે છે, મેં જંગલમાં દ્રાક્ષનાં પાંદડાંઓ સિવાય બીજું કશું ખાધું નથી.

૨૬૬૦ કે જેથી, સુકાં અને લીલાં પાંદડાં ખાવા અંગે, મારો આ શારિરીક રંગલીલામાં ફેરવાયો છે.

૨૬૬૧ જ્યાં સુધી તમો માંસના બંધનના પડદામાં હો, ત્યાં સુધી ખુદાના પ્રેમીઓ ઉપર ઉપેક્ષાપૂર્વક જોતા નહિ.

૨૬૬૨ સતેજ સાણસો કે જેઓએ પોતાના વાળો વીંખ્યા છે અને ખરા અંતઃકરણે અભ્યાસ કર્યો છે (અને) ખગોળવિદ્યાના સત્વો નિહાળ્યાં છે,

૨૬૬૩ અને મંત્રો અને જાદુ અને (કુદરતી) ફિલસુફીનાં વિજ્ઞાનો, અને ભલે પછી તેઓ આ વિજ્ઞાનો ખરા જ્ઞાનથી જાણુતા પણ ન હોય,

૨૬૬૪ છતાં તેઓ એ શકયપણે જાણી શકે ત્યાં સુધી તે જાણુવાની સખત કોશીષ કરી છે, અને પોતાના બધા પ્રતિસ્પર્ધીઓને પાછળ રાખી દીધા છે.

૨૬૬૫ **પ્રેમ અદેખો હતો અને તેમનામાંથી ખેંચી લેવાયો, આવો એક (પ્રગટ) સુર્ય (ઈમાને મુબીં) તેઓને અદૃષ્ય બન્યો.**

૨૬૬૬ **(મને અજાયબી થાય છે કે) આવો એક સુર્ય આંખના પ્રકાશમાંથી પોતાનો ચહેરો પાછો ખેંચે ખરો કે જે દિવસના ભાગમાં (પણ) એક એક તારો નિહાળે છે.**

૨૬૬૭ આ (નિંદા છોડી દે. ધ્યાન દઈ સાંભળ, મારી સલાહ કબુલ કર, ખુદાના પ્રેમીઓને પ્રેમની આંખ વડે નિહાળ,

૨૬૬૮ તેઓની રૂહાનીયત ભાવનાઓ આહલાદજનક છે અને તેઓના આત્માઓ (પ્રિયતમ માટે) તપાસમાં છે, તે પળે તેઓ તને દરગુજર કરી શકતા નથી.

૨૬૬૯ (તેઓની ખરી હાલત) સમજ, તેઓના શબ્દો ઉપર આધારીત બનતો નહિ. પ્રેમીઓના દિલોને જખમી કરતો નહિ.

૨૬૭૦ શું તમે (તેઓની) આ ઉત્કટ ભાવનાને એક હલકું મંતવ્ય આપ્યું ન હતું? (તમોએ તેમ ડહાપણ અંગે કર્યું હતું), ડહાપણ છોડતો નહિ. હંમેશા તકેદારીથી વર્તજો.

૨૬૭૧ (પણ) તે (ડહાપણ) ભલે જરૂરી અથવા સ્વીકારી શકાય તેવું અથવા હાસ્યજનક છે, છતાં આ ખોટી રીતે માથું મારનાર ડહાપણમાં આ વચલો રસ્તો લે.

શેખનો ઉપદેશ અને તેની ઇમાનદારીથી પેદા થએલી અસરે અમીનને રૂદન કરતો બતાવ્યો અને તેણે અસહ્યતા બતાવ્યા બાદ પોતાના બજાનામાં સમાએલી વસ્તુઓ આપી દેવી અને પ્રલોભનમાંથી શેખનું બચી જવું અને બક્ષિશ સ્વીકારવાની ના પાડી અને કહ્યું, 'ખુદાઈ સુચનની ગેરહાજરીમાં હું કાંઇ કરી શકું નહિ.'

૨૬૭૨ તેમણે (શેખે) આમ કહ્યું અને રૂહાનીયત લાગણીઓ સાથે રૂદન શરૂ કર્યું તેના ગાલો ઉપરથી અહીં તહીં આંસુઓના રેલાઓ ઉતરતા હતા.

૨૬૭૩ તેમના દિલની સચ્ચાઈ અમીરના દિલને અસર કરી ગઈ, પ્રેમ અસંખ્ય અનંત ચમત્કારો સર્જે છે.

૨૬૭૪ પ્રેમીના દિલની સચ્ચાઇ નિર્જીવ વસ્તુ ઉપર પણ અસર કરે છે, તો પછી કઈ અજાયબી છે કે તે જ્ઞાન ધરાવનારના મન ઉપર અસર ન પાડે?

૨૬૭૫ હ. મુસા (અ. વ.)ના દિલની સચ્ચાઇએ ડોંગરા અને પર્વત ઉપર એક અસર ઉપજાવી. નહિ, બાદશાહી સમુદ્ર ઉપર પણ અસર ઉપજાવી

૨૬૭૬ હ. મુહમ્મદ (ર. સ. અ.) ના દિલની સચ્ચાઇએ ચંદ્રમાની ખુબસુરતી ઉપર એક અસર ઉપજાવી. નહિ, તેણે ચળકતા સુર્યનો રસ્તો અટકાવ્યો.

૨૬૭૭ બન્ને અમીર અને દરવેશ, સામસામે ચહેરે દિલગીરીમાં રૂદન કરવા લાગ્યા.

૨૬૭૮ થોડી વાર સુધી તેઓ ખુબ રોયા, બાદ અમીરે તેમને કહ્યું. "ઓ માનવંતા સાહેબ ઉઠો."

૨૬૭૯ અને બજાનામાંથી જે પણ તમો ઇચ્છો તે પસંદ કરો, અલબત તમો આવા એક સો બજાનાઓને પાત્ર છો.

૨૬૮૦ બજાનાનો ઓરડો તમારો છે. જે કાંઈ પણ ઇચ્છો તે પસંદ કરો. (જો કે) સત્ય કહેતાં બન્ને દુનિયાઓ (તમારી) અંદાજમાં થોડી છે.

૨૬૮૧ તેમણે જવાબ આપ્યો. "(ખુદા તરફથી) મને મારા પોતાના હાથથી આથી રીતે કાંઈ પણ ઉઠાવવાની રજા આપવામાં આવી નથી.

૨૬૮૨ હું મારી પોતાની મરજીથી એક ઘુસણીયાની માફક આવી રીતે પરાણે આવી ઉદ્ધતાઇ આચરી શકું નહિ.

૨૬૮૩ તેણે આમ દરગુજર ચાડી, અને રજા લીધી. (તેની આજ્ઞા અનુસાર વર્તવામાંથી) જે ચીજે અટકાવ્યો તે, તે હતી કે (અમીરની) ઉદારતા દિલની સચ્ચાઈની ન હતી.

૨૬૮૪ શું બાબત એમ ન હતી તે કે (ઉદારતા) બરા દિલની હતી અને અદાવત અને ક્રોધથી ભેંડાએલી ન હતી? (પણ) દરેક (જાતની) સાધારણ સચ્ચાઇ શેખના ધ્યાનમાં આવી નહિ.

૨૬૮૫ તેણે કહ્યું "ખુદાએ મને આમ હુકમ કર્યો છે, કહે, યાચક માફક જા અને એક રોટલાનો ટુકડો માગ.

"અદ્રષ્યમાંથી શેખને નીચે પ્રમાણે સુચન આવ્યું." આ બે વર્ષો દરમ્યાન અમારા હુકમથી તેં લીધું અને દીધું છે. હવે પછી આપ, પણ લેતો નહિ. હંમેશાં તારો હાથ જાજમ નીચે મુકજે. અમોએ તારા માટે અણુ હુરશ્તા થેલા માફક જાજમને બનતી બનાવી છે અને તમો જે જે પણ ઇચ્છા તે ત્યાં તમને મળશે." (આવા ચમત્કારનો હેતુ) એ છે કે દુનિયાના લોકો ઇમાન મેળવે કે આ (આ દુનિયાની) પેલે પાર દુનિયા છે, જ્યાં, તમો એક મુઠીભર માટી લઇ જશો, તે સોનાનાં ફેરવાઇ જશે. જો એક મરેલો માણસ તેમાં દાખલ થાય તો તો તે જીવતો બનશે, જો બદકિસ્મતી શનિનો ગ્રહ તેમાં દાખલ થાય તો તે સદ્ર કિસ્મતી ગુરૂનો ગ્રહ બને. જો નાસ્તિકતા તેમાં દાખલ થાય તો તે ઇમાનદારી બને, જો તેમાં ઝેર દાખલ થાય તો તે એક (ઝેરની) માફક બને, તે (પેલી દુનિયા) આ દુનિયાની બહારની બાજુ કે અંદરની બાજુ નથી, નથી ઉપર કે નથી નીચે, નથી તેની સાથે જોડાએલી કે નથી તેનાથી જુદી. તે ગુણ અને સંબંધથી પર છે. દરેક પળે હજારો નિશાનીઓ અને ઘાટો તેનાથી (આ દુનિયામાં) દેખાડવામાં આવે છે. હાથના રૂપને માર્ગદર્શિકા કળા માફક અથવા આંખનો ઘાટ ઘડવા આંખના પલકારાઓ, અથવા જીભનું રૂપ ઘડવા વાક્યપદ્ધતા, (પેલી દુનિયાનો આના સાથેનો આવો સંબંધ છે, તે અંદરની બાજુ કે બહારની બાજુએ નથી, નથી તેનાથી જોડાએલ કે નથી જુદી, એક સમજદાર ઇન્સાનને એક ઇશારો જ બસ છે.

૨૬૮૬ બે વર્ષો સુધી પેલા (ઉંચી રૂહાનીયત) પરિપૂર્ણતાના પુરુષે (યાચકનું) આ કામકાજ ચાલુ રાખ્યું, ત્યાર બાદ પેદા કરનાર પાસેથી હુકમ આવ્યો.

૨૬૮૭ હવે પછી આપવું ચાલુ રાખ, પણ કોઈ પાસેથી માગતો નહિ. અદ્રષ્ય દુનિયામાંથી અમોએ તારા ઉપર આ શક્તિ ઇનાયત કરી છે.

૨૬૮૮ હરકોઈ ગમે તેટલી રકમ એકથી એક હજાર સિક્કા માગે, તારો હાથ (અમુક) જાજમની નીચે મુકજે અને (જે તેને જોઈએ તે) પેદા કરજે.

૨૬૮૯ સાંભળ, (દૈવી) દયાના અસંખ્ય ખજનામાંથી તે તેને આપ ને, તારા હાથમાં માટી સોનું બનશે. (તેને) આપી દેજે!

૨૬૯૦ તેઓ તારી પાસે જે પણ માંગે તે આપજે, તેને માટે ગભરાન્તિ દાખવતો નહિ, બલ્કે ખુદાની દાનશીલતા દરેક કરતાં ઘણી વધારે છે.

૨૬૯૧ અમારા દાનમાં કરકસર કે ઘટાડોનથી. આ ઉદારતા (બતાવવા માટે) દુઃખ કે દિલગીરી નથી.

૨૬૯૨ એ વિશ્વાસુ તારો હાથ બજમ નીચે મુકજે. એટલા માટે કે જે અદ્રષ્યમાંથી આવે છે તે સામાન્ય જ્ઞાન છુપાવાય.

૨૬૯૩ બજમ નીચેથી તારી મુઠી ભરજે અને ભીખારી કે જેનો વાંસો (ગરીબાઈથી વળી ગયો છે) તેના હાથમાં (પૈસા) મુકજે.

૨૬૯૪ વેતન કે જેની નારાજી નથી બતાવાઈ તેમાંથી આપજે, દરેક જે ઈચ્છા કરે તેને ગુપ્ત મોતી આપજે.

૨૬૯૫ બનો, તમો (જેવો અર્થ બતાવાયો) તેવા બનો. " તેઓના હાથ ઉપર ખુદાનો હાથ છે, " ખુદાના હાથની માફક, તમો પણ ગણત્રી કર્યા વગર રોટલા વેરો.

૨૬૯૬ જેઓ કરજમાં છે તેમને તેમની જવાબદારીમાંથી મુક્ત કરો, વરસાદની માફક જમીનની ચાદર હરિયાળી બનાવો.

૨૬૯૭ બીજા એક વર્ષ દરમ્યાન તેનું કામ આ હતું, કે તે ઈન્સાફના માલિકની ખેતીમાંથી હંમેશાં સોનું આપતો હતો.

૨૬૯૮ કાળી માટી તેના હાથમાં સોનામાં ફેરવાઈ જતી, તેની સરખામણીમાં હાતીમતાઈ એક ભીખારી હતો.

પેલાઓ કે જેઓ તેની પાસે આગતા અને તેમના કહ્યા વગર કરજદારોએ ભરપાઈ કરવાની રકમોના ન બોલાએલા વિચારો શેખ જાણતા, કે જે (દૈવી ગુણધર્મો) પોતાને પ્રાપ્તિ થએલી છે કે જે તારી નિશાની છે. 'મારા પેદા કરાએલા વચ્ચે મારા ગુણધર્મો સહિત આગળ જાઓ."

૨૬૯૯ જો એક દરવીશ પોતાની જરૂરીયાત વિષે કંઈ પણ ન કહે તો પણ તે (શેખ) (જેની જરૂરીયાતો છે) તે આપશે અને તેના ગુપ્ત વિચારો જાણશે.

૨૭૦૦ તે પેલા કમર વળેલાને તેના મનમાં (ધારેલી) રકમ આપશે જ, નહિ વધુ કે નહિ ઓછું.

૨૭૦૧ પછી તેઓ પૂછતા, "કાકા, આ રકમ વિષે હું ધારતો હતો તે તમે કેમ જાણ્યું ?"

૨૭૦૨ તેઓ જવાબ આપતા, "મારા દિલનું મકાન ખાલી છે, તે બહિશ્તની માફક કંગાલીયતથી ખાલી છે.

૨૭૦૩ તેમાં ખુદાઈ પ્રેમ સિવાય બીજું કંઈ કામકાજ કરવામાં આવતું નથી, તેમાં ખુદાથી મિલનના વિચાર સિવાય બીજા કોઈ માટે જગ્યા નથી.

૨૭૦૪ મેં (દિલનું) મકાન બલા અને બુરાથી વાળીચોળી સાફ કર્યું છે, મારું મકાન 'પેલા' એકના પ્રેમથી છલોછલ ભર્યું છે.

૨૭૦૫ જો હું તેમાં ખુદા સિવાય બીજું કંઈ જોઉં તો (હું જાણું છું કે) તે (દેખાતી વસ્તુ) મારી નથી પણ યાત્રકમાંથી પ્રતિબિંબીત છે.

૨૭૦૬ જો એક બત્તુરી અથવા એક બત્તુરનો ગૂમખો પાણીના એક બાઓચીયામાં દેખાયો છે તો તે બહારના ગાડમાંથી માત્ર પ્રતિબિંબ છે.

૨૭૦૭ જો તમો પાણીના તળીએ (કોઈ ચીજનું) એક રૂપ જુઓ તો ઓ યુવાન, પેલી પ્રતિમા બહારથી પ્રતિબિંબીત થએલી છે.

૨૭૦૮ (પણ) જરૂરી છે કે નહેર (કે જે) કાયા છે, તેને ત્યાં સુધી સાફ કરો કે (દિલ વાસનાના પાણીથી ચોકખું રહે.

૨૭૦૯ એટલા માટે કે તેમાં કાંઈપણ ઝાંખપ અને કચરો ન રહે અને કે તે વિશ્વાસુ આયનો બને અને કે (દરેકની આંતરિક) હકીકતનું પ્રતિબિંબ (તેમાં) દેખાય.

૨૭૧૦ તારી કાયામાં કાદવવાળા પાણી સિવાય બીજું શું છે, ઓ તું કે જે (રૂડાની રીતે) કંગાળ છો? ઓ દિલના દુશ્મન, પાણી ચોકખું અને ગારાથી સાફ બનાવ.

૨૭૧૧ સુવાના અને ખાવાના અને પીવાના (અત્યંત ભોગવિલાસ) થી તમો આ નહેરમાં વધુ અને વધુ માટી રેડવાના ઉત્સુક છો.

લોકોના ગુપ્ત વિચારો જાણવાનું નિમિત્ત સાધન.

૨૭૧૨ (માત્ર) જ્યારે દિલનું પેલું પાણી આ (ગંદકીઓથી) અસરહીન હોય ત્યારે જ (બધી વસ્તુના આંતરિક) હકીકતોનું પ્રતિબિંબ પાણીમાં ફેંકાશે.

૨૭૧૩ તેથી, સિવાય કે તમારું આંતરિક પવિત્ર બનાવાયું નથી, (અને જ્યારે દિલનું) મકાન છે. સેતાનો અને રાક્ષસો અને જંગલી જનાવરોથી ભરપુર છે.

૨૭૧૪ ઓ ગધેડા, જે દુરાગ્રહીપણે અક્કલદિણતામાં પડી રહ્યો છે કે હ. ઈસા (અ.સ.)ની મળતી કૂંકો જે જીવન અર્પે છે તેની સુવાસ તું કેમ મેળવીશ?

૨૭૧૫ જો એક કલ્પના (તમારા દિલમાં) દેખાય તો તે કઈ ગુપ્ત જગ્યાએથી આવે છે તે તમો કેમ જાણશો?

૨૭૧૬ નહિતર (બધી) કલ્પનાઓ તમારા આંતરિક ભાગમાંથી સાફ કરવામાં આવી છે, કાયા પરિત્યાગ કરવાની (બદલીમાં) એક કલ્પના આકાર વગરની બનશે.

પ્રલોભનમાં પડવામાંથી પોતાને બનાવવાના ગધેડાના પ્રયાસ ઉપર શિયાળની લુચ્ચાઈએ સરસાઈ મેળવી.

૨૭૧૭ ગધેડાએ તનતોડ મહેનત કરી અને તેની વિરૂદ્ધ (જોરદાર) દલીલો કરી, પણ બાઉધરી ભુખ ગધેડાથી એક થઈ ગઈ હતી.

૨૭૧૮ કંજુસાઈએ સરસાઈ મેળવી અને તેનો આત્મસંયમ (ખૂબ જ) નબળો હતો. ઘણી અન્નનળીઓ રોટલાના પ્રેમથી કપાણી છે.

૨૭૧૯ ખુદાના પયગમ્બર કે જેમને પોતાની મેળે વાસ્તવિકતાઓ નીચે આવી જાહેર થતી હતી (કહેતી), "નાસ્તિકતાની નજીક બનવું તે એક (મોટી) નિર્ધનતા છે."

૨૭૨૦ ગધેડો ભુખથી કેદી બનાવાયો હતો, તેણે (પોતાના મનમાં કહ્યું), જો તે એક પ્રપંચ છે તો પણ શું? ધારો કે હું એકવાર અને કાયમનો મરી ગયો.

૨૭૨૧ તો કોઈપણ કિસ્સામાં હું આ ભુખના મહા સંતાપમાંથી મુક્ત બનીશ. જો આ જીવન આવું છે તો વધારે સારું છે કે હું મરી જાઉં.

૨૭૨૨ જો કે શરૂઆતમાં ગધેડાએ પશ્ચાતાપ કર્યો અને પોતાના કસમ પાળવા કસમ ખાધા, અંતમાં તેની અક્ષમ્યસહિષ્ણુતાના કારણે તેણે એક મોટી ભૂલ કરી.

૨૭૨૩ કંજુસાઈ એકને આંધળો અને મુર્ખ અને અજ્ઞાન બનાવે છે, મુર્ખાઓને તે મૃત્યુ સહેલું બનાવે છે.

૨૭૨૪ (પણ) ગધેડાઓના આત્માઓને મૃત્યુ (બરેબર) સહેલું હોતું નથી કે જે અનંતકાળના આત્માની ભવ્યતા ધરાવતા હોતા નથી.

૨૭૨૫ જ્યારે કે તે (ગધેડો) અનંતકાળનો આત્મા ધરાવતો નથી તે શાપીત છે. મૃત્યુનો સામનો કરવામાં તેની બહાદુરી મુર્ખતાનું પરિણામ છે.

૨૭૨૬ તનતોડ મહેનત કરો કે તમારો આત્મા અવિનાશી બને કે જેથી મૃત્યુના દિવસે તમારી પાસે વિશાળ જથ્થો હોય.

૨૭૨૭ ફરીવાર, તેને (ગધેડાને) રોજી પુરી પાડનારમાં વિશ્વાસ ન હતો કે તે અદ્રશ્યમાંથી તેની ઉપર બક્ષિસો વેરશે.

૨૭૨૮ અત્યાર સુધી, (દૈવી) દાને રોજની રોજી વગર તેને રાખ્યો ન હતો, જોકે અમુક વખતે તેની કાયાએ ભુખ વેઠી હતી.

૨૭૨૯ જ્યારે ભુખ ગેરહાજર હોય ત્યારે અજીર્ણની બદલીમાં એક સો બીજાં દુઃખો તમારામાં પોતાનાં માથાં ઉંચકશે.

૨૭૩૦ બરેબર ભુખનું દુઃખ પેલી બિમારીઓ તેની મર્મજ્ઞતા અને તેના હળવાપણા અને (તેની ભક્તિભાવના) ઉપરની અસર બન્ને બાબતમાં વધુ સારું છે.

૨૭૩૧ ભુખનું દુઃખ (બીજાં બધાં) દુઃખો કરતાં વધુ ચોકખું છે, બાસ કરીને (જેમ) ભુખમાં એક સો ફાયદાઓ અને ઉત્તમતાઓ છે.

પરહેજી અને ભુખની ઉત્તમતા સમજાવવી.

૨૭૩૨ બરેબર ભુખ દવાઓનો રાજા છે, સાંભળ, તારા આત્મામાં ભુખને સાચવી રાખ, તેને ધિક્કારની દ્રષ્ટિથી જોતો નહિ.

૨૭૩૩ ભુખથી દરેક કડવું મીઠું બનાવાય છે, ભુખ સિવાય બધી મીઠી ચીજો અસ્વીકાર્ય છે.

બોધકથા

૨૭૩૪ એક માણસ ફુગી ચડેલો રોટલો ખાતો હતો, કોઈએ તેને પૂછ્યું, "તમને આનો આટલો બધો શોખ કેમ છે?"

૨૭૩૫ તેણે જવાબ આપ્યો, "જ્યારે અંગત સુખના પરિત્યાગથી ભુખ બેવડાઈ છે ત્યારે જવનો રોટલો મારા મત પ્રમાણે હલવા જેવો મીઠો છે."

૨૭૩૬ તેથી જ્યારે હું એક વાર અંગત સુખનો પરિત્યાગ કરૂં ત્યારે હું ખરી રીતે હલવો ખાઈ શકું (તેથી) અલબત હું અંગત સુખનો પરિત્યાગ કરૂં છું.

૨૭૩૭ સત્ય કહેતાં, ભુખ દરેક જણથી જીતાતી નથી, કારણ કે આ (દુનિયા) એવી જગ્યા છે કે જ્યાં ઘાસચારો ગણત્રીથી પર એટલે કે પુષ્કળ છે.

૨૭૩૮ ખુદાના પસંદ કરાએલા ઉપર ભુખ એક બક્ષિશ તરીકે ઇનાયત કરવામાં આવે છે કે ભુખ થકી તેઓ મદદગાર સિંહો બને.

૨૭૩૯ દરેક કંગાળ અધમ ઉપર ભુખની નવાજીશ ઉતરાયેલી કેમ બને? જ્યારે કે તેઓએ તેની સમક્ષ રાખેલ ઘાસચારાની કમી નથી.

૨૭૪૦ કહે, "ખાઓ! આ બધું કે જેવા તમો લાયક છો, તું એક પાણીનું પંખી નથી, તું એક રોટલાનું પંખી છો.

એક મુરીદ કે જેની કંજુસાઇ અને ગુપ્ત વિચારોથી તેના મુરશીદ સજાગ બન્યા તેની કહાણી. તેમણે તેને પોતાની જીસ્થી ઠપકો આપ્યો અને અને પોતાના ઠપકાના આગે દૈવી હુકમથી ખુદામાં વિશ્વાસનો ખોરાક તેના ઉપર ઇનાયત કર્યો.

૨૭૪૧ એક શેખ એક મુરીદની સંગાથે રાહ જોયા વગર અમુક શહેર કે જ્યાં ખોરાકની અછત હતી ત્યાં જતા હતા.

૨૭૪૨ મુરીદના મગજમાં તેના બેધ્યાનપણા અંગે ભુખ અને દુકાળની બીક ચાલુ રીતે યાદ રહેતી હતી.

૨૭૪૩ શેખ આનાથી જાણીતો હતો અને તેના આંતરિક વિચારથી માહિતગાર હતો. તેમણે તેને કહ્યું, "તું કયાં સુધી માનસિક સંતાપમાં રહીશ?"

૨૭૪૪ તારી રોટલા માટેની તીવ્ર ઇચ્છાના કારણે તું દિલગીરીમાં બવાઈ રહ્યો છે. તેં અંગત સુખના પરિત્યાગ અને ખુદામાં વિશ્વાસની તારી આંખ બંધ કરી છે.

૨૭૪૫ તું (ખુદાના) માનવંત પસંદ થએલાઓમાંનો એક નથી, તું એક અજ્ઞાન બચ્ચું છો અને બચ્ચાંની ચોગ્ય ચીજો તારા માટે લાયક છે.

૨૭૪૬ ભુખ એ ખુદાના પસંદ કરાએલા આત્માઓની રોજની રોજી છે, તે તારા જેવા કંગાળ (શક્તિમાં) સ્વીકારવા લાયક કેમ હોય?

૨૭૪૭ આનંદી બન, તું પેલાઓમાંનો એક નથી, કે જેથી તારી રાંધણીમાં તારે રોટલા વગર રાહ જોવી પડે."

૨૭૪૮ ત્યાં હંમેશાં કટોરાઓ ઉપર કટોરાઓ અને રોટલાઓ ઉપર રોટલાઓ પેલા પેટ-ભુખ્યા હલકટો માટે છે.

૨૭૪૯ જ્યારે તે (આવો એક માણસ) મરી જાય છે, ત્યારે રોટલો આગળ આવે છે, કહે છે, ઓ તું કે જેણે ખોરાક મેળવવાની બીકમાં પોતાને લગભગ મારી નાખ્યો હતો,

૨૭૫૦ તું (દુનિયામાંથી) ચાલ્યો ગયો છે, (પણ) રોટલો હજી સુધી ત્યાં છે, (જે તારાથી બને) તો જાગૃત થા અને તેને લઇ લે, એ તું કે જેણે મનોવેદનામાં પોતાને લગભગ મારી નાખ્યો હતો.

૨૭૫૧ સાંભળ, ખુદામાં વિશ્વાસ રાખ, તારા હાથપગને (બીકથી) ધ્રુજવા દેતો નહિ, તારી રોજની રોજી (જેનાથી) તું પ્રેમમાં છે તે વધુ (પ્રેમમાં છે).

૨૭૫૨ તે (તારાથી) પ્રેમમાં છે અને આ લાગણી દુભવનાર, તે (માત્ર) વિલંબ કરે છે કારણ કે તે તારા અંગત સુખના પરિત્યાગની ખામી જાણે છે.

૨૭૫૩ જો તું જરૂર જેટલો પણ અંગત સુખનો ત્યાગ કરીશ, તો રોજની રોજી આપશે જ અને પ્રેમીઓ કરે છે તેમ તારા ઉપર પોતાને ફેંકશે.

૨૭૫૪ ભુખની બીક માટે આ ઉત્તેજીત ધ્રુજવું શું છે? ખુદામાં વિશ્વાસ (ધરાવવામાં) દરેક પુરો ધરાએલો જીવી શકે છે.

ગાયની કહાણી કે જે એક મોટા ટાપુમાં એકલી છે, મહાન ખુદા મોટા ટાપુને છોડવા અને સુંદર વનસ્પતી કે જે ગાયની નીરણ છે, ભરપુર રાખે છે, અને ગાય રાત પડવા સુધી બધો ભાજીપાલો આરોગે છે અને એક પર્વતની ભેખડ જેવી જાડી બને છે, જ્યારે રાત્રી પડે છે, તેણી બીક અને વ્યાકુળતાથી સુઇ શકતી નથી (કારણ કે તેણી ધારે છે કે) હું આખું ખેતર ચરી છું, આવતી કાલે હું શું ખાઇશ? તેથી આ વ્યાકુળતાના કારણે તેણી એક દાંત ખોતરણી જેવી પાતળી બને છે, પહો ફાટતાં તેણી ગઇ કાલ કરતાં ખેતર વધુ લીલું અને વધું સારું જુએ છે અને ફરીવાર તેણી ચરે છે અને જાડી બને છે, પછી ફરીવાર રાત્રી પડતાં તે જ વ્યાકુળતા તેણીને પકડે છે. વર્ષો સુધી તેણી આના જેવો અનુભવ કરે છે અને (છતાં) તેણી પુરું પાડનારમાં વિશ્વાસ મુકતી નથી.

૨૭૫૫ દુનિયામાં એક લીલો ટાપુ છે જ્યાં મધુર મુખવાળી ગાય એકલી રહેતી હતી.

૨૭૫૬ તેણી રાત્રી પડવા સુધી આખા ખેતર ઉપર ચરે છે, કે જેથી તેણી ખડતલ અને મોટી અને ઉત્તમ પ્રકારની બને.

૨૭૫૭ રાત્રી દરમ્યાન તેણી વ્યાકુળતા અંગે વાળ જેવી પાતળી બને છે કારણ કે તેણી વિચારે છે કે "હું આવતી કાલે શું ખાઈશ?"

૨૭૫૮ પહો ફાટતાં ખેતર લીલુંછમ બને છે. (માણસની) કમર સુધી પહોંચે તેવા ઉગેલા લીલા છોડવા અને દાણા ઉગી નીકળેલા હોય છે.

૨૭૫૯ ગાય ખાવા મંડી પડે છે, રાત્રી સુધીમાં તેણી પેલો ભાજીપાલો સંપૂર્ણ રીતે હડપ કરી જાય છે.

૨૭૬૦ ફરીવાર તેણી બેઠલ અને જાડી અને જગ્યા રોકનારી બને છે, તેણીની કાયા ચરબી અને શક્તિથી ભરાઈ જાય છે.

૨૭૬૧ પછી ફરીવાર રાત્રીના તેણી દુઃખથી વિપત્તિગ્રસ્ત છે, (અને) વ્યાકુળતાના તાવમાં પડે છે કે જેથી (ખોટી રીતે) નીરણ માટેની શોધની ફીકરમાં તેણી પાતળી બને છે.

૨૭૬૨ વિચારે છે; "જમવાના વખતે આવતી કાલે હું શું ખાઈશ?" આ તે છે કે જે ગાય ઘણા વર્ષો સુધી કરે છે.

૨૭૬૩ તેણી કદી વિચાર કરતી નથી. "આ બધાં વર્ષો હું આ હરિયાળી અને આ ચરાણમાંથી ખાઉં છું."

૨૭૬૪ મારી રોજી એક દિવસ માટે પણ ઓછી પડી નથી, તો પછી આ બીક અને મનોવેદના અને મારૂ દિલ બાળવું શા માટે?

૨૭૬૫ (ના) જ્યારે રાત્રી પડે છે ત્યારે પેલી મજબુત ગાય ફરીવાર પાતળી બને છે, વિચારે "અફસોસ, રોજી ચાલી ગઈ છે."

૨૭૬૬ ગાય દુષ્ટ મન છે, અને બેતર આ દુનિયા છે, જ્યાં તેણી (દુષ્ટ મન) તેણીની રોજની બીકથી પાતળી બને છે.

૨૭૬૭ વિચારે છે, "મને સંશય થાય છે કે ભવિષ્યમાં હું શું ખાઈશ? આવતી કાલનો ખોરાક હું ક્યાંથી શોધીશ?"

૨૭૬૮ તેં વર્ષો સુધી ખાધું છે, અને ખોરાકી કદી ચાલી ગઇ નથી, ભવિષ્યને છોડી દે અને ભૂતકાળ તરફ દૃષ્ટિ કર.

૨૭૬૯ ખોરાક અને મિઠાઈઓ જે તેં (ખાઈ નાખી છે) તે મનમાં યાદ કર, જે આવવાનું છે તેને નિરખ નહિ અને દુઃખી બન નહિ.

સિંહે ગધેડાને પોતાનો શિકાર બનાવ્યો, મહેનત બાદ તરસ્યો થતાં ઝરામાં પાણી પીવા ગયો, તેના પાછા ફરવા પહેલાં શિયાળે પિત્તાશય સાથે સાથે ફેફસું, હૃદય અને મૂત્રપિંડ કે જે પસંદગીના ભાગો છે તે બધાં નાખ્યા હતા, સિંહે હૃદય અને પિત્તાશયની તપાસ કરી અને જ્યારે તે મળ્યા નહિ ત્યારે તેઓ ક્યાં હતા તે શિયાળને પૂછ્યું. શિયાળે જવાબ આપ્યો, "જો તેને હૃદય અને ફેફસું હોત તો પેલા દિવસે આવો એક ભયંકર પાઠ મેળવ્યા બાદ એક હજાર યુક્તિઓ લડાવી જીંદગી બચાવ્યા બાદ તારી પાસે પાછો કેમ આવ્યો હોત?" "જો અમોએ સાંભળ્યું હોત અથવા સમજણ સહિત ગણત્રી કરી હોત તો અમો દેજખના અનુયાયીઓમાંના બન્યા હોત."

૨૭૭૦ નાનો શિયાળ ગધેડાને સિંહની પાસે લાવ્યો, બહાદુર સિંહે તેના કટકા કરી નાખ્યા.

૨૭૭૧ જનાવરોનો બાદશાહ પોતાના પ્રયત્નોથી તરસ્યો બનાવાયો હતો. તેથી થોડું પાણી પીવા ઝરા તરફ ગયો.

૨૭૭૨ દરમ્યાન નાનો શિયાળ, એક તક મળી જતાં, (ગધેડાનાં) પિત્તાશય અને ફેફસું અને હૃદય ખાઈ ગયો.

૨૭૭૩ જ્યારે સિંહ (પોતાનો શિકાર) ખાવા ઝરામાંથી પાછો ફર્યો ત્યારે તેણે હૃદય શોધવા ગધેડામાં નજર કરી (પણ) તેમાં હૃદય અને પિત્તાશય હતાં જ નહિ.

૨૭૭૪ તેણે શિયાળને કહ્યું, "પિત્તાશય ક્યાં છે? હૃદયનું શું થયું? કારણ કે કોઈ પણ જનાવર આ બે (અવયવો) વગર ચલાવી શકે નહિ."

૨૭૭૫ તેણે (શિયાળે) જવાબ આપ્યો, "જો તેને એક હૃદય અને પિત્તાશય હોત તો અહીં બીજી વખત કેમ આવ્યો હોત?

૨૭૭૬ તેણે પેલી ભયંકર મનોવેદના અને સંતાપ અનુભવ્યો હતો, પર્વતની નીચે તરફડીયાં મારતો, બીક અને ત્રાસથી ભાગી છુટેલો.

૨૭૭૭ જો તેને પિત્તાશય અને હૃદય હોત તો તે તારી સમક્ષ બીજીવાર કેમ આવ્યો હોત?

૨૭૭૮ જ્યારે દિલમાં કાંઈ પ્રકાશ નથી ત્યારે તે દિલ જ નથી, જ્યારે શરીરમાં આત્મા જ નથી તો તે માટી સિવાય બીજું કાંઈ જ નથી.

૨૭૭૯ કાચને મળતું દિલ કે જેને રૂહાનીયત પ્રકાશ નથી તે પેશાબ અને પેશાબની તેને બત્તી કહી બોલાવો નહિ.

૨૭૮૦ બત્તીમાંનો પ્રકાશ સર્વશક્તિમાનની એક બક્ષિશ છે, કાચ અને માટીનું વાસણ તેના પેદા કરાએલાઓનું હાથકામ છે.

૨૭૮૧ અનિવાર્યપણે વાસણોની બાબતમાં સંખ્યા છે, (પણ) પ્રકાશના ભડકાઓની બાબતમાં ઐક્યતા સિવાય બીજું કંઇ નથી.

૨૭૮૨ જ્યારે છ બત્તીઓનો પ્રકાશ એક સાથે ભળેલો છે ત્યારે પ્રકાશોમાં બહુપણું અને અને સંખ્યા નથી.

૨૭૮૩ યહુદી વાસણોને (નિરખવામાંથી) એક દેવવાદી બન્યો, સાચો ઈમાનદાર પ્રકાશ નિહાળે છે અને (બદલામાં) રૂહાનીયત નજરથી વિભુશીત બને છે.

૨૭૮૪ જ્યારે નજર આત્માના વાસણ ઉપર પડે છે ત્યારે તે હારીરા અને હ. નૂહને બે હોવાનું નિહાળે છે.

૨૭૮૫ જ્યારે નહેરમાં પાણી છે તો પછી તે (બરેબરી) નહેર છે, (બરો) મર્દ તે છે કે (જેની અંદર) આત્મા છે.

૨૭૮૬ આ (બીન્દઓ) મર્દ નથી, તેઓ (માત્ર) આકારો છે, તેઓ (રોટલા માટેની) ઇચ્છાથી મરેલા અને અભિલાષી હણાએલા છે.

એક ખ્રિસ્તી ત્યાગીની કહાણી કે જે (પોતાના) દિલમાંના પરમ આનંદના કારણે બજાર વચ્ચે દિવસના ભાગમાં એક બની સહિત ગયો.

૨૭૮૭ પહેલો પુરૂષ પોતાના દિલમાં પ્રેમ અને (રૂહાનીયત) આવેશની ઉષ્મા ભરેલો એક મિશ્રભક્તી સાથે દિવસના ભાગમાં બજારમાં ગયો.

૨૭૮૮ એક ધાલમેલીયાએ તેને કહ્યું, "એઈ, ઓ કલાણુ, દરેક દુકાનની બાજુએ તમો શું શોધો છો?"

૨૭૮૯ એઇ, બહોળા દિવસના પ્રકાશમાં એક બીજા સાથે (કોઈ વસ્તુની) શોધમાં શા માટે જાઓ છો? આ વિનોદ શો છે?"

૨૭૯૦ તેણે જવાબ આપ્યો, 'હું દરેક જગ્યાએ એક માણસને શોધું છું કે જે (દૈવી) પ્રેરિત જીવન સાથે જીવતો હોય,

૨૭૯૧ અસ્તિત્વમાં એક માણસ છે ખરો?' બીજાએ કહ્યું, 'આ બજાર ભરેલ છે, ઓ માનવંતા સંત, ચોક્કસપણે તેઓ માણસો છે.'

૨૭૯૨ તેણે જવાબ આપ્યો, 'મને (એક કે જે) બે રસ્તાઓમાં, ગુસ્સાના રસ્તામાં અને ઇચ્છાના વખતમાં મર્દ હોય તેવો માણસ જોઈએ છે.

૨૭૯૩ (એક એવો) ગુસ્સાની વેળાએ અને અભિલાષાની વેળાએ મર્દ હોય તે ક્યાં છે? (આવા) એક માણસની શોધમાં હું ગલીએ ગલી દોડું છું.

૨૭૯૪ દુનિયામાં કોણ છે કે જે આ બન્ને પ્રસંગો પર એક મર્દ હોય, કે જેથી આજે હું મારી જીંદગી તેને અર્પણ કરું?'

૨૭૯૫ તેણે કહ્યું, તમો એક અસાધારણ વસ્તુ શોધો છો, પણ તમો (દૈવી) કાયદા અને નિર્માણ તરફ કોઇ ધ્યાન આપતા નથી, સારી રીતે ગણત્રી કરો!

૨૭૯૬ તમો માત્ર શાખા જુઓ છો, તમો મુળથી સભાન નથી, આપણે શાખા છીએ, (દૈવી) વટહુકમનો કાયદો મુળ છે.'

૨૭૯૭ (દૈવી) ભાવી આસમાનના ફરતા ગોળાઓને પોતાનો રસ્તો ગુમાવતા બનાવો છે, (દૈવી) ભાવી એક સો બુધ ગ્રહોને અજ્ઞાન બનાવે છે

૨૭૯૮ તે માણસના પ્રયાસને મદદકર્તા બનાવતો નથી, તે લોઢાને અને સખત બરફને પાણીની (માફક) અપ્રતિકારી બનાવે છે.

૨૭૯૯ ઓ તું કે જે રસ્તા ઉપર દૃઢ બન્યો છો, પગથીએ પગથીએ (તું જઇશ જ). તું અપકવનો અપકવનો અપવકવનો અપકવ છો.

૨૮૦૦ જ્યારે કે તેં ચક્કીના પત્થરનો ચકરાવો જોયો છે, હવે આવ, નદીનું પાણી પણ જો.

૨૮૦૧ તેં હવામાં ઉડતી ધુળ જોઈ છે, હવે ધુળની વચ્ચે પવન (પણ) જો.

૨૮૦૨ તેં વિચારની કીટકીઓ ઉકળતી જોઈ છે હવે સમજણપૂર્વક અગ્નિ ઉપર પણ જો.

૨૮૦૩ ખુદાએ હ. યાકુબને કહ્યું, 'મેં તારા દરેક વાળ ઉપર ધીરજની બક્ષિશ ઇનાયત કરી છે.'

૨૮૦૪ સાંભળ, તારી ધીરજ તરફ આટલું બધું ધ્યાન દેતો નહિ. તેં તારી ધીરજ જોઈ છે (હવે) મારી તને આપેલી ધીરજ જો.

૨૮૦૫ પાણીનાં પૈડાંનું ફરવું કયાં સુધી નિહાળીશ ? તારું માથું બહાર કાઢ અને ઝડપી પાણી કે જે તેને ફેરવે છે તે નિહાળ.

૨૮૦૬ તું કહીશ, 'હું તેને નિહાળું છું. ત્યાં (ખરેખરો) રીતે તેને નિહાળવાની ભલી નિશાનીઓ છે.

૨૮૦૭ જ્યારે તમોએ વિલક્ષણ વસ્તુની ચકરાવો લેતી હિલચાલ પોતાનો દેખાવ જોયો છે. ત્યારે (હવે) સમુદ્ર (વાસ્તાવકતા) તરફ જુઓ જો તમારે પરમ આનંદ અનુભવવો હોય.

૨૮૦૮ તે કે જે ફીણ જુએ છે, ગુઢાર્થની વાત કહે છે, જ્યારે તે કે જે સમુદ્રને જુએ છે. ત્યારે તે બોલવા અશક્ત છે.

૨૮૦૯ તે કે જે ફીણ જુએ છે પ્રચંડતાઓ ઘડે છે, જ્યારે તેને જે સમુદ્રને નિહાળે છે તે સમુદ્ર (સાથે) પોતાનું દિલ એક કરે છે.

૨૮૧૦ તે કે જે ફીણના થશે નિહાળે છે, તે જોવામાં અને ગણત્રીમાં મશગુલ બન્યો છે, જ્યારે તે કે જે સમુદ્ર નિહાળે છે ત્યારે સંકલ્પહિન બને છે.

૨૮૧૧ તે કે જે ફીણ નિહાળે છે તે ગૌણ કારણોની દુનિયામાં હિલચાલ કરે છે જ્યારે તે સમુદ્ર નિહાળે છે ત્યારે તે જાણે છે કે ગૌણ કારણોને ખરું અસ્તિત્વ નથી.

એક મુસ્લિમનું એક બેદીનવાળાને (ઇસ્લામ સ્વીકારવા) આમંત્રણ આપવું.

૨૮૧૨ અમુક ઇમાનદારે એક બેદીનને કહ્યું, 'ઓ કલ્લાણાભાઈ, સાંભળ, મુસ્લમ બન, સાચા ઇમાનદારોમાંનો એક બન.'

૨૮૧૩ તેણે જવાબ આપ્યો, 'જો ખુદા ઇચ્છે તો હું એક સાચો ઇમાનદાર બનીશ, અને જો તે તેની દયા વધારશે, તો હું અંતર્જ્ઞાનથી અનુભવે ઇમાન ધરાવતો બનીશ."

૨૮૧૪ તેણે (મુસ્લિમે) કહ્યું, 'ખુદા તારી સાચી ઇમાનદારી ઇચ્છે છે, એટલા માટે કે તારો આત્મા દોજખના હાથ (શક્તિ)માંથી મુક્ત બને.

૨૮૧૫ પણ તારો અપશુકનિયાળ નફસે આત્માના (દુષ્ટ મન અને દુષ્ટ સેતાન તને નાસ્તિકતા અને અગ્નિના દેવળ તરફ ખેંચે છે.'

૨૮૧૬ તેણે જવાબ આપ્યો, 'ઓ સમજદાર આદમી, જ્યારે કે તેઓ પ્રભાવમાં બધાથી ચડિયાતા છે ત્યારે (અનિવાર્યપણે) હું મજબુતનો દોસ્ત બનીશ.

૨૮૧૭ હું (માત્ર) તેની જ તરફે રહીશ કે જે પ્રભાવમાં બધાથી ચડિયાતો છે. મારે તે દિશામાં પડવું જોઈએ કે જે મતે ચડિયાતો ધક્કો મારે છે.

૨૮૧૮ જ્યારે કે (તારા નિશ્ચિત કથન) અનુસાર ખુદા (ઇસ્લામમાં) મારું સાચું ઈમાન હોમવું ઇચ્છે છે તો પછી જ્યારે તે તેમ કરવામાં સફળ થતો નથી તો તેની ઇચ્છાનો શું અર્થ છે?'

૨૮૧૯ દુષ્ટ મન અને સેતાન તેઓની ઇચ્છા ફતેહ મેળવવા ઉઠાવી ગયેલ છે, જ્યારે (દૈવી) સદ્‌ભાવનું પેલું કાર્ય હારેલું બન્યું અને ઝીણો ભુક્કો થયો છે.

૨૮૨૦ (તે આના જેવું છે) જો તમોએ એક મહેલ અને શમિયાનો અને તેમાં એક સો સુંદર ચોજનાઓ ઉભી કરી હોત.

૨૮૨૧ અને ઇચ્છા કરી હોત કે સુંદર જગ્યા એક મસ્જિદ બને અને (પછી) બીજો કોઈ આવ્યો હોત અને તેને ખ્રિસ્તીનો મઠ બનાવ્યો હોત.

૨૮૨૨ અથવા (જેમ જો) તમો એ રેસાના કપડાનો ટુકડો વણ્યો હોત એટલા માટે કે કુશળતાથી એક ડગલો કોઈ એક પહેરવા બનાવે.

૨૮૨૩ અને (જ્યારે) તમો (તેને) એક ડગલો બનાવવા ઇચ્છતા હતા ત્યારે એક પ્રતિસ્પર્ધી તમારી અવગણના કરીને રેસાના ટુકડામાંથી એક જોડી પાટલૂનની બનાવે.

૨૮૨૪ મારા વ્હાલા દોસ્ત, પેલા એક કે જે પ્રભાવમાં વધુ ચડીયાતો છે તેના ઈરાદાને તાબે થવા સિવાય, રેસાના કપડાને સહાયની શી શક્યતા છે?

૨૮૨૫ (જ્યારે કે) તેને (કપડાના માલિકને) તાબે થવા નબળો કરાયો છે, આ રેસાના કપડાનો વાંક શું છે? એવો તે કોણ છે કે પ્રભાવમાં ચડીયાતાથી કાબુમાં ન આવે?

૨૮૨૬ જ્યારે કોઈકે તેની (ઘરધણીની) ઇચ્છા વિરૂદ્ધ દબાણ કરી રસ્તો કર્યો અને તેના ઘર અને જમીનમાં એક બાવળ વાવ્યો.

૨૮૨૭ ઘરના ધણી કે ઉતારી પાડવામાં આવ્યો છે કારણ કે આવી બદબોઇ તેના ઉપર લાદવામાં આવી છે.

૨૮૨૮ હું પણ, જો કે સાચે તાજો છું (છતાં) આવા એક અધર્મથી ભળેલો બનવા અંગે નિંદનીય બન્યો હોઉં!

૨૮૨૯ જ્યારે કે દુષ્ટ મનની ઇચ્છા મદદ માટે યાચના કરતી હોય, જે પણ કાંઈ ખુદા, ઇચ્છે તે પસાર થવા આવશે જ એમ કહેવું એ મજાક છે.

૨૮૩૦ (ભલે પછી) હું બેદીન અને નાસ્તિક તરફ એક નામોશી છું, (છતાં) ખુદા વિષે આમ ધારૂં એવો એક (બદમાશ) હું નથી.

૨૮૩૧ કે કોઇપણ તેની અવગણના કરીને અને તેની મરજી વિરૂદ્ધ તેની બાદશાહીમાં પોતાની સત્તા જમાવવાનું શોધે.

૨૮૩૨ અને આમ તેની બાદશાહી કળજે કરે, કે જેથી શ્વાસોચ્છવાસનો પેદા કરનાર એક શબ્દ બોલવાની હિંમત ન કરે.

૨૮૩૩ (અને કે ભલે) તે તેને હટાવવા ઇચ્છે છે અને (તેમ કરવું) જરૂરી છે, (છતાં) દરેક પળે સેતાન પોતાની અશાન્તિ વધારે છે.

૨૮૩૪ (આ અનુમાન ઉપર) મારે સેતાનને ભજવો જોઈએ, કારણ કે તે દરેક સભામાં પ્રભાવમાં ચડીયાતા છે.

૨૮૩૫ રખેને સેતાન મારા ઉપર વેર વાળે અને પછી તે બાબતમાં કીર્તિવંત ખુદા મને મદદનો હાથ કેમ આપશે ?

૨૮૩૬ જે પણ સેતાન ઇચ્છે છે, તેની ઇચ્છા પરીપૂર્ણ થાય છે, તેના સિવાય મારી બાબતો આબાદી તરફ કોણ લઈ જશે ?

દયાળુ ખુદાના દરવાજે સેતાનની કહેવત.

૨૮૩૭ ખુદા બચાવે ! ખુદા જે પણ ઇચ્છા કરે છે તે સફળ થાય છે જ, તે જમીન અને આસમાનની દુનિયાઓ ઉપર રાજવી છે.

૨૮૩૮ તેના હુકમ વગર તેની બાદશાહીમાં એક વાળ, જેટલી પણ વધઘટ કોઈ કરી શકે નહિ.

૨૮૩૯ બાદશાહી તેની જ બાદશાહી છે, હુકમ તેનો જ છે, પેલો સેતાન તેના દરવાજાનો હલકામાં હલકો કુતરો છે.

૨૮૪૦ પોતાનો ચહેરો અને માથું દરવાજે ભલે એક તુર્કનો કુતરો પડયો હોય.

૨૮૪૧ ઘરનાં બચ્ચાંઓ તેની પુંછડી ખેંચવી ચાલુ રાખે, તે બચ્ચાંઓના હાથમાં (તાબેદાર) જેવો નમ્ર બનશે.

૨૮૪૨ તેમ છતાં પણ, જો કોઈ અજાણ્યો પસાર થાય તો તે (કુતરો) એક ઝનુની સિંહની માફક તેના તરફ દોડશે.

૨૮૪૩ કારણ કે તે "નાસ્તિકો તરફ સખત છે" તે દોસ્ત તરફ ગુલ બ જેવો છે, એક દુશ્મનને કાંટા જેવો.

૨૮૪૪ તે 'તતમાજ સુપ' કે જે તેને કારણે આટલો બધો વફાદાર અને સાવધ બન્યો છે.

૨૮૪૫ પછી કુતરો, એટલે કે સેતાન કે જેનું અસ્તિત્વ ખુદા જ બનાવે છે અને જેમાં તે એક સો વિચારો અને લુચ્ચાઇનાં કાવતરાં વણે છે.

૨૮૪૬ અને તે કે જે (માણસોના) માનપાનોથી નભાવે છે કે જેથી તે સદ્‌ગુણી અને દુર્ગુણીનું માન ઉઠાવી જાય.

૨૮૪૭ જનતાનું સ્વમાન 'તતમાજ સુપ' છે કે જેનાથી સેતાન કુતરો નભે છે.

૨૮૪૮ મને કહો, તેનો આત્મા સર્વજ્ઞના તંબુના દરવાજે દૈવી વટહુકમથી ભાવિક કેમ બનતો નથી ?

૨૮૪૯ તાબેદારનાં ટોળેટોળાં અને બળવાખોર (સેતાનો) (સાત સુનારાના) "ઉંબરા ઉપર પોતાના આગલા પંજાઓ વિસ્તારે છે."

૨૮૫૦ દૈવી પ્રકૃતિના ગુફાના દરવાજે કુતરાઓ માફક (સ્થાન પામેલા છે) (આતુરતાપુર્વક) (પોતાના શરીરના) બધા અવયવોથી (દૈવી) હુકમને શોધતા, અને (હુકમ સાંભળવા) તત્પર રહેતા.

૨૮૫૧ (એટલે કે), ઓ સેતાન કુતરા, આફત ઉતાર, એટલા માટે કે (તું જુએ કે) આ (મારા) પેદા કરાએલા આ રસ્તા ઉપર કેમ પગ મુકે છે.

૨૮૫૨ (તેમના તરફ) ચાલુ દોડ, (તેમને આગળ વધવામાંથી) અટકાવ, દિલની સચ્ચાઈની બાબતમાં (તેમનામાંના) કોણ ઓરત (નમળા) છે, અને કોણ મર્દ (મજબુત) છે તે જાણવા નજર નાખ.

૨૮૫૩ તો પછી શા કારણે (બુમ પડી) છે, "હું (ખુદાથી) પનાહ લઉં છું, જ્યારે કુતરો પોતાની મગરૂરીમાં (હુમલો કરવા) ઝડપથી દોડ્યો છે."

૨૮૫૪ આ (બુમ) 'હું પનાહ લઉં છું' (જાણે તમો કહો છો), ઓ ખીતાના તુર્ક, તારા કુતરાને પાછો બોલાવી લે અને રસ્તો સાફ કર,

૨૮૫૫ કે હું તારા તંબુના દરવાજે આવું અને તારી દાનશીલતા અને મહાન દરજ્જામાંથી મારી જરૂરીયાત માગું.

૨૮૫૬ જ્યારે તુર્ક કુતરાનો પ્રકોપ વશ કરવામાં અશક્ત છે, ત્યારે આ (ઉચ્ચારણ), 'હું પનાહ લઉં છું' અને આ દુઃખની બુમ અયોગ્ય છે (સ્વીકારવા જેવી નથી),

૨૮૫૭ (જ્યારે કે) તુર્ક પણ કહેશે, 'હું કુતરામાંથી પનાહ લઉં છું' કારણ કે હું પણ મારા ઘરમાં કુતરા સામે અસહાય છું.'

૨૮૫૮ તું આ દરવાજે આવી શકીશ નહિ, તેમ હું પણ દરવાજામાંથી બહાર જઈ શકીશ નહિ.

૨૮૫૯ હવે તુર્ક અને અજાણ્યા મહેમાનના માથા ઉપર ધુળ પડો, જ્યારે કે એક કુતરો તેઓ બન્નેની ગરદનો બાંધે છે.

૨૮૬૦ ખુદા બચાવે ! (જો) તુર્ક એક બુમ પણ પાડે, તો કુતરો (સેતાન) તો શું, એક ઝનુની સિંહ (પણ) ધ્રુજી ઉઠે અને લોહીની ઉલટી કરે.

૨૮૬૧ ઓ તું કે જેણે પોતાને 'ખુદાના સિંહ' તરીકે ઓળખાવેલ છે, વર્ષો પસાર થઈ ગયાં અને તું કુતરા (સેતાન) વિરૂદ્ધ અશક્ત છો.

૨૮૬૨ આ કુતરો તારા પક્ષે શિકાર કેમ કરશે જ્યારે તું દેખીતી રીતે કુતરાનો શિકાર બન્યો છે.

એક સુન્ની (ધર્મચુસ્ત) ઈમાનદારનો મહત્ત્વાકાંક્ષી નાસ્તિકને જવાબ દેવો. સાબિતી, જેનાથી તેણે ખુદાના (દરેક) દાસથી પસંદગીની શક્તિ સ્થાપિત કરી છે. કાયદો પયગમ્બરોના પગલાથી પાડેલો રસ્તો છે. પેલા રસ્તાની જમણી બાજુ જરૂરિયાતનું જંગલ પડેલું છે, જ્યાં તે

(મહત્ત્વાકાંક્ષી) જાણે પોતાને પસંદગીની કોઈ શક્તિ નથી તેમ નિહાળે છે અને (દૈવી) હુકમ અને મનાઈનો ઇન્કાર કરે છે, અને (ખોટું) અર્થઘટન અજમાવે છે, અને (દૈવી) હુકમ અને મનાઈના ઇન્કાર અંગે અનિવાર્યપણે બહિશ્તના ઇન્કારને અનુસરે છે, જ્યારે કે બહિશ્ત પેલાઓ કે જેઓ (દૈવી) હુકમને તાબે થાય છે તેમને માટે બક્ષિશ છે, જ્યારે દોજખ પેલાઓ કે જેઓ તાબે થતા નથી તેને માટે બક્ષિશ છે, અંતમાં તે તેને ક્યાં દોરે છે તે હું બતાવીશ નહિ. સમજુ માટે ઈશારો કાફી છે, અને તે રસ્તાની ડાબી બાજુએ મરજી મુજબ કરવાની સત્તા પડેલી છે, જ્યાં તે (કે જે) પેદા કરનારની શક્તિને, પેદા કરાએલાની શક્તિ નબળી પાડતા (સિદ્ધાંત) પકડે છે, અને તેમાંથી જ અધમતા ઉત્પન્ન થાય છે કે જે એક નાસ્તિક કે જે મહત્ત્વાકાંક્ષી હતો તેનાથી ગણત્રી કરાઈ છે.

૨૮૬૩ સાચા ઈમાનદારે જવાબ આપ્યો, "ઓ મહત્ત્વાકાંક્ષી, (તને) ઉદ્દેશીને કહેલા શબ્દો સાંભળ, તેં તારૂં કહેવું કહ્યું છે, હવે જુઓ, હું જવાબ લાવું છું.

૨૮૬૪ ઓ શેત્રંજના રમનાર, તમે તમારી બાજી જોઈ છે. હવે તારા પ્રતિસ્પર્ધીની તેની લાંબી ટુંકી બધી રમત (નિહાળ).

૨૮૬૫ તમે તમારા ભાઈનો પત્ર (મારી પાસે) વાંચ્યો છે (હવે) ધર્મચુસ્તનો પત્ર વાંચ શા માટે તમો એક નાસ્તિક રહ્યા છો?

૨૮૬૬ તમોએ (દૈવી) ભાવી ઉપર મહત્ત્વાકાંક્ષીની રીતે વિવરણ કર્યું છે, (હવે) આ વાદવિવાદમાંના તેના ગુઢાર્થ મારી પાસેથી સાંભળો.

૨૮૬૭ કાંઈપણ શંકા વગર અમુક પસંદગીની શક્તિ આપણે ધરાવીએ છીએ. તમો (આંતરિક) સમજની ખુલ્લી સાબીતીનો ઇન્કાર કરી શકો નહીં.

૨૮૬૮ તમો પત્થરને કદીપણ 'આવો' કહો નહિ, કોઈપણ ઈંટના ટુકડાને ઇમાન લાવવા વિનંતી કરે નહિ.

૨૮૬૯ કોઈપણ કદી એક મનુષ્યને એમ કહે. નહિ ઓઇ, ઉઠ, અથવા ઓ આંધળા આદમી આવો અને મારા તરફ જુઓ.

૨૮૭૦ ખુદાએ કહ્યું છે, "આંધળા ઉપર કાંઈપણ દુઃસહ લાદવામાં આવતું નથી," માલિક કે જે રાહત આપનાર છે તે કોઇના ઉપર દુઃસહ કેમ મુકે?

૨૮૭૧ કોઈ એક પત્થરને કહેતો નથી, "તું મોડો આવ્યો છે, અથવા (એક લાકડીને) ઓ લાકડી, તેં મને એક ફટકો શા માટે લગાવ્યો?"

૨૮૭૨ શું કોઈપણ પરાણે કરાવેલા માણસ પાસે આવી માગણીઓ મુકશે? અથવા એક માણસને ફટકારો કે જે તેમના કહેવા પ્રમાણે વર્તવાનો દોશીત છે?

૨૮૭૩ હુકમ અને મનાઈ અને ગુસ્સો અને સન્માનની મસલત અને તેના સંબંધે ઠપકો આપવો એ (માત્ર) તેજ કરી શકે તે જે પસંદગીની શક્તિ ધરાવે છે.

૨૮૭૪ અન્યાય અને દુષ્કૃત્યને ધ્યાનમાં લેતાં આવી પણ એક પસંદગીની શક્તિ છે, આ કહેવાનો અર્થ સેતાન અને દુષ્ટ મન અંગે છે.

૨૮૭૫ પસંદગીની શક્તિ તમારા આંતરિક ભાગમાં રહે છે, (પણ) તે યુસુફને જોતી નથી ત્યાં સુધી પોતાનો હાથ કાપતી નથી.

૨૮૭૬ પસંદગીની શક્તિ અને (પસંદગીની) સ્ફુરણા આત્મામાં અવિકસિત છે (જ્યારે) તે તેનો (યુસુફનો) ચહેરો નિહાળે છે ત્યારે પછી તે (તેના તરફ ઉડવા) પાંખો અને પીંછા પાથરે છે.

૨૮૭૭ જ્યારે એક કુતરો સુતેલો છે ત્યારે તેની પસંદગીની શક્તિ ગુમાવાઈ છે. (પણ) જ્યારે તે ખોરાકની ચીજો જુએ છે ત્યારે તે પોતાની પુંછડી આમ તેમ હલાવે છે.

૨૮૭૮ ઘોડો પણ જ્યારે જવ જુએ છે ત્યારે હણહણે છે અને જ્યારે માંસ હટાવાય છે બિલાડી મ્યાંઉ કરે છે.

૨૮૭૯ ઈચ્છીત વસ્તુની નજર પસંદગીની શક્તિની હલચલનું નિમિત છે, જેમ હવાની એકાદ ફુંક અગ્નિનો તણખો ઉત્તેજીત કરે છે.

૨૮૮૦ તેથી તમારી પસંદગીની શક્તિ કાર્યવત બને છે જ્યારે ઇબલીસ દલાલ બને છે પ્રિયતમનો સંદેશો (તમારી પાસે) લાવે છે.

૨૮૮૧ જ્યારે કે આ પુરૂષ (કે જે પસંદગીની શક્તિ ધરાવે છે) ને ઈચ્છીત વસ્તુ રજુ કરે છે ત્યારે સુતેલી શક્તિ પોતાનાં મોં ફાડે છે.

૨૮૮૨ અને (બીજા હાથ પર) સેતાનને અવગણીને ફિરસ્તો તમને તમારી ભલી ઈચ્છીત વસ્તુ રજુ કરે છે અને દિલમાં ખુમરાણ મચાવે છે.

૨૮૮૩ એટલા માટે કે ભલું પસંદ કરવાની શક્તિ કાર્યરત બને, કારણ કે જ્યાં સુધી કાંઇ રજુ થયું નથી ત્યાં સુધી આ ભલા બુરા ગુણો સુતેલા છે.

૨૮૮૪ તેથી ફિરસ્તો અને સેતાન (ભલી બુરી ઈચ્છીત વસ્તુની) પસંદગીની શક્તિની નાડીઓ ગતિમાન કરવાના ઈરાદાથી રજુ કરનારા બન્યા છે.

૨૮૮૫ (ફિરસ્તાની) પ્રેરણા અને (સેતાનના) સુચનોથી ભલુંબુરૂં પસંદ કરવાની શક્તિ દસ ગણી વધી છે.

૨૮૮૬ હવે પછી જ્યારે તારી નિયમીત બંદગી પુરી થાય ત્યારે, ઓ ઉત્તમ આદમી ફિરસ્તા તરફ સલામ રજુ કરવી તારા માટે યોગ્ય છે.

૨૮૮૭ કહેજે, તારી ભલી પ્રેરણા અને ઉશ્કેરણી થકી, આ નિયમીત બંદગી ગુજારવાની શક્તિ પસંદ કરવાની ગોઠવણ) થઈ હતી.

૨૮૮૮ ફરીવાર, પાપ (આચર્યા) બાદ તું ઇબ્લીસને શાપ આપજે. કારણ કે તેના થકી તું (પાપ તરફ) વળ્યો છો.

૨૮૮૯ આ બન્ને પ્રતિસ્પર્ધીઓ બાનગી રજુઆત કરે છે અને વિલક્ષણ અસ્તિત્વની હાલતમાં (ઇચ્છીત વસ્તુ) રજુ કરે છે કે જે અદ્રષ્ય ઉપર એક પડદો છે.

૨૮૯૦ જ્યારે અદ્રષ્ય ઉપરનો પડદો તારી આગળથી ઉંચકવામાં આવે છે ત્યારે તું તારા આ (બેઉ) દલાલોના ચહેરાઓ જોઇશ.

૨૮૯૧ અને તેઓના શબ્દોમાંથી કાંઈ પણ મહેનત વગર તું ઓળખી કાઢીશ કે આ તેઓ હતા કે જેઓ અદ્રષ્યમાંથી તારી પાસે બોલ્યા.

૨૮૯૨ સેતાન કહેશે, "ઓ તું કે જે તારી વાસનામય પ્રકૃતિ અને કાયાનો બંદીવાન છે. હું (માત્ર) તારી (ઇચ્છીત વસ્તુઓની) રજુઆત કરતો હતો. મેં દગાણ કર્યું ન હતું."

૨૮૯૩ અને ફિરસ્તો કહેશે, 'મેં તને કહ્યું હતું કે તારી દિલગીરી આ (વાસનામય) આનંદની બદલીમાં વધારવામાં આવશે.

૨૮૯૪ મેં ફલાણા ફલાણા દિવસે તને કહ્યું ન હતું કે બહિસ્તનો રસ્તો પેલી (રૂહાનીયત) દિશામાં છે?

૨૮૯૫ કે અમો તારા આત્માના પ્રેમીઓ અને તારા જીવના પોષણ કરનાર છીએ અને તારા (રૂહાની) બાપને ખરા દિલથી પૂજનારા છીએ.

૨૮૯૬ કે આ વખતે પણ અમો તારી સેવા કરીએ છીએ અને બાદશાહી તરફ તને આમંત્રણ આપીએ છીએ.

૨૮૯૭ (અનેક) પેલો સમુહ (સેતાનો) તારા બાપ (હ. આદમ. અ. સ.)ના દુશ્મનો હતા કે જેઓએ ખુદાઈ હુકમ કબુલ કરવાનો ઇન્કાર કર્યો. (હ. આદમ અ. સ.ને સિજદો કરવાનો)

૨૮૯૮ તેં (તેઓએ કરેલી પેલી રજુઆત) કબુલ કરી, તેં અમારી નાકબુલ કરી, તને અમારી સેવા માટેના આભારના કરજનું જ્ઞાન નથી.

૨૮૯૯ હવે અમારા અને તેમના તરફ ચોકખી નજરે જો. અને દરેક (સમુહને) અવાજ અને વાણી ઉપરથી પિછાણ.

૨૯૦૦ જો તમો એક દોસ્ત પાસેથી મધ્યરાત્રીએ કાંઈક બાનગી સાંભળો તો તમો જાણશો કે તે તે હતો કે જ્યારે પહો ફાટતાં (તે તમારી પાસે) ફરી વાર બોલશે.

૨૯૦૧ અને જો બે પુરૂષો રાત્રીના તમારી પાસે સમાચાર લાવે તો તમો તેઓની બોલવાની (રીત ઉપરથી) દિવસના ભાગમાં બન્નેને પિછાણી શકશો.

૨૯૦૨ (જો) રાત્રી દરમ્યાન એક સિંહનો અવાજ અને એક કુતરાનો અવાજ કોઈના કાનમાં સંભળાય અને અંધારાના કારણે તેઓનાં રૂપો તેણે જોયાં નથી,

૨૯૦૩ છતાં જ્યારે દિવસ ભાંગે છે અને તેવો જ અવાજ કરવો શરૂ કરે છે, ત્યારે સમજદાર (સાંભળનાર) તેઓ જે અવાજ કરે છે તેનાથી તેમને ઓળખી જશે.

૨૯૦૪ અંજામ આ છે, સેતાન અને (ફિરસ્તાઈ) આત્મા બન્ને કે જે (આપણને ઈચ્છીત વસ્તુઓ) ની રજુઆત કરે છે, પસંદગીની શક્તિ પુરી કરવાના ઈરાદે હસ્તિ ધરાવે છે.

૨૯૦૫ આપણી અંદર અદ્રષ્ય પસંદગીની શક્તિ છે, જ્યારે તે બે (પૈકીનો એક) ઈચ્છીત વસ્તુ જુએ છે. તે માનસિક સ્થિતિમાં મજબુત થાય છે,

૨૯૦૬ શિક્ષકો (નિશાળમાં) બચ્ચાઓને મારે છે, તેઓ એક કાળા પત્થર ઉપર પેલી ભુલ સુધારવા કેમ ફટકારશે ?

૨૯૦૭ તમે કદી પત્થરને કહેશો આવતી કાલે આવજે, અને જો તું નહિ આવ તો હું તમારી ખરાબ વર્તણુક માટે યોગ્ય સજા કરીશ ?

૨૯૦૮ શું કોઈ સમજુ માણસ ઈંટના ટુકડાને ફટકારશે ? શું કોઇ પત્થરને ઠપકો આપશે.

૨૯૦૯ સમજણની (દ્રષ્ટિમાં) મહત્વાકાંક્ષા (તદ્દન) સ્વતંત્ર કામ કરવાની સત્તાના સિદ્ધાંતથી વધુ શરમજનક છે. કારણ કે મહત્વાકાંક્ષી તેથી પોતાની (આંતરિક) સમજને નામંજુર કરે છે.

૨૯૧૦ માણસ કે જે (સંપૂર્ણ) સ્વતંત્ર કાર્ય કરવાની શક્તિનો સિદ્ધાંત પકડે છે ને પોતાની આંતરિક સમજનો ઇન્કાર કરતો નથી (તે કહે છે), "તે પેલાં માનવ કાર્યોને પકડે છે. કે જે ઇન્દ્રિયની સમજ સંડોવે છે, ખુદાને નિમિત્ત બનાવી શકે નહિ.

૨૯૧૧ તે કે જે સર્વશક્તિમાન માલિકના કાર્યનો ઇન્કાર કરે છે (પ્રત્યક્ષપણે) તેનો ઇન્કાર કરે છે કે જે દૈવી કાર્યોથી (દૈવી) પ્રતિનિધિને બતાવે છે.

૨૯૧૨ પેલો એક (સંપૂર્ણ સ્વતંત્ર કાર્ય કરવામાં માનનારો) કહે છે, ત્યાં ધુમાડો છે, પણ અગ્નિ નથી. ત્યાં તેજસ્વી મીણબત્તી વગર મીણબત્તીનો પ્રકાશ છે.

૨૯૧૩ અને આ એક (મહત્વાકાંક્ષી) અગ્નિ ખુલ્લી રીતે જુએ છે, (પણ) ઈન્કાર કરવાની ખાતર તે કહે છે કે તે હસ્તિમાં નથી.

૨૯૧૪ તે તેનો પોશાક બાળે છે (છતાં) તે કહે છે, "અગ્નિ નથી" તે (દોરો) તેનો પોશાક સાંધે છે (છતાં) કહે છે 'દોરો નથી'

૨૯૧૫ જ્યારે કે આવશ્યકતાનો સિદ્ધાંત કુતર્કતા છે, અનિવાર્યપણે તે (મહત્વાકાંક્ષી) ખુદાની દ્રષ્ટિએ નાસ્તિક કરતાં વધુ ખરાબ છે.

૨૯૧૬ નાસ્તિક કહે છે, દુનિયા હસ્તિ ધરાવે છે, (પણ) કોઈ માલિક નથી, તે પેલી (પ્રાર્થના) કહે છે, 'એ મારા માલિક,' કબુલાવાતો નથી.

૨૯૧૭ આ એક (મહત્વાકાંક્ષી) કહે છે, 'દુનિયા વાસ્તવિક રીતે નહિવત છે' નાસ્તિક (ભુલના) એક ગુંચવાડામાં છે.

૨૯૧૮ આખી દુનિયા પસંદગીની શક્તિના (વાસ્તવિકપણા) સાચી હોવાનું કબુલ કરે છે, સાબિતી તેઓના હુકમ અને મના કરવી છે, 'આ લાવો અને પેલું ન લાવતા.'

૨૯૧૯ તે (મહત્ત્વાકાંક્ષી) કહે છે કે હુકમ અને મનાઈ શુન્ય છે અને પસંદગીની શક્તિ નથી આ બધો (સિદ્ધાંત) ભુલ ભરેલો છે.

૨૯૨૦ એ મારા દોસ્ત જનાવરો (પણ) આંતરિક) સમજની વાસ્તવિકતા સાચી હોવાનું કબુલ કરે છે પણ આની સાબિતીનો અર્થ સમજવો એ (મુશ્કિલ) બાબત છે.

૨૯૨૧ તેવી જ રીતે આપણી પસંદગીની શક્તિની (વાસ્તવિકતા) આંતરિક સમજણથી સમન્વય છે, કાર્યોની જવાબદારી સારી રીતે તેના ઉપર મુકવી જોઈએ.

નિર્ણયશક્તિ હોવાની આંતરિક સૂઘબૂધ અથવા ગુસ્સો આત્મસંચય, તૃપ્તિ અથવા ભુખના દબાણ હેઠળ વર્તવું, સમજણોથી અનુરૂપ થાય છે કે પીળામાંથી રાતો અને મોટામાંથી નાનો, મીઠામાંથી કડવો અને વિષ્ઠામાંથી કસ્તુરી, નરમમાંથી સખત, અડકવાની ઇન્દ્રિયથી અને ઠંડીમાંથી ગરમ અને નવશેકામાંથી ઉકળતું (ગરમ), સુકામાંથી ભીનું, એક દિવાલ સાથેનો સ્પર્શ અને એક ઝાડ સાથેનો સ્પર્શ જાણે અને પારખે, તેથી તે કે જે આંતરિક સુઘબુધનો ઇન્કાર કરે છે તે સમજણોનો ઇન્કાર કરે છે, અને (તે તેનાથી વધુ) કરે છે, (કારણ કે આંતરિક સૂઘબુધ સમજણો કરતાં વધુ દેખીતી છે, તેવી જ રીતે એક પોતાની ઇન્દ્રિઓને સ્થિર કરે છે અને કાર્ય કરવામાંથી રોકે છે જ્યારે તે આંતરિક સુઘબુધના અનુભવનો રસ્તો રોકવો અને તેઓનું દાખલ થવું અટકાવવું એ અશક્ય છે, અને સમજુ માટે એક ઇશારો જ બસ છે.

૨૯૨૨ આંતરિક સૂઘબૂધ જાહેરી લાગણીને અનુરૂપ બને છે. એ કાકા બન્ને એક જ પ્રવાહમાં વહે છે.

૨૯૨૩ 'કરો' અથવા 'કરો નહિ' હુકમ અને મનાઈ, ચર્ચા અને વાતચીત તેને બંધ બેસતાં છે.

૨૯૨૪ (વિચાર', 'આવતી કાલે હું આ કરીશ અથવા હું તો કરીશ' એ પૂજનીય, તે નિર્ણયશક્તિની સાબિતી છે.

૨૯૨૫ અને પશ્ચાત્તાપની (બાબતમાં) કે જે તમોએ ગુનાહિત કાર્ય અંગે કર્યો છે. તમો નિર્ણયની તમારી શક્તિ થકી (સત્ય રાહે) દોરવાએલા બન્યા છો.

૨૯૨૬ સમસ્ત કુરાનેમજીદ હુકમો અને મનાઈઓ અને (સજાની) ધમકીઓથી ભરેલું છે. આરસના પહાડને અપાતા હુકમ (કદી) કોઈએ જોયા છે?

૨૯૨૭ કદી કોઈ સમજુ માણસ, કદી કોઈ ડાહ્યો માણસ આમ કરે? શું તે ઈંટોના ઢુકડા અને પત્થરાઓ તરફ ગુસ્સો અને દુશ્મની બતાવે ખરો?

૨૯૨૮ કહીને, મેં તને આમ કે તેમ કરવાનું કહ્યું, એ મરેલા અને નિરાધાર, શા માટે તેં તે કર્યું નથી ?

૨૯૨૯ લાકડાં અને પત્થર ઉપર સમજણ કાંઇપણ સત્તા કેમ જમાવે ? સમજણ એક અમૂર્ત ચિત્રેલ આકૃતિનો કબજો લ્યે ખરી ?

૨૯૩૦ કહે, એ લકવામય હાથો અને ભાંગેલા પગોવાળા ગુલામ, ભાલો લઈ લે અને લડાઈના મેદાનમાં આવ !

૨૯૩૧ (તો પછી) પેદા કરનાર કે જે આસમાન અને ગ્રહોનો બનાવનાર છે તે પેલાના જેવા અજ્ઞાનીઓ ઉપર હુકમો અને મનાઇઓ કેમ કરે ?

૨૯૩૨ તમોએ કમજોરીની શક્યતા ખુદામાંથી બસેડી લીધી છે (પણ) તમોએ પ્રત્યક્ષપણે તેને અજ્ઞાન અને ગમાર અને મુર્ખ કહ્યો છે.

૨૯૩૩ (દૈવી) કમજોરી મરજી મુજબ કરવાના સિદ્ધાંતના (પરિણામના) એક ભાગ રૂપ નથી, અને જો તે સત્ય દેખાય તો અજ્ઞાનતા કમજોરીથી વધુ ખરાબ છે.

૨૯૩૪ તુર્ક (ખુદા) અજાણ્યા મહેમાનને દયાપુર્વક કહે છે, મારા દરવાજે કુતરા (દુષ્ટ મન) વગર અને ફાટેલા કોટ વગર આવ.

૨૯૩૫ અને સાંભળ, ફલાણી જગ્યાએથી માનપુર્વક આવજે, એટલા માટે કે મારો કુતરો તેના દાંત અને મોં બંધ રાખે (અને) તને (કરડવામાંથી) અટકે.

૨૯૩૬ (પણ) તું તેનું ઉલટું જ કરે છે અને દરવાજા તરફ આગળ વધે છે, અનિવાર્યપણે તમો કુતરાના હુમલાથી ઘવાએલા બનો છો.

૨૯૩૭ (તમારે) તે જ રીતે આગળ વધવું જોઈએ કે જેમ ગુલામો આગળ વધ્યા છે કે જેથી તેનો કુતરો નમ્ર અને માયાળુ બને.

૨૯૩૮ (જો) તમો એક કુતરો કે શિયાળને સાથે લીધો. (તો) એક કુતરો દરેક તંબુના તળીએથી તમારા તરફ ઉકળી ઉઠશે.

૨૯૩૯ ખુદા સિવાય બીજાને નિર્ણયની શક્તિ નથી, શા માટે તમો એક કે જેણે (તમારી વિરૂદ્ધ) ગુન્હો કર્યો છે તેની સામે ગુસ્સે બનો છો ?

૨૯૪૦ શા માટે દુશ્મન સામે તમે દાંત કચકચાવો છો ? શા માટે તમારાથી ઉત્પન્ન થતા કાર્યને પાપ અને ગુનાહ સમજો છો ?

૨૯૪૧ જો એક લાકડાનો ટુકડો તમારા ઘરની છતમાંથી તુટે અને તમારા ઉપર પડે અને તમોને સખ્ત ઘાયલ કરે.

૨૯૪૨ તો તમોને જો છાપરાના લાકડા સામે કાંઈ ગુસ્સો આવશે ? તમોને તેની સામે વેર લેવાનું કદી મન થશે ખરૂં ?

૨૯૪૩ (અને કહેશો) 'તે શા માટે મારી સાથે ભટકાણું અને મારો હાથ ભાગ્યો ? તે મારો જીવલેણ વેરી અને દુશ્મન છે !

૨૯૪૪ તમો શા માટે નાનાં બચ્ચાંઓને જ્યારે તેઓ ખોટું કરે છે ત્યારે મારો છો, જ્યારે કે (સિદ્ધાંત) તમો ઘડી કાઢો છો કે યુવાનો ઠપકામાંથી બાકાત છે ?

૨૯૪૫ એક માણુસની (બાબતમાં) કે જે તમારી મિલ્કત ચોરે છે, (તમો જજને કહેશો), 'તેની ધરપકડ કરો, તેના હાથ અને પગ કાપી નાખો, તેને બંદીવાન બનાવો."

૨૯૪૬ અને એક માણુસ (ની બાબતમાં) કે જે તમારી સ્ત્રીની મુલાકાત લ્યે છે, એક સો પ્રકોપો તમારામાં જાગી ઉઠશે.

૨૯૪૭ (બીજી બાજુ) જો એક જળપ્રલય આવે અને તમારા ઘરનો સરસામાન ઉપાડી જાય તો શું તમારી સમજણ જળપ્રલય તરફ કાંઈ દુશ્મની દર્શાવશે ?

૨૯૪૮ અને જો પવન આવ્યો અને તમારી પાઘડી ઉપાડી ગયો, તો કયારે તમારા દિલે પવન વિરૂદ્ધ કાંઈ દુશ્મની બતાવી !

૨૯૪૯ તમારામાંનો ગુસ્સો (માણુસમાં) નિર્ણયની શક્તિની હસ્તિનો દેખીતો પુરાવો છે. કે જેથી તમારે મહત્વાકાંક્ષીની રીતે ત્યારબાદ પોતાની માફી માગવી ન પડે.

૨૯૫૦ જો એક ઉંટ સ્વાર ઉંટને ફટકારવું ચાલુ રાખે તો ઉંટ મારનાર પર હુમલો કરશે.

૨૯૫૧ ઉંટનો ગુસ્સો તેની લાકડી વિરૂદ્ધ તાકેલો નહિ હોય, તેથી ઉંટે (માણુસમાંથી) નિર્ણયશક્તિનું કંઈક સંતવ્ય મેળવ્યું છે.

૨૯૫૨ તેવી જ રીતે એક કુતરો, જો તમો તેના તરફ એક પથ્થર ફેંકશો તો તમારા તરફ ધસશે અને (ઝનુનથી) બેવડો બનશે.

૨૯૫૩ જો તે પથ્થરને પકડે છે તો તમારી વિરૂદ્ધ તેના ગુસ્સાનું કારણ છે કારણ કે તમો દૂર છો અને તમારા ઉપર તેની કોઈ સત્તા નથી.

૨૯૫૪ જ્યારે કે જનાવરી સમજણને (માણુસમાં) નિર્ણયની શક્તિ હોવાની સમજ છે, ઓ માનવ બુદ્ધિ, તું (આ મહત્વાકાંક્ષી સિદ્ધાંત) પકડતો નહિ જરા શરમ રાખ !

૨૯૫૫ આ (નિર્ણયની શક્તિ) પ્રત્યક્ષ છે, પણ જ્યારે ફાટતાં પહેલાં લીધેલા ભોજન માટેની તેની ઇચ્છામાં, પેલો (કંજૂસ) બાનાર પ્રકાશ તરફ પોતાની આંખો બંધ કરે છે.

૨૯૫૬ જ્યારે કે તેની સઘળી અભિલાષા રોટલો બાવા માટેની છે, તે પોતાનો ચહેરો અંધારા તરફ ગોઠવે છે, કહીને, 'હજી દિવસ શરૂ નથી થયો.'

૨૯૫૭ તેવી જ રીતે જેમ કંજુસાઈ (તેનામાંથી) સુરજને સંતાએલો બનાવે છે ત્યારે અન્યથી કઇ કે જો તે પોતાની પીઠ વિશ્વાસ ઉત્પન કરનાર સાબિતી ઉપરથી ફેરવે ?

માણુસ જાતને નિર્ણયની શક્તિ છે તે સમજાવતી અને કબુલ કરતી દૃષ્ટિની કહાણી, જે બતાવે છે કે નિર્માણ અને અગાઉથી નિયત કરેલી નિર્ણયની શક્તિને રદબાતલ કરતી નથી.

૨૯૫૮ એક ચોરે ન્યાયાધીશને કહ્યું, 'ઓ (મારા) રાજા, તે કે જે મેં કર્યું છે ખુદા તરફનો હુકમ હતો.'

૨૯૫૯ ન્યાયાધીશે જવાબ દીધો 'મારા બહાલા દોસ્ત, હું પણ જે કરું છું તે પણ ખુદાના હુકમથી કરું છું.'

૨૯૬૦ જો કોઈ પણ શાકભાજી વેચનારની દુકાનમાંથી એક ભાજી લ્યે, કહીને, 'ઓ સમજદાર ઇન્સાન, આ ખુદાથી હુકમ થએલ છે.'

૨૯૬૧ તમો (શાકભાજી વેચનાર) તમારી મુઠીથી તેના માથા ઉપર બે ત્રણ મુક્કા ફટકારશો (જાણે એમ કહેતા હો), ઓ ઘૃણાજનક આદમી, આ મારા ખુદાના હુકમથી છે કે તું તે (ભાજી) પાછી અહીં મુકી દે.'

૨૯૬૨ ઓ લાગણી દુઃખવનાર, જ્યારે કે આ માફી એક માત્ર ભાજી (ઓરવાની) બાબતમાં શાકભાજી વેચનારથી કબુલ કરાતી નથી ત્યારે.

૨૯૬૩ તમો આ ક્ષમાયાચના અને આવા એક અજગરના પાડોશીપણા ઉપર આવો વિશ્વાસ કેમ મુકવો ?

૨૯૬૪ ઓ હલકટ ભોળા આદમી, આના જેવી એક ક્ષમાયાચના કરવાથી તમો તમારું જીવન, તમારી માલમિલકત અને તમારી સ્ત્રીની કુરબાની કરો છો.

૨૯૬૫ (કારણ કે) ત્યાર બાદ દરેક જણ તમારી મુછ ખેંચી કાઢશે અને તેની ક્ષમા યાચના માગશે અને તેજ બહાનુ બતાવશે અને તેમને ફરજીયાતપણે કાર્ય કરવા બહાર ધકેલશે.

૨૯૬૬ જો ખુદાઈ વટહુકમ તમને એક યોગ્ય બહાનું દેખાય છે, તો પછી મને માર્ગદર્શન આપ અને (આ ખુદા પર) મને શાસ્ત્રસંમત ફેંસલો આપ.

૨૯૬૭ કારણ કે મને એકસો ઉમેદો અને લાલસાઓ છે. (પણ) મારો હાથ ખુદાની ભીતિ અને બીકથી બંધાએલો છે.

૨૯૬૮ મારા તરફ એક સદ્‌ભાવ બતાવ, પછી મને એક બહાનું શીખવ, મારા હાથ અને પગમાંથી ગાંઠો છોડી દે.

૨૯૭૯ તમો એક હાથની કળા શીખ્યા છો, (આથી) (પ્રત્યક્ષપણે) કહો છો, મને (અમુક) ખ્યાલ અને (અમુક) નિર્ણય છે.

૨૯૭૦ નહિતર, ઓ ઘરના ધણી, બાકીના બીજા બધામાંથી પેલી ખાસ હાથકળા કેમ પસંદ કરી છે ?

૨૯૭૧ જ્યારે માનવદેહી માટે સમય આવે છે, લાલસાઓને (છુટથી માણવામાં આવે છે) ત્યારે તમારી પાસે વીસ માણસો જેટલી મોટી નિર્ણયશક્તિ આવે છે.

૨૯૭૨ જ્યારે તમારો દોસ્ત નફામાંથી એકાદ સિક્કો ઝૂંટવી લ્યે છે ત્યારે તુર્તજ તમારા આત્મામાં તેની સાથે લડાઈ કરવાની શક્તિ ઉત્પન્ન થાય છે.

૨૯૭૩ (પણ) જ્યારે (ખુદાઈ) બક્ષિશોના કારણે આભાર માનવાનો વખત આવે છે ત્યારે તમને નિર્ણય કરવાની શક્તિ નથી અને એક પત્થરથી પણ અધમ બનો છો.

૨૯૭૪ અનિવાર્યપણે આ તમારા દોજખ માટેનું બહાનું બનશે. (એટલે કે) 'આ બળવા માટે મારા બહાનાની ગણત્રી કરજે.'

૨૯૭૫ જ્યારે કે કોઈપણ આ અભ્યર્થના માટે તમને માફી લાયક સમજશે નહિ અને (જ્યારે કે) આ (અભ્યર્થના) સજા કરનારના હાથોમાંથી તમને દુર રાખી શકશે નહિ.

૨૯૭૬ તો પછી, (ખુલ્લી રીતે), (ચાલુ) જગત આ ઈન્સાફની રૂએ ગોઠવાએલ છે, અને પેલીપારની દુનિયામાં વસ્તુઓની હાલત પણ તારાથી જાણીતી બનાવાય છે.

મહત્ત્વાકાંક્ષીને જવાબમાં બીજી કહાણી. માણસની નિર્ણયશક્તિને કબુલ કરતી અને દૈવી હુકમો અને સજાઓની કાયદેસરતા અને બતાવે છે કે મહત્ત્વાકાંક્ષીનું બહાનું કોઈપણ ધર્મ અથવા દીનના કોઇપણ ફિરકામાં કબુલ કરાતું નથી, અને કે પાપી કાર્યો કે જે તેણે કર્યા છે તેના માટેની સજામાંથી તેને તે બચાવી શકશે નહિ, જેમકે મહત્ત્વાકાંક્ષી ઇબલીસને (ખુદાને કહેવામાંથી) સજાથી બચાવાયો ન હતો. (તેણે કહ્યું), કારણ કે તેજ મને ભુલ બતરાવી, અને આવું થોડું ઘણું દર્શાવે છે.

૨૯૭૭ અમુક માણસ એક ઝાડ ઉપર ચઢતો હતો. અને ચોરોની રીતે બધી શક્તિથી ફળ વેરતો હતો.

૨૯૭૮ ફળવાડીનો માળી આવી પહોંચ્યો અને (તેને) કહ્યું "ઓ બદમાશ, ખુદા માટેનો તારો આદરભાવ ક્યાં છે? તું શું કરી રહ્યો છો?"

૨૯૭૯ તેણે જવાબ આપ્યો, "જો એક ખુદાનો ચાકર ખુદાની ફળવાડીમાંથી બજુરો કે જે ખુદાએ તેના ઉપર એક બક્ષિશ તરીકે નવાજીશ કરેલ છે તે ખાય છે તો

૨૯૮૦ તું શા માટે અધમપણે (તેને) ધમકાવે છે? સર્વસંપન્ન માલિકના મેજ તરફ કૃપણતા!"

૨૯૮૧ તેણે કહ્યું. "ઓ અયબક, પેલું દોરડું લાવ, કે આ ભલા માણસને હું મારો જવાબ આપું,"

૨૯૮૨ પછી જલ્દીથી તેણે તેને એક ઝાડ સાથે મજબુતાઈથી બાંધ્યો, અને એક ધોકા વડે તેની પીઠ અને પગો ઉપર સખત ફટકા લગાવ્યા.

૨૯૮૩ તે (ચોર) ખુબ પાડી ઉઠ્યો, "વિનંતી કરૂ છું, ખુદા ખાતર થોડો આદરભાવ રાખો, તું નિર્દાક્ષ્યપણે મને મારી નાખે છે કે જે નિર્દોષ છે."

૨૯૮૪ તેણે જવાબ આપ્યો, "ખુદાના ધોકાથી આ તેનો ચાકર બીજા ચાકરની પીઠ ઉપર ગંભીરતાપુર્વક મારી રહ્યો છે.

૨૯૮૫ તે ખુદાનો ધોકો છે, અને પીઠ અને બાજુઓ તેની જ માલિકીની છે, હું (માત્ર) એક ગુલામ અને તેના હુકમનું ઓજાર છું."

૨૯૮૬ તેણે (ચોરે) કહ્યું "ઓ લુચ્ચા બદમાશ, હું મહત્ત્વકાંક્ષાપણાનું પોતેજ ખંડન કરું છું, પોતાનું કામ પોતાની મરજી મુજબ કરવાની સત્તા છે, સત્તા છે. સત્તા છે."

૨૯૮૭ તેની (ખુદાની) સર્વમય નિર્ણયની શક્તિએ (આપણી વ્યક્તિગત) નિર્ણયની શક્તિને અસ્તિત્વમાં આણી છે, તેની નિર્ણયની શક્તિ ધુળ નીચે (સંતાએલ) એક કેડી માફક છે (જે તેને ઉંચે ઉડાડે છે.)

૨૯૮૮ તેની (ખુદાની) નિર્ણયની શક્તિ આપણી નિર્ણયશક્તિને બનાવે છે, તેના હુકમનો (આપણી) અંદરની નિર્ણય શક્તિની નીતિમતામાં ઉપયોગ કરાયો છે.

૨૯૮૯ સઘળા પેદા કરાએલા સજીવ જીવોને રૂપ ઉપર સત્તા વાપરવાની શક્તિ હોય છે કે જેઓ પોતાની મરજી મુજબ કામ કરવાની શક્તિ વગરના છે.

૨૯૯૦ કે જેથી તે (કે જે પેલી શક્તિ ધરાવે છે) તે (જ્યાં ધારે ત્યાં) ખેંચે છે. (નિર્જીવ) શિકાર મરજીથી વંચિત અથવા ઝયદને કાનથી પકડવાથી તે તેને ઉડાવી જાય છે.

૨૯૯૧ પણ (તે) માલિકનું કામ છે (કે) કાંઈપણ ઓજાર વાપર્યા વિના તેની સ્વતંત્ર મરજીને તેના માટે એક ગાંડ બનાવે છે.

૨૯૯૨ તેની (ખુદાની) સ્વતંત્ર મરજી તેને ઝયદ માટે એક બેડી બનાવે છે, ખુદા તેને તેનો શિકાર કુતરા કે જાળની (મદદ વગર) (ઝયદનો કેદી) બનાવે છે.

૨૯૯૩ સુતારને લાકડીના એક ટુકડા ઉપર સત્તા છે અને એક ચિત્રકારને એક ખુબસુરતી (ના ચિત્ર) ઉપર અધીકાર છે.

૨૯૯૪ લુહાર લોઢા ઉપર એક મુખ્ય અધિકારી છે, બાંધકામ કરનાર પોતાના ઓજારો ઉપર રાજા છે.

૨૯૯૫ આ (બાબત) અસાધારણ છે, કારણ કે આ બધી માનવ સ્વતંત્ર મરજી એક ગુલામની માફક તેની (ખુદાની) સ્વતંત્ર મરજીને નીચા નમી સલામ કરે છે.

૨૯૯૬ તમોએ નિર્જીવ વસ્તુઓ ઉપર તેમનું નિર્જીવપણું હોવા છતાં કદી તેમના ઉપર શક્તિ અજમાવી હતી?

૨૯૯૭ તેવી જ રીતે, તેની (ખુદાની) શક્તિ આપણી સ્વતંત્ર મરજીના કાર્યો ઉપર એવી (જાતનું) સ્વતંત્ર મરજીનું કોઈપણ કાર્ય ઝૂંટવી લેતું નથી.

૨૯૯૮ જાહેર કર કે તેની (ખુદાની) મરજી સંપૂર્ણ કાયદાસર રીતે બજાવાય છે (પણ) (તેમાં) ફરજીયાતના ગુણધર્મો સંડોવાયા વગર અને (તેના હુકમની) બેફરમાનીની ભૂલની જવાબદારી લીધા વગર.

૨૯૯૯ જ્યારે કે તમે કહ્યું છે, "મારી બેઈમાની તેની ઇચ્છીત છે," જાણ કે તે તારા પોતાથી પણ ઇચ્છીત છે.

૩૦૦૦ કારણ કે તારી મરજી વગર બેઈમાની હસ્તિ ધરાવે જ નહિ. પસંદગી રહિત બેઈમાની અંગત વિસંગતી છે.

૩૦૦૧ તેને તાબે થવાનો અશકત ઉપરનો એક હુકમ ઘૃણાજનક અને ઠપકાપાત્ર છે અને તેની બેફરમાનીના કારણે ગુસ્સો કરવો વધુ ખરાબ છે, ખાસ કરીને દયાળુ માલિકમાંથી.

૩૦૦૨ એક બળદને મારવામાં આવે છે ને તે ઘોંસરાની ના પાડે, કદી કોઈ બળદને ફટકા મારી દુઃખી બનાવાય કારણ કે તે ઉઠતો નથી?

૩૦૦૩ જ્યારે કે બળદ ભવાં ચડાવવા માટે ગુન્હેગાર ઠરાવાતો નથી, તો પછી બળદના માલિકને કસુરવાન અને શકિતહીન કેમ ઠરાવાય?

૩૦૦૪ જ્યારે કે તમો બિમાર નથી ત્યારે તમારા માથા પર પાટો બાંધો નહિ, તમોને સ્વતંત્ર મરજી છે, તમારા ખુદને મુર્ખ બનાવો નહિ.

૩૦૦૫ ખુદાના પ્રેમના પ્યાલામાંથી તાજગીપણું (રૂહાનીયત દયા) મેળવવા સખત મહેનત કર, પછી તમો બિનસ્વાર્થી અને ઇચ્છારહિત બનશો.

૩૦૦૬ પછી બધી ઇચ્છા પેલી મદિરાને સંબંધિત છે અને એક પીધેલા માણસની માફક તમો સંપુર્ણપણે માફી લાયક બનશો.

૩૦૦૭ તમે જેને પણ પ્રહાર કરશો (પછી) મદિરાથી પ્રહાર થયો છે, તમો જે પણ ઉઠાવી જશો તે મદિરાથી ઉઠાવાયું છે.

૩૦૦૮ પીધેલો માણસ કે જેણે ખુદાઇ પ્યાલામાંથી મદિરા ગટગટાવી છે તે ઇન્સાફ અને સચ્ચાઇ સિવાય બીજું કેમ કરશે?

૩૦૦૯ જાદુગરોએ ફિરસ્તાઓને કહ્યું "બંધ કરો! તે કે જેઓ પીધેલા છે તેને હાથ કે પગની ફિકર નથી."

૩૦૧૦ પેલા એક (ખુદા) ની મદિરા અમારા (ખરા) હાથો અને પગો છે, જાહેરી હાથ (માત્ર) પડછાયો નકામા છે.

જે પણ ખુદાએ ઇચ્છા કરી બનવા પામશે જ, એટલે કે મરજી તેવી જ મરજી અને ખુશી છે, નો અર્થ તેની ખુશી શોધ. બીજાઓના ગુસ્સાથી અને બીજાઓની નામંજુરીથી ગભરાનો નહિ, અલબત શબ્દ 'કાન' ભૂતકાળ સૂચવે છે, છતા ખુદાઈ કાર્યમાં ભૂતકાળ કે ભવિષ્યકાળ હોતા નથી કારણ કે ખુદાના "સંબંધમાં સવાર કે સાંજ છે જ નહિ.

૩૦૧૧ હ. પયગમ્બર સાહેબની હદીસ છે કે, "જે પણ ખુદા ઇચ્છે છે તે બનવા પામશે જ" ખુદાની બીદમત કરવા બાબતમાં આળસુ બનવાનો અર્થ નીકળતો નથી.

૩૦૧૨ નહિ, તે સંપૂર્ણપણે ખુદનો પ્રબળ અનુરાગ અને પ્રયાસની ઉશ્કેરણી છે, અર્થ 'પેલી બીદમત બજાવવા પોતાને વધુ પડતી રીતે તૈયાર કર."

૩૦૧૩ ઓ સંત, જો તમોને કહેવામાં આવે કે જે તમો ઇચ્છા કરશો (પુરી થશે જ અને કે) તમોને તમારી ઇચ્છા મુજબ વર્તવાની સંપૂર્ણ સત્તા છે.

૩૦૧૪ પછી, જો તમો (ખુદાઈ ખીદમતમાં) બેદરકાર છે, તો તે ચલાવી લેવાય તેવું છે, કારણ કે જે તમો ઇચ્છશો અને કહેશો તે થવાનું જ છે,

૩૦૧૫ (બીજી બાજુ) જ્યારે તમોને કહેવાયું છે કે જે પણ ખુદા ઇચ્છશે તે થવાનું જ, અને કે સંપૂર્ણ થયો અને અનંતકાળનો સર્વ સત્તા તે જ ધરાવે છે,

૩૦૧૬ તો પછી શા માટે એક સો માણસ જેટલી તેના પ્રત્યે યોગ્ય ભક્તિભાવ દર્શાવવાની ઇચ્છા સાથે એક ગુલામની માફક તેની આજુબાજુ ફરતા નથી?

૩૦૧૭ જો તમને કહેવામાં આવ્યું કે જે વઝીર (પ્રધાન) ઇચ્છે તે (કાયદો છે અને કે) તેની મરજી અધિકારના અમલ કરવામાં સર્વોપરી છે.

૩૦૧૮ તો તમો તુર્તજ એક સો માણસોના ભાવાવેશથી તેને (માવ આપવા) ચકરાવો લેવા માંડશો કે જેથી તે તમારા મસ્તકે દયા અને દાન રેડે.

૩૦૧૯ અથવા પ્રધાન અને તેના મહેલમાંથી ભાગશો? આ (ભાગવું) તેની મદદ શોધવાનો રસ્તો નથી.

૩૦૨૦ તમોએ, ઉલટા ક્રમથી કહ્યું છે "કે જે પણ ખુદા ઇચ્છે તે બનવાનું જ છે" તમો સમજણ અને વિચારમાં ઉલટસુલટ બન્યા છો.

૩૦૨૧ (ધારો કે તમોને કહેવાયું), કે હુકમ (સર્વોપરી સત્તા) આવા આવા એક માલિક ઉપર સુપરત થએલ છે, સાંભળ, આનો શું અર્થ થાય છે, "તેના સિવાય બીજાની સંગાતે બેસ નહિ."

૩૦૨૨ માલિક (તરફ ચાલુ પૂજ્યભાવ) બતાવ, જ્યારે કે હુકમની શક્તિ તે ધરાવે છે, કારણ કે તે પોતાના દુશ્મનનો સંહાર કરે છે અને પોતાના મિત્રની જીંદગી બચાવે છે.

૩૦૨૩ જે પણ તે ધારશે, તે જ વસ્તુ ચોક્કસ તમે મેળવી શકશો, આડો જતો નહિ (બીજા બધાં કરતાં) તેની સેવા કરવાનું પસંદ કર.

૩૦૨૪ (તેનો અર્થ એમ નથી), જ્યારે કે તે સર્વોપરી સત્તા ધરાવે છે, ત્યારે તેના દરબારે વારંવાર જતો નહિ, કે જેથી તારો ચહેરો પીળો અને નામોશીભર્યો બને.

૩૦૨૫ અર્થઘટન એ છે જે તમોને ઉત્સાહી અને આશાવાદી અને કાર્યદક્ષ અને આદરશીલ બનાવે છે તે જ સારો છે.

૩૦૨૬ અને જો તે (સેવા કરવામાં) બેદરકાર બનાવે, જાણ કે સત્ય હકીકત આ હોવી જોઇએ, કે (કહેવાની ખરી સમજણનું) પરિવર્તન છે, નહિ કે અર્થહીન.

૩૦૨૭ આ (કહેણ) નીચે આવ્યું છે એટલા માટે કે (ખુદાની ખીદમત) કરવામાં માણસને ઉત્સાહી બનાવે. કે તે પેલાઓનો હાથ પકડે કે જેઓએ આશા ગુમાવી છે. અને તેમને મુક્ત કરે.

૩૦૨૮ કુરાનનો અર્થ માત્ર કુરાનમાંથી પૂછ, અને પેલો એક કે જેણે અગ્નિ સળગાવી છે અને પોતાની વૃથા કલ્પનાઓને ખલાસ કરી છે.

૩૦૨૯ અને કુરાનને કુરબાન બન્યો છે અને (બદબોઇમાં) નીચો પડ્યો છે, કે જેથી કુરાન તેના આત્માનું સત્વ બન્યું છે,

૩૦૩૦ તેલ કે જે પોતાને સંપૂર્ણપણે ગુલાબની વાસને અર્પણ થએલ છે, તેલ અથવા ગુલાબ બન્ને સરખે રીતે સુગંધી છે.

અને એ જ પ્રકારે (હદીસ), 'કલમ સુકાણી છે' એટલે કે કલામ (શબ્દો) લખ્યા બાદ સુકાણી છે, 'આજ્ઞા પાળવી અને આજ્ઞા પાળવાનો ઇન્કાર સમકક્ષ નથી, પ્રમાણિકતા અને અપ્રમાણિકતા સમકક્ષ નથી. કલમ (લખ્યા પછી) સુકાણી છે કે ઉપકાર માનવો અને અનુપકારીપણું સમકક્ષ નથી, (લખાયા પછી) કલમ સુકાણી છે કે ખુદા ઇમાન-દારોનો બદલો વેડફી નાખવા દેશે નહિ.

૩૦૩૧ તેવીજ રીતે 'કલમ સુકાણી છે' નું સાચું અર્થઘટન (તેણે કે) (આ હદીસ) સૌથી વધારે સમસ્ત ઉપયોગી કામ તરફ ઉશ્કેરવાના ઇરાદા માટે છે.

૩૦૩૨ તેથી કલમે લખ્યું કે દરેક કાર્યને તેની યોગ્ય અસર અને મહત્વ છે

૩૦૩૩ કલમ (લખ્યા બાદ) સુકાણી છે કે તમો (આ દુનિયામાં) ખરાબ કરશો તો (બીજી દુનિયામાં) દુઃખ સહન કરશો અને જો સત્યતાથી વર્તશો તો પરિણામે (ત્યાં) પરમ સુખ ભોગવશો.

૩૦૩૪ (જો) તમો ગેરઇન્સાફથી વર્તશો તો તમો શાપિત છો. કલમ (તેના ઉપર) સુકાણી છે, જો તમો ન્યાય બતાવશો તો તમો આશીર્વાદનાં ફળ ખાશો. કલમ (તેના પર) સુકાણી છે.

૩૦૩૫ જ્યારે તે (હરકોઈ) ચોરી કરે છે, તેનો જમણો હાથ કાપી નાખવામાં આવે છે, કલમ (તેના પર) સુકાણી છે, (જ્યારે) શરાબ પીએ છે ત્યારે નશાબાજ બને છે.

૩૦૩૬ તમો તેને સ્વીકારી લેવા જેવું સમજો છો ? તે સ્વીકારવા જેવું બને ખરું કે (જાહેરાતના) અગાઉના કારણે કચેરીમાંથી હાંકી કઢાએલ એક પુરૂષની માફક ખુદા પાસે આવવું જોઇએ.

૩૦૩૭ કહીને, " પ્રસંગ મારા કાબુ બહાર ગયો છે, મારી પાસે વારંવાર આવો નહિ, (મને) આટલી બધી વિનંતીઓ કરો નહિ.

૩૦૩૮ નહિ, અર્થ છે, કલમ (આના) ઉપર સુકાણી છે કે ઇન્સાફ અને ગેરઇન્સાફ મારી દૃષ્ટિમાં સરખા નથી.

૩૦૩૯ મેં ભલા અને બુરા વચ્ચેનો તફાવત બતાવ્યો છે, મેં ખરાબ અને વધુ ખરાબ વચ્ચેનો તફાવત પણ બતાવ્યો છે.

૩૦૪૦ જો તમારા સાથીદાર કરતાં પણ શિસ્તપાલનનું એકાદ રજકણ પણ તમારામાં વધુ હશે તો ખુદાની રહેમત જાણશો જ.

૩૦૪૧ અને પેલા રજકણની ઉત્તમતા તમારા ઉપર ઈનાયત કરશે, (કયામતના દિવસે) તે રજકણ એક પર્વત જેવું મોટું તમને મળવા આગળ આવશે.

૩૦૪૨ એક બાદશાહ કે જેના તખ્ત સમક્ષ એક વિશ્વાસુ દોસ્ત અને દુષ્ટતાના શોધનાર વચ્ચે કાંઇ ભેદભાવ નથી.

૩૦૪૩ તેની વચ્ચે કે જે તેની (બાદશાહની) નામંજુરીની બીકમાં ધ્રુજે છે, અને તેણે કે પોતાની મિલ્કત (બાદશાહી) વિરૂદ્ધ કાંવતરૂં કરેલ છે.

૩૦૪૪ (તેવો) તફાવત છે નહિ, પણ તેઓ બન્ને તેને માટે એક જ છે, તે બાદશાહ નથી, તેના માથા ઉપર કાળી માટી પડો !

૩૦૪૫ જો તમારી (ભક્તિભાવ ભરેલી) મહેનત (બીજાથી) એક સમજણ જેટલી પણ વધુ છે તો તે (રજકણ) ખુદાના ત્રાજવામાં વજન કરવામાં આવશે.

૩૦૪૬ તમો સતતપણે આ (દુનિયાના) બાદશાહો માટેની સેવામાં મૃત્યુ સુધી કાર્યકરો છે (છતાં) તેઓ પ્રમાણિકતા અને છેતરપીંડી વચ્ચેના તફાવતથી અજ્ઞાન હોય છે.

૩૦૪૭ એક વાર્તા કહેનારના શબ્દો કે જે તમારા માટે હલકું બોલે છે તે તમારી વર્ષોની બજાવેલી સેવા ગુમાવવાનું કારણ બનશે.

૩૦૪૮ (પણ) વાર્તા કહેનારના શબ્દો 'બાદશાહની હજુરમાં' કે જે સાંભળનાર અને જોનાર છે (તેના પર) પ્રભાવ પાડી શકશે નહિ.

૩૦૪૯ બધા વાર્તા કહેનારાઓને તેનાથી નિરાશામાં નીચા પડાશે, તેઓ અમારી પાસે આવે છે અને (અમારૂં) બંધન વધારે છે.

૩૦૫૦ તેઓ અમારી સમક્ષ બાદશાહ વિષે ઘણી ગાળો બોલે છે, કહે છે, જાઓ ! (તમારૂં ભાવી લખાયા બાદ) 'કલમ સુકાણી છે, (તેથી) (તેના ઉપર) વિશ્વાસ મુકતા નહિ.

૩૦૫૧ 'કલમ સુકાણી છે' નો અર્થ (આ) કેમ બને, કે દગલબાજીનાં કાર્યો અને વિશ્વાસુ પણાનાં કાર્યો એક સરખાં કેમ હોય ?

૩૦૫૨ નહિ, દગલબાજી (બદલામાં) દગલબાજીનાં કાર્યો માટે (છે), (તેના પર) 'કલમ સુકાણુ છે.' વફાદારી (બદલામાં) પેલાં વફાદારીના કૃત્યો માટે (છે), (તેના પર) કલમ સુકાણી છે.

૩૦૫૩ (બરોબર), (પાપી માટે) માફી હોય, (પણ) તેને માટે આશાની કીર્તિ કે જે પવિત્રતાન પ્રતાપે ખુદાઈ બીદમતગારને (રૂઢાની રીતે) સફેદ ચહેરાનો બનાવાય તે કયાં છે !

૩૦૫૪ **જો એક લુંટારાને માફ કરવામાં આવે તો તે પોતાની જીંદગી બચાવશે (પણ) તે એક વંઠીર અને બજાનચી કેમ બનશે ?**

૩૦૫૫ આવો, ઓ ઈસ્લામના વિશ્વાસુ રક્ષક, કારણ કે દરેક કીર્તિ અને દૈવી સદ્‌ભાવન નિશાની 'અમાનત'માંથી ઉત્પન્ન થઈ છે.

૩૦૫૬ જો એક બાદશાહનો દીકરો તેના તરફ બેવફા બને તો પેલા કારણે તેનું માથું તેન શરીરથી જુદું કરવામાં આવશે.

૩૦૫૭ અને જો એક હિન્દુ ગુલામ વફાદારી બતાવશે તો શહેનશાહી તેને શાબાશી આપશે (અને કહેશે), "તમો લાંબુ જીવન જીવો."

૩૦૫૮ એક ગુલામ માટે શું ? જો એક કુતરો દરવાજા પર (ચોકી કરવામાં) વફાદાર છે તો ઘરધણીના દિલમાં તેનાથી એક સો સંતોષની લાગણી છે.

૩૦૫૯ જ્યારે કે, આ (વફાદારીના) કારણે, તે એક કુતરાના મોં ઉપર ચુંબનો કરે છે, જો તે (વફાદાર) એક સિંહ હોય તો તે તેને કેવો વિજયવંત બનાવત ?

૩૦૬૦ (લુંટારાઓ માફી સિવાય કાંઇ મેળવતા નથી), ખાત્રીપુર્વક લુંટારો કે જે ખુદા તરફ બીદમતનાં કાર્યો બજાવે છે અને જેના દિલની સચ્ચાઈએ પોતાનાં (આગલાં) પાપોનાં મુળીયાં ઉખેડી નાખ્યાં છે.

૩૦૬૧ ફઝલ ઈબ્ને ઇયાઝ માફક, લુંટારો જે સીધું રમ્યો, કારણ કે તે દસ માણસોના જોર સાથે પશ્ચાતાપ તરફ દોડ્યો.

૩૦૬૨ અને જેમ જાદુગરો કે જેઓએ પોતાની વફાદારી અને મનોબળથી ફિરઔનનો ચહેરો કાળો કર્યો.

૩૦૬૩ તેઓએ પેલા વેરની વસુલાતના કારણભુત ગુન્હા માટે (સજા તરીકે) પોતાના હાથપગ આપ્યા (કપાવ્યા), (વફાદારીનો તે દરજ્જો) એક સો વર્ષના ભક્તિભાવની સેવાથકી પણ કેમ મેળવાય ?

૩૦૬૪ તમો કે જેઓએ પચાસ વર્ષો પર્યંત (તેની) સેવા કરી (છતાં) આવું એક ઈમાન તમોએ કયારે ધરાવ્યું છે ?

એક દરવીશની કહાણી કે જેણે હિરાતમાં ખુરાસાનના આમીદના ખૂબ જ સાધન સમ્પન્ન ગુલામો, અરબી ઘોડાઓ ઉપર સવાર થએલા અને ઝરીયાન કિનારીવાળા ઝબ્બાઓ પહેરેલા, રૂપા અને હીરા ભરેલ કિમતી ટોપીઓ પહેરેલા જોયા. તેણે પુછયું, "આ કયા શાહજાદાઓ અને બાદશાહો છે ? તેઓ શાહજાદાઓ નથી પણ ખુરાસાનના આમીદના ગુલામો છે એમ કહેવાતાં, તેણે પોતાનો ચહેરો આસમાન તરફ ફેરવી, ખુમ પાડી, "ઓ ખુદા, ગુલામોની કેવી કાળજી લેત્રી તે આમીદ પાસેથી શીખ." ખુરાસાનમાં રાજ્યના હિસાબ કિતાબ રાખનારને 'આમીદ' નામે બોલાવાય છે.

૩૦૬૫ હિરાતનો એક અસભ્ય દરવીશ, જ્યારે તેણે એક અમીરનો ગુલામ જોયો.

૩૦૬૬ રેશમના કપડામાં સોનાના પટા સાથે જતો જોયો. તેણે આસમાન તરફ પોતાનો ચહેરો ફેરવ્યો.

૩૦૬૭ અને ખુમ પાડી, "ઓ ખુદા, તારા ગુલામને કેમ રાખવો તે આ ઉદાર શેઠ પાસેથી તું કેમ શીખતો નથી ?"

૩૦૬૮ ઓ ખુદા, આ ગૌરવવંતાં અને અમારા બાદશાહનો પસંદ કરેલો (પ્રધાન) તારા ગુલામોની કેમ સંભાળ લેવી તે તને શીખવે."

૩૦૬૯ તે (દરવીશ) તંગ અને નગ્ન અને ખોરાક વગરનો હતો ત્યારે શિયાળો હતો (અને) ઠંડી હવાથી ખૂબ જ ધ્રુજતો હતો.

૩૦૭૦ પેલો માણસ (કે જે) (ઠંડી અને ભૂખથી) બેભાન હતો, ઉદ્ધતાઈ બતાવી, મનોવૃતિની બેશરમીમાં તેણે એક નાપાક ધૃષ્ટતા બતાવી.

૩૦૭૧ તેણે હજારો (અસંખ્ય) ખુદાઈ બક્ષિશો ઉપર આધાર રાખ્યો હતો, (પોતાના મનમાં) કહે, "નાસ્તિક ખુદાનો ગાઢ સાથી બન્યો છે."

૩૦૭૨ જો બાદશાહનો ગાઢ સાથી થોડીએક છુટછાટ લ્યે, તેમ (છતાં) તું તેમ વર્તતો નહિ કે જેને તેવોજ આધાર નથી.

૩૦૭૩ ખુદાએ કમર આપી અને કમર પટા કરતાં વધુ સારી છે, જો કોઇ તને એક તાજ પણ આપે તેમ (છતાં) તેણે તો માથું આપ્યું છે.

૩૦૭૪ (દરવીશે પોતાના ઠપકા ચાલુ રાખ્યા,) ત્યાં સુધી કે અમુક દિવસે જ્યારે બાદશાહે શેઠ ઉપર અપ્રમાણિકતાનો આરોપ મૂક્યો અને તેના હાથ અને પગ બાંધ્યા.

૩૦૭૫ (જ્યારે) તેણે પેલા ગુલામોને રીબાવવાના યંત્ર ઉપર મૂક્યા, કહે, શેઠનો દાટેલો ખજાનો જલ્દીથી મને બતાવો.

૩૦૭૬ ઓ તમો બદમાશો, તેનું બાનગી મને કહો, નહિતર, હું તમારી ગરદનો કપાવીશ અને તમારી જીભો (ખેંચીને કપાવીશ).

૩૦૭૭ તેણે તેમને એક આખો મહીનો સંતાપ્યા, (તે) રિબામણીનું યંત્ર, માનસિક સંતાપ રાત્રી અને દિવસ મહા દુઃખ (તેઓએ ભોગવ્યું).

૩૦૭૮ તેણે તેઓના કટકે કટકા કર્યા, પણ (પોતાના શેઠ માટેની તેઓની) વ્યાકુળતા અંગે એક પણ ગુલામે પોતાના શેઠની બાનગી વાતનો ભેદ ફોડ્યો નહિ.

૩૦૭૯ આસમાનમાંથી એક અવાજે તેને (દરવીશને) સ્વપ્નામાં કહ્યું." ઓ મહેરબાન, એક ગુલામ કેમ બનવું તે પણ તું શીખ, અને (પછી મારી પાસે) આવ,"

૩૦૮૦ ઓ તું કે જેણે (રૂહાની) યુસુફોના ડગલાઓ ફાડ્યા છે, જાણ કે જો વરૂ તને ફાડે તો તે તારી પોતાની ભુલ છે.

૩૦૮૧ તમારી આજુબાજુ પેલા કપડાનું (એક પહેરણ) પહેરો કે જે તમો વણો છો, આખું વર્ષ પેલા (પાકનું) બાઓ અને પીઓ કે જે તમો વાવો છો.

૩૦૮૨ આ ચાલુ વેદનાઓ (કે જે તમો ભોગવો છો) તે તમારા પોતાનાંજ કર્તવ્યોની (અસર) છે, 'કલમ સુકાણી છે' નો અર્થ આ છે.

૩૦૮૩ (એટલે કે, ખુદા કહે છે), મારો કાયદો સચ્ચાઇમાંથી એક બાજુ ફરતો નથી, ભલાનું ભલું થશે, બુરાનું બુરું.

૩૦૮૪ ખબરદાર, સારાં કૃત્યો કર, કારણ કે વેરની વસુલાત છે જ, જ્યાં સુધી કે તમો સેતાન છો, તેની તલવાર કાપતી રહેશે.

૩૦૮૫ જ્યારે તે (સેતાન) એક ફિરસ્તો બને છે, ત્યારે તે તલવારમાંથી સલામત છે અને સુલેમાનનો ભય નથી.

૩૦૮૬ તેની (સુલેમાનની) સત્તા સેતાન ઉપર ચાલે છે, નહિ કે ફિરસ્તા ઉપર, દુઃખ જમીન ઉપર છે નહિ કે આસમાન ઉપર,

૩૦૮૭ આ મહત્ત્વાકાંક્ષીપણું છોડી દે, કે જે ભલાઈથી તદ્દન ખાલી છે, એટલા માટે કે તમો જાણો કે મહત્ત્વાકાંક્ષાની ગુપ્તતા શી છે,

૩૦૮૮ આળસુના સમુહનું મહત્ત્વાકાંક્ષીપણું છોડી દે, એટલા માટે કે તમો આવશ્યક જ્ઞાન મેળવો કે જે આત્મા જેટલું વહાલું છે.

૩૦૮૯ માણુસોથી ચાહનાર બનવાની હાલત છોડી દે અને ખુદાઈ પ્રેમની કોશીષ કર, ઓ તું કે જે કે ઉત્તમ અને પ્રખ્યાત છો.

૩૦૯૦ ઓ તમો કે જેના કહેણુની કાંઈ રૂહાનીયત કિંમત નથી, કયાં સુધી તમો તમારા શબ્દો માટે ખરીદનાર શોધશો ?

૩૦૯૧ તેઓ (તમારા સાંભળવાવાળા) તમારી હાજરીમાં (સંમતિ દર્શાવવાના ઇરાદે) પોતાનાં માથાં હલાવે છે, તેમને (આકર્ષવાની) લાલસામય ઇચ્છામાં તમારો વખત બગડયો છે.

૩૦૯૨ તમે મને કહેશો, " અદેખાઇમાં મનને સતોષો નહિ," (પણ) કાંઈપણ ન ગુમાવવા અંગે હરકોઇને કેમ અદેખાઈ આવશે ?

૩૦૯૩ ઓ ઉદ્ધત આદમી કિંમત વગરનાને આપેલી સુચના એ જમીન ઉપરના ઢેફા ઉપર એક નાની આકૃતિ દોરવા જેવું છે.

૩૦૯૪ તારા પોતાને ખુદાના પ્રેમ અને (રૂહાનીયત) આંતરિક દ્રષ્ટિનો આદેશ આપ, કારણ કે તે પથરના નક્કર કટકા ઉપર (કોતરેલી) એક ભાત માફક છે.

૩૦૯૫ તારૂં પોતાપણું જ માત્ર શિષ્ય છે જે (અરેઅર) તને વફાદાર છે, બીજા (બધા) નાશવંત છે, તું તેમને કયાં શોધીશ ? કયાં ?

૩૦૯૬ એટલા માટે કે તમો બીજાઓને પંડિત અને પ્રખ્યાત બનાવો, તમો પોતાને હલકી પ્રકૃતિ અને (સાચા જ્ઞાનના) નિર્માલ્ય બનાવો છો.

૩૦૯૭ (પણ) જ્યારે તમારૂં દિલ (વાસ્તવિકતાના) પેલા 'ઇડન' (મનોરમ સ્થાન) થી જોડાયું છે, સાંભળ, બોલ્યે રાખ, અને ખાલી બનવાની બીક રાખતો નહિ.

૩૦૯૮ જ્યારે કે (દૈવી) હુકમ 'બોલો'નો તેમને (હ. પયગમ્બર સાહેબને) આવ્યો, કહે, " ઓ અલ અમીન, તે આવવું બંધ પડશે નહિ " આ એક (અનંત) સાગર છે.

૩૦૯૯ (ખુદાએ કહ્યું) " તમો ચુપ રહો " એટલે કે નકામી વાતોમાં તમારૂં પાણી બગાડો નહિ, કારણ કે દ્રાક્ષવાડી તરસી છે.

૩૧૦૦ આ વિવરણનો અંત નથી, ઓ (મારા) બાપ, આ વિવરણ છોડી દે અને છેડાની ગણત્રી કર.

૩૧૦૧ હું અદેખો નથી કે તેઓ (તમારા શિષ્યો) તમારી હાજરીમાં ઉભા ઉભા (સાંભળે છે) તેઓ (ખરેખર તો) તમારી હાંસી ઉડાવે છે, તેઓ પ્રેમી નથી.

૩૧૦૨ તમારા (સાચા) પ્રેમીઓ (દૈવી) દયાના પડદા પાછળ નિહાળો. તમારા માટે ચાલુ જોરથી ઘુમો પાડે છે.

૩૧૦૩ પેલા અદ્રવ્ય પ્રેમીઓના પ્રેમી બનો. પ્રેમીઓ કે જેઓ પાંચ દિવસ (કરતાં વધુ રહેનાર) નથી તેમને વળગી ન રહેતા.

૩૧૦૪ કારણ કે તેઓએ એક મોટી યુક્તિ અને (તમારા ઉપર પાડેલ) ખેંચાણના સાધનોથી તમને હડપ કર્યા છે, અને ઘણા વર્ષો દરમ્યાન તેમની પાસેથી એક દાણા જેટલો પણ નફો કદી જોયો નથી.

૩૧૦૫ જાહેર રસ્તા ઉપર કેટલો લાંબો વખત દેખાવ કર્યા કરશો ? તમોએ મુસાફરીમાં તમારા પગને ઘાયલ કર્યો છે, અને (તમારી) કોઇપણ ઇચ્છા પુરી થઈ નહિ.

૩૧૦૬ જ્યારે તમો સંપૂર્ણ તંદુરસ્ત હશો ત્યારે તેઓ સઘળા તમારા દોસ્તો અને ભાઈઓ બનશે (પણ) દુઃખ અને તકલીફના સમયે ખુદા સિવાય બીજો નિકટનો દોસ્ત કયાં છે?

૩૧૦૭ આંખ અપવા દાંત દુઃખવાની વેળાએ તેના સિવાય બીજો કોઈ હાથ પકડશે ખરો કે જે દુઃખની ઘુમથી હાજર થાય છે.

૩૧૦૮ તેથી હમેશાં પેલી બિમારી અને દુઃખ યાદ કરતો રહે, અયાઝ પેલી ચામડાની જાકીટમાંથી ચેતવણી લેતો હતો તેમ લેતો રહે.

૩૧૦૯ તમારા દુઃખનો અનુભવ ચામડાની જાકીટ છે જેને અયાઝે પોતાના હાથમાં લીધી.

મહત્વાકાંક્ષી નાસ્તિકનો ધર્મચુસ્તને ફરીવાર જવાબ દેવો કે જે તેને ઇસ્લામ સ્વીકારવા અને મહત્વાકાંક્ષામાંની તેની માન્યતા છોડી દેવાનું આમંત્રણ આપતો હતો, અને બન્ને બાજુએ ચર્ચા ખૂબ લંબાણી કારણ કે આ મુશ્કિલ અને ચર્ચાસ્પદ બાબત ખરો પ્રેમ કે જેને તેમાં વધુ રસ ન હોય તેના સિવાય નિર્ણય કરી શકાય નહિ. "અને ખુદાની દયા તે ઇચ્છે તેના પર ઇનાયત કરે છે."

૩૧૧૦ મહત્વાકાંક્ષી નાસ્તિકે જવાબ આપવો શરૂ કર્યો કે જેનાથી પેલો છટાદાર આદમી (ધર્મચુસ્ત) મુંઝાઇ ગયો.

૩૧૧૧ પણ જો હું પેલા બધા સવાલો અને જવાબો વર્ણવી બતાવું તો હું આ વિવરણ ચાલુ રાખવા અશકત બનું.

૩૧૧૨ આપણને ઘણી અગત્યની બાબતો કહેવાની છે કે જેનાથી તમારી સમજણ ઉકેલની ચાવી વધુ સારી મેળવશે.

૩૧૧૩ અમોએ (માત્ર) પેલા વાદવિવાદનું થોડુંએક કહ્યું છે, ઓ ઝતુની ચર્ચા કરનાર, આ થોડામાંથી સંપૂર્ણનો મુદ્દો સ્પષ્ટ છે.

૩૧૧૪ તેવી જ રીતે, વાદવિવાદ છે (કે જે) સંપૂર્ણ સ્વતંત્ર મરજીના અનુયાયી અને મહત્વાકાંક્ષીઓ વચ્ચે કયામતના દિવસ સુધી (ચાલુ રહેશે).

૩૧૧૫ જો તે (વાદવિવાદ કરનારમાંનો) કોઈ પોતાના પ્રતિસ્પર્ધીને પાછો પાડવા અશક્ત બન્યો હોત તો સિદ્ધાંતો દ્રષ્ટિમાંથી ગુમાવાઇ ગયા હોત.

૩૧૧૬ જ્યારે કે (પેલી બાબતમાં) તેઓ (ચર્ચા કરનારાઓ) (પોતાના વિરોધીઓને) જવાબ આપવામાં જે સમાએલ છે તેમાંથી છટકવાનાં નિમિત્તો હોત નહિ તો તેથી (તેઓનાં દોષયુક્ત સિદ્ધાંતોમાંથી) સત્યાનાશના રસ્તામાં તેઓ પાછા હટયા હોત.

૩૧૧૭ (પણ) તે બાબતમાં તેમનું ચાલુ રહેવું (દૈવી) નિર્માણ હતું, ખુદા તેમને (તર્કશાસ્ત્રની) સાખીતીઓથી નભાવે છે.

૩૧૧૮ એટલા માટે કે તે (વાદવિવાદ કરનાર) તેના પ્રતિસ્પર્ધીના મુશ્કિલ વાંધાઓથી ચુપ બને નહિ અને કે તે પોતાના પ્રતિસ્પર્ધીના વિજય જોવામાંથી અટકાવાએલો બને નહિ.

૩૧૧૯ કે જેથી આ બેતેર ફિરકાઓ કયામત સુધી હમેશાં દુનિયામાં રહેવા પામે.

૩૧૨૦ જ્યારે કે આ આચ્છાદન અને અંધારાની દુનિયા છે, શંકાઓ જે સત્યને અસ્પષ્ટ બનાવે છે જરૂરી છે.

૩૧૨૧ આ બેતેર ફિરકાઓ કયામત સુધી રહેશે, નાસ્તિકની વાત અને દલીલ ઓછી થશે નહિ.

૩૧૨૨ બન્દાની મોટી કિંમત (સંયોગથી) બતાવાઈ છે કે તેના ઉપર ઘણાં તાળાં છે.

૩૧૨૩ ઓ અનુભવી આદમી, (મુસાફરના) હેતુની મોટાઇ રસ્તાના જટીલ પવનો અને પર્વતોના ઘાટો અને લુંટારાના (ત્રાસથી) બતાવાય છે.

૩૧૨૪ કાબાતુલ્લાહ અને સભાગૃહની મોટાઈ બેદુઇનો લુંટફાટ અને જંગલની લંબાઈ (યાત્રીઓએ કરેલી મુસાફરી) આંગે બતાવાય છે.

૩૧૨૫ દરેક (ધાર્મીક) સિદ્ધાંત, દરેક માન્યતા કે જે વખાણવા યોગ્ય નથી તે એક પર્વતના ઘાટ અને એક અટકાયત અને એક લુંટારા માફક છે.

૩૧૨૬ આ સિદ્ધાંત પેલાનો પ્રતિસ્પર્ધી અને બન્નો દુશ્મન બન્યો છે, કે જેથી નકલ કરનાર કે જે (બીજાની માન્યતાઓ અપનાવે છે) બન્ને રસ્તા વચ્ચે મુંઝાએલા છે.

૩૧૨૭ (કારણ કે) તે જુએ છે કે બન્ને વિરોધીઓ પોતાના સિદ્ધાંતમાં દૃઢ છે. દરેક ફિરકો તેના પોતાના રસ્તાથી રાજી છે.

૩૧૨૮ જો તેને (તેના વિરૂદ્ધની દલીલ માટે) જવાબ નહિ હોય તો તે કયામત સુધી તેજ સિદ્ધાંતને વિદ્વાનો બનાવી રહેશે

૩૧૨૯ કહેશે, અમારા મોટા અધીકારીઓ પાસે આનો જવાબ છે, જો કે (જવાબ આપવાની) યોગ્ય રીત અમારાથી ગુપ્ત છે.

૩૧૩૦ (શંકાનાં) હલકાં સુચનો માટે તાળું મારવાનો એક માત્ર ઉપાય પ્રેમ છે, નહિતર કોઇપણ આવાં પ્રલોભનોથી કદી કયારે અટકયો છે?

૩૧૩૧ એક પ્રેમી બન, રાજનો એક પ્રીતિપાત્ર માણસ શોધ, નદીએ નદીએ પાણી કાંઠાનાં પંખીનો શિકાર કર.

૩૧૩૨ પેલો એક કે જે તારૂં પાણી ઉઠાવી જાય છે તેની પાસેથી પાણી (રૂહાનીયતપણું) તું કેમ મેળવીશ? તે કે જે તમારી રૂહાનીયત સમજને હડપ કરે છે તેની પાસેથી સમજ (સત્યતા) કેમ મેળવશો?

૩૧૩૩ પ્રેમ (કે જે) કીર્તિવંત અને ભવ્ય છે, તમો તેમાં આ બુદ્ધિગમ્ય ચીજો કરતાં બીજી વધુ બુદ્ધિગમ્ય ચીજો મેળવશો.

૩૧૩૪ તમારી આ સમજણ કરતાં બીજી સમજણો ખુદા ધરાવે છે કે જેનાથી અવકાશ વચ્ચેની ચીજો ઉપર સત્તા ચલાવાય છે.

૩૧૩૫ કારણ કે આ (વ્યક્તિગત) સમજણથી તમો આજીવીકાનાં સાધનો મેળવો છો. (જયારે) પેલી બીજી (સર્વમય સમજ) થી આસમાનના મુગટોને (તમારા પગ તળેની) શેતરંજી બનાવો છો.

૩૧૩૬ જ્યારે તમો માલિકના પ્રેમમાં તમારી સમજને કુરબાન કરશો ત્યારે તે તમને તેના જેવી દસ અથવા સાતસો સમજ આપશે.

૩૧૩૭ પેલી (મિસરની) સ્ત્રીઓ, જ્યારે તેણીઓએ પોતાની સમજણો કુરબાન કરી ત્યારે યુસુફના પ્રેમના આવાસ તરફ કુચ કરી.

૩૧૩૮ (પ્રેમ કે જે) જીવનનો સાકી છે, એક પળમાં તેમની સમજણો ઉઠાવી ગયો. તેઓએ બાકીના જીવનમાં ડહાપણનું પીણું પેટ ભરીને પીધું.

૩૧૩૯ સર્વશક્તિમાનની ખુબસુરતી એક સો યુસુફોનું મુળ છે, ઓ તું કે જે એક ઓરતથી પણ નીચો છે, પેલી ખુબસુરતી તરફ કુરબાન થઈ જા.

૩૧૪૦ ઓ (વહાલા) આત્મા, માત્ર પ્રેમ જ વાદવિવાદ ટુંકો કરે છે, કારણ કે જ્યારે તમો દલીલો વિરૂદ્ધ મદદ માટેની બુમ પાડો છો ત્યારે તે એકલો જ મદદ કરવા આવે છે.

૩૧૪૧ વાકૂચાતુરી પ્રેમ સમક્ષ મુંગી છે, તેને વાદવિવાદમાં પડવાની હિંમત નથી.

૩૧૪૨ કારણ કે તે (પ્રેમી) બીએ છે કે, જો તે સામો જવાબ આપશે તો એક મોતી (તેનો આંતરિક અનુભવ) તેના મોઢામાંથી બહાર નીકળી જશે.

૩૧૪૩ તે ભલા કે બુરા (શબ્દો) (ઉચ્ચારવામાંથી) પોતાના હોઠો મજબુત બંધ કરે છે, રખેને મોતી તેના ખોળામાંથી પડી જાય (અને ગુમાવાય).

૩૧૪૪ તેવી જ રીતે હ. પયગમ્બર સાહેબના અસહાબે કહ્યું " જ્યારે હ. પયગમ્બર સાહેબ અમારી પાસે (કુરાનના) ભાગો વાંચતા, ત્યારે

૩૧૪૫ ઉદારતાની પળે પેલા પસંદ થએલા સંદેશક અમારી પાસેથી સાવધપણું અને એક સો પૂજ્યભાવોની માગણી કરતા.

૩૧૪૬ તે આવું છે કે જ્યારે એક પંખી તમારા માથા ઉપર (ગોઠવાયું) છે, અને તમારો આત્મા તેના ભાગી જવાની બીકે ફ્રુજે છે

૩૧૪૭ કે જેથી તમો તમારી જગ્યાએથી હટવાની હિંમત કરતા નથી, રખેને ત્યારે તમારું ખુબસુરત પંખી હવામાં ઉડી જાય.

૩૧૪૮ તમો શ્વાસ લેવાની પણ હિંમત નહિ કરો, રખેને પેલું 'હુમા' દુર ઉડી જાય.

૩૧૪૯ અને જો કોઈ તમારી પાસે બીજુ કે કઠવા શબ્દો ઉચ્ચારે તો તમેઃ તમારા હોઠ ઉપર આંગળો મુકશો, કહેશો કે "ચુપ"

૩૧૫૦ વ્યાકુળતા પેલા પંખીની (માફક) છે, તે તમને ચુપ બનાવે છે, તે કિટલી ઉપર ઢાંકણું મુકે છે અને તમને (પ્રેમમાં) ઉકળતા ભરે છે.

બાદશાહ મહમુદે ઈરાદાપુર્વક પૂછયું "એક ફાટેલા જોડા અને ચામડાની નિકટ કે જે નિર્જીવ છે તેને આ બધી ખુશી અને દિલગીરી શા માટે કહે છે ?" (તેનો ઇરાદો હતો) કે તે અવાજને બોલવા તરફ ખેંચે.

૩૧૫૧ (બાદશાહે કહ્યું), " ઓ અયાઝ, મહેરબાની કરી કહે, પોતાનાં માનપુર્વક ચાહેલાંની માફક, એક ફાટેલા જોડા (તરફ તેં બતાવેલ) આવી પ્રેમની નિશાનીઓ શા માટે છે ?

૩૧૫૨ તેં ફાટેલા જોડાને તારી ભક્તિની એક વસ્તુ બનાવી છે, જેમ મજનુએ લયલાના ચહેરાને બનાવેલ.

૩૧૫૩ તેં તારા આત્માના પ્રેમને બે પુરાણી વસ્તુઓ સાથે મેળવેલો છે અને બન્નેને બોરડામાં ટીંગાડેલ છે.

૩૧૫૪ તું ક્યાં સુધી (પેલી) બે જુની વસ્તુઓ તરફ નવા શબ્દો બોલીશ ? અને જીવન વંચિત વસ્તુમાં એક પુરાણી ગુપ્તતા કહીશ ?

૩૧૫૫ (આરબોના) કવિઓની માફક, ઓ અયાઝ, તું (વેરાન) રહેઠાણો અને આગલા રહેઠાણનાં પગલાં સાથે લાંબુ અને માયાળુ વાતચીત ચલાવી રહ્યો છે "

૩૧૫૬ તારા ફાટેલા જોડાનો નિવાસ કેવોક પવિત્ર છે ? કોઈ કહેશે કે તારી ચામડાની જાકીટ હ. યુસુફ (અ. સ.) નું પહેરણ છે.

૩૧૫૭ આ એક ખ્રિસ્તીની હકીકત જેવું છે કે તે એક વર્ષના પાપો, વ્યભિચાર અને કિન્નાખોરી અને ઢોંગો પોતાના પાદરી પાસે વર્ણવે છે.

૩૧૫૮ એટલા માટે કે પાદરી તેનાં પાપો માફ કરે, કારણ કે તે તેનું (પાદરીનું) માફી આપવું ખુદાના માફી આપવા જેવું ગણે છે.

૩૧૫૯ પાદરીને પાપ અને માફીનું (ખરું) જ્ઞાન હોતું નથી. પણ પ્રેમ અને અડગ વિશ્વાસ શક્તિશાળી જાદુ કરે છે,

૩૧૬૦ પ્રેમ અને કલ્પના હ. યુસુફ (અ. સ.) જેવા એકસો (ખુબસુરત રૂપો) પેદા કરે છે. વાસ્તવમાં તેઓ હારૂત અને મારૂત કરતાં વધુ મોટા જાદુગરો છે.

૩૧૬૧ તેઓ એક (કલ્પનાના) રૂપને તેના (તમારા પ્રિય) ની યાદીમાં દેખાતું બનાવે છે. રૂપનું ખેંચાણ (તેમની સાથે વાતચીતમાં) તમને દોરે છે.

૩૧૬૨ તમો રૂપની હાજરીમાં એક લાખ બાનગી વાતો કહેશો, જેમ એક દોસ્ત બીજા એક દોસ્તની હાજરીમાં (દીલોજાનીપુર્વક) બોલે છે.

૩૧૬૩ તમો રૂપની હાજરીમાં ત્યાં કોઈ પણ (પાર્થિવ) રૂપ કે આકાર નથી (છતાં) તેમાંથી એક સો (ઉચ્ચારાતા) શબ્દો ઉત્પન્ન થાય છે. "શું હું (તારો વહાલો) નથી ?" અને (તમારામાંથી) એકસો 'હા.'

૩૧૬૪ (તે એવું છે) જેમ જ્યારે એક મા પોતાના તાજેતરમાં મૃત્યુ પામેલા બચ્ચાની કબર પાસે વ્યાધિગ્રસ્ત,

૩૧૬૫ હૃદયભગ્નની શબ્દો લાગણીપુર્વક અને આતુરતાપુર્વક ઉચ્ચારે છે, નિર્જીવ (હાડ-પિંજર) તેણીને જીવતું દેખાય છે.

૩૧૬૬ તેણીને ધુળ જીવંત અને ઉભેલી દેખાય છે, તેણી પેલા કચરાને એક કાન અને એક આંખ હોવાનું નિહાળે છે.

૩૧૬૭ તેણીને, જ્યારે જે પળે તેણી (દુઃખથી) ગાંડી બની છે. ત્યારે જમીનનું એકેએક કબરમાંનું અણુ સાંભળતું અને સમજદાર દેખાય છે.

૩૧૬૮ તેણી સર્વશક્તિથી માને છે કે જમીન તેના તરફ ધ્યાનપુર્વક સાંભળે છે. આ પ્રેમ તરફ સારી રીતે જો કે જે જાદુ કરે છે.

૩૧૬૯ પ્યારપુર્વક અને આંસુઓ સહીત તેણી પોતાનો ચહેરો વખતોવખત એવી રીતે કબરની તાજી ધુળ ઉપર મુકે છે,

૩૧૭૦ પોતાના જીવન દરમ્યાન કદી પણ પોતાનો ચહેરો આવી રીતે પુત્રના ઉપર કે જે આટલો વહાલો હતો, મુકયો ન હતો.

૩૧૭૧ (પણ) જ્યારે કેટલાક દિવસો શોકમાં પસાર થાય છે, તેણીના પ્રેમનો અગ્નિ આસ્તે આસ્તે ઓલવાય છે.

૩૧૭૨ મરેલા માટેનો પ્રેમ લાંબો ચાલતો નથી. પેલા એક જીવંત (ઈલાહી-નુર) ઉપર તમારો પ્રેમ લગાડો કે જે રૂહાનીયત જીવન વધારે છે,

૩૧૭૩ ત્યાર બાદ, ખરેખર પેલી કબરમાંથી તેણીની પાસે ઉંઘ સિવાય કશું આવતું નથી. જડ વસ્તુમાંથી તેવી જ જડતા જન્મે છે.

૩૧૭૪ કારણ કે પ્રેમ તેની મોહજાળ ઉઠાવી અને ચાલ્યો ગયો છે. જ્યારે અગ્નિ ઓલવાય જાય છે ત્યારે (માત્ર) રાખ જ બાકી રહે છે.

૩૧૭૫ (અજ્ઞાન) યુવાન જે બધું આરસીમાં જુએ છે તે પીર લોઢાની ઈંટમાં નિહાળે છે.

૩૧૭૬ તારો પ્રેમ વડીલ છે, નહિ કે એક સફેદ દાઢીનો માલિક. હજારો કે જેઓ નિરાશામાં છે તેને મદદતો હાથ તે (પ્રેમ) આપે છે.

૩૧૭૭ જુદાઈના વખતે પ્રેમ કલ્પનાના રૂપમાં દેખાય છે, મિલનના વખતે પેલું અરૂપ પોતાનું માથું ઉંચકે છે.

૩૧૭૮ કહે, "હું નશા અને ગંભીરતાના અસલનું અસલ છું બધાં રૂપોમાંથી ખુબસુરતી મારામાંનું પ્રતિબિંબ છે.

૩૧૭૯ આ પળે મેં પડદાઓ હટાવ્યા છે, મેં મધ્યસ્થીઓ વગર ખુબસુરતીને ઉંચે ઉઠાવી છે.

૩૧૮૦ કારણ કે તું મારા પ્રતિબિંબથી ખૂબ જ મળેલો હતો. તેં મારા સત્વને ઉઘાડા પાડવાની શક્તિ મેળવી છે.

૩૧૮૧ જ્યારે મારો ધક્કો આ બાજુમાંથી ગતીમાં મુકાશે, ત્યારે તે (ખ્રિસ્તી) પાદરી વચ્ચે પડે છે તેવો સન્નાગ નહિ હોય.

૩૧૮૨ (તે વેળાએ) તે પડદા પાછળથી ખુદાની દયામાંથી પોતાના પાપો અને ગુનાહોની માફી માટે આજીજી કરે છે,

૩૧૮૩ જ્યારે એક ઝરો એક ખડકમાંથી ધસે છે ત્યારે ખડક ઝરામાં અદ્રષ્ય થાય છે.

૩૧૮૪ ત્યારબાદ, કોઈપણ તેને પત્થર કહેતો નથી, જુએ છે કે આવી એક નિર્મળ વસ્તુ પહાડમાંથી આગળ ધસેલ છે.

૩૧૮૫ જાણ કે આ આકારો કટોરા જેવા છે અને ઉત્તમતા પેલા થકી મેળવે છે કે જે ખુદા તેમાં રેડે છે.

મજનુનના સગાવહાલાઓએ તેને કહ્યું, "લયલાની ખુબસુરતી મર્યાદિત છે. તે કાંઇ એટલી બધી સુંદર નથી, આપણા શહેરમાં તેણીના કરતાં વધુ સુંદર ઘણી છે, અમો તને એક કે બે અથવા દસ બતાવીએ, તું પસંદ કર અને અમોને (ઠપકામાંથી) અને તારા ખુદને (દુઃખમાંથી) મુક્ત કર

અને મજનુનનો તેમને જવાબ આપવો.

૩૧૮૬ મુર્ખાઓએ પોતાથી અજ્ઞાનતામાં મજનુનને કહ્યું. "લયલાની ખુબસુરતી એટલી બધી સારી નથી, તે લક્ષમાં લેવા જેવી નથી.

૩૧૮૭ દિલ ખેંચનારી ચંદ્રમા સરખી તેજસ્વી ગામની અંદર તેનાં કરતાં વધુ સુંદર હજારો સ્ત્રીઓ છે.

૩૧૮૮ તેણે જવાબ આપ્યો, "(બહારનું) રૂપ એક ઘડો છે, અને ખુબસુરતી મદિરા છે. ખુદા મને તેના રૂપમાંથી મદિરા આપે છે.

૩૧૮૯ તેણે તમને તેણીના ઘડામાંથી સુરકો આપ્યો, રબને તેણીનો પ્રેમ તમને કાન પકડી ખેંચે.

૩૧૯૦ સર્વશક્તિમાન અને કીર્તિવંત ખુદાનો હાથ એક જ ઘડામાંથી દરેકને ઝેર અથવા મધ આપે છે.

૩૧૯૧ તું ઘડો જુએ છે પણ મદિરા પોતાનો ચહેરો હલકી આંખને બતાવતી નથી.

૩૧૯૨ પેલી મદિરા, "સ્ત્રીઓ કે જેઓએ પોતાના ધણીઓ તરફ જોતાં પોતાની આંખો રોકી "ના જેવી છે, જ્યારે આ વાસણો તેને દ્રષ્ટિમાંથી પડદા પર નિદર્શન કરાવતા તંબુઓ જેવાં છે.

૩૧૯૩ રૂહાનીયત અનુભવ, "સ્ત્રીઓ કે જેઓએ પોતાના ધણીઓ તરફ જોતાં પોતાની "આંખો રોકી" ના જેવો છે, તે કાંઇપણ નિશાની બતાવતી નથી પણ તે પોતાનો કબજો ધરાવનારને જ (બતાવે છે)

૩૧૯૪ મોટી નદી (પણ) એક તંબુ જેવી છે, જેમાં બતક માટે જીવન છે પણ કાગડાઓ માટે મોત.

૩૧૯૫ ઝેર પણ સાપ માટે ખોરાક અને આહાર છે (પણ) તેનું ઝેર ભયંકર અને બીજાઓ માટે મોત છે.

૩૧૯૬ દરેક આશીર્વાદ અને તકલીફનું રૂપ આ એક માટે દોજખ છે, પેલા એક માટે બાહ્શત છે.

૩૧૯૭ તેથી (જો કે) બધી કાયા અને ચીજો "તમે જુઓ છો" અને તેઓ (બધામાં) ખોરાક અને ઝેર છે "તમે તેને જોતા નથી".

૩૧૯૮ દરેક કાયા એક કટોરો અથવા એક ઘડાને મળતી છે, કે જેમાં ખોરાક અને દિલ જલાવવાનું એક (કારણ) બન્ને છે.

૩૧૯૯ કટોરો દ્રષ્યમાન છે. તેમાં (સમાએલ) વિપુલતા ગુપ્ત છે, (માત્ર) તે કે જે તેનો સ્વાદ ચાખે છે. તેમાંથી શું બાય છે કે પીએ છે તેને જાણે છે.

૩૨૦૦ હ. યુસુફ (અ.સ.)નું રૂપ એ ખુબસુરત પ્યાલા માફક હતું. તેમાંથી તેમના પિતાએ આનંદિત કરતી એક સો મદિરા પીધી.

૩૨૦૧ ફરીવાર, તેમના ભાઈઓ માટે એક ઘુંટ કે જે તેમાંથી તેઓએ પીધી તે ઝેરી પાણી હતું જે તેમનામાં ગુસ્સો અને ધિક્કાર વધારતું હતું.

૩૨૦૨ ફરીવાર ઝુલેખાને ઘુંટ કે જે તેમાંથી તેણીએ પીધી, સાકર જેવી મીઠી હતી. તેણી પ્રેમના હાથથી એક જાતનું માદક ઓસડ ગટગટાવતી હતી.

૩૨૦૩ પોષણ કે જે હ. યુસુફ (અ. સ.) પાસે આવ્યું તેના કરતાં જુદું હતું. (ઝુલેખાનો પ્રેમ વાસનામય હતો જ્યારે હ. યાકુબનો પ્રેમ રૂહાની હતો).

૩૨૦૪ સરબતો જુદી જુદી જાતના છે, પણ ઘડો એક છે, એટલા માટે કે અદૃષ્યની મદિરાના સંબંધમાં તારામાં કાંઇપણ શંકા રહે નહિ.

૩૨૦૫ મદિરા અદ્રષ્યની માલિકીની છે, ઘડો, આ દુનિયાનો ઘડો દ્રષ્યમાન છે, તેમાંની મદિરા ગુપ્ત છે.

૩૨૦૬ મુરિદીમાં દાખલ ન થએલાની આંખોમાંથી ગુપ્ત પણ સ્વીકારાએલા ને સ્પષ્ટ અને દેખીતો (રૂહાની રાહબર).

૩૨૦૭ એ મારા ખુદા, અમારી આંખો ઉન્મત્ત બની છે, અમોને માફ કર. અમારા બોલે વજનદાર બનાવવામાં આવ્યો છે.

૩૨૦૮ એ છુપાએલા, પૂર્વથી પશ્ચિમ સુધીની દુનિયા (તારા નૂરથી) ભરપુર ભરી છે, અને તે સુર્યોદય અને સુર્યાસ્તના પ્રકાશ ઉપર માનવંત બન્યો છે.

૩૨૦૯ તું અમારા આંતરિક વિચારો ખુલ્લી કરતી સૂધબૂધનો અંદરનો પટ છે, તું એક આગળ ધસતી (શક્તિ) છો જે અમારી સેતાનીક નદીઓને વહેતી કરે છે.

૩૨૧૦ એ તું કે જેનું સત્વ ગુપ્ત છે જ્યારે તારી અક્ષિસો ઇન્દ્રિયગમ્ય છે તું વાણી માફક છો અને અમો ચક્કીના પત્થર માફક છીએ.

૩૨૧૧ તું પવન માફક છો. પવન અદૃશ્ય છે જ્યારે તેનાથી ઉડેલી ધુળ ચોકખી રીતે દૃશ્યમાન છે.

૩૨૧૨ તું વસંત છો, અમો હરિયાળા બગીચા માફક છીએ, તે (વસંત) છુપેલી છે, જ્યારે તેની ઉદારતા પ્રગટ છે.

૩૨૧૩ તું આત્મા માફક છો, અમો હાથ અને પગ જેવા છીએ, હાથનું બંધ પડવું અને ખુલેલું આત્મા અંગે છે.

૩૨૧૪ તું સમજણની માફક છો. અમો આ જીભ જેવા છીએ. આ જીભને તેના ઉચ્ચારણની શક્તિ સમજણમાંથી છે.

૩૨૧૫ તું ખુશી માફક છો અને અમો રમુજ છીએ, કારણ કે અમો તારી આશીર્વાદિત ખુશીનું પરિણામ છીએ.

૩૨૧૬ અમારાં (બધાં) કાર્યો બરોબર અમારા ઈમાનની સાબિતી છે કે જે અનંત સર્વ-શક્તિમાન તરફની સાબિતી પુરે છે.

૩૨૧૭ ગભરાટમાં ચક્કીના પત્થરનું ફરવું પાણીના ઝરાના અસ્તિત્વમાં વિશ્વાસનું એક કાર્ય છે.

૩૨૧૮ એ તું કે જે મારી ઓળખ અને ઉચ્ચારણથી પર છો. મારી અને મારી ઉપમાઓના માથા પર ધુળ હોજો ?

૩૨૧૯ તારો ચાહક તારી ખુબસુરતીનું સુંદર ચિત્ર આલેખતાં અટકતો નથી, દરેક પળે તે તને કહે છે, મારો આત્મા તારા (પગની) શેતરંજી બનો !

૩૨૨૦ તે પેલા ભરવાડની માફક છે કે જે કહ્યા કરતો, "ઓ ખુદા, તારા ભરવાડ અને પ્રેમીની પાસે આવ.

૩૨૨૧ કે હું તારા અંગરખામાંથી જુઓ ગોતું અને તારા ફાટેલા જોડા સાંધુ અને તારૂં પહેરણ ચુંબું."

૩૨૨૨ આવેશ અને પ્રેમમાં તેના જેવો બીજો કોઇ હતો નહિ પણ કીર્તિમાં અને માનવંતી વાણીમાં તે પાછળ પડયો હતો.

૩૨૨૩ તેના પ્રેમે પોતાનો તંબુ આકાશમાં ખોડયો; (પ્રેમી) આત્મા ભરવાડના તંબુનો (ચોકીદાર) કુતરો બન્યો.

૩૨૨૪ જ્યારે દૈવી પ્રેમનો સમુદ્ર છલકાણો ત્યારે તે તેના દિલ ઉપર અથડાયો, તે (માત્ર) તમારા કાન ઉપરજ અથડાયો.

જુહીની કહાણી કે જેણે બુરખો પહેર્યો, ઉપદેશ સાંભળવા ગયો, સ્ત્રીઓ વચ્ચે પોતાને બેસાડયો, અને એવી વર્તણુક કરી કે અમુક સ્ત્રીએ જાણ્યું કે તે પુરૂષ હતો અને બુમરાણ મચાવી.

૩૨૨૫ એક ધર્મોપદેશક હતો, તેના ખુલાસા કરવામાં ખૂબ જ સરસ. જેની વ્યાસપીઠમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને પુરૂષો ભેગા થતા હતા.

૩૨૨૬ જુહી (તેને સાંભળવા) ગયો, તેણે બુરખો લીધો અને પહેર્યો અને પોતાની જાતી ન ઓળખાઈ જાય તેવી રીતે સ્ત્રીઓ વચ્ચે દાખલ થયો.

૩૨૨૭ કોઇએ ઉપદેશ વખતે ધર્મોપદેશકને આસ્તેથી પૂછ્યું, લાંબા વાળ નમાઝ પડવામાં રૂકાવટ કરે છે?

૩૨૨૮ ધર્મોપદેશકે જવાબ દીધો, જો જરૂર કરતાં વધુ મોટા વાળ હોય તો તકલીફ પડે છે.

૩૨૨૯ બહેતર છે કે બાલ કપાવી નાખો કે જેથી તમારી નમાઝ કાયદાસરની બને.

૩૨૩૦ સવાલ કરનારે કહ્યું, લંબાઈ કેટલી કાપી નાખવી જોઇએ? કે જેથી નમાઝમાં રૂકાવટ ન થાય?

૩૨૩૧ તેણે જવાબ દીધો, જ્યારે વાળ લંબાઈમાં એક 'જોકે' બરાબર હોય.

૩૨૩૨ તુર્તજ જુહીએ પોતાની બાજુની સ્ત્રીને કહ્યું. "અય બેન, મારા માથાના વાળ પણ એટલા લાંબા દેખાય છે?

૩૨૩૩ ખુદાની ખુશી ખાતર મારા વાળ ઉપર હાથ ફેરવીને જુઓ કે જરૂર કરતાં વાળ વધુ મોટા થયા છે?

૩૨૩૪ ઓરતે જુહીને બાઇ સમજીને હાથ ફેરવ્યો, તો ખબર પડી કે આ તો મરદ છે.

૩૨૩૫ આથી સ્ત્રીએ એક મોટી બુમ પાડી, ધર્મોપદેશકે કહ્યું, "મારા ઉપદેશે તેણીનું દિલ તોડી નાખ્યું છે."

૩૨૩૬ તેણે (જુહીએ) જવાબ આપ્યો, "દિલ તુટ્યું નથી, હાથ તુટ્યો છે, અરે મૂર્ખ, દિલ તુટ્યું હોત તો મોટો ગઝબ થઈ જાત,"

૩૨૩૭ (જ્યારે) તે (દૈવી પ્રેમ) (ફિરઔનના) જાદુગરોના દિલો ઉપર એક થોડો જ અથડાયો, તેઓએ ભેદભાવની બધી ગણત્રી ગુમાવી.

૩૨૩૮ ઓ સર્વોત્તમ વાંચક, જો તમો એક વૃદ્ધ માણસ પાસેથી લાકડી લઈ લેશો તો તે પેલા (જાદુગરોના) સમુહ કે જેઓ પોતાના હાથ અને પગના કાપવાથી દિલગીર બન્યા હતા તેના કરતાં વધુ દિલગીર બનશે.

૩૨૩૯ 'કાંઇ ઇજા નહિ'ની ધુમ આસમાને પહોંચી (તેઓએ ફિરઔનને કહ્યું), સાંભળ, (તેમને) કપાવી નાખ, કારણ કે અમારા આત્માઓ દુઃખમાંથી મુકત બન્યા છે.

૩૨૪૦ **અમો જાણી શકયા છીએ કે અમો આ કાયા નથી. કાયા વગર પણ અમો ખુદા થકી જીવંત છીએ.**

૩૨૪૧ અરે, આશીર્વાદીત તે છે કે જેણે પોતાનું ખરૂં સત્વ ઓળખ્યું છે અને (પોતા માટે) અનંત કાળની સલામતીમાં મહેલ બાંધ્યો છે.

૩૨૪૨ એક બચ્ચું અખરોટ અને સુકી દ્રાક્ષ માટે રૂએ છે, એક સમજુ માણસની દ્રષ્ટિમાં પેલી વસ્તુઓ ખુબજ નિર્માલ્ય છે.

૩૨૪૩ તેથી આત્માની દ્રષ્ટિમાં કાચા અખરોટ અને સુકી દ્રાક્ષ માફક છે, (પણ) એક કે જે (રૂહાનીયત બાબતોમાં) બચ્ચું છે તે (રૂહાનીયત) માણસોએ મેળવેલા જ્ઞાનને કેમ પહોંચશે ?

૩૨૪૪ હરકોઈ જે (ખુદાથી) પડદે છે તે ખરેખર એક બચ્ચું છે, માણસ તે છે કે જે બધી અચોક્કસતાઓથી પર છે.

૩૨૪૫ અગર કોઈ શખ્સ વાદ્ય અને દાઢી અંગે માણસ કહેવાતો હોય તો દરેક બકરાને એક દાઢી અને પુષ્કળ વાળ હોય છે.

૩૨૪૬ પેલો બકરો એક ખરાબ આગેવાન છે, તે પોતાની પાછળ આવનારાઓને જલ્દીથી ખાટકી પાસે લઇ જાય છે.

૩૨૪૭ તેણે પોતાની દાઢીના કેશ ઓળ્યા છે, કહે, હું સૌથી આગળ છું (હા), તું સૌથી આગળ છો, પણ મૃત્યુ અને સંતાપની દિશામાં.

૩૨૪૮ સાંભળ, (સચ્ચાઈના રસ્તા ઉપર) મુસાફરી કરવાની (તારી કર્તવ્યપરાયણતાને) અનુસર અને તારી દાઢી તજી દે. આ અહંમ અને દુઃખદાયક વિચાર તજી દે.

૩૨૪૯ કે તું ખુદાઈ પ્રેમીઓ તરફ ગુલાબની સુવાસ માફક બને (અને) તેઓનો આગેવાન અને ગુલાબના બગીચા તરફ રાહનુમા બને.

૩૨૫૦ ગુલાબની સુગંધ શું છે ? સમજ અને બુદ્ધિનો અવાજ (કે જે) અનંત કાળની બાદશાહીના રસ્તા ઉપર એક માયાળુ રાહનુમા છે.

એક વધુ વખત બાદશાહ (મહમુદ)નો અયાઝને હુકમ કરવો, કહે, "તારા ફાટેલા જોડા અને ચામડાની જાકીટને લગતો એક સ્પષ્ટ ખુલાસો કર, એટલા માટે કે તારા સાથી નોકરો પેલા સુચનથી બોધપાઠ લ્યે, કારણ કે (પયગમ્બર સાહેબે કહ્યું છે કે) "સાચા દિલથી સલાહ આપવામાં દીન સમાએલો છે."

૩૨૫૧ "ઓ અયાઝ, ફાટેલા જોડાનું અને જોડા સમક્ષ આટલી બધી નમ્રતા બનાવવાના ગુઢાર્થનું સ્ફોટ ન કર.

૩૨૫૨ કે જેથી તારા (સાથી નોકરો) સંકર અને બફયારૂક ફાટેલા જોડા અને ચામડાની જાકીટની ગુપ્તતા સાંભળે.

૩૨૫૩ ઓ અયાઝ, ગુલામીએ તારામાંથી ચળકાટ મેળવ્યો છે, તારો ચળકાટ નીચાણમાંથી આસમાન સુધી પથરાણો છે.

૩૨૫૪ ગુલામો નથી તેવાઓ માટે દાસત્વ દિલગીરીની વસ્તુ બની છે, જ્યારે કે તેં દાસત્વને જીવન (અને ભવ્યતા) આપી છે.

૩૨૫૫ સાચો ઈમાનદાર તે છે કે જેની સાચી ઈમાનદારીથી (દોલતની) વધઘટ વચ્ચે નાસ્તિકને દિલગીર બનાવાયો છે.

હ. અબા યઝીદ (બાયઝીદ)ના ઝમાનામાં, એક નાસ્તિક કે જેને તેઓએ મુસ્લિમ બનવાનું આમંત્રણ આપ્યું, અને તેણે તેમને શો જવાબ આપ્યો તેની કહાણી.

૩૨૫૬ હ. બાયઝીદના ઝમાનામાં અમુક નાસ્તિક હતો, એક આશીર્વાદિત મુસ્લિમે તેને કહ્યું.

૩૨૫૭ "જો તમો ઈસ્લામ કબુલ કરો તો કેવું સારૂં, કે જેથી તમો એક સો મુક્તિઓ અને બાદશાહી મેળવો.

૩૨૫૮ તેણે જવાબ આપ્યો, "ઓ મુરીદ, જો આ (તારૂં) ઈમાન, બાયઝીદ, દુનિયાના માર્ગદર્શકે પકડેલ (ઈમાનના) જેવું જ છે,

૩૨૫૯ તો હું તેની ધખધખતી અગ્નિ સહન કરી શકું તેમ નથી કે જે (તેને મેળવવા માટે) મારી સઘળી તનતોડ મહેનત કરવા છતાં ઘણી માટી છે.

૩૨૬૦ જોકે (ઈસ્લામ) ધર્મ, અને ઈમાનદારીની શુભેચ્છા જોતાં હું ખાત્રીપુર્વકની લાગણી અનુભવતો નથી છતાં હું તેની ઈમાનદારીમાં અચુક માનું છું.

૩૨૬૧ હું વિશ્વાસ રાખું છું કે (તેની ઈમાનદારી) બીજા બધાં કરતાં વધુ ઉતમ છે, તે ઘણીજ સરસ, ભવ્ય અને કીર્તિવંત છે.

૩૨૬૨ આંતરિક રીતે હું તેની ઈમાનદારીમાં માનનાર છું, જો કે એક મહોર મારા મોઢા ઉપર લાગેલી છે.

૩૨૬૩ ફરીવાર, જો બરોબર ઈમાનદારી (કે જે તું મને સ્વીકારવા કહે છે) તે તારી ઈમાનદારી છે તો તેના માટે મારી માનસિક વલણ અથવા ઇચ્છા નથી.

૩૨૬૪ તે કે જે એક સો માનસિક વલણો માનવાની લાગણી અનુભવે છે, તે માનસિક વલણ જેવી કે તમને (મુસ્લિમોને) જુએ છે, જોમ વિહોણી બને છે,

૩૨૬૫ કારણકે તે માત્ર એક નામ જુએ છે અને તેમાં અર્થ નથી, જાણે જંગલને સલામત જગ્યા કહી બોલાવે.

૩૨૬૬ જ્યારે તે તમારી ઈમાનદારી ઉપર જુએ છે ત્યારે તેનો પ્રેમ ઠંગોગાર બને છે (અને) તે કબુલ કરવામાં અચકાય છે.

એક કર્કશ અવાજવાળા મુઝ્ઝીનની કહાણી કે જે (મુસલમાનોને) નાસ્તિકોના મુલકમાં બંદગી કરવા બોલાવતો હતો અને જેને અમુક નાસ્તિકે ભેટો સ્વીકારવા રજુ કરી.

૩૨૬૭ અમુક મુઝ્ઝીનને ખૂબજ કર્કશ અવાજ હતો, તેણે (મુસલમાનોને બંદગી કરવા) નાસ્તિકોના મુલકમાં બોલાવ્યા.

૩૨૬૮ તેઓએ તેને કેટલીય વખત કહ્યું "બંદગી કરવા અઝાન નહિ આપ નહિતર, આપણી વિરૂદ્ધ લડાઈ અને હુમલાના કાર્યો લાંબો સમય ચાલુ રહેશે."

૩૨૬૯ તે તેમનું (ન માન્યો) અને પછી (કાંઈપણ) અગમચેતી બતાવ્યા વગર તેણે નાસ્તિકોના મુલકમાં બંદગી માટે અઝાન પુકારી.

૩૨૭૦ મુસ્લિમ જનતા એક સર્વસામાન્ય કબ્રસ્તાનની બીકમાં હતી, છતાં પણ એક નાસ્તિક (તેમની તરફ) એક માનના પોષાક સાથે આવ્યો.

૩૨૭૧ તે પોતાની સાથે મીણબત્તીઓ અને હલવો અને સરસ માનના પોષાક બક્ષિશ દેવા લાવ્યો અને મિત્રભાવે નજીક આવ્યો.

૩૨૭૨ ફરી ફરીવાર પૂછતો "મને કહો, આ મુઝ્ઝીન કયાં છે કે જેનું બોલાવવું અને બુમ મારી ખુશી વધારે છે?"

૩૨૭૩ "અરે આવા એક કર્કશ અવાજમાં કઈ ખુશી હતી? "તેણે જવાબ આપ્યો, તેનો અવાજ દેવળ સોંસરવો આવ્યો.

૩૨૭૪ મને એક ખૂબજ ઉમદા સ્વભાવની દીકરી છે, તેણી એક સાચા ઈમાનદારને પરણવાની ઇચ્છા રાખતી હતી.

૩૨૭૫ આ લાગણી તેના દિલમાંથી કદી જતી ન હતી, (જો કે) કેટલાય નાસ્તિકો તેણીને આચકુભરી વિનંતીઓ કરતા હતા.

૩૨૭૬ ઈમાનદારીનો પ્રેમ તેણીના દિલમાં ઉગ્યો હતો. આ દિલગીરી એક કેન્સર જેવી હતી અને હું કુંવારના લાકડા જેવો (તેમાં બળતો હતો)

૩૨૭૭ હું માનસિક સંતાપમાં અને મહા દુઃખ અને ચાલુ વેદનાના યંત્ર ઉપરનો (હતો) રહેને તેણીનો મોર તેણીને (ઈસ્લામ સ્વીકારવા) તરફ દોરી જાય.

૩૨૭૮ મેં તેનો કોઇ ઈલાજ બાકી રાખ્યો નહિ, ત્યાં સુધી કે આ મુઅઝ્ઝીને અઝાન ઉચ્ચારી.

૩૨૭૯ (પછી) મારી દીકરીએ કહ્યું, આ ઘૃણાજનક અવાજ શું છે? તે તિરસ્કરણીય અને કર્કશ છે.

૩૨૮૦ મેં આ ખ્રિસ્તી મઠ અને દેવળમાં કદીપણ આવો કર્કશ અવાજ મારી જીંદગી દરમ્યાન સાંભળ્યો નથી.

૩૨૮૧ તેણીની બહેને તેને કહ્યું. "આ ગાવું એટલે કે અઝાન, મુસલમાનોને બંદગીના વખતની ચેતવણી આપે છે અને ઈમાનદારનો પ્રતીજ્ઞા શબ્દ છે."

૩૨૮૨ તેણીએ તે માન્યું નહિ, અને બીજા કોઇને પૂછયું, પેલા પુરૂષે પણ કહ્યું, "હા, બાઈ સાહેબ, તે સાચું છે."

૩૨૮૩ જ્યારે તેણી (આનાથી) ચોક્કસ બની, ત્યારે તેણીનો ચહેરો ફિક્કો બન્યો અને તેણીનું દિલ ઇસ્લામ તરફ ઠરી ગયું.

૩૨૮૪ હું માનસિક સંતાપ અને વ્યાકુળતામાંથી મુક્ત બન્યો, ગઈ રાત્રીએ બીક વગરની ઉંઘ ખેંચી કાઢી.

૩૨૮૫ આ ખુશી હતી (કે જે) પેલા અવાજમાંથી મને મળી, ઉપકારના (બદલામાં) હું આ ભેટો લાવ્યો છું, પેલો માણસ કયાં છે?

૩૨૮૬ જ્યારે તેણે તેને (મુઅઝ્ઝીનને) જોયો, તેણે કહ્યું, ભેટ સ્વીકારો, કારણ કે તું મારો સંરક્ષક અને ઉદ્ધારક બન્યો છે.

૩૨૮૭ ભલાઈ અને ફાયદો કે જે તેં મારા ઉપર કર્યો છે (તેના કારણે) હું શાશ્વત તારો ગુલામ બન્યો છું.

૩૨૮૮ જો હું માલ મિલકત, દોલત અને ઘરની બાબતમાં જ્યાતનામ હોત તો હું તારૂં મોઢું સોનાથી ભરી દેત.

૩૨૮૯ (પેલો નાસ્તિક મુઅઝ્ઝીનને કહે છે), તમારો દીન ખોટો અને ઢોંગી છે, પેલી બંદગી તરફ બોલાવવાની બાકી, તે (ઈસ્લામ સ્વીકારવાળો) રસ્તો રૂંધે છે.

૩૨૯૦ પણ મારા દિલમાં અને આત્મામાં ઈમાનદારીના (વખાણમાં) અને બાયઝીદની મનની સચ્ચાઈ માટે ઘણીએ દિલગીરી આવી છે.

૩૨૯૧ એવી રીતે કે એક સ્ત્રી કે જેણે ગધેડાની ઇન્દ્રિય જોઈ, તો કહેવા લાગી, હાય! આ કેવો બેશરમ છે!

૩૨૯૨ આવા દેખાવો નામરદોને ઉશ્કેરી શકતા નથી. કાફરોને આવા નામર્દોની ઉપમા આપવામાં આવી છે.

૩૨૯૩ બાયઝીદે (ઈમાનદારી) નાં દરેક ઋણ યોગ્ય રીતે અદા કર્યાં છે, આવા એક અપૂર્વ સિંહ ઉપર (ખુદાના) આશીર્વાદ હોજો!

૩૨૯૪ તેના ઇમાનનું એક ટીપું પણ સમુદ્રમાં દાખલ થાય તો સમુદ્ર તેના ટીપામાં ડુબેલો બને.

૩૨૯૫ જેમ (જ્યારે) અગ્નિનો એક તણખો જંગલ વચ્ચે પડે છે ત્યારે (સઘળું) જંગલ પેલા તણખામાં ખતમ થઈ જાય છે.

૩૨૯૬ (અથવા) જેમ (જ્યારે) એક બાદશાહ અથવા તેના લશ્કરના દિલમાં એક આભાસ દેખાય છે, (એક આભાસ) જેણે લડાઇમાં તેના લશ્કરનો નાશ કર્યો.

૩૨૯૭ (દૈવી રોશનીના) એક તારાએ હ. મુહમ્મદ (અ.સ.) ને પોતાનો ચહેરો બતાવ્યો, કે જેથી અનેક દ્વેવવાદી અને યહુદીની (માન્યતા) નાં યથાર્થ મુલ્યો ગુમ થઈ ગયાં.

૩૨૯૮ તે કે જેણે ઇમાનદારી મેળવી સલામતીમાં દાખલ થયો, બાકીનાઓની નાસ્તિકતાઓ, એક બાબત કે જેના પર બે મંતવ્યો હતાં, રહી ગઇ.

૩૨૯૯ કોઇપણ ભોગે, તેઓની શરૂઆતની ચોકખી બેઇમાની (તેમનામાં) રહી નહિ. તે (હ. મુહમ્મદનો ગ્રહ) ઇસ્લામના સ્વીકારવામાં અથવા તેની એક મોટી બીક અંગે તેમનામાં રોકાયો.

૩૩૦૦ આ (હ. બાયઝીદની ઇમાનદારીનું વર્ણન) માત્ર યુક્તિથી પાણી અને તેલને (અદ્રષ્ય બનાવવાની) એક યુક્તિ છે, (ઇલાહીનૂર)ના અણુને આ સરખામણીઓ અસરકારક નથી.

૩૩૦૧ એક રજકણ શારિરીક વસ્તુની માત્ર નિર્માલ્ય ચીજ છે, એક રજકણ અદ્રષ્ય સૂરજ નથી.

૩૩૦૨ જાણ કે (મારૂં) તેને (સૂર્યને) બોલાવવું, (તારામાંથી) એક રજકણ છુપાવવા માટે કારણ તું છે, કારણ કે તું સમુદ્ર સાથે સુપરિચિત નથી, અત્યારે તું માત્ર ક્ષીણ છે.

૩૩૦૩ જો શેખના ઇમાનનો તેજસ્વી સૂર્ય, શેખના આત્માના ઉદયમાનમાંથી પોતાને જાહેર બનાવે.

૩૩૦૪ તો બધું નીચું, (જમીનની અંદરની) ભીની માટી (અપૂર્વ) બક્ષનો મેળવે, અને સઘળું ઉપર હરિયાળી–બહિશ્ત બની જાય.

૩૩૦૫ તેને તેજસ્વી પ્રકાશનો આત્મા છે, તેને અધમ માટીની એક કાયા છે.

૩૩૦૬ અરે, મને સંશય થાય છે કે તે આ છે કે પેલો, કાકા, મને કાંઠો, આ મુશ્કિલીમાં હું લાચાર બન્યો છું.

૩૩૦૭ ઓ મારા ભાઇ, જો તે આ છે તો (પછી) તે શું છે? કારણ કે સાતેય આસમાનો તેના 'નુર'થી ભરપુર છે.

૩૩૦૮ અને જો તે તે (આત્મા) છે, તો મારા દોસ્ત આ કાયા શું છે? અરે, મને સંશય થાય છે કે આ બન્નેમાં તે અને પેલો શું છે?

એક સ્ત્રીની વાર્તા કે જેણે પોતાના ધણીને કહ્યું કે બિલાડી માંસ ખાઇ ગઇ છે (આથી) ધણીએ બિલાડીને તેણીનું (વજન કરવા) માજવામાં

મુકી, (માલમ પડયું કે) તેણીનું વજન અર્ધો 'મણ' હતું. તેણે કહ્યું, "ઓ ઘરવાળી, માંસનું વજન અર્ધો મણ અને થોડું વધારે હતું. જો આ માંસ છે તો બિલાડી ક્યાં છે? અથવા જો આ બિલાડી છે તો માંસ ક્યાં છે?"

૩૩૦૯ એક માણસ, ઘરધણી હતો, કે જેને તિરસ્કરણીય, મેલી અને લાલચુ સ્ત્રી હતી.
૩૩૧૦ જે પણ કાંઇ ખોરાક તે (ઘરે) લાવતો, તેની ઘરવાળી તે ખાઇ જતી અને માણસને પરાણે ચુપ રહેવું પડતું.
૩૩૧૧ (એક દિવસે) પેલા કુટુંબી માણસે, એક મહેમાન માટે (થોડું) માંસ (કે જે તેણે) ઘણી મહેનતે મેળવ્યું હતું તે લાવ્યો હતો.
૩૩૧૨ તેની ઘરવાળી તે બધું કબાળ અને શરાબ સાથે ખાઈ ગઈ. (જ્યારે) માણસ અંદર આવ્યો ત્યારે તેણીએ અર્થહિન શબ્દોથી તેને ચુપ કરી દીધો.
૩૩૧૩ માણસે તેણીને કહ્યું "માંસ ક્યાં છે? મહેમાન આવ્યા છે, મહેમાન આગળ સારો ખોરાક રખાવો જોઈએ."
૩૩૧૪ તેણીએ જવાબ આપ્યો 'આ બિલાડી માંસ ખાઈ ગઈ છે,' એઇ, જાઓ અને તમારાથી બની શકે તો બીજું વધારે માંસ લઈ આવો!"
૩૩૧૫ તેણે (નોકરને) કહ્યું, "ઓ અયબક, ત્રાજવું લાવ, હું બિલાડીનું વજન કરીશ.
૩૩૧૬ તેણે તેણીનું વજન કર્યું, બિલાડી અર્ધો મણ હતી, પછી માણસે કહ્યું ઓ ઢોંગી સ્ત્રી,
૩૩૧૭ ગોસ અર્ધોમણ અને નવટાંક વધુ હતું. મારી બાઇ સાહેબ, બિલાડી પણ અર્ધો મણ છે.
૩૩૧૮ જો આ બિલ્લાડી છે તો પછી માંસ ક્યાં છે? અથવા જો આ માંસ છે તો બિલાડી ક્યાં છે? (તેણીની) શોધ કરો.
૩૩૧૯ જો બાયઝીદ આ (કાયા) છે, તો પેલો આત્મા શું છે? અને જો તે પેલો આત્મા છે તો પછી આ (શારિરીક) પ્રતિમા શું છે?
૩૩૨૦ તે વ્યાકુળતા ઉપર વ્યાકુળતા છે, ઓ મારા દોસ્ત, આ (જટીલ સમસ્યાનો) ઉકેલ એ તમારી બાબત નથી, મારી પણ નહિ.
૩૩૨૧ તે (આત્મા અને કાયા) બન્ને છે, પણ અનાજના પાકમાં દાણા પ્રાથમિક છે, જ્યારે જથ્થો નિષ્પન્ન વસ્તુ છે.
૩૩૨૨ (દૈવી) ડહાપણે આ વિરોધીઓને એક સાથે બાંધી છે, ઓ કસાઇ, આ માંસવાળું સાથળનું હાડકું શરદનની સાથેજ જાય છે.
૩૩૨૩ આત્મા કાયા વગર કામગીરી બજાવી શકે નહિ, તમારી કાયા થીજેલી (પાર્થીવ) છે અને આત્મા વગર ઠંડી (જડ) છે.
૩૩૨૪ તમારી કાયા દ્રષ્યમાન છે જ્યારે આત્મા દ્રષ્ટિમાંથી સંતાએલ છે, દુનિયાની કામગીરી તેઓ બન્નેના સાધનોથી બનાવાય છે.

૩૩૨૫ જો તમો (કોઇના) માથા ઉપર ધુળ ફેંકશો તો તેનું માથું ભાંગી નહિ જાય, જો તમો તેના માથા ઉપર પાણી ફેંકશો તો ભાંગેલું બનશે નહિ.

૩૩૨૬ જો તમો તેનું માથું ભાંગવા ઇચ્છો તો તમો માટી અને પાણીને એક બીજા સાથે સબંધમાં લાવો (અને માટીનો ગઠ્ઠો બનાવો.)

૩૩૨૭ જ્યારે તમો મરી જશો ત્યારે તેનું પાણી (આત્મા) તેના અસલમાં પાછું ફરે છે અને માટી જુદાઇના દિવસે માટી તરફ પાછી ફરે છે.

૩૩૨૮ જોગાનજોગ આવી મળેલ પ્રયોજન કે જે ખુદાને હતું, એટલે કે નમ્રતાભરી બંદગી અથવા ઇમાનદારી અથવા નાસ્તિકતાનું પ્રગટપણું (કાયા અને આત્માની) શાદી (સંબંધના) નિમિતે સાધનોથી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

૩૩૨૯ પછી (ત્યારબાદ) બીજી શાદીઓ છે જે કોઈ કાને સાંભળી નથી અને કોઈ આંખે જોઈ નથી.

૩૩૩૦ જો કાને સાંભળી હોત તો કેમ ચુપ રહ્યો હોત અથવા તેણે વધુવાર શબ્દોને કેમ ઓળખ્યા હોત?

૩૩૩૧ જો બરફ અને આઇસે (વાસનામય ઇન્સાને) સુર્યને (દૈવી પ્રેમને) જોયો હોત તો તેઓ (પોતાના) બરફપણામાં રોકાઇ રહેવામાં નિરાશ બન્યા હોત.

૩૩૩૨ તેઓ પાણી (અરૂપ અને) મુળથી વંચિત અને પવિત્ર આત્મા બનત. હવાનો દાવુદ પાણીનું બખ્તર બનાવતો હોત.

૩૩૩૩ અને તે (પાણી) દરેક ઝાડ માટે જીવન અર્પતી હવા બનત, દરેક ઝાડ તેના આગમનથી નશીબદાર બન્યું હોત.

૩૩૩૪ (પણ) થીજેલો બરફ કે જે પોતાની અંદરજ બંધ પડેલો રહ્યો છે. ઝાડો તરફ મુખો પાડે છે "મને અડકતા નહિ."

૩૩૩૫ તેની કાયા પોતાના કોઈ દોસ્તો બનાવતી નથી, નથી બીજા કોઇ તેને દોસ્ત બનાવતા. તેનો ભાગ કંજુસાઈ ભરેલ આપમતલબીપણા સિવાય કાંઇ નથી.

૩૩૩૬ તે (સંપૂર્ણપણે) નકામો થએલ નથી, ફેફસું તેનાથી તાજગી મેળવે છે, પણ તે ઘોષણા કરનાર અને (વસંત ઋતુ)ની લીલોતરીનો માલિક નથી.

૩૩૩૭ (બાદશાહ મહમુદ કહે છે) ઓ અયાઝ તું બહુ માનવંતો ગ્રહ છો, સુર્ય ચક્રની બધી નિશાનીઓ તેના ફરમાને લાયક હોતી નથી.

૩૩૩૮ (તારો ભવ્ય આત્મા દરેક વફાદારીથી સંતોષાએલો કેમ બને? તારી પવિત્રતા દિલની દરેક સચ્ચાઇ કેમ કબુલ કરે?"

એક અમીરની કહાણી કે જેણે પોતાના ગુલામને થોડો શરાબ લાવવા હુકમ કર્યો, ગુલામ રવાના થયો અને શરાબની બરણી લાવતો હતો, (જ્યારે) એક ત્યાગી કે જે રસ્તા ઉપર હતો તેણે તેને સત્કર્મ કરવાની

સલાહ આપી કે તેણે સચ્ચાઇથી વર્તવું જોઈએ અને એક પત્થર માર્યો અને બરણી તોડી નાખી. અમીરે (આ) સાંભળ્યું અને ત્યાગીને સજા કરવાનું નક્કી કર્યું; તે હ. ઇસા (અ.સ.)ના ઝમાનામાં બન્યું જ્યારે શરાબ હજુ હરામ જાહેર કરવામાં આવ્યો ન હતો, પણ ત્યાગી તિરસ્કાર બતાવતો હતો અને (બીજાઓને) પોતાના મનથી સંતોષાતાં અટકાવતો હતો.

૩૩૩૯ એક આનંદી દિલનો અમીર શરાબનો વધુ પડતો શોખીન હતો, તે દરેક પીધેલાનો અને સાધનહિન માણસનો આશરો હતો.

૩૩૪૦ (તે) એક માયાળુ આદમી, ગરીબો તરફ દયાળુ અને ઇન્સાફી, દાનશીલતાનું ઝવેરાત, છુટે હાથે સોનું ઉડાડનાર, દરિયાવ દિલનો હતો.

૩૩૪૧ માણસોનો બાદશાહ, ઈમાનદારોનો સરદાર, રસ્તાનો ચોકીદાર અને ગુપ્તતાઓ જાણનાર અને દોસ્તોનો એક પારખનારો.

૩૩૪૨ તે હ. ઇસા (અ.સ.)નો ઝમાનો હતો, મસિયાહની વેળા હતી, તે (અમીર) લોકોનો પ્રિય અને સ્વતંત્રતા ચાહક અને અનુકુળ હતો.

૩૩૪૩ ઓચિંતાના એક રાત્રીના બીજે એક અમીર, સારા સિદ્ધાંતવાળો કે જેને તેની સાથે દોસ્તી હતી તેની મહેમાનગીરી શોધતો આવ્યો.

૩૩૪૪ પોતાનું દિલ ખુશ કરવા ખાતર તેઓને શરાબની જરૂર હતી, તે ઝમાનામાં શરાબ હલાલ અને ચલાવી શકાય તેવો હતો.

૩૩૪૫ (પણ) તેઓની પાસે શરાબ ન હતો, તેથી તેણે (અમીરે) પોતાના ગુલામને કહ્યું, જાઓ, બરણી ભરો અને અમારા માટે શરાબ લઇ આવો.

૩૩૪૬ ફલાણા ખ્રિસ્તી ત્યાગી પાસેથી, કે જેની પાસે પસંદગીના શરાબ છે, કે જેથી (અમારામાંનો) આત્મા ઉંચા અને નીચામાંથી છુટકારો પામે.

૩૩૪૭ ખ્રિસ્તી ત્યાગીના પ્યાલામાંથી એક ઘુંટને હજારો દારૂની બરણીઓ અને દારૂના ભંડારો જેટલી જ અસર છે.

૩૩૪૮ પેલા (ખ્રિસ્તી)ના શરાબમાં એક ગુપ્ત (રૂહાનીયત) સત્વ છે, (રૂહાનીયત) બાદશાહી પણ દરવીશના ઝબ્બામાં (સંતાએલ) છે.

૩૩૪૯ (માત્ર) થીગડાવાળો ડગલો નિહાળ નહિ, કારણ કે તેઓએ સોનાની બહારની બાજુએ પરદો મુકેલ છે.

૩૩૫૦ હલકટ આંખના કારણે તે (દરવીશ) (જાહેરમાં) ઠપકા લાયક બને છે અને પેલું (રૂહાનીયત) મણીને બહારના ધુમાડાથી કટાઈ જવા આપેલ છે.

૩૩૫૧ એક બંગલાના ઓરડાઓમાં (જોઈ શકાય તેવી રીતે) બન્નેનો અને ઝવાહિરોને ક્યારે રાખવામાં આવે છે? બન્નેનાઓ હંમેશાં વેરાનોમાં સંતાડાય છે.

૩૩૫૨ જ્યારે કે હ. આદમ (અ.સ.)નો બદનો વેરાનમાં દટાએલો હતો ત્યારે તેમની માટી શાપીત ઇબલીસની આંખ ઉપર એક પાટો બની,

૩૩૫૩ તે (ઈબલીસ) માટીને ઘણીજ તુચ્છકારની દ્રષ્ટિએ નિહાળતો હતો (પણ) (હ.આદમનો) આત્મા કહેતો હતો, "મારી માટી તને એક અટકાયત છે."

૩૩૫૪ ગુલામે બે બરણીઓ લીધી અને બરા દિલે રવાના થયો, (લગભગ) તુર્તજ તે ખ્રિસ્તી પાદરીઓના મઠે આવી પહોંચ્યો.

૩૩૫૫ તેણે સોનું આપ્યું અને સોના જેવો શરાબ બરીદ કર્યો, તેણે પત્થરો આપ્યા અને બદલીમાં ઝવાહિરો લાવ્યો.

૩૩૫૬ (તે) એક મદિરા હતી કે જે બાદશાહોના માથા ઉપર ઉંડ અને સાકીના માથા ઉપરના મુગટ ઉપર સોનાનો તાજ મુકે.

૩૩૫૭ (તેનાથી) તકલીફો અને બળભળાટ ઉઠે છે, ગુલામો અને બાદશાહો એક સાથે ભેગા થાય છે.

૩૩૫૮ હાડકાં અદ્રષ્ય થાય છે અને સંપૂર્ણ આત્મા બને છે. રાજ્યાસન અને બાંકડો એક સરખા બને છે.

૩૩૫૯ તેઓ (મિનારા), જ્યારે ગંભીર, વિરોધી અને તકાવત જેવા છે. જ્યારે તેઓએ નશો કર્યો ત્યારે તેઓ કાયામાં આત્મા જેવા છે.

૩૩૬૦ તેઓ 'હુસિર' (એકજાતનો ખોરાક) બને છે, કાંઈપણ ફેરફાર અસ્તિત્વ નથી, ભેદભાવ હતો જ નહિ કે જે ડુબી ગયો નહોય,

૩૩૬૧ ગુલામ આ જાતનો શરાબ પેલા ભલા પ્રખ્યાત અમીરના મહેલે લઈ જતો હતો.

૩૩૬૨ (જ્યારે) એક ત્યાગી તેને મળ્યો, કે જેણે તકલીફ ભોગવી હતી, જેનું મગજ સુકાઈ ગયું હતું, અને જે દુઃખના ફિંડલાઓમાં તરફડીયાં મારતો હતો.

૩૩૬૩ તેની કાયા તેના દિલની અગ્નિથી ઓગળી ગઈ હતી, (તેના દિલનું) ઘર ખુદા સિવાય બીજાથી ખાલી હતું.

૩૩૬૪ દયાહિન સંતાપની સજાએ ડામો ઉપર જબરો ડામોએ તેને દઝાડ્યો હતો.

૩૩૬૫ દરેક પળે તેનું દિલ જીવન સંગ્રામમાં વહેરાતું હતું, રાત્રી અને દિવસ તે જીવન સંગ્રામમાં દ્રઢપણે લાગેલો હતો.

૩૩૬૬ વર્ષો અને મહિનાઓ દરમ્યાન તે માટી અને લોહીથી હળેલો હતો, મધ્યરાત્રીના (ગુલામને જોતાં) તેની ધીરજ અને મનોનિગ્રહ ભાગી છુટયાં.

૩૩૬૭ ત્યાગીએ પૂછયું, "બરણીમાં પેલું શું છે?" ગુલામે જવાબ આપ્યો, 'શરાબ'. તેણે કહ્યું "કોનો શરાબ?"

૩૩૬૮ તેણે (ગુલામે) જવાબ આપ્યો, "તે ફલાણા ખૂબજ માનવંત અમીરની માલિકીનો છે," તેણે કહ્યું, "શોધનારનું આવું કામ હોય?"

૩૩૬૯ ખુદાને શોધનાર (બનવું) અને પછી ખુશી અને પીવામાં મનને સંતોષવું સેતાનનો શરાબ પીવો અને પછી બુદ્ધિવાન પણ બનવું!"

૩૩૭૦ શરાબ વગર પણ તમારી સમજણ એટલી બધી અધમ છે કે (બીજી) સમજણોને તમારી (ચાલુ) સમજ સાથે ઉમેરવી જોઇએ.

૩૩૭૧ (પછી) ગણત્રી કર કે જ્યારે તમોએ નશો કર્યો છે ત્યારે તમારી સમજણ કેવી બનશે, ઓ તમો કે જેઓ એક પંખીની માફક નશાની જાળ તરફ શિકાર બન્યા છો.

ઝીયા-ચી-દલ્કની કહાણી કે જે બહુ લાંબો હતો, જ્યારે તેનો ભાઇ ઇસ્લામનો શેખ, બલ્ખનો તાજ ખૂબ જ ઠીંગણો હતો. અને આ ઇસ્લામનો શેખ પોતાના ભાઇના કારણે શરમાતો હતો (એક દિવસ) ઝીયા પોતાના ભાઇનું ભાષણ સાંભળવા આવ્યો, જ્યાં બલ્ખના આગેવાન માણસો હાજર હતા. ઇસ્લામના શેખ (પોતાની બેઠકમાં) બેદરકારીપણે અર્ધા ઉઠ્યા, (આથી) તેણે (ઝીયાએ) કહ્યું "હા, તમો બહુ ઉંચા છો. (તમારી ઉંચાઇ) થોડી ઓછી કરો!"

૩૩૭૨ ઝીયા-ચી-દલ્ક ઉદાત્ત ભાવના પામેલ ખુશ મિજાજ આદમી હતા, તેઓ ઇસ્લામના શેખ તાજના ભાઈ હતા.

૩૩૭૩ બલ્ખની બાદશાહી શહેરના શેખુલ ઇસ્લામ, તાજ ટુંકા કદના અને બચ્ચા જેવા નાના હતા.

૩૩૭૪ જોકે તેઓ ભણેલા અને પ્રખ્યાત અને પરિપૂર્ણતા પામેલા હતા, (તેમનો ભાઈ) આ ઝીયા કદમાં તેમનાથી ચડીયાતો હતો.

૩૩૭૫ તેઓ (તાજ) ઘણા ઠીંગણા હતા, જ્યારે ઝીયા માપી ન શકાય તેવા ઉંચા હતા, ઇસ્લામના શેખને એક સો મગરૂરીઓ અને મિજાજો ખોટા ડોળ હતા.

૩૩૭૬ તે આ ભાઇથી શરમ અને (તેનાથી) કલંકીત થએલો અનુભવતો છતાં ઝીયા મુક્તિના રસ્તામાં એક ઉપદેશક હતો.

૩૩૭૭ એક દિવસે બંદગી કરતા સમુહમાં ઝીયા અંદર આવ્યા, સભાગૃહ પ્રખ્યાત માણસો અને કાજીઓથી ભરપુર ભરેલો હતો.

૩૩૭૮ પોતાની સંપૂર્ણ બેદરકારીમાં ઇસ્લામના શેખ (પોતાની બેઠકમાંથી માત્ર) ધ્યાન વગરની રીતે પોતાના ભાઇને સલામ કરવા અર્ધા જ ઉભા થયા.

૩૩૭૯ તેમણે (ઝીયા)એ કહ્યું, 'તમો બહુ ઉંચા છો, એક વાડ જેવા તમારા કદને જરા ઉંચે ઉઠાવો કે જેથી દૈવી બક્ષિશ મેળવો.

૩૩૮૦ (ત્યાગીએ કહ્યું) તો પછી, તમને સમજ કયાં છે, ઓ જ્ઞાનના દુશ્મન, શરાબ પીવા માટેની જરૂરી સમજણ તમને કયાં છે?'

૩૩૮૧ (જો) તમારો ચહેરો ખૂબ જ ખુબસુરત છે તો (ઘરેણા તરીકે) તેના ઉપર ગળી ચોપડો, (પણ) એક હબશીના ચહેરા ઉપર ગળી ચોપડવી એ હાસ્યાસ્પદ બનશે.

૩૩૮૨ ઓ માર્ગ ભુલેલા, તમારામાં કાંઇ પણ (રૂહાનીયત) પ્રકાશ કયારે દાખલ થશે ? કે તમો અંધારા અને ભાન વગરના એક શોધનાર બનો.

૩૩૮૩ દિવસ દરમ્યાન છાંયો શોધવો એ સંતોષકારક રિવાજ છે. (પણ) તમો વાદળાંમય રાત્રીના છાંયો શોધો છો ?

૩૩૮૪ જે તે (શરાબ) સામાન્ય જનતા માટે પોષણ તરીકે હલાલ છે, (છતાં) પણ તે પેલાઓ કે જે પ્રિતમને શોધે છે તેઓ માટે હરામ છે.

૩૩૮૫ (ખુદાના) પ્રેમીઓની 'મદિરા' તેઓના દિલનુ લોહી છે, તેઓની આંખો રાહે-રાસ્ત અને અંતિમ મુકામ ઉપર ચોંટેલી છે.

૩૩૮૬ ભયંકર નિર્જન પ્રદેશના આ રસ્તામાં, રાહનુમા સમજણ એક સો ઘરણો સહન કરે છે

૩૩૮૭ (જો) **તમો રસ્તો બતાવનારાઓની આંખોમાં ધુળ ફેંકશો, તો તમો વણઝારનો નાશ નોતરશો અને રસ્તો ગુમાવશો.**

૩૩૮૮ વાસ્તવમાં, જવનો રોટલો દુષ્ટ મન માટે હરામ અને નુકસાનકર્તા છે, (માત્ર) તેની આગળ ભુસાનો રોટલો મુક.

૩૩૮૯ ખુદાઈ રાહે રસ્તાના દુશ્મનને સખત તાબેદારીમાં રાખજે, લુંટારા માટે વ્યાસપીઠ બનાવતો નહિ (પણ) તેને માંચડા ઉપર લટકાવી રાખજે.

૩૩૯૦ લુંટારાનો હાથ કાપી નાખવો વ્યાજબી ગણજે, જો તમો તેનો હાથ કાપી નાખવા અશક્ત હો તો તેને બાંધી દેજે.

૩૩૯૧ જ્યાં સુધી કે તમો તેનો હાથ બાંધો, તે તમારા બાંધશે, સિવાય કે તમો તેનો પગ ભાંગો તે તમારો ભાંગશે.

૩૩૯૨ તમો દુશ્મનને શરાબ અને શેરડી આપો છો, શા કારણે ? તેને ઝેરયુક્ત મન્નક અને માટી ખાવા આપો.

૩૩૯૩ પોતાની રોષની લાગણીમાં પેલા (ત્યાગીએ) બરણી તરફ એક પથ્થર ફેંકયો અને તેને ભાંગી નાખી, તે (ગુલામ) બરણી પડવા દીધી અને ત્યાગી પાસેથી ભાગી છુટયો.

૩૩૯૪ તે અમીર પાસે ગયો, કે જેણે તેને પૂછયું, ' શરાબ કયાં છે ? ' તેણે (ગુલામે) જે કાંઇ બન્યું હતું તે રજેરજની તેની હજુરમાં રજૂઆત કરી.

ગુસ્સે ભરાએલ અમીરનું ત્યાગીને સજા કરવા રવાના થવું.

૩૩૯૫ અમીર અગ્નિ જેવો બન્યો અને કુદકો મારી ઉભો થયો, તે ધુમ પાડી ઉઠયો, 'ત્યાગીનું ઘર કયાં છે તે મને બતાવ.'

૩૩૯૬ કે હું તેના અજ્ઞાન વેશ્યા જેવા માથાને આ ભારી ગદાથી ભુક્કો બોલાવું.'

૩૩૯૭ બીજાને આનંદ કરવાની બાબતમાં તે શું જાણશે ? તે હલકટ રીતે અપકીર્તિ અને પ્રખ્યાતી શોધે છે.

૩૩૯૮ એટલા માટે કે આ ઢોંગના કારણે તે પોતાનું સ્થાન જમાવે અને કોઈ પણ રીતે તેને સહેલાઈથી નજરે ચડવું છે.

૩૩૯૯ કારણ કે સત્ય કહેતાં આના સિવાય બીજી કોઈ હુંશિયારી નથી કે તે આ અને પેલા સાથે ઢોંગથી રમત રમે.

૩૪૦૦ જો તે ગાંડો અને ગુન્હામાં ડુબેલો છે તો એક ગાંડા માણસ માટેનો ઈલાજ એક ચાબુક છે.

૩૪૦૧ કે જેથી સેતાન તેના માથામાંથી ભાગી છુટે, એક ગધેડો હાંકનારના ફટકા સિવાય આગળ કેમ જશે ?

૩૪૦૨ અમીર પોતાના હાથમાં એક ગદા સાથે બહાર નીકળી પડયો, મધ્ય રાત્રીના તે અર્ધ નશાબાજ ત્યાગી પાસે આવ્યો.

૩૪૦૩ પોતાના ગુસ્સામાં તેણે ત્યાગીને મારી નાખવાની ઈચ્છા કરી, (પણ) ત્યાગી કેટલાંક લાકડાંઓ વચ્ચે સંતાઈ ગયો.

૩૪૦૪ ત્યાગી, દોરડાં બનાવનારાઓની માલિકીના લાકડાંની એ સંતાએલાઓ અમીર પાસેથી પેલી (ધમકી) સાંભળી.

૩૪૦૫ તેણે (પોતાના મનમાં) કહ્યું, ' (માત્ર) આરસી કે જેણે પોતાનો ચહેરો સખત બનાવ્યો છે તે તેના મોઢે કહી શકે કે તે કદ્રુપો છે.'

૩૪૦૬ તેને એક આરસીની માફક તને કહેવા માટે લોઢાના ચહેરાની જરૂર છે, ' તારો કદ્રુપો ચહેરો નિહાળ.'

દલકકનું સચ્ચીદ, તિરમીઝના શાહને રમતમાં હરાવવું.

૩૪૦૭ બાદશાહ દલકક સાથે શેતરંજ રમતો હતો, તેણે (દલકકે) તેને હરાવ્યો, તુર્તજ બાદશાહનો ગુસ્સો ઉકળી આવ્યો.

૩૪૦૮ તેણે (દલકકે) ધુમ પાડી, ' હાર, હાર,' ' અને અહંકારી બાદશાહે તેના માથા ઉપર એક પછી એક શેતરંજના મહોરાં ફેંકયાં.

૩૪૦૯ કહે, ' લેતો જા ! તારા માટે અહીં હાર છે, ઓ ઉદ્ધત, દલકકે પોતાને વશમાં રાખ્યો, અને માત્ર કહ્યું, 'દયા'.

૩૪૧૦ બાદશાહે બીજી રમત રમવા હુકમ કર્યો, સખત ઠંડીમાં એક નગ્ન માણસ ધ્રુજે તેમ દલકક ધ્રુજતો હતો ?

૩૪૧૧ તે બીજી રમત રમ્યો, અને શાહ હાર્યો હતો (જ્યારે) જ્યારે હાર, હાર, કહેવા માટેનો સમય અને પળ આવી.

૩૪૧૨ દલકક કુદીને એક ખુણામાં દોડયો અને પોતાની બીકમાં પોતા ઉપર ગાભા વીંટાળ્યા,

૩૪૧૩ તે (ત્યાં) કેટલીય ગાદીઓ અને છ ગાભાઓની નીચે સંતાએલો પડયો કે તે શાહના ફટકાઓમાંથી બચી જાય.

૩૪૧૪ બાદશાહે આશ્ચર્યોદ્‌ગાર કાઢયો, "હી, હી તેં આ શું કર્યું ? આ શું છે ?" તેણે જવાબ આપ્યો એ ઉત્તમોત્તમ બાદશાહ, હાર, હાર, હાર, હાર.

૩૪૧૫ એક આચ્છાદન વગર તને સાચું કેમ કહી શકે ? એ ગુસ્સાવાળા, કે જે અગ્નિમાં લપટાએલ છે ?

૩૪૧૬ એ તમો કે જેઓ મારાથી હાર્યા છો, જ્યારે હું તમારા બાદશાહી ઘાથી હાર્યો છું. તમારા ઘરના સરસામાનની અંદર રહી, હાર, હાર,ની ખુમ પાડું છું.

૩૪૧૭ જ્યારે (સમસ્ત) રહેઠાણ અમીરની ભયંકર ખુમો અને (ત્યાગીના) દરવાજાને લાતો લગાવવા અને ઝનુની વર્તણુંકથી ભરાઇ ગયું.

૩૪૧૮ ત્યારે લોકો ડાખી અને જમણી બાજુએથી જલ્દીથી બહાર આવ્યા, ખુમ પાડી કહે, ' ઓ બાદશાહ, આ માફી અને દયા માટેનો વખત છે.

૩૪૧૯ તેનું મગજ બાલી છે, અને આ વખતે તેની સમજ બચ્ચાંની બુદ્ધિ અને સમજ કરતાં પણ ઓછી છે.

૩૪૨૦ ત્યાગીપણું અને વૃદ્ધ ઉંમર એક બીજાને મથાળે આવેલ છે, અને કાંઇ પણ રૂહાની પ્રકાશ તેના ત્યાગીપણા અંગે તેને આપવામાં આવેલ નથી.

૩૪૨૧ તેણે દર્દ સહન કર્યું છે પણ પ્રિતમ પાસેથી બદલો કદી જોયો નથી, તેણે ભક્તિનાં ઘણાં કાર્યો કર્યા છે પણ પોતાના કાળનું વેતન કદી જોયું નથી.

૩૪૨૨ કાં તો તેના કાર્યમાં જરા પણ જરૂરી વસ્તુ નથી, અથવા (દૈવી) વટહુકમથી તેના બદલાનો સમય હજી આવ્યો નથી.

૩૪૨૩ કાં તો તેની મજુરી યહુદીની મજુરી માફક બની છે અથવા યોગ્ય ઋતુ આપે ત્યાં સુધી તેનું વળતર સ્થગીત થયું છે.

૩૪૨૪ તેના માટે તે દિલગીરી અને બદકિસ્મત માફક છે કે તે લોહી ભરેલ આ બીણમાં કોઈ મદદકર્તા વગરનો છે.

૩૪૨૫ તેની આંખો દુઃખાર્ત છે અને તે બૂણામાં ચીડાએલો ચહેરો અને ચામડી ફાટેલો બેસે છે.

૩૪૨૬ તેની સાથે સહાનુભૂતિવાળો કોઈ આંખનો નિષ્ણાત નથી અથવા તેને કાંઇ સમજણ નથી કે તે એક આંજણનો રસ્તો શોધે.

૩૪૨૭ તે સંજોગ અને અભિપ્રાયની મદદથી સખત કોશીષ કરે છે. ફતેહની શકયતા સિવાય તેની પાસે બીજું કાંઇ વધારાનું નથી.

૩૪૨૮ તેને મુસાફરી કરવાનો રસ્તો લાંબો છે. ત્યાં સુધી કે પ્રિયતમને જુએ કારણ કે તે નેતા શોધતો નથી, તેની ઇચ્છા નેતાપણાની છે.

૩૪૨૯ કોઈ વાર તે ઠપકો આપવામાં (લાગી જાય છે) (ખુદાને) કહે છે, 'આ (મારા) કરેલા હિસાબમાં અને અપાએલો હિસ્સો દુઃખ (સિવાય બીજું કંઈ નથી).

૩૪૩૦ કોઈ વાર તે તેના પોતાના નસીબ સાથે કજીઆમાં (લાગી જાય છે) કહે છે, (બીજાઓ) બધા ઉડે છે. અને અમારી પાંખો કાપી નાખવામાં આપી છે.

૩૪૩૧ હરકોઈ જે દુનિયાની ખોટી કલ્પનાઓમાં કેદી બન્યો છે, તેના મનની વલણે તેની સાથે કરાર કર્યો છે, (ભલે પછી) તે ત્યાગીપણાના (આચરણમાં) લાગી પડ્યો હોય.

૩૪૩૨ સિવાય કે તે ઉંટની રહેવાની સાંકડી જગ્યામાંથી બહાર ન આવે, તેના મનની વલણ કેમ સુખી બનશે અને તેનું દિલ (ખુશીથી) લહેરાતું કેમ બનશે?

૩૪૩૩ કોઈએ ત્યાગીઓ કે જેઓ એકાંતમાં રહે છે તેમને છરો કે તલવાર કદી આપવી ન જોઇએ સિવાય કે (તેઓએ રૂહાનીયત) પ્રેરણા મેળવી હોય.

૩૪૩૪ જ્યારે કે નિરાશાનો સંતાપ અને દિલગીરી (કે જે તેઓ અનુભવે છે) મનની (નિરંકુશ) વ્યાકુળતામાં પોતાનાં પેટો ચીરો નાખવાના કારણ બને છે.

હ. મુહમ્મદ (ર.સ.અ.) હીરા પર્વત ઉપરથી હ. જીબ્રીઇલ (અ. સ.)ની દેખાવમાં ન આવવાની લાંબી ઢીલના પોતાના દુઃખના કારણે પોતાને નીચે પછાડવાની તૈયારીમાં હતા, અને હ. જીબ્રાઇલ (અ.સ.)નું તેમને પોતાનું સ્વરૂપ બતાવવું, કહીને, તમારા ખુદને નીચે ન ફગાવતા, કારણ કે (મહાન) ભાવી તમારી આગળ જ છે.

૩૪૩૫ જ્યારે જ્યારે હ. મુસ્તફા (ર. સ. અ.)ને ખુદામાંથી જુદાઈની સમજ નિરાશામાં ઊંચે ચડતી ત્યારે તેઓ પર્વત ઉપરની નીચે પોતાને પછાડવાની અણી ઉપર આવી જતા.

૩૪૩૬ સિવાય હ. જીબ્રીઇલ (અ. સ.) તેમને કહે, સાંભળો, 'તેમ નહિ કરો, કારણ કે હુકમમાંથી મહાન સદ્‌કિસ્મત તમારા તરફ આવી રહ્યું છે.' 'થોભો'

૩૪૩૭ (પછી) હ. મુસ્તફા (ર. સ. અ.) (પોતાને) નીચે ફેંકવામાંથી અટકી જતા, જ્યારે કે ફરીવાર (તેમના ઉપરા) જુદાઈના હુમલો આવે.

૩૪૩૮ (પછી) ફરીવાર દુઃખ અને દિલગીરીમાં, તેઓ પર્વત ઉપરથી માથાભેર પોતાને ફેંકવાની અણી ઉપર આવતા.

૩૪૩૯ અને ફરી એક વધુ વાર હ. જીબ્રીઇલ (અ. સ.) દેહ સ્વરૂપે દેખાતા, કહેતા, 'ઓ તમો અપૂર્વ રૂહાની બાદશાહ, તેમ કરતા નહિ.'

૩૪૪૦ આવી જ રીતે તેઓએ પડદો ઉંચકવામાં આવ્યો ત્યાં સુધી ચાલુ રાખ્યું, કે જેથી તેઓએ (પોતાની આંતરિક સૂઝબૂઝના) દિલમાંથી પોતાનું ઇચ્છીત મોતી મેળવ્યું.

૩૪૪૧ જ્યારે કે લોકો કાંઈ પણ દુઃખના કારણે પોતાને મારી નાખે છે, (આ ખુદાથી જુદાઈ બધા) દુઃખનું મુળ છે, તેઓ તેને કેમ સહન કરે?

૩૪૪૨ માણસો (ઈસિમાઈલી) 'ફિદાઈ' તરફ તાજ્જુલ થાય છે, (પણ) આપણામાંનો દરેક પોતાની વર્તણુંકમાં એક 'ફિદાઈ' છે

૩૪૪૩ અરે, આશીર્વાદીત તે છે કે જેણે પેલા એક માટે પોતાની કાયા કુરબાન કરી છે કે જેના માટે તે યોગ્ય છે કે તે પોતાના ખુદને પણ કુરબાન કરે છે.

૩૪૪૪ તેવી જ રીતે દરેક જણ પોતાના વ્યવસાયને અર્પણ થયો છે જેમાં તે પોતાની જીંદગી વેડફે છે અને મરે છે.

૩૪૪૫ પૂર્વમાં અગર પશ્ચિમમાં (કોઈ પણ, જગ્યાએ) તે વિનાશક છે જે સમયે ઇચ્છીત પરવશ અથવા ઇચ્છીત ધ્યેય (અસ્તિત્વમાં) રહેતું નથી.

૩૪૪૬ બધા પછી આ ભાગ્યશાળી પોતાના વ્યવસાયમાં અર્પણ થયો છે જેમાં મરી જવામાં એક સો જીંદગીઓ મેળવાય છે.

૩૪૪૭ તે તો પ્રેમી અને પ્રિયતમા અને પ્રેમ અનંતકાળ માટે સમૃદ્ધ થયો છે અને બન્ને દુનિયામાં પ્રખ્યાતી પામ્યા છે.

૩૪૪૮ ઓ મારા ઉદાર દોસ્તો, ઉચ્ચ લાલસાના ભક્તો ઉપર દયા રાખો, વિનાશ પાછળ વિનાશ તરફ નીચે જવાનો તેમનો કામધંધો છે.

૩૪૪૯ લોકોએ કહ્યું, "ઓ અમીર, તેની (ત્યાગીની) શિરજોરી માફ કરો, તેની દિલગીરી બદકિસ્મત ધ્યાનમાં લ્યો.

૩૪૫૦ એટલા માટે કે તેવી જ રીતે ખુદા તમારાં પાપો માફ કરે, તમારી ભુલો માટે માફી ઉતારે.

૩૪૫૧ તમોએ બેધ્યાનપણે ઘણી એક બરણી તોડી છે, અને તમારું દિલ માફીની આશા ઉપર લગાડો.

૩૪૫૨ માફ કરો, કે તમો બદલામાં માફી જીતો. (દૈવી) વટહુકમ (દરેક જણની પોતાની) લાયકાતો આપવામાં વાળો વિગેરે છે.

ત્યાગીના પેલા પાડોશીઓ કે જેઓ તેના માટે વચ્ચે પડ્યા તેમને અમીરનો જવાબ આપવો, તેણે કહ્યું "શા માટે (આટલી બધી) ઉદ્ધતાઈથી વર્ત્યો અને (શરાબની) મારી બરણી તેણે શા માટે ભાંગી? આ બાબતમાં વચ્ચે પડનારાઓનું હું સાંભળવાનો નથી, કારણ કે તેને યોગ્ય સજા કરવાના મેં કસમ ખાધા છે."

૩૪૫૩ અમીરે કહ્યું, એ પોતે કોણ છે કે તે મારી બરણી તરફ પત્થર ફેંકે અને તેને ભાંગે?

૩૪૫૪ જ્યારે ઋતુની સિંહ મારા રહેઠાણમાંથી પસાર થાય છે ત્યારે તે સીધેસીધો અને એક સો સાવચેતીઓમાં પસાર થાય છે.

૩૪૫૫ શા માટે તેણે મારા ગુલામનું દિલ સંતાપ્યું અને મારા મહેમાનો સમક્ષ મને શરમીંદો બનાવ્યો ?

૩૪૫૬ તેણે એક શરાબ ઢોળ્યો કે જે તેના લોહી કરતાં કિંમતી હતો અને હવે એક ઔરતની માફક મારી પાસેથી ભાગી છુટ્યો છે.

૩૪૫૭ ધારો કે તે એક પંખીની માફક ઉંચો ઉડે છે તો પણ તે મારા હાથમાંથી પોતાની જીંદગી કેમ બચાવશે ?

૩૪૫૮ હું મારી પ્રતિહિંસાનું તીર તેની પાંખો તરફ ફેંકીશ, હું તેની નકામી પાંખો અને પીંછા તોડી ફોડી નાખીશ.

૩૪૫૯ મારા પ્રયત્નોમાંથી ભાગી છુટવા જો તે સખત બડકમાં દાખલ થશે તો હું હમણાં જ તેને બડકની અંદરથી ખેંચી કાઢીશ.

૩૪૬૦ હલકટ દુષ્ટોને ચેતવણી મળે તેવી સખત શિક્ષા હું તેના શરીર ઉપર ફટકારીશ.

૩૪૬૧ બધા તરફ દંભી દેખાવ અને મારા તરફ પણ ! હું તેને અને એક સો તેના જેવાને આ પળે જ યોગ્ય (સજા) આપીશ.

૩૪૬૨ તેનો (અમીરનો) લોહી તરસ્યો ગુસ્સો હદ વટાવી ગયો હતો, ગુસ્સાથી અગ્નિ તેના મોઢામાંથી બહાર ભભુકતી હતી.

ત્યાગીના પાડોશીઓ કે જેઓ તેની તરફેણ કરતા હતા, અમીરના હાથ અને પગને ચુંબન કર્યું અને એક બીજી વખત તેની પાસે નમ્રતાથી આજીજી કરી.

૩૪૬૩ તેની ખુમાખુમના અંતમાં પેલા તરફેણ કરનારાઓએ તેના હાથ અને પગ કેટલીયવાર ચૂકચા.

૩૪૬૪ કહે, ઓ અમીર, વેર વાળવું તે તારા માટે બંધ બેસતું નથી. જો કે શરાબ ગયો છે, (છતાં) શરાબ વગર પણ તમો આનંદી છો.

૩૪૬૫ શરાબ પોતાનું અસલ સત્વ તમારી ભલમનસાઈમાંથી મેળવે છે, પાણીની ભલમનસાઈ. તમારી ભલમનસાઈની પોતાની બાજી અંગે દિલગીરી વ્યક્ત કરો.

૩૪૬૬ બાદશાહીની રીતે વર્તો, ઓ દયાળુ, ઓ ઉદારત્માના ઉદાર મહેરબાનના ઉદાર પુત્ર.

૩૪૬૭ દરેક શરાબ આ (ખુબસુરત) રૂપ અને (તારા) ગુલાબી ગાલોના ગુલામ છે, બધા પીધેલા તારી અદેખાઈ અનુભવે છે.

૩૪૬૮ તમોને ગુલાબી શરાબની જરૂરત નથી, તેનું બરછટપણું છોડી દ્યો, તમો પોતે જ તેનું ગુલાબીપણું છો.

૩૪૬૯ ઓ તમો કે જેનો ચહેરો શુક્ર ગ્રહ માફક સવારના સૂર્ય જેવો પ્રકાશિત છે. ઓ તમો કે જેના રંગ સમક્ષ (બધા) ગુલાબી રંગો ભીખારીઓ છે.

૩૪૭૦ શરાબ કે જે બરણીમાં અદીઠપણે ઉછળે છે આમ તારા ચહેરાની લાલસામાં ઉકળે છે.

૩૪૭૧ ઓ તમો કે જેઓ સંપૂર્ણ સાગર છો, ઝાકળ સાથે તમને શું કામ? અને ઓ તમો કે જેઓ સંપૂર્ણ અસ્તિત્વ છો, શા માટે તમો શુન્ય શોધો છો?

૩૪૭૨ ઓ પ્રકાશિત ચંદ્રમા, ધુળ સાથે તમને શું કામ છે? ઓ તમો કે જેના ચહેરાની બાજુમાં ચંદ્રમા નિસ્તેજ છે.

૩૪૭૩ તમો ખુબસુરત અને સુંદર છો અને દરેક સુંદરતાની બાણુ (મુળ) છો. તમારે તમારા શરાબના ઉપકાર તળે બરેબર શા માટે મુકાવું જોઇએ?

૩૪૭૪ "અમોએ આદમના પુત્રોને માનવંત બનાવ્યા છે" રત્ન તમારા માથાના તાજ ઉપર છે. "અમોએ તને આપ્યું છે" નો કાંઠલો તારી છાતી ઉપર લટકે છે.

૩૪૭૫ માણુસ સત્વ છે અને દુનિયા તેની આફત છે. બધી વસ્તુઓ એક શાખા અથવા સીડીના એક પગથીયાં માફક છે, તે સ્થૂળ પદાર્થ છે.

૩૪૭૬ ઓ તમો કે જેઓના સમજણ અને પ્રસ્તાવ અને સુઝ ગુલામો છે, તમો પોતાને આટલા સસ્તા કેમ વેચો છો?

૩૪૭૭ તમામ હસ્તિ ઉપર તમારી સેવા એક ફરજ તરીકે લાદવામાં આવી છે, એક સત્વ મદદ માટે આફત પાસે કેમ માગે?

૩૪૭૮ તમો પુસ્તકોમાંથી જ્ઞાન શોધો છો, અરે, હાંસીપાત્ર! તમો હલવામાંથી ખુશી શોધો છો, અરે, હાસ્યજનક!

૩૪૭૯ તમો ઝાકળના ટીપામાં છુપાએલા સમુદ્ર છો, તમો ત્રણ ગજ લાંબી કાયામાં છુપાએલા બ્રહ્માંડ છો.

૩૪૮૦ શરાબ અથવા સંગીત અથવા સંભોગ તે વળી શું છે કે તેમાંથી તમો ખુશી શોધો?

૩૪૮૧ (તે તેના જેવું છે કે) સૂર્ય એક રજકણ પાસેથી પ્રકાશ ઉછીનો લેવા શોધે (અથવા) શુક્રનો ગ્રહ એક નાની બરણીમાંથી (શરાબના) પ્યાલા માટે ભીખ માગે.

૩૪૮૨ તમો વગર શરતના આધીનતાની જેલમાં પુરાએલા આત્મા છો, તમો ધરણમાં પુરાએલા સૂર્ય છો, કેવી શરમજનક વાત છે?

અમીરનો તેમને ફરીયાર જવાબ દેવો.

૩૪૮૩ તેણે જવાબ આપ્યો, "નહિ, નહિ, હું પેલા શરાબનો અનુયાયી છું. (તમો બોલ્યા) તેવી આ ખુશીના સ્વાદથી સંતોષ પામનારો હું નથી.

૩૪૮૪ હું આવા શરાબની ઇચ્છા રાખું છું કે હું કયારેક પેલે રસ્તે કે કયારેક આ રસ્તે વાંકો વળીને લથડીયા બાઉં?

૩૪૮૫ અને બધી આશા અને બીકમાંથી મુક્તિ મેળવી, હું દરેક બાજુએ નેતરની માફક હિંચકો બાતો બનું.

૩૪૮૬ નેતરની માફક જમણી અને ડાબી બાજુએ હિંચકા બાતો કે જે પવનથી બધી બધી જાતના નાચોથી નાચ કરતો બનાવાય છે.

૩૪૮૭ તે કે જે (રૂહાનીયત) શરાબની ખુશીથી હળેલો છે, એહ, શેઠ, તે આ ખુશીથી સંતોષાએલો કેમ બનશે ?

૩૪૮૮ હ. પયગમ્બર સાહેબ આ ખુશીથી આગળ ગયા કારણ કે તેઓ દૈવી ખુશીમાં આકરા ઢાળ ચડયા હતા.

૩૪૮૯ જ્યારે કે તેઓના આત્માએ પેલી ખુશીનો અનુભવ કર્યો હતો, આ ખુશીઓ તેમને (માત્ર) રમત દેખાણી.

૩૪૯૦ **જ્યારે હરકોઇ પૂજનીય જીવંત હસ્તિ સાથે ઐકયતા પામ્યો છે, ત્યારે તે એક મરેલાને કેમ આલીંગન કરશે ?**

આયાત ઉપર વિવરણ, "અને અરે, રહેઠાણ બાદ (બરૂ) જીવન છે, જે તેઓ માત્ર જાણે, દરવાજાઓ અને દીવાલો અને પેલી દુનિયાનો વિસ્તાર અને તેનું પાણી અને વાસણો અને ફળો અને ઝાડો બધા સજીવ અને સાંભળતા છે, અને તે કારણે હ. મુસ્તફા (ર.સ.અ.) એ કહ્યું છે કે "ચાલુ જગત એક હાડપિંજર છે અને પેલા કે જેઓ તેને મેળવવાનો પ્રયાસ કરે છે તે અધમ વ્યક્તિઓ છે, જો બીજી દુનિયાને જીવન ન હોત તો બીજી દુનિયા પણ એક હાડપિંજર બનત." એક હાડપિંજર એટલા માટે કહેવામાં આવ્યું, તેના મરેલા બનવાના કારણે, નહિ કે તેની હલકી વાસ અને કદરૂપણાથી.

૩૪૯૧ જ્યારે કે પેલી દુનિયાનો દરેક અણુ જીવે છે અને વિવરણ અને વાકયચતુરી સમજવા શકિતમાન છે.

૩૪૯૨ તેઓ (પયગમ્બરોને) મૃત્યુલોકમાં આરામ ન હતો કારણ કે આ (દુન્યવી) ઘાસ માત્ર જનાવર માટે યોગ્ય છે.

૩૪૯૩ હરકોઇને રહેવા અને મિજબાની કરવા ગુલાબનો બગીચો છે, તે સ્નાનાગારની સગડીમાં શરાબ કેમ પીશે ?

૩૪૯૪ પવિત્ર આત્માનું રહેઠાણ 'ઇલ્લીય્યીન' (સાતમું સ્વર્ગ) છે. જેનું ઘર નર્ક છે તે કીડો છે.

૩૪૯૫ પ્યાલો કે જે પવિત્ર બનાવે છે તે ખુદા સાથે પિધેલાઓ માટે છે, આ ખારૂં પાણી આ આંધળાં પંખીઓ માટે છે.

૩૪૯૬ હરકોઇની આંખોમાં કે જેઓને હ. ઉમર (ર. અ.) એ ઇન્સાફનો હાથ જાહેર કર્યો નથી, તેને ખુની હજામની જ ન્યાયી લાગે છે.

૩૪૯૭ એક નિર્જીવ ઢીંગલી (નાની) છોકરીઓને આપવામાં આવે છે, કારણ કે તેઓ હૈયાત (માણસોના) પ્રણયનાં ખોટા અડપલાંથી અજ્ઞાન છે.

૩૪૯૪ એક લાકડાની તલવાર નાનાં બચ્ચાંઓ માટે વધુ યોગ્ય છે, જ્યારે કે તેઓને ખરા મર્દમાંથી (આવતી) શક્તિ અને જોમ નથી.

૩૪૯૯ નાસ્તિકો પયગમ્બરોના આકારો કે જે ચીતરવામાં આવેલા છે અને દેવળમાં (રખાયા છે) તેનાથી સંતોષી છે.

૩૫૦૦ **(પણ) જેમ આપણે પેલા ચંદ્રમાઓ (પયગમ્બરો અને ઇમામો)માંથી આંતરિક રોશનીના પ્રકાશિત સમયનો આનંદ માણ્યો છે આપણને છાયામય આકૃતિ માટે પરવા નથી.**

૩૫૦૧ તેમની (હ. પયગમ્બરો) એક બાહ્યાકાર (ઐહિક) દુનિયામાં બેઠી છે, જ્યારે તેમની બીજી આકૃતિ ચંદ્રમાની માફક આસમાનમાં છે.

૩૫૦૨ તેમનો આ મહિનો પોતાની પાસે પેલા બેઠેલાઓને (દીનના) હિકમતી મુદ્દાઓ ઉપર બોલે છે જ્યારે બીજો (મહિનો) ખુદાથી વિવરણમાં અને (તેનાથી) સંબંધ ધરાવવામાં મશગુલ છે.

૩૫૦૩ તેમનો જાહેરી કાન આ (જાહેરી) શબ્દો ગ્રહણ કરે છે, જ્યારે તેમનો રૂહાનીયત (પેદા થતો શબ્દ) 'થા'ના ગુઢાર્થોને (પોતામાં) ખેંચે છે.

૩૫૦૪ તેમની જાહેરી આંખ માનવ આકારો અને ઘાટ જુએ છે, જ્યારે તેમની આંતરિક "આંખ ભટકતી નથી" (ની કીર્તિ)માં અંજાઈ ગઇ છે.

૩૫૦૫ **તેમના જાહેરી પગ મસ્જિદમાં (બંદગી કરવાની) સફમાં સમતલ ઉઠે છે, જ્યારે તેમનો રૂહાનીયત પગ અવકાશમાં ઉપર પ્રદક્ષિણામાં (લાગેલો છે).**

૩૫૦૬ તેના દરેક ભાગની ગણત્રી કર) (અને) તેવી જ રીતનો (અંદાજ કર). આ (શારિરીક ભાગ) સમયની અંદર છે, જ્યારે પેલો (રૂહાનીયત ભાગ) સમયથી પર છે.

૩૫૦૭ આ જે સમયમાં છે મૃત્યુ પર્યંત વેઠે છે, જ્યારે બીજો અનંતતાનો સ્તંભ અને અનંતકાળનો સાથી છે.

૩૫૦૮ **તેનું એક નામ "બન્ને બાદશાહીઓનો માલિક" છે. તેનું એક રેખાંકન "બે કિલ્લાનો ઇમામ" છે.**

૩૫૦૫ **મઝહબી એકાંત અને ચાલીસ દિવસોના રોજા તેના ઉપર ફરજ નથી. કોઈપણ વાદળ તેના વાદળને હટાવી શકે નહિ.**

૩૫૧૦ તેનું દિલ સૂર્યના ગોળા જેવું દિવ્ય છે, કોઈ દુશ્મન તેના ઉપર પડદો કેમ ફેંકી શકે?

૩૧૧૧ બિમારી અને પરહેજી ચાલી ગઇ છે, કટોકટીની વેળા પસાર થઈ ગઈ છે. તેની નાસ્તિકતા ઇમાન બની છે, અને અવિશ્વાસ રહ્યો નથી.

૩૫૧૨ અલીફ (અક્ષરની) માફક, તેણે તેના સીધાપણા અંગે આગલી જગ્યા લાધી છે, તેણે પોતાના કોઈ પણ ગુણો રાખ્યા નથી.

૩૫૧૩ તે પોતાની માનસિક વલણોના પોષાકથી અલગ થયો છે. તેનો આત્મા, તેની પાસે કે જે રૂહાનીયતપણું વધારે છે ત્યાં નગ્ન ચાલ્યો ગયો છે.

૩૫૧૪ તેવી રીતે જેમ તે અસામાન્ય બાદશાહની હજુરમાં નગ્ન ગયો, બાદશાહે તેના માટે પવિત્ર સદ્‌ગુણોનો પોષાક બનાવ્યો.

૩૫૧૫ તેણે બાદશાહી ગુણોનો ઝબ્બો પહેર્યો, તે બીણુમાંથી બાદશાહી મહેલ તરફ ઉડ્યો.

૩૫૧૬ આમ બાબત છે, જ્યારે કીડું ચોકખું બને છે, ત્યારે તેઓ કટોરાના તળીએથી ઉપર ઉંચે આવે છે.

૩૫૧૭ જો કે તે (આત્મા) કટોરાના તળીએ માટીની વસ્તુઓ સાથે ભળવાના બદકિસ્મતે કીટની માફક રહે છે (આ પ્રકૃતિની અનુરૂપ નથી.).

૩૫૧૮ તેના અપ્રિય સાથીએ તેની પાંખો અને પિંછાઓ બાંધ્યાં છે, નહિતર, (તે ઉંચો ચડ્યો હોત, કારણ કે) અસલી રીતે તે બહુ ઉંચે ઉડનાર હતો.

૩૫૧૯ જ્યારે તેઓ (ખુદા)એ ઠપકો ઉચ્ચાર્યો, "તમો નીચે ઉતરો" તેઓએ હારૂતની માફક તે માથું શરૂઆતમાં લટકાવ્યું.

૩૫૨૦ હારૂત બહિશ્તના ફિરસ્તાઓમાંનો એક હતો. (દૈવી) ઠપકાના કારણે તે આમ લટકાવાયો હતો.

૩૫૨૧ તે નીચે માથાભેર (લટકાવાયો) હતો કારણ કે તે સરદારમાંથી છેટો રહ્યો હતો અને પોતાને સરદાર બનાવ્યો અને એકલો આગળ વધ્યો.

૩૫૨૨ જ્યારે કરંડિયાએ પોતાને પાણીથી ભરપુર જોયું, તે સ્વતંત્રતાથી વર્ત્યો અને સમુદ્રથી છુટો પડ્યો.

૩૫૨૩ (ત્યારબાદ, જ્યારે) તેના ફેફસામાં એક પાણીનું ટીપું પણ ન રહ્યું ત્યારે સાગરે દયા બતાવી અને તેને પાછો બોલાવ્યો.

૩૫૨૪ (દૈવી) સમુદ્રમાંથી કાંઈપણ કાર્ય વગર દયા અને કાંઇ સેવા વગરનો બદલો આશીર્વાદિત સમયે આવે છે.

૩૫૨૫ ખુદાની ખાતર, ખુદાની ખાતર, સમુદ્ર કિનારે ચક્કરાવો લગાવ્યા કર, જોકે પેલાઓ કે જેઓ સમુદ્રના કિનારે રહે છે, તેમના ચહેરા ફિક્કા છે.

૩૫૨૬ એટલા માટે કે એક આશ્રયદાતા દયા (તારી કને) આપે અને કે તારો ફિક્કો ચહેરો ખુદાઈ મિલનના અત્યાનંદમાં જવાહિર જેવો ખીલી ઉઠે.

૩૫૨૭ ચહેરાની ફિક્કાશ રૂપરંગનો ખાસ પ્રકાર છે કારણ કે તે (ખુદા સાથે) પેલા મિલનની ધારણામાં છે.

૩૫૨૮ પણ એક ચહેરાનું લાલપણું કે જે (ત્યાં) ઝળહળતું દેખાય છે, કારણ કે તેનો (તેના માલિકનો) આત્મા સંતોષાએલો છે.

૩૫૨૯ કારણ કે (માત્ર) આશા તેને પાતળો, ફિક્કો અને કંગાળ બનાવે છે, શારિરીક બિમારીથી તે બિમાર નથી.

૩૫૩૦ ગેલન જેવા એક હકીમની પણ સમજણ ગુંચવાએલી બને છે જ્યારે તે કાંઈપણ બિમારી વગર ચહેરા ફિક્કો જુએ છે.

૩૫૩૧ જ્યારે તમોએ તમારી આશા તેના (ખુદાના) "નૂર" ઉપર સ્થિર કરી છે ત્યારે હ. મુસ્તફા (ર.સ.અ.) (આવા એક સબંધી) કહે છે, "તેની દૈહિક ખુદી નીચે પડી છે."

૩૫૩૨ છાયા વગરનો પ્રકાશ સુંદર અને ભવ્ય છે, રચનામાં પુરી દેવાએલ પેલો (માત્ર) એક ચાળશીની છાયા છે.

૩૫૩૩ 'નૂર' ને શોધવા તનતોડ મહેનત કર, દરવાજો ખખડાવ, જરૂર ખુલશે જ.

૩૫૩૪ (સ્વાદિષ્ટ) રોટલો અને ખોરાકની થાળીઓ રોજ રાખનારાઓ માટે અલગ રાખવામાં આવે છે. ઘોડાની માખી માટે સૂપ અને તપેલા વચ્ચે શું ભેદભાવ હોય?

બાદશાહ (મહમુદ)ની બીજીવાર અયાઝને વિનંતી કરની, કહે, "ઇતબાર ન કરનારી અને બીજા લોકોની ક્ષતિઓની ટીકા ન કરનારથી ઉભી થએલી મુશ્કેલીનો અંત લાવ અને તારી બાબત સમજાવ, કારણ કે તેઓને મુંઝવણમાં છોડી દેવા એ તારી ઉદારતાને યોગ્ય નથી.

૩૫૩૫ આ મુદ્દો હદ અને માપથી પર છે. "હવે, ઓ અયાઝ, તારા દરજ્જાઓનું વર્ણન કર."

૩૫૩૬ તારા દરજ્જાઓ મારી નવીનતામાંથી છે, તું આ (અધમ) દરજ્જાઓથી સંતોષાએલો કેમ બને?

૩૫૩૭ સાંભળ, પેલા ઉત્તમ દરજ્જાઓની વાત કહે, છ (દિશાઓ) અને પાંચ (મુળતત્વો) ના પાઠો અને દરજ્જાઓ ઉપર ધૂળ (હોજો)!"

૩૫૩૮ જોકે આંતરિક દરજ્જો કહેવાવો ન જોઈએ (છતાં) એકાદ બે શબ્દમાં હું તને જાહેરી દરજ્જો કહીશ.

૩૫૩૯ (એટલે કે) પ્રિતમની દયાથી મૃત્યુની કડવાશ આત્માને શેરડી કરતાં પણ વધુ મીઠી બનાવાઈ હતી.

૩૫૪૦ જો શેરડીમાંની ધુળ સમુદ્રમાં દાખલ થાય તો સમુદ્રની તમામ કડવાશ મીઠી બને.

૩૫૪૧ તેવીજ રીતે એક લાખ દરજ્જાઓ ત્યાં આવે અને ઓ વિશ્વાસુ, અદ્રશ્ય પાસે પાછા જાય.

૩૫૪૨ દરેક દિવસની હાલત આગલા દિવસના જેવી નથી. (તેઓ) એક નદીની માફક (પસાર થાય છે) કે જેને તેના રસ્તામાં કાંઈપણ અડચણ નથી.

૩૫૪૩ દરેક દિવસની ખુશી જુદી જાતની છે, દરેક દિવસનો વિચાર એક જુદી જ અસર ઉપજાવે છે.

શારિરીક કાયાની મુસાફરખાના સાથે સરખામણી અને જુદા જુદા મુસાફરોને જુદા જુદા વિચારો, આત્મજ્ઞાની, પેલા આનંદ કે દિલગીરીના વિચારોમાં અનુમતિ આપતો, અતિથિ સત્કારની ભાવનાવાળો પુરૂષ કે જે હ. ઈબ્રાહીમ (ખલિલુલ્લાહની) માફ અજાણ્યાઓ સાથે માયાળુપણે વર્તે છે તેની સાથે સરખામણી, કારણ કે હ. ખલિલુલ્લાહનો દરવાજો પોતાના મહેમાનને માનથી આવકારવા હંમેશાં ખુલ્લો રહેતો હતો, નાસ્તિક અને ઈમાનદાર અને વિશ્વાસુ અને દગલબાજ એક સરખા, અને તેઓ પોતાના મહેમાનને આનંદી ચહેરો બતાવતા.

૩૫૪૪ ઓ યુવાન, આ કાયા મુસાફરખાનું છે, દરેક સવારે એક નવો મહેમાન (તેમાં) દોડતો આવે છે.

૩૫૪૫ ખબરદાર, એમ કહેતો નહિ, "આ (મહેમાન) મારી ગરદન ઉપર પડ્યો છે," કારણ કે તરતમાં તે શુન્યમાં પાછો ઉડી જશે.

૩૫૪૬ હરકોઇ જે અદ્રષ્ય દુનિયામાંથી તારા દિલમાં આવે છે, તારો મહેમાન છે, તેનો મિત્રભાવે આદર સત્કાર કરો!

મહેમાન સંબંધી કહાણી કે જેને ઘરના માલિકની સ્ત્રીએ કહ્યું, "વરસાદ આવી પહોંચ્યો છે, અને આપણો મહેમાન આપણી ગરદન ઉપર પડ્યો છે."

૩૫૪૭ એક મહેમાન અમુક માણસને ત્યાં મોડા સમયે આવ્યો, ઘરધણીએ તેની ઘણીજ આગતા સ્વાગતા કરી.

૩૫૪૮ તે ખોરાકના જળા લાવ્યો અને તેને દરેક શિષ્ટાચાર બતાવ્યો, તે રાત્રીએ ત્યાં તેમના પરગણામાં એક મિજબાની હતી.

૩૫૪૯ માણસે બાનગીમાં પોતાની સ્ત્રીને કહ્યું, કહે, "શેઠાણી, આજરાત્રે બે પધારીઓ પાથરજે.

૩૫૫૦ આપણી પધારી દરવાજે પાથરજે અને મહેમાન માટે બીજી બાજુ પધારી પાથરજે."

૩૫૫૧ સ્ત્રીએ જવાબ આપ્યો, "હું આ સેવા બજાવીશ, (તેમ કરવા) હું ઘણી ખુશી થઇશ. ઓ મારી આંખોના પ્રકાશ, સાભળવું તે તાબે થવાનું છે.

૩૫૫૨ સ્ત્રીએ બન્ને પધારીઓ પાથરી અને (પછી) સુન્નતશાહીની મિજબાનીમાં ચાલી ગઈ અને (ત્યાં) લાંબો સમય રોકાણી.

૩૫૫૩ માનનીય મહેમાન અને તેણીનો ધણી (ઘરમાં રહ્યા), તેઓએ તેની સમક્ષ લીલાં-સુકાં ફળો અને શરાબ રજુ કર્યો.

૩૫૫૪ બન્ને સન્માનીત પુરૂષો (એકબીજાના) ભલાણુરા અનુભવો કહેતા સાથે (અને) મધ્યરાત્રી સુધી વાતો કરતા રહ્યા.

૩૫૫૫ ત્યાર બાદ મહેમાન, નિંદ્રામાં ઝોકા ખાતો અને વાતોથી કંટાળેલો; પેલી પથારીએ ગયો કે જે દરવાજા તરફ સામી બાજુએ હતી.

૩૫૫૬ તેણે શરમાવાની અસરમાં તેને કાંઇ કહ્યું નહિ, અથવા કહે, "મારા વ્હાલા મિત્ર, તમારી પથારી પેલી બાજુએ છે.

૩૫૫૭ ઓ માનવંતા સાહેબ, તમારી સુવા માટેની પથારી મેં પેલી તરફ રખાવી છે."

૩૫૫૮ (તેથી) બંદોબસ્ત કે જે તેણે પોતાની ઘરવાળી સાથે કર્યો હતો તે બદલાતો હતો, અને મહેમાન (ઓરડાની) બીજી બાજુએ લાંબો થયો.

૩૫૫૯ રાત્રી દરમ્યાન તે જગ્યાએ સખત વરસાદ પડવો શરૂ થયો (અને લાંબો સમય ચાલુ રહ્યો) તેઓ વરસાદના વાંદળાંઓની ભયંકરતાથી અનભય થતા હતા.

૩૫૬૦ (જ્યારે) સ્ત્રી (ઘરે) આવી, તેણીએ વિચાર્યું કે તેણીનો ધણી દરવાજા તરફ અને મહેમાન બીજી બાજુએ સૂતા હશે.

૩૫૬૧ સ્ત્રીએ તુર્તજ કપડાં ઉતાર્યા અને નગ્નાવસ્થામાં પથારીમાં પડી અને હેતપુર્વક કેટલીય વાર મહેમાનને ચુંબન કર્યું.

૩૫૬૨ તેણીએ કહ્યું ઓ માનવંતા સાહેબ, મને (આવી) બીક હતી અને હવે તે જ વસ્તુ બની છે, તેજ વસ્તુ બની, તેજ વસ્તુ બની છે.

૩૫૬૩ ગારો અને વરસાદે તારા મહેમાનને (અહીં) અસહાય બનાવ્યો છે, તે તારા ઉપર છટકી ન શકે તેવી રીતે માથે પડ્યો છે.

૩૫૬૪ તે આવા વરસાદ અને ગારામાં કેમ જઈ શકશે? તે તારા માથા અને આત્મા ઉપર કરવેરાની માફક પડ્યો છે.

૩૫૬૫ મહેમાન તુર્તજ કુદી પડ્યો અને કહ્યું, "ઓ સ્ત્રી, રવાના થા! મારી પાસે જોડા છે. મને ગારાની પરવા નથી."

૩૫૬૬ હું રવાના થાઉં છું, તારૂં ભલું થાય! તારો આત્મા એક પળ માટે (પણ) (દુન્યવી) મુસાફરી દરમ્યાન આનંદ ન પામો!

૩૫૬૭ કે જેથી તે પોતાના અસલ મકાને વધુ વહેલો પહોંચે. કારણ કે આ (દુન્યવી) ખુશીઓ (મુસાફરને) તેની મુસાફરીમાં રસ્તો રૂંધે છે.

૩૫૬૮ જ્યારે પ્રખ્યાત પરોણો ઉભો થઈ અને રવાના થઈ ગયો, ત્યારે પેલી સ્ત્રી દિલાસા વગરના શબ્દો બોલવા માટે પશ્ચાતાપ કરતી હતી.

૩૫૬૯ ઘણી એક વાર સ્ત્રીએ અમીરને કહ્યું: "શા માટે ઓ અમીર, મેં જો થોડી રમુજ કરી તો તે અપરાધ તરીકે ગણો નહિ

૩૫૭૦ સ્ત્રીને આજીજી અને આકંદ કાંઇ કામમાં નહિ હતા, તે રવાના થયો અને તેમને દિલગીરીમાં છોડી દીધો.

૩૫૭૧ ત્યાર બાદ ધણી અને સ્ત્રીએ શોકજન્ય વસ્ત્રો પરીધાન કર્યા, તેઓએ તેનું (પ્રકાશિત) રૂપ આત્મા વગરના શરીરની માફક જોયું.

૩૫૭૨ તે પોતાને રસ્તે રાત્રીના અંધકારમાં પેલા માણુસની મીણબતીના પ્રકાશે, જતો હતો. વેરાન પ્રદેશ બહિસ્તની માફક અલગ પડી ગયેા હતેા.

૩૫૭૩ તેણે (ધણીને) આ (વિનાશકારી) ઘટના અંગે પોતાનું ઘર મુસાફરખાનું દિલગીરી અને શરમજનક બનાવ્યું.

૩૫૭૪ સ્ત્રી અને ધણી બન્નેના દિલોમાં એ ગુપ્ત રસ્તે મહેમાનનો આભાસ ચાલુ રીતે કહેતો આવતો હતો,

૩૫૭૫ "હું બિઝરનો દોસ્ત છું, મેં એક સો દાનના બજના તારા ઉપર વેર્યા હોત, પણ તે તમારો મુકરર હિસ્સો ન હતો."

રોજના વિચારો કે જે નવા મહેમાનના દિલમાં આવે છે, જે દિવસની શરૂઆતમાં ઘરમાં ઉતારો કરતાં ઘરના ધણી તરફ તોછડાઇ અને તુંડમિજાજી બને છે. અને તેના તુંડમિજાજો શાંતિથી સહન કરવા અને માયાળુપણે મહેમાન સાથે વર્તણુંકની મહત્વતાને લગતી બાબતોની સરખામણી.

૩૫૭૬ રોજે રોજ, દરેક પળે તમારા દિલમાં એક માનવંત મહેમાનની માફક જુદા જુદા વિચાર આવે છે.

૩૫૭૭ ઓ (વહાલા) આત્મા, વિચારને એક પુરષની માફક નિહાળ, જ્યારે કે (હરેક) (દરેક) પુરૂષ વિચાર અને આત્મામાંથી પોતાની લાયકાત મેળવે છે.

૩૫૭૮ જોકે દિલગીરીનો વિચાર આનંદને ઉઠાડે છે તેમ (છતાં) તે આનંદ માટે તૈયારી કરે છે.

૩૫૭૯ તે બળપુર્વક તારૂં ઘર બીજા બધાથી વાળીઝુડી સાફ કરે છે, એટલા માટે કે ભલાઇના રસ્તે નવેા આનંદ તેમાં દાખલ થાય.

૩૫૮૦ તે દિલમાંની ડાળીમાંથી પીળાં પાંદડાં વેરે છે, એટલા માટે કે અતુટપણે લીલા પાન ઉગે.

૩૫૮૧ તે જુના આનંદને ઉખેડી નાખે છે એટલા માટે કે નવી ખુશીયાલી સુંદર સ્થાનેથી તેમાં પગલાં પાડે.

૩૫૮૨ દિલગીરી વાંકા પડી ગએલ (મુળીયા) ઉખેડે છે. એટલા માટે તે મુળ કે જે દ્રષ્ટિમાંથી પડદે છે તેને જાહેર કરે.

૩૫૮૩ જે પણ ચીજો દિલગીરી ઉત્પન્ન કરી દિલમાં વહેતી બને અથવા (તેમાંથી) ઉઠાવી જાય, અનિવાર્યપણે તે બદલામાં વધુ સારી આણશે.

૩૫૮૪ ખાસ કરીને તેને માટે કે જે ખાત્રીપુર્વક જાણે છે કે દિલગીરી અંતર્જ્ઞાનથી અનુભવેલ ચોક્કસતા ધરાવતો નોકર છે

૩૫૮૫ સિવાય કે વાદળાં અને વિજળી ચહેરાનું બતાવે નહિ ત્યાં સુધી શરાબો સૂર્યના (તાપોથી) બળેલા બનશે.

૩૫૮૬ ભલું અને બુરું ભાગ્ય તારા દિલમાં મહેમાનો બને છે, ગ્રહની માફક તેઓ ઘરે જાય છે

૩૫૮૭ જે સમયે તે તમારા મકાનમાં રહે છે, તું તેને સ્વીકારી લે. તેના ઉદયમાનની માફક તેને અનુસરતો બની જા.

૩૫૮૮ કે, જેથી તે જ્યારે ફરીવાર ચંદ્રમાને જોડે ત્યારે તે દિલના માલિક પાસે તારા માટે કૃતજ્ઞતાપુર્વક બોલશે.

૩૫૮૯ હ. યાકુબ (અ. સ.) (ખુદાથી) ખુશી અને ધીરજવાન (હતા), સાત વર્ષોના મહા સંતાપમાં ખુદાના મહેમાન તરફ માયાળુપણું બતાવ્યું.

૩૫૯૦ અંતે કે જ્યારે કઠોળ કિસ્મતી સંતાપ (ખુદાઈ રસ્તે) પાછું વળ્યું ત્યારે તેમણે એક સો રીતે ખુદાની હજુરમાં આભાર પ્રદર્શિત કર્યો.

૩૫૯૧ કહે, (તારા) પ્રેમ અંગે હ. અય્યુબ (અ. સ.) એ એક પળ માટે પણ કદી મારા તરફ કડવાશથી જોયું ન હતું, જેનું મારણ પ્રેમ છે.

૩૫૯૨ ખુદાઈ જ્ઞાન સમક્ષ પોતાની વફાદારી અને શરમ અંગે, તેઓ (હ. અય્યુબ અ. સ.) સંતાપ તરફની (તેની વર્તણુંકમાં) દુધ અને મધની માફક હતા.

૩૫૯૩ (જ્યારે જ્યારે) દિલગીરીનો વિચાર તારા દિલમાં નવો આવે ત્યારે હસતો હસતો તેને મળવા જજે.

૩૫૯૪ કહેજે, ઓ મારા પેદા કરનાર, તેની બરાબીમાંથી મને બચાવજે, મને વંચિત કરતો નહિ (પણ) તેની ભલાઈમાં મને ભાગ લેવા દેજે.

૩૫૯૫ ઓ મારા માલિક, આભાર માનવાની મને યાદી આપ્યા કર કે જે હું (જોઉં) તે મેળવું. પાછળની કોઇ દિલગીરી અનુભવવા દેતો નહિ, ભલે તે (મેળવેલો લાભ) ચાલ્યો ગયો હોય.

૩૫૯૬ કડવા લાગતા વિચારને ધ્યાનપુર્વક નિહાળ, નિહાળ કે કડવો સાકર જેવો મીઠો બને.

૩૫૯૭ જો વાદળાંને દેખીતી રીતે એક ભયંકર ચહેરો (દેખાવ) છે તેમ (છતાં) વાદળું ગુલાબનો બગીચો આણનારૂં અને બારી જમીનનો નાશ કરનારૂં છે.

૩૫૯૮ જાણ કે દિલગીરીનો વિચાર વાદળાં માફક છે, કડવા તરફ આવી કડવાશથી જોતો નહિ.

૩૫૯૯ એવું બને કે (તારી ઈચ્છાનું) મોતી તેના હાથમાં હોય, પ્રયત્ન કર કે તે તારી પાસેથી ઘણી રાજીખુશીથી રવાના થાય.

૩૬૦૦ અને જો મોતી (તેના હાથમાં ન હોય) અને તે કિંમતી ન હોય, (છતાં) તું તારી ઉમદા ટેવથી તેને મજબુત કરીશ.

૩૬૦૧ તારી ટેવ તને બીજા પ્રસંગે ફાયદો પહોંચાડશે, કોઈક દિવસે તારી જરૂરીયાત ઓચીંતા પુરી થઇ જશે.

૩૬૦૨ વિચાર કે જે તને આનંદમાંથી રોકે છે, પેદા કરનારના ભલા ઇરાદાઓ અને હુકમથી આવે છે.

૩૬૦૩ ઓ યુવાન, તેને નિર્ભાગ્ય કહેતો નહિ, કદાચ તે શુભ ગ્રહ હોય અને બાદશાહી કિસ્મતથી વિભૂષિત હોય.

૩૬૦૪ તે શાખા છે તેમ કહેતો નહિ, તેને મુળ તરીકે સમજજે, એટલા માટે કે તું તારી ઇચ્છીત વસ્તુનો હંમેશાં ધણી બને.

૩૬૦૫ કારણ કે જો તું (માત્ર) તેને એક શાખા તરીકે અને વિઘાતક સમજીશ તો તારી આંખ મુળ જોવાની રાહ જોતી બની જશે.

૩૬૦૬ જોવા માટે રાહ જોવી એ રૂહાનીયત સ્વાદ માટે ઝેર છે, તે રીતે તો તું નિરંતર મૃત્યુમાં પડયો રહીશ.

૩૬૦૭ તેને મુળ તરીકે નિહાળ, તેને તારી છાતીએ લગાવ, અને રાહ જોવાના મૃત્યુમાંથી હંમેશ માટે મુક્ત બની જા.

સુલતાન (મહમુદ) નો અયાઝ તરફ સદ્‌ભાવ બતાવવો.

૩૬૦૮ "ઓ અયાઝ, તારાં સમસ્ત કાર્ય ઈમાનદારી અને નમ્રતાથી ભરપુર છે, તારી ઈમાનદારી સાગર અને પહાડ કરતાં વધુ શક્તિશાળી છે.

૩૬૦૯ તારા માટે વાસનાના સમયે લથડીયાં નથી, કે જેથી તારી સમજણ કે જે પર્વતને મળતી છે તે એક તણખલાની માફક અહિંતહિં જાય.

૩૬૧૦ ગુસ્સો અને વેરની વેળાએ લાંબો વખત સહન કરવાની તારી શક્તિ મજબુત અને ચોક્કસાઇની પકડમાં નિષ્ફળ જતી નથી.

૩૬૧૧ તમને ખબર છે તેમ ખરો મર્દ તો તે છે, નહિ કે રૂપ અને દાઢી.

૩૬૧૨ કુરાનમાં ખુદાએ માણસો તરીકે કોને બોલાવ્યા છે ? આ કાયા માટે ત્યાં જગ્યા કેમ હોય ?

૩૬૧૩ જનાવરી આત્માને શું કિંમત છે ? ઓ (મારા) બાપ, હવે ચાલ્યો આવ, કસાઇઓની બજારમાંથી પસાર થઈ જા.

૩૬૧૪ (અને તમે જોશો) એક લાખ ઘેટાંનાં માથાં જહરો ઉપર પડેલાં છે કે જેનાં (માથાની) કિંમત પુંછડી અને પુંછડીની ચરબી કરતાં ઓછી છે.

૩૬૧૫ તમારાથી જ્યાં સુધી બની શકે ત્યાં સુધી વાસનાના ગુલામ ન બનો, શહેવતના અંગે રૂહને ગીરવી ન રાખતા.

તેણીના ધણીથી રખેને બચ્ચાવાળી બને તે માટે એક પિતાનો પોતાની પુત્રીને કાળજી રાખવાનો આદેશ આપવો!

૩૬૧૬ એક શેઠ હતો કે જેને દેવીના ગાલોવાળી અને ચંદ્રમા સરખા ચહેરાવાળી અને રૂપા જેવી છાતીવાળી દીકરી હતી.

૩૬૧૭ (જ્યારે) તેણી સંપૂર્ણ યુવાવસ્થાએ પહોંચી, ત્યારે તેણે પોતાની પુત્રીને એક ધણીને આપી (સામાજીક) સરખામણીમાં ધણી તેણીને યોગ્ય ન હતો.

૩૬૧૮ જ્યારે એક તરબુચ પાકે છે તે પાણીમય બને છે અને સિવાય તમે તેને કાપો નહિ તો નકામું અને બગાડ બને છે.

૩૬૧૯ જ્યારે તે જરૂરીયાતની (એક બાબત) હતી, તેણે પોતાની પુત્રીને બરાબીની બીકમાં એક કે જે (સામાજીક રીતે) તેણીની બરોબરીઓ ન હતો તેને આપી.

૩૬૨૦ તેણે પોતાની પુત્રીને કહ્યું, "આ નવા ઘરથી સાવચેત રહેજે, બચ્ચાવાળી બનતી નહિ.

૩૬૨૧ કારણ કે આ ભીખારી સાથે તારા વિવાહ જરૂરીયાત અંગે કરવામાં આવેલ છે.

૩૬૨૨ ઓચિંતાના તે તારા ઉપર ઠેકી પડશે અને બધું પાછળ છોડી દેશે. તેનું બચ્ચું તારા હાથમાં ખોટા તરીકે રહી જશે.

૩૬૨૩ પુત્રીએ જવાબ આપ્યો, "ઓ પિતા, હું (તમારી) સેવા કરીશ, તમારી સલાહ (મને) સ્વીકાર્ય અને કિંમતી છે."

૩૬૨૪ દરેક બે ત્રણ દિવસે પિતા પોતાની પુત્રીને સાવચેતીનાં પગલાં લેવા સલાહ આપ્યા કરતો.

૩૬૨૫ (તેમ છતાં પણ) તેણી ઓચિંતાની (પોતાના ધણીથી) બચ્ચાવાળી બની. બીજું શું બને (જ્યારે કે) ધણી અને સ્ત્રી બન્ને યુવાન હોય?

૩૬૨૬ તેણીએ બચ્ચાને (પોતાના બચ્ચાંને) છુપું રાખ્યું ત્યાં સુધી બચ્ચું પાંચ છ મહીનાનું થયું.

૩૬૨૭ (પછી) શોધ થઈ. તેણીના બાપે પૂછ્યું, "આ શું છે? તેનાથી દુર રહેવા માટે શું મેં તને કહ્યું ન હતું?"

૩૬૨૮ નિશંક મારી આ સૂચનાઓ શું માત્ર અવાજ જ હતા? મારી ભલામણ અને ચેતવણીઓ તને કોઇ ઉપયોગી ન બની?'

૩૬૨૯ તેણીએ કહ્યું, 'પિતા, હું કેમ ચોકી કરું? કાંઈ પણ શંકા વગર સ્ત્રી અને પુરૂષ આગ અને કપાસ જેવા છે.

૩૬૩૦ કપાસને અગ્નિથી સાવચેતીનાં કયાં સાધનો છે? અથવા અગ્નિમાં કાંઇ પણ તકેદારી અને કાળજી કયારે રાખી શકાય?'

૩૬૩૧ તેણે જવાબ આપ્યો, 'મેં કહ્યું, ન હતું કે તેની સાથે 'હમબિસ્તર' ન થવું, બલકે એમ કહ્યું હતું કે તેની માંગણી કબુલ કરતી નહિ.

૩૬૩૨ જુસ્સાની હાલત વખતે તારી ફરજ હતી કે તું પોતાને તેનાથી જુદી કરી લેત.'

૩૬૩૩ તેણીએ કહ્યું, ' મને શું ખબર કે ગુસ્સો કયારે આવે છે ? (કારણ કે) તે તેના મન ઉપર આધાર રાખે છે.'

૩૬૩૪ તેણે જવાબ આપ્યો, ' જ્યારે તેની આંખ બીજું જોતી થઇ જાય ત્યારે સમજવું કે ગુસ્સાનો સમય છે.'

૩૬૩૫ તેણીએ કહ્યું, ' આંખ બીજું જોતી થઈ જાય ત્યાં સુધીમાં તો મારા શોખે મારી આંખો આંધળી બનાવી હતી.'

૩૬૩૬ દરેક વંઠી ગએલ સમજણ, ઇચ્છા અને ગુસ્સો અને આક્રમણના સમયે સ્થિર રહેવા પામતી નથી.

સુફીની ભીરૂતા અને નબળાઈનું વર્ણન કે જે છાંયામાં મોટો થયો હતો અને પોતા સાથે કદી મથામણ કરી ન હતી અથવા (દૈવી) પ્રેમના માનસિક દાઝ અને દુઃખનો અનુભવ કર્યો ન હતો અને અધમોના હાથ ચુમવા અને માન પામવામાં પ્રવૃત્ત હતો અને તેના તરફ તેઓનું અનિમેષ નજરે નિરખવું અને પોતાની આંગળીઓ તેના તરફ બતાવવી અને કહ્યા કરવું, ' તે આજે દુનિયામાં (સૌથી વધારે પ્રખ્યાત) સુફી છે, અને વૃથા કલ્પનાઓથી બિમાર બનાવાયો હતો. (પેલા) શિક્ષકની માફક કે જેને બચ્ચાંઓએ કહ્યું હતું કે તે બિમાર હતો. એક (ફહાની) લડવૈયા હોવાના વધુ પડતા પોતાના અભિપ્રાયમાં અને આ (ફહાનીયત) રસ્તામાં એક શુરવીર તરીકે પોતાને સમજી, તે નાસ્તિકો વિરૂદ્ધની લડાઈમાં લડતા સિપાઈઓ સાથે લડવા જાય છે. તે કહે છે, ' હું મારી બહાદુરી જાહેર રીતે પણ બતાવીશ....જિહાદે અકબર'માં મારા અનુરૂપ કોઈ નથી તો પછી નાની લડાઈમાં હાજર રહેવામાં કઇ મુશ્કેલી છે ? ' તેણે એક સિંહનો આભાસ જોયો છે અને (કલ્પનાતીત) બહાદુરીની સુડીઓ ઉગામી છે અને પોતાની બહાદુરીમાં નશાબાજ બન્યો છે. અને સિંહને શોધવા જંગલમાં નીકળી પડયો છે (પણ) સિંહ મુંગી વાણીથી કહે છે, નહિ, તું જાણવા પામીશ, અને ફરીવાર કહે છે, નહિ. તું જાણવા પામીશ જ.

૩૬૩૭ એક સુફી લશ્કર સાથે નાસ્તિકો સામે લડવા ગયો, ઓચીંતાના લડાઈનો અવાજ ખણાટ અને ઘોંઘાટ સંભળાયો.

૩૬૩૮ સરસામાન અને તંબુઓ અને બિમારોની સાથે પાછળ રહે (જ્યારે) ઘોડેસ્વારે લડાઈની હારમાં હંકારી ગયા.

૩૬૩૯ જમીન સાથે બંધાએલા તંબુઓ પોતાની જગ્યામાં પડયા રહે. (જ્યારે) કુચ્ચ પ્રથમ સ્થાનવાળા સવાર થયા.

૩૬૪૦ સંઘર્ષ બાદ, તેઓ વિજયવંતા પાછા ફર્યા, તેઓ લુંટેલો માલ લાદીને અને નફો મેળવીને પાછા ફર્યા.

૩૬૪૧ તેઓએ તેને (લડાઈના મેદાનમાંથી મળેલ) ભેટ આપી, કહે, 'ઓ સુફી, તમો પણ' (પણ) તે તેણે તંબુ બહાર ફગાવી દીધી અને કાંઈ લીધું નહિ.

૩૬૪૨ પછી તેઓએ તેને પૂછયું, 'તમો શા માટે ગુસ્સે છો?' તેણે જવાબ આપ્યો, 'મને લડવામાં ભાગ લેવાથી વંચિત કરાયો છે.'

૩૬૪૩ સુફી પેલા માયાળુ કાર્યથી ખુશી થયો ન હતો, કારણ કે પવિત્ર લડાઈમાં તેણે તલવાર ખેંચી ન હતી.

૩૬૪૪ તેથી તેઓએ તેને કહ્યું, 'અમો અહીં કેદીઓ લાવ્યા છીએ, તું એકાદને મારી નાખવા પકડી લે.

૩૬૪૫ તેનું માથું કાપી નાખો, એટલા માટે કે તમો પણ એક પવિત્ર લડવૈયા બનો.' (આપી) સુફી થોડા ખુશી અને ઉત્સાહી બન્યો.

૩૬૪૬ કારણ જો કે નિયમિત વજુના પાણીમાં એક સો ઉત્તમત્તાઓ છે (છતાં) જ્યારે મેળવી શકાતું નથી ત્યારે એકે ધુળનો ઉપયોગ કરવો જોઇએ.

૩૬૪૭ સુફી હાથપગ બાંધેલા કેદીને તંબુની પાછળ દોરી ગયો, એટલા માટે કે પવિત્ર લડાઈ ચલાવે.

૩૬૪૮ સુફી કેદી સાથે લાંબો વખત રહ્યો, (લશ્કરીઓના) સમુહે કહ્યું, 'દરવીશ ત્યાં લાંબો સમય રહે છે.'

૩૬૪૯ એક નાસ્તિક કે જેના બન્ને હાથો બાંધેલા છે (ખરેખર), તેને કતલ કરવામાં આટલી બધી ઢીલનું કારણ શું?

૩૬૫૦ તેમનામાંનો એક તેની તપાસ કરવા પાછળ ગયો. પેલો નાસ્તિક તેના (સુફીના) ઉપર તેને માલમ પડયો.

૩૬૫૧ પેલો કેદી માદા ઉપર નરની માફક પડેલો હતો અને દરવેશની ઉપર સિંહ માફક સવાર હતો.

૩૬૫૨ પોતાના હાથથી બંધાએલો, તે સુફીનું ગળું જક્કીપણાથી ઝગડામાં ઘુંટતો હતો.

૩૬૫૩ નાસ્તિક તેનું ગળું પોતાના દાંતોથી કોતરી ખાતો હતો, સુફી નીચે બેભાન પડયો હતો.

૩૬૫૪ બંધાએલો નાસ્તિક, એક બિલાડી જેવા ઝનુનીએ તેના ગળાને ભાલા વગર ઘાયલ કર્યું હતું.

૩૬૫૫ કેદીએ પોતાના દાંતોથી તેને અર્ધો મારી નાખ્યો હતો. તેના ગળામાંના લોહીમાં દરવીશની દાઢી તરબોળ થઇ હતી.

૩૬૫૬ (આ) તમારી માફક છે, કે જે તમારા બંધાએલા નફસે અમ્મારા (દુષ્ટ મન) બેભાન જેવો અને પેલા સુફીની માફક તાબેદાર બન્યો છે.

૩૬૫૭ ઓ તમો કે જેનો દીન બેકાદ ટેકરો ચડવા અશક્ત છે, તમારી આગળ એક લાખ પર્વતો છે.

૩૬૫૮ આ નાના કદની ઉંચી ધારની બીકમાં તમે મરેલા છો, તમો એક પર્વત જેવી (મોટી) સીધી કરાડ કેમ ચડી શકશો ?

૩૬૫૯ લડવૈયાઓ, એક મુસ્લિમને આવી હલકાઇમાં જોતાં (દોડયા), તે જ પળે નાસ્તિકને કઠોરતાપૂર્વક તલવારથી પૂરો કર્યો.

૩૬૬૦ તેઓએ સુફીના ચહેરા ઉપર પાણી અને ગુલાબજળ છાંટયું, કે જેથી પોતાના ભાનમાં આવે.

૩૬૬૧ જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે તેણે (લશ્કરીઓનો) સમુહ જોયો, અને તેઓએ તેને આમ કેમ બન્યું તે વિષે પૂછયું.

૩૬૬૨ (કહે) "ખુદા ! ખુદા ! ઓ પૂજનીય, શું બાબત છે ? કઈ ચીજથી તમો આટલા બધા બેભાન બન્યા ?

૩૬૬૩ આવી અધમ હાલતે અને બેભાન અવસ્થામાં પડવાનું કારણ શું ? પેલો અર્ધ મરેલો બંધનમાં બંધાએલો નાસ્તિક હતો ?"

૩૬૬૩ તેણે જવાબ આપ્યો, "જ્યારે ગુસ્સામાં મેં તેનું માથું કાપી નાખવા પ્રયાસ કર્યો ત્યારે પેલા આદમીએ મારા તરફ અનોખી રીતે જોયું.

૩૬૬૫ તેણે પોતાની પહોળી આંખો મારા તરફ ઉઘાડી, તેણે તેની આંખો ફેરવવા માંડી અને સૂધબૂધ મારી કાયામાંથી રજા લીધી.

૩૬૬૬ તેની ફરતી આંખો મને એક લશ્કર જેવી દેખાણી, તે કેવી ભયંકર હતી તેનું હું વર્ણન નથી કરી શકતો.

૩૬૬૭ મને વાર્તા ટૂંકી કરવા દે, પેલી આંખોની (ભયંકરતા) અંગે હું મારાથી બેભાન બન્યો અને જમીન ઉપર પડયો."

(ઇસ્લામના) શુરવીરોએ તેને સલાહ આપી, કહે "જ્યારે કે તમને આટલું બધું દુઃખ દીલ અને (હિંમત) હતી કે તમોને એક કેદી અને બંધાએલા નાસ્તિકની હરફરે બેહોશ બનાવાયા છો, કે જેથી અંજર તમારા હાથમાંથી પડી જાય છે, ધ્યાન રાખજો, ધ્યાન રાખજો, સુફીના મઠની રાંધણી પકડી રાખજો અને લડાઈમાં જતા નહિ. રબને તમો સામાન્ય જનતાની નામોશી બનો.

૩૬૬૮ (લશ્કરીઓના) સમુહે તેને કહ્યું, "આવા એક મોટા પેટ સાથે, લડાઇ અને સંઘર્ષના (મેદાનમાં) જતા નહિ.

૩૬૬૯ જ્યારે કે તમો ડુબ્યા હતા અને તમારૂં જણજ પેલા બંધાએલા કેદીની આંખથી ભાંગ્યું હતું.

૩૬૭૦ તો પછી, ઝનુની સિંહો (શુરવીરના) ધસારા વચ્ચે, કે જેની તલવારોને (એક દુશ્મનનું) માથું દડા માફક છે.

૩૬૭૧ ત્યાં તમો લોહીમાં કેમ તરી શકો, જ્યારે કે તમો (બહાદુર) માણસોની લડાઇથી માહિતગાર નથી ?

૩૬૭૨ (લડાઈના મેદાનમાં) ગરદનો ઉપર પડતી તલવારોના ખણુખણાટની કપડાંની સાફસફાઇમાં ધોકાના નજીવા અવાજ સાથે સરખામણી કરતા નહિ.

૩૬૭૩ કેટલીય ધડ વગરની કાયાઓ કંપે છે, કેટલાંય કાયા વગરનાં માથાં પરપોટાની માફક લોહીમાં (તરતાં) તમો (જોશો).

૩૬૭૪ લડાઇમાં મોત સામે બાથ ભીડતા સેંકડો શુરવીરો, મૃત્યુના સમુદ્રમાં ઘોડાઓના પગ નીચે પડયા હોય છે.

૩૬૭૫ આના જેવી તારી સમજણો કે જે એક (ઉંદરની) બીકમાં નાશી જાય છે, પેલી લડાઇની હરોળમાં તલવાર ખેંચશે ?

૩૬૭૬ તે લડાઇ છે, ઘઉંનો સેરવો પીવો નથી, કે તું તારી ચાળ તેને પીઇ જવા જવા ઉંચી કરે.

૩૬૭૭ તે ઘઉંનો સેરવો પીવા જેવો નથી, અહીં (લડાઈના મેદાનમાં) આંખ તલવાર છે, આ લડાઇની હારમાં એક લોહા જેવા 'હમ્મા'ની જરૂર છે.

૩૬૭૮ કોઈ નબળા દિલનું કામ લડવાનું નથી કે જે એક પ્રેતની માફક ભૂત પાસેથી ભાગી જાય છે

૩૬૭૯ તે 'તર્કસ'નું કામ છે, નહિ કે (સ્ત્રી જેવા) તરકા, ચાલ્યો જા, તરકા માટેની જગ્યા ઘર છે, ઘેર જા, ઘેર !

ઇયાદીની (ર.અ.)ની કહાણી. નાસ્તિકો સામે સિતેર લડાઇમાં ભાગ લીધો હતો, અને તે પોતાની ખુલ્લી છાતીએ (બખ્તર વગર) હમેશાં લડયા હતા. એવી આશામાં કે તેઓ શહિદ બને, અને તેની નાઉમેદીમાં, તેઓ 'જીહાદે અસગર'માંથી 'જિહાદે અકબર'માં ફર્યા, અને (દીની) એકાંતવાસનો વ્યવહાર સ્વીકાર્યો, અને તેઓએ ઓચિંતાના પવિત્ર લડવૈયાઓના નગારાનો અનાજ સાંભળ્યો, અને પોતાનામાંના દુષ્ટ મને પવિત્ર લડાઇમાં જવા દાકલુદી ભરી માંગણી કરી, અને તેઓને આવી ઇચ્છા થવામાં પોતાના દુષ્ટ મનના ઇરાદાની શંકા ગઈ.

૩૬૮૦ ઇયાદી (ર.અ.) એ કહ્યું, કે નેવું વખત હથીઆર વગર (લડાઇમાં) આવ્યો કે મનવા જોગ છે કે (દૈહિક રીતે) હું ઘાયલ થાઉં.

૩૬૮૧ હું તીરોને ભેટવા હથીઆર વગર ગયો, એટલા માટે કે હું (કાતિલ) તીરના ઝખમો મેળવું.

૩૬૮૨ એક નશીબદાર શહિદ સિવાય ગળામાં અથવા બીજા મર્મ અવયવોમાં એકાદ તીરનો (ખુશી કરતો) ઝખમ કોઈ મેળવે નહિ.

૩૬૮૩ મારા શરીરમાં ઝખમો સિવાયની કોઇ જગ્યા બાલો નથી, મારી આ કાયા તીરોથી (વિંધાએલી) એક ચાળણી માફક બની છે.

૩૬૮૪ પણ તીરોએ મર્મસ્થાનને કદી પણ ભેદેલ નથી. આ એક સદ્‌કિસ્મતની બાબત છે, બહાદુરીની કે આવડતની નહિ.

૩૬૮૫ જ્યારે (મેં જોયું કે) શહીદપણું મારા આત્માનો હિસ્સો નથી. ત્યારે હું તુર્તજ (દીની) એકાંત વાસમાં ગયો અને ચાલીસ દિવસના રોજા (શરૂ કર્યા)

૩૬૮૬ મેં મારી કાયાને નિહાદે અકબર'માં ફગાવી (કે જે) આત્મ સંયમ અને દુર્બળ બનવામાં (સમાએલ છે).

૩૬૮૭ (એક દિવસે) મારા કાને પવિત્ર લડવૈયાઓના નગારાનો અવાજ પડયો, તનતોડ મહેનત કરતું લશ્કર કુચ કરતું હતું.

૩૬૮૮ મારા દુષ્ટ મને અંદરથી મારા તરફ ઘુમ પાડી, સવારમાં મેં તેનો અવાજ મારા ભાવાત્મક કાનથી સાંભળ્યો.

૩૬૮૯ (કહે), ઉઠ ! અત્યારે લડવાનો વખત છે, જાઓ પવિત્ર લડાઈમાં લડવામાં પોતાને અર્પણ કર.

૩૬૯૦ ઓ મારા આત્મા ! સત્ય કહે, આ એક ઢોંગ છે. નહિતર (શા માટે તારે લડવું છે) ? વાસનામય આત્મા (દૈવી હુકમ તરફ) તાબેદારીથી વંચિત છે.

૩૬૯૧ મેં જવાબ આપ્યો, ઓ દુષ્ટ બેઈમાન આત્મા, લડાઈની ઇચ્છા કરવાની તારે કઈ જરૂર છે ?

૩૬૯૨ સિવાય કે તું સત્ય કહે, નહિતર હું તને ફટકારીશ, અગાઉ ભૂખે મારવા કરતાં વધુ યાચનાથી તને હું મોટા પીડા આપીશ.

૩૬૯૩ આથી મારો આત્મા, મારી અંદરથી કપટપણામાં મુખ વગર છટાદાર રીતે બોલી ઉઠયો.

૩૬૯૪ 'અહીં તું મને રોજ મારી નાખે છે. તું નાસ્તિકોના આત્માઓની માફક મારા અપૂર્વ આત્માને (રીબાવવાના યંત્ર) ઉપર મુકે છે.

૩૬૯૫ કોઇપણ મારી હાલતથી માહિતગાર નથી (કે) તું મને ખોરાક અને ઉંઘ વગર (રાખીને) મારી નાખે છે.

૩૬૯૬ હું લડાઇમાં એક જ ઝાટકે મારી કાયામાંથી નાશી જાઉં, અને લોકો મારી કુરબાની અને મરદાઇભરી હિંમત જુએ ?

૩૬૯૭ મેં જવાબ આપ્યો, ઓ કંગાળ આત્મા, તુ ઢોંગી જીવન જીવ્યો છો, અને તું ઢોંગમાં જ મરીશ, તું કેવી (દયાજનક વસ્તુ) છો !

૩૬૯૮ તું બન્ને દુનિયામાં એક ઢોંગી બન્યો છો, બન્ને દુનિયામાં તું એક આવો કિંમત વગરનો સજીવ પ્રાણી છો.

૩૬૯૯ મેં કસમ ખાધા કે હું એકાંતવાસમાંથી મારૂં માથું કદી બહાર કાઢીશ નહિ, જ્યાં સુધી આ કાયાને જીવતી જોઈશ ત્યાં સુધી.

૩૭૦૦ કારણ કે એકાંતવાસમાં આ કાયા જે પણ કાંઈ કરે છે તે તે સ્ત્રી કે પુરૂષને અનુલક્ષી કરતી નથી.

૩૭૦૧ એકાંતવાસ દરમ્યાન તેની હિલચાલનું બધું ધ્યાન અને આરામ માત્ર ખુદાની ખાતર જ છે.

૩૭૦૨ આ 'જિહાદે અકબર' છે અને તે (બીજી) 'જિહાદે અસગર' છે. બન્ને રૂસ્તમ અને હયદર (હ. મૌલા મુર્તુઝાઅલી અ.સ.) જેવા મર્દો માટે યોગ્ય છે."

૩૭૦૩ તેઓ પેલા એક જેવા માટે યોગ્ય નથી કે જેની સમજણ અને સૂઝો જ્યારે એક ઉંદરની પુછડી ચાલે છે ત્યારે તેની કાયામાંથી ઉડી જાય છે.

૩૭૦૪ આવા એકે સ્ત્રીઓની માફક લડાઈના મેદાન-ભાલાઓથી દુર રહેવું જોઈએ.

૩૭૦૫ પેલો એક સુફી અને આ એક (પણ) સુફી! અહીં કેવી દયા આવે છે! પેલો એક, એક સોઈથી મરેલો છે, જ્યારે આ એકની ખોરાકજ તલવાર છે.

૩૭૦૬ તે (ખોટો સુફી) એ માત્ર સુફીનું આકૃતી (માત્ર) છે. તે આત્મા (જીવન) નથી. તે મુજબ આના જેવા સુફીઓમાંથી સાચા સુફીઓનું નામ પણ બગડે છે.

૩૭૦૭ કાયાના દરવાજા અને દિવાલ ઉપર માટીથી આકાર બનેલો, પોતાની અદેખાઈમાં, ખુદાએ (આ જાતના) એક સો સુફીઓની આકૃતિ આલેખી છે.

૩૭૦૮ અંતે કે જાદુના નિમિત્તે પેલી આકૃતિઓ હાલેચાલે અને પેલું હ. મુસા (અ.સ.)નું દોરડું ગુપ્ત બને.

૩૭૦૯ દોરડાની સત્યતા પેલી આકૃતિઓને ગળી જાય છે (પણ) ફિરઔનના જેવી આંખ ધૂળ અને કાંકરીથી ભરાએલ છે (અને જોઈ શકતી નથી.)

૩૭૧૦ બીજો સુફી લડવાના ઇરાદાએ લડાઈની હરોળમાં વીસ વખત દાખલ થયો.

૩૭૧૧ જ્યારે તેઓએ નાસ્તિકો ઉપર હુમલો કર્યો ત્યારે મુસ્લિમોની સાથે પીછેહટમાં મુસ્લિમો સાથે પાછળ હટયો નહિ.

૩૭૧૨ તે ઘાયલ થયો, પણ તેણે ઝખમો ઉપર પાટા બાંધ્યા કે જે તેને થયા હતા, અને એકવાર વધુ સંઘર્ષ અને ફટકારવા આગળ વધ્યો.

૩૭૧૩ એટલા માટે કે તેની કાયા એકાદ ફટકાથી સસ્તામાં મરે નહિ અને કે લડાઈમાં તે વીસ ફટકાઓ શહન કરે.

૩૭૧૪ તે તેને માટે મહા દુઃખ હતું કે તે પોતાનો આત્મા એકજ ફટકાએ આવી વચે અને કે પોતાનો આત્મા પોતાના મનોબળના હાથમાંથી સહેલાઈથી નાશી જાય.

Missing Page 259

Missing Page 260

૩૭૪૨ (આખા) એક અઠવાડીયા સુધી સખત લડાઈમાં તેણે આવી કત્લેઆમ કરી. પથરના મિનારાઓ મીણ જેવા નરમ બન્યા.

૩૭૪૩ મોસલના રાજાએ આ ભંયકર સંઘર્ષ જોયું, પછી (આખરે) તેણે શહેરમાંથી (કેપ્ટન) ની પાસે દૂત મોકલ્યો.

૩૭૪૪ કહેવા સાચા ઇમાનદારોનું લોહી વહેવડાવી તું શું (મેળવવા) માગે છે? તેઓ આ ભયંકર લડાઇમાં મરી રહ્યા છે.

૩૭૪૫ જો તારો હેતુ મોસલ શહેરનો કબજો મેળવનારો હોય તો, અત્યારે જો, આના જેવું વધુ લોહી રેડયા વગર તે મેળવાએલ છે.

૩૭૪૬ હું શહેરથી બહાર આવ્યો જઇશ, અહીં તે તારા માટે છે. અંદર દાખલ થા, રહેને દમન કરાએલાઓનું લોહી તને પકડે (અને વેરની વસુલાત માગે).

૩૭૪૭ અને જો તમારો હેતુ માલમિલ્કત અને સોનું અને ઝવાહિરો છે તો શહેરનો કબજો લેવા કરતાં તે વધુ સહેલું છે.

મોસલના માલિકનું છોકરીને અલીફને સોંપી દેવી એટલા માટે કે મુસ્લિમો લોહી વધુનું ન વહેવડાવાય.

૩૭૪૮ જ્યારે દુત કેપ્ટન પાસે આવ્યો, તેણે (કેપ્ટને) તેને કાગળ કે જેના ઉપર (પેલી છોકરીની) પ્રતિમા ચીતરેલ હતી તે આપ્યો.

૩૭૪૯ (કહે), કાગળ તરફ જો, આની મને જરૂર છે, સાંભળ, તેણીને સોંપી દો, નહિતર (હું તેણીનો કબજો દબાણથી લઈશ, કારણકે) હું વિજેતા છું,

૩૭૫૦ દુતના પાછા ફરતાં પેલા ભલા બાદશાહે કહ્યું. "(માત્ર) રૂપ ઉપર ધ્યાન ન આપો, તુર્તજ તેણીને દેરી જાવ."

૩૭૫૧ 'સત્ય પંથ'ના ઝમાનામાં હું એક મૂર્તિપૂજક નથી. તે વધુ યોગ્ય છે તે મૂર્તિ મૂર્તિપૂજકના હાથોમાં હોજો.

૩૭૫૨ જ્યારે દૂત તેણીને તેની પાસે લાવ્યો, કેપ્ટન સીધો તેણીની ખુબસુરતીથી પ્રેમમાં પડયો.

૩૭૫૩ પ્રેમ અનંત સાગર છે, જેના ઉપર આસમાનો ફીણના એક પડ જેવાં છે. (તેઓ) હ. યુસુફ (અ. સ.) માટેની ઝુલેખાની તમન્ના જેવા મુંઝાએલા છે.

૩૭૫૪ જાણ કે ચકરાવો લેતા આસમાનો પ્રેમનાં મોજાંઓથી ફરે છે, જો પ્રેમ માટે ન હોત તો દુનિયા નિર્જીવ બની ગઈ હોત.

૩૭૫૫ એક નિરિન્દ્રય વસ્તુ એક છોડમાં બદલાતાં અદ્રશ્ય કેમ થાય છે? નિરસ વસ્તુઓ આત્મા સાથે એક બનવા પોતાને કુરબાન કરતી કેમ બને છે?

૩૭૫૬ તરનારની પેલી ફૂંકના કારણ ખાતર પોતાને કુરબાન કરતા આત્માએ કે જેણે હ. મરીયમને સગર્ભા કેમ બનાવી ?

૩૭૫૭ (તેમનામાંનું) દરેક બરફ માફક કઠણ અને ન બસેડી શકાય તેવું બનત, તેઓ તીડોની માફક ઉડતા અને શોધતા કેમ બનત ?

૩૭૫૮ દરેક રજકણ પેલા સંપૂર્ણ સાથે પ્રેમમાં છે અને એક ઝાડના રોપની માફક ઉંચે જવા ઉતાવળ કરે છે.

૩૭૫૯ તેઓની ઉતાવળ (સર્વથા કહે છે), "સર્વ વખાણ ખુદાના હો !" તેઓ આત્માની ખાતર કાયાને પવિત્ર બનાવે છે.

૩૭૬૦ (જે બરેખરો) એક ખાડો હતો તેને સલામત રસ્તા તરીકે કેપ્ટને નિહાળ્યો, તેને અનુત્પાદક જમીન વાવેતર યોગ્ય દેખાણી (તેથી) (તેમાં) તેણે બી વાવ્યું.

૩૭૬૧ (આ કેપ્ટનની આવી હાલત હતી) એવી રીતે કે સ્વપ્નામાં એકે સુંદર ચહેરો જોયો અને તેની સાથે શાદી કરી.

૩૭૬૨ જ્યારે સ્વપ્નું પુરૂં થયું અને જાગૃત થયો તો જોયું કે તે ખાલી સ્વપ્નું હતું અને પેલી સ્ત્રી મોજુદ હતી નહિ.

૩૭૬૩ તો પોતાના દિલમાં કહેવા લાગ્યો કે અફસોસ કે મેં કોઇ જીવંત ઓરત સાથે શાદી ન કરી, સ્વપ્ના ઉપર અફસોસ કરવા લાગ્યો.

૩૭૬૪ પેલો પહેલવાન શારિરીક શક્તિવાળો હતો, રૂહાની શક્તિવાળો ન હતો. તેણે મર્દનું બી પેલી ઓરત રૂપી જમીનમાં વાવ્યું.

૩૭૬૫ તેના પ્રેમના ઘોડાએ એક સો બંધનો તોડી નાખ્યાં, તે (કેપ્ટન) ખુમ પાડતો હતો, "મને મોતની કાંઈ પરવા નથી."

૩૭૬૬ મને બદીફની કઈ પરવા છે ? (જ્યારે કે હું) પ્રેમમાં છું, મારૂં જીવન અને મૃત્યુ મારા માટે સરખું છે.

૩૭૬૭ હું આજીજી કરૂં છું, આવા આવેશ અને ગરમીમાં વાવો નહિ, એકાદ (રૂહાનીયત) રાહનુમાની સલાહ લ્યો.

૩૭૬૮ (પણ) સલાહ કયાં છે ? સમજણ કયાં છે, (જ્યારે) લાલસાના વાવાઝોડાએ (તેમનો) નાશ કરવા પોતાના નકોરા આગળ કર્યા છે ?

૩૭૬૯ "એક અટકાયત આગળ અને એક અટકાયત પાછળ" (પણ) તે કે જે (ગુલામી) ગાલોથી આકર્ષાયો છે તે આગળ અથવા પાછળ જોતો નથી.

૩૭૭૦ કાળો મુશળધાર વરસાદ તેનું જીવન લેવા આવે છે કે જેથી એક શિયાળ એક સિંહને કુવામાં (વિનાશમાં) ધકેલે.

૩૭૭૧ કંઈક (પાર્થીવ) શુન્ય કુવામાં આભાસ દેખાતો કરે છે, એટલા માટે કે તે (આભાસે) પર્વત જેવા (મજબુત) સિંહોને તેમાં ફગાવે.

૩૭૭૨ તમારા સ્ત્રી કુટુંબીઓ સાથે કોઇને હળવા મળવા દેતો નહિ. કારણ કે આ બે (સ્ત્રી અને પુરૂષ) ને રૂ અને અગ્નિના ભડકા સાથે સરખાવાય છે.

૩૭૭૩ તેને ખુદાઈ પાણીથી બુઝેલો અગ્નિ જોઇએ છે, પેલા હ. યુસુફ (અ. સ.) ની માફક કે જેઓ હલકટ આવેશના સમયે ખુદાને મજબુત પકડે છે.

૩૭૭૪ પોતાને સિંહની માફક સ્વરૂપવાન, સાઇપ્રિસ જેવી કદાવર અને પતલી ઝુલેખાથી દુર રાખ્યો.

૩૭૭૫ તે (કેપ્ટન) મોસલથી પાછો ફર્યો અને પોતાને રસ્તે પાછો ફર્યો ત્યાં સુધી કે તે એક જંગલમાં હરિયાળી જગ્યામાં પડાવ નાખ્યો.

૩૭૭૬ પ્રેમની અગ્નિ એટલી સખત જલતી હતી કે તે આસમાનમાંથી જમીનને ઓળખી શકયો નહિ.

૩૭૭૭ તેણે પોતાના તંબુમાં પેલો ચંદ્રમા (ખુબસુરત) ને આલીંગન કરવા નક્કી કર્યું. ખલીફની બીક અને પોતાની સમજણ જે વખતે કયાં હતી ?

૩૭૭૮ જ્યારે વિષયવાસના દુનિયામાં (જીતનું) નગારૂં પીટે છે ત્યારે સમજણ તે વળી શું છે ? એક (નિર્માલ્ય) મુળો, અને એક મુળાનો પુત્ર.

૩૭૭૯ તેની ઝનુની આંખને એક સો બલીફો તે પળે એક મચ્છરથી પણ હલકા દેખાયા.

૩૭૮૦ જ્યારે પાયજામો ઉતારી નાખ્યો, અને પેલો ઓરતનો સ્નેહી ઓરતના પગોની વચ્ચે બેઠો.

૩૭૮૧ અને જ્યારે લશ્કરમાં એક ઓચીંતી આફતથી કયામતના જેવો મહાન શોરબકોર ઉઠ્યો.

૩૭૮૨ પહેલવાન આ સાંભળી નાગો ફોજ તરફ દોડ્યો. પેલી સ્ત્રીએ એક તલવાર જે લટકી રહી હતી તે તેના હાથમાં આપી.

૩૭૮૩ તેણે જોયું કે એક ઝનુની કાળો સિંહ જંગલમાંથી ઓચિંતાના લશ્કરના મધ્ય સ્થાને ધસી આવ્યો છે.

૩૭૮૪ (કે) અરબી ઘોડાઓ સખત ઉશ્કેરાણુ છે, (કે) દરેક તબેલા અને તંબુ મુંઝવણમાં હતા.

૩૭૮૫ (અને કે) લાલસા અંગે ઝનુની સિંહ સમુદ્રની છોળની માફક હવામાં વીસ ગજના ઠેકડા મારતો હતો.

૩૭૮૬ કેપ્ટન મર્દાનગીવાળો અને નીડર હતો, તે પેલા ઝનુની સિંહની માફક સિંહને મળવા આગળ વધ્યો.

૩૭૮૭ તેણે તેના ઉપર પોતાની તલવાર વીંઝી અને તેનું માથું ઉડાવ્યું (પછી) તુર્તજ ખુબસુરતના તંબુ તરફ ઉતાવળે પાછો ફર્યો.

૩૭૮૮ જ્યારે તેણે પોતાને આ હુરાંની સમક્ષ હાજર કર્યો ત્યારે તેની કલ્પના પહેલા જેવી જ રહી હતી.

૩૭૮૯ આવા ભયંકર ઝનુની સિંહનો મુકાબલો કર્યા પછી પણ તેનો પેલી હુર માટેનો જુસ્સો તેવો જ રહ્યો, નરમ પડયો ન હતો.

૩૭૯૦ તેનો આવો જુસ્સો અને બહાદુરી જોઈ પેલી ઔરત તો અજાયબીમાં ગરકાવ થઈ ગઈ.

૩૭૯૧ તેના કારણે તે વખતે પેલી ખુબસુરત આ પહેલવાન સાથે ઘણી ખુશીથી લપટાઇ ગઈ અને એક દિલ અને જીવ માફક બની ગઇ.

૩૭૯૨ આ બન્ને આત્માઓનું એક બીજા સાથના મિલનમાં, તેમની તરફ અદૃશ્ય દુનિયા-માંથી એક બીજો આત્મા આવશે.

૩૭૯૩ તે જન્મ ધારણ કરવાના રસ્તે આવશે, જો તેના ગર્ભાધારણનો રસ્તો ન રૂંધાય તો.

૩૭૯૪ જ્યારે જ્યારે બે માનવો પ્રેમ અથવા તિરસ્કારમાં ભેગા થાય છે, ત્રીજો જરૂર જન્મશે જ.

૩૭૯૫ પણ પેલા આકારો (ગુણધર્મો) અદૃશ્ય દુનિયામાં ઘડાય છે, જ્યારે તમો ત્યાં જશો ત્યારે તમો તેમને સ્પષ્ટપણે જોશો.

૩૭૯૬ પેલી સંતતિ તમારા જોડાણોથી જન્મી છે, ખબરદાર, કોઈ પણ જોડાણમાં બહુ જલ્દી આનંદ ન અનુભવતો.

૩૭૯૭ (મુલાકાતના) આપેલા સમયની ધારણામાં રહેજે, (દૈવી) વચનની સત્યતા જાણી લેજે કે બહાર આવનાર (તેઓના ભલાણુરામાં) જોડાશે.

૩૭૯૮ કારણ કે તેઓ કાર્ય અને કારણથી જન્મ્યા છે, દરેકને રૂપ અને વાણી અને રહેઠાણ છે.

૩૭૯૯ તેઓની ખુમ તમને પેલી ખુશકારક રહેઠાણમાંથી આવે છે, એ તું કે જે અમોને ભુલી ગએલ છે, બની શકતી ઝડપે આવી પહોંચો !'

૩૮૦૦ (દરેક) સ્ત્રી અને પુરૂષના (રૂહાની પરિણામનો) આત્મા અદૃશ્યમાં (તેમના માટે) રાહ જોતો હોય છે, શા માટે તમો ઢીલ કરો છો? રસ્તા ઉપર આગળ જલ્દી પગલું મૂકો.

૩૮૦૧ તેણે (કેપ્ટને) પોતાનો રસ્તો ગુમાવ્યો અને પેલા ખોટા પ્રભાતથી (થાપ ખાધેલો) છાશના વાસણમાં એક મચ્છરની માફક પડયો.

પેલા લશ્કરના સરદારે પાપ કે જે તેણે આચર્યું હતું તેનો પશ્ચાતાપ કર્યો અને જે પણ કાંઇ બન્યું હતું તેમાંથી કાંઈ પણ બલીફને ન કહેવા વિનંતી કરી.

૩૮૦૨ તે થોડા સમય માટે પેલા (પ્રેમના પ્રકરણમાં) તલ્લીન બન્યો હતો (પણ) ત્યારબાદ તેણે પેલા ભયંકર ગુન્હાનો પશ્ચાતાપ કર્યો.

૩૮૦૩ અને તેણીને વિનંતી કરી, કહે, ઓ તું કે જેનો જેનો ચહેરો સૂર્ય સમાન છે, જે બની ગયું તેનો જરા પણ ઈશારો બલીફને આપતી નહિ.

૩૮૦૪ જ્યારે બલીફે તેણીને જોઈ ત્યારે તે પણ (પ્રેમમાં) વ્યાકુળ બન્યો અને પછી પોતાનું વાસણ છાપરાથી નીચે પડયું.

૩૮૦૫ (બાતમીદારે) તેણીના કરેલા વર્ણન કરતાં એકસો ગણી વધુ ખુબસુરત-તેણે તેણીને જોઈ. વાસ્તવમાં જોયું સાંભળવા સરખું કેમ બને?

૩૮૦૬ વર્ણન સમજણની આંખ માટે (દોરેલું) ચિત્ર છે. જાણુ કે (ઇન્દ્રિયમય) રૂપ આંખ માટે છે, નહિ કે કાન માટે.

૩૮૦૭ અમુક માણસે એક છટાદાર બોલનારને પૂછ્યું, 'ઓ ભલા વિવરણના પુરૂષ, સત્ય અને જુઠ શું છે?'

૩૮૦૮ તેણે તેનો કાન પકડયો અને કહ્યું, 'આ બોટો છે, આંખ સાચી છે અને ચોક્કસતા ધરાવે છે.'

૩૮૦૯ આગલું સંબંધિતપણે પાછલા સાથેની સરખામણીમાં બોટું છે. ઓ વિશ્વાસુ, ઘણાં-ખરાં કહેણો સંબંધિત છે,

૩૮૧૦ જો કે ચામાચીડીયું સૂર્યમાંથી પોતાને પડદે કરે છે તેમ છતાં સૂર્યની કલ્પનામાંથી પડદે થયું નથી.

૩૮૧૧ તેની (સૂર્યની) કલ્પના પણ તેમાં (ચામાચીડિયામાં) ભય મુકે છે, પેલી કલ્પના તેને અંધારા તરફ દોરવે છે.

૩૮૧૨ પ્રકાશની પેલી કલ્પના તેને ખુબજ્વે છે અને તેને ઘેરી છાયાની રાત્રીમાં વળગેલો બનાવે છે.

૩૮૧૩ તે કલ્પના અને ચિત્ર (કે જે તમોએ) તમારા દુશ્મનનું દોર્યું છે તે બતાવે છે કે તમો તમારા દોસ્ત અને ભાઈ સાથે સંબંધિત થયા છો.

૩૮૧૪ ઓ મુસા (અ. સ.) તમને આપેલી વહી થકી પર્વત પ્રકાશિત બન્યા છે (પણ) મનઘડંત કલ્પના કરતો પહાડ તમારા (વહીના) બરા અનુભવને સહન કરી શકે નહિ.

૩૮૧૫ સાંભળ, (માન્યતાથી) મુરબ્બ ન બનતો કે તું તેમાંથી મનઘડંત કલ્પના કરવા શક્તિમાન છો અને આ સાધનોથી વાસ્તવિકતાને જોળવી શકીશ.

૩૮૧૬ લડાઇની માત્ર કલ્પનાથી કોઇ ખુબ્જી જતો નથી. (બરોબરી) લડાઇ પહેલાં કદી બહાદુરી હોતી જ નથી. આ જાણુ અને તે પુરતું છે.

૩૮૧૭ લડાઈની કલ્પનાથી સભર, ડરપોક માણુસ પોતાના વિચારોમાં (દુશ્મનો ઉપર) એક સો બહાદુરીના હુમલા કરે છે.

૩૮૧૮ વિરોધીઓ દરેક કાયા (અશક્ત)ના મનમાં રૂસ્તમનું ચિત્ર કે જે સ્નાનાગારમાં માલમ પડે તેના વિષે મનઘડંત કલ્પના કરે છે.

૩૮૧૯ જ્યારે આ કલ્પના સાંભળવામાંથી ઉતરેલ (બરોબરી) દૃશ્યમાન બને છે ત્યારે ડરપોક માણુસનું શું? એક રૂસ્તમ (શુરવીર પણ) પરાણે તાબે કરાવાય છે.

૩૮૨૦ પ્રયાસ કરે કે તે (કલ્પના) તારા કાનમાંથી તારી આંખમાં પસાર થાય અને કે જે (અત્યાર સુધી) જે અવિદ્યમાન હતું તે વિદ્યમાન બને.

૩૮૨૧ ત્યારબાદ તારો કાન તારી આંખ સાથે સંબંધિત બનશે. બે કાનો લાકડા જેવા નિર્જિવ પવિત્ર સત્વ બનશે.

૩૮૨૨ નહિ, તારી સમસ્ત કાયા એક આરસી જેવી બનશે, તે સંપૂર્ણ દૃષ્ટિ અને દિલનું સત્વ બનશે.

૩૮૨૩ કાન એક કલ્પનાને ઉત્તેજીત કરે છે અને પેલી કલ્પના પેલી ખુબસુરતી સાથે મિલન કરવા તરફ દોરી જતો દલાલ બને છે.

૩૮૨૪ કોશીષ કર કે આ કલ્પના વધે કે જેથી દલાલ મજનૂ અને લયલાની નજીક લાવે.

૩૮૨૫ પેલો મુર્ખ બલીફ, પણ પેલી કન્યા સાથે ક્ષણભર માટે ખૂબજ આસકત બન્યો હતો.

૩૮૨૬ ધારી લ્યો કે (બાદશાહની) બાદશાહી સમસ્ત વિશ્વ છે, જ્યારે કે તે રહેવાની નથી ત્યારે તેને વિજળીના ચમકારા જેવી નિહાળ.

૩૮૨૭ એ તું કે જેનું દિલ કંપે છે (અસ્થિર) છે, જાણ કે બાદશાહી કે જે અનંતકાળ રહેવાની નથી તે (માત્ર) એક સ્વપ્નું છે.

૩૮૨૮ ગણત્રી કર કે તું પેલા બોટા ગુમાન અને બધા અહંકારથી શું મેળવીશ, કારણ કે (અંતે) તે તારૂં ગળું એક ફાંસીગરાની માફક છુટશે.

૩૮૨૯ જાણ કે આ દુનિયામાં પણ એક સલામત રક્ષણ છે, ઢોંગીનું કહેવું સાંભળતો નહિ. તે જેમ કહે છે તેમ નથી.

પેલાઓ કે જેઓ મરણ બાદ જીવનમાં માનતા નથી તેમની દલીલ, અને તે દલીલની નમળાઈનું પ્રતિપાદન, જ્યારે કે તેઓની દલીલનો સરવાળો છે, "અમો આના સિવાય બીજી (દુનિયા) જોતા નથી."

૩૮૩૦ આ તેની (નાસ્તિકની) દલીલ છે, તે દરેક પળે કહે છે, 'જો ત્યાં બીજું કંઈક હોત તો હું તેને જોઈ શકયો હોત."

૩૮૩૧ જો એક બચ્ચું સમજણની જુદી જુદી પરિસ્થિતિ જુએ નહિ, તેમ છતાં એક સમજદાર ઈન્સાન તેમાંથી પોતાને પાછો ખેંચશે ?

૩૮૩૨ જો એક સમજદાર માણસ પ્રેમની જુદી જુદી પરિસ્થિતિ ન જુએ (છતાં પણ) પ્રેમનો કીર્તિમાન ચંદ્રમા ક્ષીણ થતો નથી.

૩૮૩૩ હ. યુસુફ (અ.સ.)ની ખુબસુરતી તેમના ભાઇઓની આંખોથી દેખાણી ન હતી (પણ) હ. યાકુબ (અ.સ.)ના દિલમાંથી તે કયારે અદ્રષ્ય બની ?

૩૮૩૪ હ. મુસા (અ.સ.)ની (શારિરીક) આંખ લાકડીને લાકડા તરીકે નીહાળતી હતી. (પણ) આંતરિક આંખ (તેમાં) એક સરપ અને વ્યથાનું કારણ નીહાળતી હતી.

૩૮૩૫ કાયાની આંખ દિલની આંખથી ઘર્ષણમાં હતી, દિલની આંખે (બીજી ઉપર) સરસાઇ મેળવી અને સાબિતી બતાવી આપી.

૩૮૩૬ હ. મુસા (અ.સ.)ની (શારિરીક) આંખ પોતાના હાથને એક હાથ નીહાળતા હતા, (પણ) આંતરિક આંખને તે સ્પષ્ટ દેખાતું 'નુર' હતું.
૩૮૩૭ આ બાબત સંપૂર્ણ અને અનંત સત્ય છે (છતાં) તે (વાસ્તવિકતાના) વંચિત એવા દરેકને કલ્પના માફક દેખાય છે.
૩૮૩૮ જ્યારે કે તેને વાસ્તવિકતા બાલિશતા અને ગળું જ છે, પ્રિયતમનો ગુઢાર્થ તેને ખુલ્લો ન કર.
૩૮૩૯ આપણને બાલિશતા અને ગળું માત્ર કલ્પના છે, અનિવાર્યપણે (પ્રિતમ) આત્મા દરેક પળે પોતાની ખુબસુરતી આપણને બતાવે છે.
૩૮૪૦ હરકોઈ જેની ટેવ અને રીતભાત બાલીશતા અને ગળાની (કુટેવ) છે, તેના માટે (યોગ્ય જવાબ) છે, "તમારો ધર્મ તમને મુબારક અને મારો ધર્મ મને મુબારક."
૩૮૪૧ આવી નાસ્તિકતાની તારી વાત ટુંકી કર, જુના નાસ્તિક સાથે વધુ વાત ન કર.

બલીફાનું આ ઔરત પાસે શહેવત માટે આવવું.

૩૮૪૨ જ્યારે બાદશાહે 'મિલન'નો ઈરાદો કર્યો ત્યારે તે આ ઔરત પાસે તેવી ઇચ્છાએ આવ્યો.
૩૮૪૩ તેની તસ્વીર તો શું? ખુદ હાજર હતી. તેની સાથે રાત્રી ગુજારવાનું નક્કી કર્યું.
૩૮૪૪ જ્યારે તે પેલી ઔરતના પગની વચ્ચે બેઠો તો કિસ્મતે તેની બાજી બગાડી નાખી.
૩૮૪૫ ઉંદરની બટબટનો અવાજ તેના કાન ઉપર પડયો, આ અવાજથી તેના જુસ્સાની હાલત દબાઇ ગઈ. તેનું શહેવતનું જોર બલાસ થયું.
૩૮૪૬ બલીફાને વીચાર આવ્યો કે આ અવાજ સરપનો હોવો જોઇએ કે જે બાનુબેથી રોજ હરકત કરે છે.

આ દાસીનું હસવું કે કયાં સિંહ સાથે બાથ ભીડનાર પેલો કેપ્ટન અને કયાં ઉંદરથી ડરી જનાર બાદશાહ!

૩૮૪૭ જ્યારે દાસીએ બાદશાહની આવી હાલત જોઇ તો તેનાથી હસવું બાળી શકાણું નહિ.
૩૮૪૮ તેણીએ પેલા પહેલવાનની શક્તિ અને બાદશાહની નામર્દી જોઈ, જોરશોરથી હસવા માંડયું.
૩૮૪૯ સ્ત્રીનું હાસ્ય લાંબો સમય ચાલુ રહ્યું. તેણીએ તે (દબાવવા) સખત કોશીષ કરી પણ તેણીના હોઠો બંધ થયા નહિ.
૩૮૫૦ તેણીએ ભાંગ બાનારાઓની માફક સખત રીતે હસવું ચાલુ રાખ્યું. નફાનુકશાનની (બધી ગણત્રી) તેના હાસ્યે હરાવી દીધી.
૩૮૫૧ જે પણ કાંઈ તેણીએ વિચાર્યું તે (માત્ર) તેનું હસવું વધારતું હતું, જેમ (જ્યારે કે) એક ઓચિંતાના પાણીના પ્રવાહનો દરવાજો ખોલવામાં આવે.

૩૮૫૨ રૂદન અને હાસ્ય અને દિલગીરી અને દિલની ખુશી, જાણ કે (તેમાંના) દરેકને એક સ્વતંત્ર ઉદ્ગમસ્થાન છે.

૩૮૫૩ દરેકને એક (ખાસ) કોઠાર છે, ઓ ભાઈ, જાણ કે તેની કુંચી બોલનારના હાથમાં છે.

૩૮૫૪ તેણીનું હાસ્ય ઓછું થતું ન હતું. પછી ખલીફ ગુસ્સે અને ઝનુની બન્યો.

૩૮૫૫ તેણે તુર્તજ મ્યાનમાંથી પોતાની તલવાર કાઢી અને કહ્યું, ઓ (ઢોંગી) સ્ત્રી, તારા હસવાનું ગુપ્ત કારણ જાહેર કર.

૩૮૫૬ આ હાસ્યથી એક શંકા મારા દિલમાં ઉદ્ભવી છે, સત્ય કહે, તું મને ફોસલાવી શકીશ નહિ.

૩૮૫૭ અને જો તું અસત્યથી મને છેતરીશ અથવા ખોટાં બહાનાં ઉચ્ચારીશ તો પણ.

૩૮૫૮ હું જાણીશ જ (કારણ કે) મારા દિલમાં પ્રકાશ છે, જે કહેવાનું છે તે તારે કહેવું જ પડશે.

૩૮૫૯ જાણ કે બાદશાહોના દિલમાં એક શક્તિશાળી ચંદ્રમા હોય છે, જો કે કયારેક તે વાદળાંઓની નીચે સંતાએલ હોય છે.

૩૮૬૦ બહાર જતી વેળાએ દિલમાં એક બતી હોય છે. ગુસ્સા અને આઘાત વખતે કથરોટની નીચે મુકાય છે.

૩૮૬૧ પેલી દીર્ઘદ્રષ્ટિ અત્યારે મારી સાથે જ છે, સિવાય કે તું જે કહેવાની તારી ફરજ છે તે કહે.

૩૮૬૨ નહિતર, હું તારૂં માથું આ તલવારથી જુદું કરીશ, ઉઠાઉ જવાબ તને જરાપણ મદદગાર થશે નહિ.

૩૮૬૩ અને જો તું સાચું કહીશ, હું તને સ્વતંત્ર કરીશ, ખુદાને આપેલું વચન હું તોડીશ નહિ, હું તને રાજી કરીશ."

૩૮૬૪ તે જ પળે તેણે એક પછી એક એમ સાત કુરાને શરીફ ગોઠવ્યાં અને કસમ ખાધા અને આવી રીતે (પોતાના વચનનું) સમર્થન કર્યું.

છોકરીનું તલવારના ઝાટકે (પોતાનું માથું કપાઇ જવાની) બીકે ખલીફ પાસે પેલી ગુપ્તતા જાહેર કરવી અને તેણીને બળજબરીથી બોલવાથી અલ્લાકે ફરજ પાડી. (જેણે કહ્યું) "તારા હસવા માટેના કારણનો સત્ય જવાબ દે નહિતર તને મારી નાખીશ."

૩૮૬૫ જ્યારે સ્ત્રી અસહાય બની, ત્યારે તેણીએ પેલો રૂસ્તમ કે જે એક સો 'ઝાલ'નો પુત્ર હતો તેની મર્દાનગી (ને લગતું) જે બન્યું હતું તે જાહેર કર્યું.

૩૮૬૬ તેણીએ (આવવાના) રસ્તા ઉપર નવોઢાગૃહ જે (તેણીના) માટે તૈયાર કરવામાં આવેલ તેની રજેરજ માહિતી આપી.

૩૮૬૭ પહેલવાનનું સિંહને કતલ કરવું પછી તંબુ તરફ આવવું અને સિંહની જરા જેટલી પણ બીક તેનામાં દેખાણી નહિ.

૩૮૬૮ તેણે સિંહનો મુકાબલો કર્યો તો પણ તેના જુસ્સામાં જરા જેટલી પણ ઓટ આવી નહિ, જુસ્સો ચાલુ રહ્યો.

૩૮૬૯ ખુદા ગુપ્ત ચીજોનો જાહેર કરનાર છે, જ્યારે કે તેઓ ઉગી નીકળશે, બરાબ બીયાં વાવતો નહિ.

૩૮૭૦ વરસાદ અને વાદળાં અને અગ્નિ અને આ સૂર્ય જમીનમાંથી કાયમ માટે ગુપ્ત વસ્તુઓ બહાર લાવે છે.

૩૮૭૧ પાંદડાઓના ખરી જવા બાદ આ નવી વસંતકાળ કયામતના અસ્તિત્વની સાબિતી છે.

૩૮૭૨ વસંતમાં ગુપ્તતાઓ જાહેર થાય છે. જે પણ કાંઈ આ જમીને આધું છે તે દ્રષ્ટિમય બનાવાય છે.

૩૮૭૩ તે પોતાના મોં અને હોઠોમાંથી બહાર કાઢે છે એટલા માટે કે તેણે તેણીનું ગુપ્તમન અને રસ્તાને પ્રકાશમાં લાવે.

૩૮૭૪ દરેક ઝાડના મુળ અને પોષણની ગુપ્તતા, પેલાનું સમસ્ત તેના (પાંદડાંવાળા) મથાળા અંગે સ્પષ્ટ રીતે બનાવાય છે.

૩૮૭૫ દરેક દિલગીરી કે જેનાથી તું દિલમાં કડવો બન્યો છો તે પીધેલા શરાબની અસરથી માથાના દુઃખાવાથી આવી છે.

૩૮૭૬ પણ તું કેમ જાણીશ કે માથું કયા શરાબ અંગે દુઃખે છે (અને) દેખાતું કેમ બનશે ?

૩૮૭૭ આ બિમારી (માથાનો દુઃખાવો) પેલા બીનું હાર્દ છે (માત્ર) તે કે જે સમજુ અને ડાહ્યો છે તે તેને ઓળખી જશે.

૩૮૭૮ ડાળી અને તેનાં કુંપળ બીને મળતાં નથી. વીર્ય માણુસની કાયાને કેમ મળતું હોય ?

૩૮૭૯ વસ્તુ (જેનાથી તે ઘડાએલ છે) પેદાશને મળતી નથી. બી ઝાડને મળતું કયારે હતું ?

૩૮૮૦ વીર્ય રોટલાની (પેદાશ) છે, (પણ) તે રોટલા જેવું કેમ બને ? માણુસ વીર્યની પેદાશ છે (પણ) તે તેના જેવો કેમ બને ?

૩૮૮૧ જીન્નને અગ્નિમાં (પેદા કરવામાં) આવેલ છે, (પણ) તે અગ્નિને મળતો કેમ હોય ? વાદળાં વરાળમાંથી (પેદા થએલ છે), પણ તે વરાળ જેવાં નથી.

૩૮૮૨ હ. ઇસા (અ. સ.) હ. જીબ્રીઇલ (અ. સ.) ની કુંખમાંથી પેદા થયા હતા. (પણ) તે કયારે રૂપ અને સરખામણીમાં તેના જેવા હતા ?

૩૮૮૩ હ. આદમ (અ. સ.) ને માટીમાંથી બનાવેલ છે (પણ) તેઓ માટીને મળતા કેમ હોય ? કોઇ પણ દ્રાક્ષ દારૂને મળતી નથી.

૩૮૮૪ લુંટ ફાંસીના પગ જેવી કેમ દેખાય ? ભક્તિભાવ અનંતકાળના રહેઠાણ (બહિસ્ત) જેવી કેમ બને?

૩૮૮૫ કોઈ પણ અસલ પોતાની પેદાશને મળતું હોતું નથી. તેથી તારા સંતાપ અને માથાના દુઃખવાનું અસલ તું જાણી શકે નહિ.

૩૮૮૬ પણ આ સજા તેના અસલ વગરની નથી, કાંઇ પણ ગુના વગર ખુદા સજા કેમ ફટકારે ?

૩૮૮૭ તે કે જે અસલ છે અને પેલી (દુઃખદાયક) વસ્તુનો લાવનાર છે, જો તે (ફાયદા-કારક વસ્તુ) તેને મળતી નથી. છતાં તેમાંથી (પેદા થએલ છે.)

૩૮૮૮ પછી, જાણ કે તારૂં દર્દ કોઈ ત્રુટિનું પરિણામ છે (અને કે) આ સંતાપ કે જેનાથી તું સપડાણો છે, કોઇ વાસનામાંથી ઉભો થએલ છે.

૩૮૮૯ જો તું ગણત્રીના નિમિત્તે પેલું પાપ પારખી શકે નહિ તો તુર્તજ અમૃતમય આજીજીમાં લાગી જા અને (ખુદામાંથી) માફી શોધ.

૩૮૯૦ એક સો વખત તને સિજદામાં નાખ અને કહેતો રહે, "ઓ ખુદા, આ દુઃખ મારા લાયક અને ચોગ્ય સિવાય બીજું કંઇ જ નથી.

૩૮૯૧ ઓ તું કે જે પવિત્રતામાં અત્યુત્તમ છો અને બધા અન્યાય અને ત્રાસથી મુક્ત છો. આત્મા કે જેણે પાપ કર્યું નથી તેના ઉપર તું દુઃખ અને પીડા કેમ ઉતારે ?

૩૮૯૨ ખરેખર, હું મારા પાપ જાણતો નથી, પણ (હું જાણું છું કે) આ સંતાપ માટે જરૂર પાપ હોવું જોઇએ.

૩૮૯૩ જ્યારે કે તે મારી ગણત્રીમાંથી કારણ છુપાવેલ છે, (તેજ પ્રમાણે) (બીજાઓમાંથી) મારૂં પાપ હંમેશા છુપાયેલ રાખજે.

૩૮૯૪ કારણ કે મારા પાપને ખુલ્લું કરવું એ વેરની વસુલાત છે કે જેથી મારી બદમાશી સજાથી ખુલ્લી બનાવાય.

બાદશાહ, પેલા પ્રપંચી કાર્યથી માહિતગાર બનતાં તેને છુપાવવું અને માફ કરવાનું નક્કી કર્યું અને તેને (કેપ્ટનને) પેલી ગુલામ કન્યા આપવી. અને સ્વીકાર કર્યો કે તકલીફ તેના ઉપર થએલી સજા હતી અને (ગુલામ કન્યા મેળવવાના) તેના પ્રયાસનું પરિણામ હતું. અને મોસલના માલિક તરફ જે ગુનો કર્યો તેનું પરિણામ હતું કારણ કે "અને જે હલકાઇ કરે છે તે પોતા વિરૂદ્ધ જ છે" અને, "અરે તારો માલિક ચોકી ઉપર છે," અને તેને બીક લાગી કે જો પોતે વેર લેશે તો વેર પોતાના ઉપર પ્રત્યાઘાત પાડશે. જેમ આ અન્યાય અને પોતાની લાલસાએ પોતાના ઉપર પ્રત્યાઘાત (કયારનો) પાડી દીધો હતો.

૩૮૯૫ બાદશાહ ભાનમાં આવ્યો, તેણે (ખુદાની) માફી માંગી અને પોતાનું પાપ, ત્રુટિ અને હઠ કબુલ કરી.

૩૮૯૬ તેણે પોતાના મનમાં કહ્યું "મેં જે કર્યું તેના વેરની વસુલાત મોસલના બાદશાહ તરફથી મારા આત્માને (મળી ગઇ).

૩૮૯૭ સત્તાના અહંકારમાં બીજાની રખાત મેળવવા કોશીષ કરી તે (અન્યાયે) મારા ઉપર પ્રત્યાઘાત પાડયો (જે ખાડો મેં બોદ્યો) તેમાં હું પડયો.

૩૮૯૮ મેં બીજા માણસના ઘરનો દરવાજો બખડાવ્યો, અનિવાર્યપણે તેણે મારા ઘરનો દરવાજો બખડાવ્યો.

૩૮૯૯ હરકોઇ જે (બીજા) લોકોની ઘરવાળીઓ સાથે હલકટ આચારણ શોધે છે, જાણ કે તે પોતાના ખુદની ઘરવાળીથી ભડવો છે.

૩૯૦૦ કારણ કે પેલું હલકટ આચરણ વેરની વસુલાત બને છે. જ્યારે તે હલકટ કાર્યનો બદલો પોતાના કાર્ય જેવો બને છે.

૩૯૦૧ તેવીજ રીતે જેમ તમોએ એક દોરી બનાવી છે અને તમો ઇજાનું કારણ બન્યા છો કે જે ઇજા તમારા પોતા ઉપર જ પાછી આવે છે.

૩૯૦૨ "મેં મોસલની રખાત તેની પાસેથી જોરજુલમથી લીધી. (તેથી) તેણી મારી પાસેથી પણ તુર્તજ દબાણપૂર્વક લેવાઇ ગઇ.

૩૯૦૩ મારા દગલબાજ કાર્યોએ તેને દગલબાજ બનાવ્યો કે જે મારો વિશ્વાસુ દોસ્ત અને નોકર હતો.

૩૯૦૪ અત્યારે તેના ઉપર વેર વાળવાનો અને (ઇજા માટેની) સજા ફટકારવાનો વખત નથી. મેં મારા પોતાનાજ હાથે આ તકલીફ સર્જી છે.

૩૯૦૫ જો હું અમીર અને સ્ત્રી ઉપર વેરને મોકળું મુકીશ તો તે ગુન્હાનો પણ મારા માથા ઉપર પ્રત્યાઘાત ઘડશે.

૩૯૦૬ જેમકે આપેલું વેરની વસુલાતમાં (મારા ઉપર) કયારનું આવી પડયું છે. મેં તેની (ખુદાની) કસોટી કરી છે. હું તેની ફરીવાર કસોટી નહિ કરું.

૩૯૦૭ મોસલના માલિકની દિલગીરીએ મારી ગરદન ભાંગી છે. હું તેવીજ રીતે આ માણસને બખમી કરવા હિંમત કરવાનો નથી.

૩૯૦૮ ખુદાએ વેરની વસુલાત સંબધીની માહતી આપી છે, તેણે કહ્યું છે, "જો તમો તં (ગુનાહ) ફરીવાર કરશો, અમોપણ ફરીવાર (સજા) કરશું."

૩૯૦૯ જ્યારે કે આ બાબતમાં તેને વધાવવું બિનજરૂરી છે, ધીરજ અને દયા વગર બીજું કંઇ વધુ યોગ્ય નથી.

૩૯૧૦ ઓ અમારા માલિક, અરેબર અમોએ બોટું કર્યું છે" એક ભુલ બની ગઈ છે. એક દયાનું કાર્ય બજાવ, ઓ તું કે જેની દયાઓ શકિતશાળી છે!

૩૯૧૧ મેં (તેને) માફી આપી છે, આ વાત (કોઇપણ) કહેતી નહિ કે જે મેં તારી પાસેથી સાંભળી છે.

૩૯૧૩ હું તને અમીર સાથે મિલાવીશ, ખુદાની બાતર, ખુદાની બાતર, આ વાતનો એક શબ્દ પણ ઉચ્ચારીશ નહિ.

૩૯૧૪ રખેને તે મારા તરફ જોતાં શરમાય કારણકે તેણે એક હલકટ કાર્ય કર્યું છે અને એક લાખ ભલાં કાર્યો કર્યાં છે.

૩૯૧૫ મેં ઘણી વખત તેને કસોટી ઉપર મુકયો છે. મેં તારા કરતાં વધુ સુંદર છોકરીઓથી તેનો વિશ્વાસ કર્યો છે.

૩૯૧૬ મેં હંમેશાં તેને સત્યનિષ્ઠામાં પૂર્ણ જોયો છે (તેથી હું જાણું કે) આ પણ મારાથી થએલ કાર્યોમાંથી પરિણામ તો (દૈવી) ઈન્સાફ હતો."

૩૯૧૭ પછી તેણે અમીરને પોતાની હજુરમાં બોલાવ્યો. તેણે ગુસ્સાને પોતાનામાં જ દબાવ્યો જે એક ઋનુની વેર લેવા ઉશ્કેરતો હતો.

૩૯૧૮ તેણે તેની પાસે અનુકુળ બહાનું બતાવ્યું, કહે, "હું આ ગુલામ કન્યા તરફ વિમુખ બન્યો છું.

૩૯૧૯ કારણકે મારા બચ્ચાઓની મા આ છોકરીની અદેખાઇ અને વેરથી ઉકળી ઉઠી છે.

૩૯૨૦ મારા બચ્ચાંઓની માને (મારા ઉપર) ઘણા હકો છે, આવો અન્યાય અને જુલમ તેણી (સહન કરે) તે યોગ્ય નથી.

૩૯૨૧ તેણી ઈર્ષા અને અદેખાઈ સંવર્ધન કરે છે, તેણી સંતાપ સહન કરે છે. તેણી આ કન્યાના કારણે સખત કડવાશ અનુભવી રહી છે.

૩૯૨૨ જ્યારે હું આ કન્યાને કોઇ બીજા પુરૂષને આપવા ઇચ્છુ છું ત્યારે એ મારા વ્હાલા દોસ્ત, તે વધુ યોગ્ય છે કે હું તેણીને તનેજ આપું

૩૯૨૩ કારણકે તેં તેણીને (મેળવવા) ખાતર તારી જીંદગી જોખમમાં મુકી હતી. તેથી તેણીને બીજા કોઈને આપવાના બદલે તનેજ આપવી વધુ યોગ્ય છે.

૩૯૨૪ તેણે તેણીને શાદીમાં આપી અને તેને હવાલે કરી, તેણે પોતાનો ગુસ્સો દબાવ્યો અને લાલસના ભૂક્કા બોલાવ્યા.

શબ્દો સમજાવવા, "અમોએ હિસ્સો આપ્યો છે. એટલે કે તે (ખુદા) એકના ઉપર વાસના અને ગધેડાઓનું (શારિરીક) જોર ઇનાયત કરે છે, અને બીજાને સમજણ અને પયગમ્બરો અને ફરિસ્તાઓની (રૂહાની) શકિત ઇનાયત કરે છે. વાસનામય ઇચ્છાઓથી માથું ફેરવવું અને બાદશાહની નિશાની છે, વાસનામય ઇચ્છા છોડી દેવી અને રૂહાનીયત શક્તિ કે જે પયગમ્બરો ધરાવે છે તેની નિશાની છે, બી કે જે વાસનાથી સબંધિત નથી, તેઓનું ફળ માત્ર કયામતમાં દેખાય છે.

૩૯૨૫ જો તે (બલીક) ગધેડાઓની મર્દાનગીમાં બામીવાળો હતો (છતાં) તે પયગમ્બરોની મર્દાનગી ધરાવતો હતો.

૩૯૨૬ તે સત્ય છે કે પયગમ્બરની પ્રકૃતિ અને મર્દાનગી ગુસ્સો અને વાસના અને કંજુસાઈ છોડી દેવી છે.

૩૯૨૭ ભલે તેની પ્રકૃતિમાં ગધેડાની મર્દાનગીની ખામી હોય (તેનું તે વળી શું) ખુદા તેને મોટા ફ઼હાનીયત બાદશાહ નામે બોલાવે છે.

૩૯૨૮ (જો હું એક મરેલો માણસ થતું અને (જો) ખુદા મારા તરફ઼ (સદ્‌ભાવથી) નિહાળે, તો (મારી સ્થિતિ) પેલો જીવતો માણસ કે જે (ખુદાથી) દૂર છે અને (જેનાથી) તજી દેવાયો છે તેનાથી વધુ બહેતર છે.

૩૯૨૯ (વાસનાનું) આ (તજી દેવું) મર્દાનગીનું સત્વ સમજ, અને પેલું (વાસનામાં ડુબવું) કોતરૂં પાછલું દોજખ તરફ઼ દોરે છે અને આગલું બહિશ્ત તરફ઼.

૩૯૩૦ (હદીસ), "બહિશ્ત અભાવમય (ચીજોથી ઘેરાએલી છે," (આપણા તરફ઼) ઉતરેલ છે, "દોજખની અગ્નિ વાસનામય ઇચ્છાઓથી ઘેરાએલી છે," જાહેર કરવામાં આવેલ છે.

૩૯૩૧ ઓ અયાઝ, સેતાનને કતલ કરતા ઝનુની સિંહ, (તું કે જેમાં) ગધેડાની મર્દાનગી (તાબેદાર) છે, સમજણની મર્દાનગી સરસાઈ ભોગવે છે.

૩૯૩૨ કે જે આટલા બધા પ્રખ્યાત પુરુષો સમજ્યા નહિ, તારી આગળ બચ્ચાંનો ખેલ હતો, અરે, અહીં જ (સાચો) માણસ છે!

૩૯૩૩ ઓ તે કે જે મારા હુકમને (તાબે થવાની) ખુશીયાલી અનુભવી છે, અને મારા હુકમની ખાતર વફ઼ાદારીપણે તારી જીંદગી કુરબાન કરી છે.

૩૯૩૪ હવે તેનું ફ઼હાનીયત વિવરણમાં જણાવેલા (દૈવી) હુકમમાં તાબે થવામાં મળતી સ્વાદ અને સુગંધની વાર્તા ધ્યાન દઈને સાંભળ.

વિરાજાસનમાં બેસી અને દરબારમાં દરબારીઓની હાજરી વચ્ચે, બાદશાહ મહમુદે એક વઝીરના હાથમાં એક મોતી મુકયું, અને તેને પૂછયું કે તે કેટલી કિંમતનું હતું, અને તેની કિંમત વઝીરે બૂબજ ઉંચી આંકી, જ્યારે બાદશાહે તેને ભાંગી નાખવાનો હુકમ કર્યો, તેણે જવાબ આપ્યો, "હું તને કેમ ભાંગું?" અને તે જ પ્રમાણે કહાણીના અંત સુધી જવાબ મળ્યો.

૩૯૩૫ એક દિવસે બાદશાહ દરબારમાં ઉતાવળે આવ્યો. તેણે દરબારમાં બધા દરબારીઓ (ભેગા થએલા) જોયા.

૩૯૩૬ તેણે એક ઝગમગતું મોતી રજુ કર્યું. અને તુર્તજ એક વઝીરની હથેળીમાં મુકયું.

૩૯૩૭ તેણે પૂછયું. "આ મોતી કેવું છે? અને તેની કિંમત કેટલી છે?" તેણે જવાબ આપ્યો, "તે સોનાના એકસો ગધેડાના બોજા કરતાં વધુ કિંમતી છે."

૩૯૩૮ તેણે કહ્યું. "તેને ભાંગી નાખ" તેણે જવાબ આપ્યો "હું તેને કેમ ભાંગું?" હું તમારા બજના અને માલમિલ્કતનો શુભેચ્છક છું.

૩૯૩૯ આના જેવું એક અમુલ્ય મોતી ભંગારમાં જતું જવા દેવું આજની કેમ દેખાય?"

બાદશાહ-મોતી-ભાંગ-વઝીર
ગુલામ

૩૯૪૦ "સાચું" બાદશાહે ઉદ્‌ગાર કાઢયો, અને તેને માનનો પોષાક અર્પણ કર્યો, ઉદાર બાદશાહે તેની પાસેથી મોતી લઈ લીધું.

૩૯૪૧ (પણ) કૃપાળુ બાદશાહે વઝીર ઉપર જે તેણે કપડાં અને માનનો ઝુબ્બો પહેર્યો હતો તે ઈનાયત કર્યો.

૩૯૪૨ થોડી વાર માટે તે તેમની (દરબારીઓ) સાથે જુદા જુદા બનાવો સંબંધી ચર્ચા કરતો હતો.

૩૯૪૩ ત્યાર બાદ તેણે તે (મોતીને) વ્યવસ્થાપકના હાથમાં મુકયું. કહે, "એક શોધનાર માટે આ કેટલી કિંમતનું છે?"

૩૯૪૪ તેણે જવાબ આપ્યો, "તે અર્ધી બાદશાહી જેટલું કિંમતી છે, તેના નાશમાંથી તેને ખુદા બચાવે!"

૩૯૪૫ તેણે કહ્યું. "ભાંગી નાખ" એ તું કે જેની તલવાર સુર્ય માફક ચમકતી છે. "તેણે જવાબ આપ્યો, "એફસોસ, તેને ભાંગવું એ એક મોડી કમનશીબી છે."

૩૯૪૬ તેને પોતાને જ તેની કિંમત કરવા દો. તેનો ચળકાટ અને તેજસ્વિતા નિહાળો, આ પ્રકાશનો તડકો તેની આગળ નિસ્તેજ બન્યો છે.

૩૯૪૭ તેને ભાંગવા મારો હાથ કેમ હાલે? હું બાદશાહી બન્નાનો દુશ્મન કેમ બનું?"

૩૯૪૮ બાદશાહે તેને માનનો પોષાક આપ્યો અને તેનું વેતન વધાર્યું અને પછી તેની સમજણનાં વખાણ કરવા પોતાનું મુખ ઉઘાડ્યું.

૩૯૪૯ થોડા સમય બાદ તે કે જે કસોટી કરતો હતો તેણે ન્યાયાધીશના હાથમાં તે મોતી મુકયું.

૩૯૫૦ તેણે તેમજ કહ્યું અને (બીજા) અમીરોએ પણ તેમજ કહ્યું, તેણે (બાદશાહે) (તેમનામાંથી) દરેક ઉપર માનનો પોષાક ઈનાયત કર્યો.

૩૯૫૧ બાદશાહ તેઓનો પગાર વધારતો હતો (પણ હકીકતમાં) તે પેલા હલકટ કંગાલોને (મુક્તિના) માર્ગમાંથી (વિનાશની) બીજી તરફ ધકેલતો હતો.

૩૯૫૨ એક પછી એક, પચાસ અથવા સાઠ અમીરો બધા, વઝીરની નકલમાં આવી રીતે બોલ્યા.

૩૯૫૩ જો કે નકલ (ચાલુ) દુનિયાનો થાંભલો છે. (છતાં) દરેક નકલ કરનાર કસોટી ઉપર મુકાતાં બદનામ બન્યો છે.

૩૯૫૪ "હવે ઓ અયાઝ, આ ભવ્ય અને ઉત્તમ મોતીની કેટલી કિંમત છે તે શું તું કહીશ નહિ?

૩૯૫૫ તેણે જવાબ આપ્યો, "હું કહી શકું તેના કરતાં વધુ કિંમતી છે. તેણે (બાદશાહે) કહ્યું, "હવે તાત્કાલીક તેને નાના કટકાઓમાં ભાંગી નાખ."

૩૯૫૬ તેની (અયાઝની) પાસે પોતાની બાંયમાં (બે) પત્થરો હતા. તેણે તુર્ત જ તેનો ભુક્કો બોલાવી નાખ્યો, (કારણ કે) તે તેને યોગ્ય માર્ગ દેખાણો.

૩૯૫૭ અથવા (બનવા જોગ છે કે) પેલા બરા ઈમાનદારે આમ ધાર્યું હોવું જોઈએ અને પોતાની બગલમાં બે પત્થરો મુકયા હતા.

૩૯૫૮ હ. યુસુફ (અ. સ.) ની માફક કે જેઓને કુવાના તળીયે પોતાનું અંતિમ ધ્યેય ખુદાથી ખુલ્લું કરાયું હતું.

૩૯૫૯ હરકોઈ જેને તે (ખુદા)એ જીત અને વિજય જાહેર કર્યો છે, તેને સફળતા અને નિષ્ફળતા એક સરખું જ છે.

૩૯૬૦ તેને કે જેને દોસ્તનો સદ્‌ભાવ એક સલામની બની છે, તેને હાર અને (દર્દમય) સંઘર્ષની કઈ બીક હોય ?

૩૯૬૧ જ્યારે તે સ્પષ્ટ બન્યું કે તે (પોતાના પ્રતિસ્પર્ધી) ને હરાવશે ત્યારે તેના ઘોડા અને હાથીની નુકશાની તેને મહત્વહીન છે.

૩૯૬૨ જો તેનો એક ઘોડો જે ઘોડાને લઈને જવા ઈચ્છે તે લઈ ગયો તો ઘોડા ભલે ગયો. (કારણ કે) (ખુદાની મદદ) સૌથી ઉત્તમ નથી ?

૩૯૬૩ એક માણસ અને એક ઘોડા વચ્ચે શું સંબંધ હોય ? ઘોડા માટેનો તેનો પ્રેમ (માત્ર), બીજાઓની વધુ આગળ જવાના ઈરાદા માટે છે.

૩૯૬૪ (માત્ર) રૂપોના કારણ માટે આ બધો સંતાપ સહન કરનાર રૂપના કારણ માટે માથાનો દુઃખાવો (સહન કર્યા વગર)–વાસ્તવિકતાને પકડ.

૩૯૬૫ ત્યાગી પોતાના પાછલા અંત સબંધીની આતુરતા અનુભવે છે (તે ગણત્રી કરે છે કે) કયામતના દિવસની હાલત કેવી બનશે.

૩૯૬૬ (પણ) આત્મજ્ઞાની, શરૂઆતથી જ જાણીતો બનેલો હોતાં, આતુરતા અને અંતિમ હાલતોની ફિકરમાંથી સ્વતંત્ર છે.

૩૯૬૭ (અગાઉ) આત્મજ્ઞાનીને (ત્યાગી જેવી જ) આશા અને બીક હતી (પણ) તેના ભૂતકાળના જ્ઞાને પેલી બન્ને લાગણીઓને હડપ કરી હતી.

૩૯૬૮ તેણે જાણી લીધું કે તેણે ભુતકાળમાં વાડી વાવી છે. તે જાણે છે કે તેની પેદાશ શું છે.

૩૯૬૯ તે આત્મજ્ઞાની છે અને બીક અને ભયથી મુક્ત બન્યો છે. ખુદાઈ તલવારે ભયના બે ટુકડા કરી નાખ્યા છે.

૩૯૭૦ (અગાઉ) ખુદામાંથી બીક અને આશાની (લાગણીઓ) બીક ચાલી ગઈ છે અને આશા સ્પષ્ટપણે નજરમાં આવી છે.

૩૯૭૧ જ્યારે તેણે (અયાઝે) પેલું પસંદગીનું મોતી ભાંગ્યું ત્યારે અમીરોમાંથી એક સો ઘોંઘાટો અને અવાજો ઉઠયા.

૩૯૭૨ આ કેવી બેપરવાઇ છે! ખુદાના કસમ, હરકોઇ જેણે આ ઝગમગતું મોતી ભાંગ્યું છે તે એક નાસ્તિક છે.

૩૯૭૩ અને (છતાં) (અમીરોના) સમસ્ત સમુહે પોતાની અજ્ઞાનતા અને અંધાપામાં બાદશાહના હુકમનું મોતી ભાંગ્યું હતું.

૩૯૭૪ કિમતી મોતી, પ્યાર અને લાગણીની પેદાશ, પેલા જેવાઓના દિલમાંથી તે કેમ પડદે પડ્યું હતું!

અમીરોનો અયાઝને ઠપકો આપવો, કહે "શા માટે તેં તેને ભાંગ્યું?" અને અયાઝનો તેમને જવાબ આપવો.

૩૯૭૫ અયાઝે કહ્યું "ઓ નામીચા શાહજાદાઓ, બાદશાહનો હુકમ વધુ કિંમતી છે કે મોતી?

૩૯૭૬ તમારી આંખોમાં આ ઉત્તમ મોતી વધુ ઉત્તમ છે કે બાદશાહનો હુકમ? ખુદાની ખાતર (ખરૂં કહો)

૩૯૭૭ ઓ તમો કે જેઓની (મીટ) મોતી ઉપર છે, બાદશાહ ઉપર નહિ, તમારી ઇચ્છીત વસ્તુ પ્રેત છે, નહિ કે સરિયામ રસ્તો.

૩૯૭૮ હું મારી મીટ બાદશાહ ઉપરથી કદી પણ હટાવીશ નહિ. હું અનેક દૈવવાદીની માફક એક પત્થરા તરફ મારો ચહેરો ફેરવીશ નહિ.

૩૯૭૯ ખુદાના જ્ઞાન અને ઇમાન વંચિત જે આત્મા છે તે રંગીન પત્થરો પસંદ કરે છે અને બાદશાહને પાછળ રાખે છે.

૩૯૮૦ ગુલાબી રંગોની દુન્યવી દોલતથી પીઠ ફેરવો, તેનામાં તમારી સમજણ સમાવો કે જે રંગો ઇનાયત કરે છે.

૩૯૮૧ (વાસ્તવિકતાની) નદીમાં આવો, (પાર્થિવ રૂપના) પાત્રને પત્થર સામે ભટકાવો, (માત્ર) સુગંધ અને રંગને આગ લગાડો.

૩૯૮૨ જો દીનના રસ્તા ઉપરના લુંટારાઓમાંનો એક જો તું ન હો તો સ્ત્રીઓની માફક રંગ અને સુગંધ તરફ આદતવાળો બનતો નહિ.

૩૯૮૩ પેલા શાહજાદાઓએ પોતાના માથા નમાવ્યાં અને અનુપકારીપણાના પેલા કૃત્ય માટે માફી બક્ષવા બધી શક્તિઓ સાથે વિનંતીઓ કરવા લાગ્યા.

૩૯૮૪ તે ગાળે (તેમના મારા) દરેકના દિલમાંથી બસો નિસાસાઓ ઉપર આસમાનમાં એક (મોટા) ધુમાડા માફક જતા હતા.

૩૯૮૫ બાદશાહે જુના ફાંસીગરાને એક નિશાની કરી, જાણે એમ કહેતો હોય, મારી માનની બેઠકમાંથી આ જંગલી કંગાળોને જલ્દી હટાવો.

૩૯૮૬ મારી માનની જગ્યાએ આ કંગાળ દુષ્ટો કેમ લાયક હોય, જ્યારે કે તેઓ એક પત્થરના કારણે મારો હુકમ ભાંગે છે?

૩૯૮૭ એક રંગીત પત્થરના કારણે આના જેવા દુષ્ટોએ મારો હુકમ અવજ્ઞાપાત્ર અને સસ્તો જોયો છે.

બાદશાહ અમીરોની કતલ કરવાની તૈયારીમાં હતો અને અયાઝનું બાદશાહી તખ્ત સમક્ષ વચ્ચે પડવું, કહે, "માફી આપવી વધુ ઉતમ છે."

૩૯૮૮ પછી અયાઝ, કે જે પ્રેમમાં સભર હતો, ઉઠયો અને શક્તિશાળી બાદશાહના તખ્ત તરફ દોડયો.

૩૯૮૯ તેણે સિજદો કર્યો અને રૂંધાએલા શ્વાસે બોલ્યો, કહે, " ઓ શહેનશાહ કે જેનાથી અવકાશી ગોળો ઢંગ બન્યો છે.

૩૯૯૦ ઓ હુમા, કે જેમાંથી (બધા) હુમાઓને (પોતાની) માંગલિકતા અને દરેક ઉદાર માણસને પોતાની ઉદારતા છે.

૩૯૯૧ ઓ અમીર કે જેની કુરબાનીઓ દુનિયામાં (બધાં) ઉમદા કાર્યોને ઘરણ લગાડી અદૃષ્ય કર્યાં છે

૩૯૯૨ ઓ ખુબસુરત કે જેને રાતા ગુલાબે નિહાળ્યો અને શરમમાં પોતાનું પહેરણ ફાડયું.

૩૯૯૩ માફી (પોતેજ) તારા માફીપણાથી સંતોષાએલી છે, તારી માફીના કારણે શિયાળો સિંહ ઉપર સરસાઈ ભોગવે છે.

૩૯૯૪ હરકોઈ જે તારા હુકમને ધિક્કારથી જુએ છે તેને તારી માફી સિવાય કોનો ટેકો મળશે ?

૩૯૯૫ આ પાપીઓની બેદરકારી અને અસભ્યતા તારી માફી (દયા) ની વિપુલતામાંથી ઉત્પન્ન થએલ છે, ઓ માફીની ખાણ !

૩૯૯૬ બેદરકારી હમેશાં અસભ્યતામાંથી ઉઠે છે, કારણ કે (માત્ર) સભ્યતા રૂહાની આંખને સ્પષ્ટપણે જોતી શક્તિમાન કરશે.

૩૯૯૭ બેદરકારી અને દુષ્ટ અનુપકારીપણું જે (પાપી) શીખ્યો છે, તે સન્યતાની અગ્નિથી ઓલવાએલો બનશે.

૩૯૯૮ (ખુદાની) બીક જાગૃતિ અને સાચી સમજણ ઈનાયત કરશે, તેના દિલમાંથી બેદરકારી અને અનુપકારીપણું બહાર સરી પડશે.

૩૯૯૯ હુમલાના સમયે જનતા ઉંઘમાં પડતી નથી, રખેને તેનો (ઉંઘનારનો) ઢગલો કોઈ ઉઠાવી જાય.

૪૦૦૦ જ્યારે કે કોઈની ડગલાની બીકે ઉંઘ ઉડી જાય છે ત્યારે અનુપકારીપણાની ઉંઘ પોતાના ગળાની બીકે શકય કેમ બને ?

૪૦૦૧ " જો અમે ખુલી જઈએ તો અમને સજા કરતા નહિ " સાબિતી છે કે વિસ્તરણ પણ, અમુક રસ્તે પાપમય છે.

૪૦૦૨ કારણ કે તેણે (તે ભુલેલો હતો) સંપૂર્ણ આદરભાવ મેળવ્યો નથી, નહિતર વિસ્મરણે તેની વિરૂદ્ધ લડાઈ કરી ન હોત.

૪૦૦૩ જો કે તેનું વિસ્મરણ જરૂરી અને અનિવાર્ય હતું (છતાં) સાધનો મેળવવામાં તે સ્વતંત્ર હતો.

૪૦૦૪ કારણ કે તેણે પુન્યભાવની પોતાની લાગણીઓમાં ઢીલાશ બતાવી કે જેથી વિસ્મરણ અથવા બેદરકારી અને ગુન્હો પેદા થયો.

૪૦૦૫ તેથી પેલા માણસની માફક છે જે પાપ આચરે છે અને કહે છે, "હું જવાબદારી-માંથી બાકાત હતો."

૪૦૦૬ બીજો તેને કહે છે, "પણ એ દુષ્ટ કાર્ય કરનાર, તમારા પાપનું કારણ પસંદગીની તમારી શક્તિના ગુમાવવામાં રહેલ છે.

૪૦૦૭ તમારૂં કમઅકલપણું પોતાની મેળે આવ્યું ન હતું, તમોએ તેને આમંત્રણ આપ્યું, પસંદગીની તમારી શક્તિ પોતાની મેળે ચાલી ગઇ ન હતી, તમોએ તેને હાંકી કાઢી.

૪૦૦૮ જો તમારા ભાગે તમારી કોશીષ વગર (તમારા ઉપર) કેફ આવ્યો હોત તો રૂહાનીયત સાક્ષીએ તમારૂં વચન સાચું માન્યું હોત.

૪૦૦૯ તે તમારો ટેકેદાર અને મધ્યસ્થી બન્યો હોત. હું તેના પાપ તરફ કુરબાન છું કે જે ખુદાથી નશાબાજ હોય.

૪૦૧૦ (અચાંકે કહ્યું), "એ તું કે જેમાંથી દરેક નશીબો આવે છે, આખી દુનિયાની માફી તારી માફીના પ્રતિબિંબમાં માત્ર એક રજકણ જ છે."

૪૦૧૧ (બધી) માફીઓ તારી માફીના વખાણ ગાય છે, તેની સ્મોવડી છે જ નહિ, ઓ લોકો, (તેને સરખાવવામાં) ખબરદાર!

૪૦૧૨ તેઓને જીવન બક્ષી આપો, તારી પાસેથી તેમને હદપાર કરો નહિ. તેઓ તમારી ઇચ્છાના તાબેદારો છે, એ તું કે જે (પોતાની બધી) ઇચ્છાઓ ઇચ્છિત ફળ-પ્રાપ્તિ આણે છે.

૪૦૧૩ જે તારો ચહેરો નિહાળે તેના ઉપર દયા કરો, તેઓ તારી કડવી જુદાઇ કેમ સહન કરી શકશે?

૪૦૧૪ તમો જુદાઇ અને દેશવટાની વાત કરો છો, તમારી મરજી પડે તે કરો પણ આમ

૪૦૧૫ તારા ચહેરાથી જુદાઇની સરખામણીમાં એક લાખ કડવાં, સાઠ ગણું મોત કંઈ જ નથી.

૪૦૧૬ એ તું કે જેની મદદ પાપીઓ શોધે છે, સ્ત્રીઓ અને પુરૂષોથી દેશવટાની સખતાઇ દુર જ રાખજે.

૪૦૧૭ તારી સાથેના મિલનની આશામાં મરી જવું મીઠું છે, તારાથી દેશવટાની કડવાશ અગ્નિ કરતાં વધુ બરાબ છે.

૪૦૧૮ દોજખ વચ્ચે નાસ્તિક કહે છે, "હું કેવું દુઃખ અનુભવીશ જો તે (ખુદા) મારા તરફ (સદ્‌ભાવથી) જોત ?

૪૦૧૯ કારણ કે પેલી નજર (બધાં) દર્દોને આનંદી બનાવે છે, તે ફિરઔનના જાદુગરોએ પોતાના હાથો અને પગો (ના કાપવા માટે) ચુકવેલ વેરની વસુલાત છે.

ફિરઔનના જાદુગરોનું તેઓની સજા વેળાએ ઉચ્ચારેલ કહેણ ઉપર વિવરણ, "તે કાંઇ ઇજા નથી, કારણ કે અરે, અમો અમારા માલિકમાં પાછા ફરશું."

૪૦૨૦ સ્વર્ગે ખુમ સાંભળી, "તે ઇજા નથી" પેલી ખુમથી અવકાશી ગોળો ગડબડાટમાં ફેંકાયો હતો.

૪૦૨૧ (જાદુગરોએ કહ્યું), "ફિરઔનથી થએલી સજા અમોને નુકશાનકર્તા નથી, ખુદાની દયા (બીજાઓ) બધાના જુલમ ઉપર સરસાઇ ભોગવે છે."

૪૦૨૨ ઓ ઉંધે દોરવાએલા, જો તું અમારી ગુપ્તતા જાણવા આવે તો તું અમોને દુઃખમાંથી મુક્ત જોત, ઓ આદમી કે જેનું દિલ આંધળું છે.

૪૦૨૩ સાંભળ, આવ અને આ રહેઠાણેથી આ અંગના ઘંટારવ નિહાળ, "અરે, મારા લોકોએ તે જાણ્યું હોત તો ?"

૪૦૨૪ ખુદાના દાને અમારા ઉપર બાદશાહી ઇનાયત કરી છે, (પણ) ફિરઔનની બાદશાહી માફક નાશવંત નહિ.

૪૦૨૫ તારૂં માથું ઉપાડ અને જીવંત અને બાદશાહી રાજ્ય નિહાળ, ઓ તું કે જે મિસર અને નાઇલ નદીથી મુરખ બન્યો છે.

૪૦૨૬ જો તું આ ગંદા ફાટેલા કોટથી રજા લઇશ તો તું આત્માની નાઇલમાં (શારિરીક) નાઇલ ડુબાવીશ.

૪૦૨૭ સાંભળ, ઓ ફિરઔન મિસરને (જતા કરવામાં) તારા હાથને પકડી રાખ. આત્માના મિસરમાં એક સો મિસર દેશો છે.

૪૦૨૮ તું અધર્મને કહે છે, "હું માલિક છું." આ બન્ને નામોની જરૂરી પ્રકૃતિઓથી અજાણ છો.

૪૦૨૯ જે અમીરાત ઉપર છે તે (બીક અને આશામાં) એક માલિક હોવા છતાં ખુજતો કેમ બને ? એક કે જે હું ને જાણે છે તે આત્મા અને કાયાના બંધનમાં કેમ બંધાય ?

૪૦૩૦ અરે, આપણે (બરેબરા) હું છીએ, (ખોટા) હું માંથી સ્વતંત્ર બનેલા, 'હું' માંથી કે જે સંતાપ અને તકલીફથી ભરપુર છે.

૪૦૩૧ ઓ કુતરા, તારા માટે પેલું હું પણ વિનાશક હતું, (પણ) અમારા સબંધમાં તે પરિવર્તન ન પામે તેવું નિર્ધારિલ સુખ હતું.

૪૦૩૨ સિવાય તને આ શિક્ષાત્મક હું પણું હતું, નહિતર આવું આહ્લાદજનક ખુશનશીબ અમારા ઉપર કેમ આવે ?

૪૦૩૩ નાશકારક રહેઠાણુમાંથી અમારી મુક્તિ માટે આભાર માનવામાં, અમો (અત્યારે) આ માંચડા ઉપર તને સત્કર્મ કરવાની સલાહ આપીએ છીએ.

૪૦૩૪ માંચડા કે જેના ઉપર અમો મરાણા છીએ તે બુરાક છે કે જેના ઉપર બેસી અમો સ્વર્ગે સિધાવીએ છીએ. તારૂં હસ્તકનું રહેઠાણ આભાસ અને બેદરકારી છે.

૪૦૩૫ આ (માંચડા) મૃત્યુના રૂપમાં સંતાએલ એક જીવન છે, જ્યારે પેલું (રહેઠાણુ) જીવનના છીલટામાં છુપાએલ એક મૃત્યુ છે.

૪૦૩૬ (અહીં) પ્રકાશ અગ્નિ જેવો અને અગ્નિ પ્રકાશ જેવી દેખાય છે, નહિતર, આ દુનિયા આભાસનું રહેઠાણુ કેમ બન્યું હોત ?

૪૦૩૭ ખબરદાર, બહુ ઉતાવળ કરતો નહિ. પહેલાં 'લા' બન, અને જ્યારે તમો શુન્યમાં ડુબશો ત્યારે પૂર્વના પ્રકાશમાંથી ઉભા થશો.

૪૦૩૮ દિલ શાશ્વત હું પણાથી દિગ્મૂઢ બન્યું હતું, આ (ખોટું) હું પણું (તેની દ્રષ્ટિમાં) મંદ અને નિંદાત્મક બન્યું.

૪૦૩૯ આત્મા હું સિવાય પેલા હું પણાથી ખુશી બન્યો હતો અને દુનિયાના હું પણામાંથી કુદી પડ્યો.

૪૦૪૦ જ્યારે કે તે હું માંથી મુક્ત બનાવાયો છે ત્યારે તે હવે હું બન્યો છે, હું ઉપર આશીર્વાદ હો જે પીડા વગરનો છે.

૪૦૪૧ કારણ કે તે (તેના ખોટા હું પણાથી) ભાગે છે અને ખરૂં હું પણું તેની પાછળ દોડે છે, જ્યારે કે તેણે તેને (આત્માને) ખુદી વગરનો બનેલ જોયો.

૪૦૪૨ (જો) તું તે (ખરૂં હું પણું) શોધે તો તે તારૂં શોધનાર નહિ બને, (માત્ર) જ્યારે તું ખુદીમાં મરી ગએલ છે ત્યારે જે તું શોધે છે તે તારો શોધનાર બનશે.

૪૦૪૩ (જો) તમો હૈયાત છો તો મૈયતને નવરાવનારા તમને કેમ નવરાવશે ? (જો) તમો શોધો છો તો તે તમારી શોધ કેમ કરે ?

૪૦૪૪ જો બુદ્ધિશાળી આ સવાલમાં સાચો રસ્તો નિહાળી શકે તો ફખ્ર. ઇ. રાઝી મઝહબી ગુઢાર્થોમાં સ્વીકારાએલો બને.

૪૦૪૫ પણ જ્યારે કે તે (તેમ કહેવાનો એક નમૂનો) હતો, તેણે ચકાસણી કરી, જાણતા નથી કે તેની સમજણ અને ધારણાઓ (માત્ર) તેની ગુંચવણ વધારે છે.

૪૦૪૬ હું વિચારથી ખુલ્લો કેમ બને ? પેલો હું ખુદીમાંથી પસાર થઈ ગયા બાદ જ પ્રગટ થાય છે.

૪૦૪૭ આ બુદ્ધિશાળીઓ ખરા હું'ની શોધમાં પૂનર્જન્મની ગહન બાબત અને 'ઈતીહાદ' માં પડે છે

૪૦૪૮ ઓ અયાઝ કે જે સુર્યના પ્રકાશમાં તારાની માફક (ખુદાથી) મીલન અંગે ખુદીથી પસાર થઈ ગયેા છે,

૪૦૪૯ નહિ, (પણ) કાયમાં વીર્યની માફક પ્રકૃતિ બદલી છે, 'હલુલ' અને 'ઈતીહાદ' થી તને હરકત થઇ નથી.

૪૦૫૦ માફ કરેા, ઓ તું કે જેની તિજુરી માફીથી (ભરપુર) છે અને જેનાથી દયાના બધાં ઉદાહરણેા આગળ આવેલા છે.

૪૦૫૧ હું તે કેાણ કે માફી આપ્યા કરૂં, ઓ તું કે જે 'થા' હુકમનેા શહેનશાહ અને ઉત્કૃષ્ટ નમુનેા છેા?

૪૦૫૨ હું તે કેાણ કે તારી સમક્ષ હસ્તિ ધરાવું, ઓ તું કે જેના પહેરણને બધા 'હું' વળગ્યા છે?

૪૦૫૩ હું તારી પાસે દયાની (માગણી) કેમ લાવું કે જે ગુસ્સાથી ઉભરાએલ છે અને દયાનેા રસ્તેા બતાવું કે જે જ્ઞાનથી વિમુશીત છે?

૪૦૫૪ જો તું મારી ઉદ્ધતાઇ અંગે તમાચાઓ ખાવાને લાયક સમજે તેા હું એક લાખ તમાચાઓ ખાવા લાયક છું.

૪૦૫૫ હું તારી હજુરમાં શું કહીશ? માયાળુપણાની રીત તારી યાદીમાં લાવવા કે બાતમી હું તમને કેમ આપું?

૪૦૫૬ તારાથી અજાણ્યું શું છે? અને દુનિયામાં શું છે કે જે આપને યાદીમાં ન હેાય?

૪૦૫૭ ઓ તું કે જે અજ્ઞાનતાથી પર છેા અને જેનું જ્ઞાન (શકયતાથી) પર છે, કે તેમાંનું (કાંઈ પણ) વિસ્મરણ સંતાડવાનું કારણ બને.

૪૦૫૮ તેં કાંઇ નહિ ને કાંઇક બનેલું જોયું છે અને તારા પ્રકાશથી સુર્યની માફક તેને માનવંત બનાવેલ છે.

૪૦૫૯ જ્યારે કે તેં મને કાંઇક બનાવ્યેા છે, ત્યારે જો હું (તારી સમક્ષ) વિનંતી કરૂં તેા મહેરબાની કરી તારે મારી વિનંતીઓ સાંભળવી જોઇએ.

૪૦૬૦ કારણ કે, જેમ તેં મને રૂપની પ્રકૃતિમાંથી બદલ્યેા છે, તે (બરેાબર તેા) તેં જ પેાતાની તરફદારી કરી છે

૪૦૬૧ જ્યારે કે આ ઘર મારા રાચરચીલાથી ખાલી બન્યું છે, ઘરમાં નાનું મેાટું કંઈ જ મારૂં નથી.

૪૦૬૨ તેં પાણીની માફક મારામાંથી પ્રાર્થનાઓ વહેતી કરી છે. તે મુજબ તેને તું જ વાસ્તવિકતા આપ અને ભલે તે સ્વીકારાએલી બને.

૪૦૬૩ તું જ શરૂઆતમાં પ્રાર્થનાઓ (પ્રેરતી) કરનાર છો. અંતમાં તું જ તે મુજબની આશા કબુલ કરનારો બન.

૪૦૬૪ એટલા માટે કે હું બડાઈ હાંકું કે દુનિયાના બાદશાહે પોતાની ખાતર પાપીઓને માફી આપી છે.

૪૦૬૫ (અગાઉ) હું એક પીડા હતો, સંપૂર્ણ ખુદીથી સંતોષાએલો, બાદશાહે મને દરેક પીડા સહન કરનારાઓનો ઈલાજ બનાવ્યો.

૪૦૬૬ (અગાઉ) હું શોક અને દુઃખથી ભરેલી દોજખ હતો. મને તેની દયાના હાથે "કૌસર" બનાવ્યો છે.

૪૦૬૭ હરકોઈ જેને વેરમાં દોજખ બતમ કરે છે હું તેની કાયામાંથી એક નવી કાયા ઉત્પન્ન થવાનું કારણ બનું છું.

૪૦૬૮ પેલી કૌસરનું શું કામ છે કે જેનાથી દરેક (દોજખમાં) બળેલા છે. તેને મોટા બનાવાયા છે અને પુનરૂદ્ધાર પામ્યા છે?

૪૦૬૯ ટીપે ટીપે તે પોતાની ખુબસુરતી જાહેર કરે છે, કહે છે, દોજખે જે બલાસ કર્યું છે તેને હું ફરીવાર સજીવન કરૂં છું.

૪૦૭૦ દોજખ શિયાળાની ઠંડી માફક છે. કૌસર વસંત માફક છે, એ ગુલાબના બગીચા,

૪૦૭૧ દોજખ મૃત્યુ અને જમીનની કબર માફક છે. કૌસર કયામતના રણશીંગના અવાજને મળતી છે.

૪૦૭૨ એ તમો કે જેઓની કાયાઓ દોજખથી ચવાઈ ગઈ છે, (ખુદાની) દયા તમને કૌસર તરફ દોરવે છે.

૪૦૭૩ જ્યારે કે એ સ્વાવલંબી હૈયાત અને મૌજુદ, તારી દયાએ કહ્યું. "મેં સજીવ જીવો પેદા કર્યા કે તેઓ મારા બનાવવાથી ફાયદો મેળવે."

૪૦૭૪ (અને જ્યારે કે તારૂં કહેણ છે) "નહિ કે હું તેનાથી ફાયદો મેળવું" તારી દાનશીલતાનું (સુચક છે) કે જેનાથી સઘળી બામીવાળી વસ્તુઓ સંપૂર્ણ બને છે.

૪૦૭૫ આ કાયા પુજતા ગુલામોને માફ કરી દે (તારામાંની) માફી કે જે માફીનો સાગર છે, વધુ કિંમતી છે.

૪૦૭૬ દયા અને દાન એક નદી અને પ્રવાહની માફક છે. (આવી માફીનાં) બધાં વહેણો પોતાના સમુદ્ર તરફ વહે છે.

૪૦૭૭ એ બાદશાહ. દરેક રાત્રીના આ વ્યક્તિગત દિલોમાંથી પારેવાની માફક માફીઓ તારા તરફ આવે છે.

૪૦૭૮ પ્હો ફાટતાં તું તેમને ફરીવાર ઉડવાનું કારણ આપે છે અને રાત્રી પડતાં સુધી આ શરીરોમાં તેમને કેદમાં નાખે છે.

૪૦૭૯ ફરી એક વધુ વાર, સાંજના પોતાની પાંખો ફફડાવતા તેઓ પેલા મહેલ અને છાપરા માટેની લાલસામય ઇચ્છામાં ઉડે છે.

૪૦૮૦ એટલા માટે કે દોરાને પકડે કે જે તેમને કાયાથી ભેગા કરે છે, તેઓ તારી સમક્ષ આવે છે કારણ કે તારા થકી જ તેઓ ખુશનશીબથી વિભૂશીત છે

૪૦૮૧ પોતાની પાંખો ફફડાવતા, માથાભેર પાછા પડવાથી સલામત (રૂહાની) હવામાં ઉંચે ચડતા અને કહેતા, "ખરેખર, અમો તેમાં જ પાછા ફરનાર છીએ."

૪૦૮૨ પેલા દાનમાંથી કહેણ આવે છે, "આવો! મારામાં પાછા ફરવા બાદ ઇચ્છા અને વ્યાકુળતા રહેશે નહિ.

૪૦૮૩ દુનિયામાં દેશવટો ભોગવવામાં તમોએ ઘણી ઉપેક્ષાઓ સહન કરી છે, ઓ અમીરો, તમો મારી કદર કરતાં શીખ્યા છો.

૪૦૮૪ હવે સાંભળો, ખુશીના આ નશામાં આ મારા ઝાડ નીચેના છાયાની અંદર તમારા પગોને પહોળા કરો.

૪૦૮૫ તમારા પગો પહોળા કરો, કે જે દીનના રસ્તે (ચાલવાથી) થાકી ગયા છે. હુરાંઓના હાથો અને દિલો ઉપર હંમેશાંના માટે આરામ કરો.

૪૦૮૬ (જ્યારે કે) હુરાંઓ આસક્ત અને પ્રેમકટાક્ષો કરતી બની. કહે છે, "આ સુફીઓ પોતાની મુસાફરીઓમાંથી પાછા ફર્યા છે."

૪૦૮૭ સુર્યના પ્રકાશ જેવા પવિત્ર સુફીઓ, કે જેઓ લાંબા વખત સુધી (દુનિયાની) માટી અને ગંદકીમાં પડયા હતા.

૪૦૮૮ (હવે) પવિત્ર અને ચોકખા થઈ પાછા ફર્યા છે. સુર્યના ઉંચા ગોળાના પ્રકાશ જેવા.

૪૦૮૯ (અયાઝે) કહ્યું "તેવી જ રીતે, આ પાપીઓનો સમુહ, અનુતાપ સાથે પોતાનાં માથા ઝુકાવતા આવ્યા છે. ઓ કીર્તિવંત બાદશાહ,

૪૦૯૦ તેઓ પોતાની ભુલ અને ગુનાહથી સન્નગ બન્યા છે, જો કે બાદશાહની ભેદી રમતમાં તેઓ હારેલા બન્યા છે.

૪૦૯૧ હવે તેઓ પોતાના ચહેરાઓ તારા તરફ ફેરવે છે, ઓ તું કે જેની દયા પાપીઓ માટે રસ્તો બનાવે છે.

૪૦૯૨ ગંદાઓને તારી દયાની નદી અને ઝરો કે જે ઠંડી નાહવાની જગ્યા છે તેમાં ગંદાઓને જલ્દીથી દાખલ કર.

૪૦૯૩ કે તેઓ પેલા લંબાએલા પાપથી નાહીને ચોકખા બને અને પવિત્રોની સફમાં બંદગી કરવા જોડાય.

૪૦૯૪ પેલી અસંખ્ય સફો પ્રકાશમાં ડુબેલી "અમો તેઓજ છીએકે જેઓ હારમાં ઊભા રહે છે."

૪૦૯૫ જ્યારે વિવરણ આ (માનવંત) હાલ તેના વર્ણને પહોંચ્યું, લખનાર કલમ ભાંગી ગઈ અને કાગળ ફાટી ગયો.

૪૦૯૬ કદી કોઇ રકાબીએ કદી સમુદ્ર માપ્યો ? કદી એક ઘેટાએ સિંહને ઉઠાવ્યો ?

૪૦૯૭ તમો પડદે છો પડદામાંથી આગળ જાઓ, તમો (ખુદાની) અદ્‌ભુત બાદશાહી નિહાળો.

૪૦૯૮ જો કે પીધેલા માણસોએ તારો પ્યાલો ભાંગ્યો (છતાં) તેને માટે એક બહાનું છે કે તે તારાથી નશાબાજ બન્યો હતો.

૪૦૯૯ ઓ તું કે જેનાં કાર્યો મીઠાં છે, શું તેઓ તારી મદિરાના પરિણામે માલ અને દોલતથી કેફમાં ન હતા ?

૪૧૦૦ ઓ શહેનશાહ, (તેમની) તારી પસંદગીથી તેઓ નશાબાજ બન્યા છે, ઓ માફી આપનાર, તારાથી નશાબાજ બનેલાઓને માફ કરી દે.

૪૧૦૧ તારા સંબોધનના સમયે તારાથી પસંદગી પામવાની ખુશીની અસર છે કે જે એકસો મદીરાની બરણીઓથી પેદા થતી નથી.

૪૧૦૨ જ્યારે કે તે મને નશાબાજ બનાવ્યો ત્યારે દંડ ફટકાર નહિ, પીધેલાઓ ઉપર સજા ફટકારવાની રજા કાયદો દેતો નથી.

૪૧૦૩ જ્યારે હું ધીર ગંભીર હોઉં ત્યારે (માત્ર) સજા કરજે. કારણ કે બરેબર હું કદીપણ ફરીવાર ગંભીર બનીશ નહિ.

૪૧૦૪ હરકોઇ જેણે તારો પ્યાલો પીધો છે, ઓ કીર્તિવંત, તેણે કાયમને માટે સૂધબૂધમાંથી મુક્તિ અને દંડ ભોગવવામાંથી મુક્ત બન્યો છે.

૪૧૦૫ તેઓનો કેફ 'ફના'ની સૂધબૂધ વગરની હાલતમાં સમાવેશ થએલ છે (કે જેમાં તેઓ) કાયમના માટે ચિરસ્થાયી છે, તારા માટેના પ્રેમમાં જેઓ ખુદીથી પસાર થયા તેઓ ફરી જાગૃત થશે નહિ.

૪૧૦૬ તારી દયાએ અમારા દિલને કહ્યું છે "જાઓ ઓ તું કે જ મારા પ્રેમની છાશ તરફ પ્યાદુ બનેલ છે.

૪૧૦૭ તું મચ્છરની માફક મારી છાશમાં પડેલ છો, ઓ મચ્છર, તું નશાબાજ નથી, તું પોતે જ મદિરા છો.

૪૧૦૮ ઓ ઠાંસ, અધમી તારાથી નશાબાજ બને છે, જ્યારે તું મધના દરિયા ઉપર સવારી કરે છે.

૪૧૦૯ પર્વતો તારાથી થોડા પીધેલા છે (અને) રજકણો માફક નાચે છે, ઘટક અને બ્યાપ અને દોરી તારા હાથમાં છે.

૪૧૧૦ જેનાથી તેઓ ખુજે છે તે વાવંટોળ તારાથી ખુજે છે, દરેક અમુલ્ય મોતી તને ખૂબ જ સસ્તું છે.

૪૧૧૧ ઓ મારી દુનિયા અને આત્મા, જો ખુદાએ મને પાંચસો મોઢાં આપ્યાં હોત તો હું તારા વખાણનાં વર્ણન ગાતો હોત.

૪૧૧૨ (પણ) મને એક જ મોં છે, ઓ ગુઢાર્થના જાણનારા, અને તે પણ તારી સમક્ષ શરમથી ભાંગેલું છે.

૪૧૧૩ વાસ્તવમાં હું શુન્યથી વધુ ભાંગેલો નથી કે જેના મોંમાંથી આ (બધા) લોકો આગળ આવ્યા છે.

૪૧૧૪ અદીઠ દુનિયાની એક લાખ અસરો 'લા'માંથી ઉદારતાપુર્વક અને માયાળુપણે બહાર આવવાની રાહ જુએ છે.

૪૧૧૫ તારી તાકીદના કારણે મારૂં માથું લથડીયા ખાય છે. અરે, પેલી કૃપાની હાજરીમાં હું મરેલો છું.

૪૧૧૬ તારી તાકીદમાંથી અમારી ઇચ્છાઓ જાગૃત થાય છે. જ્યાં જ્યાં વટેમાર્ગુ છે ત્યાં તે ખુદાનો જ ધક્કો છે કે જે (તેને ખેંચે છે)

૪૧૧૭ શું ધુળ હવા વગર ઉંચે ચડે ખરી? વહાણ દરિયા વગર મુસાફરી કરે ખરૂં?

૪૧૧૮ જીવનના જળની હાજરીમાં કદી કોઈ મરે ખરૂ? તારા પાણીની સરખામણીમાં જીવનનું જળ માત્ર કીટ છે.

૪૧૧૯ જીવનનું જળ પેલાઓ કે જેઓને જીવન વહાલું છે તેઓનું ધારેલું સ્થળ છે. પાણી થકી બગીચાને લીલો અને હસતો બનાવાય છે.

૪૧૨૦ (પણ) પેલાઓ કે જેઓ મૃત્યુનો પ્યાલો ગટગટાવે છે, તેઓ પોતાનાં પ્રેમ થકી જીવંત છે. તેઓએ જીવન અને જીવનના જળમાંથી પોતાના દિલો તોડી નાખ્યાં છે.

૪૧૨૧ જ્યારે તારા પ્રેમનો પાણીએ અમને પોતાનો હાથ આપ્યો ત્યારે જીવનનું જળ અમારી દ્રષ્ટિમાં કિમત વગરનું બન્યું.

૪૧૨૨ દરેક આત્મા જીવનના જળમાંથી તાજગી મેળવે છે, પણ તમો જીવનના જળનું ઉદ્ગમસ્થાન છો.

૪૧૨૩ તેં જ મારા ઉપર એક (રૂહાનીયત) મૃત્યુ અને એક કયામત ચાલુ ઇનાયત કરી, કે જેથી હું (તારી) પેલી દયાની વિજયવંત શક્તિનો અનુભવ કરૂં.

૪૧૨૪ આ (શારિરીક) મૃત્યુ ઉંઘવાની માફક મને (સહેલા જેવું) બન્યું. ઓ ખુદા, તારા પરના મારા વિશ્વાસમાં (તું) મૃત્યુમાંથી મને જરૂર જગાડીશ.

૪૧૨૫ જો સાતેય સમુદ્રો દરેક પળે એક ઝાંઝવું બને તો તું તેને (પાણીને) કાનથી પકડીશ અને તેને (પાછું) લાવીશ, ઓ પાણીના (ઉદ્ગમસ્થાનના) પાણી.

૪૧૨૬ મૃત્યુની બીકમાં સમજણ ધ્રુજે છે. પણ પ્રેમ બહાદુર છે, પત્થર ઢેફા જેવો હોવા વરસાદથી કેમ બીશે ?

૪૧૨૭ આ મસ્નવીનો પાંચમો ભાગ છે. તે રૂહાનીયત આકાશના નક્ષોમંડળની નિશાનીઓમાં તારાઓ માફક છે.

૪૧૨૮ દરેક સમજણ ગ્રહથી પોતાનો રસ્તો શોધી શકે નહિ, (કોઈ તેમ કરી શકે નહિ) સિવાય કે નાવિક ગ્રહથી જાણીતો થએલો હોય.

૪૧૨૯ બીજાઓ જ્યોતિષ (તેના તરફ) માત્ર જોનાર છે, તેઓ માંગલિકતા અને (સદ્‌ભાગ્યના) જોડાણથી અજ્ઞાન છે.

૪૧૩૦ આના જેવા સેતાન, બાળતા ગ્રહોથી રાત્રી દરમ્યાન સવાર સુધી તારા પોતાને બળતીઓ બનાવ.

૪૧૩૧ (જેમાંનો) દરેક સ્વર્ગીય કિલ્લામાંથી હલકટ વિચારના સેતાનને હાંકી કાઢવા 'નેઝથા' નો ઘા કરે છે.

૪૧૩૨ સેતાન માટે ગ્રહો એક વીંછી જેવા છે, (પણ) (સત્યતા) ગ્રહણ કરનારને તે સગા-વહાલા જેવા છે.

૪૧૩૩ જો કે પણછ સેતાનને તીરથી વીંધે છે, (છતાં) બાલટી પાણીથી છલોછલ પાક અને ફળ માટે ભરેલી છે.

૪૧૩૪ મચ્છી થકી ભુલનું વહાણ ભાંગે છે (છતાં) (સત્યતાના) દોસ્ત માટે તે ખેડતી અને બળદની માફક વાવતી હોય છે.

૪૧૩૫ જો કે સુર્ય સિંહની માફક રાત્રીના કટકા કરે છે (છતાં) તેમાંથી માણેક માટે રેશમ માનનો પોશાક આપે છે.

૪૧૩૬ દરેક અસ્તિત્વ જે શુન્યમાંથી ઉત્પન્ન થાય છે તે એક માટે ઝેર અને બીજા માટે સાકર છે.

૪૧૩૭ સત્યતાનો એક દોસ્ત બન અને કડવા ગુણોનો ત્યાગી બન. કે જેથી ઝેરની બરણી-માંથી પણ તમો સાકર ખાઈ શકો.

૪૧૩૮ એક (નાશકારક) ઝેર 'ફારૂક' ને ઈજા કરી નહિ. કારણ કે તેને ઝેરનિવારક, તફાવત પારખનાર, (ફારૂકી) શેરડી માફક મીઠું હતું.